ત્રીજી શ્રેણી )

પુસ્તક: ૧૬૧

બુધવાર, તા. ૨૯મી માર્ચ-૨૦૧૧
ચૈત્ર ૮, ૧૯૩૩ શાકે

થી

સોમવાર, તા.૩૦મી માર્ચ, ૨૦૧૧
ચૈત્ર ૯, ૧૯૩૩ શાકે

# ગુજરાત વિધાનસભા
# ચર્ચાઓ

**સત્તાવાર અહેવાલ**

**બારમી ગુજરાત વિધાનસભા**

**આઠમું અધિવેશન**

**ગુજરાત વિધાનસભા અધિકાર હેઠળ પ્રકાશિત**

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

**ગાંધીનગર.**

# અ નુ ક્ર મ ણિ કા


| વિષય | પાના નંબર |
|---|---|
| **મંગળવાર, તા.૨૯મી માર્ચ, ૨૦૧૧ / ચૈત્ર ૮, ૧૯૩૩ શાકે** | |
| તારાંકિત પ્રશ્નો | ૧ - ૧૧ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૨ - ૮૪ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૮૫ - ૮૫ |
| ગુજરાત વિનિયોગ વિધેયક,૨૦૧૧ | ૮૬ - ૯૮ |
| ગુજરાત ગ્રીન સેસ વિધેયક,૨૦૧૧ | ૯૯ - ૧૧૨ |
| ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (સુધારા) વિધેયક,૨૦૧૧ | ૧૧૩ - ૧૧૬ |
| ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) વિધેયક,૨૦૧૧ | ૧૧૭ - ૧૨૩ |
| **બુધવાર, તા.૩૦મી માર્ચ, ૨૦૧૧ / ચૈત્ર ૯, ૧૯૩૩ શાકે** | |
| તારાંકિત પ્રશ્નો | ૧૨૪ - ૧૩૧ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૩૨ - ૩૮૦ |
| મુખ્ય મંત્રીશ્રીનો પ્રસ્તાવ | ૩૮૧ - ૩૮૨ |
| પૉ ઈન્ટ ઑફ ઑર્ડર | ૩૮૩ - ૩૮૪ |
| ગુજ રાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) વિધેયક,૨૦૧૧ | ૩૮૫ - ૪૦૦ |
| મું બઈ જમીન મહેસૂલ (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૧૧ | ૪૦૧ - ૪૦૭ |
| ગુજ રાત રાજય ફિઝિયોથેરાપી કાઉન્સિલ વિધેયક, ૨૦૧૧ | ૪૦૮ - ૪૧૧ |
| ગુજ રાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ (સુધારા) વિધેયક, ૨૦૧૧ | ૪૧૨ - ૪૧૫ |
| ગુજ રાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (દ્વિતીય સુધારા) વિધેયક,૨૦૧૧ | ૪૧૬ - ૪૧૭ |
| ગુજ રાત લોકાયુક્ત (સુધારા) વિધેયક,૨૦૧૧ | ૪૧૮ - ૪૧૮ |
| ગુજ રાત નેશનલ લો યુનિવર્સિટી (સુધારા) વિધેયક,૨૦૧૧ | ૪૧૯ - ૪૧૯ |
| વૈ ધાનિક પ્રસ્તાવ (નિયમ-૧૦૦) | ૪૨૦ - ૪૨૨ |
| અતારાંકિત પ્રશ્નો | ૪૨૩ - ૪૭૯ |
| સભ્યશ્રીઓનું હાજરી પત્રક | ૪૮૦ - ૪૮૭ |


***

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર તા.૨૯મી માર્ચ, ૨૦૧૧**
**ચૈત્ર ૮, ૧૯૩૩ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ કલાકે મળ્યું**
**માનનીય અધ્યક્ષશ્રી, ગણપતભાઈ વસાવા અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

**કેન્દ્રીય વેચાણવેરાના દરના ઘટાડાથી મળેલ વળતરની રકમ**

***૨૨૮૯૮શ્રી મૂળુભાઈ હ. આયરબેરા(ભાણવડ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજય દ્વારા ઉઘરાવવામાં આવતા કેન્દ્રીય વેચાણ વેરાના દરમાં ઘટાડો થયેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આ પેટે કેન્દ્ર સરકાર દ્વારા કેટલું વળતર આપવામાં આવેલ છે, અને કેટલું વળતર મેળવવાનું બાકી છે ?

**નાણા મંત્રીશ્રી :**

(૧) હા, જી.

(૨)

| **કેન્દ્ર સરકાર દ્વારા ફાળવેલ રકમ (રૂ. કરોડમાં)** | **બાકી મેળવવાની રકમ ( રૂ. કરોડમાં )** |
|---|---|
| ૨૦૦૮-૦૯ : ૧૫૬.૫૭ | ૧૩૮૯.૯૬ |
| ૨૦૦૯-૧૦ : ૭૯૬.૦૪ | ૨૩૨૦.૯૨ |
| ૨૦૧૦-૧૧ : ૬૬૧.૦૬ (તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ) | ૨૩૦૧.૬૫ |

**શ્રી મૂળુભાઈ હ. આયરબેરા** : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગુ છું કે, વર્ષ ૨૦૧૦-૧૧માં કેન્દ્ર સરકારે આ બાકી વળતર માટે કોઈ ફૉરમ્યુલા જાહેર કરેલ છે કે કેમ ? અને કેન્દ્ર સરકાર આ બાકી વળતર જે છે એ કેવી રીતે આપવા માટેનું નક્કી કર્યુ છે અને બાકી જે રકમ છે વળતરની એ કયાં સુધીમાં મળે એવી શક્યતા છે ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી કે આના માટે થઈને શું પદ્ધતિ હતી તો ૧-૪-૨૦૦૭થી કેન્દ્રીય વેચાણ વેરો જે ૪% હતો એ ૪%માંથી ૩% કરવાનું આખા હિન્દુસ્તાનમાં તમામ રાજયો માટે થઈને કેન્દ્ર સરકાર તરફથી કહેવામાં આવ્યું અને ૪%, ના ૩% કરવાથી ૧% જે રાજયને ખોટ જાશે કે આવક ઓછી થશે એ આવક કેન્દ્ર સરકાર રાજય સરકારને ભરપાઈ કરી આપશે અને ત્યાર પછી બીજા વર્ષે, ૧-૬-૨૦૦૮થી કેન્દ્રીય વેચાણ વેરો જે ૩% ટકા હતો એનો ૨% ટકા કરવો અને ૨% ટકા કરવાથી જે મૂળ ટેક્સ ૪% હતો એ ૪%માંથી, ૨% કરવાની ૨% લેખે જેટલી આવક ઓછી થાય એટલી આપણને કેન્દ્ર સરકાર એ ભરપાઈ કરશે અને પછી યોજના હતી કે, ૨૦૦૮ પછી પણ આ ૨%માંથી, ૧% કરવો અને પછી ધીમે ધીમે શૂન્ય કરવો, પણ ૨%માંથી પછી ૧% થયો નહીં અને કેન્દ્ર સરકારે આપણને એ રીતે પ્રોમીસ આપ્યું હતું કે જેટલી તમને ઓછી આવક થાશે એ અમે તમને આપીશું અને ભવિષ્યમાં જી.એસ.ટી. જ્યારે લાગુ થશે ત્યારે આ યોજના નાબૂદ થઈ અને આખા હિન્દુસ્તાનમાં ટેક્સનું માળખું એક સરખું કરવામાં આવશે. પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, જે કેન્દ્ર સરકારે જે રકમ ફાળવી એ ફાળવવાની અંદર એણે નિયમિત રીતે કોઈ રકમ આપેલી નથી. ૨૦૦૭-૦૮માં ૬૦૭.૪૯/- કરોડનું આપણું માગણું ઊભું થયું. એમાંથી આપ્યા એણે ૩૩૮.૧૪/- કરોડ એટલે ૨૦૦૭-૦૮ના ૨૬૯.૩૫/- કરોડ રૂપિયા આપણા બાકી રહ્યા અને ૨૬૯.૩૫/- કરોડ આપણે આગલા વર્ષે કેરી ફૉરવર્ડ કર્યા અને નવા વર્ષનો કલેઈમ આપણે ૧,૨૭૭.૧૮/- કરોડ ઊભો થયો અને એટલે કુલ આપણો કલેઈમ થયો ૧૫૪૬.૫૩/- કરોડ, અને એમાંથી કેન્દ્ર સરકારે આપણને ૧૫૬.૫૭/- કરોડ જ આપ્યા એટલે ૨૦૦૭-૦૮ના અંતે ૧,૩૮૯.૯૬/- કરોડ આપણા બાકી રહયા અને આગલા વર્ષે ૨૦૦૯-૧૦માં ૧૭૨૭/- કરોડ રૂપિયા આપણો આ નવો કલેઈમ થયો એટલે આપણો કુલ કલેઈમ થયો ૩,૧૧૬.૯૬/- કરોડ, એમાંથી કેન્દ્ર સરકારે આપણને ફક્ત ૭૯૬.૪/- કરોડ જ આપ્યા, એટલે ૨૦૦૮-૦૯માં ૨,૩૨૦.૯૨/-કરોડ આપણો કલેઈમ રહ્યો અને ૨,૩૨૦.૯૨/- કરોડ આપણે ૨૦૦૯-૧૦ની અંદર કેરી ફોરવર્ડ કર્યા અને ૨૦૦૯-૧૦નું માગણું થયું ૬૪૧.૭૯/- કરોડ એટલે ૨૯૬૨.૭૧/- કરોડ આપણું કુલ માગણું થયું અને એમાંથી ૬૬૧.૬/- કરોડ રૂપિયા આપણને કેન્દ્ર સરકારે આપ્યા એટલે ૨૦૦૯-૧૦ના અંતે આપણા ૨,૩૦૧.૬૫/- કરોડ રૂપિયા કેન્દ્ર સરકાર પાસે બાકી રહ્યા પરંતુ કેન્દ્ર સરકારે ૨૦૧૦-૧૧માં આપણને એક પણ પૈસો આપ્યો નથી અને એની નીતિ પણ નથી કરી એટલે આજની તારીખમાં ૨૦૧૦-૧૧ની

પૂરેપૂરી ખોટ એ રાજય સરકાર આપે છે. આપણે કેન્દ્ર સરકારને વિનંતી કરીએ છીએ કે જ્યાં સુધી જી.એસ.ટી. અમલમાં ન આવે ત્યાં સુધી આપે જે પ્રોમીસ આપ્યું હતું અને એના માટે થઈને પરિપત્ર ૨૨-૮-૦૮ ના કચેરીના આદેશ મુજબામારે અમને જે સેન્ટ્રલ સેલટેકસની અંદર ખોટ જાય છે કે ઓછી આવક થાય છે એ તમારે ભરપાઈ કરવી જોઈએ. આના આંકડા માટે કહયું કે તમારા આંકડા બરાબર નથી એટલે આપણે એ.જી. પાસે ઓડિટ કરાવ્યું. એ.જી.નો રિપોર્ટ પણ આપ્યો. એ.જી.એ આપણી જે રકમ છે એને માન્ય પણ રાખી અને કેન્દ્ર સરકારને મોકલી દીધી છે. છતાંપણ આજની તારીખે ૩૧-૧૨-૨૦૧૦ને દિવસે આપણે ૨૩૦૧.૬૫કરોડ લેવાના બાકી રહે છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી પાસેથી મારે બે બાબત જાણવી છે. જે મંત્રીશ્રીએ વર્ષવાર આંકડા બોલ્યા એમાં પછીના વર્ષોમાં જોઈએ તો બહુ ફરક રહેતો નથી. બેકલોગ ખેંચીએ છીએ એટલે આંકડો લાંબો થાય છે પરંતુ ૨૦૦૯-૧૦ના આંકડા જોઈએ તો લગભગ જે ખોટ જતી હતી એ ભરપાઈ થઈ એવું ફલીત થાય આના ઉપરથી. મારો પ્રશ્ન એ છે કે આપણી વ્યાજબી જે રકમ અનડીસ્પ્યુટેડ હોય અને બાકી હોય માનનીય નાણામંત્રીશ્રી કહેશે. કોંગ્રેસ પક્ષ તરફથી અમે પ્રયત્ન કરીને વહેલામાં વહેલા નાણા ગુજરાતને મળે એવો પ્રયત્ન કરીએ. પરંતુ મારો સવાલ એ છે કે આપે ઈમ્પુટ ટેકસ ક્રેડિટમાં ઘટાડો કર્યો. આ નુકસાનને સરભર કરવા માટે. હું સમજતો હોઉં તો બરાબર છે. એ ઈમ્પુટ ટેકસ ક્રેડિટમાં આપે ઘટાડો કર્યો અને એ પૈસા ગુજરાતના વેપારીઓ પાસેથી આપણે લીધા. હવે કેન્દ્ર સરકારે પૈસા આપ્યા નથી એવું નહીં. પૈસા આપ્યા પણ છે અને એ વર્ષમાં જોઈએ તો બેકલોગને બાદ કરો તો વર્ષમાં જે પૈસા જોઈતા હતા એ બે પાંચ ટકાને બાદ કરતા લગભગ રકમ આપણને મળી છે. જો આપ ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ના ફીગર જોશો તો બેકલોગ બાદ કરો વર્ષનું માંગણુ એટલા મળ્યા. મારો સવાલ એ છે કે જે વેપારીઓ પાસેથી ટેકસ ઈમ્પુટ ક્રેડિટનો ઘટાડો કરીને આપે વેપારીઓ પાસેથી પૈસા લીધા છે એ આ પૈસા આવ્યા પછી શું વેપારીને પરત કરશો કે કઈ વ્યવસ્થા કરશો. અથવા તો હવે ત્યાંથી નાણા આવવાની શરૂઆત થઈ ગઈ છે ત્યારે એટલીસ્ટ કમસેકમ હવે એ ઘટાડો બંધ કરીને પૂરેપૂરો લાભ મળે એવી વ્યવસ્થા કરવા માગીએ છીએ કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જે ઈમ્પુટ ક્રેડિટ માટેની વાત કરી હતી એ ૨૦૧૦-૧૧ની અંદર જ આપણે વાત કરી હતી. આ તો ૨૦૧૦-૧૧ પહેલાના છે. આ જે પૈસા બાકી છે એ ૨૦૦૯-૧૦ના બાકી છે ૨૩૦૧.૬૯કરોડ રૂપિયા. આ જે બાકી છે એ ત્યાં સુધીનો આ ખેંચાતો આંકડો છે. ૨૦૧૦-૧૧ની અંદર આપણે જે ઈમ્પુટ ક્રેડિટ આપતા હતા બે ટકા ઓછી આપી છે. ૨૦૧૦-૧૧નો સવાલ છે એ તો ભવિષ્યની અંદર જયારે કેન્દ્ર નીતિ નકકી કરે ત્યારે એ થશે. ઈમ્પુટ ક્રેડિટની રકમ જુદી હોય એ કાચા માલ માટેની હોય એની માથે ટ્રાન્સપોર્ટેશન, એની માથે પ્રોસેસ, એની માથે વેચાણનો લખવો એ બધુ લાગીને જયારે જાય ત્યારે એની માથે કેન્દ્રીય સેલટેકસ લેવાની વાત હોય એટલે આજની તારીખે પણ હું આપને કહીશ ભલે ૨૦૧૦-૧૧ની અંદર એને વાંધો હોય. અમે એ.જી. પાસે ઓડિટ કરાવીને આપ્યા છે એ ઓડિટ પ્રમાણે ૨૩૦૧.૬૫કરોડ રૂપિયા આજે બાકી છે. ૨૦૧૦-૧૧ ના પૈસા જુદા છે. એ આમાં સમાવેશ નથી થતો અને એ પ્રશ્ન પણ માનનીય સભ્યશ્રીનો નથી.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આંતર રાજય વેચાણવેરો જે કેન્દ્રીય વેચાણવેરો તરીકે જણાય છે માનનીય મંત્રીશ્રીએ કહયું કે જી.એસ.ટી. જયારે દાખલ થશે ત્યારે આ વેચાણવેરો નાબુદ થઈ જશે તો મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે જી.એસ.ટી.ની જે આવક થશે એ સંપૂર્ણપણે રાજય સરકારને મળશે અને જી.એસ.ટી. દાખલ થવાના કારણે ગુજરાતના વેપાર ઉદ્યોગને શી અસર પડશે એ માનનીય મંત્રીશ્રી જણાવે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જી.એસ.ટી. માટે થઈને હજી હાઈ પાવર કમિટિએ કોઈ પોલીસી નકકી નથી કરી. જી.એસ.ટી. જો લગાડવો હોય તો બંધારણની અંદર પણ સુધારો કરવો પડે. રાજય સરકારે ઠરાવ કરીને આપણી સત્તા આપણે કેન્દ્રને આપવી પડે અને ત્યારપછી પોલીસી નકકી થાય કે આ જી.એસ.ટી.માંથી કેન્દ્ર સરકાર કેટલું રાખશે અને રાજય સરકાર કેટલું રાખશે એની ફોર્મ્યુલા નકકી થાય અને ફોર્મ્યુલા નકકી થાય પછી આવે પણ એક વાર જી.એસ.ટી.ની અંદર આપણે એન્ટર થઈ ગયા પછી જે સેલટેકસ લેવાની અને વેટ લેવાની આપણને જે સ્વતંત્રતા હતી.એ સ્વતંત્રતા હતી તે સ્વતંત્રતા આપણી છૂટવાઈ જાય અને કેન્દ્ર સરકાર ભવિષ્યમાં જે નિયમો ઘડે તે આપણે માન્ય રાખીને ચાલવું પડે, એટલે આનાથી ઘણીવાર કહેવાય કે ઉદ્યોગકારોને ફાયદો થાય, નાના લોકોને નુકસાન થાય, પણ સરેરાશ હજુ કોઈ ફોર્મ્યુલા નક્કી થઈ નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મારો પ્રશ્ન જે કેન્દ્રીય વેચાણ વેરાના દરના ઘટાડાથી જે રાજ્યને આવક થતી હતી તે આવક ઓછી થઈ અને એટલી આવક પ્રજા પાસેથી પણ ઓછી ઉઘરાવવામાં આવી હતી. પ્રશ્ન થાય કે રાજ્ય સરકારને મળતો હિસ્સો ઓછો થયો, એટલા માટે માનનીય નાણા મંત્રીશ્રીએ બજેટ પ્રવચનમાં ૨ ટકા ઈનપુટ ક્રેડિટ ઘટાડી, ત્યારે બહુ સ્પેસિફિક વાત કરી હતી કે માત્ર આ કેન્દ્ર સરકારનો હિસ્સો આપણને મળતો હતો, તે ઓછો થયો, એટલા માટે અમે આ ૨ ટકા ઈનપુટ ક્રેડિટ આંતર રાજ્ય વ્યવહારની અંદર ઘટાડીએ છીએ. વેરી સ્પેસિફિક એ વખતે કહેલ હતું કે જ્યારે કેન્દ્ર સરકારનો હિસ્સો આવશે, ત્યારે અમે આ ઈનપુટ ક્રેડિટ ઘટાડી છે તે ફરી પાછી સરભર કરી આપીશું. આ હાઉસની અંદર આપેલી ખાતરી હતી, તો માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે કેન્દ્ર સરકારે આપણને એમ કહ્યું છે કે તમે ઑડિટ કરીને મોકલો અમે આપવાના છીએ અને માનનીય

નેતાશ્રીએ વાત કરી તે પ્રમાણે હવે તો જે ઘટાડેલા પૈસા છે મોટા ભાગના એ તો આ વર્ષના આપણા આવવાના શરૂ થઈ ગયા છે, તો હવે ૨ ટકા ઈનપુટ ક્રેડિટનો લાભ વેપારીઓને નહોતો મળતો તો આપની ખાતરી મુજબ ફરી પાછો આપવા માગો છો કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : તે દિવસે મેં પણ કહ્યું હતું કે ૧-૪ થી નહિ ૧-૭ થી અમે લગાડીશું. ૩ મહિના સુધી કેન્દ્ર સરકારની રાહ જોઈ. કેન્દ્ર સરકારે કોઈ નીતિ નક્કી ન કરી, એટલા માટે ઈનપુટ ક્રેડિટ લાગુ પડી અને આજની તારીખે ૨૦૧૦-૧૧નું આપે કહ્યું પૈસા આવવા મંડ્યા? એક રાતી પાઈ કેન્દ્ર સરકાર તરફથી આવી નથી અને કેન્દ્ર સરકારે નીતિ નક્કી નથી કરી. ગુજરાત રાજ્ય માટે નહિ, આખા હિન્દુસ્તાન માટે થઈને ૨૦૧૦ ની અંદર નથી આ વાત કરી. ૨૦૦૯-૧૦ સુધીના બાકી છે. ૨૦૧૦-૧૧ માં ઈનપુટ ક્રેડિટની વાત કરી છે એ ૧-૪ થી નહિ, પણ ૧-૭ થી નક્કી કરી છે. ૩-૩ મહિના સુધી કેન્દ્ર સરકારની રાહ જોઈ. કેન્દ્ર સરકાર આ ૨ ટકા ચાલુ રાખશે તો આપણે કરવું નહિ. ખરેખર ગુજરાત રાજ્યે કેન્દ્ર સરકારે નીતિ નક્કી ન કરી એના કારણે ૩ મહિનાની ૨ ટકા લેખે ખોટ ખાધી છે. આપણે વસૂલ નથી કરી શક્યા એ સ્થિતિ છે.

**વડોદરા જિલ્લામાં વિદેશ અભયાસ લોન યોજનાની મળેલ અરજીઓ**

***૨૨૬૬૬ શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ(વડોદરા (ગ્રામ્ય) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા** મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :

(૧) વડોદરા જિલ્લામાં વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ વર્ષ-૨૦૧૦-૨૦૧૧ માં તા. ૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની કેટલી અરજીઓ મળી,
(૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી
(૩) કેટલી નામંજૂર કરવામાં આવી અને
(૪) કેટલી સહાય ચુકવવામાં આવી?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

(૧) ૨
(૨) ૧.
(૩) ૧.
(૪) રૂા.પ.૦૦ લાખ લોન.

**શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ વડોદરા જિલ્લામાં ૨૦૧૦-૧૧ માં ૨ અરજીઓ મળી એમાંની એક અરજી નામંજૂર કરવામાં આવી અને એક મંજૂર કરવામાં આવી. એમાં પ લાખ રૂપિયાનો લાભાર્થીને લાભ આપવામાં આવ્યો ત્યારે માનનીય મંત્રીશ્રી પાસેથી ૩ વસ્તુ જાણવા માગું છું કે એક તો આ વિદેશ અભ્યાસ લોન અરજી સાથે કયા આધાર પુરાવા રજૂ કરવાના હોય છે? બીજો પ્રશ્ન વિદેશ અભ્યાસ લોનની રકમમાં કોઈ વધારો કરવામાં આવે છે કે કેમ? ત્રીજો પ્રશ્ન આ અરજી નામંજૂર કરવામાં આવેલ છે તેની પાછળનાં કારણો શાં છે?

**શ્રી વાસણભાઈ ગો. આહિર** : માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો કે વિદેશ અરજી માટે કયા કયા આધાર પુરાવા રજૂ કરવામાં આવે છે. પ્રથમ તો નિયત નમૂનામાં અરજી પત્રકમાં અરજી કરવાની હોય છે. તેની સાથે અરજદારનો ફોટો, જાતિનો દાખલો, શાળા છોડયાનું પ્રમાણપત્ર, આવકનો દાખલો, રેશનકાર્ડની નકલ, શૈક્ષણિક લાયકાત, પ્રવેશ આપવા અંગેનું સંમતિ પત્રક, અરજદારનો પાસપોર્ટ, પ્રમાણિત નકલ, વિઝા અંગેની માહિતી. અભ્યાસ અંગે થનાર ખર્ચનો અંદાજ, લોન ભરપાઈ કરવા પાત્રતાનો દાખલો, ૨૦ રૂપિયાના સ્ટમ્પ પેપર ઉપર બે સદ્ધર જામીનદારના જામીનખત અને ફોટા અને મિલકત અંગેના આધારો આપવાના હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, તદઉપરાંત ૨૦ રૂપિયાના સ્ટેમ્પ પેપર ઉપર બંને જામીનદારોની મિલકત સરકાર પક્ષે ગીરો મૂકવા માટે સંમતી જોઈએ છે, લોન ભરપાઈ કરવા માટે જામિનખત આપવાનું હોય છે. લોન ભરપાઈ કરવા વ્યકિતગત તેમજ વાલી તેમજ પિતા સંયુકત રીતે જવાબદાર હોવાની બાંહેધરી આપવાની હોય છે. ૨૦ રૂપિયાના સ્ટૅમ્પ પેપર ઉપર મિલકત સરકાર પક્ષે ગીરો મૂકવા માટેની સંમતિ આપવાની હોય છે. સભ્યશ્રીએ બીજો પ્રશ્ન પૂછયો છે કે આમાં લોનની રકમમાં વધારો કરાયેલ છે કે કેમ? મને આ સન્માનનીય ગૃહ સમક્ષ કહેતાં આનંદ થાય છે કે આપણા રાજયના પ્રજાવત્સલ મુખ્યમંત્રી આદરણીય નરેન્દ્રભાઈ મોદી સાહેબે આ વિદેશ લોનમાં પ લાખ રૂપિયાની લોન આપવામાં આવતી હતી તે ૨૩મી માર્ચ ૨૦૦૭ના ઠરાવથી રૂા. પ લાખમાંથી વધારીને ૧૦ લાખ રૂપિયા કરવામાં આવી છે.

**શ્રી અભેસિંહ મો. તડવી** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે વિદેશ અભ્યાસ માટે કયા કયા અભ્યાસક્રમોમાં લોન આપવામાં આવે છે અને અત્યાર સુધીમાં કયા કયા અભ્યાસક્રમો માટે લોન આપવામાં આવી છે?

**શ્રી વાસણભાઈ ગો. આહીર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પૂછયું કે અત્યાર સુધી કયા કયા અભ્યાસક્રમો માટે લોન આપવામાં આવી છે. પોસ્ટ ગ્રૅજ્યુએટ કક્ષા, પી.એચ.ડી, ઉચ્ચ કક્ષાના સંશોધન, કોમ્યુટર ક્ષેત્રના અભ્યાસક્રમો, ધોરણ.૧૨ પછીના વિદેશમાં ચાલતા ટેકનિકલ, પ્રોફેશ્નલ તેમજ ડિપ્લોમા અથવા તો તેની

સમકક્ષ યાંત્રિક અભ્યાસક્રમો માટે લોન આપવામાં આવે છે. અત્યાર સુધી જે કંઈ લોન આપવામાં આવી છે. એમ.એસ., આઈ.ટી., માસ્ટર ઑફ ઇલૅક્ટ્રોનિક્સ એન્જિનિયર. માસ્ટર ઑફ ઇલૅક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન, માસ્ટર ઑફ એન્જિનિયરીંગ, માસ્ટર ઑફ બિઝનેશ મેનેજમેન્ટ, માસ્ટર ઑફ બિઝનેશ પોપ્યુલેશન હેલ્થ અને પોસ્ટ ગ્રેજ્યુએટ ઈન ડિપ્લોમા ઈન બિઝનેશ એડમીનીસ્ટ્રેટીવ, એમ.બી.બી.એસ. અને ધોરણ.૧૨ પછી વગેરેને વિદેશ લોન આપવામાં આવે છે.

**શ્રી ખુમાનસિંહ ર઼ા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્નના જવાબમાં એક વર્ષ દરમ્યાન માત્ર બે અરજીઓ મળી તેમાં એક મંજૂર અને એક નામંજૂર કરવામાં આવી. જે અરજીઓ મળી છે તેના ઉપરથી આપણને એવું લાગે છે કે જે ઓ.બી.સી. વિદ્યાર્થીઓ છે, તેમાં ખરેખર સહાય, લોન મેળવવા માટેના જે ધોરણો છે તે ધોરણોની અંદર સુસંગત થતા નથી. ઓ.બી.સી. એટલે અધર બેકવર્ડ કલાસ, જેને કહીએ, આર્થિક રીતે નબળા જેને કહીએ. જે સહાયના ધારેણો છે આવકનો દાખલો જોઈએ, બાંહેધરીપત્રક ૨૦ રૂપિયાના સ્ટેમ્પ પેપર ઉપર આપવી પડે. ઘણી વખત ખરેખર ગરીબ વધારે ગરીબ અને માલદાર વધારે માલદાર, આ જે આવકના ધોરણો છે તે આવકના ધોરણોમાં ખાસ કિસ્સામાં કોઈ ફેરફાર કરવા માગે છે કે કેમ? જેમ પાંચ લાખના દસ લાખ કર્યા તો જે આવકના ધોરણો છે, બાંહેધરી છે તેમાં કોઈ ખાસ કિસ્સાઓમાં, પછી તો કોઈ અરજી જ કરવાના નથી. આ ઓ.બી.સી.ના છોકરાઓ બહાર જઈ શકવાના નથી તો માનનીય મુખ્યમંત્રીશ્રીને વિનંતી કરું કે આમાં કોઈ ખાસ ધોરણો સુધારવા માગે છે કે કેમ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે યોજના વિદેશ અભ્યાસ માટેની લોન યોજના તેમાં કોઈ આવક મર્યાદા જ નથી. એટલે આવકના ધોરણો માટેનો વિચાર કરવાનો કોઈ પ્રશ્ન જ નથી.

**શામળાજી આર.ટી.ઓ. ચેક પોસ્ટ ખાતે જપ્ત કરેલ વાહનો**

*** ૨૨૯૧૩ ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) સાબરકાંઠા જિલ્લાના શામળાજી આર.ટી.ઓ. ચેક પોસ્ટ ખાતે તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઓવરલોડ સબબ કેટલા વાહનો જપ્ત કરવામાં આવ્યા,

(૨) વાહન માલિકો સામે શી કાર્યવાહી કરવામાં આવી.

(૩) ઓવરલોડ વહન કરતા વાહન માલિકો પાસેથી કેટલી રકમ વર્ષવાર વસૂલવામાં આવી.

**વાહન વ્યવહાર મંત્રીશ્રી :**

(૧) વાહનો જપ્ત કરેલ નથી.

(૨) વાહન માલિકો સામે ઓવરલોડ ગુના સબબ માંડવાળ ફી વસુલ કરવામાં આવી.

(૩) વર્ષવાર માહિતી નીચે મુજબ છે.

| તા.૧-૨-૨૦૦૯ થી તા.૩૧-૧-૨૦૧૦ | તા.૧-૨-૨૦૧૦ થી તા.૩૧-૧-૨૦૧૧ |
|---|---|
| રૂા.૧૨,૬૬,૭૯,૬૦૦/- | રૂા.૮,૬૬,૮૨,૦૫૦/- |

**ડૉ. અનિલ જોષીયારા** : મારા પ્રશ્નમાં માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે આર.ટી.ઓ. ચેકપોસ્ટ શામળાજી ખાતે છેલ્લા બે વર્ષમાં એકપણ વાહન જપ્ત કરવામાં આવેલ નથી. વાહન માલિકો પાસે જે ઓવરલોડ ગુના સબબ અત્યારે ફી વસૂલ કરવામાં આવે છે, માંડવાળ ફી તો તેમાં છેલ્લા બે વર્ષમાં ઓવરલોડેડ ગુના સબબ ફી વસૂલ કરવામાં આવે છે તે વસૂલ કરવા માટે ત્યાં ઈન્સપેકટરોનો પૂરતો સ્ટાફ હોતો નથી. એટલે નછૂટકે ઈન્સપેકટરોએ પોતાના માણસો કે જેને આપણે ફોલ્ડરીયાઓ કહીએ છીએ. તેવા ફોલ્ડરીયાઓ રાખવામાં આવતા હોય છે. મારે ત્યાં શામળાજી નહીં પણ સમગ્ર ગુજરાતમાં તમામ જગ્યાએ આવા ફોલ્ડરીયાઓ હોય છે અને આવા ફોલ્ડરીયાઓ ગુના સબબ ફી વસૂલ કરે છે તે પૂરતી વસૂલ કરતા નથી અને તેના લીધે ખૂબ મોટો ભ્રષ્ટાચાર ચાલે છે. છેલ્લા બે વર્ષ અગાઉ વિધાનસભામાં આની ચર્ચા કરી હતી.

**અધ્યક્ષશ્રી** : આપ પ્રશ્ન શું પૂછવા માગો છો?

**ડૉ. અનિલ જોષીયારા** : પહેલાં મેં આ પ્રશ્ન પૂછયો હતો છતાં પણ તેનું નિરાકરણ નથી આવ્યું. તો મારી વિનંતી છે કે સરકારના આવકના સાધનો ઉભા થાય છે. આવકના સાધનો ઉભા થતા હોય ત્યારે તેમાં માણસોની નિમણૂક કરવી જોઈએ. આવકના સાધનો જ્યારે ઉભા થતા હોય ત્યારે સરકાર એમાં માણસોની નિમણૂક કરવી જોઈએ. મારી વિનંતી એ છે કે, આ ઓવરલોડેડ ગુના સબબ જે ફી વસુલ કરવામાં આવે છે એ કોણ માણસો વસુલ કરે છે? ઈન્સ્પેકટરો તો નથી જ કરતા એ આપને હું જરૂર કહી શકું તેમ છું. તો પછી કોણ વસુલ કરે છે, અને એનો પગાર કોણ ચૂકવે છે? અને બીજું કે છેલ્લા બે વર્ષમાં કેટલા વાહનોની આ ગુના સબબ ફી વસુલ કરી છે?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જ કહ્યું કે, મેં ભૂતકાળમાં પણ પૂછ્યો હતો. તો આ જવાબ તમને ભૂતકાળમાં મળી ગયો હોય પછી શા માટે મારી પાછળ પડ્યા છો અને બીજી વાર પૂછો છો? (અંતરાય) એકને એક વાત મારે બીજી વાર સમજાવવાની? હશે કાંઈ વાંધો નહીં, એમાં વાંક મારો કે હું તમને ન સમજાવી શક્યો આ વખતે બરાબર સમજાવી દઈશ.

માનનીય અધ્યક્ષશ્રી, આવું કાંઈ નથી. માનનીય સભ્યશ્રીએ વાત કરી કે બે વર્ષમાં એકેય વાહન જપ્ત કર્યું નથી તો મારે કહેવાનું કે મોટર વ્હિકલ એક્ટ નીચે વાહન ડીટેન નથી કરતા આપણે પરંતુ એની જે પરમીટ હોય એ પરમીટ સસ્પેન્ડ કરી દઈએ છીએ. ઓવરલોડ હોય એટલે ઓવરલોડમાં જે વધારાનો માલ હોય એ આપણે ઉતરાવી લઈએ છીએ અને વાહન છે એને માલ લઈ જવો હોય તો લઈ જવા દઈએ પણ વાહનને આપણે સસ્પેન્ડ કરી દઈએ છીએ એટલે એ વાહન ચાલી ન શકે એટલે એ વાહન ત્યાંને ત્યાં રહે છે. હવે જે ફોલ્ડરિયા-બોલ્ડરિયા હશે એની મને ખબર નથી પણ સાબરકાંઠામાં ક્યા વિભાગમાં કેટલા ફોલ્ડરિયા છે? એ તમે જાણતા હશો એની વાત નથી કરતો પરંતુ આવું નથી. જે કેસ કર્યા છે એ મોટર વાહન કાયદાની કલમ ૧૯૪ મુજબ આપણે પ્રોસિક્યુશન થઈ શકે પરંતુ એની સાથે સેકશન ૨૦૦ મુજબ તમે એની પાસેથી દંડ લઈ પ્રોસિક્યુશન માંડવાળ કરવાનું છે રકમ માંડવાળ નથી કરતા. પ્રોસિક્યુશન માંડવાળ કરી અને આપણે રકમ લઈને કરીએ છીએ અને રકમ પણ આટલા વર્ષોથી દર વખતે એના રેટ જુદા જુદા રાખવામાં આવે છે અને આ જુદા જુદા કરેલા રેટ પ્રમાણે ૧-૨-૨૦૦૯ થી ૩૧-૧-૨૦૧૦ સુધીમાં આપણે જોઈએ તો ૯૯,૯૩૯ કેસ કર્યા હતા અને દંડ વસુલ કર્યો રૂા.૧૨.૬૭ કરોડ. પછી તા. ૧-૨-૨૦૧૦ થી ૩૧-૧-૨૦૧૧ સુધીમાં ૮૫,૫૬૧ કેસ કર્યા અને દંડ વસુલ કર્યો રૂા. ૮.૬૭ કરોડ. એટલે આજની તારીખે ખરેખર ઓવરલોડ માટે થઈને આજે વેપારીઓને બીજા પણ કહેવા આવે છે કે, અમને ઓવરલોડની પરવાનગી આપો છતાં આપણે આપતા નથી. ઓવરલોડ માટે સખત ચેકીંગ કરીએ છીએ અને છતાં પણ હું આપને કહું છું કે સાબરકાંઠામાં કે કોઈ પણ જગ્યાએ આપ મારું ધ્યાન દોરજો અને દરેક જગ્યાએ કડકમા કડક ચેકીંગ થાય એ રીતે વ્યવસ્થા કરાવી આપશું. સ્ટાફ પૂરતો છે જ છતાં ઈન્સ્પેકટર કક્ષાના લોકોને આપણે પરવાથી આનો પાવર્સ આપ્યો છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી કરતા માનનીય મંત્રીશ્રીનું આમાં જ્ઞાન વધારે હોય એટલે એમ માનતા હોય કે સમજાય ગયું હશે ફોલ્ડરિયામાં પણ હકીકત એ છે કે સભ્યશ્રીની બહુ ગંભીરતાથી જે વાત છે એનો પુરાવો આપના આંકડાઓ ઉપરથી મળે છે. જેટલી રકમ આપ વસુલ કરો છો એ જ બતાવે છે કે, પનિસમેન્ટની જોગવાઈ પર્યાપ્ત નથી. દંડ ભરી દઈશું વાંધો નથી, પણ ચાલુ જ રાખો. એટલે ૧૨ કરોડ ૧૮ કરોડ માત્ર એક જગ્યાએ ભરાય તો પણ માણસો નીકળે છે એનો અર્થ એ કે ઓવરલોડ માલની હેરફેર કરતા દંડની પર્યાપ્ત જોગવાઈ નથી. મારી વિનંતી આપને એ છે કે આજ બતાવે છે કે આપણો કાયદો પર્યાપ્ત નથી ત્યારે એવા સંજોગોમાં પેનલ્ટીની પ્રોવિઝન વધારીને ઓવરલોડ આવે છે એ આપણા રસ્તાઓ પણ તોડે છે અને અકસ્માતો પણ વધે છે. ઓવરલોડના કારણે સમાજ ઉપર મોટું જોખમ ઉભું થાય છે અને આપણે અટકાવી નથી શકતા એટલે જ દંડની રકમો આટલી મોટી આવે છે તો આ સંજોગોમાં જે માનનીય સભ્યશ્રીએ વાત કરી છે એ પ્રમાણે કોઈ વચેટિયાઓ વચ્ચે રહીને એ પૂરી દંડની વ્યવસ્થા નથી થવા દેતા. ૫૦ કરોડ રૂપિયાનો ફાયદો થતો હોય તો ૧૬ કરોડ દંડ ભરવામાં વાધો ન હોય આ સંજોગોમાં ગંભીરતાપૂર્વક આને લઈને રાજયની તિજોરીમાં આવક વધે અને ઓવરલોડના કારણે રસ્તા તૂટવાનું અકસ્માતનું જોખમ ઘટે એ માટે પર્યાપ્ત પગલાંઓ ભરવા માગીએ છીએ કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે એટલા માટે પર્યાપ્ત પગલાં જ ભરીએ છીએ. પહેલાં તો ઓવર લોડ ગાડી આવે એની પાસે દંડ વસૂલ કરીને તે ભરેલી ગાડીને જવા દેતા હતા. હવે તે ગાડીની અંદર જેટલો ઓવર લોડ હોય એટલો આપણે ત્યાં અને ત્યાં ઉતારી લઈએ છીએ અને તે ગાડીનું સસ્પૅન્શન પણ આપણે કરીએ છીએ. તેનું લાયસન્સ અને તેના કારણે ગાડી ઉભી રહે છે. આજે ગુજરાત રાજયની અંદર ભલભલા મોટા ફેકટરીવાળા અને મોટા ટ્રાન્સપૉર્ટવાળાની આજે એક મહિનો, બે મહિના અને ત્રણ મહિના સુધી ગાડીઓ સસ્પેન્ડ કરેલી રહે છે જેના કારણે ઓવર લોડનું પ્રમાણ હમણાં ઘટ્યું છે. આ જે આંકડા જે તે ભૂતકાળના આંકડા છે. અમે કોઈનો દંડ કરીને વધુ પૈસા લેવા માંગતા નથી. પરંતુ ખોટું કરે છે તેની ગાડી ચાલે નહીં એટલે મહિનો, બે મહિના અને ત્રણ મહિના ગાડી ના ચાલે એટલે તે બીજી વખત ઑટોમૅટીક ઓવર લોડ ના કરે. દંડ આપીને કરી દેતા હતા તો બધા એમજ સમજતા હતા કે જેટલો દંડ ભરવો પડે તેના કરતાં આપણને અહીં માલ લઈ જવાની આવક વધુ થાય એટલા માટે થઈને દંડ ભરી દેતા હતા. હવે દંડ ભરવાની સાથોસાથ માલ ઉતારી લઈએ છીએ અને તેની ગાડી પણ સસ્પૅન્ડ કરીએ છીએ.

**શ્રી અશ્વિન કોટવાલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ એમ કહ્યું કે આર.ટી.ઓ. ચેક પોસ્ટ ઉપર ટહેલીયા પહેલીયા કેટલા છે મને ખબર નથી. તો જે ફોલ્ડર રાખવામાં આવ્યાં છે તે ટ્રક કેટલો ઓવર લોડ છે તેની તપાસ આર.ટી.ઓ.ઇન્સ્પેક્ટર કરતા નથી. આ ટહેલીયા પહેલીયા કેટલો ઓવર લોડ છે તે તપાસ કરતાં હોય છે. ટહેલીયા પહેલીયા ૫૦-૬૦ જેટલાં માણસો રાખવામાં આવતાં હોય છે. અમે તે વિસ્તારના ધારાસભ્ય છીએ એટલે અમે રજૂઆત કરી છે. આપ નહીં જાણતાં હો માનનીય મંત્રીશ્રી તો અમે આપને કહેવા માંગીએ છીએ કે આ ટહેલીયા પહેલીયા ત્યાં રાખવામાં આવે છે તે ખરેખર સાચી વાત છે. મારો પ્રશ્ન એ છે કે સુપ્રીમ કોર્ટની સૂચના મુજબ એવું હોય છે કે ઓવર લોડથી રસ્તાઓ તૂટી જતાં હોય છે અને એટલે વધારાનો જે લોડ હોય છે તે ખાલી કરવાનો હોય છે. તો ઓવર લોડ ખાલી કરવાની પ્રક્રિયા કરવામાં આવે છે કે કેમ ? મારો બીજો પ્રશ્ન એ છે કે,

આવા કેટલાં વાહનો લોડ કરીને ત્યાં સ્થળ ઉપર ખાલી કરવામાં આવ્યાં ? ત્રીજો પ્રશ્ન એ છે કે, સુપ્રીમ કોર્ટની મારી માન્યતા પ્રમાણે તેની સૂચનાનું પાલન કરવામાં આવે છે કે કેમ ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, સુપ્રીમ કોર્ટની સૂચનાનું પાલન કરીએ છીએ એટલા માટે તેમને કહ્યું કે ઓવર લોડ છે તે ઉતારી લેવાનો. ઓવર લોડ ગાડી જ્યારે વજન કાંટા ઉપર જાય ત્યારે હંમેશા ગાડીનું વજન કેટલું છે તે નક્કી હોય અને જે પ્રકારની ગાડી છે તેની અંદર કેટલો માલ વહન કરવાની તેને પરવાનગી છે તે નક્કી હોય. ગાડીનું વજન વત્તા અંદર કેટલો માલ ભરવો જોઈએ તે બન્નેનો સરવાળો કરીને જેટલો માલ વધારે હોય એ વધારાનો માલ આપણે ઉતરાવી જ લઈએ છીએ અને તે ગાડીને આપણે સસ્પેન્ડ કરીએ છીએ. સસ્પેન્ડ કરીએ એટલે ગાડી ત્યાં અને ત્યાં પડી રાખવી પડે છે જેના કારણે આજની તારીખે આ જે ચાલતા હતા એવા વાહનોની સંખ્યા ઘણી ઓછી થઈ ગઈ છે. અને છતાંય ભાઈશ્રી જોષીયારાએ જે વાત કરી છે કે અમારે ત્યાં આ ચાલે છે તો તમારી ચેક પોસ્ટ ઉપર હું સઘન ચેંકીંગ થાય તેના માટે પૂરેપૂરી વ્યવસ્થા ગોઠવવા માટે થઈને વાત કરું છું.

**જામનગર જિલ્લામાં મરણોત્તર સહાય યોજના અન્વયે ચૂકવણી**

***૨૨૫૩૬ શ્રી. મેઘજી ડા. કણઝારીયા(ખંભાળીયા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

અનુસૂચિત જાતિની મરણોત્તર સહાયની યોજના હેઠળ જામનગર જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં તા.૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં કેટલી સહાય ચૂકવવામાં આવી ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી:**

રૂપિયા ૭.૭૦ લાખ

**શ્રી મેઘજી ડા. કણઝારીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે હું માનનીય મંત્રીશ્રી પાસેથી ત્રણ બાબતો જાણવા માંગુ છું. આ યોજના ક્યારથી અમલમાં આવેલ છે અને તેની સહાયના ધોરણો શું છે ? લાભાર્થીની આવક મર્યાદા કેટલી છે ? મારો બીજો પ્રશ્ન એ છે કે, આ યોજનામાં ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં જામનગર જિલ્લામાં કેટલી અરજીઓ મળી ? કેટલી મંજૂરી કરી ? કેટલી નામંજૂર કરી ? અને કેટલી પડતર છે ? આ યોજના ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ખંભાળીયા તાલુકામાં કેટલી અરજી મળી ? કેટલી મંજૂર કરી ? અને કેટલી પડતર છે ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા:** માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જાતિના જે નબળી ધરાવનારા કુટુંબો છે તેમના સભ્યના મૃત્યુ સમયે મરણોત્તર ક્રિયા કરવા માટે નાણાકીય મુશ્કેલી વેઠવી ના પડે એ માટે આ યોજના દાખલ કરવામાં આવેલી છે. અને એનું નામ સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર મરણોત્તર સહાય યોજના અને એની શરૂઆત તારીખ ૧૦/૧૧/૨૦૦૦ થી કરીને એનો અમલ કરવામાં આવે છે. આ યોજનાની શરૂઆત કરી એ વખતે સહાયનું ધોરણ ૧,૦૦૦ રૂપિયા હતું. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં એમાં વધારો કરીને ૧/૪/૦૭થી આ જે સહાય છે એ ૨,૫૦૦ કરવામાં આવેલ છે. એમનો જે આવક મર્યાદા માટેનો પ્રશ્ન હતો, તો લાભાર્થીની આવક મર્યાદા ૧૫,૦૦૦/- હોય એમને આ લાભ મળે છે. એમનો બીજો પ્રશ્ન જે હતો એ જામનગર જિલ્લા માટે હતો કે કેટલી અરજીઓ આવી, કેટલી મંજૂર અને કેટલી નામંજૂર. જામનગર જિલ્લામાં આ યોજના હેઠળ ૩૨૦ અરજીઓ મળી. ૩૦૮ મંજૂર થઈ અને ૧૨ અરજી નામંજૂર થઈ છે. એક પણ અરજી પડતર નથી. ત્રીજો પ્રશ્ન એમણે એમના તાલુકા માટેનો પૂછયો કે ખંભાળીયા તાલુકામાં કેટલી અરજી આવી, કેટલી મંજૂર અને કેટલી નામંજૂર. તો આ મરણોત્તર સહાય યોજનામાં ખંભાળીયા તાલુકામાં ૧૦ અરજી મળી અને દસે દસ અરજી મંજૂર કરવામાં આવી છે અને કુલ્લે ૨૫ હજારની સહાય આ યોજના હેઠળ કરવામાં આવી છે.

**શ્રી મૂળુભાઈ હ. આયરબેરા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે એ જાણવું છે કે આ યોજનામાં અરજદારને મળતી સહાય વહેલી તકે મળે એ માટે આ યોજનામાં કોઈ ફેરફાર કર્યો છે કે કેમ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : અગાઉ આ યોજનાની અંદર જે ગ્રાન્ટ અપાતી હતી એ તાલુકા વિકાસ અધિકારી હસ્તક એડહોક ગ્રાન્ટ મૂકાતી હતી અને જયારે જયારે પણ સહાય માટેની કોઈ અરજી આવે તો જિલ્લાના જે પછાત વર્ગ કલ્યાણ અધિકારી અને ગ્રામ્ય કક્ષાના જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી એ તાલુકા વિકાસ અધિકારીને અરજી આપીને એમની પાસેથી ગ્રાન્ટ લેતા હતા, પણ એમાં તારીખ ૨૭/૯/૨૦૦૦ના પરિપત્રથી સુધારો કર્યો છે અને હવે એડહોક ગ્રાન્ટ છે એ સીધેસીધી જિલ્લા પંચાયતના પવક પાસે અને જે સમાજ કલ્યાણ અધિકારી જિલ્લાના છે એમના હસ્તક જ મૂકવામાં આવે છે અને એટલા માટે જેવી અરજી આવે એવી જ સહાય ચૂકવવામાં આવે છે.

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે આ સમયગાળા દરમ્યાન ધ્રોળ, જોડીયા, જામનગર અને કાલાવડ તાલુકામાંથી તાલુકાવાર કેટલી અરજીઓ આવી અને તાલુકાવાર કેટલી સહાયની રકમ ચૂકવવામાં આવી? અરજીઓ નામંજૂર થઈ છે એના કારણો શું છે અને સરકાર આ મામૂલી સહાયની રકમમાં વધારો કરવા માગે છે કે કેમ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા**: જે ધનિક મિત્રો છે એમને ૨૫૦૦ રૂપિયાની સહાય મામૂલી લાગતી હશે, પણ મેં એવા ગરીબ દલિત કુટુંબો જોયા છે કે ઘરમાં લાશ પડી હોય અને અંતિમ ક્રિયા ન કરાવી શકતા હોય અને કયારેક પડોશીએ એને મદદ કરી હોય તો આખી જીંદગી એને ટોણો મારતા કે તારા બાપનું કારજ મેં કર્યુ હતું. આ પરિસ્થિતિ હતી. આમાં જે સહાય છે એ અંત્યેષ્ઠિ ક્રિયા માટેની છે અને અંત્યેષ્ઠિ ક્રિયાની અંદર સ્મશાને જઈને લાકડાનો ખર્ચ અને એની જે વિધિ થાય, તો હું માનું છું કે માનનીય મુખ્યમંત્રીશ્રીએ રૂપિયા ૧૦૦૦ની સહાયની રકમ વધારીને ૨૫૦૦ જે કર્યા છે તે યથાર્થ છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી એમણે એમના ત્રણ તાલુકાની વિગતો પૂછી છે. કાલાવડ તાલુકામાં આ સમયગાળા દરમયાન ૧૨ અરજીઓ આવી અને બારે બાર મંજૂર થઈ. ૩૦ હજારની સહાય ચૂકવવામાં આવી છે. ધ્રોળ તાલુકામાં ૧૬ અરજી આવી અને એ સોળે સોળ મંજૂર થઈ છે. ૪૦ હજાર રૂપિયાની સહાય ચૂકવવામાં આવી છે. જોડીયા તાલુકામાં ૨૦ અરજી આવી અને એમાંથી ૧૭ મંજૂર થઈ અને ૪૨,૫૦૦ રૂપિયાની સહાય ચૂકવવામાં આવી. જે ૩ અરજી નામંજૂર કરવામાં આવી છે એમાં આવક મર્યાદામાં ન આવતા હોવાને કારણે નામંજૂર કરવામાં આવી છે.

## વિકલાંગોને વીમા સુરક્ષા

* ૨૨૫૪૩ **શ્રી વલ્લભભાઈ ગો. કાકડિયા(રખિયાલ) : માનનીય સામાજીક અને ન્યાય અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ રાજયના વિકલાંગોને માટે વીમા સુરક્ષા કવચ હેઠળ આવરી લેવા અંગે કોઈ યોજના છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેમાં વિકલાંગોને કેટલી રકમનો વીમો આપવામાં આવે છે, અને

(૩) તેમાં કેટલું પ્રિમિયમ ભરવાનું થાય છે?

**સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી:**

(૧) હા, જી.

(૨) ૧ લાખની મહત્તમ રાશીની મર્યાદામાં વીમો આપવામાં આવે છે.

(૩) ચાલુ વર્ષ માટે રૂા. ૨૭.૧૭ લાખ (રૂપિયા સત્તાવીસ લાખ સત્તર હજાર પૂરા)નું પ્રિમિયમ ચૂકવાયેલ છે.

**શ્રી વલ્લભભાઈ ગો. કાકડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે જાણવું છે કે આ વિકલાંગ વ્યકિતઓના કુટુંબીજનોને વીમા સહાય કયારથી અમલમાં આવી? બીજો પ્રશ્ન એ છે કે આ યોજનામાં મળવાપાત્ર લાભ શું છે, કયા કયા સંજોગોમાં કેટલી વીમાની રકમ મળે છે અને ત્રીજો પ્રશ્ન એ છે કે આ યોજનામાં વારસદાર કઈ રીતે નકકી થાય છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા તા. ૨૮-૩-૨૦૦૭ થી વિકલાંગ વ્યકિતનાં કુટુંબીજનોને માટે આ વીમા યોજનાનો અમલ કરવામાં આવ્યો છે. જુદા જુદા વિભાગોમાં આ વીમા યોજના ચાલતી હતી અને એટલા માટે નાણા વિભાગ દ્વારા જે આ જુદા જુદા વિભાગોમાં યોજના ચાલતી હતી એનું એકત્રીકરણ કરીને એક જૂથ અકસ્માત વીમા યોજના દાખલ કરવામાં આવી અને એ તા. ૨૫-૩-૨૦૦૭ થી એનો અમલ થઈ રહ્યો છે. તેમણે બીજો પ્રશ્ન પૂછયો કે આનો લાભ શું છે અને કયા સંજોગોમાં કેટલી રકમ મળે છે? તો આ યોજનામાં આવક મર્યાદા ૨ાા લાખ રૂપિયા છે અને વિકલાંગ લાભાર્થીને ૧ લાખ રૂપિયા સુધીના વીમાની રાશી મહત્તમ મર્યાદામાં મળે છે. એમાં અકસ્માતે મૃત્યુ થાય તો કાયમી અપંગતા હોય તો એને ૧૦૦ ટકા રકમ મળે છે એટલે કે ૧ લાખ રૂપિયા મળે છે, અકસ્માતના કારણે બે આંખ અને બે અંગ અથવા હાથપગ ગુમાવવાના કિસ્સામાં પણ ૧૦૦ ટકા સહાય મળે છે એટલે કે ૧ લાખ રૂપિયા મળે છે અને અકસ્માતના કારણે એક આંખ અને એક અંગે ગુમાવવાના કિસ્સામાં પણ ૧૦૦ ટકા એટલે કે ૧ લાખ રૂપિયા મળે છે. અકસ્માતના કારણે એક આંખ અથવા એક અંગ ગુમાવવાના કિસ્સામાં ૫૦ ટકાની રકમ મળે છે એટલે કે ૫૦ હજાર રૂપિયા મળે છે. એમનો ત્રીજો પ્રશ્ન હતો કે અકસ્માત થઈ ગયા પછી ધારો કે મૃત્યુ થાય તો વારસદારને કઈ રીતે વારસદાર નકકી થાય છે? તો એ જે નકકી થાય છે એ એ રીતે નકકી થાય છે કે આ યોજનામાં જો પતિ અથવા પત્ની હયાત હોય તો પ્રથમ તેમને મળે છે, તેમની ગેર હયાતીમાં તેમનાં બાળકો પુત્ર કે પુત્રી હોય તો તેમને મળે છે, તેમની પણ હયાતી ના હોય તો અકસ્માતે જેનું મૃત્યુ થયું હોય એનાં મા-બાપ હોય તો એમને મળે છે અને એ પણ હયાત ના હોય તો તેમના પૌત્ર કે પૌત્રી એ હયાત હોય તો તેમને મળે છે. લાભાર્થી ઉપર આધારિત અને તેમની સાથે રહેતા અપરણિત અથવા તો વિધવા અથવા ત્યકતા બહેનોને પણ આ લાભ મળે છે. આના સિવાય એવા કોઈ કિસ્સા હોય અને એવા કોઈ વિવાદાસ્પદ કેસ સંબંધી લાભાર્થીને લાગુ પાડવા માટે વારસાઈ ધારા હેઠળ જે જાહેર થયેલ છે એવા વારસદારોને ઉપરોકત કિસ્સામાં જો વારસદાર સગીર હોય તો એના જે નેચરલ ગાર્ડીયન્સ છે એટલે કે કાયદેસરના વાલીને આ વીમાની રકમ મળે છે.

**શ્રીમતી ગીતાબેન યો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે જાણવું છે કે આ યોજનાનો લાભ લેવા માટે કોઈ સમયમર્યાદા કે મુદત નકકી કરેલ છે અને આ યોજનાનો લાભ લેવા માટે નોડલ અધિકારીએ કેટલા સમયમાં અરજી ચકાસીને વીમા કંપનીને મોકલાવાની હોય છે અને વીમા કંપનીએ કેટલા દિવસમાં એની પતાવટ કરવાની હોય છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, એમણે પ્રશ્નમાં ત્રણ તબકકા કહ્યા છે. એ ત્રણ તબકકામાં સમય મર્યાદા નકકી કરેલ છે. વિકલાંગ અકસ્માત વીમા યોજનાનો લાભ લેવા માગતા હોય તે લાભાર્થીએ અકસ્માતની તારીખથી ૯૦ દિવસમાં એમના સ્થાનિક નોડલ અધિકારી અથવા સક્ષમ અધિકારી હોય એમને લેખીતમાં અરજી કરવાની હોય છે. આ નોડલ અધિકારી છે એમની પાસે અરજી આવે તો ૩૦ દિવસમાં એમણે જરૂરી ચકાસણી નિયત પ્રમાણપત્ર સાથે ચૂકવણીના હેતુસર આ અરજી વીમા કંપનીને મોકલવાની હોય છે. વીમા કંપનીએ દાવા અરજી સહિત તમામ પેપર મળી જાય એટલે ૬૦ દિવસમાં પતાવટ કરવાની હોય છે.

**શ્રી ભૂષણ ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા એ જાણવા માગું છું કે આ યોજના અંતર્ગત ગુજરાત રાજયમાં કુલ કેટલા વિકલાંગો માટે વીમાના પ્રીમીયમ ભરવામાં આવેલ છે અને અમદાવાદ શહેર તથા જિલ્લામાં કુલ કેટલા વિકલાંગો માટે વીમાના પ્રીમીયમ ભરવામાં આવેલ છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા :** માનનીય અધ્યક્ષશ્રી, આ સમગ્ર રાજયની યોજના છે અને આપણે જે પ્રમાણે વિકલાંગતા માટેના કાર્ડ આપીએ છીએ તે કાર્ડ ૨ લાખ ૫૦ હજાર વિકલાંગોને આપેલા છે. અને એટલા માટે ૨ લાખ ૫૦ હજાર માટુનં પ્રીમીયમ ભરેલ છે. અને પ્રીમીયમની રકમ છે તે કહું તો ૨૭.૧૭ લાખ રૂપિયા પ્રીમીયમનાં ભરવામાં આવેલ છે.

## આણંદ જિલ્લામાં કન્યાઓને મળતી સવલતો

**શ્રીમતી *૨૨૫૩૦ જયોત્સનાબેન રા. પટેલ(આણંદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) વર્ષ ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં આણંદ જિલ્લામાં કન્યાઓ માટે કેટલા સરકારી છાત્રાલયો અને આદર્શ નિવાસી શાળાઓ કાર્યરત છે?
(૨) કેટલી કન્યાઓને તેમાં પ્રવેશ આપવામાં આવ્યો, અને
(૩) આ કન્યાઓને શી સવલતો આપવામાં આવે છે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

(૧) સરકારી કન્યા છાત્રાલયો-૨ (બે)
આદર્શ નિવાસી શાળા - ૦૦ (શૂન્ય)
(૨) ૧૦૦.
(૩) કન્યાઓને વિના મૂલ્યે રહેવા-જમવાની સુવિધા વગેરે અન્ય સવલતો આપવામાં આવે છે.

**શ્રીમતી જયોત્સનાબેન રા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં માનનીય મંત્રીશ્રીએ જણાવેલ છે કે આણંદ જિલ્લામાં સરકારી કન્યા છાત્રાલય બે આવેલી છે. તો આ છાત્રાલયો ભાડાના મકાનમાં બેસે છે કે સરકારી મકાનમાં બેસે છે ? અને જો ભાડાના મકાનમાં બેસતી હોય તો કેટલું માસિક ભાડું ચુકવવામાં આવે છે. અને બીજા પ્રશ્નમાં એવું જણાવેલ છે કે અનુસૂચિત જાતિની એક પણ આદર્શ નિવાસી શાળા આણંદ જિલ્લામાં નથી. તો તેના માટે સરકાર કોઈ વ્યવસ્થા કરવા માગે છે કે કેમ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, આ બન્ને સરકારી કન્યા છાત્રાલયો વલ્લભ વિદ્યાનગર ખાતે આવેલી છે. અને બન્ને ભાડાના મકાનમાં બેસે છે. વિકસતી જાતિ છાત્રાલય છે તેનું માસિક ભાડું ૧૯૫૦૦ છે. અને અનુસૂચિત જાતિનું કન્યા છાત્રાલય છે તેનું માસિક ભાડું ૧૫૯૦૦ છે. માનનીય સભ્યશ્રીનો બીજો પ્રશ્ન છે કે આદર્શ નિવાસી શાળા નથી તેના માટે વ્યવસ્થા કરવા માગે છે કે કેમ, તો મારે તેનો જવાબ પોઝીટીવ આપવાનો છે. હા, જી. ૨૦૦૯-૧૦માં આ અનુસૂચિત જાતિની આદર્શ નિવાસી શાળા આપણે મંજૂર કરી દીધી છે અને ભાડાના મકાનની શોધ કરી અને તે પણ નકકી કરી દીધું છે. પરંતુ નકકી કરેલ ભાડું વ્યાજબી છે કે કેમ તે વ્યાજબીપણા માટેનું સર્ટિફિકેટ માર્ગ અને મકાન વિભાગ પાસેથી લેવાનું હોય છે તે સ્તરે હાલમાં પડતર છે. અને આવતા વર્ષમાં એટલે કે ૨૦૧૧-૧૨ના વર્ષમાં આપણે શરૂ કરવા જઈ રહયા છીએ.

**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આ આદર્શ નિવાસી શાળાઓ બક્ષીપંચના જિલ્લા અને આદિવાસી વિસ્તારમાં ભારત સરકારના અને રાજય સરકારના સહયોગથી ચાલતી હોય છે. એમાં ભારત સરકારની પણ હોય છે અને રાજય સરકારની પણ હોય છે. અમારા જિલ્લામાં ૨૦૧૧-૧૨ના વર્ષમાં ખોલવાની માનનીય મંત્રીશ્રીએ વાત કરી છે તો એ કયા તાલુકામાં ખોલવા માગે છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહયું કે આણંદ જિલ્લામાં વિદ્યાનગર ખાતે આ આશ્રમશાળા ખોલવા માટે આપણે જઈ રહ્યા છીએ.

**શ્રી શિરિષકુમાર મ. શુકલ** : માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે આ છાત્રાલયમાં પ્રવેશ માટેના ધોરણો શું છે અને કન્યાઓની સલામતી માટે શું વ્યવસ્થા કરવામાં આવેલ છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જાતિની અને વિકસતી જાતિઓની કન્યાઓ માટેના પ્રવેશ માટેના જે ધોરણો છે તે અગાઉના વર્ષે ૫૦ ટકા ગુણ મેળવેલ હોવા જોઈએ. આવકની મર્યાદા અનુસૂચિત જાતિની બાળાઓ માટે કોઈ આવક મર્યાદા નથી. વિકસતી જાતિ માટે અને એમાં પણ જે શૈક્ષણિક રીતે પછાત વર્ગ છે એમના માટે જે બી.પી.એલ.ના ધોરણો છે તેના કરતા પાંચ ગણી રકમ અને આર્થિક પછાત હોય જેને ઈ.બી.સી. કહેવામાં આવે છે....એમનું બી.પી.એલ. ધોરણ છે એના કરતાં ત્રણ ગણી રકમ માટેની આમાં જોગવાઈ કરવામાં આવેલ છે. એમણે બીજો પ્રશ્ન સલામતી માટેનો પૂછયો તો આ કન્યા છાત્રાલયની અંદર ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ સિકયુરિટી ગાર્ડના જવાનો સલામતી માટે દર આઠ આઠ કલાકની ડયૂટીવાળા ત્રણ સિકયુરિટી ગાર્ડ ૨૪ કલાક હાજર હોય છે.

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : બે છાત્રાલયની વાત કરી એમાં એક બક્ષી પંચ અને એક અનુસૂચિત જાતિનું કન્યા છાત્રાલય છે. આ છાત્રાલયમાં કયા કયા કર્મચારીઓ રાખવામાં આવે છે એનું પગાર ધોરણ શું હોય છે અને પ્રતિ કન્યાએ ભોજન માટે દર માસે કેટલી ગ્રાન્ટ આપીએ છીએ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : કયા કયા કર્મચારીઓ રાખવામાં આવ્યા છે એના માટે જુદી નોટિસની જરૂર પડશે કારણ કે આમાં છાત્રાલય અને એના અંગેની બાબત હતી.

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા** : અત્યારે કન્યા કેળવણીને વધારે મહત્વ આપવામાં આવી રહ્યું છે ત્યારે વિદ્યાનગરની સાથે સાથે બધા તાલુકા મથકે નવી નવી કોલેજો ખોલવામાં આવેલ છે ત્યાં બાળાઓ ભણી શકે તે માટે આદર્શ નિવાસી શાળા અને છાત્રાલય શરૂ કરવા માગો છો કે કેમ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : સૂચન છે.

## કેન્દ્રીય વેચાણવેરાના દરના ઘટાડાથી મળેલ વળતરની રકમ

*** ૨૨૮૯૬ શ્રી ભરતભાઈ ખો. બોઘરા(જસદણ)** : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજય દ્વારા ઉઘરાવવામાં આવતા કેન્દ્રીય વેચાણવેરાના દરમાં ઘટાડો થયેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આ પેટે કેન્દ્ર સરકાર દ્વારા કેટલું વળતર આપવામાં આવેલ છે અને કેટલું વળતર મેળવવાનું બાકી છે?

**નાણા મંત્રીશ્રી:**

(૧) હા, જી.

(૨)

| કેન્દ્ર સરકાર દ્વારા ફાળવેલ રકમ (રૂા. કરોડમાં) | | બાકી મેળવવાની રકમ (રૂા. કરોડમાં) |
|---|---|---|
| ૨૦૦૮-૦૯ | ૧૫૬.૫૭ | ૧૩૮૯.૯૬ |
| ૨૦૦૯-૧૦ | ૭૯૬.૦૪ | ૨૩૨૦.૯૨ |
| ૨૦૧૦-૧૧ (તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ) | ૬૬૧.૦૬ | ૨૩૦૧.૬૫ |

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આ સવાલની વિગતવાર ચર્ચા અગાઉના પ્રશ્નમાં થઈ ગયેલ છે. તેમ છતાં કંઈક વિશેષ પૂછવું હોય તો જવાબ આપવા તૈયાર છું.

**શ્રી ભરતભાઈ ખો. બોઘરા** : મને જવાબ મળી ગયો છે તેમાં ૨૩૦૧.૬૫ કરોડની રકમ ગુજરાત સરકારે કેન્દ્ર સરકાર પાસેથી લેવાની બાકી છે. ત્યારે હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ માહિતી મેળવવા માગું છું ધકે આવડી મોટી રકમનું વ્યાજ ગણીએ તો દર મહિને ૨૩ કરોડ રૂપિયા જેટલું થાય, એનો અર્થ એ થાય કે વરસે ૨૭૬ કરોડ રૂપિયા જેટલું વ્યાજ થાય. તો હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે કેન્દ્ર સરકાર ગુજરાત સરકારને આ રકમ મોડી આપે છે એના લીધે ૨૭૬ કરોડ રૂપિયા વ્યાજ છે એ કેન્દ્ર સરકાર પાછળથી ગુજરાત સરકારને આપે છે કે કેમ? જો ના, તો આવડી મોટી વ્યાજની રકમનો પ્રજા ઉપર બોજ પડતો હોય તો હું આ કોંગ્રેસના મિત્રોને કહીશ કે તમે દરેક વાતમાં કહેતા હો છો કે...

**અધ્યક્ષશ્રી** : માનનીય ભરતભાઈ, તમે પ્રશ્ન ઉપર આવી જાવ?

**શ્રી ભરતભાઈ ખો. બોઘરા** : આ ગુજરાતની પ્રજાના હિતની વાત છે. આવડી મોટી ૨૭૬ કરોડ વ્યાજની વાત હોય તો આ ગુજરાતની પ્રજાની તિજોરી ઉપર એની અસર થાય છે...

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી, આપ સીધા પ્રશ્ન ઉપર આવો.

**શ્રી ભરતભાઈ ખો. બોઘરા** : હું ગૃહના સભ્ય તરીકે એ જાણવા માગું છું કે ગુજરાતની તિજોરી ઉપર ૨૭૬ કરોડનો વ્યાજનો બોજો પડે છે તો કેન્દ્ર સરકાર ગુજરાત સરકારને એ આપે છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : આ પ્રશ્નની વિગતવાર ચર્ચા થઈ ગઈ છે. સામાન્ય રીતે જે પ્રશ્ન ચર્ચા એકવાર થઈ ગઈ હોય એ પ્રશ્ન બીજીવાર રિપીટ થતો નથી છતાં માનનીય સભ્યશ્રીએ કહ્યું કે આટલી રકમ બાકી છે અને આટલું વ્યાજ છે. તો વ્યાજ લેવાની કોઈ જોગવાઈ નથી. કેન્દ્રનો જે પરિપત્ર હતો એ ચાર ટકાના ત્રણ ટકા કરો તો એ વરસે તમને બાકીની રકમ આપી દેવાની વાત હતી. ચાર ટકામાંથી બે ટકા કરો તો બાકીની રકમ આપવાની વાત હતી એ બાકી રહેતી રકમ કેરીફોર્વડ થઈને આજની તારીખે જે રકમ બાકી છે એમાં કેન્દ્ર સરકાર બાકી રકમ ઉપર કોઈ વ્યાજ આપતી નથી અને એવી કોઈ પદ્ધતિ પણ નથી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું અને અગાઉ પણ મેં પૂછયું હતું, મારો સ્પેસિફિક સવાલ એટલો છે કે સી.એસ.ટી.માં ઘટાડો થયો, લોકો ઉપર ટેકસ ઘટયો એના લીધે રાજયો અને કેન્દ્ર સરકાર બંનેને નુકસાન થયું છે. એમાં કેન્દ્રએ રાજયોને સરભર કરવાની વાત કરી, આખા દેશ ઉપર સી.એસ.ટી.ની અસર છે માત્ર ગુજરાત ઉપર નહિ તમામ રાજયો ઉપર દેશના કોઈપણ રાજયે આના કારણે ઈનપુટ ટેક્સ ક્રેડિટમાં ઘટાડો કર્યો હોય તેવું માત્ર ગુજરાત રાજય છે ત્યારે મારો સ્પેસિફિક સવાલ છે. કે કેન્દ્રમાંથી જ્યારે આ પૈસા આપણને મળે તો, એ સંજોગોમાં આપણે જે વેપારીઓ પાસેથી તેમને જે ઈનપુટ ટેક્સ ક્રેડીટમાં ઘટાડો કરવાથી જે નુકસાન જવાનું અને તેનો આપણે લાભ લઈએ છીએ એ ઘટાડો કર્યો છે. તેનો ફાયદો આપણને મળ્યો છે એ વેપારીને પાછો આપીશું કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : સવાલ એ છે કેન્દ્ર સરકાર જો આપે તો. જો અને તો નો સવાલ છે. અમે તો કહીએ છીએ કે અમારા ૨૩૦૦ કરોડ માગણા છે. (અંતરાય) હું કહું છું.. એ પહેલાં આપે. માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત જે મેં કરી એ અમે ૧-૭-૨૦૧૦ પછી ૨ ટકા ક્રેડીટ કાપતા હતા. પણ ૧-૪ પછી ચોથો મહિનો, પાંચમો મહિનો અને છઠ્ઠો મહિના એના અમે કોઈ પૈસા ઉઘરાવ્યા નથી. ઉઘરાવ્યા હોય એ કેન્દ્ર સરકાર કોઈ દિવસ આપણને આપે જ નહીં. હું આપને દાખલો આપીને કહું, કેન્દ્ર સરકારે તમાકુ ઉપર ટેક્સ જે વધારવાની વાત કરી હોય એ આપણી આવકમાંથી કાપી લે છે. આના માટે હજી જે વસ્તુ આપણને આપી જ નથી. આપે તો પાછા દેવાની વાત થાય પણ કેન્દ્ર સરકાર આપે જ નહીં, કાયદેસરના પૈસા હતા. બે વાર કોઈ દિવસ એક વ્યકિત પાસેથી ટેક્સ ઉઘરાવી લેવાય નહીં અને વેપારીને તો કોઈ દિવસ પાછો કરાય નહીં આ ટેક્સ, કેન્દ્ર સરકાર આ પૈસા આપે જ નહીં. આપે તો કયાં સવાલ છે? તમે લઈ આવી દો. આ પૈસા નહીં, જો ૨૩૦૦(અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, આ પૈસા કેન્દ્ર સરકાર કોઈ દિવસ આપે જ નહીં. આપે તો સવાલ ઉભો થાય. આપ્યા પછી કેમ નથી આપ્યા તો તમે મને કહેજો.

**પંચમહાલ જિલ્લામાં સરસ્વતી સાધના યોજનાની મળેલ અરજીઓ**

***૨૨૫૨૩ શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ (કાલોલ) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

૧. સરસ્વતી સાધના યોજના હેઠળ પંચમહાલ જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં કેટલી અરજીઓ મળી,
૨. તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી છે અને
૩. જેમાં કેટલી સહાય ચૂકવવામાં આવી છે?

**સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી:**

૧. (અ) અનુસૂચિત જાતિ-૫૯૧. (બ) વિકસતી જાતિ-૮,૧૪૯.
૨. (અ)અનુસૂચિત જાતિ-૫૯૧. (બ) વિકસતી જાતિ-૭,૭૨૮.
૩. (અ) વર્ષ ૨૦૦૯-૧૦માં અનુસૂચિત જાતિ માટે રૂા. ૫,૮૨,૦૦૦/- અને વિકસતી જાતિ માટે રૂા. ૮૩,૧૦,૦૦૦/- રોકડ સહાય ચૂકવવામાં આવેલ છે.

(બ) વર્ષ ૨૦૧૦-૧૧માં અનુસૂચિત જાતિની ૩૦૦ અને વિકસતી જાતિની ૩૫૭૧ કન્યાઓને સાયકલ આપવામાં આવેલ છે.

**શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે પંચમહાલ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ વિકસતી જાતિની ૮૧૯૪ અરજીઓ મળી. ૭૭૨૮ મંજૂર થઈ. બાકીની અરજીઓનું શું? કોઈ પડતર પ્રશ્ન છે કે કેમ અને નામંજૂર થવાના કારણો શું? મારો બીજો પ્રશ્ન છે, સરસ્વતી સાધના યોજના હેઠળ કન્યાઓને સાયકલ માટે અગાઉ કેટલી સહાય ચૂકવવામાં આવતી હતી? હવે કેટલી સહાય ચૂકવાય છે? મારો ત્રીજો પ્રશ્ન છે કે અનુસૂચિત જાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત જાતિના અને અન્ય સવર્ણ જેવા કે વાણિયા, બ્રાહ્મણ વગેરે સમાજની ગરીબ બહેનોને આ યોજનાનો લાભ મળે છે કે કેમ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ ત્રણ પ્રશ્નો પૂછયા છે. પહેલાં પ્રશ્નમાં કેટલી અરજી આવી, કેટલી મંજૂર અને કેટલી નામંજૂરનો પ્રશ્ન છે. પંચમહાલ જિલ્લામાં સરસ્વતી સાધના

યોજના હેઠળ વિકસતી જાતિની ૮,૧૯૪ અરજીઓ મળી. ૭,૭૨૮ મંજૂર કરવામાં આવી છે અને બાકી જે ૪૬૬ અરજીઓ છે એ નામંજૂર કરવામાં આવેલ છે. એક પણ અરજી આજની તારીખમાં પડતર નથી. તેમણે નામંજૂરીના કારણો પૂછયા છે તેમાં ૪૬૬ પૈકી ૪૦૦ જે નામંજૂર થઈ છે એ સ્થાનિક હોવાને કારણે અને ૬૬ અરજીઓમાં આવક મર્યાદા વધારે હોવાના કારણે. બીજો પ્રશ્ન માનનીય સભ્યશ્રીનો હતો કે પહેલાં કેટલી સહાય ચૂકવાતી હતી અને હવે કેટલી ચૂકવાય છે? તો સરસ્વતી સાધના યોજના હેઠળ કન્યાઓને સાયકલ માટે અગાઉ ૧૫૦૦ રૂપિયાની રોકડ ચૂકવાતી હતી તે ૨૮-૩-૨૦૦૮ના ઠરાવથી ૨૦૦૦ રૂપિયાની કરવામાં આવેલ છે. તેના પછી હમણાં જે ગરીબ કલ્યાણ મેળા થયા, આ ગરીબ કલ્યાણ મેળામાં સાયકલ આપવાની જ્યારે વાત થઈ તો તે વખતે જે ગ્રીમકો દ્વારા સાયકલ ખરીદીને જ્યારે વિતરણ કરવાનું આવ્યું તો એ સાયકલની કિંમત ૨,૨૭૫ રૂપિયાની હતી. અને એ પ્રમાણેની સાઈકલો એમને આપવામાં આવે છે. એમનો ત્રીજો પ્રશ્ન એ હતો કે, અનુસૂચિત જાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિ સિવાયના અન્ય ગરીબવર્ગના છે એમને આ લાભ આપો છો કે કેમ? તો મારો જવાબ હા,જીમાં છે. એવા વર્ગ છે એ ઈબીસીમાં આવે છે અને એમાં આવનાર બધાને આવકની નિયત મર્યાદામાં આવતા હોય તો એમને પણ સાઈકલ આપીએ છીએ.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, પંચમહાલ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ ૮૧૯૪ અરજીઓ મળી. એમાં કયા તાલુકાની કેટલી અરજીઓ છે? શહેરા તાલુકાની કેટલી અરજીઓ મળી? એમાંથી કેટલી મંજૂર થઈ અને કેટલી નામંજૂર થઈ અને નામંજૂર થવાના કારણો શું હતા? આ યોજના હેઠળ કેટલી સહાય ચૂકવવામાં આવે છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, એમના શહેરા તાલુકાનો જવાબ આપું. આ યોજના હેઠળ ૧૨૦૨ અરજીઓ આપણને મળી હતી અને એમાંથી ૧૧૮૧ આપણે મંજૂર કરી અને એ પૈકી રૂ.૨૪,૮૪,૦૭૫/-ની સહાય ચૂકવવામાં આવેલ છે અને જે નામંજૂર થઈ ૨૧ એમાં ૧૫ અરજીઓ છે એ સ્થાનિક હોવાથી અને ૬ અરજીઓ આવક મર્યાદામાં આવતા ન હોવાના કારણે એ નામંજૂર કરવામાં આવી છે. એમણે બાકીના તાલુકાનું પૂછ્યું છે. જાંબુઘોડા તાલુકામાં આ યોજના હેઠળ ૩૮૩ અરજીઓ આપણને મળી હતી અને એમાંથી ૩૬૯ આપણે મંજૂર કરી અને એ પૈકી ૧૪ અરજીઓ આવક મર્યાદામાં આવતા ન હોવાના કારણે નામંજૂર કરવામાં આવી છે. હાલોલ તાલુકામાં આ યોજના હેઠળ ૮૬૫ અરજીઓ આપણને મળી હતી અને એમાંથી ૮૧૯ આપણે મંજૂર કરી અને જે નામંજૂર થઈ ૪૬ એમાં ૩૫ અરજીઓ છે એ સ્થાનિક હોવાથી અને ૧૧ અરજીઓ આવક વધુ હોવાના કારણે એ નામંજૂર કરવામાં આવી છે. કાલોલ તાલુકામાં આ યોજના હેઠળ ૧૦૩૫ અરજીઓ આપણને મળી હતી અને એમાંથી ૧૦૦૮ આપણે મંજૂર કરી અને એ પૈકી રૂ.૨૧,૨૦,૨૦૦/-ની સહાય ચૂકવવામાં આવેલ છે અને જે નામંજૂર થઈ ૨૭ એમાં ૧૭ અરજીઓ છે એ સ્થાનિક હોવાથી અને ૧૦ અરજીઓ આવક મર્યાદામાં આવતા ન હોવાના કારણે એ નામંજૂર કરવામાં આવી છે. ઘોઘંબા તાલુકામાં આ યોજના હેઠળ ૬૦૧ અરજીઓ આપણને મળી હતી અને એમાંથી ૫૪૯ આપણે મંજૂર કરી અને એ પૈકી રૂ.૧૧,૬૪,૨૭૫/-ની સહાય ચૂકવવામાં આવેલ છે અને જે નામંજૂર થઈ ૫૨ એ સ્થાનિક હોવાના કારણે એ નામંજૂર કરવામાં આવી છે. મોરવા તાલુકામાં આ યોજના હેઠળ ૫૭૦ અરજીઓ આપણને મળી હતી અને એમાંથી ૪૬૫ આપણે મંજૂર કરી અને એ પૈકી રૂ.૯,૭૬,૬૨૫/-ની સહાય ચૂકવવામાં આવેલ છે અને જે નામંજૂર થઈ ૧૦૫ એ સ્થાનિક હોવાના કારણે એ નામંજૂર કરવામાં આવી છે. ગોધરા તાલુકામાં આ યોજના હેઠળ ૧૨૯૭ અરજીઓ આપણને મળી હતી અને એમાંથી ૧૨૨૮ આપણે મંજૂર કરી અને એ પૈકી રૂ.૨૬,૫૩,૪૫૪/-ની સહાય ચૂકવવામાં આવેલ છે અને જે નામંજૂર થઈ ૬૯ એમાં ૬૨ અરજીઓ છે એ સ્થાનિક હોવાથી અને ૭ અરજીઓ નિયત આવક કરતાં વધુ આવક હોવાના કારણે એ નામંજૂર કરવામાં આવી છે. લુણાવાડા તાલુકામાં આ યોજના હેઠળ ૧૩૨૯ અરજીઓ આપણને મળી હતી અને એમાંથી ૧૨૭૨ આપણે મંજૂર કરી અને એ પૈકી રૂ.૨૭,૩૯,૨૫૦/-ની સહાય ચૂકવવામાં આવેલ છે અને જે નામંજૂર થઈ ૫૭ એમાં ૪૯ અરજીઓ છે એ સ્થાનિક હોવાથી અને ૮ અરજીઓ આવક મર્યાદામાં આવતા ન હોવાના કારણે એ નામંજૂર કરવામાં આવી છે. સંતરામપુર તાલુકામાં આ યોજના હેઠળ ૧૨૩ અરજીઓ આપણને મળી હતી અને એમાંથી ૮૭ આપણે મંજૂર કરી અને એ પૈકી રૂ.૧,૮૫,૫૦૦/-ની સહાય ચૂકવવામાં આવેલ છે અને જે નામંજૂર થઈ ૩૬ અરજીઓ છે એ સ્થાનિક હોવાના કારણે એ નામંજૂર કરવામાં આવી છે. કડાણા તાલુકામાં આ યોજના હેઠળ ૮૭ અરજીઓ આપણને મળી હતી અને એમાંથી ૭૬ આપણે મંજૂર કરી અને એ પૈકી રૂ.૧,૬૫,૨૦૦/-ની સહાય ચૂકવવામાં આવેલ છે અને જે નામંજૂર થઈ એ સ્થાનિક હોવાના કારણે નામંજૂર કરવામાં આવી છે. ખાનપુર તાલુકામાં આ યોજના હેઠળ ૭૦૨ અરજીઓ આપણને મળી હતી અને એમાંથી ૬૭૪ આપણે મંજૂર કરી અને એ પૈકી રૂ.૧૪,૩૨,૮૨૫/-ની સહાય ચૂકવવામાં આવેલ છે અને જે નામંજૂર થઈ ૨૮ એમાં ૧૮ અરજીઓ છે એ સ્થાનિક હોવાથી અને ૧૦ અરજીઓ આવક મર્યાદા બહારની હોવાથી એ નામંજૂર કરવામાં આવી છે. શહેરા તાલુકાનો જવાબ અગાઉ મેં આપી દીધો છે.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો
# (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

**દાહોદ જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજનાની મળેલ અરજીઓ**

૨૨૫૫૩ **: શ્રી ફતેસિંહ ચૌહાણ (રાજગઢ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં વિકલાંગ સહાય યોજના હેઠળ તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી, | (૧) ૧૮૯. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨) ૧૮૫. |
| (૩) કેટલી ના મંજૂર કરવામાં આવી, અને | (૩) ૪ |
| (૪) કેટલી રકમ ચૂકવવામાં આવી? | (૪) રૂ. ૪,૧૯,૫૩૦/-. |

--------

**મહેસાણા જિલ્લામાં છાત્રાલયોના મકાનો**

૨૨૬૭૮ **: શ્રી ભરતસિંહજી શં.ડાભી (ખેરાલુ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં વિકસતી જાતિના કેટલા સરકારી છાત્રાલયો ચાલે છે, | (૧) ૩ (ત્રણ). |
| (૨) તે પૈકી કેટલા છાત્રાલયો સરકારી મકાનોમાં ચાલે છે, અને | (૨) ૨ (બે). |
| (૩) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૩) રૂ. ૧૬૯.૫૮ લાખ. |

**પાટણ જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજનાની મળેલ અરજીઓ**

૨૨૫૩૪ **: શ્રી રજનીકાન્ત સો.પટેલ (ચાણસ્મા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ પાટણ જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ અને વર્ષ ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૧૦ સુધીમાં કેટલી અરજીઓ મળી, | (૧) ૪૮૬. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૪૩૦. |
| (૩) કેટલી અરજીઓમાં સહાય ચૂકવવામાં આવી ? | (૩) ૪૩૦. |

**જૂનાગઢ જિલ્લામાં અનુસૂચિત જાતિ માટે ટ્યુશન સહાય યોજનાની મળેલ અરજીઓ**

૨૨૫૩૧ **: શ્રી ભગવાનભાઈ લા.કરગટીયા (માંગરોળ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અનુસૂચિતજાતિની ટ્યુશન સહાયની યોજના હેઠળ જૂનાગઢ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં કેટલી અરજીઓ મળી, | (૧) ૪૭. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૨૮. |
| (૩) કેટલી અરજીઓમાં સહાય ચૂકવવામાં આવી ? | (૩) ૨૩. |

## ખેડા જિલ્લામાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજનાની મળેલ અરજીઓ

૨૨૬૮૫ **: શ્રી દેવુસિંહ જે.ચૌહાણ (માતર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી**

જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ વર્ષ ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ સહાય માટે કુલ કેટલી અરજીઓ મળી, | (૧) ૮૫૦. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨) ૮૫૦. |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને | (૩) એક પણ નહીં. |
| (૪) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૪) ₹. ૧૭૩.૨૫ લાખ. |

## દાહોદ જિલ્લામાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ પાછળ થયેલ ખર્ચ

૨૧૯૮૭ **: શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા) : માનનીય સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી**

જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ધ્વારા ક્યા ક્યા કાર્યક્રમો અન્વયે કેટલી રકમ ફાળવી, અને

(૧)

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | ૧/૨/૦૯ થી ૩૧/૧/૧૧ સુધી ફાળવેલ કુલ રકમ (રૂપિયા) |
|---|---|---|
| ૧ | તાલુકા યુવા ઉત્સવ | ૩૫,૦૦૦ |
| ૨ | જિલ્લા યુવા ઉત્સવ | ૩૦,૦૦૦ |
| ૩ | યુવક નેતૃત્વ તાલીમ શિબિર | ૮૧,૫૦૦ |
| ૪ | યોગાસન તાલીમ શિબિર | ૮૬,૫૦૦ |
| ૫ | અનુ.જ.જા.વ્યક્તિ વિકાસ શિબિર | ૧,૭૫,૦૦૦ |
| ૬ | વડોદરા પ્રદેશ યુવા ઉત્સવ | ૨,૩૭,૦૫૦ |
| ૭ | રાજ્ય વન પરિભ્રમણ | ૩,૦૦,૦૦૦ |
| ૮ | નવરાત્રી રાસ ગરબા સ્પર્ધા | ૩૦,૦૦૦ |
| ૯ | બાળ નાટ્ય નૃત્ય નાટિકા સ્પર્ધા | ૧૦,૦૦૦ |
| ૧૦ | ડૉ. આંબેડકર જયંતી | ૨૫,૦૦૦ |
| ૧૧ | જિલ્લા કક્ષા લોક ડાયરો | ૬૦,૦૦૦ |
| ૧૨ | જિલ્લા બાળ પ્રતિભા શોધ સ્પર્ધા | ૨૦,૦૦૦ |
| | કુલ :- | **૧૦,૯૦,૦૫૦** |

(૨) ફાળવેલ રકમમાંથી કેટલો ખર્ચ થયો ?

(૨)

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | ૧/૨/૦૯ થી ૩૧/૧/૧૧ સુધી ફાળવેલ રકમમાંથી થયેલ ખર્ચ (રૂપિયા) |
|---|---|---|
| ૧ | તાલુકા યુવા ઉત્સવ | ૩૨,૫૦૦ |
| ૨ | જિલ્લા યુવા ઉત્સવ | ૩૦,૦૦૦ |
| ૩ | યુવક નેતૃત્વ તાલીમ શિબિર | ૭૮,૧૧૩ |
| ૪ | યોગાસન તાલીમ શિબિર | ૮૬,૫૦૦ |
| ૫ | અનુ.જ.જા.વ્યક્તિ વિકાસ શિબિર | ૧,૦૫,૯૪૮ |
| ૬ | વડોદરા પ્રદેશ યુવા ઉત્સવ | ૨,૩૭.૦૫૦ |
| ૭ | રાજ્ય વન પરિભ્રમણ | ૨,૧૦,૦૦૦ |
| ૮ | નવરાત્રી રાસ ગરબા સ્પર્ધા | ૩૦,૦૦૦ |
| ૯ | બાળ નાટ્ય નૃત્ય નાટિકા સ્પર્ધા | - |
| ૧૦ | ડૉ. આંબેડકર જયંતી | ૨૫,૦૦૦ |
| ૧૧ | જિલ્લા કક્ષા લોક ડાયરો | ૪૦,૦૦૦ |
| ૧૨ | જિલ્લા બાળ પ્રતિભા શોધ સ્પર્ધા | ૨૦,૦૦૦ |
| | કુલ :- | **૮,૯૫,૧૧૧** |

**નોન ક્રીમીલેયરની આવક અંગે**

૨૨૧૦૮ **: શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભારત સરકારે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના લોકોની નોન-ક્રીમીલેયરની આવક- મર્યાદા રૂપિયા ૪.૫ લાખ તા. ૧૪-૧૦-૨૦૦૮ના રોજ ઠરાવી છે તે મુજબ સુધારો કરવાની બાબત રાજ્ય સરકારની વિચારણામાં હતી તે હકીક્ત સાચી છે, | (૧) હા જી. |
| (૨) જો હા, તો આ બાબત ઉક્ત સ્તિતિએ ક્યા તબક્કે છે, અને | (૨) અને (૩) આ બાબત વિચારણા હેઠળ છે. |
| (૩) અને તેનો નિર્ણય ક્યાં સુધીમાં કરવામાં આવશે ? | |

**જામનગર જિલ્લામાં સાતફેરા સમૂહ લગ્ન યોજનાની મળેલ અરજીઓ**

૨૨૬૭૩ **: શ્રી લાલજીભાઈ પ્રે.સોલંકી (જામનગર (રુરલ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૦-૧૧માં જામનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ સાતફેરા સમૂહ લગ્ન યોજના હેઠળ વિક્સતિ જાતિના કેટલા ઈસમોને લાભ આપવા અરજીઓ મળી, | (૧) ૮૨. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૮૧. |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) ₹ ૪.૦૫ લાખ. |

**બનાસકાંઠા જિલ્લામાં અનુસૂચિતજાતિ માટે ટ્યુશન સહાય યોજનાની મળેલ અરજીઓ**

૨૨૫૧૭ **: શ્રી વસંતભાઈ ભટોળ (દાંતા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ટ્યુશન સહાયની યોજના હેઠળ બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં અનુસૂચિતજાતિની કેટલી અરજીઓ મળી, | (૧) ૧૮. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૦૯. |
| (૩) કેટલી અરજીઓમાં સહાય ચૂકવવામાં આવી ? | (૩) ૦૯. |

**અમદાવાદ જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજનાની મળેલ અરજીઓ**

૨૨૬૭૦ **: શ્રી બાબુભાઈ પટેલ (દસકોઈ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ અંતર્ગત તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કુંવરબાઇનું મામેરું યોજના હેઠળ વિક્સતી જાતિના કેટલા અરજદારોની અરજીઓ મળી, | (૧) ૪૧૨. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨) ૩૦૫. |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને | (૩) ૬૭. |
| (૪) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૪) ₹૧૫.૨૫ લાખ. |

**ગાંધીનગર જિલ્લામાં વિદેશ અભ્યાસ લોન યોજનાની મળેલ અરજીઓ**

૨૨૬૬૯ **: શ્રી કલ્યાણસિંહ ચૌહાણ (દહેગામ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ વર્ષ ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ સામાજકિ અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની કેટલી અરજીઓ મળી, | (૧) ૩. |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, | (૨) ૩. |
| ૭. | ૨૦૦૮ | ઉંઝા | ઉનાવા | ૬ પે. | ૧૮૨.૪૫ | ગોચર | ૭૫૦/- | ૧,૩૭,૦૬૩/- | પ્રમુખશ્રી, ગોઠીભાઈ સમસ્ત પંચ, ઉનાવા | ટ્રસ્ટને સ્ટોરરૂમ, રસોડા વિ. માટે | |
| **અ.નં.** | **વર્ષ** | **તાલુકો** | **ગામ** | **સ.નં./ બ્લોક નં.** | **ક્ષેત્રફળ** | **જમીનનો પ્રકાર** | **પ્રતિ ચો.મી. કિંમત રૂા.** | **વસુલ કરેલ કિંમત** | **કોને વેચાણ આપેલ છે ? તેનુ નામ** | **હેતુ** | **રીમાર્કસ** |
| ૮. | | વિસનગર | હિરપુરા | ૩૭ પે. ૩૬ પે. | ૬૦૦૦ | ગોચર | ૩૫૦/- | ૨૧,૦૦,૦૦૦/- | કા.પા.ઈ.શ્રી ગેટકો , મહેસાણા | ૬૬ કે.વી. સબસ્ટેશન | |
| ૯. | | વિસનગર | કુવાસણા | ૫૩૩ | ૧૬૧૮૮ | ગોચર | ૭૫/- | ૬,૦૭,૦૫૦/- | ઉ.ગુ.વિકલાંગ કલ્યાણ સંઘ, વિસનગર | વિકલાંગ સેવા સંઘ ના મકાન તથા પ્રવૃત્તિઓ માટે | ૫૦%રાહત દરે આપેલ છે. |
| ૧૦. | | મહેસાણા | મહેસાણા | ૨૮૮ | ૧૬૦૦ (રહેઠાણ) ૩૨૦ (રસ્તા) | ગોચર | ૭૮૪/- | ૮,૪૦,૪૪૮/- <u>૨,૫૦,૮૮૦/-</u> ૧૦,૯૧,૩૨૮/- | ડાભીપુરા કો.ઓ.હા.સો., મહેસાણા | રહેણાંક | ૩૩%રાહત બાદ કરી રહેણાંક સારૂ |
| ૧૧. | ૨૦૦૯ | ઉંઝા | બ્રાહમણવાડા | ૨૧૩ પે. ૨૧૪ પે. | ૫૫૦.૫૦ | ગોચર | ૭૪૧/- | ૪,૦૭,૯૨૧/- | શ્રી એસ.એન. ઠાકોર નિવૃત્ત ખેતી નિયામકશ્રી | સેન્દ્રિય સજીવ ખાતર બનાવવાના પ્લાન્ટના રસ્તા | |
| ૧૨. | | કડી | વણસોલ | ૪૭૦ પે.(૧) | ૧૫૦૦ | ગોચર | ૧૪૩/- | ૨,૧૪,૫૦૦/- | ટોરન્ટ ફાર્મા.લિ.ઈન્દ્રાડ | પમ્પીંગ હાઉસ માટે | |
| ૧૩. | | કડી | વિનાયકપુરા | ૪/૨/બ | ૧૯૬ | ગોચર | ૧૫૨/- | ૨૯,૭૯૨/- | વિનાયક દુધ ઉત્પાદક સ.મં.લી. | દુધ મંડળીના મકાન માટે | |
| ૧૪. | | વડનગર | સુલતાનપુરા | ૨૧૫/અ | ૨૦૮૪૯૪ | ગોચર | ૧૦૦/- | ૨,૦૮,૪૯,૪૦૦/- | હિમાલયા ઇન્ટરનેશનલ લી.ન્યુ દિલ્હી | ફુડ પ્રોસેસીંગ યુનિટ માટે | |
| ૧૫. | | મહેસાણા | જગુદણ | ૬૦૯ પે. | ૧૪૨૮ | સરકારી પડતર | ૬૦૨/- | ૮,૫૯,૬૫૬/- | બોચાસણવાસી અક્ષરપુરુષોત્તમ સ્વામિ. સંસ્થાન, અમદાવાદ | સામાજિક સાંસ્કૃતિક ઉદ્દેશો માટે | |
| ૧૬. | | મહેસાણા | મેઉ | ૪૦ પે. | ૩૭૧૭.૪૭ | ગોચર | ૨૮૦/- | ૧૦,૪૦,૮૯૨/- | અર્બુદાનગર દુ.ઉ.સં.મં.લી.મુ. અર્બુદાનગર,મેઉ | મંડળીના મકાન ગોડાઉન, બીજકેન્દ્ર માટે | |
| ૧૭. | | મહેસાણા | જગુદણ | ૬૦૮ | ૧૨૦૦ | ગોચર | ૭૫૮/- | ૯,૦૯,૬૦૦/- | કા.પા.ઈ.શ્રી યુ.જી.વી.સી.એલ. મહેસાણા | સબડીવીઝનલ ઓફિસ માટે | |
| ૧૮. | ૨૦૧૦ | વિસનગર | તરભ | ૧૫૯/૧ | ૬૭૩૫૫૫ | ગોચર | ૪૮૦/-સરકારશ્રી ધ્વારા પ્રતિ ચો.મી.ના રૂા.૫૦/- લેખે કિંમત આકારેલ છે. | ૩,૩૬,૭૭,૭૫૦/- | ડેપ્યુટી ડાયરેક્ટરશ્રી સ્પાઈસીસ બોર્ડ, અમદાવાદ | સ્પાસીસ પાર્ક બનાવવા માટે | ભારત સરકારના વાણિજ્ય મંત્રાલય સંચાલિત છે. |
| ૧૯. | | બેચરાજી | શંખલપુર | ૬૧૦ પે. | ૯૩૦ | સ.પ. | ૫૯૦/- | ૫,૪૮,૭૦૦/- | કા.પા.ઈ.શ્રી માહી ડીવીઝન કેન્દ્રીય વોટર કમિશન, ગાંધીનગર | જલઆયોગના ગેજ અને ડીસ્ચાર્જ કાર્યાલય | |
| ૨૦. | | મહેસાણા | રૂપાલ | ૧ પે. | ૯૨૯.૩૭ | ખલવાડ | ૩૪૪/- | ૩,૧૯,૬૯૯/- | મંત્રીશ્રી, ૮૪ કા.પા.સમાજ ટ્રસ્ટ, રૂપાલ હરીપુરા | સમાજની વાડી | |
| ૨૧. | | સતલાસણા | સુદાસણા | ૧૧૮ પે. | ૪૯૦૦ | સ.પ. | ૨૦૪/- | ૯,૯૯,૬૦૦/- | કા.પા.ઈ.શ્રી ગેટકો, મહેસાણા | ૬૬ કે.વી સબસ્ટેશન | |

## રાજ્યમાં માર્ગ અને મકાન વિભાગમાં બ્લેક લીસ્ટેડ કોન્ટ્રાકટરો

અતારાંક્તિ : ૩૭૦૬ (૧૦-૮--૨૦૧૦): **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં જિલ્લાવાર માર્ગ અને મકાન ખાતામાં નોંધાયેલ કેટલા કોન્ટ્રાકટરો નાણાકીય વર્ષ ૨૦૦૮-૨૦૦૯ અને ૨૦૦૯-૨૦૧૦ માં બ્લેક લીસ્ટમાં મૂકવામાં આવ્યા, અને

(૨) આવા કોન્ટ્રાકટરો સગાવ્હાલા-મિત્ર-સબંધીના કે ભળતાં નામે ફરી કામગીરી શરૂ ન કરે તે માટે શી વ્યવસ્થા ગોઠવાઈ છે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૩-૨-૨૦૧૧) :

(૧) વર્ષ ૨૦૦૮-૨૦૦૯ માં એક વર્ષ ૨૦૦૯-૨૦૧૦ માં શૂન્ય.

(૨) કાળી યાદીમાં મુકાયેલ કંપની/પેઢી/ઈજારદારને તથા ભાગીદારોને નિયમાનુસાર સરકારશ્રી તરફથી કામો આપવામાં આવતા નથી.

------------------

**ખેડા જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ મળેલ અરજીઓ**

અતારાંક્તિ : ૪૦૦૩ (૧૮-૧૨-૨૦૧૦)**: શ્રી મણીભાઈ દે.પટેલ (કપડવંજ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૨૦૧૦ની સ્થિતિએ સરસ્વતી સાધના યોજના હેઠળ ખેડા જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ આવી, અને

(૨) કેટલી અરજીઓ મંજૂર કરીને કેટલી સહાય ચુકવવામાં આવી?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** (૩૧-૧-૨૦૧૧) :

(૧) સરસ્વતી સાધના યોજના હેઠળ ખેડા જિલ્લામાં તાલુકાવાર તા.૩૦-૬-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મળેલ અરજીઓની વિગતો નીચે મુજબ છે.

નિયામક અનુસુચિત જાતી કલ્યાણ ખાતાની વિગતો :-

| તાલુકાનું નામ | મળેલ અરજી |
|---|---|
| નડીયાદ | ૩૦ |
| મહુધા | ૧૬ |
| ખેડા | ૭૦ |
| કપડવંજ | ૧૨૨ |
| મહેમદાવાદ | ૨૨ |
| કઠલાલ | ૨૭ |
| બાલાશિનોર | ૪૨ |
| ઠાસરા | ૯૧ |
| વિરપુર | ૫૧ |
| માતર | ૨૨ |
| **કુલ :** | ૪૯૩ |

નિયામક વિક્સતી જાતિ કલ્યાણ ખાતાની વિગતો :-

| તાલુકાનું નામ | મળેલ અરજી |
|---|---|
| નડીયાદ | ૯૭૧ |
| મહુધા | ૭૪૪ |
| ખેડા | ૨૨૫ |
| કપડવંજ | ૧૯૦૮ |
| મહેમદાવાદ | ૧૭૬૪ |
| કઠલાલ | ૨૦૫૮ |
| બાલાશિનોર | ૧૦૪૦ |
| ઠાસરા | ૧૪૧૭ |
| વિરપુર | ૧૦૭૫ |
| માતર | ૩૩૨ |
| **કુલ :** | **૧૧૫૩૪** |

(૨) **અનુસૂચિત જાતિની** કુલ-૪૨૩ અરજીઓ મંજૂર કરી અને કુલ રૂ. ૮,૪૬,૦૦૦/-ની સહાય ચુકવવામાં આવી.

**વિક્સતી જાતિની** કુલ-૧૧૩૬૩ અરજીઓ મંજૂર કરી અને કુલ રૂ. ૨,૨૭,૨૬,૦૦૦/-ની સહાય ચુકવવામાં આવી.

---------------

**દાહોદ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ મળેલ અરજીઓ**

અતારાંક્તિ : ૪૦૪૭ (૧૮-૧૨-૧૦)**: શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સરસ્વતી સાધના યોજના હેઠળ દાહોદ જિલ્લામાં તાલુકાવાર તા. ૩૦-૬-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ આવી, અને

(૨) તાલુકાવાર આવેલ અરજીઓ પેકી કેટલી અરજીઓ મંજૂર કરી કેટલી સહાય ચુકવવામાં આવી?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** (૩૧-૧-૨૦૧૧) :

(૧) અને (૨) સરસ્વતી સાધના યોજના હેઠળ દાહોદ જિલ્લામાં તાલુકાવાર તા. ૩૦-૬-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મળેલ અરજીઓ, મંજૂર કરેલ અરજીઓ અને ચુકવવામાં આવેલ સહાયની વિગતો નીચે મુજબ છે.

નિયામક વિકસતી જાતિ કલ્યાણ ખાતાની વિગતો :-

| તાલુકો | મળેલ અરજી | મંજૂર કરેલ અરજી | ચુકવેલ સહાય |
|---|---|---|---|
| લીમખેડા | ૯૯૬ | ૮૯૭ | ૧૭,૯૪,૦૦૦ |
| દેવગઢ બારીયા | ૮૨૧ | ૭૮૬ | ૧૫,૭૨,૦૦૦ |
| ધાનપુર | ૪૪૪ | ૩૯૩ | ૭,૮૬,૦૦૦ |
| ગરબાડા | ૧૭ | ૧૪ | ૨૮,૦૦૦ |
| દાહોદ | ૬૪ | ૫૨ | ૧,૦૪,૦૦૦ |
| ઝાલોદ | ૬૩ | ૫૦ | ૧,૦૦,૦૦૦ |
| ફતેપુરા | ૮ | ૮ | ૦,૧૬,૦૦૦ |

નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાની વિગતો :-

| તાલુકો | મળેલ અરજી | મંજૂર કરેલ અરજી | ચુકવેલ સહાય |
|---|---|---|---|
| લીમખેડા | ૩૧ | ૩૧ | ૬૪,૦૦૦ |
| દેવગઢ બારીયા | ૨૭ | ૨૭ | ૫૪,૦૦૦ |
| ધાનપુર | ૮ | ૮ | ૧૬,૦૦૦ |
| ગરબાડા | ૯ | ૯ | ૧૮,૦૦૦ |
| દાહોદ | ૫ | ૫ | ૧૦,૦૦૦ |
| ઝાલોદ | ૯ | ૯ | ૧૮,૦૦૦ |
| ફતેપુરા | ૨૬ | ૨૬ | ૫૨,૦૦૦ |

--------------

**રાજ્યમાં ચાલતા ભિક્ષુક ગૃહો**

અતારાંક્તિ : ૪૨૦૫ (૧૭-૧-૧૧)**: શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦મી નવેમ્બર, ૨૦૧૦ ની સ્થિતિએ રાજ્યમાં કઈ કઈ જ્ગ્યાએ ભિક્ષુક સ્વીકાર કેન્દ્રો ચાલે છે,

(૨) આ કેન્દ્રોમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા ભિક્ષુકો દાખલ થયા,

(૩) તે પેકી કેટલા કેન્દ્રોમાંથી કેટલા ભિક્ષુકો ભાગી છુટ્યા, અને

(૪) તે માટે કોણ જવાબદાર છે અને તેને શી શિક્ષા થઈ છે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** (૪-૨-૨૦૧૧) :

(૧) તા. ૩૦મી નવેમ્બર, ૨૦૧૦ની સ્થિતિએ રાજ્યમાં અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ ખાતે ભિક્ષુક કેન્દ્ર ચાલે છે.

(૨) **પત્રક-૧ મુજબ**

(૩) **પત્રક-૧ મુજબ**

(૪) જવાબદારો સામે કેસની ગુણવત્તાનુસાર નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવે છે.

**પત્રક--૧**

| ભિક્ષુક સ્વીકાર કેન્દ્રનું નામ | વર્ષ | દાખલ થયેલ ભિક્ષુકો | ભાગી ગયેલ ભિક્ષુકો |
|---|---|---|---|
| ઓઢવ | ૦૭-૦૮ | ૩૮૪ | ૧૬ |
| | ૦૮-૦૯ | ૧૭૪ | ૧૪ |

| | | | |
|---|---|---|---|
| | ૦૯-૧૦ | ૧૬૩ | ૧૮ |
| રાજકોટ | ૦૭-૦૮ | ૪૯ | ૦૧ |
| | ૦૮-૦૯ | ૩૭ | ૦૧ |
| | ૦૯-૧૦ | ૧૪૧ | ૦૦ |
| વડોદરા | ૦૭-૦૮ | ૮૫ | ૦૮ |
| | ૦૮-૦૯ | ૬૩ | ૦૭ |
| | ૦૯-૧૦ | ૯૨ | ૦૬ |
| સુરત | ૦૭-૦૮ | ૧૬૭ | ૧૮ |
| | ૦૮-૦૯ | ૨૪૮ | ૦૦ |
| | ૦૯-૧૦ | ૪૧૩ | ૦૦ |

--------------

## ખેડા જિલ્લામાં રમતગમત ક્ષેત્રે કરેલ ખર્ચ

અતારાંક્તિ : ૪૦૦૯ (૧૮-૧૨-૧૦): **શ્રી મણીભાઈ દે.પટેલ (કપડવંજ) : માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૨૦૧૦ ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં યુવાનોને રમતગમત ક્ષેત્રે પ્રોત્સાહિત કરવા કેટલી રકમની ફાળવણી કરવામાં આવી,

(૨) મંજુર કરેલ રકમમાંથી કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો,

(૩) કેટલી રકમ વણવપરાયેલ પડી રહેલ છે, અને

(૪) વણવપરાયેલ રકમનો ખર્ચ કઈ કઈ રમતો પાછળ કરવામાં આવ્યો?

**રમતગમત મંત્રીશ્રી** (૨૭-૦૧-૨૦૧૧) :

(૧) ખેડા જિલ્લામાં તા. ૩૦-૬-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં યુવાનોને રમતગમત ક્ષેત્રે પ્રોત્સાહિત કરવા નીચે મુજબની રકમની ફાળવણી કરવામાં આવેલ છે.

**ખેડા જિલ્લો**

| ક્રમ | તાલુકાનું નામ | ફાળવણી કરેલ |
|---|---|---|
| ૧ | નડીયાદ | રૂ. ૪,૫૮,૫૩૫.૦૦ |
| ૨ | ખેડા | રૂ. ૧૨,૬૦૦.૦૦ |
| ૩ | માતર | રૂ. ૧૫,૨૫૦.૦૦ |
| ૪ | ઠાસરા | રૂ. ૨૩,૭૦૦.૦૦ |
| ૫ | વીરપુર | રૂ. ૧૧,૦૦૦.૦૦ |
| ૬ | બાલાસિનોર | રૂ. ૧૪,૧૦૦.૦૦ |
| ૭ | મહેમદાવાદ | રૂ. ૨,૮૧,૯૦૦.૦૦ |
| ૮ | કપડવંજ | રૂ. ૨૯,૫૫૦.૦૦ |
| ૯ | મહુધા | રૂ. ૧૩,૬૦૦.૦૦ |
| ૧૦ | કઠલાલ | રૂ. ૧૧,૦૦૦.૦૦ |
| ૧૧ | જિલ્લા કક્ષા માટે | રૂ. ૧૪,૩૧૧.૦૦ |
| ૧૨ | કેન્દ્ર સરકાર દ્વારા પાયકા યોજના હેઠળ ખેડા જિલ્લા માટે | રૂ. ૩૩,૩૬,૦૦૦.૦૦ |
| | કુલ : | **રૂ. ૪૨,૨૧,૫૪૬.૦૦** |

(૨) ખેડા જિલ્લામાં તા. ૩૦-૦૬-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચેના **પત્રક** મુજબ મંજૂર કરેલ રકમમાંથી ખર્ચ કરવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | કરવામાં આવેલ ખર્ચ |
|---|---|---|
| ૧ | નડીયાદ | રૂ. ૪,૫૮,૫૩૫.૦૦ |
| ૨ | ખેડા | રૂ. ૧૨,૬૦૦.૦૦ |
| ૩ | માતર | રૂ. ૧૫,૨૫૦.૦૦ |
| ૪ | ઠાસરા | રૂ. ૨૩,૭૦૦.૦૦ |
| ૫ | વીરપુર | રૂ. ૧૧,૦૦૦.૦૦ |
| ૬ | બાલાસિનોર | રૂ. ૧૪,૧૦૦.૦૦ |
| ૭ | મહેમદાવાદ | રૂ. ૨,૮૧,૯૦૦.૦૦ |
| ૮ | કપડવંજ | રૂ. ૨૯,૫૫૦.૦૦ |
| ૯ | મહુધા | રૂ. ૧૩,૬૦૦.૦૦ |
| ૧૦ | કઠલાલ | રૂ. ૧૧,૦૦૦.૦૦ |
| ૧૧ | જિલ્લા કક્ષા માટે | રૂ. ૯,૯૨૭.૦૦ |
| ૧૨ | કેન્દ્ર સરકાર દ્વારા પાયકા યોજના હેઠળ ખેડા જિલ્લા માટે | રૂ. ૩૩,૩૬,૦૦૦.૦૦ |
| | ુલ : | **રૂ. ૪૨,૧૭,૧૬૨.૦૦** |

(૩) વણ વપરાયેલ રકમ : **રૂ. ૪,૩૮૪/-**

(૪) વણ વપરાયેલ રકમનો ખર્ચ નીચેની રમતોની યાદી મુજબની રમતો પાછળ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
| (૧) | શાળાકીય અંડર-૧૯ (૨૨ રમતો) |
| (૨) | બાળ રમતોત્સવ-૧૪ (૧૭ રમતો) |
| (૩) | ગ્રામિણ રમતોત્સવ અંડર-૧૬ (૧૦ રમતો) |
| (૪) | મહિલા રમતોત્સવ (૧૨ રમતો) |

| | |
|---|---|
| (૫) | શાળાકીય અંડર-૧૬ રમતોત્સવ (૦૫ રમતો) |
| (૬) | જવાહરલાલ નહેરૂ જુનિયર હોકી ભાઈઓ |
| (૭) | જવાહરલાલ નહેરૂ જુનિયર હોકી બહેનો |
| (૮) | જવાહરલાલ નહેરૂ સબ જુનિયર હોકી ભાઈઓ |
| (૯) | જીમ્નાસ્ટીક અંડર-૧૭ |
| (૧૦) | સુબ્રતો મુકરજી કપ ફૂટબોલ અંડર-૧૪ |
| (૧૧) | સુબ્રતો મુકરજી કપ ફૂટબોલ અંડર-૧૭ |
| (૧૨) | જુડો અંડર-૧૬ |
| (૧૩) | વિનુ માંકડ ક્રિકેટ પસંદગી સિલેક્શન અંડર-૧૪ |
| (૧૪) | સી. કે. નાયડુ ક્રિકેટ પસંદગી સિલેક્શન અંડર-૧૯ |
| (૧૫) | ગ્રામ્ય પાયકાની રમતો જેવી કે કબડ્ડી, ખો-ખો, ફુટબોલ, એથ્લેટીક્સ, વોલીબોલ, હોકી, કુસ્તી, આર્ચરી, વેઈટ લીફટીંગ અને હેન્ડ બોલ. |

## દાહોદ જિલ્લામાં રમતગમત ક્ષેત્રે કરેલ ખર્ચ

અતારાંક્તિ : ૪૦૪૨ (૧૮-૧૨-૨૦૧૦)**: શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા) : માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) દાહોદ જિલ્લામાં તાલુકાવાર તા. ૩૦-૦૬-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં યુવાનોને રમતગમત ક્ષેત્રે પ્રોત્સાહિત કરવા કેટલી રકમની ફાળવણી કરવામાં આવી,

(૨) મંજૂર કરેલ રકમમાંથી કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો,

(૩) કેટલી રકમ વણવપરાયેલ પડી રહેલ છે, અને

(૪) વણવપરાયેલ રકમનો ખર્ચ કઈ કઈ રમતો પાછળ કરવામાં આવ્યો ?

**રમતગમત મંત્રીશ્રી** (૨-૨-૨૦૧૧) :

(૧) દાહોદ જિલ્લામાં તાલુકાવાર તા. ૩૦-૦૬-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં યુવાનોને રમતગમત ક્ષેત્રે પ્રોત્સાહિત કરવા નીચે મુજબની રકમની ફાળવણી કરવામાં આવેલ છે.

**દાહોદ જિલ્લો :-**

| ક્રમ | તાલુકાનું નામ | ફાળવણી કરેલ | |
|---|---|---|---|
| ૧. | ફતેપુરા | રૂા. | ૧૬,૬૦૦.૦૦ |
| ૨. | ઝાલોદ | રૂા. | ૧૬,૬૦૦.૦૦ |
| ૩. | દાહોદ | રૂા. | ૯૮,૫૧૩.૦૦ |
| ૪. | ગરબાડા | રૂા. | ૨૯,૭૯૫.૦૦ |
| ૫. | ધાનપુર | રૂા. | ૧૬,૬૦૦.૦૦ |
| ૬. | લીમખેડા | રૂા. | ૨૩,૯૦૪.૦૦ |
| ૭. | દેવગઢ-બારીયા | રૂા. | ૬,૩૪,૭૩૯.૦૦ |
| ૮. | સંતરામપુર | રૂા. | ૨,૬૦૦.૦૦ |
| ૯. | જિલ્લા કક્ષા માટે | રૂા. | ૧૭,૩૧૮.૦૦ |
| ૧૦. | કેન્દ્ર સરકાર દ્વારા પાયકા યોજના હેઠળ દાહોદ જિલ્લા માટે | રૂા. | ૩૬,૬૦,૦૦૦.૦૦ |
| | **કુલ...** | **રૂા.** | **૪૫,૧૬,૬૬૯.૦૦** |

(૨) દાહોદ જિલ્લામાં તા. ૩૦-૦૬-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મંજૂર કરેલ રકમમાંથી **નીચેના પત્રક** મુજબ ખર્ચ કરવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | કરવામાં આવેલ ખર્ચ | |
|---|---|---|---|
| ૧. | ફતેપુરા | રૂા. | ૧૫,૭૫૫.૦૦ |
| ૨. | ઝાલોદ | રૂા. | ૧૫,૯૫૫.૦૦ |
| ૩. | દાહોદ | રૂા. | ૯૩,૬૧૫.૦૦ |
| ૪. | ગરબાડા | રૂા. | ૨૯,૫૫૦.૦૦ |
| ૫. | ધાનપુર | રૂા. | ૧૬,૩૭૦.૦૦ |
| ૬. | લીમખેડા | રૂા. | ૨૩,૮૦૪.૦૦ |
| ૭. | દેવગઢ-બારીયા | રૂા. | ૬,૧૬,૬૯૩.૦૦ |
| ૮. | સંતરામપુર | રૂા. | ૨,૫૦૦.૦૦ |
| ૯. | જિલ્લા કક્ષા માટે | રૂા. | ૧૩,૪૫૧.૦૦ |
| ૧૦. | કેન્દ્ર સરકાર દ્વારા પાયકા યોજના હેઠળ દાહોદ જિલ્લા માટે | રૂા. | ૩૬,૬૦,૦૦૦.૦૦ |
| | **કુલ...** | **રૂા.** | **૪૪,૮૭,૬૯૩.૦૦** |

(૩) વણ વપરાયેલ રકમ **: રૂા. ૨૮,૯૭૬**/-

(૪) વણ વપરાયેલ રકમનો ખર્ચ નીચેની રમતોની યાદી મુજબની રમતો પાછળ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
| (૧) | શાળાકીય અંડર ૧૯ (૨૨ રમતો) |
| (૨) | બાળ રમતોત્સવ અંડર - ૧૪ (૧૭ રમતો) |
| (૩) | ગ્રામિણ રમતોત્સવ અંડર -૧૬ - (૧૦ રમતો) |
| (૪) | મહિલા રમતોત્સવ (૧૨ રમતો) |
| (૫) | શાળાકીય અંડર-૧૬ રમતોત્સવ (૦૫ રમતો) |
| (૬) | જવાહરલાલ નહેરૂ જુનિયર હોકી ભાઈઓ |
| (૭) | જવાહરલાલ નહેરૂ જુનિયર હોકી બહેનો |
| (૮) | જવાહરલાલ નહેરૂ સબ જુનિયર હોકી ભાઈઓ |
| (૯) | જીમ્નાસ્ટીક્સ અંડર-૧૭ |
| (૧૦) | સુબ્રતો મુકરજી કપ ફૂટબોલ અંડર - ૧૪ |
| (૧૧) | સુબ્રતો મુકરજી કપ ફૂટબોલ અંડર - ૧૭ |
| (૧૨) | જુડો અંડર - ૧૬ |
| (૧૩) | વિનુ માંકડ ક્રિકેટ પસંદગી સિલેકશન અંડર - ૧૪ |
| (૧૪) | સી. કે. નાયડુ ક્રિકેટ પસંદગી સિલેકશન અંડર - ૧૯ |
| (૧૫) | ગ્રામ્ય પાયકાની રમતો જેવી કે કબડ્ડી, ખો-ખો, ફુટબોલ, એથ્લેટીક્સ, વોલીબોલ, હોકી, કુસ્તી, આર્ચરી, વેઈટ લીફટીંગ, અને હેન્ડ બોલ |

---------------

## બોધ્ધ ગુફાઓની જાળવણી અંગે

અતારાંક્તિ : ૪૧૨૪ (૧૭-૧૧-૨૦૧૦): **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં તા. ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૧૦ની સ્થિતિએ કઈ કઈ જગ્યાએ બોધ્ધ ગુફાઓ આવેલી છે, અને

(૨) આ બોધ્ધ ગુફાઓની સારી માવજત થાય તથા જાહેર જનતા માટે જોવાલાયક બને તે માટે સરકારે શી વ્યવસ્થા કરી છે ?

**સાંસ્કૃતિક મંત્રીશ્રી** (૪-૨-૨૦૧૧) :

(૧) રાજ્યમાં તા. ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૧૦ની સ્થિતિએ નીચે જણાવ્યા મુજબની રાજ્ય રક્ષિત બોધ્ધ ગુફાઓ આવેલી છે.

| ક્રમ | જિલ્લો | તાલુકો | ગામ | સ્મારકનું નામ |
|---|---|---|---|---|
| ૧. | કચ્છ | લખપત | શિયોત | શેલગુફા |
| ૨. | જામનગર | ભાણવડ | રાણપુર | ખાપરા ખોડીયાના ભોયરા અને શેલ ગુફાઓ |
| ૩. | જૂનાગઢ | ઉના | સાણા | ગુફાઓ |
| ૪. | જૂનાગઢ | જૂનાગઢ | જૂનાગઢ | પંચેશ્વર ગુફાઓ |
| ૫. | જૂનાગઢ | વેરાવળ-પાટણ | પ્રભાસ પાટણ | પ્રાચીન ગુફાઓ |
| ૬. | જૂનાગઢ | વેરાવળ-પાટણ | સવનીગીર | મંડોરની ગુફાઓ |
| ૭. | રાજકોટ | ગોંડલ | ખંભાલીડા | શેલ ગુફાઓ |
| ૮. | ભરૂચ | ઝઘડીયા | ઝાંઝપોર | કડીયા ડુંગરની ગુફાઓ |

(૨) બોધ ગુફાઓની સારી માવજત થાય તથા જાહેર જનતા માટે જોવાલાયક બને તે માટે પુરાતત્વ ખાતા ધ્વારા નીચે જણાવેલ ગુફા-સ્મારકોમાં તબક્કાવાર જરૂર મુજબની પુરારક્ષણની કામગીરી તેમજ સ્મારકની આસપાસના વિસ્તારને વિકસાવવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

(૧) કચ્છ જિલ્લાના લખપત તાલુકાના સીયોત ગામે આવેલ શેલગુફાઓમાં સને ૨૦૦૪-૦૫ દરમ્યાન મહત્વના પુરારક્ષણની કામગીરી તેમજ જોવાલાયક સ્થળ બને તે માટે તેની આસપાસના વિસ્તારમાં સાફસફાઈની કામગીરી કરવામાં આવી. આ કામગીરી પાછળ રૂા. ૫૬,૦૫૮ નો ખર્ચ થયેલ છે.

(૨) ઉના તાલુકાના સાણા ગામે આવેલ ગુફાઓ જોવા લાયક સ્થળ બને તે માટે સાઈન બોર્ડ તેમજ સાફસફાઈની કામગીરી વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન હાથ ધરવામાં આવી. આ કામગીરી પાછળ રૂા. ૬૧,૦૦૦નો ખર્ચ થયેલ છે.

(૩) રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાના ખંભાલીડા મુકામે આવેલ ગુફાઓની દેખરેખ માટે સ્મારક ચોકીદારની નિમણૂક થયેલ છે. આ ગુફાઓની જોવાલાયક સ્થળ બને તે માટે ૨૦૦૯-૧૦ દરમ્યાન ગુફાઓ તરફ જતાં માર્ગમાં માર્ગદર્શક તક્તી, ગુફાનો ઈતિહાસ દર્શાવતી તક્તી મુક્વામાં આવેલ છે. તેમજ સાફસફાઈની કામગીરી પણ હાથ ધરવામાં આવેલ છે. આ વિકાસની કામગીરી પાછળ રૂા. ૯૦,૪૫૦ નો ખર્ચ થયેલ છે.

(૪) રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાના ખંભાલીડા ગામે શેલગુફાઓના પુરારક્ષણ તેમજ તેને વિકાસની વિશેષ કામગીરી આગામી સમયમાં હાથ ધરવાનું આયોજન છે. જેની પાછળ રૂા. ૪૩,૪૦,૫૦૦નો અંદાજીત ખર્ચ થનાર છે.

---------------

**ભરૂચ અને નર્મદા જિલ્લામાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવા બાબત**

અતારાંક્તિ : ૩૬૨૮ (૪-૮-૨૦૧૦): **શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ભરૂચ અને નર્મદા જિલ્લામાં અનુસૂચિત જનજાતિના પૂર્વ એસ.એસ.સી. થી કોલેજના અભ્યાસક્રમો માટે વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ પેટે નાણાંકીય સહાય આપવામાં આવે છે કે કેમ,

(૨) જો હા, તો તા. ૩૦-૬-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ભરૂચ અને નર્મદા જિલ્લામાં તાલુકાવાર કેટલા વિદ્યાર્થીઓને આ શિષ્યવૃત્તિ ચુકવવામાં આવી, અને

(૩) આ પેટે કુલ કેટલી રકમ ચુકવવામાં આવી છે ?

**આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** (૭-૨-૨૦૧૧) :

(૧) હા, જી.

(૨) તા. ૩૦-૬-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષની તાલુકાવાર માહિતી

| ભરૂચ જિલ્લો | | | નર્મદા જિલ્લો | | |
|---|---|---|---|---|---|
| **ક્રમ** | **તાલુકો** | **લાભાર્થીઓની સંખ્યા** | **ક્રમ** | **તાલુકો** | **લાભાર્થીઓની સંખ્યા** |
| ૧ | ભરૂચ | ૨૬૮૭૭ | ૧ | નાંદોદ | ૭૪૨૨૫ |
| ૨ | અંકલેશ્વર | ૨૩૨૯૩ | ૨ | તિલકવાડા | ૧૪૮૫૫ |
| ૩ | હાંસોટ | ૧૯૭૧૦ | ૩ | દેડીયાપાડા | ૫૯૩૭૯ |
| ૪ | જંબુસર | ૧૬૧૨૬ | ૪ | સાગબારા | ૩૭૧૧૩ |
| ૫ | વાગરા | ૧૨૫૪૨ | | | **૧૮૫૫૭૨** |
| ૬ | આમોદ | ૮૯૫૯ | | | |
| ૭ | વાલીયા | ૩૪૦૪૩ | | | |
| ૮ | ઝગડીયા | ૩૭૬૨ | | | |
| | **કુલ :-** | **૧,૭૯,૧૭૭** | | | |

(૩) રૂા. ૧૧૭૯.૩૦ લાખ

---------------

**અતારાંક્તિ યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો**

| **ક્રમ** | **વિભાગનું નામ** | **પ્રશ્ન ક્રમાંક** | **કુલ** |
|---|---|---|---|
| ૧ | કૃષિ અને સહકાર વિભાગ | ૩૭૪૪, ૩૭૮૬, ૪૧૮૧, ૪૧૮૨ | ૪ |
| ૨ | વન અને પર્યાવરણ વિભાગ | ૩૮૫૪, ૩૮૭૫, ૪૦૧૭, ૪૦૬૭, ૪૧૩૦ | ૫ |
| ૩ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૪૦૩૪, ૪૦૩૬ | ૨ |
| ૪ | ગૃહ વિભાગ | ૩૯૪૪, ૩૯૪૫, ૩૯૪૬, ૩૯૪૭, ૩૯૪૮, ૩૯૫૦, ૩૯૫૩, ૩૯૫૪, ૩૯૫૫, ૩૯૫૮, ૩૯૬૦, ૩૯૬૨, ૩૯૬૪, ૩૯૬૫, ૩૯૬૬, ૩૯૬૭, ૪૧૨૦ | ૧૭ |
| ૫ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૪૦૧૯, ૪૦૨૦, ૪૦૨૧, ૪૦૨૨, ૪૦૨૪, ૪૦૨૯, ૪૦૩૨ | ૭ |
| ૬ | પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૩૮૫૦, ૩૯૦૦, ૩૯૨૨ | ૩ |
| ૭ | મહેસૂલ વિભાગ | ૨૯૨૯, ૩૫૪૨, ૩૮૫૭, ૪૨૪૩ | ૪ |
| ૮ | માર્ગ અને મકાન વિભાગ | ૩૭૦૬ | ૧ |
| ૯ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૪૦૦૩, ૪૦૪૭, ૪૨૦૫ | ૩ |
| ૧૦ | રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ | ૪૦૦૯, ૪૦૪૨, ૪૧૨૪ | ૩ |
| ૧૧ | આદિજાતિ વિકાસ વિભાગ | ૩૬૨૮ | ૧ |
| | | **કુલ :** | **૫૦** |

-----------

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

**સન ૨૦૦૯-૨૦૧૦ નો સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ ( નર્મદા અને શહેરી ગૃહનિર્માણ મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેનો સન ૨૦૦૯-૨૦૧૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ,હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**સન ૨૦૦૯-૨૦૧૦ નો ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

**શ્રી જયનારાયણ વ્યાસ ( પ્રવાસન અને નાગરિક ઉડ્ડયનમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડનો સન ૨૦૦૯-૨૦૧૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ,હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**સન ૨૦૦૯-૨૦૧૦ નો ગુજરાત નાણાકીય નિગમનો વાર્ષિક હિસાબો પરનો ઓડિટ અહેવાલ**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી)** : માનનીય હું અધ્યક્ષશ્રી, ગુજરાત નાણાકીય નિગમનો સન ૨૦૦૯-૨૦૧૦ના વાર્ષિક હિસાબો પરનો ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

## વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત

**શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા (જાહેર સાહસો માટેની સમિતિના પ્રમુખશ્રી )**: માનનીય અધ્યક્ષશ્રી, હું બારમી ગુજરાત વિધાનસભાની જાહેર સાહસો માટેની સમિતિનો ચૌદમો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

**અનુસૂચિત જન જાતિઓના કલ્યાણ માટેની સમિતિના ત્રીજા અને ચોથા અહેવાલની રજૂઆત**

**શ્રી રમણલાલ ના. પાટકર (અનુસૂતિ જન જાતિઓના કલ્યાણ માટેની સમિતિના પ્રમુખશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું અનુસૂચિત જન જાતિઓના કલ્યાણ માટેની સમિતિનો ત્રીજો અને ચોથો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

**સરકારી વિધેયકો**

**સન ૨૦૧૧નું ગુજરાત વિધેયક ક્રમાંક:૩૨**

## ગુજરાત વિનિયોગ વિધેયક,૨૦૧૧

**સન ૨૦૧૨ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષની સેવાઓ માટે, ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી અમુક રકમો આપવાનો અને તેનો વિનિયોગ કરવાનો અધિકાર આપવા બાબત વિધેયક**

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, (*)*રાજ્યપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક:૩૨ સન ૨૦૧૧નું ગુજરાત વિનિયોગ વિધેયક આપની અનુમતિથી દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક:૩૨ સન ૨૦૧૧નું ગુજરાત વિનિયોગ વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

## અધ્યક્ષશ્રીની જાહેરાત

**વિનિયોગ વિધેયકની ચર્ચામાં ભાગ લેવા માટે સભ્યશ્રીઓને સમય ફાળવવા અંગે**

**અધ્યક્ષશ્રી** : આજે વિનિયોગ વિધેયેક ચર્ચા માટે હાથ ધરવાનું છે. વિનિયોગ વિધેકયની ચર્ચામાં ભાગ લેવા માટે કુલ ૨૫ સભ્યોએ તેમના મુદ્દા આપેલા છે. વિધાન સભાના નિયમોના નિયમ ૨૩૮(૩) મુજબ આ વિધેયક પરની સભાગૃહની ચર્ચા સભાગૃહની બેઠક મુલતવી રાખવાના નક્કી કરેલ સમયના એક કલાક અગાઉ પૂરી કરવાની થાય. પરંતુ આજે બિનસરકારીક તથા અન્ય સરકાર વિધેયક પણ હાથ ધરવાના હોઈ નિયમ ૨૩૯ હેઠળ મને મળેલ સત્તાની રૂએ. નિયમ ૩૩૮(૩)માં છૂટછાટ મૂકી આ વિનિયોગ વિધેયક ચર્ચા અને મત માટે બપોરના ૨-૨૦ વાગ્યા સુધીનો સમય ઠરાવું છું તથા આ વિધેયક પરની ચર્ચામાં ભાગ લેવા માટે મુદ્દા આપના સભ્યશ્રીઓની સંખ્યા જોતા દરેક સભ્યશ્રીઓને ચર્ચામાં ભાગ લેવા માટે બે મિનિટનો સમય ઠરાવું છું. તદ્નુસાર જે તે મુદ્દા પરની ચર્ચા વિધેયક સભાગૃહના મત પર મૂકવામાં આવશે. નેકસ્ટ.

**શ્રી ઈકબાલ પટેલ** : સાહેબ, બે મિનિટના બદલે ત્રણ મિનિટ રાખો, પચ્ચીસ જ મુદ્દાઓ છે.

**અધ્યક્ષશ્રી** : ચંદ્રિકાબેન.

**શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા(લીમખેડા)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો મદ્દો એ છે કે, દાહોદ જિલ્લામાં ખેડૂતોના વર્ષો જૂના સિંચાઈ કૂવાઓને ઊંડા કરવામાં તંત્રની નિષ્ફળતા. માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ જિલ્લામાં મોટી સિંચાઈ યોજનાઓનો લાભ મળતો નથી. નર્મદા અને કડાણાના પાણી દાહોદ જિલ્લાને મળતા નથી એવા

* વિધેયક તા.૨૫મી ડિસેમ્બર, ૨૦૧૧ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

સંજોગોમાં નાની સિંચાઈ દ્વારા ખેડૂતોને સિંચાઈનો લાભ મળે છે. કોંગ્રેસના શાસન કાળમાં દાહોદ જિલ્લામાં જુદી જુદી યોજનાઓમાં ખેડૂતોને અનેક સિંચાઈના કૂવાઓ થયેલા છે. એ કૂવાઓથી એને ખેતીનો આધાર વર્ષોનો સમય જતાં કૂવાઓમાં પાણીના તળ નીચા જતા રહ્યા છે. કૂવાઓમાં પાણીનો જથ્થો ઓછો જોવા મળે છે. તેના પરિણામે તેની સીધી અસર સિંચાઈ આધારિત ખેતી ઉપર થાય છે. તો આવા ખેડૂતોના જૂના કૂવાઓ ઊંડા કરવા સરકારશ્રી તરફથી કોઈ વ્યવસ્થા નથી, તો ખેડૂતો આર્થિક સંજોગોને લીધે કૂવાઓ ઊંડા કરી શકતા નથી. તો આ સંજોગોમાં સરકારશ્રી કોઈ પૅકેજ તૈયાર કરી આવી સિંચાઈના કૂવાઓને ઊંડા કરવા માગે છે કે કેમ ?

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા)** : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે છેલ્લા આ સરકાર અસ્તિત્વમાં આવ્યા પછી સરકારી કાર્યક્રમોમાં સ્થાનિક ધારાસભ્યો, સંસદ સભ્યોને આમંત્રણ સરકારી કાર્યક્રમોમાં આપવામાં આવતા નથી. સાહેબ, લોકશાહીમાં જે તે વિસ્તારના ચૂંટાયેલા ધારાસભ્યો કે સંસદસભ્યો એ પ્રજાના પ્રતિનિધિ તરીકે એના વિસ્તારમાં જો કોઈ કાર્યક્રમ હોય તો પણ સામેના પક્ષના હોવાના કારણે આવા ધારાસભ્યો કે સંસદ સભ્યોને સરકારના કાર્યક્રમોમાં એનું નામ પણ લખવામાં આવતું નથી, એને જાણ પણ કરવામાં આવતી નથી અને જો ભૂલેચૂકે કયાંય નામ લખાઈ ગયું હોય તો સાહેબ એ ધારાસભ્ય કે સંસદ સભ્યને અપમાનિત જેવી દશામાં મૂકવામાં આવે છે. નથી તો એને કાંઈ બોલવા દેવામાં આવતા કે નથી એનું કોઈ મહત્ત્વ રાખવામાં આવતું. સાહેબ, મારી સ્પષ્ટ માગણી છે કે, લોકશાહીમાં પ્રજાના ચૂંટાયેલા ધારાસભ્યો કે સંસદ સભ્યોને સત્તાધારી પક્ષના હોય કે, વિપક્ષના હોય બધા સમાન છે અને સરકારે આવા ધારાસભ્યો કે સંસદ સભ્યોને સરકારી તંત્ર દ્વારા આયોજીત કોઈ પણ કાર્યક્રમોમાં સાહેબ એને આમંત્રણ આપવા માટે એનું પત્રિકામાં નામ રાખવા માટે, એનું કાર્યક્રમમાં એનું માન-સન્માન જળવાય, એને બોલવાની તક મળે એટલા માટે ચોક્કસ નિયમો, ચોક્કસ ધારાધોરણો ઘડવા જોઈએ. અત્યારે આ સરકારના તંત્રમાં આ બાબતની સદંતર ઉપેક્ષા થાય છે એટલા માટે સાહેબ મારી વિનંતી છે કે, સરકાર આ બાબતે પૂરતું લક્ષ્ય આપે.

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ(સાવલી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો મુદ્દો મૅડિકલ કૉલેજોના તબીબી શિક્ષકોને લાભ આપવામાં તંત્રની નિષ્ફળતા અંગેનો છે. માનનીય અધ્યક્ષશ્રી, આજે મૅડિકલ કૉલેજોની અંદર વર્ગ-૧, વર્ગ-૨ની જગ્યાઓ મોટા પ્રમાણમાં ખાલી છે અને ખાલી રહેવાનું માત્ર કારણ એટલું જ છે કે, જે પ્રોફેસરો, ટયૂટરો હોય, આસિસ્ટંટ પ્રોફેસરો હોય એ લોકો P.H.C., C.H.C.માં જ્યારે નોકરી કરવા માટે જાય છે ત્યારે એમને પ્રમોશનોનો લાભ મળે છે અને ઉત્તરોત્તર એમને પ્રમોશનો મળતા રહે એટલે એમને જે પગારધોરણની જેનો લાભ મળવો જોઈએ એ ખરેખર એમને લાભો મળે છે. ખરેખર મૅડિકલ કૉલેજોની અંદર જે જગ્યાઓ ખાલી રહેવાનું મૂળ કારણ એક જ છે કે, ટયૂટર તરીકે,કે પ્રોફેસર તરીકે કે આસીસ્ટન પ્રોફેસર તરીકે દાખલ થાય ત્યારથી ૮૦૦૦થી ૧૩૫૦૦ સુધીનો જે પગાર સ્કેલ છે એ પગાર સ્કેલમાં જ એને નોકરી કરવી પડતી હોય છે. જયારે પી.એચ.સી., સી.એચ.સી. સામુહિક આરોગ્ય કેન્દ્રમાં જે નોકરી કરવા જાય છે એમને ૮૦૦૦ થી માંડીને ૨૦૫૦૦ સુધીનો એમનો પગાર સ્કેલ એને એનો લાભ મળતો જ રહે છે અને એટલા માટે ખરેખર મેડીકલ કોલેજોની અંદર જગ્યા ખાલી રહેવાનું મુળ કારણ છે એ આ છે તો મેડીકલ કોલેજોની અંદર જે લોકો પ્રોફેસર છે એ લોકોને યુ.જી.સી. કમિશન જેને કહીએ, ટીકુ કમિશન જેને કહીએ એનો લાભ મળવો જોઈએ. આ લાભ આપવામાં આવશે તો જ વર્ગ-૧ અને વર્ગ-૨ ની જગ્યા ભરાવાની બાકી ભરાવાની નથી અને સરકારે આ બાબતમાં ગંભીરતા રાખવી જોઈએ કારણકે આપણે જાણીએ છીએ કે કેટલાક પી.એચ.સી., સી.એચ.સી.માં આજે પણ ઉંડાણના વિસ્તારમાં, ગામડાંઓની અંદર ડોકટરો નથી મળતા એનું મુળ કારણ આ જ છે. જો ખરખેર વિદ્યાર્થીઓને મેડીકલનું શિક્ષણ આપવું હશે તો આમાં સરકારે વિચારવું પડશે.

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો જે મદ્દો છે એમાં રાજયમાં બક્ષીપંચ, અનુસૂચિત જાતિ અને આદિજાતિ  આ ત્રણેની વસ્તી ગણીએ તો સાડાપાંચ કરોડમાંથી લગભગ ચાર કરોડની વસ્તી થાય. આ સમાજના બાળકોને શિક્ષણ મળે, એને મફત રહેવા જમવાની સગવડ મળે એ માટે છાત્રાલયો ચાલે છે. આ છાત્રાલયોમાં અંદાજે પાંચ હજાર જેટલા કર્મચારીઓ કામ કરે છે. આ સમાજના વાલીઓ પોતાના બાળકોને આ કર્મચારીઓના ભરોસે મુકીને જાય છે છાત્રાલયમાં. આ કર્મચારીઓ ચોવીસ કલાક ફરજ બજાવે છે અને એમને વેતન કેટલું આપવામાં આવે છે તો ગૃહપતિને મહિને ૨૬૦૦ જેટલી રકમ આપવામાં આવે છે અને રસોઈયાને ૧૩૦૦ જેટલી રકમ આપવામાં આવે અને જે ચોકીદાર આ લોકોનું ધ્યાન રાખે એમને એક હજાર જેટલી રકમ આપવામાં આવે છે. મારે કહેવું છે આ જે વેતન આપવામાં આવે છે એ લઘુત્તમ ધારાના ભંગ સમાન છે અને મારે તો એટલું પણ કહેવું પડે કે આ રાજયમાં જો ખેત મજૂરને લઘુત્તમ વેતન ૧૪૦ થી ૧૪૩ રૂપિયા નકકી કરવામાં આવ્યું છે એનો મતલબ કે એક મજૂર ખેતી કામ કરે તો એને પણ મહિને ચાર હજાર રૂપિયા જેટલી આવક થાય છે એની સરખામણીમાં આ કર્મચારીઓને જે વેતન આપવામાં આવે છે એ ખૂબ જ ઓછું અને અન્યાયકર્તા છે. આપણે વાઈબ્રન્ટ ગુજરાતની વાત કરીએ અને એના માટેના કાર્યક્રમ કરીએ, રણોત્સવ કરીએ, ઉત્સવો કરીએ તો એમાં જે વિદેશથી આપણે મહેમાનો બોલાવીએ છીએ એમને બે હજારથી પચ્ચીસસો રૂપિયાની ડીશ ખવડાવવામાં આવે છે અને એની સામે આ ગરીબ સમાજના જે કર્મચારીઓ છે એમનો મહિનાનો પગાર આટલો થતો હોય ત્યારે આ સરકાર આ કર્મચારીઓને, આ સમાજને ન્યાય આપવામાં નિષ્ફળ ગઈ છે એમ મારું કહેવું છે.

**શ્રી મણીભાઈ દે. પટેલ(કપડવંજ)** : માનનીય અધ્યક્ષશ્રી, મેં ગુજરાતના ૭૫ટકા જેટલા ખેડૂતોની જે ફરિયાદ છે, કાયમી ફરિયાદ છે એની વાત કરી છે. રોઝ અને ભુંડના ત્રાસથી ખેડુતોના ઉભા પાકને જે નુકસાન થાય છે જે પારાવાર મુશ્કેલી છે એની વાત કરવી છે. ખેડૂત સારા બિયારણ વાવે, ખાતર અને પાણી પાછળ પુષ્કળ પૈસાનો ખર્ચ કરે, વાવણી કરે અને સવારમાં ખેતરે જોવા જાય તો ભુંડ બધું સાફ કરી નાખે. આખી રાત ચોકી કરીને જે પાક ઉગાડે એ ઉગાડી અને બે પાંદડે પાક થાય અને રોઝ ખેતરમાં ફરી વળે અને આ પાકને નુકસાન કરે. આવી ફરિયાદ સમગ્ર ગુજરાતના ખેડૂતોની છે પરંતુ વન વિભાગ દ્વારા જે થોડી મામુલી સહાય કેટલાક ખેડૂતોને આપવામાં આવે છે કાંટાળી તારની વાડ માટે એ બિલકુલ એક ટકા અડધા કરતા પણ પુરતી નથી અને આજ સુધી આ ખેડુતોની ફરિયાદ ઓછી થઈ નથી અને સરકારે આ બાબતમાં ગંભીરતાપૂર્વક વિચાર્યું પણ નથી. કામ પણ કર્યું નથી. સરપંચો દ્વારા જે રોઝનો ત્રાસ ઘટાડવા માટેની વાત કરી છે એમાં બિલકુલ સફળતા મળી નથી એટલે મારી સરકારશ્રીને ખાસ વિનંતી છે કે આ રોઝ અને ભુંડનો ત્રાસ તમે અટકાવશો તો ગુજરાતમાં ખેડૂતોની ખૂબ મોટી સેવા કરી ગણાશે અને એના પરિણામે ગુજરાતના ખેડૂતોનો તમને આશીર્વાદ પણ મળશે. જયારે જયારે આપણે ગામડાંમાં જઈએ છીએ ત્યારે ખેડૂતોની પહેલી જ વાત એ હોય છે કે સાહેબ તમે બીજું કામ ઓછું કરશો તો ચાલશે પણ આ રોઝ અને ભુંડના ત્રાસથી અમને બચાવો. તો આ બાબતમાં સરકારશ્રીને હું ગંભીરતાપૂર્વક એના માટેના કોઈ ઉપાય કરવાની વાત આજે આ સરકારને કરું છું. એ ધ્યાન રાખીને વન મંત્રીશ્રી અને કૃષિ મંત્રીશ્રી જે યોજના બનાવવી હોય એ યોજના બનાવીને ખેડૂતોને આ પારાવાર મુશ્કેલીમાંથી બચાવે.

**શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો મુદ્દો એ છે કે વન વિભાગ દ્વારા આદિવાસી વિસ્તારોમાં સુવિધા/વિકાસ અંગેની દરખાસ્તોને મંજૂરી ન મળવાના કારણે પ્રજાને થતી હેરાનગતિ નિવારવા બાબતે. આપની પાસે હું કહું છું કે આદિવાસી સમાજનો આદિવાસી વિસ્તારોમાં જે કઈ વિકાસ થયેલ છે તે ૪૦ વર્ષ પહેલાનો વિકાસ થયો છે, પણ છેલ્લાં ૧૮ વર્ષમાં આદિવાસી વિસ્તારોનો વિકાસ થયેલ નથી. વિકાસ ન થવાના કારણે આદિવાસી વિસ્તારની અંદર આદિવાસીઓનો વિકાસ થાય એ માટે વન અધિકારી હેઠળ ૧૩ પ્રકારની માળખાકીય સુવિધા માટે એક હેક્ટરની જમીન આપવા માટે એ વિસ્તારના એ જિલ્લાના ડી.એફ.ઓ.ને સત્તા આપેલ છે, પણ એ ડી.એફ.ઓ. પોતાની સત્તાનો દુરુપયોગ કરે છે અને આ કાયદાનું પાલન ન કરવાના લીધે એમનું વલણ સારું ન હોવાના કારણે એક-એક હેક્ટર જમીન આપતા નથી હોતા અને જેના લીધે આ વિસ્તારોમાં વિકાસ થતો નથી. વન સંરક્ષક ધારા હેઠળ જંગલમાં જતા રસ્તા, કેનાલો, વીજળી અને શિક્ષણ સંકુલ, ઉદ્યોગો માટે કોઈપણ પ્રકારની દરખાસ્તોના નિકાલ માટે પણ આ સરકાર દ્વારા, અધિકારી દ્વારા રસ દાખવવામાં આવતો નથી. અધિકારીઓની નિષ્ફળતાના લીધે ઘણો લાંબો સમય લાગ્યો છે, જેથી યોજનામાં ફાળવેલ બજેટનું કદ ગમે એટલું મોટું હોય બજેટનો અમલ કરતા કરતા એ બજેટ ૩ ગણું થઈ જાય છે. છેવટે અધિકારીઓની નિષ્કાળજીના લીધે એ યોજના પડતી મુકવી પડતી હોય છે અને એના લીધે આદિવાસી વિસ્તારોમાં કર્મચારીઓ/અધિકારીઓના લીધે સરદાર આવાસના મકાન હોય, ઈન્દિરા આવાસના મકાનો હોય એ પોતાની મનસ્વી રીતભાતના લીધે આદિવાસી આ સરદાર આવાસ કે ઈન્દિરા આવાસના મકાનો બનાવી શકતા નથી.

**શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર(મહુધા)** : માનનીય અધ્યક્ષશ્રી, અખંડ ભારતનો યુગો યુગોથી ચાલતો આવતો વિષય કહો તો વિષય અને ભારતની સંસ્કૃતિનો ભાગ કહો તો ભાગ. સંગીત વિશારદની પદવી, પી.ટી.સી. પ્રમાણપત્ર સમકક્ષ ગણવામાં આવે છે. સંગીત શિક્ષકની ભરતી માટે સંગીત વિશારદની પદવીની જરૂરી હોય છે. આ માટે પદવી મેળવવા માટે વિદ્યાર્થીએ ૭ વર્ષની તાલીમ લેવી પડે છે. પ્રાથમિક શાળામાં સંગીત શિક્ષકની નોકરી મળતી નથી. સાથે કઠિન તાલીમ લે છે, પરંતુ ૫ વર્ષમાં રાજય સરકારે વિદ્યા સહાયકોની ભરતી કરી છે. તેમાં કયારેય આવા સંગીત વિશારદની પદવી ધરાવતા ઉમેદવારોની ભરતી કરી શકતા નથી. જેથી આ પદવી ધરાવતા રાજ્યના હજારોની સંખ્યામાં ઉમેદવારો આ પ્રાથમિક શિક્ષણથી વંચિત રહી જતો હોય છે. તેમનામાં હતાશાની લાગણી પેદા થઈ છે, તેથી માનનીય અધ્યક્ષશ્રી મારફત માનનીય શિક્ષણ મંત્રીશ્રીને આ બાબતે ધ્યાન દોરવા માગું છું કે આ સંગીત વિશારદની પદવી ધરાવતા ઉમેદવારોને શિક્ષક તરીકે જરૂર લેવા વિનંતી છે. ભૂતકાળમાં પ્રવાહ વિજ્ઞાનના વિદ્યાર્થીઓને માર્ક્સના ધારા ધોરણ પ્રમાણે મેરિટમાં આવી શકતા ન હતા, તેથી સરકારે વિજ્ઞાન પ્રવાહ સાથે ધોરણ ૧૨માની પરીક્ષા પાસ કરી હોય એમને પી.ટી.સી. પ્રમાણપત્ર ધરાવતા હોય તેવા ઉમેદવારોને ખાસ ટકા ઠરાવીને ભરતી કરી હતી. તે જ સંગીત વિશારદની પદવી ધરાવતા લોકોને વિદ્યા સહાયક તરીકે નીમવા ખાસ મારી અંગત ભલામણ છે.

**ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી વિસ્તારના જે તળાવો છે. મોકરોડા-ખાપરેટા-વાંસળી જુમસર-ચોરીમાલા-વેજપુર વગેરે તળાવોમાં હાથમતી જળાશયમાંથી લિફ્ટ કરીને પાણી ભરવામાં આવતું નથી. જેથી આ વિસ્તારના આદિવાસી લોકોને સિંચાઈનો લાભ મળી શકતો નથી. સરકાર બજેટમાં જરૂર જોગવાઈ કરે છે, છેલ્લાં ૪ વર્ષમાં ૨૩૬૯ કરોડ સિંચાઈ માટે વપરાઈ ગયા, પણ આદિવાસી વિસ્તારના લોકોને આનો કોઈ લાભ મળી શકતો નથી. આ વર્ષે ૬૦૦ કરોડ રૂપિયા જેટલી જોગવાઈ કરી છે. એનો લાભ આદિવાસી વિસ્તારને ન મળવાના કારણો જોઈએ તો આ બજેટ આદિવાસી વિભાગ હસ્તક નથી. જેના લીધે કોઈ આદિવાસી વિભાગ એનું પાલન કરી શકતું નથી. એ પ્લાનિંગ ન કરે એટલે સિંચાઈ વિભાગ પોતાની રીતે પ્લાનિંગ કરે છે,

એટલે આદિવાસી વિસ્તાર પોતાના બજેટમાં તે પ્રમાણે પ્લાનિંગ પ્રમાણે પૈસા મળવા જોઈએ તે મળી શકતા નથી. એમને યોજનાઓ જે જરૂરિયાતની યોજનાઓ છે, તેનો લાભ મળી શકતો નથી. છેલ્લાં ૪ વર્ષની ગણતરી કરીએ તો એકએક તાલુકામાં ૩૩ તાલુકા ઘનિષ્ઠ વસ્તી આદિવાસી ધરાવતા તાલુકા છે.તે સિવાયના થોડી ઓછી વસ્તીવાળા લગભગ ૧૦ તાલુકા છે. આ તાલુકાઓમાં ગણતરી કરીએ તો છેલ્લા ચાર વર્ષમાં ૮૦ થી ૯૦ કરોડ રૂપિયા ભાગે આવે. પરંતુ આ પૈસા વપરાયા હોત તો આ વિસ્તારના લોકોને આનું પાણી મળી શકયું હોત. પરિસ્થિતિ એ છે કે ત્યાં જે તળાવો છે તે પથરાળ વિસ્તારના લીધે એન્જિનિયરો તે તળાવો ખોદવા માટે સહમતિ આપતા નથી. ચેકડેમો બનાવવા માટે નદીના કિનારા છે તેમાં એક કિનારો મળે તો બીજો કિનારો મળતો નથી. એટલે મારી તો વિનંતી છે કે આવા પથરાળ વિસ્તાર ભલે હોય પણ સરકાર નક્કી કરે કે આવા વિસ્તારોને પાણી આપવું છે તેનો જે કંઈ ખર્ચ થાય, જે કઈ બજૅટ થાય તે વાપરીને આ વિસ્તારના તળાવો ઉંડા કરવા જોઈએ. આ વિસ્તારના જે ચેકડેમો છે તેમાં ઉપરનો ચેકડેમ નહીં થઈ શકતો હોય તો અન્ડરગ્રાઉન્ડ ચેકડેમ બનાવે પણ ગમે તેમ કરીને આ વિસ્તારનું પાણી રોકવા માટે પ્રયત્ન કરવો જોઈએ. જેથી આદિવાસીઓને લાભ મળી શકે. બાકી બજૅટમાં ગમે તેટલી જોગવાઈ હોય છતાં તેનો લાભ કોઈપણ રીતે આ આદિવાસીઓને મળી શકે તેમ નથી.

**શ્રી ધીરસિંહ ક. બારડ(કોડીનાર)** : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોના ઘઉંના ટેકાના ભાવ નથી મળતા તે સંબંધમાં મારો સવાલ છે. રાત દિવસ જોયા સિવાય ખેડૂતોએ જયારે ઘઉંનો પાક તૈયાર કર્યો છે ત્યારે આજે અમારા જ વિસ્તારની વાત કરું તો માર્કેટીંગ યાર્ડમાં ૧૭૦ થી ૧૯૦ રૂપિયા સુધીમાં આ ઘઉંની ખરીદી થઈ રહી છે. કેન્દ્ર સરકાર, રાજય સરકાર દરખાસ્ત કરે અને ટેકાના ભાવ નક્કી કરવાની વાત આવે. અત્યારે ટેકાના ભાવ ૨૨૦ થી ૨૩૦ રૂપિયા નક્કી જ છે. તેમ છતાં પણ આજ દિવસ સુધી આ ટેકાના ભાવે કોડિનાર માર્કેટીંગ યાર્ડમાં ખરીદી થઈ નથી. આગલા વર્ષોમાં ગુજકોમાસોલ દ્વારા પણ કોડીનારની સહકારી સંસ્થા દેવડી વિવિધ સહકારી સેવા સંસ્થા મારફતે દરવર્ષે થતી હતી. તેમાં ખાલી રાજકારણ લઈ આવીને ખરીદ વેચાણ સંઘ ઉભું કરીને ખરીદી કરે તેના સામે પણ વાંધો નથી. પણ આજ દિવસ સુધી આ ટેકાના ભાવ ખેડૂતોને મળતા નથી. તેના કારણે તેની આવક છે તેમાં મોટો ઘટાડો થઈ રહ્યો છે તો આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે આ ટેકાના ભાવે રાજય સરકારશ્રી આમાં ખરીદી કરવા માગે છે કે કેમ?

**શ્રી બચુભાઈ ના. કિશોરી(લીમડી)** : માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ સભાઓમાં જે પ્રશ્નોની ચર્ચાઓ થાય છે તે પ્રશ્નોનું નિરાકરણ કરવામાં તંત્રની નિષ્ફળતા તે મારો મદ્દો છે. રાજયમાં ગ્રામસભાઓ નિયમિત ત્રણ મહિનામાં કરવામાં આવે છે. આ ગ્રામસભાઓમાં પીવાનું પાણી, સિંચાઈનું પાણી, વીજળી, રસ્તા, ખેતીવાડી જેવા અનેક પ્રશ્નોની રજૂઆતો આમાં થાય છે. આ ચર્ચા થયા પછી તેમાં ઠરાવો થાય છે. આ જે ઠરાવો થાય છે તે ઉપરથી જે તે અધિકારી આવે છે તેના મારફત તાલુકામાં, જિલ્લામાં મોકલવામાં આવે છે અને જિલ્લા મારફત સરકાર સુધી મોકલવામાં આવે છે. પણ આમાંથી મોટા ભાગના પ્રશ્નોનો કોઈ નિકાલ આવતો નથી. ગ્રામસભામાં કોઈ એવું તંત્ર નથી, નાણાંકીય જોગવાઈ નથી કે તેના લીધે આવા પ્રશ્નોનો નિકાલ કરી શકે. ત્યારે સરકારશ્રીએ માત્ર ગ્રામસભાઓ કરવાને બદલે જે તે ગ્રામસભા અથવા ગ્રામ પંચાયતોને નાણાંકીય જોગવાઈ કરવી જોઈએ અને તેના માટે જરૂરી તંત્ર આપવું જોઈએ આ મારો મદ્દો છે.

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા(ઉમરેઠ)** : માનનીય અધ્યક્ષશ્રી, ગ્રાસભાનું આયોજન કરવામાં આવે છે. તેનો આશય સારો છે. પરંતુ ગ્રામસભાની અંદર જે અધિકારીઓને હાજર રહેવાનું જણાવવામાં આવે છે તે અધિકારીઓ હાજર રહેતા નથી અને ઘણી જગ્યાએ એવું બને છે કે ગ્રામજનો દ્વારા તે ગ્રામસભાનો બહિષ્કાર કરવામાં આવે છે. તેની સામે પગલાં ભરવાં જોઈએ. એક દિવસે ચાર થી છ ગામની અંદર ગ્રામસભાનું આયોજન કરવામાં આવે છે અને તે એક જ સમયે કરવામાં આવે છે. મારા તાલુકાની અંદર ચાર વાગે સભા રાખે અને છ જગ્યાએ સભા હોય તો ધારાસભ્ય કે કોઈ આગેવાન જે તે ગામની અંદર હાજર રહેવા માગતો હોય છતાં હાજર રહી શકતો નથી અને તે ગામના પ્રશ્નોથી અવગત થવું જોઈએ તે થવાતું નથી. ગઈ વખતે આ અંગે વિધાનસભામાં રજૂઆત કરી હતી કે જુદા જુદા સમયે ગ્રામસભા રાખવી જોઈએ કે જેથી દરેક જગ્યાએ ધારાસભ્ય કે આગેવાન હાજર રહી શકે. પણ તેનો અમલ થયેલ નથી. જે પ્રશ્નોના નિકાલની વાત થાય છે એમાં જે ખાતાનો પ્રશ્ન હોય છે એ ખાતાનો અધિકારી ત્યાં હાજર હોતો નથી એટલે એ ખાતાના પ્રશ્નો છે એ ઘણી વખત ચોથી ગ્રામસભામાં પૂછવામાં આવે છે છતાં પણ એ જે તે જગ્યાએ પડી રહેલો પ્રશ્ન જ રહે છે એનો ઉકેલ આવતો નથી અને ઘણી વખત એવું બને છે કે ગ્રામસભાની અંદર હાજર રહેલા કર્મચારીઓની સંખ્યા ગ્રામજનો કરતા વધારે હોય છે ત્યારે એ પ્રકારે પ્રચાર કરી અને ગ્રામજનોને આ ગ્રામસભા માટે ઉત્સાહિત કરી અને વધારે ગ્રામજનો ગ્રામસભામાં હાજર રહે એ માટે જે પ્રયત્નો કરવા જોઈએ એ પણ કરવામાં આવતા નથી કારણ કે, આ કર્મચારીઓ સામે એની ફરિયાદો હોય છે. એટલે આ જે આશય છે એ ખરેખર સરકારનો સારો છે પરંતુ એનું વ્યવસ્થિત અમલીકરણ થતું નથી તો એ અમલીકરણ બરાબર થાય એ માટે યોગ્ય પગલાં ભરવા જોઈએ.

**શ્રી ઈકબાલ પટેલ(વાગરા)** : માનનીય અધ્યક્ષશ્રી, GSPC દ્વારા CNG ગેસની કિંમતમાં વારંવાર થતો વધારો અને એના કારણે જે પરિસ્થિતિનું નિર્માણ થવા પામેલું છે એના ઉપર હું વાત કરવા માગુ છું. GSPC ગેસ

કંપની ગુજરાત રાજયમાં શહેરી ગેસ વિતરણ વ્યવસ્થાના માળખાકીય વિકાસ માટે અને ગેસ વિતરણ વ્યવસ્થા માટે જવાબદારી વહન કરી રહેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયમાં શહેરોમાં જે પ્રદૂષણ છે અને એ પ્રદૂષણના કારણે અને સામાન્ય લોકોને રાહત આપવા માટે CNGનો ગેસ વાજબી ભાવથી આપવો જોઈએ એવું ભુરેલાલ કમિટીની મુલાકાત દરમ્યાન પણ વાત થયેલી અનેક મંડળોએ રજૂઆત પણ કરેલી અને જયારે ગેસનું વિતરણ પહેલીવાર શરૂ કરવામાં આવ્યું ત્યારથી અત્યાર સુધીમાં ૨૨ વાર એના ભાવમાં વધારો કરવામાં આવેલો છે. ૧૮ રૂપિયાથી ભાવ પ્રતિ કિલોથી શરૂ થયો અને ૩૫.૨૦ રૂપિયા સુધી આ ભાવ વધારો કરવામાં આવેલ છે અત્યારે સ્થિતિ એવી છે કે સામાન્ય માણસને મોંઘું મળે છે. ૧ લાખ રીક્ષા ચાલકો અમદાવાદમાં છે અને સુરતમાં ૫૫ હજાર રીક્ષા ચાલકો છે પણ તેમને CNG ગેસ મોંઘો મળે છે અને બીજી બાજુ ઉદ્યોગોને માત્ર ૧૬ રૂપિયે પ્રતિ કિલોથી એ ગેસ આપવામાં આવે છે. માત્ર એને પ્રેસર કમ્પ્રેસર પ્રેકિટસના કારણે સસ્તો ગેસ આપી દેવામાં આવે છે આમ આદમીને રાહત આપવામાં આવતી નથી અને એના ઉપર સૌથી વધારે વેટ લેવામાં આવે છે અને અદાણી જેવી કંપનીને એના ઉપર ગમે તેટલો નફો લઈ ગમે તેટલો ભાવ વધારો કરવા દેવાની છૂટ આપવામાં આવે છે. ગેસ કંપનીઓ જે રીતે રોજ-બરોજના ભાવો વધારે છે, ડિઝલ અને પેટ્રોલના ભાવો આટલા બધા આંતરરાષ્ટ્રીય સ્તરે વધેલા હોવા છતાં પણ કેન્દ્ર સરકાર સબસીડી ભોગવી અને લોકોને અત્યારે રાહત આપે છે તે મુજબ ગુજરાત સરકારે GSPCના CNG ગેસમાં રાહત આપવી જોઈએ એવી મારી માગણી છે.

**શ્રી દેવજીભાઈ ગો. ફતેપરા(હળવદ)** : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોના વીજળી કનેકશનની પડતર અરજીઓ અંગેનો મારો મુદ્દો છે.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે કોંગ્રેસની સરકાર હતી ત્યારે વરસ બે વરસનો ફેર રહેતો હતો. ૧૯૯૪ થી તત્કાલના પૈસા ઉઘરાવતા આવે છે. ૨૦૦૨માં ઉઘરાવ્યા, ૨૦૧૦માં ઉઘરાવ્યા અરે, પણ આ ખેડૂતના વીજળી કનેકશનના તત્કાલમાં તમે પૈસા તો ઉઘરાવો છો પણ આ કનેકશન તમે આપવાના છો ક્યારે? તત્કાલમાં પણ જો કનેકશન આપે તો કેવી રીતે આપે છે? એ TCના પૈસા ૫૮ હજાર રૂપિયા અને એમાંય બે કિલોમિટર વધારે હોય તો બીજા ૨.૫૦ લાખ રૂપિયા. ૪ લાખ રૂપિયા હોય તો જ તત્કાલમાં કનેકશન મળે આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં. હવે જો ૪ લાખ રૂપિયા ખેડૂત પાસે હોય તો એ સોલાર ન ફી કરી લે? માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે ત્રણ દિવસ પહેલા મારી હળવદ નગરપાલિકાનું કનેકશન કાપી નાંખ્યું હતું પણ માનનીય અધ્યક્ષશ્રી ૧ કરોડ રૂપિયાનું બિલ હતું એ ૧૦ વર્ષ ભારતીય જનતા પાર્ટીનું શાસન હતું ત્યારનું હતું ત્યારે તમે કનેકશન ન કાપ્યું અને આજે તમે કનેકશન કાપી નાંખ્યું? હવે આજે તમે કનેકશન ફરી ચાલુ કર્યું એ બદલ તમારો આભાર. પણ મહેરબાની કરીને વિનંતી કરું છું કે, પાછી વિધાનસભા કાલે પૂરી થઈ જાય ત્યાર પછી પાછું આ નગપાલિકાનું કનેકશન કાપતા નહીં. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીનો આભાર માનુ છું અને સાથે સાથે વિનંતી પણ કરું છું.

**શ્રી ચંદુભાઈ ડાભી(કરજણ)** : માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જાતિની સરકારી છાત્રાલયો અને આદર્શ નિવાસી શાળાઓમાં મોટાભાગની સુવિધાઓનો અભાવ હોય છે અને આ તંત્ર તે સુવિધા આપવામાં નિષ્ફળ ગયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, પીવાના પાણીનો જે બોર છે તે બોરમાં પાણી હોતુ નથી. હેન્ડ પંપ હોય તો એ તૂટી ગયેલા હોય છે અને તેનું કોઈ પણ મેઈન્ટેનન્સ કરવામાં આવેલું હોતું નથી. વિદ્યાર્થીઓને નહાવા ધોવા માટે બહાર જવું પડે છે. એટલું જ નહીં પણ જે શૌચાલયો છે તે ઘણાં લાંબા સમયથી, ઘણાં વર્ષોથી બનેલાં હોય જ્યારે વિદ્યાર્થીઓની સંખ્યા વધે તો આ સામે શૌચાલયોની સંખ્યા પણ ઓછી છે. તેના બારણાં પણ તૂટી ગયેલાં હોય છે. બીજું વિદ્યાર્થીઓને જે ખોરાક આપવામાં આવે છે તે ફુડ બિલ એટલુ બધું ઓછું હોય છે કે જેને કારણે હલકા પ્રકારનો ખોરાક આપવામાં આવે છે જેના કારણે કેટલીક વખત ગંભીર બનાવો પણ બનતા હોય છે. વિદ્યાર્થીઓને અભ્યાસ માટે પૂરતાં પ્રકાશની પણ વ્યવસ્થા હોતી નથી. તેને તૂટેલું ફૂટેલું ફર્નિચર હોય છે તેના કારણે તેને અભ્યાસમાં અનુકૂળતા રહેતી નથી. મારું તો માનનીય મંત્રીશ્રીને નિવેદન છે કે આવા જે બધા છાત્રાલયો છે તેનું સર્વે કરવામાં આવે અને ફુડ બિલમાં વધારો કરવામાં આવે અને જે મેઈન્ટેનન્સ છે તેના માટેની ગ્રાન્ટ વધારે ફાળવવામાં આવે.

**શ્રી ભગવાનભાઈ ધા. બારડ(તાલાળા)** : માનનીય અધ્યક્ષશ્રી, જંગલ વિસ્તારમાં વીજળીનો પ્રવાહ દિવસની પાળીની અંદર આપવા માટેનો મેં ઘણી વખત આ હાઉસની અંદર પણ રજૂઆત કરી છે કે અમારા ગીર ફૉરેસ્ટ વિસ્તારની હાલની પરિસ્થિતિ દીપડાઓ અને સિંહોના ત્રાસને કારણે ખેડૂતો ખેતરની અંદર કામ કરવા પણ નથી જઈ શકતાં ત્યારે મેં માનનીય મંત્રીશ્રીને કાગળ ઉપર પણ લેખિતની અંદર ફીડરોની યાદી આપી છે કે આ ફીડરોની અંદર તમે દિવસની પાળીની અંદર થ્રી ફેઈઝ પાવર આપો. પણ આજની તારીખ સુધી તેની અમલવારી થઈ નથી એટલે મારે તો ખાલી વિનંતી જ કરવાની છે કે એક માનવતાના ધોરણે પણ આમાં કંઈ બહુ મોટી વાત નથી. તો વિભાગ દ્વારા પણ તે ફીડરોમાં જાણ કરીને દિવસના વીજળી પુરવઠો ખેડૂતોને મળે તે માટે આપ અહીંયાથી સરકાર મારફત પણ, આપણાં વિભાગ મારફત પણ ત્યાંના ફીડરોને જાણ કરીને દિવસનો વીજળી

પુરવઠો મળે તે કરવા માટે મારી વિનંતી કરું છું. અને સિંહો અને દીપડાના ત્રાસમાંથી ખેડૂતો મુકત થાય અને પોતાના ખેતરની અંદર કામ કરી શકે તેના માટે દિવસની પાળીનો મારા વિસ્તારમાં થ્રી ફેઈઝ ખેતીવાડી પુરવઠો આપવામાં એવી ફરી વખત માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું.

**શ્રી પુનાભાઈ ઢે. ગામીત(વ્યારા)** : માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગર ખાતે બનાવેલ મહાત્મા મંદિરના બાંધકામ અંગે પર્યાવરણ વિભાગની મંજૂરીઓ લેવામાં આવી છે કે કેમ તેની સ્પષ્ટતા કરવામાં તંત્ર નિષ્ફળ ગયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગર ખાતે બનાવવામાં આવેલ મહાત્મા મંદિરના કારણે ગાંધીનગરમાં નડતર રૂપ હજારો વૃક્ષો કાપી નાખવામાં આવ્યા છે. આ અંગે વન અને પર્યાવરણ વિભાગની મંજૂરી લેવાયેલી છે કે કેમ ? આ બાંધકામ અન્વયે કેન્દ્રના વન પર્યાવરણની મંજૂરી ક્યારે લેવામાં આવી ? આ જ્યારે બાંધકામ કરવાનું હોય ત્યારે વીસ હજાર જેટલાં ચોરસ મીટરનું બાંધકામ કરવાનું હોય ત્યારે એન્વાર્યમેન્ટ ઈ.આઈ. નોટિફિકેશન મુજબ પર્યાવરણ વિભાગની સંમતિ લેવાની હોય છે. અને આનુ બાંધકામ આપણે કેટલું કરી રહ્યાં છીએ આપણે ૬૦ હજાર ચોરસ મીટરનું બાંધકામ કરીએ છીએ. ત્યારે રાજય સરકાર એક તરફ વૃક્ષોના ઉછેરની પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરે છે અને પ્રદૂષણને અટકાવવા વૃક્ષોનું મહત્ત્વ સમજાવે છે. અને બીજી બાજુ વૃક્ષો કાપી આમ જનતા પાસેથી બે પૈસા ગ્રીન સેસ પેટે વીજ ગ્રાહકો પાસેથી કર વસૂલે છે. આ બેધારી નીતિ અટકાવવા સરકારે આવા વૃક્ષો કાપવાની મંજૂરીઓ આપવી જોઈએ નહી.

**શ્રી ગ્યાસુદીન હ. શેખ(શાહપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, વિનિયોગ વિધેયક ઉપર હું મારી વાત મૂકું છું. કેરોસીન જે છે એ વિતરકો દ્વારા ઓછું આપવામાં આવે છે. સવારે ૪ વાગે લાઈન લગાવવામાં આવે છે અને મહિનામાં એક જ દિવસ વિતરણ થાય અને સવારે સાડા છ વાગે તો પાછા પાટિયા લગાવવામાં આવે છે. પરિસ્થિતિ એવી છે કે પરપ્રાંતિય લોકોની એક આખી ટોળકી છે કે જે લોકોએ કેરોસીનના કાળાબજાર ઉપર આધિપત્ય સાબિત કરી દીધું છે, કાર્યકર્તાઓને સાચવવાનો આ માર્ગ નથી. કાર્યકર્તાઓને સાચવવા માટે રાજકીય પાર્ટીઓ પોતાની પાર્ટીના કાર્યકર્તાઓને કેરોસીનના લાયસન્સો આપે છે. પરિસ્થિતિ એવી થાય છે કે એમને રાજકીય પીઠબળ મળતું હોય છે. એટલે અધિકારીઓ પણ તેમની સામે પગલાં લઈ શકતા નથી. જેમની સામે ગંભીર આક્ષેપો છે કેરોસીનના કાળાબજારના, એવા લોકોએ ભારતીય જનતા પાર્ટી અમદાવાદ શહેરના જિલ્લા પુરવઠા અધિકારીની જે કમિટી છે, એ કમિટીમાં એવા લોકોને નિમણૂક કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, જો આવા કાળા બજારીયાઓની આવી નિમણૂકો કરવામાં આવશે તો કઈ રીતે ગરીબોને કેરોસીન મળશે? આપણે ગરીબોના નામે રાજનીતિ કરીએ છીએ. મુખ્યમંત્રીના ફોટાઓ અને ભાષણોથી ગરીબોનું ભલું થવાનું નથી. ગરીબ મેળાવડાઓ કરો છો. ગરીબોના નામે રાજનીતિ કરીને ગરીબોનું કેરોસીન છીનવી લેવામાં આવે છે. જે લોકો આપણને સાહેબ કહે છે એ લોકો પોતાની મહેનતની કમાણીમાંથી પીળા કલરના ફૂલના હાર લાવીને પહેરાવે છે, એ ગરીબો વગર અપેક્ષાએ આપણું કામ કરે છે. ચૂંટાયા પછી આપણે ઉદ્યોગ ગૃહો પાસે ગીરવે મૂકાઈએ છીએ અને જેમના નામે ચૂંટાયા, એમનું ફકત ને ફકત શોષણ કરીએ છીએ. હું એટલું જ કહેવા માગું છું કે જો ગરીબોની સાચી હમદર્દી હોય તો અને ગરીબ મેળા કરતા હોઈએ તો એ ગરીબ મેળા બંધ કરી દો અને વહીવટ સુધારો. અધિકારીઓને કહો કે અધિકારીઓ ગરીબ મેળામાં મુખ્યમંત્રીની આગતા સ્વાગતામાંથી બહાર આવે અને લોકોનો સાચો વહીવટ કરે તો લોકોને, ગરીબોને કેરોસીન મળી શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, આ કેરોસીનના કાળાબજારીયાઓની વાત કરું. ફકત શાહપુર વિસ્તારમાં ભૂતિયા કાર્ડનું પાયલોટ પ્રોજેકટ તરીકે તપાસવામાં આવ્યા તો ૪૨૦૦ કાર્ડ ભૂતિયા નીકળ્યા છે, ૪૨૦૦ કાર્ડ. આ રેકર્ડ ઉપર છે. પુરવઠા મંત્રી તપાસ કરી શકે છે. તેનાથી સાબિત થાય છે કે રાજકીય રીતે સક્ષમ પરપ્રાંતિયોએ અમદાવાદ શહેરની ઉપર કેરોસીનના કાળાબજારની ઉપર પોતાનું વર્ચસ્વ પ્રસ્થાપિત કર્યુ છે.

**શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર)** : માનનીય અધ્યક્ષશ્રી, ખેડા જિલ્લામાં સુજલામ્ સુફલામ્ યોજના દ્વારા તળાવો અને ચેકડેમો ભરવામાં તંત્રની નિષ્ફળતા. આ યોજના તળાવો અને ચેકડેમો ભરીને પાણી રીચાર્જ થાય એ માટેની યોજના છે. પરંતુ મારા વિસ્તારમાં વીરપુર, બાલાસિનોર, કપડવંજ, કઠલાલની અંદર વીરપુરમાં એક જ તળાવ ભરાય છે, વરધરાનું તળાવ. બાલાસિનોરમાં જેઠોલીનું કેવડીયા તળાવ. કપડવંજમાં ફકત એક જ તળાવ. અને આવા કોઈ તળાવ ભરાવતા નથી. આ યોજનાનો આશય ઘણો સારો છે, પણ આ યોજનાને બાર બાર વર્ષ થઈ ગયા, ત્યાં સુધી અત્યાર સુધી કોઈ તળાવ કે ચેકડેમ ભરાયા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, અનેક વખત રજૂઆત કરવામાં આવી. જો ગેઈટ મૂકવામાં આવે અને આ યોજના પાછળ ખાલી ૧૫ થી ૨૦ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવે, તો આ યોજનાનો જે આશય છે એ સિદ્ધ થઈ શકે. અહીંયા જે તળાવો છે એ તળાવો ખાલીખમ છે. ચેકડેમો છે એ પણ તૂટી જાય છે. એટલે આ વિસ્તારમાં ચેકડેમો મોટા અને બીજી યોજનાઓ દ્વારા બનાવવામાં આવે. રાજયની અંદર આ ઉનાળો આવે છે તેવા સમયે જો તળાવો અને ચેકડેમો ભરવામાં આવે તો ચોકકસ પશુઓને પણ પીવા માટે પાણીની વ્યવસ્થા થઈ શકે.

માનનીય અધ્યક્ષશ્રી, આ રીતે આ સુજલામ્ સુફલામ્ યોજના છે એ ઘણી સારી છે. પરંતુ એનો હેતુ બર આવતો નથી. કારણ કે આ યોજના તળાવો અને ચેકડેમો ભરવા માટેની છે. પણ ફકત મારા વિસ્તારમાં એક તળાવ બાલાસિનોરમાં વીરપુરમાં અને કપડવંજમાં ફકત એક જ તળાવ ભરવામાં આવ્યું છે.

**શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી)**: માનનીય અધ્યક્ષશ્રી, ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકામાં આવેલ કેમિકલ્સ ફેકટરીઓ દ્વારા ફેલાતા પ્રદુષણથી માનવી અને પશુઓને પહોંચતી હાનિ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા.

માનનીય અધ્યક્ષશ્રી, જંબુસર તાલુકામાંથી પસાર થતી ઈ.સી.પી.એલ. કંપની દ્વારા ગંદા પાણીની કેનાલની અંદર નિયમ અનુસાર એક મોટું તળાવ બનાવવામાં આવેલ છે. મારા જંબુસર તાલુકાના સારોદ ગામની સીમમાં છે. એ તળાવમાં એ પાણી સ્ટોરેજ કરવામાં આવે છે અને જયારે દરિયાની ભરતી આવે ત્યારે એ તળાવનું પાણી ખાલી કરવામાં આવે છે. પરંતુ અહીંયા કંઈક જુદુ છે. મેં વારંવાર ફરિયાદ કરી છે. અગાઉ પણ જયારે ડાયરેકટ પાણી દરિયામાં ખાલી કરવામાં આવે છે, તેના લીધે અસંખ્ય, હજારોની સંખ્યામાં માછલીઓ મરણ પામેલી છે. અને દસથી બાર ભેંસો મૃત્યુ પામી છે. એની સી.ડી. ગાંધીનગર પ્રદુષણ નિયંત્રણ બોર્ડની અંદર પણ મારા દ્વારા આપવામાં આવેલી છે, છતાં પણ આજ દિન સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવેલી નથી. મને એવું લાગે છે કે કોઈ મોટી હોનારતની રાહ જોઈને ઉભા છે કે શું? ખરેખર આની સામે કોઈ કાયદેસરની કાર્યવાહી કરવા માગે છે કે કેમ? ઈ.સી.પી.એલ. સામે કોઈ કાયદેસરની કાર્યવાહી કરી છે? અને જો ન કરી હોય તો કરવા માગે છે કે કેમ? શ્રી કિરણકુમાર મકવાણા (ક્રમશ): માનનીય અધ્યક્ષશ્રી, હાલની તારીખે કેનાલની પરિસ્થિતિ ખૂબ જ જુદી છે. અત્યારે ગંદા પાણીના નિકાલ માટે ભૂગર્ભમાં કેનાલ નાંખવામાં આવી છે, જે કાંઈ ઉપર ચાલે છે એની અંદરથી બહાર જે કાંઈ વેસ્ટેડ પાણી ફેલાય છે એનાથી પાણીમાં જો માનવ પગ પડે તો એના લીધે ખૂબ ભયંકર રોગચાળો ફેલાય છે અને એની સીડી પણ મેં પ્રદૂષણ બોર્ડમાં આપી છે. તો આની સામે કડક પગલાં ભરીને કાયદેસરની કાર્યવાહી કરવા માગે છે કે કેમ?

**શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ જિલ્લાના મુંન્દ્રા દરિયા કિનારે રક્ષિત વનની જમીન ખાનગી ઉદ્યોગોને આપી દેવાતાં કોમ્પેનસેટીવ હેતુ માટે મળેલ જમીન પર વનીકરણ કરવામાં તા જમીનની કિંમતના પ્રકાણમાં કેમ્પા એકાઉન્ટમાં પૂરતી રકમ મેળવામાં તંત્રની નષ્ફળતા અંગેનો મારો મદ્દો છે.

માનનીય અધ્યક્ષશ્રી, મુન્દ્રા દરિયા કિનારામાં રક્ષિત વનની જમીન કોઈક ઉદ્યોગ ગૃહને વપરાશના હેતુ માટે આપી હતી અને જે કોમ્પેનસેટિવ હેતુ માટે જમીન મહસૂલ વિભાગે કચ્છના કોરીક્રીક વિસ્તારમાં માત્ર ૧ રૂપિયો મિટરના ભાવે ૨ હજાર કરોડ મિટર જમીન એ કંપનીને ૨૦૦૭ માં આપી અને ૨૦૧૦ સુધી એનું વનીકરણ કરવાની શરૂઆત થઈ નથી એવો જવાબ વનમંત્રીશ્રીએ અહીં આપેલ છે. કોમ્પો એકાઉન્ટ માટે વધારે પૈસા કેન્દ્ર સરકાર પાસે માગ્યા પરંતુ કેમ્પા એકાઉન્ટમાં જે રકમ જમા થવી જોઈએ એ મુદ્રામાં જમીનના ભાવ જંતરી પ્રમાણે ૧૫૭૫ રૂપિયા એક મિટરે કોર્મશિયલ હેતુ માટે હતા એ હિસાબે લગભગ ૩૧૫૦ કરોડ રૂપિયા જમા કરાવવા જોઈતા હતા એના બદલે માત્ર ૭૦ કરોડ રૂપિયા ગણતરી કરી અને એના ઉપર વનીકરણ માટે થયેલ ખર્ચ અને એની પાછળનાં ઝાડ પાન હતાં એના માત્ર ૫૦ લાખ કરીને બધા મળીને ૮૦ કરોડ રપિયા એ કેમ્પા એકાઉન્ટમાં જમા થયા છે. તો કયાં ૩૧૫૦ કરોડ રૂપિયા અને કયાં આ ૩૧ કરોડ રૂપિયા. આ કિંમત નકકી થતી હતી ત્યારે વન વિભાગના અધિકારીઓએ આની કિંમત આટલી જમા થવી જોઈએ કેમ્પા એકાઉન્ટમાં એવો મદ્દો રજૂ કર્યો છે કે કેમ અને ના કર્યો હોય તો એ રજૂ ના કરનાર અધિકારીઓ સામે પણ પગલાં લેવાં જોઈએ અને આ સમગ્ર બાબત એ હું તો મંત્રીશ્રીને કહું છું કે સેન્ટ્રલ વિજિલન્સ કમિશનને, ક્રાઈમ બ્રાન્ચને અને કાં તો સી.બી.આઈ.ને સોંપીને મુદ્રાના દરિયાકિનારે જે રક્ષિત વનની જમીન આપવામાં આવી છે એના બદલામાં કોમ્પેનસેટિવ માટેની જમીન આપી છે અને એની કિંમત અને એનું વનીકરણ થયું નથી એની તપાસ કરવામાં આવે.

**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ(નસવાડી)** : માનનીય અધ્યક્ષશ્રી, સંખેડામાં લડોદની સુગર ફેકટરીમાં કરોડો રૂપિયાની નીકળતી લેણી રકમ ખેડૂતોને ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા અંગેનો મારો મદ્દો છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વડોદરા જિલ્લામાં સંખેડા તાલુકામાં ૪ તાલુકા વતી લડોદ સુગર ફેકટરી ૧૯૯૪ માં સ્થાપવામાં આવી હતી અને જેમાં ૧૯૯૮-૯૯ સુધી તો આ સુગર ફેકટરીનું કામકાજ ઘણું સારું ચાલતું હતું અને ખેડૂતોને ફાયદાકારક પણ થયું હતું. જયારે સરકારે નિયુકત કર્યા બાદ અને આ બોર્ડના વહીવટદારોને જે નિયુકત કર્યા પછી આ સુગર ફેકટરીને ખોટ કરતાં કરતાં છેલ્લા ચાર વર્ષમાં ૫૩ કરોડ ૭૦ લાખ રૂપિયાની ખોટ કરતું એકમ થયું અને જેને લઈને ખેડૂતોનાં નાણાં જે શેરડી નાંખેલી એના નાણાં છેલ્લા ૪ વર્ષથી ૧૧ કરોડ ૭૨ લાખ રૂપિયા આજે ૪ વર્ષથી આ ખેડૂતોને મળતા નથી. હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે જો ખેડૂતોના હમદર્દ હોય અને ખેડૂતો તરફ નજર નાખતા હોય તો છેલ્લા ૪ વર્ષથી નાણાં ખેડૂતોને મળતાં નથી એના માટે સારી જોગવાઈ કરીને આ ૧૧ કરોડ ૭૩ લાખ રૂપિયા જે નાના ખેડૂતોનો પણ એમાં સમાવેશ થાય છે એમને એ નાણાં મળે અને આ ટ્રાયબલ વિસ્તારની આ સુગર ફેકટરી ચાલુ કરાવવાનું કોઈ આયોજન કરે અને આ ખેડૂતોનાં નાણાં જે નીકળે છે એ પણ છેલ્લા ૪ વર્ષનાં બાકી છે એ ખેડૂતોને વહેલામાં વહેલી તકે મળે એવી મારી વિનંતી છે અને આ સુગર ફેકટરી ચારે ચાર તાલુકા આદિવાસી છે એ સંખેડા, નસવાડી, છોટા ઉદેપુર અને કવાંટ એ ચા તાલુકામાં આ સુગર ફેકટરી કરવા માટે વિનંતી છે.

**શ્રી મોહનસિંહ છો. રાઠવા(જેતપુર-પાવી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો મહત્વનો મદ્દો છે એ સુખી સિંચાઈ યોજના માટે સંપાદન થયેલ ૨૫ ગામોની જમીનો કમાન્ડ એરિયામાં ડુબાણમાં ગયેલ ન હોવાથી એ જમીનો ખેડૂતોને પરત આપવા માટેનો છો. મારે એટલું જ કહેવું છે કે વડોદરા જિલ્લાના જેતપુર પાવી તાલુકામાં ૧૯૭૮-૭૯માં જે ૨૫ ગામોના ખેડૂતોની જમીનો આપણે સંપાદન કરી હતી તે જમીન સંપાદન થઈ તે ૩૭૦૮ હેકટર અને ૮૩ આરે જેટલી જમીન સંપાદન થયેલ હતી. અને એ કમાન્ડ વિસ્તાર બહારની જમીન બિલકૂલ ડુબાણમાં ગયેલ નથી. આજ સુધી ૧૯૭૮ થી આજ સુધી એ જમીન કયારેય ડુબાણમાં ગઈ નથી. એટલા માટે અમે સરકારને એવું કહ્યું કે આ જમીન ઉપર સુખી સિંચાઈ યોજનાના નામની એન્ટ્રી પડી છે ખેડૂતો જ જમીન ખેડે છે, આ જમીનના માલિક પણ ખેડૂતો છે. જમીન ખેડે પણ છે એટલા માટે માનનીય સિંચાઈ મંત્રીશ્રીને અમે વિનંતી કરી કે જેટલા ખેડૂતો લગભગ દસ ગામના ખેડૂતો છોટા ઉદેપુર તાલુકાના ૪ અને જેતપુર પાવી તાલુકાના ૬ ગામોના ખેડૂતો છે જેઓ જમીન ખેડી રહ્યા છે એમને એ જમીન પરત આપવા માટે જે કોઈ શરતો હોય તે શરતો પ્રમાણે આ જમીન તેમને પરત આપવી જોઈએ. તો જ એના ઉપર કોઈ બેંકની લોન કે ક્રોપ લોન લેવી હોય તો તેઓ લોન પણ લઈ શકે. આ ખેડૂતોએ રાષ્ટ્રીય હિત માટે પોતાની કિંમતી જમીન આપી છે, અને નીચેના ખેડૂતોને પિયત કરવા માટે પોતાની જમીન રાષ્ટ્રીય હિત ખાતર આપી હોય અને એ જમીન બિલકૂલ ડુબતી જ ન હોય ૧૯૭૮ થી આજ સુધી ડુબતી નથી તો એ ખેડૂતોને જમીન પરત આપવા માટે મારી માગણી છે. માનનીય સિંચાઈ મંત્રીશ્રીએ પણ આ સૂચના જે તે વિભાગના સેક્રેટરી સાહેબને આપી છે તો આ જમીન આપવા માટે મારી વિનંતી છે.

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીઓએ પોતાના જે મુદ્દાઓ રજૂ કર્યા છે તેમાં સૌ પ્રથમ માનનીય સભ્યશ્રી ચંદ્રિકાબેન બારીયાએ દાહોદ જિલ્લામાં ખેડૂતોના કૂવા માટેની વાત કરી હતી કે એ કૂવા ઉંડા કરવા માટે મદદ મળતી નથી. પણ નાની સિંચાઈ યોજનાના કામો એ જિલ્લા પંચાયતની અંદર સિંચાઈ વિભાગ કરે છે. આપના વિસ્તારમાં દાહોદમાં જે કૂવાઓ ઉંડા કરવા હોય, તળાવો ઉંડા કરવા હોય તો તે સિંચાઈ વિભાગ કરે છ`. સિંચાઈ વિભાગ પાસે પૈસા ન હોય અને તંગીના અભાવે ન થઈ શકતા હોય તો રાજય સરકારને કહે, પણ અમે ઈચ્છીએ છીએ કે દાહોદ જિલ્લામાં કૂવા ઉંડા થાય અને દાહોદ જિલ્લામાંથી એક પણ માણસને બીજી જગ્યાએ મજૂરી કરવા માટે ન જવું પડે તેવી સ્થિતિ અમે નિર્માણ કરવા માગીએ છીએ. બીજું માનનીય સભ્યશ્રી રાઘવજીભાઈએ કાર્યક્રમોમાં ધારાસભ્યો માટેની જે વાત કરી, તો પ્રોટોકોલના નિયમો છે તેમાં ધારાસભ્યનું નામ છપાવું જોઈએ એવું નથી, પણ ધારાસભ્યને જે તે સરકારે કાર્યક્રમનું આમંત્રણ આપવું જોઈએ, અને આમંત્રણ આપ્યા પછી એ વ્યકિતને ડાયસ ઉપર બેસાડવા જોઈએ, પણ તેને બોલવા દેવા કે નામ છપાવું જોઈએ તેવું પ્રોટોકોલમાં નથી. એટલે એમણે જે વાત કરી છે તે એમનું સૂચન હશે તે જુદી વાત છે. એ જ રીતે માનનીય સભ્યશ્રી ખુમાનસિંહભાઈએ તબીબી શિક્ષણ માટેની વાત કરી છે. તો તબીબી શિક્ષણમાં શિક્ષકો કે હોસ્પિટલના કે તમામ સરકારના જે કર્મચારીઓ છે એમને પાંચમું પગારપંચ, છઠ્ઠું પગારપંચ જે નિયત કરેલ છે તે પ્રમાણે મળે છે. પણ જે કોઈ ધોરણો આપવામાં આવે છે તે આખા ગુજરાતમાં એક જ સરખા આપવામાં આવે છે. એમણે પી.યુ.સી. કમિટી અને ટીકુ કમિટીની વાત કરી અને તેનો લાભ કઈ રીતે આપી શકાય તેના માટે જનરલ એડમીનીસ્ટ્રેટીવ ડિપાર્વમેટમાં તેઓ પોતાની વાત રજૂ કરે, અને છતાં કોઈ પણ ડોકટર ભાઈઓ રજુઆત કરવા માગતા હોય તો મને કહેજો, જી.એ.ડી. કે નાણા વિભાગ સાથે બેસાડી અને એમની વાત કરાવી દઈશું, એ જ રીતે માનનીય સભ્યશ્રી અમિતભાઈએ વાત કરી કે આમાં જે માણસો રસોઈયા છે તેમને બહુ ઓછું મળે છે, પણ રસોઈયા માટે ૧૯૮૦માં જે મળતું હતું તે જોઈએ તો ગૃહપતિને ૩૦૦ રૂપિયા જ મળતા હતા. અત્યારે આપણે એને ૨૩૦૦ થી ૨૭૦૦ રૂપિયા આપીએ છીએ. રસોયાને પહેલા ૧૫૦ રૂપિયા આપતા હતા અને બાકીના મદદનીશ રસોયાને ૧૨૦ રૂપિયા આપતા હતા એના બદલે અત્યારે ૧૩૦૦ અને ૧૨૦૦ રૂપિયા આપીએ છીએ. છતાં આ બધી છે એ ટેમ્પરરી પોસ્ટ છે. દરરોજ કલાક બે કલાક આવીને જતા રહેતા હોય છે. એટલે પરમેનેન્ટ પોસ્ટ નથી. કાયમી પોસ્ટ હોય તો એને મિનિમમ વેઈઝ લાગુ પડે. તેમ છતાં એ લોકો વિભાગ પાસે માગણી કરશે તો વિભાગ એની યોગ્ય ચકાસણી કરશે. આજની તારીખે તો અમે એને ૯૦ ટકા ગ્રાન્ટ આપીએ છીએ. આખી સંસ્થા એ લોકોએ ચલાવવાની છે, કોને રસોયા તરીકે રાખવો કોને ગૃહપતિ તરીકે રાખવો એ નિમણૂક જે તે સંસ્થા પોતે કરે છે. એ નિમણૂક સરકાર કરતી નથી. આપણે એને મદદ કરીએ છીએ. એટલે સંપૂર્ણ જવાબદારી આપણી નથી.

માનનીય ધારાસભ્યશ્રી મણીભાઈએ ખેતીમાં રોઝ અને ભૂંડના ત્રાસની વાત કરી. આ પ્રશ્ન સર્વત્ર છે, એના અંગે જંગલ વિભાગ અને કૃષિ વિભાગ પ્રયત્ન કરે જ છે. છતાં જ્યાં જ્યાં ખેતીમાં આ પ્રાણીઓનો ત્રાસ છે ત્યાં ખેતરની ફરતે તારની ફેન્સિંગ કરવા માટે ખેડૂતોને મદદ કરીએ જ છીએ. આ પ્રાણીઓને હિંસાત્મક મનોવૃત્તિથી મારી શકાય નહિ.

માનનીય સભ્યશ્રી અશ્વિનભાઈ કોટવાળે વાત કરી કે એક હેકટર જમીન સીધી વનવાસીભાઈઓને આપવા માટેની વાત છે. એમાં ભારત સરકારનો ૧૮-૫-૨૦૦૯ના હુકમથી બહાર પાડેલ ગાઈડ લાઈન મુજબ એક હેકટર જમીન ચોક્કસ સુવિધા આપવાની સત્તા રાજય સરકારને આપી છે. જ્યારે રાજય સરકારે આ સત્તા છે એ ગ્રામ સમિતિને આપી છે. ગ્રામ સમિતિ પાસેથી તાલુકા સમિતિ પાસે જાય અને તાલુકા સમિતિ પાસેથી

કલેક્ટરશ્રી પાસે જાય અને એ મંજૂર કરે છે. એટલે કલેક્ટરશ્રી કરે એ ફાઇનલ હોય છે. રાજય સરકાર પાસે કાંઈ આવતું નથી. છતાં કોઈ આદિવાસીભાઈને અન્યાય થયો હોય તો ચોક્કસ કલેક્ટર પાસે આવી રજૂઆત કરજો. આ ગ્રામ સમિતિએ આપવાનું નક્કી કર્યુ, તાલુકા સમિતિએ આપવાનું નક્કી કર્યુ છતાં કલેક્ટર કક્ષાએ નક્કી નથી થતું એવી ફરિયાદ હોય તો ચોક્કસ કહેજો. ૧૨ જિલ્લામાંથી ૧૯૪ દરખાસ્તો મંજૂર કરવામાં આવી છે. ખેતી માટે આપવાની વાત જુદી છે એ વિષય પાછો જુદો છે.

માનનીય સભ્યશ્રી નટવરસિંહભાઈએ વાત કરી પ્રાથમિક શાળામાં સંગીતના શિક્ષકની જોગવાઈ કરવી જોઈએ. આજની તારીખે પ્રાથમિક શાળામાં સંગીતના શિક્ષકની જોગવાઈ નથી એટલા માટે આપણે વિદ્યા સહાયક તરીકે એને લેતા નથી. ભવિષ્યમાં જોગવાઈ થશે અને આપનું સૂચન શિક્ષણ મંત્રીશ્રીને કરજો અને એ નક્કી થશે તો એ પ્રમાણે આગળ વધશે.

માનનીય સભ્યશ્રી અનિલભાઈ જોષીયારેએ વાત કરી, એમણે કહ્યું કે હાથમતી જળાશયમાંથી પાણી આપવું જોઈએ. પરંતુ પાણી નેચરલ ગ્રેવિટીથી થતું હોય તો આપીએ છીએ. લિફ્ટ કરીને આપવાની માગણી કરી છે એ સિંચાઇ વિભાગની સાથે બેસીને કરજો. હાથમતી જળાશય છે એની સ્થિતિ પણ સારી નથી. ૩૮ વર્ષમાં ફક્ત છ વખત જ ઓવરફલો થયેલ છે. ૧૫ વર્ષ ૫૦ ટકાથી વધારે ભરાયેલ છે અને બાકીના વર્ષમાં ૫૦ ટકા કરતાં ઓછો ભરાયેલ છે. એટલે દર વરસે ઓવરફલો થાય છે એવું નથી એટલુ બધું પાણી છે એવું નથી. મોકરોડા, ખાપરેટા, વાંસળી, જુમસર, ચોરીમાલા, વેજપુર વગેરે ગામો છે એ હાથમતી જળાશય છે એના લેવલથી ઉચાઈમાં છે અને આ જળાશયનો કેચમેન્ટ વિસ્તાર છે એમાં એ આવતા નથી. પરંતુ આપની માગણી છે, ઊંચો વિસ્તાર હોવા છતાં આને લિફ્ટ ઈરિગેશન કરીને આદિવાસીભાઈઓને આ રીતે આપવા માટે આપ સિંચાઇ વિભાગના સંપર્કમાં રહેજો એની નીતિ હશે અને એકવાર એક જગ્યાએ નીતિ નક્કી કરે એ બીજે પણ લાગુ પડે આ સૈદ્ધાંતિક નિર્ણય છે.

માનનીય ધારાસભ્ય ધીરસિંહભાઈએ ખેડૂતો પાસેથી ટેકાના ભાવે ઘઉં ખરીદવાની વાત કરી. કેન્દ્ર સરકારે મંજૂરી પણ આપી દીધી છે. તારીખ ૧૫-૩-૨૦૧૧થી ટેકાના ભાવે ઘઉં ખરીદવાની શરૂઆત પણ કરી દીધી છે અને કેન્દ્ર સરકારે ઘઉંનો જે ભાવ નક્કી કર્યો છે. એ ૧૧૨૦ રૂપિયા પ્રતિ કિવન્ટલ એટલે એક કિલોના ૧૧ રૂપિયા ૨૦ પૈસા લેખે કેન્દ્ર સરકારે નક્કી કર્યું છે અને ખરીદીમાં આપણે ૪,૩૮૮.૯૦ કિવન્ટલ ઘઉં પ્રાપ્ત કર્યા છે. અત્યારે જુદા જુદા આંકડા ગુજરાત રાજયના નાગરિક પુરવઠાના ૧૮૮ ગોડાઉન-સેન્ટરો છે એ ખરીદી સેન્ટર તરીકે જાહેર કર્યા છે અને ઘઉંની ખરીદી ચાલુ થઈ ગઈ છે. કારણ કે આમાં રાજય પંચ જ્યારે કેન્દ્રને ભલામણ કરે અને કેન્દ્ર માન્ય કરે ત્યાર પછી આપણે કાર્યવાહી કરવાની છે અને ૧૫-૩થી કેન્દ્ર સરકારે મંજૂરી આપી દીધી છે અને આ કાર્યવાહી પણ આજની તારીખે ચાલુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે માનનીય શ્રી બચુભાઈએ વાત કરી હતી કે ગ્રામસભામાં જે પ્રશ્નોની ચર્ચા થાય છે તેનું નિરાકરણ થતું નથી પણ હકીકતમાં ગ્રામસભાઓ જે ભરાય છે તેનો સારામાં સારો રિસ્પોન્સ છે કે ફરિયાદ હોય તો થઈ શકે. ગ્રામસભામાં હું કહીશ કે અત્યાર સુધીમાં ૨,૪૫,૦૦૧ ગ્રામસભાઓ ૧૬ તબક્કામાં ભરાઈ. તેમાંથી ૩,૪૬,૨૫,૪૨૬ ગ્રામજનો હાજર રહેલા. તેમાં ૯,૨૭,૨૧૮ પ્રશ્નો રજૂ થયેલા. તેમાંથી ૭,૮૫,૯૭૦ પ્રશ્નોનું નિરાકરણ થયું. એટલે ૮૫ ટકા પ્રશ્નોનું નિરાકરણ થયું. બાકી લોકલ લેવલે કોઈ ફરિયાદ હોય તો વાત જુદી છે. એ જ રીતે જે લાલસિંહભાઈએ વાત કરી છે, તેમાં કહીશ કે ગ્રામ પંચાયતોમાં આ જે મેં કહી તે પ્રમાણે કામગીરી ચાલુ છે. માનનીય ઈકબાલભાઈએ વાત કરી, તેમાં તેમણે ક્હ્યું કે જી.એસ.પી.સી. દ્વારા સી.એન.જી. ગેસની કિંમતમાં વધારો થાય છે. મારે એટલું જ કહેવાનું કે ઑક્ટોબર-૨૦૦૯થી માર્ચ-૨૦૧૧ દરમ્યાન આર.એલ.એન.જી.ના ગેસના ભાવમાં ૪૨ ટકાનો વધારો થયેલ છે. જ્યારે જી.એસ.પી.સી. ગેસ કંપની દ્વારા ભાવમાં ૨૩ ટકાનો જ વધારો થયો છે. એટલે આમાં જી.એસ.પી.સી. ગેસ છે તેમાં વધારો થયો નથી. બાકી આપે જે કંઈ ક્હ્યું એ તો જનરલ ચર્ચાની વાત હતી. એટલે તેના ઉપર મારે કંઈ કહેવાનું નથી. એ જ રીતે માનનીય દેવજીભાઈ ફતેપરાએ વાત કરી કે ઇલેક્ટ્રિક કનૅક્શનો આપતા નથી. તો અત્યારે ડિમાન્ડ ખૂબ છે એ વાત જુદી છે. હું પણ ભૂતકાળમાં જ્યારે ઉર્જામંત્રી હતો. ત્યારે આખા ગુજરાતમાં બેથી અઢી લાખ જ કનૅક્શન હતા. અત્યારે છેલ્લા ચાર વર્ષમાં ૨૦૦૭-૦૮માં ૩૪,૩૦૧ લોકોને કનૅક્શન આપ્યા. ૨૦૦૮-૦૯માં ૩૬,૯૮૮ કનૅક્શન આપ્યા. ૨૦૦૯-૧૦માં ૩૯,૬૫૩ કનૅક્શન આપ્યા અને ફેબ્રુઆરી-૨૦૧૧ના અંતે ૩૩,૫૩૧ એટલે આ પ્રમાણે છેલ્લા ચાર વર્ષમાં ૧,૪૪,૪૭૩ કનૅક્શનો આ ખેડૂતોને જ આપ્યા છે. એ જ રીતે માનનીય ચંદુભાઈએ પણ તેમની વાત કરી છે કે જે કંઈ વધારો કરવો જોઈએ એ તો વિભાગ માટેની વાત છે. પણ હું એટલું કહીશ કે ૧૯૮૦-૮૧થી એસ.એસ.સી. પછીના જે વિદ્યાર્થીઓ છે, તેમની સંખ્યા છે તેમાં ૪૩ કુમાર છાત્રાલયો અને ૨૦ કન્યા છાત્રાલયો છે. તે ૬૩ છાત્રાલયોમાં ૩,૫૯૪ની સંખ્યા છે. આદર્શ નિવાસી શાળા ૨૬ છે. ૭ કન્યા શાળા છે. એ ૩૩ આદર્શ નિવાસી શાળાની સંખ્યા છે ૪,૦૫૦ એ વિદ્યાર્થીઓ છે. એમને વિના મૂલ્યે રહેવા-જમવા માટેની બધી બાકીની વ્યવસ્થા હોય છે અને આ લોકોને જે સગવડતા આપવાની હોય એ એના સંચાલકો હોય તેને કરવા માટે થઈને વાત હોય છે. કયાંય કોઈ અભાવ રહેતો હોય તો આપ ચોક્કસ ધ્યાન દોરજો કે આ છાત્રાલયમાં ચોક્કસ અમે ઈચ્છીએ છીએ કે આપણે જે પૈસા આપ્યા હોય તેનું વળતર મળવું જોઈએ. દરેક છાત્રાલયમાં સરખી અસુવિધા ન

હોય, જ્યાં જેટલી સુવિધા હોય આપ ચોક્કસ કહેશો, તો હું ડિપાર્ટમૅન્ટમાં કહી અને એની અસુવિધા દૂર થાય અને વિદ્યાર્થીઓ શાંતિથી ભણી શકે. આપણે તો ખરેખર ગર્વ લેવો જોઈએ કે આટલી આટલી આદર્શ શાળામાં ભણનાર એસ.એસ.સી.ના વિદ્યાર્થીઓ છે, એસ.એસ.સી.નું પરિણામ સામાન્ય રીતે ૬૦થી ૬૨ ટકા આવતું હોય છે. આદર્શ નિવાસી શાળા અને છાત્રાલયોમાં રહેવાવાળાનું પરિણામ ૯૨થી ૯૫ ટકા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ પાસ થાય છે એટલું સારું પરિણામ છે. માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે શ્રી ભગવાનભાઈએ વાત કરી. જંગલ વિસ્તારમાં જે ફિડરો છે એમાં દિવસના ભાગે વીજળી આપવામાં આવે તો હું કહીશ કે જુદા જુદા આ જ વિસ્તારની અંદર ૧૭ ફિડરો છે. એમાં અંદાજે ૪૦થી ૪૫ ગામ થાય છે. એ તમામમાં દિવસના ભાગે જ વીજળી અપાય છે અને આ ફિડરો ઉપરાંત જુનાગઢની અંદર બીજા ૬૬ કે.વી.ના બીલખા સબસ્ટેશનમાંથી નીકળતા ૨ ફિડરો, જે ૧૧ કે.વી.ના જે રામેશ્વર, થુંબાલા, જે જંગલની નજીકથી પસાર થાય છે. એવા બે ફિડરોના નાના અવતડીયા, મોટા અવતડીયા, રામેશ્વર, ચોરવાડ, મેવાસા, બેલાત, થુંબાલા આને પણ ભવિષ્યની અંદર દિવસના ભાગે જ વીજળી મળે એવા પ્રકારનું આયોજન છે. છતાંપણ ખેડૂતોના જંગલ વિસ્તારની અંદર આમાંથી કોઈ ગામ રહી જતા હોય કોઈ ફિડર રહી જતું હોય તો ચોક્કસ કહેજો. રાજય સરકાર તરફથી આ જે તાલુકાઓ છે એને દિવસના ભાગે વીજળી આપવાની કાર્યવાહી ચાલુ જ છે.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી પુનાભાઈ ગામીતે જે વાત કરી હતી. એમાં એમણે ગાંધીનગર માટેની વાત કરી હતી. એમાં એટલું જ કહેવાનું કે, વન વિભાગ પાસેથી જે મહાત્મા મંદિર થયું એના માટે જે પરવાનગી લેવાની હતી, વૃક્ષો કાપવા માટેની પરવાનગી લીધી છે અને બાંધકામની પરવાનગી લીધી છે અને આના માટે પર્યાવરણ માટે થઈને જે કન્સ્ટ્રકશન માટેની અરજી કરવાની હતી એ કરી દીધી છે. આ પ્રોસેસની અંદર છે. આની અંદર કોઈ ઈરેગ્યુલારીટી નથી થઈ. ઈરેગ્યુલારીટી થઈ હશે તો એને એડમિનિસ્ટ્રેટીવ ડિપાર્ટમૅન્ટ આની અંદર પૂરી કરશે. એજ રીતે શ્રી ગ્યાસુદિનભાઈએ વાત કરી. એમણે તો ઘણું કહ્યું. પણ એમાં મુખ્ય હતું કે, કાર્ડ હોલ્ડરોને કેરોસીનનું વિતરણ બિલ સહિત આપવામાં તંત્રની નિષ્ફળતા. બિલ સરકારમાંથી મળતા નથી. દરેક રૅશનની દુકાન ઉપર તમે જાવ તો એ મળે છે. તમે જે વાત કરી એ ફેરિયા લોકો પાસેથી પણ લઈ શકે છે અને દુકાનેથી પણ લઈ શકાય છે. ફેરિયાઓની વર્ષોથી ફરિયાદો આવે છે. એમની અદલ-બદલ થાય છે. એમાં આપે જ કહ્યું કે આ લોકો પરપ્રાંતના હોય છે એટલે કોઈ પોલીટીકલ મોટીવની આપ જે વાત કરતા હતા એ એમાં નથી. પરંતુ કોઈ વ્યકિતને કેરોસીન ન મળે એવી ફરિયાદ હોય તો કહેજો. કેન્દ્ર સરકાર તરફથી જે કેરોસીન મળે છે એ વ્યકિત દીઠ બે લિટર અને વધુમાં વધુ ૧૨ લિટર મળે છે અને એ પ્રમાણે વિતરણ કરીએ છીએ. કોઈને ન મળે તો વાત જુદી છે. ફેરિયાઓ જે કરતા હોય છે. તમે જે વાતની રજૂઆત કરી છે. હવે એમાં બીજીવાર કહેવાની જરૂર નથી. ડિપાર્ટમૅન્ટે એની નોંધ લીધી છે અને એના માટે જે પગલાં લેવાનાં હશે એ લઈશું.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી માનસિંહભાઈ ચૌહાણે ખેડા જિલ્લા માટે વાત કરી. ખેડા જિલ્લામાં સુજલામ સુફલામ અંતર્ગત જે તળાવો અને ચેકડેમો ભરવા માટેની વાત કરી. તો ખેડા જિલ્લાના વડસરા, સ્વરૂપ સાગર, ભમરિયા તળાવોના નહેર ઉપર મૂકવામાં આવેલ દરવાજા થકી પાણી છોડવામાં આવે છે. નહેરમાં ચાલુ વર્ષે એટલે કે, ૨૦૧૦-૧૧માં ફેબ્રુઆરી ૨૦૧૧ અંતિત પાણી વહેવડાવવામાં આવેલ હતું. જેનાથી ખેડૂતોને સિંચાઇનો લાભ મળ્યો છે અને સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલ થકી ૩ તળાવો અને ૧૪ ચેકડેમમાં પાણી ઠાલવી શકાય એવી ક્ષમતા છે. આ રીતે ચેકડેમ ભરવા માટે આપણે કરીએ છીએ અને એમાં પણ હજુ પણ બીજા કોઈ સૂચન હોય તો કહેજો. આપણી પાસે પાણી હોય અને ખેડૂતોને વ્યવસ્થા શકિતના અભાવના કારણે પાણી ન મળે એવું રાજય સરકાર ઇચ્છતી નથી. પાણીનો પૂરેપૂરો સદુપયોગ થાય એ પ્રમાણે સૂચન હોય ગમે ત્યારે કહેજો એના માટે વ્યવસ્થા થશે.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે શ્રી કિરણભાઈએ વાત કરી. ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકામાં કૅમીકલના પાણીના ખાડાની વાત કરી. એમનો મુળ સવાલ હતો કે એમાં પાણી નથી. કૅમીકલની ફૅકટરીથી ફેલાતા પ્રદૂષણની વાત હતી. ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકામાં ચાર જ કૅમીકલ ઉદ્યોગો હાલમાં ચાલુ છે અને એમાં એમનું પ્રદૂષણ નિયંત્રણ નીચે ચૅકીંગ કરવામાં આવે છે. પ્રદૂષણ માટેના જેટલા સાધનો હોય એટલા એણે બેસાડેલા છે. એનું વારંવાર મોનિટરીંગ કરવામાં આવે છે અને આના કારણે કોઈ માનવી અને પશુઓને પહોંચતી હાની છે, એ રીતે નથી. ધારો કે જે લોકો ફૅકટરી ના હોય અને બીજી રીતે પ્રદૂષિત પાણી હોય તો વાત જુદી છે. બાકી અત્યારે તો એનું પૂરેપૂરું ચેકિંગ કરી અને એની સુવિધા આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે બાબુભાઈ શાહે વાત કરી કે, એક રૂપિયો પણ લેવામાં આવેલ નથી. તો મારે એ કહેવાનું કે સદરહું દરખાસ્ત નીચે મોજે કાનેર અને સિનાપરા ગામે લાગુ દરિયા કાંઠાના વિસ્તારની કુલ ૨૦૦૮.૪૧ હેકટર બિનજંગલ વિસ્તાર વળતર વનીકરણ માટે વન વિભાગને તબદીલ કરવામાં આવેલ છે અને વળતર વનીકરણની કામગીરી માટે વસૂલ લેવામાં આવેલ કુલ રૂા. ૮,૬૨,૪૯,૧૫૯/- ની રકમ ભારત સરકારશ્રીના એડહોક કેમ્પામાં જમા કરાવવામાં આવેલ છે. આ ભારત સરકારના ઓલામાં છે પણ એની જે કામગીરી થવી જોઈએ એ હવે આગળની કેમ્પાની કામગીરી ૨૦૧૧-૧૨માં થાશે ૨૦૧૦-૧૧માં થઈ નથી. એટલે જે પ્રમાણે પૈસાની જરૂર પડે એ ભારત સરકાર એનામાંથી પૈસા આપશે અને એની કાર્યવાહી એ રીતે કરવામાં આવશે. એટલે

એક પૈસો (અંતરાય) એ ભાઈ, એ હવે જો (અંતરાય) તમે વાત કેમ્પાની કરો અને જાવ બીજે. આ તમારે કચ્છ જિલ્લાના મુન્દ્રા તમારો (અંતરાય) એક મિનિટ, (અંતરાય) કાંઈ વાંધો નહિ. આ તમે ફરીથી જોઈ જુઓ. તમે પ્રશ્ન શું પૂછયો છે? કેમ્પા એકાઉન્ટમાં પૂરતી રકમ મેળવવામાં તંત્રની નિષ્ફળતા અને ૮,૬૨,૪૯,૧૫૯/- કેન્દ્ર સરકારમાં જમા કરાવી દીધા છે. (અંતરાય)

**શ્રી બાબુભાઈ મે. શાહ** : તમે શું કામ ઓછી રકમ જમા કરાવી રહ્યા છો?

**શ્રી વજુભાઈ વાળા** : અમે કયાં હવે, (અંતરાય) આ ભારત સરકારમાં જમા કરાવવાની હોય. હશે હવે, (અંતરાય) ભાઈ બસ, બાબુભાઈ થોડું આવતા વર્ષ માટે રાખોને. આવતા બજૅટમાં કહેજોને બધુંય આ વખતે બોલી નાખવું. એજ રીતે આદરણીયશ્રી ધીરુભાઈ ભીલે પણ વાત કરી કે સંખેડામાં લડોદ સુગર ફૅકટરીની વાત કરી તો એ જે લડોદ સુગર ફૅકટરી છે એના માટે થઈને એમાં ૧૧.૬૨ કરોડ રૂપિયા ચૂકવવાના બાકી છે. એના માટે થઈને ત્રણ રીતે એના માટે કેસ કરવામાં આવ્યા હતા. એક બોર્ડ ઑફ નોમીનીઝની અંદર કેસ હતો, પછી જે લોકોએ હોદ્દેદાર અને કસૂરવાર કર્મચારી સામે હાઈકોર્ટમાં પણ કેસ પેન્ડિગ છે. એ ઉપરાંત જે લોકોએ ગેરરીતિ કરી છે એની સામે ફોજદારી પણ કેસ બાકી છે. પરંતુ જે આની અંદર લેબર માટે બોર્ડ ઑફ નોમીનીઝના કેસ હતા એની અંદર એમાં જે ખેડૂતોના બાકી લેણાની કાર્યવાહી જિલ્લા રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળી વડોદરાને જણાવતા જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીના તા.૧૦/૩/૨૦૧૧ના પત્રથી કેમ્પ પ્રાઈસ એરિયર્સની રેવન્યુ રાહે વસૂલાત કરી ખેડૂતોને ચૂકવવા વિગતવાર દરખાસ્ત કલેકટરશ્રી વડોદરાને કરવામાં કરવામાં આવેલ છે અને આ સમગ્ર વિગત જોતા ખેડૂતોના બાકી નીકળતા શેરડીની રકમ ચૂકવવા બાબતે આ પ્રમાણે કાર્યવાહી કરેલ છે. કારણ કે આમાં શું છે કે બીજા જે હાઈકોર્ટમાં કેસ હોય એના જે પૈસા મળેલ નહિ. જે ક્રિમિનલ કર્યુ છે એનાથી ના મળે. જે કાંઈ આ રીતે છે. એનો એવોર્ડ આપેલો છે. એના માટે થઈને એના જે ૧૧.૬૨ કરોડ વસૂલ કરવા માટે થઈને ડીક્રી પણ મળી છે અને કલેકટર રાહે વસૂલ કરવાની કાર્યવાહી આગળ ચાલે છે. હવે કેટલા વસૂલ થઈ શકે? ક્યારે વસૂલ થઈ શકે? આ બંધ ફૅકટરી છે. ચાલુ હોય તો વસૂલ થાય. આ ચાર-ચાર વર્ષથી બંધ થયેલી ફૅકટરી છે. બંધ થયેલી ફૅકટરીની અંદર એનો માલ હરાજી કરવાની અને બીજી કાર્યવાહી કરવી પડે. એને પૈસા કેમ મળે એવું કોઈ આપનું સૂચન હોય તો કહેજો અને સહકાર વિભાગ પણ આ પૈસા વહેલા વસૂલ થાય અને ખેડૂતોને શેરડીના પાકના પૈસા મળે એના માટે રાજ્ય સરકાર પૂરેપૂરો પ્રયત્ન કરશે.

માનનીય અધ્યક્ષશ્રી, એજ રીતે માનનીયશ્રી મોહનસિંહભાઈ રાઠવાએ વાત કરી તો મારે મોહનસિંહભાઈને કહેવાનું કે આવા ઘણાં ડેમો છે કે જે ડેમ ભરાતા નથી. પરંતુ એનું હાઈફ્લડ લેવલ ત્યાં સુધીની આપણી જમીન છે. એ સંપાદન કરી લીધેલ હોય, હાઈ ફલ્ડ લેવલ થતું નથી. હાઈ ફલ્ડ લેવલ ના થાય એને એ જમીન એમને એમ ખુલ્લી પડી રહે છે અને આપની માગણી છે કે, એ ખુલ્લી જમીન જે તે ખેડૂતોને આપી દેવી જોઈએ એટલા માટે થઈને નહીં પણ મને એક વાતનો ખ્યાલ છે કે, જે દિવસે અમે એકવીઝેશન કરતા હતા અને તળાવની અંદર જેમ ખાલી જગ્યા થતી જાય એમ જે તે ખેડૂતો છે એને વાવવાનો અધિકાર આપતા હતા, એને એકવીઝેશન છે એને ફરીથી આપણે ડિ-એકવીઝેશન કરી શકીએ એવી આપણી પરિસ્થિતિ હોઈ શકે નહીં પરંતુ જે ખેડૂતો છે એ ખેડૂતોને જે માલિક છે એને ત્યાં વાવવા માટે એના જોખમે અને ખર્ચે કદાચ હાઈ ફલ્ડ લેવલની અંદર જો એ પાણી આવી જાય તો એ નુકસાની પોતે ભોગવવાની અને પાણી ન આવે તો એ શાંતિથી ખેતી કરી શકે એવો કાંઈ રસ્તો નીકળતો હોય તો સિંચાઈ વિભાગ અને કૃષિ વિભાગ સાથે આપ બેસી જુઓ અને એતો આ બધા ખેડૂતો આજની તારીખે જમીન ખેડે જ છે, એના કબજામાં છે, ખેડે છે. એને હાઈ ફલ્ડ લેવલ સુધીની એની જે કાંઈ રકમ છે એ રકમ પણ એને ચૂકવાઈ ગઈ છે એકવીઝેશન પ્રોસીડીંગ પ્રમાણે એટલે એ કાર્યવાહી છે એટલે વિભાગ સાથે આપ બેસી લેજો આપનું જે સૂચન છે એ સૂચન ફક્ત તમારા પૂરતું મર્યાદિત ન રહે, આખા ગુજરાતને લાગુ પડે એવી કોઈ નીતિ નક્કી થતી હોય તો તમે સિંચાઈ વિભાગ અને કૃષિ વિભાગ સાથે બેસો અને આનો રસ્તો કાઢો. માનનીય અધ્યક્ષશ્રી, જે જે મુદ્દાઓ છે એની મેં આ બધી છણાવટ કરી છે.

## સભાગૃહનો સમય લંબાવવા અંગે

**શ્રી પંકજકુમાર વી. દેસાઈ(મુખ્ય દંડક)** : માનનીય અધ્યક્ષશ્રી, હું આજના દિવસની કામકાજની યાદીમાં દર્શાવેલા સરકારી બીલોની ચર્ચા પૂરી થાય અને બીલો પસાર થાય અને ત્યારબાદ બિનસરકારી બીલોનું કામ હાથ ઉપર લેવામાં આવે અને તે પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે તેવી દરખાસ્ત કરું છું.

**શ્રી ઈકબાલ પટેલ (વિરોધપક્ષના દંડક)**: સંમત છીએ.

**અધ્યક્ષશ્રી** : આજના દિવસની કામકાજની યાદીમાં દર્શાવેલા સરકારી વિધેયકોની ચર્ચા પૂરી થાય અને વિધેયકો પસાર થાય અને ત્યારબાદ બિનસરકારી વિધેયકોનું કામકાજ હાથ ઉપર લેવાય અને એ પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રીએ કેમ્પા એકાઉન્ટમાં જે રકમ જમા કરી એ મંદ્દો જે કોમ્પન્સેટીવ માટે જે જમીન આપવામાં આવી એ રાજય સરકાર તરફથી એક રૂપિયામાં એ કંપનીને આ જમીન આપવામાં આવી અને એ જમીનમાં વનીકરણ થયુ નથી પણ જે જમીન જે રક્ષિત વનની

જમીન જે મુંદ્રા દરિયા કિનારે આપવામાં આવી ત્યાં જંત્રીનો ભાવ ૧,૫૭૫/- રૂપિયા હતો અને એ હિસાબે ૩,૧૫૦/- કરોડની રકમ થાય અને એ રકમ કેમ્પા ફંડમાં જાય અને ત્યાં માત્ર આઠ કરોડ નહીં પણ ૮૦/- કરોડ રૂપિયા જમા કરવામાં આવી છે પણ ૮૦/- કરોડ રૂપિયાના બદલે ૩,૧૫૦/- કરોડ રૂપિયા આ રકમ જમા થવી જોઈતી હતી. તો વન વિભાગના અધિકારીઓએ કે સરકારના લોકોએ આ જમીનની જ્યારે કિંમત નક્કી થતી હતી ત્યારે જંત્રીનો ભાવ આ છે આ મદ્દો કહ્યો નથી આ મદ્દો મેં રજૂ કરેલો હતો પણ એનો જવાબ મને નથી મળ્યો.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, સવાલ એ છે કે, આ રકમ કેન્દ્રમાં જમા કરાવવાની હોય, કેન્દ્રમાં જમા કર્યા પછી એ રકમની આગળની કામગીરી માટે મંજૂરી આપે ત્યારે જ કરી શકાય. કેન્દ્રને એમ લાગે કે આ રકમ ઓછી થઈ છે તો એ આગળ વનીકરણના વિસ્તરણ માટે મંજૂરી જ ન આપે એટલે જે કાંઈ એકાઉન્ટ હશે એ કેન્દ્ર સરકારે આનું કરવાનું છે. આપણી પાસે આપણે તો અહીં પ્રપોઝલ મોકલવાની હોય છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી બે બાબતો જાણવી છે. જ્યારે આપણે રિઝર્વ ફૉરેસ્ટની લૅન્ડ આપીએ છીએ, જે માનનીય સભ્યશ્રીનો સવાલ છે એ ત્યારે એ રિઝર્વ ફૉરેસ્ટની લૅન્ડ કેન્દ્ર સરકાર મંજૂરી આપે રાજય સરકારની દરખાસ્ત ઉપર. માનનીય સભ્યશ્રીની વાત એ છે કે, જે જમીન આપી આપણે એના સામે જે જમીન એ આપવાની વાત કરે છે એના વચ્ચે પ્રાઈઝ બહુ મોટો તફાવત આવે છે. કેન્દ્ર સરકાર માયન્યૂટ સ્કૂટીમાં નહીં પડે કારણ કે, રાજય સરકારની દરખાસ્ત છે. તો આપ આ બાબત જે માનનીય સભ્યશ્રીની લાગણી છે એને ચકાસવા માગો છો કે કેમ ? અને બીજું, જે ૨,૦૦૮ હેકટરસ્ ઑફ લૅન્ડ આપણે આપી અને એના સામે એણે બીજી લૅન્ડ આપી કે જ્યાં આગળ વનીકરણ કરાશે. એ વાત ખરી છે કે, જે જમીન એમણે આપી છે એમાં ફૉરેસ્ટ વિભાગના જ એક અધિકારીએ લખીને આપ્યું કે, સાહેબ અહીંયા ફૉરેસ્ટ થઈ શકે એવી જમીન જ નથી આ. એ અભિપ્રાય એનો હતો જે આર.ટી.આઈ.માં મને પણ માહિતી મળી છે તો આ મુદ્દાઓ જ્યારે ગુજરાત રાજયમાં વનીકરણ આપણે પોલ્યુશન માટે આટલા ચિંતિત છીએ ત્યારે આ બાબતો બંને જે માનનીય સભ્યશ્રીએ ઉઠાવી છે એને નાણા મંત્રીશ્રી તરીકે આપ આ દરખાસ્તો લઈને આવ્યા છો ત્યારે એને યોગ્ય રીતે મૂલવવા માગો છો કે કેમ ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, શરૂઆતમાં જે જંગલ વિભાગની જમીન હોય એને માટેનું નકકી કરે કેન્દ્ર સરકાર અને એને બદલે કઈ જાતની જમીન આપવામાં આવે છે, કેટલી કિંમત આપવામાં આવે છે એ જયારે એને યોગ્ય લાગે તો જ મંજૂરી આપે. એમાં રાજય સરકારે ન કરવાનું હોય. જંગલ વિભાગની જમીન છે એ ટોટલ કેન્દ્ર સરકાર હસ્તકની છે. એમ કહે કે અહીં નથી ઉગતું તો એવી જમીન ન લે. જમીન એ એકસેપ્ટ કરી લે છે એના વિસ્તૃતીકરણ માટે જે રકમ નકકી કરવાની હોય એ પ્રમાણે એ પણ જંગલ વિભાગ કરે છે. જંગલ વિભાગની  જમીન માટે થઈને રાજય સરકારે કોઈ વિશેષ કરવાનું રહેતું નથી.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી,  હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સને ૨૦૧૧ના વિધેયક ક્રમાંક-૩૨નું બીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ અને ૩, અનુસૂચિત કલમ-૧ દીર્ઘ સંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક-૩૨નું ત્રીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

**સન ૨૦૧૧ નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૧૭**

# ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) વિધેયક,૨૦૧૧

**સન ૧૯૯૪ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષની સેવાઓ માટે ગુજરાત રાજયના એકત્રિત ફંડમાંથી અમુક વધુ રકમ આપવાનો અને તેનો વિનિયોગ કરવાનો અધિકાર આપવા બાબત વિધેયક**

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સને ૨૦૧૧ના વિધેયક ક્રમાંક-૧૭ સન ૨૦૧૧નું ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ)ને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક- ૧૭, સન ૨૦૧૧ના ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

---

* વિધેયક તા.૧૭મી માર્ચ,૨૦૧૧ના  રાજપત્રમાં પસિદ્ધ કરવામાં આવ્યું છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક-૧૭, સન ૨૦૧૧ના ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) નું બીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ -૨ અને ૩, અનુસૂચિત કલમ-૧ દિર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી વજુભાઈ વાળા** : હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૧૭-સન ૨૦૧૧નું ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મુકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૧૭-સન ૨૦૧૧નું ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

### સન ૨૦૧૧નું ગુજરાત વિધેયક ક્રમાંક:૧૮

## ગુજરાત વિનિયોગ(વધારાના ખર્ચ)(દ્વિતિય) વિધેયક,૨૦૧૧

સન ૧૯૯૫ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષની સેવાઓ માટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી અમુક વધુ રકમો આપવાનો અને તેનો વિનિયોગ કરવાનો અધિકાર આપવા બાબત વિધેયક

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, *રાજ્યપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૧૮-સન ૨૦૧૧નું ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) (દ્વિતિય) વિધેયક આપની અનુમતિથી દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૧૮-સન ૨૦૧૧નું ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) (દ્વિતિય) વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.
પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૧૮-સન ૨૦૧૧નું ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) (દ્વિતિય) વિધેયકનું બીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ અને ૩, અનુસૂચિ કલમ-૧, દીર્ઘસંજ્ઞા, ઈનેકિંટગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૧૮-સન ૨૦૧૧નું ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) (દ્વિતિય) વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૧૮-સન ૨૦૧૧નું ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) (દ્વિતિય) વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

### સન ૨૦૧૧નું ગુજરાત વિધેયક ક્રમાંક:૧૯

## ગુજરાત વિનિયોગ(વધારાના ખર્ચ)(તૃતિય) વિધેયક, ૨૦૧૧

સન ૧૯૯૬ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષની સેવાઓ માટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી અમુક વધુ રકમો આપવાનો અને તેનો વિનિયોગ કરવાનો અધિકાર આપવા બાબત વિધેયક

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, *રાજ્યપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૧૯-સન ૨૦૧૧નું ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) (તૃતિય) વિધેયક આપની અનુમતિથી દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૧૯-સન ૨૦૧૧નું ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) (તૃતિય) વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

---

* વિધેયક તા.૧૭મી માર્ચ, ૨૦૧૧ ના રાજયપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

* વિધેયક તા.૧૭મી માર્ચ, ૨૦૧૧ ના રાજયપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૧૯-સન ૨૦૧૧નું ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) (તૃતિય) વિધેયકનું બીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ અને ૩, અનુસૂચિ કલમ-૧, દીર્ઘસંજ્ઞા, ઈનેકિંટગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક: ૧૯ સન ૨૦૧૧નું ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) (તૃતીય) વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક:૧૯ સન ૨૦૧૧નું ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ)(તૃતીય) વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

**સન ૨૦૧૧નું વિધેયક ક્રમાક: ૨૦**

# ગુજરાત ગ્રીન સેસ વિધેયક,૨૦૧૧

**ગુજરાત ગ્રીન સેસ વિધેયક**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક: ૨૦-સન ૨૦૧૧નું ગુજરાત ગ્રીન સેસ વિધેયકને હું આપની પરવાનગીથી દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક: ૨૦-સન ૨૦૧૧નું ગુજરાત ગ્રીન સેસ વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ગ્રીન સેસ વિશે આ વિધાનસભા ગૃહની અંદર બજેટ વખતે ઘણી બધી ચર્ચા થઈ હતી. આદરણીય નાણા મંત્રીશ્રીએ એમના નાણાં પ્રવચનમાં આ નવું બીલ લાવવાની જાહેરાત કરી હતી. ગુજરાત દેશનું એનર્જી હબ થઈ રહ્યું છે. આવતા દિવસોની અંદર ગુજરાતમાં પોતાના માટે તો વીજળી ઉત્પન્ન કરશે પણ દેશના અનેક રાજયો માટે વીજળી ઉત્પન્ન કરી અને વીજળી બહાર જશે. આ ધ્યાનમાં રાખીને ખૂબ મોટા પ્રમાણની અંદર કોલસાનો વપરાશ થવાનો છે અને પર્યાવરણની જાળવણી કરવા માટે, આ એન્વાયરમેન્ટનું ધ્યાન રાખવા માટે આપણી ગ્રીન સેસનું બીલ આજે વિધાનસભાની અંદર લાવી રહ્યા છીએ. મારે સભ્યશ્રીઓનું ધ્યાન દોરવું છે કે આ જે આપણે બીલ લાવી રહયા છીએ તે જનરેશન ઉપર આપણે બે પૈસા આજની તારીખમાં લેવાના છીએ. જનરેશનમાં કેપ્ટીવનો પણ આની અંદર સમાવેશ થાય છે. આજની તારીખમાં ગુજરાતની અંદર ઉદ્યોગો દ્વારા કેપ્ટીવ પાવર પ્લાન્ટસ ખૂબ મોટી સંખ્યાની અંદર ઉપસ્થિત છે અને આ જે ૪ હજાર અને ૫ હજાર મેગાવોટનું જે કેપ્ટીવ છે તેના પર આ બે પૈસાનો સેસ લેવામાં આવશે. આ ઉપરાંત જે વીજળીનું ઉત્પાદન આપણા મથકો કરે છે અને વીજ ઉત્પાદન કરીને ગુજરાતની બહાર વેચવાના છે તેના ઉપર બે પૈસાનું જનરેશન લાવવાના છીએ. એટલે આવતા દિવસોની અંદર હાલની તારીખમાં આશરે ૧૩૨૫૮ મેગાવોટની સ્થાપિત કેપીસીટી છે તેની ઉપર ૪ થી ૫ હજાર મેગાવોટનું કેપ્ટીવનું ઉત્પાદન ગણો તો તેનો ઉમેરો થશે. આ ઉપરાંત આજની તારીખમાં ખૂબ મોટા પાવર પ્રોજેકટ સ્થાપિત થવાના છે તે ૫૦ ટકા થી ૬૦ ટકા વીજળીનું ઉત્પાદન કરી અને બહાર વેચવાના છે. દા.ત. કચ્છની અંદર અલ્ટ્રા મેગાવોટ આવે છે. આ ચાર હજાર મેગાવોટનો પ્લાન્ટ છે. ચાર હજાર મેગાવોટમાં આપણો શેર માત્ર ૧૯૦૦ મેગાવોટનો છે અને ૨૧૦૦ મેગાવોટ ગુજરાતની બહાર જવાનું છે. એટલે આની ઉપર તેમણે ચાર્જ ભરવાનો રહેશે. તેવી જ રીતે અદાણી આવે છે. શાપુરજી પાલનજી આવે છે, ગુજરાતના કેટલા બધા એમ.ઓ.યુઝ કર્યા છે તે આવતા દિવસોમાં ગુજરાતને વીજળી આપવા કરતાં બહાર લઈ જવાનું આયોજન વધારે છે. પાવર ગ્રીડનું એ પ્રમાણે મોટું ટ્રાન્સમીશન નેટવર્ક ઉભું થઈ રહ્યું છે. એટલે પર્યાવરણની જાળવણી કરવા માટે આપણે આ સેસ લાવ્યા છીએ. તેમાં સોલર, વીન્ડ, બાય એનર્જી, હાઈડ્રો, બગાસે, એગ્રોવીથ તેની આપણે બાદબાકી રાખી છે. એટલે આ બીલને આપણે ગુજરાતની અંદર લાવી રહયા છીએ. ગુજરાત તે પહેલું રાજય નથી. આવા સેસના બીજા અન્ય રાજયોએ આ પ્રમાણેના કાયદા ઘડયા છે. તેની અંદર ખાસ કરીને જોઈએ તો છત્તીસગઢ સરકાર વિકાસ ઉપકરના નામે પાંચ રૂપિયા પ્રતિ ટન, પર્યાવરણ ઉપકરના નામે પાંચ રૂપિયા પર ટન જેટલો કોલસો ઉત્પાદન કરે છે અને ગુજરાતને આપે છે તેમાં ગુજરાત સરકારે ચુકવવો પડે છે. ગુજરાત સરકાર તે ભરે છે. તેવી જ રીતે મધ્યપ્રદેશ સરકાર પાંચ ટકા ટેકસ ઓન કોલ લે છે. ગુજરાત સરકાર ભરતી આવે છે. કેન્દ્ર સરકારે ગઈસાલ ૧-૭-૨૦૧૦ની અંદર રૂપિયા ૫૦ રૂપિયા પર ટન તે પ્રમાણેનો સેસ લાવ્યા છે. મારું એટલું જ કહેવું છે કે આ સર્વાનુમને મંજૂર કરે તેવી મારી વિનંતી છે.

---

* વિધેયક તારીખ ૧૮મી માર્ચના ૨૦૧૧ ના રાજયપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થયો છે. વિરામબાદ સભાગૃહ ૩.૧૫ કલાકે ફરીથી મળશે.

**વિરામ બપોરના ૨.૩૦ થી ૩.૧૫અધ્યક્ષશ્રી અધ્યક્ષ સ્થાને**

**શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગ મંત્રીશ્રી-વીજમંત્રીશ્રી જે વિધેયક ક્રમાંક ૨૦-સન ૨૦૧૧નું ગુજરાત ગ્રીન સેસ વિધેયક લઈને આવ્યા છે એના ઉપર હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ બિલને રજૂ કરતી વખતે માનનીય મંત્રીશ્રીએ ખૂબ ઉત્સાહપૂર્વક એમ કહ્યું કે ગુજરાતમાં વીજળી પેદા થાય અને દેશના અન્ય ભાગોમાં મોકલનારું ગુજરાત રાજય છે. પણ જેના ઉપર વીતી હોય એ જાણે. આમાં તો શું છે કે જેની ઉપર વીતી હોય એ જાણે કે વીજળી તમે પેદા ત્યાં કરો અને મારા વિસ્તારમાંથી એ વીજળી પસાર કરવા માટે થઈને જે થાંભલાઓ ઉભા કરવામાં આવે છે અને ખેડૂતોની મહામૂલી જમીન જે એમાં જાય છે એને કારણે ખૂબ મોટું નુકસાન ખેડૂતોને જાય છે. આ વિકાસની વાતો જ્યારે થતી હોય ત્યારે ખેડૂતોની આ વેદના છે એ સમજવાનો પ્રયત્ન કરે એટલી જ વાત મારે કહેવાની છે. માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે સ્પેશિયલ ઈકોનોમિક ઝોનમાં પણ મંજૂરી આપતા પહેલા આ વીજળીનો વપરાશ માત્ર સ્પેશિયલ ઈકોનોમિક ઝોનમાં જ થશે એની ખાતરી કર્યા પછી જ આ વિદ્યુત મથકોને વીજ ઉત્પન્ન કરવા માટેની પરવાનગી આપવી જોઈએ એવી રજૂઆત મારે કરવી પડી હતી. આપણી જરૂરિયાતની વીજળી આપણે પેદા કરીએ અને આપણે વાપરીએ અને ખેડૂતોને અપાતી હોય તો એનું અમે જરૂર સમર્થન કરીએ. આ ગ્રીન સેસ જે લેવાશે અને સરકારની તિજોરીમાં આવશે પણ એ આ જ્યાંથી વીજ થાંભલા પસાર થશે એ ખેડૂતોને એનું વળતર તરીકે કંઈ આપવા માટેની કોઈ વાત માનનીય મંત્રીશ્રી કરશે?

માનનીય અધ્યક્ષશ્રી, બીજું આ કચ્છના દરિયા કિનારે આયાતી કોલસાના આધારે વીજ મથકો ઉભા થાય અને એને કારણે ઉષ્ણતામાન જે વધે અને એને કારણે દરિયાઈ જીવસૃષ્ટિનો નાશ થાય છે. હું તો અહિંસામાં માનુ છું એટલે જે હકીકત છે એ મારે આ સન્માનીય ગૃહમાં કહેવી પડે છે. શ્રેષ્ઠ માછલીઓ કહેવાય વિશ્વની અંદર એમાંની કાલુ માછલી કહેવાય છે એ માંડવીથી મુન્દ્રાના દરિયા કિનારા વચ્ચે જ પેદા થાય છે અને બીજે આ દેશમાં આંધ્રપ્રદેશના દરિયા કિનારે પેદા થાય છે બીજે ક્યાં પેદા થતી નથી. આ કાલુ માછલીની ઉત્પતી અને એનું પ્રજનન છે એ પાવર સ્ટેશનની ઉર્જા ઉત્પન્ન થતા જે ગરમી વધશે એને કારણે આ દરિયાઈ જીવસૃષ્ટિ નાશ પામી જશે. એટલા માટે કહું છું કે આ વીજળી ઉત્પાદનમાં આપણે મોખરે છીએ પણ આ વીજળી ઉત્પન્ન કરીએ એ આપણી જરૂરિયાત પુરતી કરીએ અને ખેડૂતોને આપવાની કોઈ વાત હોય તો બરાબર છે પણ એ વાત તો આમાં ક્યાય નથી કરી કે ખેડૂતોને આમાંથી આટલા ટકા વીજળી કૃષિ માટે આપીશું. આપણે વાત એવી કરીએ કે આ જે વીજ ઉત્પાદન થશે એ છેક હરિયાણા-દિલ્હી સુધી આ વીજળી જવાની છે. એમણે એના સમર્થનમાં એમ પણ કહ્યું કે, મધ્યપ્રદેશમાં કોલસો પેદા થાય છે એના ઉપર પાંચ ટકા ટેક્સ એ કોલસા ઉપર લગાડે છે. કોરબામાં કે ત્યાં આપણે કંઈ પાવરસ્ટેશન કરવાના હતા એની અંદર એ રાજયોએ કોઈ આવો ટેક્સ નાંખ્યો હોય એનું કોઈ ઉદાહરણ આપી શકયા નથી.માનનીય અધ્યક્ષશ્રી, અમારે રોજની આ ખેડૂતોની વાત આવતી હોય છે. પહેલા એક થાંભલો ઉભો કરવા માટે ૩૦ હજાર રૂપિયાનું વળતર આપતા હતા. પછી તત્કાલિન સચિવ શ્રી જગદીશન આવ્યા અને એમણે જોયું તો એમણે ૧ લાખ રૂપિયા કરવા જોઈએ એવી બધાની વચ્ચે સર્વસંમતિ મેળવેલી. એમાં જે કંપનીઓ આ વીજ પરિવહન કરતી, એમાં કેન્દ્ર સરકારની કંપની હોય પી.જી.બી.સી.એલ. હોય કે અદાણી ગૃપ હોય, પણ ખેડૂતોને આજે પણ એ વિટંબણા છે કે થાંભલા ઉભા થઈ જાય, એનો ઉભો મોલ જે છે, એમાં પાકનું નુકસાન થાય એના પૈસા ચૂકવાય નહીં અને આપણે વિકાસની વાતોના કોલર ચડાવીએ કે ગુજરાત વીજળી પેદા કરે છે અને ગુજરાતની વીજળી જે છે એ બીજા રાજયોમાં જઈને સિદ્ધિ મેળવવાની આપણે વાતો કરીએ છીએ. એટલે આ ખેડૂતોની જે મુશ્કેલીઓ છે, એટલા માટે એકાદ મિટિંગમાં આ કંપનીની સાથે ચર્ચાની અંદર મને મનમાં એક વાત ઉદ્ભવેલી અને મેં એને પૂછયું કે જે વિસ્તારમાંથી વીજળી જતી હોય અને એ જેની જમીનમાંથી જતી હોય એનું જેટલા હોર્સપાવર વીજળી જતી હોય એ પ્રમાણેનું વળતર આપવાની વાત મને ઉદ્ભવી છે, એ વાત તમે વિચારશો ખરા? તો કહે કે હા, અમેરિકામાં આ પદ્ધતિ છે. હવે જો અમેરિકામાં આ પદ્ધતિ હોય તો આપણે કેમ ન અપનાવી શકીએ? અને રાજય સરકાર આવી પદ્ધતિ જયાં હોય, કેન્દ્ર સરકારમાં હોય તો ત્યાં પણ સુધારો કરવાની વાત કરે તો અમે એને સમર્થન આપીશું. કારણ કે ખેડૂતોની મહામૂલી જમીન જે છે, એમાં નર્મદાનું અને સિંચાઈનું પાણી આવવાનું છે. આ વિસ્તારમાં આ થાંભલાઓ ઉભા કરીને વીજળી લઈ જવાતી હોય અને મારા વિસ્તારમાં કચ્છમાં વિકાસ મુંદ્રામાં થાય અને એની વરવી બાબતો હોય, એનું આઉટપૂટ જે હોય એ મારે ત્યાં નાંખીને ગંદકી કરવામાં આવે. એટલા માટે ત્યાં જે ગરીબ ખેડૂતો છે એમને વળતર આપવાની વાત હોય એમાં માનનીય મંત્રીશ્રી આ ગ્રીનસેસ નાંખતા પહેલા ગ્રીનસેસ જેમની પાસેથી વસૂલ કરવાના છે એ વીજ ઉત્પાદકો પાસેથી આ ટેકસ વસૂલ કરી અને એમાં પણ પોતાનું કોઈક યોગદાન આપવાની વાત કરતા હોય એવી વાત મારે આપના મારફતે રજૂ કરવાની છે.

માનનીય અધ્યક્ષશ્રી, બિલ ઉપર તો વિસ્તૃત રીતે જેટલું બોલવું હોય તેટલું બોલી શકાય, પણ મર્યાદિત સમયની પાબંધી છે અને એટલા માટે કે કચ્છના દરિયા કિનારે આયાતી કોલસા આધારિત વીજ ઉત્પન્ન થાય,

ભારત સરકારના પણ ૪ હજાર મેગાવોટ જે છે એના ઉપરાંત કેપ્ટીવ પાવરનો કાયદો જે આપણે અગાઉની સરકારો વખતે કરેલ હતો. ૬૦ મેગાવોટ સુધીનો જે પાવર પેદા કરશે એને આપણે સવલતો આપેલ હતી કે પાવર પોતે ઉપયોગમાં લીધા પછી એ કેપ્ટીવ પાવર બીજાને વેચી શકશે. આ પાવર આપણે આપણા ગ્રીડની અંદર લઈએ છીએ અને એના સિવાય પણ જે પરંપરાગત સ્ત્રોતો સિવાયના વૈકલ્પિક સોલાર એનર્જી કે વીન્ડ એનર્જી હોય એ પણ ઉત્પન્ન થઈને કચ્છ અને પાટણ અને બનાસકાંઠા, ખૂબ મોટો એનો સ્કોપ છે. જામનગર જિલ્લામાં પણ જે પવનની ગતિ આવતી હોય છે એના કારણે ત્યાં પણ વીન્ડ મીલ્સનું પ્રમાણ છે અને બની શકે ત્યાં સુધી પર્યાવરણને નુકસાન ન થાય એ પ્રકારની વીજળીનું ઉત્પાદન થતુ હોય તો જે રીતે કચ્છના અખાતમાં એની ભરતીના મોજામાંથી વીજળી પેદા કરવાની હમણા કંઈ વાત થાય છે, પણ એ બહુ નાનું છે. માધવસિંહજી સોલંકીની સરકાર વખતે કેન્દ્ર દ્વારા ઓશિયાનિક વિભાગ દ્વારા સંશોધન થયેલું એ પ્રમાણે ૮૦૦ મેગાવોટ વીજળી કચ્છ અને સૌરાષ્ટ્રના અખાત વચ્ચે દરિયાના મોજામાંથી થઈ શકે તેવું છે. એનો વિચાર કરો તો ગ્રીનસેસ લેવાની જરૂર જ ના પડે. આ દેશની અંદર એક વખત આપણે પર્યાવરણને કરીએ અને એ પર્યાવરણને જાળવવા માટે જે ટેકસ નાંખવાની પદ્ધતિ છે. પર્યાવરણની જાળવણી માટે આમાંથી કેટલું ખર્ચ કયાં થશે, કોને આપવામાં આવશે એની પણ વિસ્તૃત સ્પષ્ટતા આપે કરેલ નથી. પરંતુ મેં કહયું તેમ આ ગ્રીન સેસ લો એમાંથી ખેડૂતોને કોઈ કોમ્પનસેશન કરવા માટે જયારે આ વીજળી જતી હોય અને વીજ વાહકો જતા હોય અને વીજ પવાહના કારણે વાતાવરણ ઉપર પણ એની એક અસર થતી હોય છે. આજે અમને એમ કહેવામાં આવે છે કે જેટલી વીજ પેદા થઈને કચ્છમાંથી બહાર જાય છે અને જે અમારો બાગાયતી વિસ્તાર હતો એ નાળિયેરનું પાણી આજે ચોથા ભાગનું થઈ ગયું છે અને હું આ જે વાત કરી રહ્યો છું એ સાંભળીને કાઢી નાંખવા જેવી વાત નથી. જે વિસ્તારમાં આ ઉર્જા ઉત્પન્ન થતી હોય અને એના કારણે પર્યાવરણને નુકસાન થતું હોય તો એની ઉપર લોકોની રજૂઆત આવતી હોય એની ઉપર સરકારે વિચાર કરવો જોઈએ કારણ કે સરકાર એ તો મા-બાપ છે અને એટલે સરકાર પાસે જે રજૂઆત થતી હોય એના ઉપર વિશેષ જવાબદારી આ ટ્રેઝરી બેચની સત્તાધારી પક્ષની છે કે જે તે વિસ્તારના લોકોને પરંપરાગત રીતે રોજીરોટી મળતી હોય એ માછીમારો હોય કે ફળઝાડની ખેતી ઉપર નભતા હોય એ લોકો હોય કે જે વિસ્તારમાંથી આ વીજ રેસાઓ પસાર થતા હોય ત્યાં એનાથી ખેતીને નુકસાન થતું હોય તો એમને પણ પૂરેપૂરું વળતર મળે એ વાત મારે આપશ્રી મારફતે કહેવાની છે. પરંતુ સાથે સાથે મંત્રીશ્રી આ જે મેં વાત કરી એમાં હકારાત્મક વાત કરશે તો અમે કરીશું એમ નહીં, પરંતુ તમે શું કરવા માગો છો એની સ્પષ્ટતા કરે એટલું જ કહેવા માગું છું.

**શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર(મહુધા)** : માનનીય અધ્યક્ષશ્રી,જે આ કંપની ઉપર વેરો નાંખવામાં આવે છે એ ભાઈ, જરા ઓછો કરો અને લોકોને વીજળી સસ્તી મળે અને વધુ વધુ પાવર સ્ટેશના`વીજ કંપનીઓ તરફથી ઉભા કરો અને નહેરોમાંથી પણ જે ગેટ હોય છે ત્યાં પણ વીજળી ઉત્પન્ન થાય એવું છે. હું એના એકાદ બે દાખલા બતાવું કે આ વીજળી કઈ રીતે ઉત્પન્ન થાય છે. હું તો એટલો બધો ભણેલો ગણેલો નથી (અંતરાય) વધુ વીજળી ઉત્પન્ન કરો તો આ કર નાંખવા નહીં પડે. વીજળી એ આજે જરૂરિયાતની વસ્તુ છે અને એ ખેતી અને ઉદ્યોગ બન્ને બાબતમાં કામ આવે છે એટલે ખાસ એ કરવા જેવું છે કે બીજા રાજયોમાં આપો છો એના બદલે ગુજરાતના ખેડૂતોને આપો ને અને માનનીય સૌરભભાઈને કહી કહીને થાકયા કે નાના અને સીમાંત ખેડૂતોને આપો. નાના ઉદ્યોગોને આપતા હોય અને બીજા વેરા લો છો. એ નાબૂદ કરો ભલે મોંઘી પડતી હોય, પરંતુ એ કાંઈક સારું કરવા માટે મોંઘું પડે છે તો આ બધા વેરા બંધ કરી દો. આજે ખેડૂતોને આઠ કલાક વીજળી આપવાની વાતો કરો છો, પરંતુ ખેડૂતોને આઠ કલાક વીજળી મળતી નથી, ફકત છ કલાક જ વીનળી મળે છે અને તમે ઉદ્યોગોને આપો છો એના કરતાં ખેતીને આપો તો ખેતી એ આગળ વધે એવી છે આ કંપનીઓ કરતાં કારણ કે આજે ૭૦ ટકા ખેડૂતો એ ખેતી :ઉપર નભે છે અને આખું ગુજરાત ખેતી ઉપર નભે છે ત્યારે ખેડૂતો અનાજ પકવશે તો તમારે અનાજ બહારથી લાવવું નહીં પડે અને એ અનાજ અહીં પાકેલું સસ્તું પડશે અને રાજયને નફો થશે અને આ મોંઘ ıવારી તો તમારા લીધે વધી છે. તમે આ મોંઘવારી માટે કેન્દ્ર સરકારનો વાંક કાઢો છો, પરંતુ તમે જ આ મોંઘવારી વધારી છે. તમે આ રાજયમાં કંટ્રોલ કરતા નથી અને મોંધવારની વાતો કર્યા કરો છો. એટલે આ વીજળી માટે તમારે બીજાં વધારાનાં સબ સ્ટેશનો ઉભાં કરો તો વીજળી સારી રીત મળશે અને આ વીજળી જે મેં અગાઉ કહ્યું તેમ જે નહેરો ઉપર ગેટ મૂકાય છે એમાંથી પણ ઓછા ખર્ચે વીજળી ઉત્પન્ન થાય અને એમાં બળતણ પણ ના જોઈએ. આજે આ વિજ્ઞાન અને ટેકનોલોજી આટલા બધી આગળ વધી છે ત્યારે આપણે બીજા દેશો કરતાં પાછળ છીએ એટલે એ આપણે કરવાની જરૂર છે અને બે હોર્સ પાવરની મોટર જો આ નાના અને સીમાંત ખેડૂતોને અપાય તો મારે માનનીય મંત્રીશ્રીને અને મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણીને કહેવું છે કે ૫૦ ટકા રોજગારી તો એમાંથી ઉભી થઈ જશે. નોકરી કરતાં એ આગળ જશે, શિક્ષકના પગાર કરતાં એ આગળ પડશે. બે ત્રણ ગાય અને ભેંસ રાખે અને બે હોર્સ પાવરની મોટર હોય તો એમાંથી એ અનાજ પકવી, ઘાસચારો પકવે અને આ રીતે પશુધન રાખીને એ સારી એવી કમાણી કરી શકે અને પોતાનું ગુજરાન કરી શકે અને અમે જયારે સત્તા ઉપર આવીશું ત્યારે અમે તો આ બધું મફત કરી દઈશું.અમે તો વગર પૈસે કરવાના છીએ, એક રૂપિયો ચાર્જ નહીં ખેડૂતો પાસેથી બે એચ.પી.ના. અને અમે આ પાળવાના છીએ એ સમજી લો તમે, તમે લખી રાખો, અમે ચૂંટણી ઢંઢેરામાં બોલવાના છીએ, એ તમારાથી નહીં થાય, અમે જે કરીએ છીએ તે તમારાથી નહીં થાય, આ કહી દીધું, અને તમે કહો છો કે

અમે આ કરી દીધું, પણ તમારા વહીવટમાં બરકત નથી, જો બરકત હોય તો છ કલાક જ ખેડૂતોને વીજળી મળે છે એ કેમ બાર કલાક કરતા નથી, શંકરસિંહભાઈના વખતમાં અને માધવસિંહભાઈના વખતમાં ૧૪ થી ૧૫ કલાક વીજળી ખેડૂતોને આપવામાં આવતી હતી. તમે કહો છો કે ગોળીબાર થયો, પણ ગોળીબાર તો તમે કરાવ્યો, તમારા વાંકે ગોળીબાર થયો હતો, એટલે તમે જે કહો છો તે બધી વાત સાચી નથી. મુખ્ય મંત્રીશ્રીને અમે વિનંતી કરી કે આ ડાર્ક ઝોન કાઢી નાખો, આખા રાજયમાં કેટલાય વિસ્તારો તાલુકાઓમાં ડાર્ક ઝોન છે. એ તમારે કરવાનું છે, તમે કહો છો કે કેન્દ્ર સરકારનો વાંક છે. પણ કેન્દ્રસરકારનો શું વાંક છે? તમારો જળ સંપત્તિ વિભાગ અભિપ્રાય આપે કે પાણી ઉપર છે તો ડાર્ક ઝોન નીકળી જાય. પણ તમારે કરવું નથી. અને નીતીનભાઈ તો બસ ટોન્ટ માર્યા કરે છે. મોટી ખેતી તો પાટીદારો પાસે છે. અમે ક્ષત્રિય પાસે તો નાના નાના નંબરો બે વિઘા, પાંચ વિઘા કે દસ વિઘા છે, વધુમાં વધુ તો તમે ખાતેદારો મોટા છો દિલીપભાઈ સંઘાણી છે, નીતિનભાઈ પટેલ એ મોટા ખેડૂત છે. એટલે તમે ખેડૂત માટે એમ કહો છો કે અમે ખેડૂતના હામી છીએ, પણ વીજળીમાં તમે જે ટેકસ નાખો છો તે બિલકૂલ કાઢી નાખો, તમે બીજા ખોટા ખર્ચા કરો છો, મેળા-ફેરા કરો છો, ઉતસવો કરો છો, તો એના કરતા આમાં કંઈક કરો લેખે લાગશે. અને તમારી પોલ તો લોકો જાણી ગયા છે.લોકોને તમે જે વચન આપ્યા છે તે પુરા કરતા નથી. કાગળ ઉપર લખો છો કે આટલા રૂપિયા અમે મંજૂર કર્યા, આટલું આ કર્યુ, વજુભાઈ તો બહુ સ્ટ્રીકટ વાત કરે છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય નટવરસિંહભાઈ, હવે બિલ ઉપર આવી જાઓ.

**શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર** : હું બિલ ઉપર જ બોલું છું. ગ્રીન સેસ વીજળી પેદા કરવા માટે છે, તે કંપનીઓ ઉપર નાખવા માટેની દરખાસ્ત લઈને આવ્યા છે તે બંધ કરો. જો વધુ વીજળી ઉત્પન્ન થશે તો ગુજરાતનુંસારું થશે. તમે બહુ વેરા લેશો તો કંપનીઓને તે નહીં પોષાય. એટલે કંપનીઓ ઉપર વેરા બંધ કરો, મંત્રીશ્રી કહે છે કે બીજા રાજયોમાં વીજળી વેંચાય છે. તો વીજળી વેંચવાનું બંધ કરો, વજુભાઈ સાહેબ તો કહે છે કે અમારી પાસે બહુ વીજળી છે. જો બહુ પ્રમાણમાં વીજળી હોય તો ખેડૂતોને આપવામાં તમને કયાં વાંધો આવે છે ? શું ચૂંક આવે છે? એટલે વીજળીના સસ્તા દર હશે તો ખેડૂતોને લાભ થશે, ખેડૂતો આબાદ હશે તો રાજ આબાદ થશે. કંપનીઓને તો ખોટ પણ જાય. કંપનીઓ ચાલે નહીં પણ ખેડૂતોને વીજળી આપો તો ખેડૂતો છે તે કંપની જ છે. અને વીજળી પુરતી મળતી હોય તો ખોટ જતી નથી. એટલે ખેતીમાં ૨૪ કલાક ન આપો તો કંઈ નહીં પણ ૧૬ કલાક તો વીજળી આપો. વેરો લેવો હોય તો વેરો લો પણ તમે આ કરો. બહારના રાજયમાં શું કામ આપો છો. ગુજરાતની પ્રજાને સસ્તી વીજળી આપો, ટેકસ ઉપર ટેકસ નાખો અને કમ્મર તોડી નાખો છો ભાઈ, આ કમ્મર ન તોડો મારા વીરા. એટલે કમ્મર તોડો નહીં અને ખેડૂતો અને કંપનીઓને સસ્તી વીજળી આપો, તમે કહો છો કે બહુ વેરો લેતા નથી, આમ કરીએ છીએ, તેમ કરીએ છીએ, પણ ખરેખર બીજા રાજયો કરતા વધુ વેટ આપણે ત્યાં છે. આપણે ત્યાં વેટ વધારે છે. બીજા રાજયોમાં આટલો બધો નથી. માટે વેટ ઓછો કરો અને ખેડૂતોને સુખી કરો તેવી મારી વિનંતી છે. નહિતર પછી અમે ૨૦૧૨માં પાછા આવવાના છીએ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા(પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નટવરસિંહભાઈએ આ બિલ ઉપર ઘણી વાતો કરી છે. હું સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૨૦ ગુજરાત ગ્રીન સેસ વિધેયક ઉપર મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું. માનનીય નટવરસિંહભાઈએ તો બધા મિત્રોને સમજણ પડે એવી ભાષામાં વાત કરી. તેમ છતાં મારી વિનંતી છે કે આપ વજુભાઈ, સૌરભભાઈ અને દિલીપભાઈ અને હવે નીતિનભાઈનો પણ સમાવેશ કર્યો છે. આ ચારેય મિત્રોનો આખોય દિવસ નટવરસિંહભાઈ ક્લાસ લઈ લે તો પછી આ બિલ લાવવાની જરૂર નહિ પડે. આખો દિવસ તમે એમની પાસેથી શીખ્યા હોત તો આ ગ્રીન સેસ વિધેયક લાવવાની જરૂર ન પડત. (અંતરાય) અમે તો એનું માનીએ છીએ.

**શ્રી વજુભાઈ વાળા** : તમે એમની પાસેથી શું શીખ્યા?

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : અમે તો શીખીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રીને પણ સમજાણું કે બધાને શિખામણની ખાસ જરૂર છે એટલે માનનીય નટવરસિંહભાઈને બોલવાની તક આપી. આપને મારું સૂચન છે કે ચારેય જણાયે નટવરસિંહભાઈ પાસેથી ક્લાસ લેવાના. (અંતરાય) તમારામાં થોડી સમજણ હોય તો શીખવા જેવું ઘ ણું હતું.

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ, આપ બિલ ઉપર આવી જાવ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** :માનનીય નટવરસિંહભાઈ સમજણવાળા માણસ છે, એમણે હળવી ભાષામાં વાત કરી છે પરંતુ તમે એમની વાત ગંભીરતાથી લેજો.

આ ગ્રીન સેસ બિલ લઈ આવવાની જરૂર શા માટે પડી? એક તરફ આપણે એમ કહીએ છીએ કે ફયુઅલના ભાવ વધે છે, કોલસાના ભાવ વધે છે. માનનીય મંત્રીશ્રીને બહુ સારી રીતે અસત્યને શુગર કોટેડ બનાવીને એને સત્યના સ્વરૂપમાં રજૂ કરવાની બહુ સારી આવડત છે. એટલે દરેક વખતે એવી વાત કરે છે કે ફયુઅલ એડજેસ્ટમેન્ટ કોસ્ટ છે આપણે ત્યાં એના કારણે વીજળીનો ભાવ વધારો શા માટે થાય, ફયુઅલ એડજેસ્ટમેન્ટ કોસ્ટ અંગે તમે શા માટે સંમત થયા? જ્યારે ગુજરાત વીજ નિયમન પંચ પાસે ગયા ત્યારે ફયુઅલ એડજેસ્ટમેન્ટ કોસ્ટ,તમે વરસ આખરે ભાવ વધારો એનો વાંધો નહિ પરંતુ દર મહિને ફયુઅલ એડજેસ્ટમેન્ટ કોસ્ટ

આવી જાય, દર ત્રણ મહિને એની ફોર્મ્યુલા આવી જાય એવું શું કરવા? બીજી કોઈ જગ્યાએ આવી વ્યવસ્થા છે નહિ. વરસ આખરે તમારે જેના જેના ઈનપુટ ભાવ વધે એના ઉપર ગયા હોત તો ગ્રાહકો ઉપર બિનજરૂરી બોજો વધ્યો નહોત. વારંવાર રજૂઆતો કરવામાં આવે કે કોલસાના ભાવ વધે એટલે વીજળીમાં વધે. કોલસાના ભાવ આજે વધ્યા, એન.ડી.એ.ની સરકાર શાસનમાં હતી ત્યારે કોલસાના ભાવ ફ્રીઝ કરી દીધા હતા. એક રૂપિયો વધવા નહોતો દીધો તમે એમ કહો કે વીજળીના ભાવ એટલા માટે વધે છે કે અમારે દૂરથી કોલસો લઈ આવવાનો છે, ભાઈ ગાંધીનગરમાંથી આપણા સંસદસભ્ય ચૂંટાઈને ડૅપ્યુટી પ્રાઈમિનિસ્ટર થયા હતા એ વખતે આ ફોર્મ્યુલા કેમ બદલાવી નહિ. અહીંયા પણ તમે હતા અને ત્યાં પણ તમે હતા. પરંતુ આ રામ મંદિર જેવું છે, અમે આવીએ ત્યારે અમારા એજન્ડામાં નહિ તમે આવો ત્યારે અમારો એજન્ડા તમારે અમલ કરવાનો. આ જે માનસિકતા છે એમાંથી બહાર આવી જવું જોઈએ. વાસ્તવિકતા એ છે કે છ મહિનાની અંદર ફયુઅલના જે ભાવ હતા ક્રુડના એ ૫૫ ડોલરમાંથી ૧૧૦ ડોલર થઈ ગયા, એના ઉપર તો આપણો કોઈનો કન્ટ્રોલ નથી. અને એના કારણે ડબલ ભાવ થયા તો એનો મતલબ એવો નથી કે ભારત સરકારે કે કંપનીઓએ એના ભાવ એટલા વધાર્યા છે. જે ભાવ વધે છે એની અંદર આજે પણ ૮૦,૦૦૦ કરોડ રૂપિયાની ખોટ ભારતની ઑઈલ કંપનીઓ ખાય છે. તો તમારી ફરજ છે કે જેમ ત્યાં થોડું નુકસાન ભોગવી અને ભાવને થોડા સ્થિર રાખવા માટે, ભાવ ન વધે એવું તો છે નહીં, પણ તેના માટેના પ્રયાસો કર્યા તો તમે પણ આ વખતે વીજળી ઉપરનો જે ટેક્સ છે એ ઘટાડી શક્યા હોત કે નહીં, અમારે રાહત આપવી છે પણ એમાં તમારે રાહત નહીં આપવાની. ઉલટાનું પર્સન્ટેજવાઈઝ છે એટલે વીજળીના ભાવ વધે તેમ તમારે વધારતા જવાના અને વધારામાં બોનસમાં ગ્રાહકો પાસેથી ગ્રીન સેસના નામે ફરીથી બે પૈસા વધારી દેવાના. એમ કહે કે આને તો જે વેચનાર છે તેની પાસેથી લેવાના છે. પણ વેચનાર કોઈ દિવસ પોતાની પાસે રાખતો નથી. એ બોજો તો આખરે ગ્રાહકો ઉપર નાખે છે અને એમ કહે છે કે આ તો બીજા રાજયોની વીજળી અમે આપીએ એટલા માટે અમારે એ લેવો પડે છે. આજની તારીખમાં બીજા રાજયોની વીજળી કેટલી આપો છો. પાંચ ટકા વધારે કદાચ આપતા હશો. તમે જે પબ્લિક સૅક્ટર યુનિટો છે કેન્દ્ર સરકારના એની પાસેથી સસ્તા ભાવે વીજળી લો. પ્રાઇવેટ કંપનીઓ પાસેથી મોંઘા ભાવે વીજળી લો અને આ વીજળી ખેડૂતોને આપવાને બદલે બીજા લોકોને વેચી દો. અમારી માગણી છે અને તમારા ધારાસભ્યોની માગણી છે, હિંમત ભલે ન હોય પણ એની માગણી છે કે આઠ કલાક નહીં અમારે ૧૨ કલાક વીજળી જોઈએ છે. ડાર્કઝોનમાં તમે ૨૦૦૩ સુધી તમારી જ સરકારે કનેકશનો આપ્યા. વચ્ચે તમે બંધ કરી આપ્યા હતા. શંકરસિંહ વાઘેલાની સરકાર આવી, એમણે શરૂ કર્યું. તમે ૨૦૦૩ સુધી શરૂ રાખ્યું. પણ એના પછી તમે બધાએ બંધ કરી દીધું. ડાર્ક ઝોનમાં વીજળીમાં જે કનેકશનો આપો તેમાં તમને રૂરલ ઈલેકટ્રીફીકેશનના પૈસા ન મળે એ સ્વાભાવિક છે તો એ વખતે શંકરસિંહ વાઘેલાની સરકાર હતી એણે કહ્યું કે ભલે એમ ત્યાંથી ન મળે, ૧૦૦ કરોડ રુપિયા અમે વધારે આપીશું. પણ એમાં તમારે નથી આપવું અને આ ગ્રીન ટેક્સના નામે પ્રજા પાસેથી પૈસા ઉઘરાવી લેવાની વાત તમે કરો છો.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રીન ટેક્સની વાત એવી થાય કે અમે બિન પરંપરાગત ઉર્જાઓ છે. તે સ્ત્રોત વિકસાવવા માટે અમે એનો ઉપયોગ કરવાના છીએ. બિન પરંપરાગત સ્ત્રોતો વિકસાવવા એ આપણી રાષ્ટ્રીય ફરજ છે એમાં કોઈ શંકાને સ્થાન નથી. ભારત સરકારે પણ કહ્યું છે કે વિકસાવો તમે. એના માટે પ્રોત્સાહન આપો. પ્રોત્સાહન નીતિઓ પણ બહાર પાડેલી છે. એટલા માટે આપણે ત્યાં પેટ્રોલમાં ૧૦ ટકા શેરડીમાંથી બનેલો જે મીથેનોલ છે જે ગ્રીન પેટ્રોલ છે એ વાપરવાનું ફરજીયાત કર્યું. કંપનીઓ તેના માટે પૉલિસી નહોતી બનાવતી. તેના માટે ગુજરાતના અને મહારાષ્ટ્રના બધા જ શેરડીના કારખાનાવાળાઓને આદરણીય અહેમદભાઈ પટેલે સાથે લઈ અમે બધા મુરલી દેવરાને મળ્યા. અને એને કારણે ગુજરાતની માત્ર ખાંડ મિલોને અઢીસો કરોડ રૂપિયાનો ફાયદો થયો. એ ફરજીયાત કરાવ્યું કે ના, તમારે ખરીદવું પડે. એમાં ભારત સરકારે કોઈ દિવસ એમ ન કહ્યું કે ના અમે પેટ્રોલ ઉપર ગ્રીન સેસ નાખીશું. કારણ કે જે ગ્રીન પેટ્રોલ છે, ખેડૂતો પાસેથી આપણે લઈને વાપરીએ છીએ. એ મોંઘ ું મળે છે એટલા માટે. એણે કહ્યું કે કંપનીઓએ ખર્ચ ભોગવવો પડે. આ પણ તમે એમ કેમ ન કહી શકો કે ગુજરાતમાં જે મોટા ઉદ્યોગપતિઓ અત્યારે કમાણી કરવા માટે વીજળીના જનરેશન માટેના યુનિટો સ્થાપે છે એના માટે એને કહી દેવું જોઈએ કે તમારા નફામાંથી તમારે એ સૌર ઉર્જા હોય, વિન્ડ ઉર્જા હોય કે બીજી જે બિનપરંપરાગત ઉર્જા છે એ ઉર્જા તમારે એના પ્રમાણમાં ૧૦ ટકા તમારે ઉત્પાદન કરીને ગ્રીડમાં આપવી પડશે. તો તેમાં એમ કહેવાય કે એને નુકસાન જાય એટલા માટે નહીં. એને નુકસાન સરભર કરવા માટે તમે બે પૈસા ગ્રીન સેસ લઈને આવ્યા છો. એમાં કોઈ દિવસ સંમત થઈ શકાય નહીં. જે રીતે ભારત સરકારની પૅટ્રોલિયમ કંપનીઓને ૧૦ ટકા બિન પરંપરાગત પેટ્રોલ ભેળવવા માટેનો કાનૂન બનાવીને ફરજ પાડવામાં આવી છે એની જેમ આપે પણ આ જે બિનપરંપરાગત ઉર્જા છે એ ૧૦ ટકા, ૧૫ ટકા કે ૨૦ ટકા જે ધોરણ નક્કી કરો, એણે એટલી ઉર્જા ઉત્પાદન કરી,અને આપણી ગ્રિડમાં આપવી જોઈએ. એ કાનૂન લઈ આવવાની જરૂર હતી. એ નહીં. એને કમાવા દો. પણ ગુજરાતની પ્રજાને બે પૈસા ગ્રીન શેષ આપવી પડે અને આ ઊર્જા વિકસાવવા માટે આ ચલાવી લેવાય નહીં અને અમસ્તા વીજળીના યુનિટો છે, સિમેંટના યુનિટો છે. માનનીય બાબુભાઈએ સાચી વાત કરી. સૌથી વધારે પોલ્યૂશન કરતા હોય અને પર્યાવરણને નુકસાન કરતા હોય તો એ આપણે ત્યાં થર્મલ પાવર સ્ટેશનો અને સિમેંટના યુનિટો છે એ કરે છે. ગાંધીનગરમાં આપણે રહીએ છીએ અને આજે કેપિટલ હોવા છતાં અને આપણું પોતાનું

યુનિટ હોવા છતાં આ ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશનમાંથી જે કોલસી ઉડે છે એનાથી ગાંધીનગરની પ્રજાને આપણે મુકિત અપાવી શકતા નથી. ગ્રીન સીટી હોવા છતાં પણ આપણે એને ફરજ પાડી શકતા નથી. આપણા યુનિટોને ફરજ પાડી શકતા નથી તો જે મોટા ઉદ્યોગગૃહો છે એ પર્યાવરણના નિયમો છે એનું પાલન કરવાના નથી અને કોઈ કરતા પણ નથી અને એટલા માટે આ ગ્રીન શેષ જે હેતુ માટે લઈ આવ્યા છો એ ફળીભૂત થવાનો નથી. પર્યાવરણ જાળવવાની ઇચ્છા શકિત હોય તો આની પહેલાંની વિધાનસભામાં પણ મેં વાત કરી હતી કે, આપણી વીજળીની જે લાઈનો છે એમાં ખાસકરીને ૪૪૦ કેવી અને ૧૧ કેવીની લાઈનો લગભગ રોડ ઉપરથી પસાર થાય છે. એ રાઈટ ઑફ યુઝ છે એ રોડની બિલ્ડીંગ લાઈન પછી આપેલ છે. રોડની બન્ને બાજુ વૃક્ષારોપણ કર્યું છે. વીજળીની લાઈનો રાઈટ ઑફ યુઝની જગ્યાએ રાખ્યા છે એ આપણી નજરમાં કણાની માફક ખૂંચે છે. રોડના બંન્ને કાંઠા ઉપર થાંભલા હોય જ્યાં ઝાડ પણ હોય. એ ઝાડને કાપીને ત્યાં લાઈન નાખી દીધી હોય અને ત્યાં થાંભલો નાખ્યો હોય એટલે એનો દેખાવ એટલો વલ્ગર લાગે છે. આ આપણા હાથની વાત છે. પર્યાવરણને નુકસાન થાય તે રીતે થાંભલો ન રોપવો જોઈએ અને એમાં આપણે કાંઈ કરવાનું નથી. અહીંથી ડાયરેકટીવ્ઝ જવું જોઈએ. આ રાઈટ ઑફ યુઝની વાત છે. માત્રને માત્ર બે ટકા શેષ થોડાક લોકોને ખુશ કરવા માટેની વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, સોલાર યોજના હોય, વિન્ડ મિલ હોય એની બેલેન્સ શીટ ચેક કરવાની જરૂર છે. મંત્રીશ્રીએ કહ્યું છે કે, સોલાર અને વિન્ડ મિલની અંદર જે કંપનીઓ પડેલી છે અને વીજળીના ઉત્પાદનની અંદર જે કંપનીઓ પડેલી છે એના ઓફિશિયલ નફાની વાત નથી કરતો. બેલેન્સ શીટમાં બતાવેલ નફો છે એ કેટલો નફો કમાય છે એ જોઈએ તો એ માત્ર બે-ચાર વર્ષના ગાળામાં મલ્ટીનેશનલ કંપનીની હરોળમાં આવી જાય એટલો નફો એ કમાય છે. એના નફા ઉપર આ ગ્રીન શેષ લગાવી હોત તો આપણું જે ભરણું છે એ રૂ.૫૦૦/- કરોડ છે એના બદલે રૂ.૫૦૦૦/- કરોડ ભેગું થઈ શક્યું હોત. ગુજરાતના ગ્રાહકો પાસેથી ભરવાની એ વાતમાં સંમત થઈ શકાય નહીં. એટલા માટે હું આ બિલ ઉપર સંમત થઈ શકતો નથી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહીલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે વિધેયક લઈને આવ્યા છે એના ઉદ્દેશો અને કારણો હું ધ્યાનથી વાંચતો હતો.

માનનીય અધ્યક્ષશ્રી, ઉદેશો અને કારણો એ પાર્ટમાં ખાસ કરીને માનનીય નાણાં મંત્રીશ્રીએ જાહેરાત કરી હતી કે રૂ.૨૪૪/- કરોડ મને આ ગ્રીન શેષમાંથી મળશે. બે પૈસા ગ્રીન શેષ નાખવાની દરખાસ્ત હું લાવ્યો છું. આ માનનીય નાણામંત્રીશ્રીનું અંદાજપત્ર પ્રવચન-ખ એનો આધાર લઈને આ બિલ લાવવામાં આવ્યું છે. હું એ પછી બિલનું પ્રોવિઝન જોતો હતો. સેકસન-૩ જે વિધેયકની છે એમાં જો આજે સરકાર બે પૈસાની વાત લઈને આવી હોતને તો કદાચ objects & reasons એ justify થાત કે નાણામંત્રીશ્રી એમના પ્રવચનમાં પ્રતિ યુનિટ બે પૈસા ગ્રીન સેસ નાંખવાનું કહ્યું છે અને સેકસન-૩માં બે પૈસા ગ્રીન સેસનો હું અધિકાર આપું છું. અહીંયા એવું નથી. સેકસન-૩ power per unit ૨૦ પૈસા મહત્તમ સુધી આવી ગ્રીન સેસ નાંખી શકશે. આ વિધાનસભા ગૃહ છે એ સર્વોપરી છે. On one hand your objects and reasons says કે આ બિલ લાવવાનું કારણ નાણામંત્રીશ્રીનું બજૅટ પ્રવચન-ખ ભાગમાં બે પૈસા ગ્રીન સેસ. આજે આપ મહત્તમ સત્તા વીસ પૈસાની શું કામ આપો છે? આપણે બે જ પૈસા નાખવાના છે. ધારોકે વર્ષ-બે વર્ષ પછી આપણને ઈચ્છા થાય કે હવે બે એ પૈસા પર્યાપ્ત નથી. મારે પાંચ પૈસા કરવા છે, મારે દસ પૈસા કરવા છે તો એ સમયના આપના કારણો સાથે આ વિધાનસભાગૃહમાં આવવું જોઈએ અને એ વિધાનસભાગૃહ આપના કારણને justify કરે. આપની વાત સ્વીકારે, આપની વાત માને તો આપની જે દરખાસ્ત હોય એને સ્વીકારે. સેકસન-૩ માં amendment લઈને આવી શકો પણ આપ એવું નથી કરતા. આપ કોથળામાં પાંચશેરી મારવાનું કામ કરો છે. આપની દરખાસ્ત છે બે પૈસાની અને કાયદાથી આપ અધિકાર આપો છો યુનિટના ૨૦ પૈસા અને આ કાયદો આવ્યા પછી powers of legislators will go in the hands of the government. જે વિધાયકોના અધિકાર છે એ અધિકાર આ વિધેયક દ્વારા ૨૦ પૈસા સુધીના સરકાર લેવા માગે છે અને એટલા માટે મારો પહેલો વાંધો આ વિધેયક સામે આ છે.

માનનીય અધ્યક્ષશ્રી, અંદાજ મૂક્યો છે કે આ બિલથી આ જે બે પૈસા ગ્રીન સેસના કારણે ૨૪૪ કરોડ રૂપિયાની આવક થશે. હું બહુ સ્પષ્ટ રીતે માનું છું કે આ આંકડો એ આપનો નાનો છે. આપની આવકનો આંકડો ઘ ણો મોટો થવાનો. એક દલીલ પણ થાય છે કે આ તો અમે consumer પાસેથી નથી લેતા. અરે, તમે સમજતા નથી, સમજણ વગરની વાત કરો છો. આ ગ્રાહક પર નથી. આ તો ઉત્પાદક પર છે. એટલે મને હસવું આવે જરા કે ઉત્પાદક ઉપર આપણે જે ભારણ નાખીએ એ ગ્રાહક પર ટ્રાન્સફર નહિ થાય તો કયાં જવાનું છે? શું કોઈ દાતારી કરવાના છે? એ percolate થવાનો કયાં પૈસો? આપની એવી પણ વાત હોય છે કે આ જે પૈસા છેને એ ગુજરાતની જનતા નહિ કૅપ્ટિવ ઉપર છે. ગુજરાત બહાર વીજળી વેચાવાની છે એના ઉપર લાગશે. આ ઉદ્યોગપતિ પેદા કરે અને ઉદ્યોગપતિ વાપરવાનો છે એના ઉપર લાગશે. માનનીય અધ્યક્ષશ્રી, એવુંય હોય છે કે when you do not have force in your agrument then you need to raise your voice. એમ ક્યારેક આ બાબતનો જવાબ આવે છે ત્યારે અતિશય ઊછળીને ઊંચા અવાજથી વાત થાય because there is no force in the argument. There is no option, but to raise your voice. અહીં મારી વાત એ છે કે આપને ચોખ્ખા હાથે વાત કરવી છે, હજુ હું કહું છું કે સર્વ સંમતિથી પસાર કરીએ. આપ લાવો એટલો સુધારો કે જે

કેપ્ટિવ પાવરમાં જે ઉદ્યોગપતિ વાપરશે એના ઉપર ગ્રીન સેસ રહેશે. બે પૈસા નહિ પાંચ પૈસા કરો અને ગુજરાત બહાર જે પાવર વેચાશે એના પર પાંચ પૈસા સેસ આવશે તો પણ અમે એને ટેકો આપીશું પણ ગુજરાતની જનતા જે power consume કરવાની છે એના ઉપર ગ્રીન સેસનો એક પણ પૈસો નહિ લાગએવી ખાતરી આપો, આપણે સર્વસંમતિથી કરીએ, કોઈ જાતના વિરોધ વગર, વિનાવિરોધે બીલ પસાર કરીએ, અને એ તૈયારી નથી આપની. માનનીય અધ્યક્ષશ્રી, ઓબજેક્ટસ્ અને રિઝન્સમાં અને માનનીય મંત્રીશ્રીની ભૂમિકા અને આજ વિષય ઉપર અગાઉ એમણે જ્યારે પ્રત્યુત્તર આપ્યો હતો ત્યારે એમણે એક વાત કરી હતી. એ વાત એમની એવી હતી કે, આ લાવીએ છીએ એની પાછળનું લૉજિક સેન્ટ્રલ ગવર્નમેન્ટ પણ કહે છે કે, તમે પરંપરાગત ઊર્જામાંથી બહાર નીકળો અને તમે એવી ઊર્જા પેદા કરો કે જે પોલ્યુશન પેદા ના કરે, જે પર્યાવરણને ન બગાડે. હું લૉજિકને સંપૂર્ણ ટેકો આપું છું. આપણે કયુટો પ્રોટોકોલમાં જોડાયેલા છીએ. આપણું પણ દાયત્વ છે, આપણી પણ કેટલીક ફરજો છે. હું એવું નથી કહેતો કે, we should run away from that. પરંતુ આપણા ત્રાજવાના બંને પલ્લા મૂકવા પડશે, અને અહીં કહું છું એમ નહીં, કૉમન વેલ્થ પાર્લામેન્ટરી એસોસિએશનની કૉન્ફરન્સમાં કૉમન વેલ્થના તમામ કન્ટ્રીઝના રેપ્રીઝેન્ટીટીવની વચ્ચે મેં કહ્યું હતું કે આ દુનિયામાં પ્રદૂષણનું મોટું પાપ જો કોઈએ કર્યુ હોય તો એ વિકસિત દેશોએ કર્યુ છે. એમણે આ કામ કર્યુ હતું. એમણે એમનો નફો કરવા માટે, વિકસિત બનવા માટે દુનિયાને મહત્તમ પ્રદૂષણ આપ્યું અને હવે જો તમે અમારા ઉપર વિકાસશીલ દેશ ઉપર તમારું પાપ નાખવા માગતા હોય અને તમે એમ કહેતા હોવ કે અમે ભલે પહેલાં કરી લીધું, અમારો પ્લાન્ટ તો જૂનો છે માટે અમે તો પ્રદૂષણવાળો પ્લાન્ટ ચલાવી શકીએ પણ તમારે પ્લાન્ટ કરવો હોય તો તમારા પ્લાન્ટમાંથી પ્રદૂષણ ના નીકળવું જોઈએ. તો તો વિકસિત એ હંમેશા વિકસિત રહેવાનો અને વિકાસશીલ દેશ કે ગરીબ દેશ એ કયારેય પ્રગતિ ના કરી શકે અને એટલા માટે અમને ફાયદો આપવા માટે ગ્રીન સેસ વિકાસ જે વિકસિત દેશો થઈ ગયા છે એમના પર નાખો અને એમના પૈસા અમારા જેવા દેશને આપો કે જેમને પ્રદૂષણ રોકવા માટે આ પૈસા વાપરવા પડે. આપણે એના માટે લડવું પડશે. આપણે શું કરીએ છીએ ? આપણે આપણા બેઝિક સિદ્ધાંતોથી બહાર જવાની કોશિશ કરીએ છીએ. I can understand કે આપને ઉપરની ફરજો કેટલી છે ? In the year ૨૦૦૬ minimum quantum of purchase from renewable source i.e., ૧%, ૨૦૦૭ it is again ૧%, ૨૦૦૮ you have a responsibility of ૨%. આપની જવાબદારી એ છે, renewable energy પેદા કરવા માટેની. But where we are standing today ? આપણે આજે કયાં ઊભા છીએ ? Gujarat has installed capacity of ૧૨૪૦ MW wind power generation as on August ૩૧, ૨૦૦૭. Gujarat is targetting to achieve ૪૦૦૦ MW by ૨૦૧૨ . We have around ૫૭ potential sites. We are very lucky કે, આપણા પાસે favourable wind ૧૯ કિલોમીટરથી લઈને ૨૫ કિલોમીટર સુધીની પર અવરની પ્રાપ્ત થાય એવી આપણી પાસે ૫૭ સાઈડ છે અને એટલે જ આપણે આ વિન્ડ પાવરમાં આટલા આગળ વધી શક્યા છીએ. મારો માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને આપના મારફતે સંદેશો એ છે કે, આપણે કલ્પના તો કરીએ, આપણે આપણી ફરજ, આપણી જવાબદારીને ન ચૂકીએ પરંતુ સાથોસાથ આપણા રાજયની જનતા પર કરબોજ પણ બીજાના પાપે વધારે ના આવે એની ચિંતા કરવાની જવાબદારી પણ આપની છે. આપણી જવાબદારી બે ટકાની હોય તો બે ટકાથી આગળ નહીં વધવું જોઈએ એમ હું એટલા માટે કહું છું કે, આપણી જે પરંપરાગત ઊર્જા સાહેબ જનરેટ કરીએ છીએ એની કોસ્ટ જે આવે છ, હું બહુ ગણિતનો માહિર માણસ માનનીય મંત્રીશ્રી દલાલ જેટલો નથી, આંકડાકીય માયાજાળ કદાચ એમના જેટલો હું વિદ્યવાન પણ નથી પરંતુ જે પરંપરાગત આવે છે, હું ન સમજતો હોઉં તો દોઢથી અઢી રૂપિયાની વચ્ચેમાં Per Unit આપણે વીજળી પેદા કરી શકીએ છીએ.આ જે આપણે ગ્રીન એનર્જી આપણી જવાબદારી છે એથી કરવાને બહાર જઈએ છીએ ત્યારે આપણે શું ભાવે ખરીદવાના છીએ? પંદર રૂપિયે યુનિટ ખરીદવાના છીએ અને મને વાંધો નહોતો. આપ આપતી જવાબદારીને વળગી રહીને આગળ વધતા હો પરંતુ એનું ભારણ સીધું કે આડકતરું, આપ સીધું નહીં સ્વીકારો, આડકતરું પણ કયાં જાય છે એની ચિંતા નથી. સૌથી મોટી ચિંતા મારી એ છે કે સોલાર એનર્જીના આપે એમ.ઓ.યુ. કર્યા. સોલાર એનર્જીની આપે પોલીસી બનાવી. ઈટ ઈઝ વેરી ઈઝી ટુ કમ્પેર વીથ ધ સેન્ટ્રલ ગવર્મેન્ટ. આવા લોજીક આપવા બહુ સહેલા હોય છે પણ અહીંયા હાથ મુકીને આપણે કહીએ કે આ સાચું છે ખરું? અને આપણો આત્મા પણ આપણને ના પાડશે કે ના આ પોલીસી બરાબર નથી. આપ એક પોલીસી બનાવો. (અંતરાય) ભરતભાઈ, કેન્દ્રએ શું આપ્યું એ કહેવા માટે મંત્રીશ્રી બેઠા છે આપને એમની ક્ષમતા ઓછી લાગતી હોય તો લખીને એમને આપજો એ કહેશે. ખુણામાં બેસીને ત્યાંથી બોલવાનો મતલબ નથી. શું કહયું. મંત્રીશ્રીને જવાબ આપવા માટે જ છેલ્લે બોલવાનું હોય છે અને એમને છેલ્લે બોલવાનું હોય ત્યારે એમની ક્ષમતા ઓછી લાગતી હોય તો એમને કહો અથવા આપ કહો. બેસીને શા માટે કોમેન્ટ કરો છો? (અંતરાય) ના, ના, ધ્યાન તો મારે આપવું પડેને? માનનીય સભ્ય છે. ભલે મંત્રીઓ એ પક્ષના સભ્યોનું ધ્યાન ન રાખે પણ હું તો રાખીશ જ. એ પક્ષના હોય કે આ પક્ષના હોય મારે તો ધ્યાન રાખવાનું જ છે અને ભરતભાઈ તો અમારે ત્યાં જ હતા. દેવુસિંહભાઈ છે, ભરતભાઈ છે, આટલા ચડતા પવનમાં પણ તમને અમારા માણસો વગર જીતાય નહીં એવું લાગ્યું એ અમારા માટે ગૌરવ છે કે એને લઈ જઈને જીતવું પડયું. (અંતરાય) અરે, જોયું છે અને એ વટથી સામા પાણીએ આવ્યા છે. માનનીય નિતિનભાઈ, એ સામા પાણીએ આવ્યા છે. જે દિવસે પવન ભા.જ.પા.ની તરફેણનો હતો ત્યારે

સામે ચાલીને આવ્યા છે કે અમારે સામા પાણીએ લડવું છે. સિદ્ધાંતની લડાઈ કરવી છે અને સિદ્ધાંતની લડાઈમાં કેશુભાઈ પટેલને અન્યાય કરનાર માણસ હોય તો એ કેશુભાઈ પટેલનું અપમાન એ અમારું અપમાન છે. સત્તાના જોઈએ. વિરોધ પક્ષમાં બેસીશ પણ અપમાન નહીં સહન કરું એ સન્માનને હું સલામ કરું છું.

**અધ્યક્ષશ્રી** : શકિતસિંહભાઈ, પ્લીઝ તમે બીલ ઉપર આવી જાવ. (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : એ છે મૂડી અમારી માનનીય નિતિનભાઈ, આપ આમ કરો છો પણ આ તો તમારી તરફેણનો પ્રવાહ હતો ત્યારે અમારો બળદેવજી તમને હરાવીને જીતીને અહીં આવ્યો હતો. (અંતરાય) શું કામ બોલે છે, એને બંધ કરોને, હું મારા બિલની બહાર જતો જ નથી. ઈફ એની વન ડિસ્ટર્બ મી આઈ વીલ રીપ્લાય ધેટ. અને હું મારા બીલના સ્કોપની બહાર પણ નથી જતો. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શકિતસિંહભાઈ, પ્લીઝ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : સાહેબ, એ પૂછે છે એટલે કહું છું. એ બંધ થશે એટલે હું બીલ ઉપર આવી જઈશ.

**અધ્યક્ષશ્રી** : બેઠા બેઠા કોમેન્ટ ન કરો. બંને પક્ષના સભ્યોને વિનંતી છે. પ્લીઝ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : સાહેબ, કડી તાલુકા પંચાયત કોંગ્રેસની બની એની ચિંતા કરે છે. આટલા ચડતા પવનમાં કડીની તાલુકા પંચાયત કોંગ્રેસની બની. અમે તો એમાં પડતા નથી. પ્રજા મહાન છે. આપે આપની જગ્યાએ મંત્રીએ શું કરવું જોઈએ.

**અધ્યક્ષશ્રી** : આ રીતે આપણે ગૃહનો સમય ન બગડે એનું ધ્યાન રાખીએ. આ ચર્ચા હવે બંધ કરો. પ્લીઝ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : સાહેબ, કડીમાં શામ, દામ, દંડ, ભેદ બધું જ વાપર્યા પછી કડી તાલુકા પંચાયત (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શકિતસિંહભાઈ, આપને વિનંતી છે કે આપ બીલ ઉપર આવી જાવ. પ્લીઝ. ઓર્ડર...ઓર્ડર... પ્લીઝ, હવે ચર્ચા ન કરો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, બીનજરૂરી ચાલે છે નહીંતર હું તો સાહેબ બીલની બહાર જતો જ નથી.હું એ વાત કરતો હતો કે જે પરિસ્થિતિ આપણી પાસે ફેવરેબલ વિન્ડની છે. ૧૯ કિ.મી.થી ૨૫ કિ.મી. સુધીનું પ્રતિ કલાકનું વિન્ડ ડિરેકશન મળે છે આપણે નસીબદાર છીએ. ૫૭ પોટેન્શિયલ સાઈટ આપણા પાસે અવેઈલેબલ છે. આપણે વિન્ડ જનરેશનમાં ૪૦૦૦ મેગાવોટ સુધી ૨૦૧૨ માં પહોંચવાનું છે. આ સંજોગોમાં આપણે જે સોલાર એનર્જી માટેના કામો કરવાની વાત ઉપાડી. મારે આપને પૂછવું છે કે અમને આ ગૃહના સભ્યને પણ આપની સોલાર એનર્જીની ટ્રાન્સ્પેરન્સી વિષેની કોઈ માહિતી પૂરી પાડવામાં નથી આવી. આપણી પૉલિસી ઓપન ફૉર ઑલ હોવી જોઈએ કે મારી આ પૉલિસી છે. બીજે ૧૮ રૂપિયે હોય, ૧૬ રૂપિયા હોય ૧૫ રૂપિયા હોય. મીનીમમ ૧૩ રૂપિયા સુધી સોલર ન મળી શકે. હું તમે તમારો સોલાર પ્લાન્ટ નાખો. My government will give this much incentive. This is competitive bid, ભરો. અને સસ્તુમાં સસ્તું જે પાવર મળશે એને ટ્રાન્સ્પેરન્ટ બીડ કરાવીને ઇન્ટરનૅશનલ ટેન્ડર ફ્લોટ કરીને મારી સરકાર આ પાવર ખરીદશે. આપ કરી શક્યા હોત? અને હું કહું છું એમ નહિ, કે આપની ટ્રાન્સ્પેરન્ટ પ્રોસિજર નથી એમ હું નહિ કહું, કારણ કે હું કહું તો વિરોધ પક્ષનો માણસ કહે છે. પણ કિશોર લોલ્લા નામનો માણસ લંડનમાં બેઠો છે. એ માણસ અહીં સોલાર પ્લાન્ટ માટે વિભાગમાં જાય છે. વિભાગ એને ગાંઠતો નથી. વિભાગને એની પ્રપોઝલ રુચતી નથી. એ માણસ સુપ્રીમ કોર્ટના એક એડવોકેટ અમેક્સ ક્યુરી ઈ-મેઈલ મોકલે છે કે મારે ગુજરાતમાં આ પાવર પ્લાન્ટ સોલારનો નાખવો છે અને મદદ કરો. અને એ માણસ ગુજરાત સરકારના અંદર મુખ્યમંત્રીના કાર્યાલયને ઈ-મેઈલ મોકલે અને એમાં પાવર પ્લાન્ટ મળે એમાં ટ્રાન્સ્પેરન્સી જેવી વસ્તુ ક્યા રહી એ મારો સવાલ છે? આ કરવા માગીએ છીએ આપણે? આપ એના સાથે કૉન્ટ્રૅક્ટ કરો છો. આપ કહેજો. આપના જવાબમાં. ૧૨ વર્ષ, ૧૫ વર્ષ ૧૩ વર્ષ, ૨૫ વર્ષ સુધી ખરીદવાની ખાતરી આપણે આપીએ. એમાંના શરૂઆતના ફર્સ્ટ પેઈઝમાં આપે એના પાસેથી આપના જવાબને હું સમજ્યો છું તે પ્રમાણે ૧૫ રૂપિયા આપ વીજળી એના પાસે ખરીદવાના? આપે એને શું ઈન્સેન્ટિવ આપ્યા છે. Put it on your website. આપ ન્યૂઝ પેપરમાં એડ આપીને કહો કે આટલી જમીન આપીશું, આટલા ફાયદા આપીશુ, આટલી સવલતો આપીશું, આ ભાવથી આટલા વર્ષ સુધી પાવર ખરીદીશું. કોને પાવર વેચવો છે? આવો બીડિંગ કરવા માટે. મને તમારી એક જાહેરાત એક એવી ટ્રાન્સ્પેરન્સી અને જો આપની આ વાત સાચી હોય આપ આપના જવાબમાં એમ કહેવાના હોય કે મારું તો બધું ટ્રાન્સ્પેરન્ટ છે. હું તો આમાં કઈજ જે આવ્યો હોય એને આપવા માગતો હોય. જો આ સત્ય હોય તો કોઈ માણસે કોઈ ઉદ્યોગપતિએ કોઈ કોન્ટ્રાકટરે કોઈ પાવર જનરેટ કરનારા માણસે દિલ્હી ઈ-મેઈલ મોકલવી પડે અને દિલ્હીની ઈ-મેઈલ મુખ્યમંત્રીના કાર્યાલયમાં શા માટે મોકલવી પડે. આ મારો પ્રશ્ન છે. જો આપનું બધું બરાબર છે ને તો ટેન્ડર પ્રોસિજરમાં why CMO is involved ? શા માટે ઈન્વોલ થાય છે. ટેન્ડરની પ્રોસિજરમાં મંત્રી હોય કે મુખ્યમંત્રી હોય એમણે હાથ દૂર રાખવા જોઈએ કે આ વિભાગનું કામ છે. વિભાગ સંપૂર્ણપણે પારદર્શક રીતે ટેન્ડરની પ્રક્રિયા કરશે અમને કોઈ ભલામણ આવશે તો કચરા ટોપલીમાં જશે અને એની ભલામણ પણ એની નહિ કરીએ. આ પારદર્શકતા છે ખરી આપના પાસે? અને જો આ જ પારદર્શકતા આપની હતી તો ફરી મારો સવાલ એ છે કે શા માટે આપને ઈ-મેઈલ એવા માણસે મોકલવી પડે કે

જે માણસના હાથમાં આપણું સર્વસ્વ રોકાયેલું હોય એ માણસે કરવી પડે. મારે એ પણ કહેવું છે કે આ દિશામાં કામ થયાં છે. ભારત સરકારે પણ કર્યાં છે. ટેન્થ પ્લાનમાં રિન્યુઅલ એનર્જી માટે ભાર મુકાયો છે. માનનીય અધ્યક્ષશ્રી, ૧૪૫૦૦ મેગાવોટનું વીન્ડ એનર્જીનું માત્ર ટાર્ગેટ રખાયું છે. કયુટો પ્રોટોકોલ જેમાં આપણે જી.એચ.જી.એચ. ઘટાડવા માટેનું કમિટમૅન્ટ કર્યુ છે. આપણે તે કમિટમૅન્ટથી દૂર જવા માગતા નથી. પણ તેની જવાબદારીથી વિશેષ કોઈ નવા માર્ગો શોધીએ છીએ આપણે. તે કોના ભોગે, શેના માટે? આ પ્રશ્નોના જવાબ આપવા પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, હાઈલી પોલ્યુટેડ દેશો છે તે લોકો માટે કહેવાયું છે કે કલીન ડૅવલપમેન્ટ મીકેનીઝમ CDM ઉભું કરવું પડશે. કલીન એમીશન રીડેકશન CER મળશે આપને. આપના CER જે મળવાના છે તે ઈન્ટરનેશનલ માર્કેટમાં આપ વેચી શકવાના છો. તેના પેસા મળવાના છે. તે ક્રેડીટ આપણા લાભમાં આવવાની છે. આ બધી જ હકીકતની પારદર્શકતા સાથે જ આપણે રીન્યુઅલ એનર્જી ખરીદવા કેમ આગળ વધતા નથી. તે મને સમજાતું નથી. ઓબ્જેકટ એન્ડ રીઝન્સમાં વન પાર્ટ હોત કે અમને બજૅટમાં માનનીય નાણામંત્રીશ્રીએ બે પૈસા સેસ અને બીજું ઓબ્જેકટ એન્ડ રીઝન્સમાં કહેવાયું છે કે હું પ્રદૂષણ ઘટાડવા માટેના પ્રયત્ન માટે એક અલાયદુ ફંડ ઉભું કરવા માગું છું. આપણે પ્રદૂષણ ઘટાડવા માટેના ફંડની વ્યવસ્થા અહીંથી કરવાના હોઈએ તો, આ ચિંતા કરવાના હોઈએ તો આના સંદર્ભમાં માત્ર કોઈકની સોલાર એનર્જીના લાભો માટે આપણે પૈસા લેવા માગીએ છીએ કે ખરેખર રાજયમાં પ્રદૂષણ ઘટે તેની ચિંતા કરવા માગીએ છીએ. જો ખરેખર પ્રદૂષણ ઘટે તેની ચિંતા રાજયમાં આપણી હોય તો મારો સવાલ છે કે આખા દેશમાં સૌથી મોટો દરિયા કિનારો કોઈ રાજય પાસે હોય તો તેવું નસીબદાર રાજય ગુજરાત એક જ છે કે જેની પાસે ૧૬૬૫ કિલોમીટરનો દરિયાકાંઠો છે. આ દરિયાકાંઠા પર વિશ્વની સારામાં સારી માછલી, અગેઈન આઈ રીપીટ, બેસ્ટ ફીશ ઈન ધી વર્લ્ડ. તે ગુજરાતના દરિયાકાંઠેથી મળતી હતી. તળાજામાંથી નીકળેલી લોબસ્ટર, પોરબંદર અને જખૌમાંથી નીકળેલી પોમ્પલેટ કે વેરાવળના દરિયાકાંઠેથી નીકળેલી પોમ્પલેટ. તેની વર્લ્ડમાં બેસ્ટ ફીશ તરીકેનું માર્કેટ છે. હરરોજ આપણે અહીં જોતા હતા કે પાકિસ્તાનના માછીમારો ગુજરાતની સરહદમાં દાખલ થતા હતા અને ધરપકડ કરતા હતા. કારણકે પાકિસ્તાનમાં એટલી સારી માછલી મળતી ન હતી એટલી ગુજરાતના દરિયાકાંઠેથી મળતી હતી. આજે આપ જે આ બીલમાં હાર્દ કહો છો પ્રદૂષણનું. અહીં આપણા ઓબ્જેકશન એન્ડ રીઝન્સમાં બતાવો છો ત્યારે આપનું વીલ ત્યાં કેમ નથી કે આજે શું પરિસ્થિતિ ગુજરાતના દરિયાકાંઠાની થઈ છે? ગુજરાતના માછીમારને ગુજરાતના દરિયાકાંઠે માછલી મળતી નથી, આપણો ફીશરમેન પાકિસ્તાનની હદમાં જવા મજબૂર થયો છે અને ત્યાંની જેલોમાં કેદ થાય છે એટલો પ્રદૂષિત દરિયાકાંઠો કરવાનું કામ આપણે કરીએ છીએ ત્યારે આપણને ચિંતા ન થાય. દરિયાની અને માનનીય બાબુભાઈ કહે છે તે સાચી વાત છે. જે દરિયાની અંદર પ્રજનન થતું અને ત્યાંથી માછીમારીના સીડઝનું મેઈન પ્લાન્ટેશન થતું તેના માટેનું એન્વાયરમેન્ટ જ રહ્યું નથી. દરિયાનું તાપમાન ગુજરાતના કાંઠે એટલું વધાર્યુ, એટલું પ્રદૂષિત થયું અને એટલું જ નહીં મેન્ગ્રોજના એક વૃક્ષને ઉગાડતાં નાકે દમ આવી જાય અને બધે જ કહેવાતું હોય કે ન કપાવવા જોઈએ. તેના જંગલોના જંગલો આપણા માનીતાએ સાફ કરી નાંખ્યા. છતાં આપણને તેની ચિંતા ન થાય. સેટેલાઈટ પીકચર ક્યારેક તો આપ જોજો. વિકાસના નામે વાત કરનારા આપણે વિનાશ તરફ તો નથી જઈ રહ્યા ને. જે ચિંતા વિકાસની ભૂખના નામે અથવા માનીતાની મદદના નામે આપણે પ્રદૂષણ તરફ જઈ રહ્યા છીએ, કાલે સુનામી આવે, કાલે ધરતીકંપ આવે, કે કાલે ગુજરાત પર કાળો કોપ આવે તેના પાપના ભાગીદાર ગુજરાતમાં આપણે તો નથી થતા ને. તેની ચિંતા કોણે કરવી પડશે? માનનીય અધ્યક્ષશ્રી, જો આપ આના હાર્દમાં કહો છો એ પ્રમાણે પર્યાવરણની આપણને ચિંતા છે તો આપણી પેન ભાંગી કેમ ન પડે એ લખતા પહેલા કે SR એ દબાણ કર્યું છે એનું રેગ્યુલરાઈઝ કરજો એવી ભારત સરકારને ભલામણ કરતા પહેલા આપણી પેન ભાંગી જવી જોઈએ. કેન્દ્રના અધિકારો છે, એક તરફ આપ એમ કહો કે રાજય સરકારનું કેન્દ્ર સાંભળે નહીં એ બરાબર નહીં અને બીજી તરફ એમ કહો કે અમે ભલેને ભલામણ કરી SRની પણ કેન્દ્રને ના પાડજો કે આને નો રેગ્યુલરાઈઝ કરે. આ બેવડી નીતિ શેના માટે? શા માટે આપણે કેન્દ્ર સરકારને ભલામણ કરીએ કે આ SRએ રક્ષિત જંગલમાં પેસકદમી કરી છે એને રેગ્યુલરાઈઝ કરો. અરે, પેસકદમી કરનારો નાનો માણસ હોય એને જંગલવાળો ટાંટિયા તોડી નાખે મારા આદિવાસી ભાઈના અને આનું રેગ્યુલરાઈઝ કરવા લખો છો અને પછી પર્યાવરણના રક્ષણની વાત કરીએ છીએ? માનનીય અધ્યક્ષશ્રી, સરકાર છે એ કાયદાઓનું પાલન કરાવવા માટેનું કામ પણ કરે છે. You are executives, we are legislators. When you are making legislation it is your duty to see that it is implemented. પણ આપ શું કરો છો? જેનું કામ કાયદાનું પાલન કરાવવાનું છે એજ માણસ કાયદાનો ભંગ કરે જો વાડ જ ચીભડા ગળે તો ફરિયાદ કોના પાસે કરવાની? કાયદો બન્યો છે અને કાયદા મુજબ ચાલવાની જવાબદારી કોની છે? સામાન્ય નાગરિક કાયદાનો ભંગ ન કરે એ જોવાની જવાબદારી સરકારની છે. કાયદો આ વિધાનસભા ગૃહ ઘડીને આપે એ કાયદા મુજબ કામ થાય એ જોવાની જવાબદારી સરકારની છે. પરંતુ આ સરકાર શું કરે છે? સરકાર જ કાયદાનો ભંગ કરે એ આ બિલના હાર્દમાં જે વાત છે એના સ્કોપની બહાર હું નહીં જાવ. બિલના હાર્દમાં એવું કહ્યું છે કે, અમે પર્યાવરણની ચિંતા કરીએ છીએ. આપ પર્યાવરણની ચિંતા કરો છો એટલે મારે આપને કહેવું છે કે, યુ હેવે લો, આપની પાસે કાયદો છે. પર્યાવરણ સુરક્ષા ધારો ૧૯૮૬ અને એમાં

એન્વાયરમેન્ટ ઈમ્પેકટ EIA એનું નોટિફિકેશન છે આપનું ૨૦૦૬નું, ૨૦૦૬ના નોટિફિકેશન પ્રમાણે કોઈ પણ મોટું કન્સ્ટ્રકશન થતું હોય એને બે ભાગમાં વહેંચવામાં આવે છે. A અને B, બહુ મોટું Aમાં એથી ઓછું B માં, A કે Bમાં કોઈ પણ પ્રકારનું કન્સ્ટ્રકશન આપે કરવું હોય તો કાયદો શું કહે છે, કે એક ઈંટ મૂકતા પહેલા, એક ત્રિકમ પછાડતા પહેલા, કામની શરૂઆત કરતા પહેલા આપે શું કરવું પડે કે, આપે આ કાયદાની જોગવાઈ મુજબ એન્વાયરમેન્ટ કિલયરન્સ લેવું પડે. EC ન મળે ત્યાં સુધી આપનાથી કામ ન થાય એ કાયદો કહે છે. સાબરમતી રીવર ફ્રન્ટનું કામ શરૂ કર્યું, કામ તો કેટલેય પહોંચ્યું, કેટલાય ઝૂંપડાવાસીઓને બેઘર કર્યા, કેટલીય તોડફોડ કરી. આપની ફરજ શું હતી? Before starting this work it was your duty, it is the responsibility on your shoulder કે આપે એન્વાયરમેન્ટલ કિલયરન્સ ૨૦૦૬ના નોટિફિકેશન પ્રમાણે લેવું જોઈતું હતું. મને વાંધો નહોતો હજુ કદાચ ન માગ્યું હોત તો પણ પછી આપને, ઘણાં ઘોડા ગાડીની પાછળ ઘોડો જોડે, ઘોડા ગાડીની આગળ ઘોડો જોડવો જોઈએ પાછળ ન આવે. આટલું કામ કર્યા પછી ૫ માર્ચ, ૨૦૧૧ના દિવસે સ્ટેટ એક્સપર્ટ એપરાઈઝર કમિટી ACAC સમક્ષ એન્વાયરમેન્ટ કિલરન્સ માટે આપે અરજી કરી. અત્યાર સુધી અરજી ન કરી. કાયદો શું કહે છે કે આપે પહેલા અરજી કરવી જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, કાયદાનો ભંગ થાય ત્યારે સામાન્ય માણસ હોય તો એને દંડ પણ આપણે કરતા હોઈએ છીએ. કાયદો તોડચોને આ દંડ. પણ સરકાર ભંગ કરે એને દંડ કયાં કરવો એ તો કોઈ મને બતાવે? મહાત્મા ગાંધીજીનું મંદિર. એકેએક ગુજરાતી દિલમાં બાપુનું મંદિર લઈને ચાલતો હોય છે. અહિંસાનો પૂજારી એ ગુજરાતની ધરતીનું ગૌરવ છે. કોઈ હિંસાવાળાને કયારેય સ્થાન કોઈ ગુજરાતી આપે નહીં. આપી શકે નહીં. આ તો બાપુની જન્મભૂમિ છે. જૈનોની તીર્થભૂમિ છે. ત્યાં એને કોઈ સ્થાન ન હોઈ શકે. અહીં શું થયું. મહાત્મા ગાંધીજીનું મંદિર. As per my calculation it will fall in category-A. એનું કન્સ્ટ્રકશન એવું છે કે એ કેટેગરીના અંકદર મહાત્મા ગાંધી મંદિર આવે. અને એ કેટેગરીમાં મહાત્મા ગાંધી મંદિર આવે એટલે આપે શું કરવું પડે? ૨૦૦૬ના નોટિફિકેશન પ્રમાણે એન્વાયર્નમેન્ટલ કલીયરન્સ લેવું જ પડે. આપ આ બિલમાં પ્રજા પર જયારે ભાર નાંખવાનો છે ત્યારે એન્વાયર્નમેન્ટની ચિંતા It is in your objects and reasons. તો અહીં કયાં ગઈ એ ચિંતા? આપે શું કર્યુ? આપે મહાત્મા ગાંધી મંદિર માટેની અરજી કરી. જયારે કન્સ્ટ્રકશન પૂરુ થઈ ગયું ને સાહેબ, ત્યારે એન્વાયર્નમેન્ટ કલીયરન્સ માટે આપે એપ્લિકેશન આપી. ૨૧મી માર્ચ, ૨૦૧૧. ૨૧/૩/૨૦૧૧ના રોજ આપે E.C.માટેની એન્વાયર્નમેન્ટલ કલીયરન્સ માટેની અરજી કરી. શું આ રીતે આપણે પર્યાવરણનું રક્ષણ કરવા માગીએ છીએ?

માનનીય અધ્યક્ષશ્રી, રીન્યુઅલ એનર્જીમાં પણ, ગ્રીન એનર્જીમાં પણ આપણા પાસે ઓપ્શન્સ છે. મેં આપને કહ્યું વીન્ડ પાવરનું. કે વીન્ડ પાવર એ ગ્રીન એનર્જીનો એક હિસ્સો હોઈ શકે. પણ એ સાથોસાથ આપના પાસે બીજા કેટલાક ઓપ્શન્સ અવેલેબલ છે. એ ઓપ્શનમાં ઓછી મહેનતથી વધારે ઉર્જાનું ઉત્પાદન થાય અને આપણો ધર્મ બજાવી શકીએ એવી પરિસ્થિતિ પણ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે રીન્યુઅલ એનર્જીમાં કલીન એનર્જી, એનું એક ટેબલ છે. આપની ગ્રોસ પોટેન્શિયલ, ટોટલ કેપેસિટી એન્ડ ટેકનિકલ પોટેન્શિયલ. મારી પાસે આખા દેશના રાજયોનો ચાર્ટ છે. મેં પહેલા જ મેન્શન કર્યુ તેમ કે We are very lucky. આપણી ગ્રોસ પોટેન્શિયલ છે એ ૯૬૭૫ મેગાવોટ છે. Our technical potential is ૧૭૮૦ megawatt. Our total capacity is ૧૨૫૨.૯ This is our total capacity. મહારાષ્ટ્ર જોઈએ તો ગ્રોસ પોટેન્શિયલ ૩૬૫૦ મેગાવોટ. ટેકનિકલ પોટેન્શિયલ ૩૦૨૦ મેગાવોટ. અને ટોટલ કેપેસિટી ૧૭૫૫.૯ મેગાવોટ. ઓલ ઈન્ડિયા લેવલ પર જો ટોટલ જોવા જઈશું તો ૪૫૧૯૫ is a gross potential. Total capacity ૮૭૫૭.૨ and technical potential is ૧૨૮૭૫. આપણે એને પૂરી દિશામાં યુટીલાઈઝ કરવાનો પ્રયત્ન કરવો પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, જે અલગ અલગ બાજુઓથી આ દિશામાં સંશોધનો થયા છે, આપ અત્યારે જે રીતે આગળ વધો છો. Without competitive bids. આપે સોલારમાં ૧૨, ૧૩ કે ૧૫ કે ૧૧ જેટલા વર્ષો માટે ૧૫ રૂપિયામાં સોલાર એનર્જી ખરીદવાનું નકકી કર્યુ. કેન્દ્રમા પણ થાય છે. બીજે પણ થાય છે. બીજા રાજયોમાં પણ થાય છે. કેન્દ્ર પણ પ્રોત્સાહન કરે છે. એવી ઉંચા અવાજે આપણે વાત કરી શકીશું. પરંતુ આપણે ટેકનિકલી જોવાનું તો છે ને? કારણ કે આજે સોલારમાં પડનારો માણસ જો માત્ર આપના પ્રોત્સાહનના કારણે જ આપે આમંત્રિત કરવા પડે એવી પરિસ્થિતિ હોય તો એણે દિલ્હી ઈ-મેઈલ ન મોકલવા પડે અને ત્યાંથી મુખ્યમંત્રીના કાર્યાલયમાં કોન્ટેકટ પ્રસ્થાપિત ન કરવા પડે સોલારનું કામ શરુ કરવા માટે. એ જ બતાવે છે કે આપણે ત્યાંથી કંઈક વિશેષ વાત થઈ શકે. આની જયારે જેની કિંમત ગણીને ૧૫ રૂપિયામાં આપવા માગતા હશે એ જ વસ્તુ કાલે વિજ્ઞાનના સંશોધનને કારણે ૪ રૂપિયામાં પેદા કરતા થશે કોઈ નવી ટેકનોલોજીથી તે ઓછા ભાવે પેદા થશે તો પણ આપના કોન્ટ્રેકટ મુજબ એ તો ૧૫ રૂપિયાના ભાવે જ એની પાસેથી આપે ખરીદવી પડશે અને એ ખરીદવાનું વળતર આપવા માટે આપ શું કરો છો કે આપ એ ખરીદીનું વળતર દેવા માટે જ અહીં વધારાના પૈસા ગ્રીન સેસના નામે લઈને આવો છો.

માનનીય અધ્યક્ષશ્રી, બાયો ફયુઅર્લ્સ એ દિશામાં પણ આપણે વિચારવું પડશે કે કલીન એનર્જીના ભાગરૂપે એનું ઉત્પાદન થશે. આપણી પાસે મ્યુનિસિપલ સોલિડ વેસ્ટ એટલે કે એમ.એસ.ડબલ્યુ. પણ ઘણો મળી

રહે છે અને બેંગલોર એ દિશામાં આગળ વધી રહ્યું છે, મહારાષ્ટ્રનાં નગરો પણ આગળ વધી રહ્યાં છે. તો આપણે પણ ત્યાં ધ્યાન આપવું પડશે કે એમ.એસ.ડબલ્યુ.માંથી ઈલેકટ્રીસીટી જનરેટ થાય છે. આપણી મહાનગરપાલિકાઓના સોલિડ વેસ્ટનો સદપયોગ થઈ શકશે અને એમાંથી વીજળી પેદા થશે એ પણ કલીન એનર્જી હશે.

માનનીય અધ્યક્ષશ્રી, બાયો એનર્જીની દિશામાં પણ આપણે કામ કરવું પડશે અને એ પણ કલીન એનર્જીનો ભાગ છે. ટાઈડલ વેવના કારણે આ એનર્જી પેદા કરવાની વાત છે એની તરફ પણ વિચારવાનું થાય. મુશ્કેલી કયાં આવે છે કે સરકાર રાજયના હિતમાં એક પોલિસી બનાવે એ પોલિસી મૂકી સ્પર્ધા કરાવે અને રાજયના હિતમાં કામ કરે તો એમાં અમને કયારેય પણ વિરોધ ના હોઈ શકે, પરંતુ જયારે મુઠ્ઠી બંધ રાખવામાં આવે, રાજયની પોલિસી ટ્રાન્સપેરન્ટ રહેતી નથી. એકસ વાય કે ઝેડની ભલામણ મુજબ એનો પ્રોજેકટ મળે, એને જમીન મળે એની વીજળી ખરીદાય અને એનું ભારણ ગુજરાતની જનતા ઉપર આવે ત્યારે એક રચનાત્મક વિરોધપક્ષ તરીકે અમારો એ ધર્મ બને છે કે અમારે એ વાતનો વિરોધ કરવો પડે. ગુજરાતનું હિત થતું હોય, ગુજરાત યશસ્વી બનતું હોય તો પહેલો ખભો આપવા તૈયાર છીએ એનો યશ કોઈને પણ મળે, પરંતુ ગુજરાતના સ્વર્ણીમ વર્ષ સુધી બચાવેલી મિલકતો કોઈ માલેતુજારને કોઈ લૂંટાવતા હોય તો વિરોધ કર્યા સિવાય અમારી પાસે બીજો કોઈ જ ચારો રહેતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ને આ ગ્રીન સેસ લઈને આવ્યા છે એની અંદર આર્ગ્યુમેન્ટ જે તેમની છે એમાં ક્ષણિક ઓછી લાગે અને એ માત્ર ૨ પૈસા અને ૨૪૪ કરોડ રૂપિયા. હવે. જો ૨ પૈસા જ સેસ નાંખવાનો છે એ પણ આપની દલીલ એવી છે કે નો, નો, ડોન્ટ વરી, આ કન્ઝયુમર ઉપર જવાનો નથી કે કેપ્ટિવ પાવરવાળા ઉપર જવાનો છે, ઉદ્યોગ ઉપર જવાનો છે, બહારના રાજય ઉપર જવાનો છે તો ૨ પૈસા પૈસાના બદલે ૨૦ પૈસાની જોગવાઈ શામાટે આ વિધેયકમાં કરો છો? આપણે શામાટે ગભરાઈએ છીએ, આપણું વિધાનસભાગૃહ એ સાર્વેપરી છે, આજે તમારે ૨ પૈસાની જરૂર છે તો બે પૈસાનું જ બિલ લાવો અને કાલે એક પૈસા વધારાની જરૂર પડે તો હું ગૃહમાં મારું લોજીક છે, મારો કેસ છે એ લઈને વિધાનસભાગૃહ સમક્ષ ફરીથી આવીશ અને હું આ સન્માનનીય ગૃહનું સન્માન કરું છું. આ સર્વોપરી ગૃહ મને એની મંજૂરી આપશે તો હું વધારાનો ટેકસ નાંખીશ, પરંતુ આપણે એ કરતા નથી અને એ સત્તા સીધી ૨૦ પૈસા સુધી લાવવાનો પ્રયત્ન કરીએ છીએ એનો મારો વિરોધ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ટાઈડલલ એનર્જી પ્રાપ્ત કરવા માટે મારી માહિતી પ્રમાણે ૧૯૮૫ માં જે તે સમયે સરકારે પ્રિ-ફિઝિબિલિટી રિપોર્ટ તૈયાર કર્યો હતો. નવલખી પાસેની સાઈટ ઉપર પણ નકકી થયું હતું. આ ડોન્ટ નો કે શામાટે એ થતું નથી.અને હજુ પણ હું ફરીથી (અંતરાય) હા, નવલખી અને કંડલાની વચ્ચેનો એ પ્રોજેકટ હતો. હજુપણ હું ફરીથી વિનંતી કરવા માગું છું કે ગુજરાતમાં આ બે પૈસા ટેકસ નાંખીને તમે ઉત્પાદકો ઉપર છે એમાં આપનો આશય એ ગુજરાતને પ્રદૂષણમુકત કરવાનો છે તો આવો આપણે બધા બેસીને ચર્ચા કરીએ. હું આપને કહું કે કયાં કયાં કેટલું પ્રદૂષણ થાય છે અને એને પણ કંટ્રોલ કરીને આપણે ગુજરાતને કેવી રીતે પ્રદૂષણ મુકત કરી શકીએ..કદાચ બે ઉદ્યોગપતિ નારાજ થાય તો નારાજ થાય, કદાચ બે ઉદ્યોગપતિને દંડો મારવો પડે તો મારવો પડે, કાદચ કોકને કલોઝર કરવું પડે તો કરવું પડે, પરંતુ આમ ગુજરાતીના ભોગે અમે પ્રદૂષણ નહીં થવા દઈએ એવી લાલ આંખ આપણે કરીએ, વી આર નોટ પરચેઝેબલ, ગુજરાતમાં પ્રદૂષણ કરનારો માણસ બેગ લઈને આવે કે કોથળો લઈને આવે, એનો કોઈ પણ દલાલ આંટા મારે, અમે એને નમતું નહીં મુકીએ એ ભાવના સાથે ચાલીએ, તો ગુજરાત પ્રદૂષણ મુકત થશે. શું માત્ર સોલાર એનર્જીની વાત કરીને, શું માત્ર એકાદું પુસ્તક લખીને વાસ્તવીકતા વિપરીત હશે તો ગુજરાત પ્રદૂષણ મુકત નહીં બને. મેં આપને કેટલાક દાખલાઓ આપ્યા છે. માનનીય રાજયકક્ષાના ઉર્જા મંત્રીશ્રીને કહું છું કે એમણે કહયું હતું તો ગુજરાતના હિતમાં ભાવનગરનું ચીત્રા જી.આઈ.ડી.સી. હોય કે ભરુચ અંકલેશ્વર હોય, પ્રદૂષણમાંથી વધારે તકલીફ વાળા સેટેલાઈટમાંથી પકડાયેલા ઈન્ડીપેન્ડેન્ટ એજન્સીએ કર્યુ હોય છતાં ત્યાંના ઉદ્યોગો નવા આવતા રોકાય નહીં એના માટે ત્યાંથી મંજૂરી લાવવાના કામમાં સરકારની સાથે ઉભા રહ્યાં છીએ. કારણ કે ગુજરાતના વિકાસમાં અમને પણ દિલથી એટલો જ રસ છે. પરંતુ એ પછી આપણે એમના પર કોઈ માપ દંડ તો મુકવા પડશે, માનનીય રાજયકક્ષાના ઉર્જા મંત્રીશ્રી મારા જિલ્લાનું પ્રતિનિધિત્વ કરે છે.મારા જિલ્લાના માનનીય ધારાસભ્યશ્રીઓ સાથે પણ એક વખત મીટીંગ રાખે ને તો ભાવનગર જિલ્લામાં જે પ્રદૂષણની મુશ્કેલીઓ છે તે, ઉદ્યોગપતિ કોઈનો હોતો નથી એના સવાર્થનો હોય છે. કોના સાથે જોડાયેલ છે એવું નહીં રાખો, એ એના સ્વાર્થનો માણસ છે જે આ સમાજમાં નફા માટે થઈ અને ગુજરાતને પ્રદૂષિત કરે છે તેનું નાક દબાવવાની તૈયારી પણ આપણે કરવી પડશે. અને એ સી.ટી.પી. ન કરે, કોમન ટ્રીટમેન્ટ પ્લાન્ટ ન કરતો હોય તો ગમે તેવો મોટો માણસ હોય એને બંધ કરાવવાની તાકાત પણ આપણે જ રાખવી પડશે. એ જ શબ્દો સાથે ફરી વખત આપના મારફતે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે મેં જયાં સુધી થઈ શકે ત્યાં સુધી મારી જાતને બિલના સ્કોપની બહાર નથી જવા દીધી, જયાં સુધી બની શકે પોલીટીકલ ઓબ્જરવેશનમાં પણ હું નથી ગયો, પરંતુ માનનીય મંત્રીશ્રી આને પોઝીટીવલી જ લઈને એટલો જ માત્ર સુધારો કરે કે કેપ્ટીવ પાવર વાળા જે ઉદ્યોગપતિ વાપરે છે તેના ઉપર ગ્રીન સેસ નાખીએ અને બહાર વેંચાતી વીજળી પર ગ્રીન સેસ નાખીએ, આમ ગુજરાતીના

ઉપર સીધું કે આડકતરું, આપ કહેશો કે એ તો જનરેશન ઉપર છે, પરંતુ એ જર્કમાં પણ જશે તો જનરેશનની જે કોસ્ટ આવે છે તેને અનુરુપ સપ્લાયર ઉપર, એને અનુરુપ કન્ઝયુમર ઉપર ભાવ વધારાની મંજૂરી મળવાની, મળવાની ને મળવાની, અને આમ પણ દસ પૈસા સુધીની તો ફયુઅલના અનુસંધાનમાં પણ વધારાની આપણે છૂટ આપેલી છે ત્યારે આટલો ફેરફાર કરવામાં આવે એટલી આપના મારફત વિનંતી કરીને વિરમું છું.

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, બે પૈસાના ગ્રીન સેસ વિશેનું આજે હું બિલ લાવ્યો છું અને માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ આ બિલ પાછળ બે પૈસા જે જનરેશન ઉપર નાખવાના છે એના ઉપર આટલી બધી ચિંતા કરી એ જાણીને મને ખૂબ આનંદ થયો. એનું કારણ છે કે અહીંયા સલાહ આપી કે નટવરસિંહજી પાસે અમારે બેઠક કરવી. મારું એકજ સૂચન છે કે પહેલા નટવરસિંહ દિલ્હી જઈને કેન્દ્રમાં જઈને તમારી વાત અને સલાહ આપે આ દિલ્હી દરબારે જે કર્યુ છે...(અંતરાય)

**સભાપતિશ્રી** : માનનીય નટવરસિંહભાઈ, આપ આપની જગ્યા ઉપર જઈને બોલો, આપ તો સિનિયર સભ્ય છો.

**શ્રી સૌરભ પટેલ** : આ દિલ્હી દરબાર જે રીતે મોંઘવારી વધારે છે પછી એ કોલસો હોય કે ગેસ હોય કે સેસ હોય એના કારણે પ્રજા ઉપર આફત આવી છે, આ કલ્પના બહારની છે. હું વિચાર કરુ છું કે બે પૈસાની ચિંતા કરે છે ત્યારે મેં સ્પષ્ટ કહ્યું છે. (અંતરાય) માનનીય શકિતસિંહભાઈ, આપ બોલતા હતા ત્યારે એક શબ્દ પણ હું બોલ્યો નથી એટલે મને શાંતિથી સાંભળો. બે પૈસા એટલે ૨૪૪ કરોડ રૂપિયા. આ બે પૈસા એટલે ૨૪૪ કરોડ તમે કોના માટે આટલી બધી ભલામણ કરો છો, ઉદ્યોગો માટે? રીલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ માટે?

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : મેં મારા પ્રવચનમાં એમ કહ્યું કે ઉદ્યોગપતિ પર પાંચ પૈસા નાખો, પરંતુ ગુજરાતનો આમ આદમી જે વીજળી વાપરે છે એના ઉપરથી દૂર કરો. રીલાયન્સ ઉપર જેટલો નાખવો હોય એટલો નાખો એના નફા ઉપર નાખો આમ ગુજરાતી વીજળી વાપરે છે એના ઉપર ન નાખો.

**શ્રી સૌરભ પટેલ** : બીજા ઘણા બધા સભ્યશ્રીઓએ આ વિશે વાત કરી છે. મારે એટલી જ વાત કરવી છે કે રીલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ આશરે ૧૫૦૦ મેગાવોટનો કૅપ્ટિવ છે એના ૨૫ કરોડ રૂપિયા લેવા માટે આપણને પેટમાં દુખે છે. એસ્સાર ગૃપ એના ૧૨૦૦ મેગાવોટ એના ૧૯ કરોડ રૂપિયા આવે છે. આપણે કૅપ્ટિવમાં ૪૮૦૦ મેગાવોટના આશરે ૭૫ કરોડ રૂપિયા ૨૪૪માં આવવાના છે. ૨૪૪ માંથી કૅપ્ટિવના ૭૫ કરોડ હવે બીજું ગુજરાત બહાર વીજળી વેચશે, કોણ વેચશે, અદાણી વેચશે, અદાણી વેચશે તો આપણને કેટલા મળશે ૨૬ કરોડ અલ્ટ્રામેગા ચાલુ થવાનું છે તો પણ આ વરસે ૧૧ કરોડ આવશે એટલે એ બે ભેગું કરીએ ૨૬ અને ૧૧ અને પ્લસ ગુજરાતની એન.ટી.પી.સી. જે પાંચ હજાર આ બધું ભેગું કરીએ તો બીજા ૪૦-૫૦ કરોડ થાય. મારે આપને કહેવું છે કે આપણે તો જનરેશન ઉપર નાખીએ છીએ. જે આ કંપનીઓએ ફરજિયાત આપણને ચૂકવવું પડશે ગુજરાતની પ્રજા ઉપર ભારણ આવશે કે નહિ એ આવતા દિવસોમાં રેગ્યુલેટરી કમિશન નક્કી કરશે અને રેગ્યુલેટરી કમિશનને આ વિધાનસભાએ સત્તા આપી છે અને કેન્દ્રના કાયદા પ્રમાણે સત્તા આપી છે. બીજું સભ્યશ્રીનું ધ્યાન દોરવું છે કે તમે બે પૈસાની ચિંતા કરી અને કહ્યું કે તમે બે પૈસા સંપૂર્ણપણે ગુજરાત પ્રજા ઉપરથી દૂર કરો તો અમે આ બિલને મંજૂરી આપીએ. હું ધીમેથી માનનીય શકિતસિંહભાઈ બોલું છું. મારે આપને એટલું જ પૂછવું છું કે બે પૈસાની ચિંતા કરી તો ૬૩ પૈસા વધ્યા ત્યારે બધા કયાં હતા? કોલસાનો ભાવ, હું એકસાઈટ થવા માગતો નથી. મારે સામે વાળાને કહેવું છે કે આજે એકસાઈટ થતા નહિ. જે બોલું છું તે શાંતિથી સાંભળો. ૬૩ પૈસા વધ્યા ત્યારે એક જણે ચિઠ્ઠી લખી? મને કોંગ્રેસ તરફથી એક ચીઠ્ઠી તો બતાવો, કોલસાના ભાવ વધાર્યા એમાં, ગેસના ભાવ વધાર્યા એમાં, ઑઈલના ભાવ વધાર્યા એમાં અને તમે કહ્યું હોય કે આ નિર્ણય તમારો ખોટો છે આવી એક ચીઠ્ઠી મને બતાડો? (અંતરાય)

**સભાપતિશ્રી** : પ્લીઝ બાબુભાઈ, માનનીય મંત્રીશ્રી જવાબ આપતા હોય ત્યારે એક એક વાક્ય ઉપર બોલો એ વાજબી નથી. માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું જ કહેવું છે કે તેમની એક ચિઠ્ઠી મને મોકલી આપે તો હું એક ચિઠ્ઠી ઉપર બીજી ચાર ચિઠ્ઠી લખીશ. પરંતુ આ સરકારે ચિંતા કરી છે. આ ૬૩ પૈસા ખેડૂતોને ન લાગે તેના માટે વાર્ષિક ૮૦૦થી ૯૦૦ કરોડ રૂપિયાનું ભારણ કરીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા નટવરસિંહજીને કહેવું છે કે ૮૦૦થી ૯૦૦ કરોડ રુપિયા આ ૬૩ પૈસાનું ભારણ છે. બીજું મારે આપને કહેવું છે કે હમણાં ૨૮મી પહેલાં, બજૅટના આગલા દિવસે કોલસાનો ભાવ કેન્દ્ર સરકારે વધાર્યો છે. આ કોલસાનો ભાવ કેટલો મોટો વધાર્યો છે? (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, એ ભાવ એ કેટેગરીના કોલસાના ૧૭૯૦થી ૪૨૮૦ કરોડ થયા છે અને મારે આપને કહેવું છે કે આનું ભારણ અમદાવાદની પ્રજાને અને સુરતની પ્રજાને ૩૫૦ કરોડ રૂપિયા લાગવાના છે. હવે મારે એટલું પૂછવું છે કે (અંતરાય)

**સભાપતિશ્રી** : પ્લીઝ.પ્લીઝ. (અંતરાય)

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપને કહેવું છે કે આ ૩૫૦ કરોડ રૂપિયાના જે રેલવે વેગનો આવવા માંડ્યા છે, ઉંચા ભાવના, એ ૨૮મી ફેબ્રુઆરીથી ચાલુ થઈ ગયા છે મારે વિરોધપક્ષના નેતાને કહેવું છે કે હું તમને બિલો મોકલી આપું. તમે ચોક્કસ ભાવમાં ઘટાડો કરી આપશો? બોલો. મારે કહેવું છે. ભાઈ, જાગો, આવતા મહિનેથી અમદાવાદની પ્રજાને બિલ આવશે ત્યારે ખબર પડશે. હજુ મારે કહેવું છે કે સમય ગયો નથી. આ

અમદાવાદને ભારણ પડવાનું છે. તમારા લોકોના નિર્ણયના કારણે ૩૫૦ કરોડનું ભારણ પડવાનું છે. આની રેકો આવવા માંડી છે. માનનીય વિરોધપક્ષના નેતાશ્રી કહે છે કે આ ઈલેક્ટ્રીસીટી માટે નથી. આજની તારીખમાં એવો નિર્ણય લીધેલો નથી અને આજની તારીખમાં જ્યારે પહેલી એપ્રિલના બિલો છૂટશે તો આની સાથે આવશે. એટલે મારે આપના થકી વિનંતી કરવી છે કે તમે આટલી બધી બે પૈસાની ચિંતા કરતા હો તો આ ૩૫૦ કરોડ અમદાવાદની અને સુરતની પ્રજાને ભારણ આવશે એ તાત્કાલિક આપની વગ વાપરીને ચિઠ્ઠી તમે મોકલી, અમને બે-ત્રણ મોકલો. અમે તો ઓલરેડી મોકલી આપી. ૨૫૦૦ કરોડની સબસિડી આપીએ છીએ. માનનીય અર્જુનભાઈએ વાત કરી. એન.ડી.એ. સરકાર હતી ત્યારે નજીકથી કોલસો મળતો હતો. તો તમે કેમ ન લઈ આવ્યા? અમે તો લઈ આવ્યા હતા. પણ આ યુ.પી.એ. આવી એટલે પાછા લઈ ગયા આ લોકો. માનનીય અધ્યક્ષશ્રી, ૯૫ ટકા (અંતરાય) હું કહું છું જેટલો એન.ડી.એ. સરકારમાં નજીકથી આવતો હતો (અંતરાય) માનનીય અધ્યક્ષ શ્રી, એન.ડી.એ. સરકારમાંથી જેટલો કોલસો નજીકથી આવતો હતો એટલો યુ.પી.એ. સરકારમાં આવતો નથી. મારે વધારાનું કહેવું છે કે આજની તારીખમાં કોલસાની જે વાત કરી રહ્યા છે. ગુજરાતને ઈમ્પોર્ટેડ કોલસો પરાણે આગ્રહ કરીને આપે છે. પરાણે કહે છે કે તમારે લેવો પડશે. મોંઘો લેવો પડશે, કારણ શું કે બીજાં રાજયોને આપી શકે અને ગુજરાત સદ્ધર રાજય છે એટલે એને પોસાય, આનું ભારણ કોણ આપશે? માનનીય અધ્યક્ષશ્રી, આ એનર્જી સેસ આવતા દિવસોમાં મેં પહેલાં કહ્યું કે જનરેશન ઉપર આવશે. ગુજરાતમાં ૮થી ૧૦ હજાર મેગાવોટ વીજળી કેપ્ટીવ અને બહાર વેચાણ થવાનું છે. આ ૧૦૦૦૦ મેગાવોટ વીજળીનું ઉત્પાદન થશે ત્યારે ખૂબ મોટી સંખ્યામાં cess ની આવક ઉભી થશે અને આપણે એન્વાર્યમેન્ટમાં વાપરી શકાશું એના માટે આ કરેલું છે. કેન્દ્ર સરકારે આ cess મૂકી છે. મેં પહેલાં કહ્યું કેન્દ્ર સરકારે મૂકી હશે એને પણ એન્વાર્યમેન્ટના પ્રમાણ ઉપર મૂકયું હતું. એનાથી આપણું પ્રમાણ વધારે છે. પારદર્શકતાની વાત કરી. સોલાર માટે, મારે તો એટલું જ કહેવું કે, કેન્દ્ર સરકારે અમારી સોલાર પૉલિસી બિરદાવી છે.

**સભાપતિશ્રી** : પ્લીઝ, વાજબી નથી. જે હોય એ મને કહો, હું અહીં બેઠો છું. આપને વારંવાર સૂચના આપવા છતાં આપ શિસ્ત જાળવતા નથી એ વાજબી નથી. જ્યારે માનનીય મંત્રીશ્રી પ્રવચન કરતા હોય, ચર્ચાનો જવાબ આપતા હોય ત્યારે બધાએ શાંતિથી સાંભળવાની જવાબદારી છે. આ ગેરશિસ્ત કેવી રીતે ચલાવી લેવાય?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પારદર્શકતાની વાત કરી. આપણે જે પ્રમાણે સોલાર પૉલિસી બનાવી છે એ પૉલિસીને સેન્ટ્રલે પણ બિરદાવી છે અને આયોજન પંચે એના સ્પેશિયલ પાવરનો ઉપયોગ કરી રાજય સરકારને સોલાર પાર્ક માટે રૂપિયા આપ્યા છે. આપણી આ પૉલિસી બરાબર ન હોત તો સોલાર પાર્ક એશિયાનો સૌથી મોટો અને સારો ન હોત તો શું આટલી બધી સંસ્થાઓ અને કેન્દ્ર સરકાર મદદ કરતી હોત ?. આજની તારીખમાં હું કહું છું કે, આ સોલાર પૉલિસી કરતાં પણ જે બધાને સરખા ભાવે આપીએ છીએ એના માટે આજની તારીખે કોઈ ફરિયાદ આવી નથી. આનાથી ઊંચા ભાવે કેન્દ્ર સરકારે વીજળી ખરીદી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજું કહેવું છે કે, નીતિ કોને કહેવાય? કેન્દ્રની નીતિ એવી હોવી જોઈએ કે જયાં સોલરની જયાં હીટ ટ્રેડીશન હોય ત્યાં બધા રાજયોને પાવર આપવો જોઈએ. આટલો મોટો આપણો સોલર પાર્ક આ બધું હોવા છતાં કેન્દ્રએ આટલું એલોકેશન કર્યું એમાંથી ગુજરાતને એક મેગાવોટનું પણ એલોકેશન કર્યું નથી. બધું એલોકેશન રાજસ્થાનને કર્યું છે. આના માટે આપણે લડત લડવી જોઈએ. પરંતુ કમનસીબી છે આપણી. કે આપણે ત્યાં નેતૃત્વ એવું છે કે, જ્યાં કહેવાનું હોય ત્યાં કશુ કહી શકતા નથી. ભાવનગર જિલ્લાની મારા વિરોધપક્ષના નેતાએ વાત કરી. (અંતરાય) મારે એન્વાર્યમેન્ટ વિશે વાત કરવી છે. આ ગુજરાત જ એક એવું રાજય છે કે જેણે એન્વાર્યમેન્ટની ચિંતા કરી છે અને ગેસ ગ્રીડની લાઈન આખા રાજયમાં નાખી. આમાં કેન્દ્ર સરકારે કોઈ ગ્રાન્ટ નથી આપી. આપણે જે ગેસ લાઈન નાખી છે અને ઘેર ઘેર પાઈપલાઈનથી ગેસ આપીએ છીએ. હજારો કનૅક્શનો કર્યા છે. સી.એન.જી.ના વાહનો કર્યા છે. એનાથી એન્વાર્યમેન્ટને ફાયદો નહીં થાય તો કોને ફાયદો થશે? આ ગુજરાત સરકારની નીતિના કારણે એન્વાર્યમેન્ટને તો ફાયદો થશે. પણ કેન્દ્ર સરકારને ડિઝલ અને પેટ્રોલની સબસીડીમાં કરોડ કરોડો રૂપિયાનો ફાયદો થશે.

માનનીય અધ્યક્ષશ્રી, હું ભાવનગરની વાત કરતો હતો. વિરોધપક્ષના નેતાશ્રી અને અમારા વિસ્તારની અંદર પાઈપ લાઈન નાખવા માટેની મેં તારીખ ગોઠવી હતી અને તારીખ ગોઠવીને આગળ વધતા હતા ત્યારે ઉપરથી આદેશ આવ્યો કે હવે અમે લોકો બીડ કરીશું અને જે કંપની ખાનગી બીડની અંદર કરશે એને આપવામાં આવશે. ખાનગી બીડને શા માટે? જ્યારે રાજય સરકારની કંપની કરી શકતી હોય તો આખું ગેસનું નૅટવર્ક કોઈ બીજી ખાનગી કંપનીને આપીને વધારે ભાવ આપીને ઓકશન કરીને આપવાની શું જરૂર? કેન્દ્રનો હેતુ શું હતો? શું હેતુ હતો? આજની તારીખમાં અમારું કામ અટકી ગયું અને વિરોધપક્ષના નેતાશ્રીએ એ વખતે ભાવનગરમાં કહ્યું કે હું કેન્દ્રનો ઉકેલ ૪૮ કલાકમાં લઈ આવીશ. આજની તારીખમાં અમે એની રાહ જોઈએ છીએ. ક્યારે મંજૂરી મળે અને કયારે હું મારા ભાવનગર જિલ્લામાં કામ આગળ ચાલે. મેં ભાવનગર જિલ્લાની અંદર પહેલેથી વચન આપ્યું હતું, મુખ્યમંત્રીશ્રીએ વચન આપ્યું હતું. અમે ગેસની પાઈપ લાઈન લઈ જઈએ અને વાહનોને ગેસ આપીએ. એન્વાર્યમેન્ટ વિશે આખા દેશમાં સૌથી વધારે સી.એન.જી. અને પાઈપ ગેસનો ઉપયોગ થતો હોય તો તે આ રાજયે કર્યો છે. અને કમનસિબ છે માનનીય અધ્યક્ષશ્રી, આજે આપણા રાજ્યની અને કેન્દ્ર સરકારની નીતિનું કે ફાયદો

environment ને કરીએ છીએ. ફાયદો કેન્દ્રની સબસિડીને થાય છે. છતાં દેશની અંદર જે લોકલ ગેસનું ઉત્પાદન છેને એ નાના લોકો માટે એક standard ક્યૂબિક મીટર પણ હોતું નથી. શું કારણ છે ભાઈ? મારે પૂછવો છે એક સવાલ કે તમે રિલાયન્સ રિફાયનરીને, એસ્સાર સ્ટીલને અને ઈસ્પાત સ્ટેલને કેટલો આપો છો? આટલી મોટી મોટી કંપનીઓને કોના માટે આપો છો? એ લોકોને નફા વધે એના માટે આપો છો અને અહીંયા અમદાવાદની અંદર કાલે CNG લોકલ આપે તો ૨૦ થી ૨૫% કાલે ને કાલે જ ઘટી જાય તો એ લોકોને કેમ નથી આપતા? અને એ બધાને ભેગા કરો તો ૧૦ થી ૧૫ મિલિયન યુનિટ થાય છે. અમારે તો જોઈએ છે કેટલું? માત્ર અડધો. સાહેબ વિચાર કરો આ વિષયની કેન્દ્રને રજૂઆત કરી છે છેલ્લા ૬ મહિનાથી આ environment નથી તો શું છે? (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (બેઠા બેઠા)** : અમદાવાદમાં CNGનો અદાણીનો ગેસ આવે છે.

**શ્રી સૌરભ પટેલ** : સાહેબ, This is lack of knowledge

**સભાપતિ શ્રી** : પ્લીઝ, બાબુભાઈ (અંતરાય) માનનીય બાબુભાઈ (અંતરાય)

**શ્રી સૌરભ પટેલ** : સાહેબ, to keep the record straight, Petronet LNG imported gas** લે છે દર મહિને ક્રૂડના ભાવની જોડે એનો કોન્ટ્રેકટ હોય છે. દર મહિને એનો ભાવ વદલાતો હોય છે. ક્રૂડનો જેટલો ભાવ બદલાય એ પ્રમાણે ગેસનો ભાવ બદલાય એટલે આપણને મોઘોં ગેસ આપે છે અને મારે એક સ્ટેપ વધારે કહેવું છે. અમે લોકોએ ૩-૪ વર્ષ પહેલા Petronet LNG જોડે સેન્ટર જોડે લાંબા કરારનો ગેસ ઈમ્પોંટેડનો કરાર કેન્સલ કર્યો હતો અને નીતિ બદલાવી અને બોમ્બેનું જ્યારે પેલું વીજમથક ચાલુ થયું એ બોમ્બેને સસ્તો ગેસ આપવા માટે એ લોકોએ જોડાણ કર્યુ અને ફોંમ્યુલા એવી બનાવી કે pooling price કરી નાખ્યું. એટલે pooling price સ્પોટમાં લે અને લોંગ ટર્મ લે. એટલે સ્પોટ અને લોંગ ટર્મ ભેગું કરીને ગુજરાતની પ્રજાને અન્યાય કર્યો છે. એ આ કેન્દ્ર સરકારે કર્યો છે. એટલે પારદર્શકતા વિષે તમારે કાંઈ વાત કરવાની જરૂર નથી. અધિકાર જ નથી. (અંતરાય) શું? (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, અંતમાં મારે એટલું જ કહેવું છે કે આ બે પૈસાનો સેસ environmentના protection માટે છે આવતા દિવસોમાં આનો ઘણો બધો લાભ થવાનો છે અને જે પ્રમાણે આમાં કોઈ ભાવનો વધારો આવવાનો છે નહિ. ભાવનો વધારો છે એ ૬૩ પૈસા ફ્યુઅલ દરના છે. ૫૦ રૂપિયા ટનના જે ટેકસ કેન્દ્ર સરકાર લે છે અને ઈમ્પોર્ટેડ કોલ આપણને આપે છે એ ઈમ્પોર્ટેડ કોલ આપણને મોંઘો પડે છે એના કારણે છે. એટલું જ કહીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી બે બાબત જાણવી છે. કાગળ લખવાનો સવાલ નથી. રૂબરૂ જઈને અમદાવાદના ગ્રાહકો ઉપર ભાર ના પડે માટે એ-ગ્રેડના કોલસાને ટેકસમાં ભાવ વધારો ના લાગુ પડે એવું કમીટમેન્ટ લઈને આવ્યા છીએ. એટલે અમવાદાના નામે આ વાત ના કરે. (અંતરાય) નીતિનભાઈ તમે કદાચ આવતા બજેટમાં તો હશો. તમારી સીટ અનામતમાં જતી રહી છે મારા પર શું કામ અકાળવ છો? તમારી સીટ અનામત થઈ ગઈ છે મને ખબર છે એના માટે શું કામ અકળાવ છો? બેસીને મંત્રી તરીકે ના બોલાય એટલી ભાન હોવી જોઈએ. સિનિયર મંત્રી છો. તમારા તકદીરથી કેમ બની ગયા એ ખબર નથી.. થોડોક તો વિવેક રાખો. મિનિસ્ટર થઈને બેઠા છો. કોઈ જુનિયર મેમ્બર બોલ બોલ કરે, તો સમજાય તમે બેઠા બેઠા એક મિનિટ શાંત નથી રહી શકતા મિનિસ્ટર થઈને?

**સભાપતિ શ્રી** : આપ પ્રશ્ન ઉપર આવી જાવ. (અંતરાય) નીતિનભાઈ, પ્લીઝ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : બિન જરૂરી છે. માનનીય અધ્યક્ષશ્રી, બીજી મારે વાત એ કરવી છે કે આપે જે વાત કરી છે એ સંજોગોમાં મને લાગે છે કે કાંઈક અમારી કમનસિબી છે કે અમે બરાબર ડિલિવર નહિ કરી શક્યા કે આપના સુધી પહોંચી શક્યું નહિ. ઇન્ડસ્ટ્રીઝ પર ગ્રીન સેસ આવે એનો વિરોધ નથી. આપ એને ડબલ કરો કૅપ્ટિવવાળાને જે કૅપ્ટિવ કરે છે એનો ડબલ કરો તો પણ વાધો નથી. જર્કમાં જઈને પણ આપે જ કહ્યું એમ કે જર્ક મંજૂરી આપશે તો કન્ઝયુમર પર જવાનું જ છે. આ સંજોગોમાં એ જોખમ લીધા વગર કૅપ્ટિવવાળા પર ગુજરાતની બહાર વેચનારા આપના અદાણી કે જે કોઈ હોય એના પર ડબલ કરો એમાં વાંધો નહીં પરંતુ જે કન્ઝયુમ ગુજરાતમાં આમ ગ્રાહક કરવાનો છે એને દૂર કરવાનું વિચારવા માગો છો કે કેમ ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે સભ્યશ્રીનો પહેલાં તો આભાર વ્યક્ત કરું કે ત્યાં દિલ્હીથી એ ગુજરાતની પ્રજા માટેનું કમિટમૅન્ટ લઈને આવ્યા છે. અને કમિટમૅન્ટ કરે, પૂરું કરે તો સારું અને મારે તો એમણે જે બે બાબતની વાત કરી, મારે પણ બે બાબતની વાત કરવી છે કે, આ હાઉસમાં એમણે પહેલાં નાણા મંત્રીશ્રીના પ્રવચન વખતે એમ કહ્યું હતું કે, અમે કેન્દ્ર પાસેથી ૨ રૂપિયા અને ૨૦ પૈસે વીજળી પણ લઈ આપીશું. તો એ પણ લઈ આપો તો હું તમને વધારે ડબલ આભાર માનું ઉપરા ઉપરી આભાર માનું, વન, ટુ, થ્રી, ફૉર એન્ડ ફાઈવ. હવે સાહેબ મને ૨ રૂપિયા અને ૨૦ પૈસાની વીજળી લઈ આપે તો હું સો ટકા એમના વિસ્તારમાં જઈ એમને પબ્લિકલી હું એમનું સન્માન કરીશ સાહેબ. (અંતરાય) ના, ના, એમણે ૨ રૂપિયા અને ૨૦ પૈસાનું આપ્યું હતું. (અંતરાય) ના, ના એટલે એમણે નાણાની સ્પીચ વખતે ૨ રૂપિયા અને ૨૦ પૈસે કેન્દ્ર વીજળી આપશે હું બહુ રાજી થઈ જઈશ.

બીજું કે, આ સત્તા આપનું સૂચન બે પૈસાનું પાંચ પૈસા કરવાનું છે અમે આવકારીએ છીએ. આવતા

દિવસોમાં વિચારીશું કે પાંચ પૈસા વિરોધ પક્ષના નેતાશ્રીએ સૂચવ્યા છીએ એટલે પ્રજા ઉપર નાખવા જોઈએ (અંતરાય) ઉદ્યોગ ઉપર, ઉદ્યોગ ઉપર, (અંતરાય) ઉદ્યોગ, ઉદ્યોગ, ઉદ્યોગ.(અંતરાય) ભઈ ઉદ્યોગ, અરે, ઉદ્યોગ કહું છું. (અંતરાય)

**સભાપતિશ્રી** : પ્લીઝ, માનનીય મંત્રીશ્રી એમણે જે વાત કરી હતી માનનીય શકિતસિંહજીએ એના સંદર્ભમાં જ આપ વાત કરો.

**શ્રી સૌરભ પટેલ** : હું એજ કહું છું, માનનીય અધ્યક્ષશ્રી, મારે ખાલી વિરોધ પક્ષના નેતાશ્રીને આપના થકી કહેવું છે કે, એમના આજના ભાષણની અંદર એ બોલ્યા છે કે, ઉદ્યોગોને નાખો છો એટલે આડકતરી રીતે પ્રજા ઉપર ભારણ નાખો છો. તમારા પ્રવચનમાં છે તમે જોઈ લેજો. (અંતરાય)

**સભાપતિશ્રી** : ઉદ્યોગનું જ કહે છે.

**શ્રી સૌરભ પટેલ** : પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, આ રેગ્યુલેટરી કમિશનની સત્તા છે, રેગ્યુલેટરી કમિશનની સત્તા હોવાના કારણે આમાં અમે કંઈ કરી ના શકીએ પરંતુ જો ૬૩ પૈસા તમે જો પાછા કરો તો સંપૂર્ણ પણે અમે લોકો કંઈક વિચારીશું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને અમારી વિનંતી એટલી છે કે, આ બીલને અમારા માનનીય નેતાશ્રીએ વાત કરી એ પ્રમાણે અમે થોડોક સુધારો કરવાની તૈયારી હોય તો અમારી એને આ અનુમોદન આપવાની તૈયારી છે. પ્રશ્ન માત્ર એટલો જ છે કે, જે કૅપ્ટિવ

પાવર પ્લાન્ટ છે, રાજય સરકારની કોઈ આવકની અંદર ઘટાડો ના થાય અને એ પ્રમાણે કૅપ્ટિવ પાવર પ્લાન્ટ અને જે રાજય બહાર વીજળી વેચાય છે એ બે ક્ષેત્રોની અંદર બે પૈસાના બદલે ચાર પૈસા કરી આપે તો આ જે ડિસ્કોમને જે વીજળી વેચવામાં આવે છે એને બાકાત કરી દે તો આપણી જે રાજયે જે આવક કરવા ધારી છે એ આવક પૂરતી થઈ જાય એમ છે. માનનીય મંત્રીશ્રીએ જે આંકડા જનરેશન કેપેસીટી કૅપ્ટિવ પાવર પ્લાન્ટની કેટલી છે અને રાજય બહાર કેટલી વેચાય છે એને આધારે એણે એમ કહ્યું કે અડધી આવક તો આપણા કૅપ્ટિવ અને રાજય બહારમાંથી વેચાવાની છે તો બેના બદલે ચાર પૈસા કરી આપે અને એમાં આપણી ડિસ્કોમને વેચાય છે એ બાદ કરી આપે તો આ બીલને અમે સર્વાનુમતે મંજૂરી આપવાની તૈયારી છે, માનનીય મંત્રીશ્રી એ કરવા માગે છે કે કેમ ?

**સભાપતિશ્રી** : માનનીય મંત્રીશ્રી.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી એ સૂચન છે. મેં અનેક વખત કહ્યું છે કે, એ રેગ્યુલેટરી કમિશનની સત્તા છે રેગ્યુલેટરી કમિશનની સત્તામાંથી ન લેવાય. રેગ્યુલેટરી કમિશન નક્કી કરશે પછી આ નક્કી કરવામાં આવશે (અંતરાય) અને બીજું માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય)

**સભાપતિશ્રી** : હવે ઘણી જ ચર્ચાઓ થઈ ગઈ છે, બાબુભાઈ ઘણી જ ચર્ચાઓ થઈ ગઈ છે (અંતરાય) પ્લીઝ.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક-૨૦ નું બીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

કલમ- ૨ થી ૨૧, કલમ-૧ દીર્ઘ સંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક - ૨૦ નું ત્રીજું વાંચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

**અધ્યક્ષશ્રી : વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.**

**સન ૨૦૧૧ નું ગુજરાત વિધેયક ક્રમાંક - ૨૬**

# ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (સુધારા) વિધેયક,૨૦૧૧

**ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ વધુ સુધારવા બાબત વિધેયક.**

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક-૨૬, સન ૨૦૧૧ના ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (સુધારા) વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.**

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક-૨૬, સન ૨૦૧૧ના ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (સુધારા) વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

---

* વિધેયક તા.૧૮મી માર્ચ, ૨૦૧૧ના રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારા બીલની અંદર બે જ વસ્તુ લઈને આવ્યો છું. એક તો હમણાં જ કેન્દ્ર સરકારે પોતાના સેન્ટ્રલ એકટની અંદર કલમ-૧૫માં સુધારો કરીને જે ડીકલેટર ગુડસ હતા એ ડીકલેટર ગુડસની મર્યાદા ૪ટકા હતી એમાંથી વધારીને પાંચ ટકા કરી. આ ચાર ટકાની મર્યાદા વધારીને પાંચ ટકા કરી એટલે આખા હિન્દુસ્તાનની અંદર આ મર્યાદા વધારવાની છુટ આપી છે. એટલે આ કેન્દ્ર સરકારે જે એમેડમેન્ટઠ કર્યું છે એના આધારે એ જ વસ્તુ હું મારા બીલની અંદર લઈને આવ્યો છું. એટલે માલના વેચાણ ઉપર અને માલની ખરીદી ઉપર જે એમાં એકઝામ્શન આપ્યુ હતું એકસેપ્શન આપ્યું હતું એ એકસેપ્શન દુર કરીએ છીએ અને બીજી વાત એ છે કે તમાકુ અને તમાકુની બનાવટો ઉપર જે મેં સાડા સત્તર પૈસા હતા એને સાડા બાવીસ પૈસા એ શબ્દો મુકવા આ બે જ વસ્તુઓ લઈને આવ્યો છું. એક તમાકુ ઉપરનો ટેકસ છે અને બીજું કેન્દ્ર સરકારે જે ડીકલેર ગુડના ચાર ટકાના પાંચ ટકા કર્યા છે આટલું જ લઈને આવ્યો છું. અને આના માટે થઈને તમાકુ માટેની અને એની ચર્ચાઓ થઈ ગઈ છે. આ ડીકલેર ગુડ છે એ કેન્દ્રના કાયદા પ્રમાણે આપણે કરવું પડે છે. (અંતરાય) ના, નહીં રહે. ડીકલેર ગુડ ઉપર સરચાર્જ ન રહે. આપણે પણ ડીકલેર ગુડ હતો ત્યારે એને એકઝામ્શન આપ્યું હતું કે ડીકલેર ગુડ ઉપર આ એડીશનલ ટેકસ નહીં રહે એટલે ડીકલેર ગુડ ઉપર પાંચ ટકા જ રહેશે કારણકે પાંચ ટકાથી આપણે વધારે ન લઈ શકીએ એટલે ડીકલેર ગુડ ઉપર પાંચ ટકા જ રહેવાનો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : (અંતરાય) કેમ, આટલી બધી નિતિનભાઈ, તકલીફ છે આજે? માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી (અંતરાય) એ જરૂરી ડાયલોગ હોય છે અને તમારા બીનજરૂરી હોય છે. મારી અને વજુભાઈ વચ્ચેનું જરૂરી હોય અને તમારું ન્યૂસન્સ હોય એટલા માટે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, જ્ઞાન વર્ધનમાં અમારે પડાય એવું નથી. એમની હાઈટમાં પણ નથી પડતો અને એમના જ્ઞાનમાં પણ નથી પડતો. (અંતરાય) મને જ નહીં આજુબાજુમાં પણ નડે છે.માનનીય મંત્રીશ્રી બિલ લઈને આવ્યા છે. એમાં ખાસ કરીને તમાકું ઉપરના વેરા પર વધારાની વાત લઈને આવ્યા છે અને એમના ઓબ્જેક્ટસ અને રિજનમાં એમણે જે વાત કરી છે, એના સંદર્ભમાં મારે માત્ર બે-ચાર વાતો ટૂંકમાં કરવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને વાત એવી બનાવવામાં આવી છે કે તમાકુ અને તેની બનાવટો આરોગ્ય માટે હાનિકારક છે અને એનો ઉપયોગ અટકાવવા માટે હું આ વધારો લઈને આવ્યો છું, ત્યારે મારે એ કહેવું છે કે માત્ર ટેક્સના વધારાથી શું આપણે એને કન્ટ્રોલ કરી શકવાના છીએ ખરા? ગુજરાતની રાજ્ય સરકારનું જાહેર સાહસ એસ.ટી. વિકાસ નિગમ એ એસ.ટી. બસની પાછળ જાહેરાતોમાં તમાકુની જાહેરાતો આવતી હતી. રાજ્ય સરકારને ત્યારે ચિંતા ન થઈ કે આ ન હોવું જોઈએ. તમાકુ અને એની બનાવટો એ જો આરોગ્યને હાનિકારક છે તો આ એસ.ટી. કૉર્પોરેશનની બસો પાછળ હું એની જાહેરાત નહિ થવા દઉં. પીક-અપ સ્ટૅન્ડ ઉપર હું આની જાહેરાત નહિ મૂકવા દઉં, મારે અભિનંદન આપવા છે આ ગૃહના માજી સભ્ય જેના સાથે ૧૯૯૦ માં આ ગૃહના એક સાથી તરીકે કામ કરેલું અમરસિંહ ઝેડ ચૌધરીને. એમણે પી.આઈ.એલ. દાખલ કરી. નામદાર હાઈકોર્ટે પી.આઈ.એલ. દાખલ થયા પછી એસ.ટી.ની સાથે એસ.ટી. બસમાં જે જાહેરાતો આવતી હતી તમાકુ અને એના સેવનથી તે પી.આઈ.એલ. પછી આપણે બંધ કરવી પડી. જો આપણું કમિટમૅન્ટ એ ખરેખર તમાકુના સેવન માટેનું છે કે આ કમિટમૅન્ટ માત્ર ગમે તે પ્રકારે લોકો પાસે ટેક્સ ઉઘરાવવા માટેનું છે? મારે માત્ર આવક વધારવાનું આયોજન નથી. આપનું આયોજન માત્ર એટલું છે કે ના, આ તમાકુંનું સેવન ઘટવું જોઈએ, તો એ તમાકુના સેવનના ઘટાડા માટે ૫ ટકાના ટેક્સથી કોઈ ફરક નહિ પડે? આપે એનું એન્વાયરમેન્ટ ઊભું કરવું પડશે. અને આ ૫ ટકાનો ટેક્સ વધારો છે, એટલે આપ જે ૨૦ ટકાના બદલે ૨૫ ટકા કરો છો. શું માનનીય નાણા મંત્રીશ્રી એવી ખાતરી મને આપી શકશે કે આ ૫ ટકાના ફેરફારથી જે આવક થશે, એ આવકને અમે અલાયદી રાખીશું અને એ આવક આવશે એ આવક એમાંથી ૨૫ ટકા પૈસા અમે આ રાજ્યમાં જન જાગૃતિ માટે વાપરીશું કે તમાકુના સેવનથી કેટલું નુકસાન થાય છે અને તમાકુ છોડવી જોઈએ, તેની જન જાગૃતિના અભિયાન માટે ૨૫ ટકા વાપરીશું. અને ૭૫ ટકા રકમ આ આવકની અને આ રાજયની કૅન્સર ઈન્સ્ટિટ્યૂટને આપીશું, કેમ કે કૅન્સરથી પીડિત દર્દીઓને આજે જ્યારે કૅન્સર હોસ્પિટલમાં જાય છે, ત્યારે આપણે તેને પૂરી સગવડતા આપી શકતા નથી. આપણે એને પૂરુતું ભંડોળ આપી શકતા નથી. બી.પી.એલ.ના કાર્ડ ધારક ન હોય તો એની જે સારવાર લેવી પડે છે એ કૅન્સરની સારવાર લેવામાં અને માણસ એક એક શ્વાસ પણ વધારે લેવાતો હોય તો એ પરિવારના સભ્યને બચાવવા માટે ઘર ખોરડા ગીરવે મૂકીને પણ એની સારવાર માટે પ્રયત્ન કરતા હોય છે, ત્યારે આપણે તો બી.પી.એલ.ના લાભાર્થીઓ કરતા પણ ગરીબોની સંખ્યા એટલી છે કે જે સારવાર લઈ શકે તેમ નથી. માટે ૭૫ ટકા જો એ પૈસા આપણે સારવાર માટે કૅન્સર ઈન્સ્ટિટ્યૂટમાં રાખવાના હોઈએ અને ૨૫ ટકા પૈસા જો જન સેવા અર્થે લોક જાગૃતિ અર્થે વાપરવાના હોઈએ તો આ બિલને સમર્થન આપતા મને કે મારા પક્ષના સભ્યને ખચકાટ નહિ થાય. આપે બિલના સમયે થોડી સ્પષ્ટતાઓ કરી હતી કે આ વધારો છે એ કાચી તમાકુ પેદા કરનારને કે કાચી તમાકું વેચનારને લાગુ પડવાનો નથી. ઈન્ટર સ્ટેટ વેપારના સંદર્ભમાં થોડી સ્પષ્ટતાઓ માનનીય મંત્રીશ્રી એમનો જવાબ આપે ત્યારે કરે.

માનનીય અધ્યક્ષશ્રી, અને સાથે સાથે વેપારીને ઘણી વખત એવું હોય છે કે આમાં પાકા બીલના વહીવટ થતા હોતા નથી. છાપાના સમાચાર આવે અને વેપારી ખેડૂતને કહે. એટલે આપનો વેટ ન તો સરકારી તિજોરીમાં

આવે ન તો પેલો અભણ ખેડૂત સમજી શકે. આટલો વધારો થયો છે એટલે આટલા સેલ્સ ટેક્સના લાવો, આટલા વેટના લાવો એમ કરીને નાનો ખેડૂત નં દંડાય તે માટેની તકેદારી રાખવામાં આવે. મારા પક્ષના અન્ય સભ્યશ્રીઓ ભાગ લેવાના હોઈ વિશેષ આ બીલ પર મારા પક્ષના અન્ય સભ્યશ્રીઓ પોતાના વિચારો રજૂ કરશે તે શબ્દો સાથે વિર્મૂ છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા(પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, શું કરવા અમારી ચિંતા કરો છો નીતિનભાઈ. બીલની અંદર જેને જેટલું બોલવું હોય તેટલી છૂટ છે. વારાનો સવાલ જ નથી મોહનભાઈ. આમાં કોઈ ચિંતા કરવા જેવી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, એને જરૂર નથી. અમે બધા દરેક બાબતમાં તેમની સલાહ લઈએ છીએ. તમારી સલાહ શું કરવા અમે લઈએ. માનનીય અધ્યક્ષશ્રી, વાત માનનીય મંત્રીશ્રી જે બીલ લઈને આવ્યા છે તેમાં માનનીય શકિતસિંહભાઈએ અમારા નેતાએ જે વાત કરી તેમાં હું પણ મારો સૂર પુરાવું છું. તમાકું અને તમાકુંની બનાવટો જે યુવાધનને નુકસાન કરે છે તે આપણે સૌએ નજરે નિહાળેલ છે. આપણે ઈચ્છીએ કે તમાકુ અને તમાકુંની બનાવટ ઉપર આનો વપરાશ ઓછો થાય. તેના માટે પ્રયાસો કરવા જોઈએ. તેમાં કોઈ સવાલ નથી. તેને પ્રમોટ તો નહીં જ કરવું જોઈએ તે વાત આપણે સૌએ સ્વીકારવી જોઈએ. માનનીય મંત્રીશ્રીએ જયારે ઉદ્દેશમાં બતાવ્યું છે કે તમાકું અને તેની બનાવટો આરોગ્ય માટે હાનિકારક છે. તે હાનિકારક છે તે બાબતનો પ્રચાર રાજય સરકારે તો જાણે અજાણે થયો હોય તો તે બાબતમાં સુધારો કરી લેવો જોઈએ. હું માનું છું કે રાજય સરકારના ધ્યાનમાં કદાચ નહીં આવ્યું હોય કે એસ.ટી. બસને આ બધી બાબતના પ્રચાર માટેનું સાધન બનાવતા હોય તો એડર્વટાઈઝમેન્ટ એજન્સીઓને રોકી અને તેનો પ્રચાર બંધ કરાવવો જોઈએ. આખા દેશમાં જો સૌથી વધારેમાં વધારે જાહેરાતો પાછળ ખર્ચ કરાતો હોય તો તે આલ્કોહોલ અને તમાકુંની બનાવટોની જાહેરાતોમાં આખા દેશમાં સૌથી વધારે ખર્ચ થાય છે અને માધ્યમોમાં સૌથી વધારે કમાણી કોઈ આપતું હોય તો આ બે છે. આપણે છાપાઓ જોઈએ તો તેની જાહેરાતોની અંદર સૌથી વધારે જાહેરાતો આ ક્ષેત્રની હોય છે. હોર્ડિંગ્સની અંદર સૌથી વધારે જાહેરાતો આની આવતી હોય છે. પરંતુ તેની સમકક્ષ આવે. તમાકુની સમકક્ષ માનનીય મુખ્યમંત્રીશ્રીની જાહેરાતોમાં પહોંચી ગયા છે. જાહેરાતો જ નુકસાનકારક છે. એટલે હું જે વાત કરતો હતો તે હતી કે મારે યુપીએ સરકારને ધન્યવાદ આપવા જોઈએ કે તેઓ કાનૂની લઈ આવ્યા અને તેમાં એમ કહેવામાં આવ્યું કે ટીવીની અંદર દારૂ અને સિગારેટની જાહેરાતો આપી શકાશે નહીં. ખૂબ આ જે લાંબી એટલી શકિતશાળી લાંબી હતી તેની સામે મોટાપાયે વિરોધ થયો. તે વખતે દબાવવાની કોશિશ થઈ. પરંતુ તે વખતે સરકાર નમી નહીં અને આજે તે બંનેની જાહેરાતો ટીવીના માધ્યમોમાંથી લગભગ બહાર નીકળી ગઈ છે. એટલું જ નહીં એવો નિર્ણય કરવામાં આવ્યો કે સિગારેટ છે તે સિગારેટ પીતા ચલચિત્રોની અંદર, સિનેમાની અંદર ઈવન વીલન હોય તો પણ તેને બતાવી શકાશે નહીં. એટલા માટે આજે ચલચિત્રોની અંદર આજે સિગારેટ પીતા જોઈ શકતા નથી. આપણે બધાને યાદ છે નાનપણની અંદર જાહેરાતો દરેક જગ્યાએ વાંચતા અને આજે પણ મને યાદ છે કે 'ધીમી બળે છે ને વધુ લિજ્જત આપે છે.' એવી બધી જાહેરાતો લગભગ બધાના મગજમાં છપાઈ ગઈ છે. નવી જાહેરાતો આવતી હશે પણ આપણે બહુ ધ્યાન એના ઉપર આપતા નથી પણ જૂના વખતની આ જાહેરાતો આપણને બરોબર યાદ છે. અને કયારેક કયારેક ભૂલથી નાનપણમાં કસ પણ મારેલા હશે. એટલે આપણે અત્યારે જે જોયું છે એ માનનીય શકિતસિંહજીએ બહુ સાચી વાત કરી કે, આજે કેન્સર હોસ્પિટલમાં એકાદ વખત આપણે જઈએ અને જે ચહેરાઓ જોઈએ છીએ યુવાન દીકરા-દીકરીઓના, ઈવન દીકરીઓના પણ એ આ તમાકુંની બનાવટે માણસની યુવાની હણી લીધી છે. એટલા માટે આ તમાકુંનો વપરાશ ઓછો થાય, હેતુ બર આવે એમાં કોઈ વિરોધ હોઈ શકે નહીં. અહીંયા વધારે વાત નથી કરવી અને રાજનીતિની પણ વાત નથી કરવી પણ માનનીય મંત્રીશ્રી એટલી ખાતરી આપે કે આ તમાકુંની અંદરથી જે કોઈ આવક થાય એ આવક આ તમાકુંની જે અસરો છે એને નિર્મૂળ કરવા માટે એની વિરુધ્ધ પ્રચાર કરવા માટે ઉપયોગ થશે અને બીજા નાણાં છે જે આ કેન્સર રોગની સારવાર માટે થશે. તો આ બિલને અનુમોદન આપવાની અમારી તૈયારી છે. અને અમે એને અનુમોદન આપીશું.

**શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે ૨૦૧૧નું વિધેયક ક્રમાંક: ૨૬ લાવ્યા છે એના ઉપર મારી વાત કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રીએ કહ્યું કે ૨૦ ટકા આજે વેરો છે એમાં ૫ ટકાનો વધારો, ૨૦ ટકાનો વેરો ૧૯૯૭માં ૧૨.૫૦ ટકા ઉપરથી વધારીને મેં કરેલ હતો. એટલા માટે કે તમાકુંનું સેવન કરનારાઓ ઓછા થાય, એનું વેચાણ ઓછું થાય અને મને તો એમ કહ્યું હતું કે આ ધંધો બંધ થઈ જશે. તો મેં કહ્યું હતું કે કાલે ધંધો બંધ થતો હોય તો આજ ભલે બંધ થાય એવા સ્પિરિટથી આ તમાકુંનો વેરો નાંખ્યો હતો. માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે કે, અગાઉ ફાઈનાન્સ બિલ ઉપરની જ્યારે વેટની ચર્ચા હતી ત્યારે માનનીય નાણામંત્રશ્રીએ એક વાત કરેલી કે, તમે લોકોને લઈને આવો છો, પ્રજાને લઈને નથી આવતા ત્યારે મારે સ્પષ્ટતા કરવી છે. આ રાજયની આવકો વધતી હોય અને એના માટેના અમારા સૂચનો હોય એને પણ જો હળવાશથી લેવામાં આવે તો એ યોગ્ય નથી. એટલા માટે કે ત્યારે હું જે વસ્તુ બોલ્યો ન હતો એનો માનનીય નાણામંત્રીશ્રીએ ખુલાસો કર્યો હતો. મેં લાકડાના ટેકસની વાત નહોતી કરી મેં વેટ્રિફાઈ ટાઈલ્સની વાત કરી હતી. વેટ્રિફાઈ ટાઈલ્સ રાજયના ઉત્પાદનની

૯૦ ટકા બહાર જતી હોય અને માત્ર ૧૦ ટકા જ અહીં વપરાતી હોય તો અહીંના વપરાશકારોને ફાયદો થાય અને વાપરી શકે એટલો એ ઘટાડવો જોઈએ અટલા માટે મેં વાત કરી હતી. ૯૦ ટકા બહાર જતી હોય એવું કોઈ માની શકે નહીં પણ માત્ર એનું ભરતિયું બહાર જતું હશે પણ માલ તો અહીં બેનંબરમાં વેચાતો હશે. અને એને રોકવા માટે માનનીય નાણામંત્રીશ્રીની સાંભળવાની તૈયારી ન હોય અને માત્ર એ ઉન્માદથી અને એની પાસે વાચાળતા છે એનો ઉપયોગ કરીને એમ કહે કે તમે કાંખમાં નાંખીને લોકોને લઈને તમે આવો છો, પ્રજાને નહીં. આ વાતથી માનનીય અધ્યક્ષશ્રી, મને ખૂબ દુ:ખ થયું છે એ આપના મારફત એમને કહેવા માગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સત્રની જ વાત છે અને આજે તમે વેટ ઉપરનો વધારો લઈને આવ્યા છો ત્યારે આ વતા કરુ છું. ૫ ટકાનો વધારો એ તમાકું ઉપરનો હોય એમાં કોઈને નારાજગી ન હોય પરંતુ વધારાની રકમ તમે આ વ્યસન નાબૂદી માટેના કામમાં ખર્ચ કરશો એટલી વાત તો કરો. એટલા માટે જ મારા અગાઉના વિદ્દવાન વક્તાઓએ જે કહ્યું છે એમાં હું મારો સૂર પૂરાવું છું અને તમાકુંનો વપરાશ ઘટે એટલા માટે તમે જો લાવ્યા હોય તો અમે એને અનુમોદન આપીએ પરંતુ ફકત રાજયની આવક વધારવા માટે થઈ અને આ ટેકસનો વધારો છે એને અનુમોદન આપી શકાય નહીં. ઉલટાનું રાજયના લોકો ઉપર, વપરાશકારો ઉપર જ્યાં વેરો ઘટાડી શકાય ત્યાં વેરો ઘટાડવો જોઈએ. કેન્દ્ર સરકારે આપને ૧ ટકાની અનુમતી આપી એટલે ૪ ના ૫ ટકા કરવાની આપને સરળતા થઈ જાય એ વાત સમજી શકાય છે પણ ૧૫ ટકાનો જે વેરો છે એ ઘટાડીને ૧૨.૫૦ ટકાએ લાવોને, ૧૨ ટકાએ લાવોને એની કોણ ના કહે છે?
એટલે જે જગ્યાએ પ્રજાને રાહત આપવાની છે એ જગ્યાએ રાહત આપવાની પણ આપ વિચારણા કરો એટલી આપના મારફતે મારી એમને વિનંતી છે.

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી શકિતસિંહજી, અર્જુનભાઈ અને બાબુભાઈએ જે વાત કરી. એમાં શકિતસિંહ અને અર્જુનભાઈએ વાત કરી કે એમાંથી જે વધારાની આવક આવે એમાંથી થોડી આવક તમારે એના માટે થઈ વાપરવી જોઈએ. કેન્સર માટે જન જાગૃતિ અભિયાન માટે વાપરવી જોઈએ. તો મારે એટલું જ કહેવાનું કે માનનીય બાબુભાઈએ હમણા જ કીધું કે મેં આટલામાંથી આટલા ટકા વધાર્યા હતા. તે દિ' તમે આ જનજાગૃતિ અભિયાન માટે કોઈ રકમ ફાળવી હતી? (અંતરાય)

માનનીય અધ્યક્ષશ્રી, એ કોઈ સવાલ નથી. સવાલ એટલા માટે છે કે તમાકુની અંદર બે પ્રકારની તમાકુ આવે. એક સાદી તમાકુ. જે આજે તમાકુની ખેતી પણ થાય છે. સાદી તમાકુ એ આપણા દેશમાં વર્ષોથી વપરાતી હતી, પણ તમાકુમાં જયારે કેમિકલ આવે છે ત્યારે એ કેમિકલના કારણે નુકસાન થાય છે. અમે આ જ હાઉસમાં એકવાર ગુટકા માટેની ચર્ચા કરી હતી ત્યારે કહ્યું હતું કે ગુટકા ઉપર પ્રતિબંધ મૂકવો એ ફકત રાજય સરકારની વાત નથી. અને હું આ આપના ત્રણેય વ્યકિત બોલ્યા એને કહું છું કે જો કેન્દ્ર સરકાર નકકી કરે કે ગુટકાની ઉપર પ્રતિબંધ હોવો જોઈએ તો ગુજરાત સરકારને કોઈ વાંધો નથી. મોઢાના જેટલા પણ કેન્સર આજે થાય છે એના ૯૦ ટકા કેન્સર ગુટકાના કારણે થાય છે એવું સુપ્રીમ કોર્ટે કીધું છે. તમાકુનો વપરાશ વધે નહીં એટલા માટે એમાં તો આ જે વપરાશ ઓછો થાય એના માટેની વાત છે, પણ અમે ચોકકસ આપનું જે સૂચન છે કે તમાકુનો વપરાશ ઓછો થાય એના માટે આપણા બોર્ડ નિગમો મારફતે કે કોઈ રીતે આ જાહેરાત કે એ રીતે ન આવે એ જે આપનું સૂચન છે એ પણ અમે ધ્યાનમાં લઈશું. પરંતુ સાથોસાથ એટલું કહીશ કે જાહેર સ્થળોએ સીગારેટ પીવાની મનાઈ ગુજરાત રાજયે કરી છે. પહેલા જાહેર સ્થળોએ બીડી સીગારેટ બધા પીતા હતા. એ મનાઈ આજની તારીખે અહીં કરેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે શકિતસિંહભાઈએ કહ્યું અને ઈન્ટર સ્ટેટ વેપાર માટેની વાત કરી એમાં કાચી તમાકુ જે છે એ વેરામૂકત છે. એટલે વેરામૂકત વસ્તુ બીજા રાજયમાં જાય તો એના ઉપર ટેકસ ચડાવીને આપણે મોકલતા નથી. એ વેરામૂકત જ રહે છે. આટલી વાત છે અને તમાકુનુ સેવન ઓછામાં ઓછું થાય એના માટે આ રાજય સરકારનો પ્રયોગ છે. જે આલ્કોહોલની વાત કરી. તો આલ્કોહોલ ઉપર પણ મેકિસમમ ટેકસ અહીં લેવાય છે. વર્ષોથી લેવાય છે એ જ પ્રમાણે ચાલે છે. એટલે આલ્કોહોલનો મારો કોઈ સવાલ નથી. એટલે જે તમાકુ માટેની વાત છે અને તમાકુ માટેનો ટેકસ છે. અને બીજી જે મેં વાત કરી છે. આ મારા બન્ને ટેકસ છે. તો મારું આ બિલ મંજૂર થાય એવી સૌ સભ્યશ્રીઓને વિનંતી.

**પ્રશ્ન મત પર મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક ૨૬નું બીજુ વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત પર મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨ થી ૪, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી વજુભાઈ વાળા**: માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક ૨૬નું ત્રીજુ વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત પર મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**સભાપતિશ્રી** : વિધેયકનું ત્રીજુ વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

## સન ૨૦૧૧ નું ગુજરાત વિધેયક ક્રમાંક:૨૪

# ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) વિધેયક,૨૦૧૧

### મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ અને ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૮૩ વધુ સુધારવા બાબત વિધેયક

**શ્રી નીતિનભાઈ ર. પટેલ (શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, •રાજપત્રમાં અગાઉ પ્રસિધ્ધ થયેલ સન ૨૦૧૧ નું વિધેયક ક્રમાંક-૨૪-સન ૨૦૧૧ નું ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી: વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૧ નું વિધેયક ક્રમાંક-૨૪-સન ૨૦૧૧ નું ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.
પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ એટલે કે નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો, તાલુકા પંચાયતો અને એના હસ્તક આવતી ગ્રામ પંચાયતો આ જે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ છે આ સંસ્થાઓનું ઓડિટ અત્યારે ગુજરાત સરકારના ઓડિટ વિભાગ દ્વારા ઓડિટ કરવામાં આવે છે. રાજય સરકારને ભારત સરકારે જે ગાઈડલાઈન્સ આપી છે અને ૧૩ મા નાણા પંચમાં સમગ્ર દેશ માટે જેનો અમલ કરવો જરૂરી છે એ જોગવાઈ એટલે કે દરેક સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને ભારત સરકારના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટેકનીકલ ગાઈડન્સથી એનું ઓડિટ કરવામાં આવે અને જે ઓડિટ થયું હોય એનો ઓડિટ રિપોર્ટ વિધાનસભાના મેજ ઉપર મૂકવામાંઆવે એ પ્રમાણેની અત્યારસુધી ગુજરાતના કાયદામાં જોગવાઈ નહોતી એ જોગવાઈનું અહીંયાં હું આ બિલમાં જોગવાઈ લઈને આવ્યો છું.

માનનીય અધ્યશ્રી, બીજું કે નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓઅને ગ્રામ પંચાયતો આ બધા વિસ્તારોમાં જેમ જેમ ટેકનોલોજી વધતી જાય છે એમ દરેક જગ્યાએ મોબાઈલ કંપનીઓનાં ટાવરો ઉભાં કરવામાં આવે છે. નગરપાલિકાને, સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને, અન્ય સંસ્થાઓને પોતાના શહેરમા કે ગામની અંદર આવેલ મિલકતો ઉપર ટેકસ લેવાનો અધિકાર છે અને અત્યારસુધી એ અધિકારના ભાગરૂપે કેટલીક મિલકતો સામેલ થઈ શકતી હતી એના ઉપર આ સ્થાનનિક સ્વરાજયની સંસ્થાઓ એ ટેકસ ઉઘરાવતી હતી અને પોતાની આવકમાં એટલે કે એના સ્વભંડોળમાં એ જમા કરાવતી હતી. જે રીતે ટેકનોલોજીનો આવિષ્કાર વધતો ગયો અને આમ તો મોબાઈલનો ઉપયોગ એ લેન્ડ લાઈન ફોન કરતાં પણ જયારે અનેકગણો વધી ગયો છે, નાનામાં નાનો માણસ પણ મોબાઈલનો ઉપયોગ કરે છે અને આખા રાજયમાં તમામ ગ્રામ પંચાયતનો વિસ્તાર હોય કે ાલુકા પંચાયતનો વિસ્તાર હોય, નગરપાલિકા, મહાનગરપાલિકાનો વિસ્તાર હોય એ બધા પોતે પ્રોપર્ટી ટેકસ ઉઘરાવી શકે અને પોતાની આવક વધારી શકે એ માટેની એક જોગવાઈ કરતી આ કાયદામાં કલમ અમે રાખી છે. એવી જ રીતે ત્રીજો આ કાયદામાં સુધારો કર્યો છે કે અત્યારસુધી નગરપાલિકાના પ્રમુખની મુદત કાયદામાં જોગવાઈ હતી કે ૨ાા વર્ષની રાખવામાં આવે, પરંતુ નગરપાલિકાના ઉપપ્રમુખની મુદત કેટલી હોય એ કાયદામાં સ્પષ્ટ જોગવાઈ ન હોવાને કારણે ઘણી જગ્યાએ કેટલાક કેસો થતા હતા, ઘણી નગરપાલકાના ઉપપ્રમુખની ચૂંટણી અંગેનો વિવાદ થતો હતો અને કલેકટર સમક્ષ, નગરપાલિકા નિયામકશ્રી સમક્ષ અને નામદાર હાઈકોર્ટ સમક્ષ પ્રકરણો ચાલતાં હતાં એ બધું જોતાં એ કાયદામાં સુધારો કરવો જરૂરી છે એટલા માટે જેમ નગરપાલિકાના પ્રમુખની મુદત ૨ાા વર્ષ કાયદામાં નિશ્ચિત કરેલ છે એ જ પ્રમાણે હવે કોઈપણ જાતની ગેરસમજ ના થાય, કોઈ કાયદાકીય પ્રશ્નો કે વિવાદ ના થાય..એટલા માટે કાયદામાં નગરપાલિકા એકટમાં સુધારો કરી અને ઉપ પ્રમુખની મુદત પણ અઢી વર્ષ કરવાનું આ કાયદામાં અમે સૂચવ્યું છે. નગરપાલિકાની આવક વધારવા માટે રાજય સરકારે અનેક વિધ જે યોજનાઓ અમલમાં મુકી છે એમાં રાજય સરકાર પોતે ગ્રાન્ટ આપે, નગરપાલિકા પોતાના સ્વભંડોળમાં આવક ઉમેરી સક્ષમ થાય અને કરોડો નાગરિકોને પોતાની સેવાઓ આપે તે માટે આર્થિક રીતે પગભર થાય અને સક્ષમ થાય તે માટે રાજય સરકાર દ્વારા અગાઉ પણ વ્યવસાયવેરો, આ રાજય સરકારની પોતાની જે આવક હતી, પોતાનો જે અધિકાર હતો તે નગરપાલિકાને આપ્યો. અને ૨૦૦૭-૦૮ માં તેની શરુઆત જયારે થઈ ત્યારે નગરપાલિકાઓને ૩ લાખ ૪૮ હજાર જેટલા વ્યવસાયવેરાના કરદાતાઓ મારફત લગભગ ૯ કરોડ રૂપિયાની આવક થઈ. તેના પછી ૩ લાખ ૫૫ હજાર કરદાતાઓ મારફત ૨૩-૨૪ કરોડ રૂપિયાની આવક થઈ, અને ૨૦૦૯-૧૦માં ૩ લાખ ૭૩ હજાર જેટલા કર દાતાઓ મારફત ૩૦ કરોડ ૬૬ લાખ રૂપિયાની આવક થઈ, આ વર્ષે ફેબ્રુઆરી સુધીમાં નગરપાલિકાઓને વ્યવસાયવેરાની આવક મળી છે તે ૩ લાખ ૯૪ હજાર કરદાતાઓ પાસેથી ફેબ્રુઆરી અંતિત ૩૦ કરોડ ૬૧ લાખ રૂપિયાની આવક મેળવી છે. આમ નગરપાલિકા, ગ્રામ પંચાયત પોતે સક્ષમ બને, આર્થિક રીતે પોતે પગભર બને

• આ વિધેયક તા.૧૮મી માર્ચ, ૨૦૧૧ ના રાજપત્રમાં પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે.

તેના માટે અમારી રાજય સરકાર સતત પ્રયત્નો કરે છે, માર્ગદર્શન આપી સમજ આપી પ્રોત્સાહન આપી અને અમે વ્યવસ્થા કરીએ છે. ત્યારે જો કાયદામાં જોગવાઈ ન હોય તો મોબાઈલ ટાવર ઉપર પ્રોપર્ટી ટેકસ જે કેટલીક નગરપાલિકાઓએ ભૂતકાળમાં લીધો હતો અને તેના પછી કોર્ટનું પ્રકરણ બન્યું, અને નામદાર હાઈકોર્ટમાં પણ આ બાબત આવી ત્યારે એવું નકકી કરવામાં આવ્યું કે કાયદામાં જોગવાઈ કરો, નામદાર હાઈકોર્ટે તો ગુજરાતના મુખ્ય સચિવશ્રીની અધ્યક્ષતામાં કમિટી પણ બનાવી કે કેવી રીતે કેટલી રકમની મર્યાદામાં નગરપાલિકા, મહાનગરપાલિકા અને ગ્રામ પંચાયતમાં મોબાઈલ ટાવર ઉપર ટેકસ ઉઘરાવી શકાય, એટલે નામદાર હાઈકોર્ટ અને ગુજરાત સરકારની નગરપાલિકાઓને મદદ કરવાની ઈચ્છા હોવા છતાં કાયદામાં જોગવાઈ નહોતી, એટલે આ સુધારો કરવાની જરુર હતી એટલા માટે ગુજરાતના તમામ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ પોતાની આવકમાં વધારો કરી શકે તે માટે રાજય સરકારના શહેરી વિકાસ વિભાગ અને પંચાયત વિભાગ દ્વારા આ સુધારો કરવાનું આ બિલ લઈને હું આવ્યો છું. આ પ્રજાલક્ષી બિલ છે, ઉપ પ્રમુખની મુદ્દત અઢી વર્ષની કરવાની જોગવાઈ પણ આ કાયદામાં સ્પષ્ટતા માટે છે. અને બીજું કે ઓડિટર જનરલનું ઓડિટ કરાવવાની વાત છે તે ઓડિટ પણ ૧૩માં નાણા પંચની ભલામણ અનુસાર અને વહીવટી પ્રક્રિયાને વધુ સક્ષમ અને પારદર્શક બનાવવા માટેની જોગવાઈ કરતું આ બિલ છે. આ બિલની ત્રણે કલમો અને તેમાં સૂચીત તમામ જોગવાઈઓને સર્વાનુમતે આ સભાગૃહ મંજૂર કરે તેવી હું વિનંતી કરું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે વિધેયક લઈને આવ્યા છે એમાં ટેકનીકલી જો બન્ને બિલ અલગ અલગ લાવ્યા હોત, કારણ કે એક બી.પી.એમ.સી. એકટમાં સુધારાઓ થાય છે, અને બીજું પંચાયત એકટમાં સુધારાઓ થાય છે. ત્યારે આ મીકસ કરવાને બદલે બન્ને વિધેયક લઈને આવવું જોઈતું હતું. જયાં સુધી કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલના પર્વ્યુમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને લેવાની બાબત છે તો ૧૩માં નાણા પંચનું આ સૂચન છે અને હું માનું છું કે એ અત્યંત આવશ્યક છે અને આવકાર દાયક છે. બિલની આ જોગવાઈને હું સમર્થન કરું છું. કારણ કે કોન્સ્ટીટયુશનલ ઈન્ડીપેન્ડેન્ટ ઓડિટ એજન્સી ઓડિટ કરે અને ઓડિટ અહેવાલો આ સભાગૃહ સમક્ષ રજૂ થાય તો મને લાગે છે કે લોકશાહીમાં રાજય લેવલ પર પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓના સર્વોચ્ચ ગૃહમાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના ચાલેલા વહીવટની ચકાસણી થાય, અને તે આવકાર દાયક છે. આ જ બિલમાં મોબાઈલ ટાવરની બાબતની હકીકત પણ લઈને આવ્યા છે. ૧૮૯૮/૨૦૦૯ ની દીવાની અરજી ન થઈ હોત તો કદાચ આ સુધારો ન થયો હોત તો કદાચ આ સુધારો અહીંયા ન આવ્યો હોત. આ દીવાની અરજી થઈ નામદાર હાઈકોર્ટ સુધી મેટર ગઈ અને હાઈકોર્ટે કેટલાક બૈઝિક પ્રશ્નો પૂછ્યા. મારો સવાલ એ પણ છે કે મંત્રીશ્રીઓ તો હું સમજી શકું કે એમની જવાબદારી અનેક હોય પરંતુ તંત્ર શું કરતું હતું? તંત્રની આ જવાબદારી હતી કે મોબાઈલ ટાવરો મૂકવાની શરૂઆત થઈ ત્યારે આ પ્રકારની કાયદાકીય સત્તાઓ આપતું વિધેયક લઈને આવવું જોઈતું હતું ત્યારે તો ન લઈને આવ્યા અને આજે લઈને આવ્યા છે ત્યારે એટલી બધી લેકયુના છે કે આપની ઉતાવળે બિલ લાવવાની માનસિકતા આમાં પ્રસ્થાપિત થાય છે. આખા રાજયમાં આપણે કેટેગરી પાડીને શા માટે એ પ્રસ્થાપિત ન કરીએ કે આવો ટાવર કરવો હશે તો આ પ્રકારની શરત હશે, આટલો વેરો લઈ શકાશે. અત્યારે આ બાબતમાં કાંઈ કલીયર નથી. આ અબાધિત અધિકારો ભ્રષ્ટાચારને પ્રેરણા આપશે એટલા માટે કંઈક મર્યાદા મૂકતો કંપાસ મૂકવો જરૂર હતો. બિલની જોગવાઈઓમાં સ્ટ્રકચરલ એન્જિનિયરનું સર્ટિફિકેટ ઈટ મસ્ટ રાખવું જોઈતું હતું. પ્રજાકીય મિલકતમાં ભાડાની લાલચમાં એવી રીતનો ટાવર ઊભા થાય તો જ્યારે નાની મોટી કુદરતી આફતોના સમયે એ ટાવર પડે જેને નફાની લાહ્યમાં યોગ્ય સ્ટ્રકચર ન બનાવ્યું હોય તો પ્રજાના જાનમાલ ઉપર મુશ્કેલી થવાની એટલે સ્ટ્રકચરલ એન્જિનિયરના સર્ટિફિકેટની વાત આમાં સમાવવી જરૂરી હતી. એજ રીતે મૅડિકલ સાયન્સમાં પ્રસ્થાપિત થતું જાય છે કે કેટલેક અંશે આ ટાવરના રેઈસ છે એ નુકસાન કારક પણ છે ત્યારે એની ચકાસણી થાય ખાસ કરીને હૉસ્પિટલ, શાળા કે રહેણાકનો વિસ્તાર હોય એનાથી એને દૂર કેમ રાખી શકાય કે જેથી એના રેઈસના રૅડીએશન ના વિસ્તારમાં એવો વિસ્તાર ન આવતો હોય કે જ્યાં કુમળા બાળકો હોય, દરદીઓ હોય અથવા રહેણાંક વિસ્તાર હોય કે જેને રેઈશ ડેમેજ કરી શકે તેમ છે કે કેમ એની ચકાસણી જરૂરી લાગે છે. આપણે જો પડતર કે ગૌચરની જમીનમાં આ ટાવર ઊભો કરશે અને એની આવક થશે તો એ આવક કોણ વાપરશે, ગૌચરમાં ઊભા થયેલા ટાવરની આવકનું શું થશે અથવા તો પડતરમાં શું થશે એની સ્પષ્ટતાઓ મારી દૃષ્ટિએ થઈ જાય એ અત્યંત જરૂરી છે. નહિ તો ગૂચવાડાઓ અનેક પ્રકારના પેદા કરનારો આ સુધારો થવાનો.

ઉપ પ્રમુખોની બાબતની વાત લઈને પણ અહીંયા આવ્યા છે. મને લાગે છે કે મને તો એક આ વિધાનસભાની સમિતિ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાના પ્રતિનિધિઓની બાબતમાં ગૃહની સમિતિ અભ્યાસ કરે એ જરૂરી લાગે છે. અને એ પ્રવર સમિતિને આ બિલ સોંપાય તો કેટલીક સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની બાબતમાં ગુજરાત અગ્રેસર રહ્યું છે અને એમાં આજની તારીખમાં કેટલીક બાબતો લોકશાહીની સ્થાનિક સ્વરાજ્યની વ્યવસ્થામાં ક્યાંક ક્યાંક ખંડિત કરતી હોય કોઈક જગ્યાએ કલંકિત કરતી હોય તેવી પરિસ્થિતિ પણ નિર્માણ થાય છે.ત્યારે ગૃહના બંને પક્ષના સભ્યોની કોઈ અભ્યાસ કરવા માટેની સમિતિ કે પ્રવર સમિતિ બને જે સકારાત્મક આવતા દિવસોમાં લાંબા સમય સુધી ઉપયોગી થઈ શકે તેવી બાબતો લઈને આવે તો એ આવકારદાયક રહેશે.

મારી કેટલીક બાબતોના વિચારો મેં આ વિધેયક ઉપર રજૂ કર્યા છે મારા પક્ષના અન્ય સભ્યશ્રીઓ પણ આ વિષય પર વિસ્તારથી વાત કરી શકે એટલા માટે વધારે લાંબી વાત નહિ કરતા મારી વાત હું પૂરી કરું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે બિલ લઈને આવ્યા છે તેમાં હું મારા વિચારો વ્યક્ત કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગઈ કાલે આપણે એક બિલ પાસ કર્યું અને એ બિલ પાસ કર્યું ત્યારે લગભગ દુઃખી મને પાસ કર્યું કે જે ગેરકાનૂની બાંધકામો થયેલા છે એ વાસ્તવિકતા છે કે આપણે તેને દૂર કરી શકીએ તેમ નથી અને એટલા માટે આ પ્રકારની પ્રવૃત્તિ ન ચાલવા દેવાની માનસિકતા હોવા છતાં છેવાડાનો માણસ દંડાય નહીં એટલા માટે બિલને અમે કડવા મને સમર્થન આપ્યું ત્યારે અપેક્ષા એવી વ્યક્ત કરાઈ હતી કે માનનીય મંત્રીશ્રી આ બાબતે ભવિષ્યમાં આનું પુનરાવર્તન ન થાય તેના માટે રાજકીય ઈચ્છાશકિત લઈ આવી કદાચ માનનીય મંત્રીશ્રીમાં ઈચ્છાશકિત ન હોય તો માનનીય મુખ્ય મંત્રીશ્રી એ ઈચ્છાશિકત બતાવી અને રોકવા માટેના કોઈ પગલાંની જાહેરાત કરશે. એ બાબતમાં વિચાર તો જરૂર કરશે પણ આ જે બિલ લઈ આવે છે તેના ઉપરથી મને લાગે છે કાં તો તેમની ઈચ્છાશકિત નથી અથવા તો ટાઉન પ્લાનીંગ વિભાગ જે ચાલે છે તેમાં આપણે નિષ્ણાતો રાખ્યા નથી અથવા તો એ નિષ્ણાતો છે તો તેની સલાહ આપણે માનવી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ઘણા વર્ષોમાં મોટા પાયે પરિવર્તનો થયા છે. માણસોની જીવન પદ્ધતિ બદલાઈ છે. શહેરોની જરૂરિયાતો પણ બદલાઈ છે. પણ અંગ્રેજોના વખતમાં જે કાનૂન હતા તેમાં સુધારો કરવાની આપણી માનસિકતા ગમે તે હોય એ રાજય સરકારની માનસિકતા રહી નથી. ૨૦૦૪માં જવાહરલાલ નહેરુ અર્બન રીન્યુઅલ મિશન આવ્યું અને તેણે આખા દેશમાં જે લોકો આ સુધારો, આ જે કેન્દ્રની સહાય છે એ લેવા માટેની જેમની ઈચ્છા હોય

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

એમણે રીફોર્મ્સ માટેના એગ્રીમૅન્ટ કરે એ પછી એ સહાય આપવી એવો નિર્ણય કર્યો. એના પછી અનેક રીફોર્મ્સ આપણે લઈ આવ્યા. એ ટેક્સના હોય કે બીજા પ્રકારના હોય, ત્યાં સુધી આપણને રીફોર્મ્સ લઈ આવવાની આ રાજય સરકારની ફરજ હતી. પણ એ રીફોર્મ્સ આપણે લઈ આવ્યા નહીં. એ એકાઉન્ટીંગ સિસ્ટમ હોય, ટેકસેશન સિસ્ટમ હોય કે બીજી સિસ્ટમોનો એના પછી આપણે અમલ કર્યો. રાજય સરકાર એ કરી શકી હોત. પરંતુ રાજય સરકારને રીફોર્મ્સ લઈ આવવાની તૈયારી ન કરી. આ જે છે. આજે ઑડિટ માટેની વ્યવસ્થાની વાત આવી. કેગ માટેની. એ પણ ૧૩મા નાણાપંચમાં જોગવાઈ કરી અને શરત મૂકી એ પછી આપણે લઈ આવ્યા છીએ. એના પહેલાં ઑડિટની વ્યવસ્થા આપણે કરી શક્યા હોત. પણ એ આપણે કરી નહીં. ટાવરની વાત આવી. અમારા માનનીય નેતાશ્રીએ બહુ સાચી વાત કરી કે હાઈકોર્ટમાં જાય, હાઈકોર્ટ પછી ડાયરેકટીવ્સ આપે, એના પછી આપણે કરીએ તો પ્રેગ્મેટીક વ્યૂઝ આપણે પહેલેથી કેમ ન લીધા?

માનનીય અધ્યક્ષશ્રી, શહેરોની જરૂરિયાતો કેટલી બદલાય છે તેનો હું દાખલો આપવા માગું છું. પહેલાંનો સમય હતો, જ્યારે ટ્રાફિકની કોઈ જરૂરિયાત, એકાદ-બે ગાડીઓ હતી દિલ્હીમાં. ત્યારે દિલ્હીના રસ્તાઓ બનેલા છે. એ રસ્તાઓ આજે જો કદાચ એ વખતની જરૂરિયાતને ધ્યાનમાં લઈ અને જો દિલ્હી બનાવ્યું હોત તો દિલ્હી આજે રહેવા લાયક રહ્યું ન હોત. મારે તેમને ધન્યવાદ આપવા જોઈએ. ભલે અંગ્રેજ શાસકો હતા પણ તેમણે ૧૦૦-૨૦૦ વર્ષનો જે વિકાસ થવાનો છે તેને ધ્યાનમાં રાખ્યો. ત્યાંની વાત ભૂલી જઈએ. અમારી બાજુનું ગોંડલ રાજય છે. એ ગોંડલ રાજયમાં ૧૯૪૭માં જે વ્યવસ્થાઓ હતી એ વ્યવસ્થાઓને આપણે બગાડવાનું કામ કર્યું છે. સુધારવાનું કામ નથી કર્યું. એ વખતે અન્ડરગ્રાઉન્ડ ડ્રેનેજ ત્યારે હતી.એ વખતે જે ઓવર હેડ લાઈનોમાંથી અંડર ગ્રાઉન્ડ કરવાની ટેલિફોન લાઈનો અને ઇલેક્ટ્રિકની લાઈનોની વાત કરી છે. એ વખતે સ્ટ્રેટ લાઈટ સહિતની અન્ડર ગ્રાઉન્ડ ડ્રેનેજ એ વખતે હતી એને પણ બગાડવાનું કામ કર્યું છે. આપણે બીજે ક્યાંકથી ન શીખીએ. આપણા લોકોમાંથી પણ ન શીખાયું, આજે આપણે જાતે જ કેમ નક્કી ન કરી શકીએ કે જે નવા વિસ્તારો આવે એ વિસ્તારોની અંદર ટેલિફોનની લાઈન હોય કે ઇલેક્ટ્રિકની લાઈન હોય એ બધી અંડર ગ્રાઉન્ડ જ કરવી પડશે, પહેલાં જ રસ્તો જોઈશે, પહેલાં જ અંડર ગ્રાઉન્ડ ડ્રેનેજની વ્યવસ્થા જોઈશે, પહેલાં જ પીવાના પાણીની વ્યવસ્થા જોઈશે એ પછી જ એને બાંધકામની પરવાનગી આપીશું. એવું આપણે કેમ નક્કી નથી કરતા? પણ ત્યાં તકલીફ એ છે કે, એ કરવું છે નક્કી પણ પેલા બૅગોવાળા અને કોથળાવાળા આપી જાય એટલે બધું બંધ થઈ જાય છે. નવી જરૂરિયાતો ઊભી થઈ. ભૂતકાળની અંદર આપણે અમુક સાઇઝના બંગલા હોય તે બંગલાની અંદર ઓછામાં ઓછા ત્રણ-ચાર માણસો તો કામ કરતા જ હોય. મોટો બંગલો હોય તો એમાં ડ્રાઇવર હોય, એનો એક ચોકીદાર હોય, બે કામ કરવાવાળા હોય, એમ કરીને ચાર-પાંચ માણસો કામ કરવાવાળા હોય જ. પણ એણે આવવાનું હોય કયાંથી? પશ્ચિમમાં બંગલા હોય તો એ પૂર્વમાં એની ઝૂંપડપટ્ટી હોય ત્યાં એણે રહેવાનું. ટાઉન પ્લાનીંગમાં એવી જોગવાઈ કેમ ન કરીએ? એક હજાર વારનો કે પાંચસો વારનો બંગલો હોય તો એણે એના સ્ટાફ ક્વાર્ટર ત્યાં જ બનાવવા. અથવા તો એ સોસાયટીમાં જ એમની વ્યવસ્થા કરવી પડે. પણ ગરીબ માણસની જોગવાઈ છે એ આ સરકાર કરતી નથી. ટાઉન પ્લાનીંગમાં કેમ કરતી નથી. અત્યારે મારે કનૅક્શન જોઈતું હોય તો એમ કહે કે સબ સ્ટેશન મૂકવા માટેની જગ્યા નથી. આખી સોસાયટીની અંદર આપણે કચરા પેટી માટેની જગ્યા ન રાખીએ. કૉમન પ્લૉટથી માંડીને બીજી

વ્યવસ્થા હોય. એની અંદર પણ જે જરૂરી હોય પ્રેગ્મેટીક વ્યૂહ લેવો જોઈએ એ સરકાર કયાંય લે નહીં. મારી વાત એ છે કે, માત્રને માત્ર બૅંગ અને કોથળા ઉપર નજર રાખવાથી પતે નહીં એના માટે સમાજ વ્યવસ્થામાં જે બદલાવ આવે છે એ બદલાવ સ્વીકારવાની આપણી તૈયારી નથી. પણ એ સ્વીકારી શકતા નથી. રીફોર્મ્સ છે એ પાયામાંથી લઈ આવવા પડે અને પાયામાંથી લઈ આવવા હોય તો ભારત સરકારને, કોની સરકાર છે એ નથી કહેતો. ત્યાંના નિષ્ણાતોને એમાં કોઈ મિનિસ્ટર છે એ બધું જ શીખીને આવે છે એવું નથી કહેતો. પણ એણે ખબર હોય કે, એક મ્યુનિસિપાલિટી કે એક પંચાયતને માટે કયા પ્રકારની વ્યવસ્થા જરૂરી છે. દિલ્હીમાં બેઠા બેઠા ખબર હોય પણ ગાંધીનગરમાં કેમ ખબર નથી? (અંતરાય) અહીંયાં બાજુમાં સાણંદ છે. નીરા રાડીયામાં રસ છે તો આ ગરીબ માણસોમાં રસ રાખવો જોઈએ. રૂપાળી બહેનો તો ઘણી હોય. એને રૂ.૩૦,૦૦૦/- કરોડ આપી ન દેવાય. (અંતરાય) જેને સપનામાં આવતા હતાને એણે કરાર કર્યા છે એને કહો. રૂ.૩૦,૦૦૦/- કરોડ હોમી દીધા, એની થોડીક ચિંતા કરો. શ્રી નરોત્તમભાઈ તમે કયાં એમના રવાડે ચડો છો? રહેવા દોને, તમારી ઉંમર થઈ. મારા વડીલ છો. તમે શું કામ એમના રવાડે ચડો છો. એ કરે એવું આપણે ન કરાય.

**અધ્યક્ષશ્રી** : શ્રી અર્જુનભાઈ, આપ બિલ ઉપર આવી જાઓ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું જે વાત કરતો હતો એ એ હતી કે, આ બિલ લઈ આવ્યા છો એ બિલની અંદર ખરેખર સુધારાઓ મેં કહ્યા એ પ્રમાણે લઈ આવવા જોઈતા હતા પણ એની ચિંતા થઈ નથી અને ૧૩મા નાણાં પંચની શરત છે કે, હવે એનું ઑડિટ કેમ કરવું? પણ અત્યારે નવો જમાનો આવ્યો છે. ટેક્સની આવક અને નગરપાલિકાએ કયા કામ કરવા એની મર્યાદા થઈ જવાની છે. મોટાભાગના જે કામ છે એ આવનારા દિવસોમાં એ પી.પી. મોડેલ ઉપર થવાના છે. એક નવી સોસાયટી બને. હવે તો મેગા ટાઉનશીપનો જમાનો આવ્યો છે. એ ટાઉનશીપની અંદર ડ્રેનેજ, રસ્તાઓ, પીવાના પાણી એટલું જ નહિ પણ જે કચરો નીકળે એને પ્રોસેસ કરવાની વ્યવસ્થા પણ એ પ્રમોટર છે એણે કરવાની છે તો એ કામ બરોબર થયું છે કે નહિ એ કેગના ઓડિટ કરતા એનું ઓડિટ કરવું ખૂબ જરૂરી છે પણ આ સરકારને એ સૂજવાનું નથી. એના જેવી જ મજબૂત વ્યવસ્થા આ સરકાર કરી શકે અમે છે પણ એમાં નહિ કરે. એ એટલા માટે કે એ રોકડિયો પાક છે. આ તો થોડું ઘ ણું ટેક્સ આપી આપીને કેટલું આપવાનું છે. હજારો કરોડ રૂપિયાનું ટર્ન ઓવર આ ક્ષેત્રમાં થાય છે. એક ટાઉનશીપ અમદાવાદમાં બને ૧૦,૦૦૦ કરોડનું ટર્ન ઓવર થાય. બીજા નાના નાના શહેરો છે એની અંદર પણ આ ક્ષેત્ર એવું છે કે હજારો કરોડ રૂપિયાનું ટર્ન ઓવર થાય છે અને એને રેગ્યુલેટ કરવું ખૂબ જરૂરી છે. હું દિલથી કહું છું શકિતસિંહભાઈએ બહુ સાચી વાત કરી કે જે લોકો રાજ્યની અને શહેરના લોકોની ચિંતા કરે છે એની એક કમિટી બનાવો યોગ્ય લાગે તો સૂચનોનો અમલ કરજો. આવા સૂચનોનો અમલ કરશો તો બીજા બિલો જે તમારે રેગ્યુલરાઈઝ કરવાના લઈ આવવા પડે છે. એ ન લઈ આવવા પડે અને જે સામાન્ય અને ગરીબ મધ્યવર્ગના લોકો દંડાય છે એ ના દંડાય પણ એની માનસિકતા નથી. (અંતરાય) મેં વાત કરી તમે કદાચ સાંભળી નહિ. મેં એમ વાત કરી છે કે ગુજરાતની અંદર શહેરીકરણના કારણે ખાનગી ક્ષેત્રના જે કામો થાય છે. એ નવી સોસાયટીઓ બને, એના રસ્તા બને, એની ગટર બને, એની ડ્રેનેજ બને આ બધુંજ નિયમ મુજબ થાય છે કે નહિ? એના માટે તમારે એક રેગ્યુલારીટી ઓથોરિટી બનાવવી જોઈએ. એ રેગ્યુલેટ કરે. ઈનડીપેડન્ટ ઓથોરિટી અને એની પાસે પાવર્સ પણ હોવા જોઈએ પણ એ નહિ કરો તમે. એટલું નહિ આપણું તંત્ર તો કેવું ચાલે છે? આપણે ગ્રાન્ટ આપીએ. આપે સૂચના આપી છે અમે કીધું એ પછી એ વાત સાચી છે. આપણે ગ્રાન્ટ આપીએ કે સરકાર ગ્રાન્ટ આપે છે આ રસ્તો બનાવવા માટે. રસ્તો બની જાય અને બીજે દિવસે ડ્રેનેજની લાઈન ખોદાય અને ત્રીજા દિવસે પીવાના પાણીની લાઈન ખોદાય અને રસ્તો પાછો હતો એનો એ થઈ જાય. મોટાભાગની મ્યુનિસિપાલિટીઓમાં બધીજ જગ્યાએ આ થાય છે. એટલા માટે નિષ્ણાંતોની કેડર માટે થોડોક રાજ્ય સરકારે ખર્ચ ભોગવીને નિષ્ણાંતોની દરેક શહેરોની અંદર નિમણૂક કરવી જોઈએ અને એની સાથે એકાઉન્ટેબિલીટી અને પાવર સાથેની નિમણૂક કરવી જોઈએ તો આપણા શહેરો છે એ ભવિષ્યની અંદર રહેવાલાયક રહેશે, નહિ તો રહેવાલાયક રહેવાના નથી. ટાવરની નિયુકિત આપ લઈ આવ્યા છો. આપને પોતાને ખબર છે કે આ ટાવરની અંદર સૌથી વધારેમાં વધારે રેડિએશન છે. માનવ જીવનના આરોગ્યને નૂકસાન કરનારું એ ટાવરની આજુબાજુમાં થાય છે. ટાઉન પ્લાનિંગમાં આપણે જોગવાઈ કેમ ના કરીએ? તમારે અમુક જગ્યાઓ એ ટાવરો માટે છોડવી પડશે. ટાવરની મંજૂરી આપવાની વાત લઈ આવ્યા પણ આ દ્દષ્ટિ કેમ ના આવી? એટલે માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે સૌથી વધારેમાં વધારે મહારાષ્ટ્ર પછીની શહેરીકરણની સમસ્યાઓથી પીડાતું જો કોઈ રાજ્ય હોય તો એ ગુજરાત છે. મહારાષ્ટ્રમાં ઘણા પ્રેગમેટિક નિર્ણયો લેવાયા છે. આપને ખ્યાલ ના હોય તો આપના અધિકારીઓને મોકલો અને હું તો એમ કહું છું કે એનાથી આગળ લઈને આપણે કરીએ અને એવા નિર્ણયો કરીએ કે જેનાથી ભવિષ્યની અંદર એ છેવાડાનો માણસ છે એને મકાનની સમસ્યા છે એ એની હળવી થાય અને ટાઉન પ્લાનિંગ જે મંજૂર કરવાના અધિકારો છે એ રાજ્ય સરકાર પાસે રહ્યાં છે અને એને કારણે આપણે ત્યાં દસ દસ વર્ષ સુધી ટાઉન પ્લાનિંગ સ્કીમો ફાયનલ થતી નથી. એડવાન્સ શું કરવા ના થાય? અરે, હું મારા શહેરની છાયાની વાત કરું છું દસ વર્ષથી યોજના બનાવી નહિ. મ્યુનિસિપાલિટીએ દર વર્ષે કરવું જોઈએ અને બધા પાવર્સ છે એ કલેકટર કક્ષાએ અને જિલ્લા કક્ષાએ આપી અને નિયમો બનાવી અને એની પાસે કરાવવું જોઈએ. અમદાવાદ, વડોદરા, સુરત કે રાજકોટની અંદર લોકો વસતા નથી, એ કડીમાં વસે છે,

પોરબંદરમાં વસે છે અને નાના શહેરોમાં વસે છે. અને એની સમસ્યાઓ આના કરતાં વધારે છે. અહીંયા તો કમિશનરનો દરજ્જો મોટો છે એટલે વહિવટી ક્ષમતાવાળા લોકો હોય છે. આવા નાના શહેરોમાં નથી હોતા એટલે એમાં પણ આ જરૂરી છે. આવા સૂચન સાથે માનનીય મંત્રીશ્રી નવું કોઈક બીલ લઈને આવું વિચારીને થોડુંક મગજ એમાં એપ્લાય કરે અને તો અમારા બધાનો એમાં સહકાર હશે એટલી ખાતરી સાથે મારી વાત પૂરી કરું છું.

**શ્રી બાબુભાઈ મે. શાહ(૨૫૨)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી ૨૦૧૧નું ગુજરાતનું બીલ ૨૪ નંબર લઈને આવ્યા છે. માનનીય મંત્રીશ્રી આ થ્રી ઈન વનનું પ્રેઝન્ટેશન આ એક બીલની અંદર ત્રણ વસ્તુઓ લઈને આવ્યા છે. તેરમા નાણા પંચે જે સૂચન કર્યુ એ પ્રમાણે આ સ્થાનિક સ્વરાજ્યની, શહેરી વિસ્તારની જે સંસ્થાઓ જે છે એ સી.એ.જી.ના પ્રિવ્યુમાં આવશે અને એ વાતને અમારા નેતાશ્રીએ પણ આવકારી છે, હું આવકારું છું. પણ માનનીય અધ્યક્ષશ્રી, આ જે મોબાઈલ ટાવરોવાળી વાત આવી મને મોબાઈલ ટાવરના ઉપરથી મને એક વાત યાદ આવે છે કે, મોબાઈલ ટાવરની મંજૂરી આપવાની આ નગરપાલિકાના વિસ્તારની વાત આવી, એક નગરપાલિકામાં આ મોબાઈલ ટાવર કોઈક કંપનીએ ઊભો કરેલો અને એને મંજૂરી આપવી કે નહીં એ દ્વિધામાં હતી અને પછી તમામ સભ્યોને એ કંપનીએ એક એક મોબાઈલ સેટ ભેટ આપેલો. આ મોબાઈલ ટાવર એ આપણા પ્રજા જીવનનું એક આગવું અંગ જે છે એ માનનીય શહેરી વિકાસ મંત્રીએ માની લીધું અને એ સાથે જે અઢી વર્ષની મુદત પ્રમુખની કરવાની હતી એની સાથે પોતાની સિદ્ધિઓની પણ વાત કરી. ઑક્ટ્રૉયની વધતી જતી આવકો એ રોકી લેવામાં આવે, ઑક્ટ્રૉય નાબૂદીના કારણે અને પછી આપણે વ્યવસાય વેરાની રકમ આ નગરપાલિકાઓ વિસ્તાર કે એમને કઈ રીતે મળે એની પણ સિદ્ધિઓની વાત કરી. માનનીય અધ્યક્ષશ્રી, આ એટલા માટે કે આ વ્યવસાય વેરો જે છે એના પ્રિવ્યુની અંદર એના ક્ષેત્રની અંદર કેટલાક લોકો આવતા નથી એનો કોઈ દિવસે રિવ્યૂ લીધો છે ખરો ? કૉન્ટ્રૅક્ટ લેબરની પદ્ધિતના કારણે કાયમી કર્મચારીઓ હોય એના પગાર ધોરણો અને એ બધાનું હોય (અંતરાય) એટલા માટે તમારે ઉદાહરણ આપવાની જરૂર નહતી, તમે ઉદાહરણ આપ્યું એટલા માટે મારે ઉલ્લેખ કરવો પડે છે. તમે જે કીધું એટલા માટે મેં તક લીધી છે કે, કૉન્ટ્રૅક્ટ લેબરના કારણે આ વ્યવસાય વેરાના ક્ષેત્રની અંદર કેટલાક લોકો છટકબારી ભોગવે છે, કેટલીક કંપનીઓ જે છે. કારણ કે, વ્યવસાય વેરો જો ભરવાની જવાબદારી જે છે એના એમ્પ્લોયરની છે. એના એમ્પ્લોયરે વ્યવસાય વેરો પગાર ચૂકવણી વખતે એ કાપી લેવાનો હોય છે અને એ સંસ્થાને ભરવાનો હોય છે. આ વ્યવસાય વેરો ક્યાંક નહતો ભરાતો અને હમણાં એના પરથી સ્ટ્રગલ કરીને એક સમાધોધાની ગ્રામ પંચાયત જે છે એને કરોડો રૂપિયાનો વ્યવસાય વેરો ભરવો પડ્યો. આ વ્યવસાય વેરો જે છે એ સમયસર ન ભરનાર કંપનીઓ જે છે એના ઉપર પગલા લેવાની કોઈ વાત આપ જો કરો પણ એના બદલે તમે એમ કીધું કે આ નગરપાલિકાને આટલો બધો, એમાં કાંઈ નવાઈ નથી કારણ કે, આપણે ઑક્ટ્રૉય નાબૂદ કરી એના પછી એની વધતી જતી આવકોને કોમ્પ્નોન્સેટ કરવા માટે થઈ એ વ્યવસાય વેરો નગરપાલિકાઓ વસૂલ કરે અને મેળવે પણ આ બધી બાબતો જે છે એમાં માનનીય કેટલાક સભ્યોની લાગણી એવી છે કે, તમે જેમના અધિકારો પાંચ વર્ષના હતા એ અઢી વર્ષના કરી નાખો છો પણ સાથે સ્પષ્ટતા કરી છે કે, આ વખતે જે ૨૦૧૧માં જે પ્રમુખો ચાલુ છે એના અધિકારો ચાલુ રહેશે પણ હવે પછીની જે આવશે એમાં બંનેના પાંચ વર્ષ કરવામાં આવ્યા છે. પણ હવે પછીના જે છે એમાં બંનેના પાંચ વર્ષ કરવામાં આવ્યા છે. આની જરૂરત કઈ રીતે ઉભી થઈ કારણકે અઢી વર્ષ એ આપણે ત્યાં પ્રમુખનું પણ એમાં કંઈ રીઝર્વેશન હોય કારણકે પેલું તો એના આરક્ષણ જે છે એમાં મહિલા હોય, ઓ.બી.સી. હોય કે શીડયુલ કાસ્ટ ટ્રાઈબ હોય કે જનરલ હોય પ્રમુખની મુદત અઢી વર્ષની હતી પણ ઉપપ્રમુખની મુદત પાંચ વર્ષ માટેની હતી અને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતમાં તો પાંચ વર્ષની બંનેની મુદત હોય છે તો આ જે થ્રી ઈન વનના સુધારા આવ્યા છે એના ઉપર મારી વાત મેં નમ્રપણે કહી છે.

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શકિતસિંહજી, અર્જુનભાઈ અને સિનિયર સભ્ય અને માજી નાણામંત્રી બાબુભાઈ આપણા વડીલ છે હાઉસના એમણે એમના વિચારો મારા બીલ ઉપર વ્યકત કર્યા છે. શકિતસિંહજીએ ઓડીટની બાબતને આવકારી છે. મને આનંદ છે કે બીજા બાકીના બે મુદ્દા ઉપર કોઈએ વિરોધ નથી કર્યો સૂચનો કર્યા છે. મને ઘણી વખત એમ થાય છે કે જાણે આ ગુજરાત રાજય કાલે જ બન્યું હોય, પહેલી જ વાર ગુજરાત સરકારની વિધાનસભા મળી રહી હોય અને અમે ભુલો ઉપર ભુલો કર્યે જતા હોઈએ અને વિરોધ પક્ષ અમને ઠપકો આપે. (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ વિધાનસભાગૃહમાં જયારે સભ્ય બોલતા હોય છે ત્યારે એ સભ્ય પોતાના વિચારો અને પોતાની વાત રજૂ કરતા હોય છે. એ સભ્ય બોલ્યા છે એ અમને ઠપકો આપવા, અમારી સરકાર, આ પહેલી વખત વિધાનસભા ગૃહ બન્યું હોય આ રીતની વાત કરીને સભ્યના વકતવ્ય ઉપર ટીકાટીપ્પણી ભૂતકાળમાં પણ માનનીય અધ્યક્ષશ્રીએ રોકેલી છે. આ પ્રકારની ટીકાટીપ્પણી કરવાને બદલે અમે શું કહયું છે એનો જવાબ આપવાનો હોય છે એમણે અને એમણે જવાબ આપવાનો છે એની મર્યાદામાં રહીને આપે એવી વિનંતી.

**અધ્યક્ષશ્રી** : આપ યોગ્ય જવાબ આપો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે એ જ કહેવું છે દા.ત. હું સ્પષ્ટતાથી કહું કે માનનીય સભ્યશ્રીએ એમ કહયું કે ઓડીટ વ્યવસ્થા બહુ પહેલાથી લાવવી જોઈતી હતી. ૧૯૬૦ થી ગુજરાત છે, ગુજરાતની નગરપાલિકાઓ છે, કોર્પોરેશનો છે. (અંતરાય) મને ખબર છે, વાંધો પડવાનો. તમે જવાનું બહાનું શોધો છો એ મને ખબર છે. માનનીય અધ્યક્ષશ્રી, ઓડીટ કરવાની વ્યવસ્થા તમને કરવી હતી તો તમને કોણે ના પાડી હતી? (અંતરાય) મને ખબર છે શકિતસિંહ, તમારી સાંભળવાની તૈયાર નથી. (અંતરાય) દાવ લઈને જતા રહેવું છે. સાચું સાંભળવાની તૈયારી નથી. (અંતરાય)

**(આ તબકકે સભાગૃહમાં ઉપસ્થિત રહેલા વિરોધ પક્ષના નેતાશ્રી સહિત વિરોધ પક્ષના તમામ સભ્યશ્રીઓ સુત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા)**

જાવ પછી કહીશ. તમે નહીં સાંભળો તો હું રેકર્ડ ઉપર તો રાખીશ જ. ઈકબાલભાઈ, હું રેકર્ડ માટે બોલીશ. જે વર્ષો સુધી વંચાશે. માનનીય અધ્યક્ષશ્રી, આ લોકોને કાયમ આવી રીતે પોતાની વાત કરીને જતા રહેવાની ટેવ છે. સાચું સાંભળવાની એમની કોઈ તૈયારી નથી. ફકત પોતાના ગુણગાન ગાવા અને પોતાની ભુલો, હું એમ કહેતો હતો ૩૫-૪૦ વર્ષ સુધી એમણે રાજય કર્યું. તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, નગરપાલિકા, ગ્રામ પંચાયત આ બધું જ વર્ષોથી છે અને અહીંયા અર્જૂનભાઈ અને શકિતસિંહભાઈએ એમ કીધું કે આ ઓડીટ વ્યવસ્થા પહેલેથી કરવી જોઈએ તો એમને કોણ રોકતું હતું એ મને આજ સુધી ખબર પડતી નથી અને પછી આવા વાંધાવચકા કરી અને કોઈને સાસરે જવું નહીં અને કોઈને શિખામણ આપવી એમ કરીને કહેવત આખી નથી કહેતા? જતા રહે છે. હું નાનો હતો ત્યારે ક્રિકેટમાં કોઈ માથાભારે છોકરો હોય, કોઈ જેને ગુજરાતીમાં અન્યાયડો કહો છો એવા હોય પહેલો દાવ આવે તો દાવ લઈને જતો રહે પછી ફીલ્ડીંગ પણ ન ભરે અને બોલીંગ પણ ન કરે એને અન્યાયડો કહેતા હતા અમે નાના હતા ત્યારે. અંચઈ. આ કોંગ્રેસ પક્ષ કે અમારો સવાસો વર્ષ જુનો, મોટામાં મોટો પક્ષ, જુનામાં જુનો પક્ષ, કેન્દ્રમાં અમારી સરકાર, અમે આમ કર્યું, અમે તેમ કર્યું પણ અંચઈ કરવામાંથી કદી ઉંચા આવતા જ નથી. મને તો એમ હતું કે વિપક્ષના લોકો કહેશે કે તમે સારું કર્યું નગરપાલિકાને આવક વધારવાની તમે રાજય સરકારે વ્યવસ્થા કરી. દા.ત. અમારે આવી ખોટી ટીકાટીપ્પણ સાંભળવાની ન હોય છતાંપણ રાજયની નગરપાલિકાઓના હિત માટે પણ અમે આ બીલ લાવ્યા છીએ. અમે આ મોબાઈલ ટાવર ઊભા કરીએ છીએ. અહીંયા શક્તિસિંહભાઈ અને અર્જુનભાઈએ બહુ સુફિયાણી, સુફિયાણી વાતો કરી. રેડિએશન આવે છે. આ થાય છે, તે થાય છે. મારે એમને પૂછવું છે કે *(xxxxxx) (xxxxxx)એમાં મોબાઈલ ટાવર જ હતા. એ મોબાઈલ ટાવર એનાથી રેડીએશન થાય છે. નાગરિકોને નુકસાન થાય છે. જોવાની જવાબદારી નગરપાલિકાની છે કે મોટામાં મોટી દેશની ભારત સરકારની છે. ખરેખર ભારત સરકારની જવાબદારી છે. અમે ટેક્સ ના લાવ્યા હોત નગરપાલિકાને મદદરૂપ થવા આ બિલ અમે ના લાવ્યા હોત તો મોબાઈલ ટાવર થવાના બંધ થઈ જવાના હતા? ચારે બાજુ હજારોની સંખ્યામાં આપણે જોઈએ તો શહેરોના મકાનમાં ધાબા ઉપર, મકાનોના છાપરા ઉપર, ખુલ્લા મેદાનમાં સાહેબ રોડ ઉપર જતા હોઈએ તો સેંકડો ટાવર આપણને રોડ ઉપર જોવા મળે છે. આ બધુ કાંઈ થતું હોય તો એનો લાભ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને મળે, એની આવક મળે અને એ આવકનો ઉપયોગ પ્રજાકીય વિકાસના કામો માટે કરી શકે, એટલા માટે રાજ્ય સરકારે સામેથી પોતાની અમારી ફરજ સમજી મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે નગરપાલિકાઓની આવક વધારો. ૨૦૦૫ માં અમે શહેરી વિકાસ વર્ષ મૂક્યું. અહીયા વ્યવસાય વેરાની માનનીય બાબુભાઈ વાત કરતા હતા. વ્યવસાય વેરો ઉઘરાવવાની સત્તા રાજય સરકારની છે, એની કરોડો રૂપિયાની આવક જો રાજય સરકારે ઈચ્છી હોત તો રાજયની તિજોરીમાં જમા થાત, પણ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ કહ્યું આપણે આ સત્તા નગરપાલિકાઓને આપો. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાને આપો, જેથી નગરપાલિકાઓ આર્થિક રીતે પગભર થાય અને અમે સામેથી કોઈની માગણી નહોતી, કોઈનું સૂચન નહોતું. કોઈની રજૂઆત નહોતી રાજય સરકારે સામેથી વ્યવસાય વેરો ઉઘરાવવાની સત્તા અને એની આવક વાપરવાની સત્તા નગરપાલિકાને આપી. આ જે ભારતીય જનતા પક્ષની માનનીય અધ્યક્ષશ્રી જે પ્રજાલક્ષી બાબતો છે, તે આ વિરોધ પક્ષના લોકોને હંમેશા મનમાં ખૂંચે છે. અહીયા એમણે એમ કહ્યું કે આ રિફોર્મસ ઘણા પહેલા લાવવા જોઈતા હતા. ભાઈ અર્જુનભાઈએ જે.એન.આર.યુ.એમ.ની વાત કરી. અમે તો કહી કહીને થાકી ગયા એ લોકોની હજુ આંખ કેમ ખોલતી નથી. આ જે.એન.આર.યુ.એમ.માં ભારત સરકારની સ્કીમ ભલે હોય, ગુજરાત સરકારની એમાં ગ્રાન્ટ છે. અમારી મહાનગરપાલિકાઓની ગ્રાન્ટ છે અને બધી મહાનગર પાલિકાઓમાં ભારતીય જનતા પક્ષનું પ્રજાકીય શાસન છે, છતા પણ અમારા કાર્યકરો, મેયર, કમિશનર, કોર્પોરેટરો બધા સાથે મળી જે એવોર્ડો જીત્યા, જે વડાપ્રધાને આપ્યા, રાષ્ટ્રપતિએ આપ્યા, દુનિયાની સંસ્થાએ આપ્યા, એમાં સુધારાના રિફોર્મસના એવોર્ડ પણ આખા ગુજરાતમાં સૌથી વધુ દેશની અંદર ગુજરાતને મળ્યા છે. આ રીતે જ્યારે સરકાર કામ કરતી હોય. નગરપાલિકાને પ્રમુખની મુદત અઢી વર્ષ કરવી. ખરેખર તો આપણે ટીકા કરીએ સારા ન લાગીએ એમના વખતે પ્રમુખ, ઉપ પ્રમુખની મુદત નક્કી થયેલી. ચીમનભાઈની સરકાર હતી એ વખતે નક્કી થયેલું. ખરેખર તો આ કાયદાની ભૂલ એમના કારણે રહી ગઈ છે. એ વખતે એમણે લખી દીધું હોત કે પ્રમુખની મુદત અઢી વર્ષ અને ઉપ પ્રમુખની મુદત અઢી વર્ષ તો અત્યાર

* (xxxxxx)માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

સુધી કોર્ટમાં લાખો રૂપિયા લોકોને કાર્યકરોને, નાગરિકોને, નગરપાલિકાના સભ્યોને ખર્ચવા પડ્યા. નામદાર હાઈકોર્ટનો કિંમતી સમય ગયો એ ના ગયો હોત અને કાયદામાં સુધારો મારે ના લાવવો પડ્યો હોત. તમારી ભૂલના સુધારા આજે અમારે કરવા પડે છે. એટલે આ બધી જ બાબતો મને શક્તિસિંહે એમ કહ્યું કોર્ટે સુધારો કર્યો, એટલે તમારે કાયદો સુધારવો પડ્યો. આપણે બધા જાણીએ છીએ કે કેટલાક કાયદા એવા હોય છે કે કોર્ટોમાં એના અર્થઘટન ઉપર ખૂબ લાંબો વિવાદ ચાલતો હોય છે અને કોર્ટ અર્થઘટનના આધારે કાયદામાં આપણે એમ સમજતા હોઈએ, સરકાર એમ સમજતી હોય કે પ્રોપર્ટી ટેક્સ લેવાની સત્તા અમે નગરપાલિકાઓને આપી છે, તો આ પ્રોપર્ટી ગણાય કે કેમ? એ અંગેના વિવાદો તો બાકી પ્રોપર્ટી ટેક્સ લેવાની સત્તા તો કાયદામાં છે જ. પણ જ્યારે નામદાર હાઈકોર્ટે મુખ્ય સચિવના અધ્યક્ષપદે કમિટી બનાવી ત્યારે અમને એમ થયું કે આ સુધારો આપણે કરીએ તો નગરપાલિકાઓને આવક થાય, એટલા માટે પ્રજાકીય રીતે અમે આ સુધારા લાવ્યા છીએ અને આ બિલ આખું સભાગૃહ સર્વાનુમતે મંજૂર કરે તેવી મારી વિનંતી છે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક: ૨૪, સન ૨૦૧૧ના ગુજરાત સ્થાનિક સત્તા મંડળ કાયદા (સુધારા) વિધેયકનું બીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો**

**કલમ. ૨ થી ૧૪, કલમ.૧ દીર્ઘ સંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક: ૨૪, સન ૨૦૧૧ના ગુજરાત સ્થાનિક સત્તા મંડળ કાયદા (સુધારા) વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી :** સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક:૨૪નું ત્રીજું વાંચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે. નેકસ્ટ.

# બિન સરકારી વિધેયકો

**સચિવશ્રી :** સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક:૭-સન ૨૦૧૦નું ગુજરાત કારખાનાના કામદારોને (કામચલાઉ મુદત માટે) બેકારી ભથ્થું આપવા બાબત વિધેયક માનનીય સભ્યશ્રી સાબીરભાઈ ખેડાવાળા ...... થોડીવાર બાદ...... માનનીય સભ્યશ્રી ગેરહાજર

સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક:૧૬ -સન ૨૦૧૦નું ગુજરાત રાજય તકેદારી આયોગ વિધેયક માનનીય સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા ...... થોડીવાર બાદ ...... માનનીય સભ્યશ્રી ગેરહાજર

સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક:૮ -સન ૨૦૧૦નું ગુજરાત રોજગાર બાંયધરી વિધેયક માનનીય સભ્યશ્રી સાબીરભાઈ ખેડાવાળા ...... થોડીવાર બાદ ...... માનનીય સભ્યશ્રી ગેરહાજર

સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક:૧૩ -સન ૨૦૧૦નું ગુજરાત બિન-નાશવંત કચરો (નિયંત્રણ)વિધેયક માનનીય સભ્યશ્રી રાકેશભાઈ શાહ ...... થોડીવાર બાદ ...... માનનીય સભ્યશ્રી ગેરહાજર

**સભાગૃહનું કામકાજ સાંજના ૬.૧૨ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બુધવાર, તા.૩૦મી માર્ચ ૨૦૧૧ના રોજ સવારના ૮.૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**બુધવાર, તા. ૩૦ મી માર્ચ, ૨૦૧૧**
**ચૈત્ર ૯, ૧૯૩૩ શાકે**
**સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી, ગણપતભાઈ વસાવા અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

**જામનગર જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના**

*** ૨૨૯૫૭ શ્રી લાલજીભાઈ પ્રે. સોલંકી(જામનગર (ગ્રામ્ય) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) જામનગર જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ દરમ્યાન તા.૩૧/૧/૧૧ સુધીમાં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તે પૈકી જામનગર તાલુકામાં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે?

**વન મંત્રીશ્રી :**

**(૧) જામનગર જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના એટલે કે સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ દરમ્યાન તા.૩૧-૧-૧૧ સુધીમાં નીચેની વિગતે રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.**

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેકટર) | વાવેતર કરેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| **૨૦૦૯-૧૦** | **૪૮૮** | **૪.૪૨** |
| **૨૦૧૦-૧૧** | **૩૭૫** | **૪.૩૪** |
| કુલ | ૮૬૩ | ૮.૭૬ |

**(૨) તે પૈકી જામનગર તાલુકામાં નીચેની વિગતે રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.**

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેકટર) | વાવેલ રોપાની સંખ્યા(લાખમાં) |
|---|---|---|
| **૨૦૦૯-૧૦** | **૫૪** | **૦.૫૯** |
| **૨૦૧૦-૧૧** | **૪૮** | **૦.૬૩** |
| કુલ | ૧૦૨ | ૧.૨૨ |

શ્રી લાલજીભાઈ પ્રે. સોલંકી : **માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે જામનગર જિલ્લામાં ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ માં કેટલા હેકટરમાં વાવેતર કરેલ અને એ વાવેતર કરેલ રોપા પૈકીના કેટલા રોપા જીવંત છે?**

શ્રી કિરીટસિંહ જી. રાણા : **માનનીય અધ્યક્ષશ્રી, જામનગર જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦માં ૪૮૮ હેકટર વિસ્તારમાં અને ૨૦૧૦-૧૧માં ૩૭૫ હેકટર વિસ્તારમાં વાવેતર કરેલ છે. ૨૦૦૯-૧૦માં ૪૪૨૦૦૦ રોપાનું વાવેતર કરેલ તે પૈકી ૩૦૯૦૦૦ રોપા જીવંત છે અને ૨૦૧૦-૧૧માં ૪૩૪૦૦૦ રોપાનું વાવેતર કરેલ તે પૈકી ૩૩૫૦૦૦ રોપા જીવંત છે.**

શ્રી મેઘજી ડા. કણઝારીયા : **માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સામાજીક વનીકરણની યોજના ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧માં જામનગર જિલ્લામાં કુલ કેટલા માનવ દિન રોજગારી ઉભી થઈ તથા જામનગર તાલુકામાં કેટલા માનવ દિન રોજગારી ઉભી થઈ?**

શ્રી કિરીટસિંહ જી. રાણા : **માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૯-૧૦માં જામનગર જિલ્લામાં ૪૮૪૯૯ અને ૨૦૧૦-૧૧માં ૪૮૫૪૫ માનવ દિન રોજગારી ઉભી થઈ અને જામનગર તાલુકામાં ૨૦૦૯-૧૦માં ૧૦૯૪૫ અને ૨૦૧૦-૧૧માં ૧૦૨૧૨ માનવ દિન રોજગારી ઉભી થઈ છે.**

શ્રી રાઘવજીભાઈ હં. પટેલ **: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સરકાર દર વર્ષે આ પ્રમાણે રોપા વાવેતરનું હિસાબ પત્રક બતાવી દે છે. મારે એ જાણવું છે કે ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧માં જેટલા રોપા વાવ્યા છે એમાંથી કેટલા રોપા ઉછર્યા છે અને આ ઉછરેલા રોપા અંગે ધારાસભ્યોને રૂબરૂ સ્થળ ઉપર લઈ જઈને વાસ્તવિક ધોરણે સરકાર બતાવવા માગે છે કે કેમ?**

શ્રી કિરીટસિંહ જી. રાણા **: માનનીય અધ્યક્ષશ્રી, સભ્યો જે કહે છે ખરેખર તો એક કરોડ કરતા વધારે વૃક્ષારોપણમાં વધારો થયો છે. અને અગાઉ જેમાં એમણે વાત કરી જે વાવવાની ટકાવારી જીવંત ટકાવારી ૨૦૦૯-૧૦માં ૭૦ટકા અને ૨૦૧૦-૧૧માં ૮૬ટકા છે.**

રાજકોટ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના

* ૨૨૯૫૮ શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર) **:** માનનીય વન મંત્રીશ્રી **જણાવવા કૃપા કરશે કે:-**

**(૧) રાજકોટ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ દરમ્યાન તા.૩૧-૧-૧૧સુધીમાં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને**

**(૨) તે પૈકી જેતપુર તાલુકામાં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે?**

વન મંત્રીશ્રી :-

**(૧) રાજકોટ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના એટલે કે સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ દરમ્યાન તા.૩૧-૧-૧૧ સુધીમાં નીચેની વિગતે રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.**

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેકટર) | વાવેતર કરેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| **૨૦૦૯-૧૦** | **૪૮૨** | **૪.૪૯** |
| **૨૦૧૦-૧૧** | **૩૯૭** | **૪.૬૫** |
| **કુલ** | **૮૭૯** | **૯.૧૪** |

**(૨) તે પૈકી જેતપુર તાલુકામાં નીચેની વિગતે રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.**

| **વર્ષ** | **વાવેતર કરેલ વિસ્તાર (હેકટર)** | **વાવેલ રોપાની સંખ્યા (લાખમાં)** |
|---|---|---|
| **૨૦૦૯-૧૦** | **૪૧** | **૦.૩૭** |
| **૨૦૧૦-૧૧** | **૨૯** | **૦.૩૩** |
| **કુલ** | **૭૦** | **૦.૭૦** |

શ્રીમતી જસુબેન સ. કોરાટ**: માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાજકોટ જિલ્લામાં બે વર્ષની અંદર ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ના વર્ષમાં કેટલા રોપાનું વાવેતર કર્યું અને એની પાછળ કેટલો ખર્ચ કર્યો. અને કેટલા રોપા અત્યારે જીવંત છે?**

શ્રી કિરીટસિંહ જી. રાણા **: માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ જિલ્લામાં સામાજીક વનીકરણ વિભાગ દ્વારા ૨૦૦૯-૧૦ માં ૪૪૯૦૦૦ રોપા વાવેલા જે પૈકી ૩૦૭૦૦૦ જીવંત છે. ૨૦૧૦-૧૧ માં ૪૬૫૦૦૦ રોપા વાવેલા જે પૈકી ૩૬૪૦૦૦ જીવંત છે. જેતપુર તાલુકામાં ૨૦૦૯-૧૦માં ૩૭૦૦૦ રોપા વાવેલા જે પૈકી ૨૬૦૦૦ રોપા જીવંત છે અને ૨૦૧૦-૧૧માં ૩૩૦૦૦ રોપા વાવેલા જે પૈકી ૨૬૦૦૦ રોપા જીવંત છે.**

શ્રી ગોવિંદભાઈ મા. પ્રજાપતિ **: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ એમના જવાબમાં જણાવ્યું છે કે ૯૧૪૦૦૦ રોપાનું વાવેતર ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧માં થયું છે. હું મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે૨૦૦૯-૧૦માં અને ૨૦૧૦-૧૧માં કેટલા માનવ દિન ઉત્પન્ન થયા અને એમાંથી જેતપુર તાલુકામાં કેટલા?**

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ માં થયેલ રોપાનું વાવેતરથી ૪૪૭૧૨ માનવદીનની રોજગારી ઉત્પન્ન થયેલ છે. વર્ષ ૨૦૧૦-૧૧ માં થયેલ રોપાના વાવેતરથી ૪૫,૫૧૦ માનવદીન રોજગારી ઉત્પન્ન થયેલ છે, જે પૈકી જેતપુર તાલુકામાં બે વર્ષમાં ૬૬૪૨ માનવદીનની રોજગારી ઉત્પન્ન થયેલ છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, વનીકરણ યોજના હેઠળ દર વર્ષે રોપાઓ વાવવામાં આવે છે અને એમાં એ રોપાઓ ઘણી વખત ઊછર્યા પહેલા ગુજરી જાય છે,

**અધ્યક્ષશ્રી** : સીધા પ્રશ્ન ઉપર આવો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : પ્રશ્ન ઉપર આવું છું. એટલે મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જાણવું છે કે(અંતરાય) આખી જમીનો તમે ખાઈ ગયા.

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈ, પ્લીઝ. આ પ્રશ્નોત્તરીનો સમય છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : રોપાઓની ક્યાં વાત કરો છો. આ પૂછે છે એટલે વાત કરું છું. જમીન ખાઈ ગયા. વાવવાની જમીનો હતી તે ખવાઈ ગઈ. આખી જંગલની જમીન ખાઈ ગયા. દરિયાકિનારાની જમીન ખાઈ ગયા. બાકી રહેવા દીધું નથી.

**અધ્યક્ષશ્રી** : આપ મારા તરફ ધ્યાન આપીને પ્રશ્ન પૂછો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મને ડિસ્ટર્બ ન કરે એટલું કહો, મારે પ્રશ્ન પૂછવો છે. માનનીય મંત્રીશ્રીને એટલું પૂછવા માગું છું કે(અંતરાય) એ તો ઘણા ખાઈ ગયા. બે પગવાળા ખૂંટીયા ખાઈ ગયા. મારો પ્રશ્ન એટલો છે કે મૂળ પ્રશ્ન ઉપર આવું છું. આ જે દર વર્ષે આ જંગલની જમીનની અંદર રોપણી તો થાય છે. એમાં રાજકોટ જિલ્લામાં જ છેલ્લાં બે વર્ષમાં આ ચાલુ વર્ષ સિવાય જે રોપાઓ વાવવામાં આવ્યા. એમાંથી કેટલા રોપાઓ જીવિત રહ્યા છે. આપ ૭૦ ટકા કહો છો, પણ ૭૦ ટકા આપણે જાતે વાવતા હોઈએ તો પણ જીવિત રહેતા નથી. તો વાસ્તવિક રીતે કેટલા જીવિત રહ્યા છે અને એનું સેટેલાઈટ મારફત જીવિત રોપાઓનું સર્વેક્ષણ કરવા માગો છો કે કેમ? બીજું આ રોપાઓ છે, એનું સામાજિક ઑડિટ કરવા માગો છો કે કેમ? આ બે પ્રશ્ન છે?

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઈએ વાત કરી. આમ તો કોઈપણ દિવસ આક્ષેપ અમથો પણ નથી કરતો. પણ અગાઉના વર્ષ પહેલા શું વાવેલ હતું? કેવું ઊગ્યું છે, એના કરતા મુખ્યમંત્રીશ્રી અને સરકારને અભિનંદન આપવા જોઈએ કે દરેક જિલ્લામાં વનમહોત્સવ કરવામાં આવે છે. પહેલા ગાંધીનગર પાટનગરમાં કરવામાં આવતા હતા. અર્જુનભાઈને ખબર ન હોય તો કહું. પહેલા માત્ર ગાંધીનગર પાટનગરમાં સભ્યશ્રીને જણાવવા માગું છું કે આ રાજ્યની સરકાર અને મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપવા જોઈએ કે વન મહોત્સવ દરેક જિલ્લામાં ધાર્મિક સ્થાન ઉપર સાથે રહીને ઉગાડીએ છીએ. આ પ્રશ્ન સામાજિક વનીકરણ યોજનાની વિગત પૂરતો છે, છતા કહેવું છે કે આ સામાજિક વનીકરણ સિવાય બીજું જે સામાજિક વનીકરણ માટેનો પૂછાયો છે. બાકી ખાસ અંગભૂત યોજના સામાજિક વનીકરણ વિભાગ દ્વારા સામાજિક વનીકરણ યોજના, ખાસ અંગભૂત યોજના, વર્તુળ વનીકરણ યોજના તથા વન મહોત્સવ અંતર્ગત પણ વાવેતર કરવામાં આવે છે. જેની ગણતરી કરીએ તો રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ માં ૬૬૭ હેક્ટરમાં ૬,૨૨,૦૦૦ રોપાનું વાવેતર કરેલ છે અને ૨૦૧૦-૧૧ માં ૧૫૯૦ હેક્ટરમાં ૯,૪૮,૦૦૦ રોપાઓનું વાવેતર કરેલ છે. વન વિસ્તાર બાદ ટ્રી કવર વૃક્ષનું પ્રમાણ છે. અર્જુનભાઈ, ભારતમાં ૨.૮૨ ટકા છે અને ગુજરાતમાં વન વિસ્તારનું ટ્રી કવરનું પ્રમાણ ૪.૨૮ ટકા છે.

**શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીએ પૂછવા માગું છું કે રાજકોટ જિલ્લામાં તાલુકાવાર એમણે કહ્યું ૬૦૦ હેક્ટરમાં વાવેતર કરવામાં આવે છે, તો મારા મત વિસ્તાર કોટડા સાંગાણી તાલુકો, લોઢિકા તાલુકો અને રાજકોટ જિલ્લામાં કેટલા હેક્ટરમાં વાવેતર થયેલ છે.

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ રાજકોટ તાલુકામાં ૫૭ હેકટર, જેતપુર તાલુકામાં ૪૧ હેકટર, ઉપલેટા તાલુકામાં ૪૦ હેકટર, ટંકારા તાલુકામાં ૧૧ હેકટર, માળીયા તાલુકામાં ૧૬ હેકટર, મોરબી તાલુકામાં ૨૪ હેકટર, પડધરી તાલુકામાં ૬૬ હેકટર, જસદણ તાલુકામાં ૨૬ હેકટર, લોધીકા તાલુકામાં ૪૪ હેકટર, વાંકાનેર તાલુકામાં ૩૮ હેકટર, ગોંડલ તાલુકામાં ૧૪ હેકટર, કોટડા તાલુકામાં ૨૧ હેકટર, ધોરાજી તાલુકામાં ૪૪ હેકટર તથા જામ કંડોરણા તાલુકામાં ૪૦ હેકટર મળી કુલ ૪૮૨ હેકટર વિસ્તારમાં વાવેતર થયેલ છે. તેવી જ રીતે રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ની વાત કરી છે તો તેમાં રાજકોટ તાલુકામાં ૫૭ હેકટર, જેતપુર તાલુકામાં ૨૯ હેકટર, ઉપલેટા તાલુકામાં ૩૬ હેકટર, ટંકારા તાલુકામાં ૧૨ હેકટર, માળીયા તાલુકામાં ૧૫ હેકટર, મોરબી તાલુકામાં ૨૦ હેકટર, પડધરી તાલુકામાં ૩૫ હેકટર, જસદણ તાલુકામાં ૩૨ હેકટર, લોધીકા તાલુકામાં ૩૭ હેકટર, વાંકાનેર તાલુકામાં ૩૨ હેકટર, ગોંડલ તાલુકામાં ૧૫ હેકટર, કોટડા તાલુકામાં ૧૭ હેકટર, ધોરાજી તાલુકામાં ૩૦ હેકટર તથા જામ કંડોરણા તાલુકામાં ૨૪ હેકટર મળી કુલ ૩૯૭ હેકટર વિસ્તારમાં વાવેતર થયેલ છે.

**આદિજાતિના વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ માટે લોનSB#>**

**શ્રી કનુભાઇ ભૂલાભાઇ ડાભી(કઠલાલ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) રાજયમાં આદિજાતિના વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ માટે લોન આપવામાં આવે છે તે હકીકત સાચી છે,
(૨)જો હા તો કયા પ્રકારના અભ્યાસ માટે કેટલી લોન આપવામાં આવે છે,
(૩) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા વિદ્યાર્થીઓને આ લોનનો લાભ આપવામાં આવ્યો, અને
(૪) તે અન્વયે કેટલી રકમ લાભાર્થીઓને ચૂકવવામાં આવી.

**માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી :**

(૧) હા, જી.
(૨) એમ.બી.એ, બી.બી.એ, એમ.સી.એ., એન્જિનિયરીંગ, મૅડિકલ તેમજ સરકાર માન્ય તમામ ઉચ્ચ અભ્યાસક્રમો માટે મહત્તમ રૂા.૧૦.૦૦ લાખ અથવા તો અભ્યાસક્રમનો ખર્ચ એ બેમાંથી જે ઓછું હોય તે.
(૨)

| વર્ષ | લાભાર્થી |
|---|---|
| ૨૦૦૯-૧૦ | ૨૫ |
| ૨૦૧૦-૧૧ | ૧૫ |
| કુલ: | ૪૦ |

(૩) રૂા.૩૯૨.૫૦ લાખ.

**શ્રી કનુભાઇ ભૂ. ડાભી** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, રાજયમાં આદિજાતિના વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ માટે જે લોન આપવામાં આવી છે તેનો વ્યાજદર શું છે અને મારો બીજો પ્રશ્ન એ છે કે છેલ્લા બે વર્ષમાં આવેલ અરજી પૈકી ૪૦ મંજૂર કરી તો નામંજૂર કેટલી થઈ અને પેન્ડિંગ અરજીઓ કેટલી છે.

**શ્રી જશવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી,એમણે જે પૂછયું છે કે કેટલી અરજીઓ આવી તેમાંથી કેટલી મંજૂર થઈ અને કેટલી નામંજૂર થઈ? તો આમાં ૪૦ અરજીઓ આવી હતી તે ૪૦ મંજૂર કરી છે. ગૃહને કહેવું છે કે આદિવાસીઓના નસીબમાં વિદેશ જવાનું હોઈ શકે જ નહીં. માનનીય મુખ્યમંત્રી મોદી સાહેબના કારણે આજે અમારા વિદ્યાર્થીઓ વિદેશમાં અભ્યાસ કરી રહ્યા છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : મું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, આપણે બે વર્ષમાં માત્ર ૪૦ને લાભ આપીને નસીબ ઉઘાડી દીધું છે તેવું નહીં કહી શકીએ. આપણી આ યોજનાનો લાભ એક વર્ષમાં ૧૫ અને બીજા વર્ષમાં ૨૫ વિદ્યાર્થીઓએ લીધો છે. તેનો અર્થ કે યોજનાની અંદર કંઈક ખામી છે તેના કારણે ઓછા વિદ્યાર્થીઓ આનો લાભ લે છે. તો વધારે પ્રચાર કરીને જે કંઈ બાધ આવતો હોય, રાહત આપવાની થતી હોય, વ્યાજ રાહત વધારે જે આપનું ફોર્મ કે ગેરંટર લેતા હોય તેમાં રાહતો આપીને વિદેશના અભ્યાસક્રમોની માહિતી ત્યાં સુધી પહોંચાડીને વધારે વિદ્યાર્થીઓ લાભ લે તેના માટેનું કોઈ આયોજન છે કે કેમ?

**શ્રી જસવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, આઝાદીના ઈતિહાસની અંદર માનનીય મોદી સાહેબનો કાળ એવો છે અને આટલા વર્ષોમાં કોઈ ગયું નથી. માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ જે વાત કરી છે કે તેનો પ્રચાર પ્રસાર કરીને વધુ લોકો જાય તેના માટે પ્રયાસ કરવામાં આવશે.

**શ્રી અભેસિંહ મો. તડવી** : માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળોની સરકારોએ ૪૦-૫૦ વર્ષની અંદર કોઈ આદિવાસીનો દીકરો વિદેશમાં ભણવા માટે ગયો નથી, પણ આ સરકારમાં ભાજપની સરકારે જે આદિવાસીઓની ચિંતા કરી છે તેના માટે આ સરકારને અને ગુજરાતના મુખ્યમંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. હું જાણવા માગું છું કે રાજયમાં આદિજાતિના વિદ્યાર્થીઓને વિદેશમાં અભ્યાસ કરવા માટેની યોજના છેલ્લા કેટલા વર્ષથી ચાલે છે અને આ યોજનામાં કુલ અંદાજે કેટલું ધીરાણ કરવામાં આવ્યું છે.

**શ્રી જસવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા દસ વર્ષથી ચાલે છે.

**શ્રી મોહનસિંહ છો. રાઠવા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું જ જાણવું છે કે, જે આદિવાસી વિદ્યાર્થીઓને વિદેશ માટે લોન આપવામાં આવે છે તેમાં આ ૪૦ જેટલા વિદ્યાર્થીઓ પરદેશમાં ભણવા ગયા છે તેના અભ્યાસ માટે કયા કયા અભ્યાસ કરવા માટે ગયા અને કયા કયા દેશમાં તે ગયા છે અને જે આ ૨૬ જિલ્લા છે તે પૈકી કયા જિલ્લાના આ ૪૦ વિદ્યાર્થીઓ છે.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જે વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા ગયા છે તેમાં એમ.બી.બી.એસ., એબ.બી.એ., ઇલૅક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન, બી.ઈ. મિકેનિકલ, કૉમ્પ્યુટર એન્ડ સાયન્સ ઈન્ફોર્મેશન, ફાર્મસી, ઈન્ટર એકટીવ મલ્ટી મીડીયા, એમ.એસ.સી.ઈન ઈન્ટરનેશનલ બીઝનૅસ મેનેજમેન્ટ, બેચલર ઑફ ફિલ્મ ડીઝીટલ મીડીયા, બી.એ.ઓનર્સ, બી.બી.એ., બાયો ટૅક્નૉલૉજી ડિપ્લોમા, હોસ્પિટાલિટીમાં અભ્યાસ કરવા જાય છે.

**શ્રી રમણલાલ ના. પાટકર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું આપના દ્વારા જાણવા માગું છું કે, જે કોઈ ગુજરાત રાજયના આદિજાતિ વિદ્યાર્થીઓ વિદેશમાં અભ્યાસ માટે જાય છે અને તેઓ આદિજાતિ

વિકાસ નિગમ દ્વારા લોન મેળવે છે તો મારે એ જાણવું છે કે વિદેશ અભ્યાસ માટે લોન માટે અરજી આપ્યા પછી કેટલા સમયની અંદર મંજૂર કરવામાં આવે છે?

**શ્રી જસવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, એક માસની અંદર એ લોન મંજૂર કરવામાં આવે છે અને એ લોન ભરપાઈ કરવાની હોય છે.

**શ્રી અમરસિંહ રા. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, જે ચાલીસ વિદ્યાર્થીઓને પરદેશ મોકલ્યા છે આ વિદ્યાર્થીઓ સિવાય પણ ગુજરાતમાં ઘણા બધા વિદ્યાર્થીઓ પરદેશ અભ્યાસ કરવા જવા માટેની માગણી કરે છે પણ સરકાર એને રેકેમેન્ડેશન કરતી નથી જેના કારણે આવા વિદ્યાર્થીઓ લાભ નથી લઈ શકતા, તો સરકાર એવા વિદ્યાર્થીઓને રેકેમેન્ડેશન કરવા માગે છે કે નહીં, અને આ જે લોન આપવામાં આવે છે એ બેંક મારફત આપવામાં આવે છે કે રાજય સરકાર સીધી લોન આપીને એમને પરદેશ મોકલવા માગે છે?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એક પણ અરજી પડતર નથી, જેટલાની માગણી આવે છે એટલાની મંજૂર કરવામાં આવે છે અને કોરપોરેશન દ્વારા થાય છે.

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૨૨૯૪૨ - માનનીય સભ્યશ્રી ગેરહાજર**

**બનાસકાંઠા જિલ્લામાં પંચાયત તલાટી- મંત્રીશ્રીનું મંજૂર મહેકમ**

*** ૨૨૯૭૪ શ્રી ગોવિંદભાઈ મા. પ્રજાપતિ(પાલનપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧માં તારીખ ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પંચાયત તલાટી- કમ મંત્રીનું મહેકમ કેટલું મંજૂર થયેલ છે,

(૨) તેમાં કેટલી જગ્યાઓ ભરેલી છે,

(૩) કેટલી જગ્યાઓ ખાલી છે,

(૪) આ ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે?

**પંચાયત મંત્રીશ્રી :**

(૧) ૭૩૩

(૨) ૪૫૯

(૩) ૨૭૪

(૪) સત્વરે.

**શ્રી ગોવિંદભાઈ મા. પ્રજાપતિ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર તલાટીઓનો મંજૂર મહેકમ શું છે, અને એમાંથી કેટલી જગ્યાઓ ભરાયેલી છે અને કેટલી જગ્યાઓ ખાલી છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર જે તલાટીના મહેકમની માગણી કરી છે એમાં બનાસકાંઠા જિલ્લાના બાર તાલુકા છે. એમાં પાલનપુર તાલુકામાં મંજૂર જગ્યાઓ ૯૨, ભરાયેલી ૬૬ અને ૨૬ જગ્યાઓ ખાલી છે. વડગામ તાલુકામાં મંજૂર જગ્યાઓ ૮૨, ભરાયેલી ૬૦ અને ખાલી ૨૨ છે, દાંતા તાલુકામાં મંજૂર જગ્યાઓ ૬૭, ભરાયેલી ૪૪ અને ખાલી ૨૩ છે, ડીસા તાલુકામાં મંજૂર જગ્યાઓ ૧૦૧, ભરાયેલી ૭૮ અને ખાલી ૨૩ છે, ધાનેરા તાલુકામાં મંજૂર થયેલ જગ્યાઓ ૪૫, ભરાયેલી ૨૧ અને ખાલી ૨૪ છે. થરાદ તાલુકામાં મંજૂર ૭૨, ભરાયેલી ૩૩ અને ખાલી ૩૯ છે. વાવ તાલુકામાં મંજૂર ૭૧, ભરાયેલી ૩૪ અને ૩૭ ખાલી છે. અમીરગઢ તાલુકામાં મંજૂર થયેલી ૨૬ છે અને ભરાયેલી ૧૯ છે અને ખાલી ૭ છે. દાંતીવાડા તાલુકામાં મંજૂર ૩૧, ભરાયેલી ૨૦ અને ૧૧ ખાલી છે. દીયોદર તાલુકામાં મંજૂર ૪૫ છે અને ભરાયેલી ૨૧ છે, એ જ રીતે કાંકરેજ તાલુકામાં મંજૂર ૭૦ છે, ભરાયેલી ૩૯ છે અને ખાલી ૩૧ છે. ભાભર તાલુકામાં મંજૂર ૩૧ છે, ભરાયેલી ૨૪ છે અને ખાલી ૭ છે. આમ ૭૩૩ જગ્યાઓમાંથી ૪૫૯ જગ્યાઓ ભરાયેલી છે અને ૨૭૪ જગ્યાઓ તલાટીઓની ખાલી છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી આ જગ્યાઓ ખાલી રહેવાના શું કારણો છે એ પણ જાણવા માગે છે. એક વાતનું ગઈ વખતે પણ મેં સભ્યશ્રીઓનું ધ્યાન દોર્યું હતું કે ૧૯૯૮-૯૯માં એવો બનાવ બન્યો હતો કે પારૂલ દેસાઈ નામના એક કર્મચારી હાઈકોર્ટમાં ગયા હતા એના કારણે ૨૦૦૮ની સાલ સુધી દશ વર્ષ સુધી આ તલાટીઓની અને નીચેના વર્ગોની પંચાયતોમાં ભરતી કરવાનું બાન આવ્યું હતું, પરિણામે આપણે ઘણુ બધું સહન કરવું પડ્યું હતું પરંતુ સમય જતાં અમારા વિભાગે અને આ સરકારે એવો વિચાર કર્યો કે તલાટીઓ આ નવા જમાનામાં ઇલૅક્ટ્રોનિક્સનો યુગ આવ્યો છે, અને નવું સાયન્સ ડૅવલપમેન્ટ થયું છે. એના કારણે આખું આયોજન રી-સેટીંગ કર્યું છે. મારે સન્માનીય ગૃહના ધ્યાને મૂકવું છે કે હવે ગ્રામ્ય વિકાસનો પણ યુગ છે અને ગામડાઓમાં ખૂબ વિકાસ થયો છે ઉપરાંત મહેસુલ વિભાગ પણ તલાટીઓની જે કોમન કેડર હતી એ ગામડાઓમાં કામ તલાટીઓ કરતા હતા એ તલાટીઓ જે કામ કરતા હતા એ મહેસુલ વિભાગે પોતાનું કામ અલગ પાડ્યું છે, એ તલાટીઓની અલગ ભરતી કરી છે. અમે અમારા પંચાયતના પંચાયત મંત્રીઓનું કામ અલગ કર્યું છે અને ગ્રામ્ય વિકાસની અંદર પણ કામ શરૂ કર્યું છે. બનાસકાંઠા જિલ્લામાં ગ્રામ વિકાસનું કામ જે તલાટી કરતા હતા એ અલગ પાડવાથી ૪૦૦૦ ના પગારદાર ૬૫૩ ગ્રામ રોજગાર સેવકોની ભરતી અમે કરી

છે. ફકત બનાસકાંઠા જિલ્લામાં ગામદીઠ એક. આમ, બનાસકાંઠા જિલ્લામાં ૬૫૩ ગ્રામ રોજગાર સેવકોની ભરતી કરી છે એના કારણે એક કામ એ ઉપાડે છે. વિલેજ કોમ્પ્યુટર એન્ટરપ્રેનીયોર એ પણ કોમ્પ્યુટર ઉપર કામ કરે છે ઈ-ગ્રામ, વિશ્વ-ગ્રામમાં એના લીધે પણ કામગીરી ચાલે છે, મહેસુલ વિભાગે પણ કામ કર્યું છે અને એના કારણે અમારે આ ભરતી કરવાની છે અને આ ભરતી અમે ખૂબ જલદીથી કરી રહ્યા છીએ. ગયે વખતે પણ અમે ગૃહનું ધ્યાન દોર્યું હતું આ ભરતી ટૂંક સમયમાં થઈ રહી છે, ફકત આ માટે પરિક્ષા લેવાની એના માટે કોલેજો અને શાળા ખાલી ન હોવાના કારણે કેમ કે પરિક્ષાથીઓ માટે પરિક્ષા લેવા માટે એક હજાર કેન્દ્રો જોઈએ એ ખાલી મળી રહે એની રાહ જોઈએ છીએ અને જેવી પરિક્ષાઓ પૂરી થાય અને ખાલી કેન્દ્ર મળી રહે કે તુરત પરિક્ષાઓ લઈ ભરતી કરવામાં આવશે એટલે બનાસકાંઠાનો પ્રશ્ન અને ગુજરાતના બધા જ તલાટીઓનો પ્રશ્ન ઉકલી જશે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ બાબત જાણવી છે કે, ખાલી જગ્યાઓની સંખ્યા ઘણી મોટી છે. ગામના સંપૂર્ણ રેકર્ડની જવાબદારી તલાટી મંત્રી પાસે છે અને એ સંજોગોમાં આ જગ્યાઓ દસ વર્ષ સુધી, આપે કહ્યું કે ૧૯૯૮માં સ્ટે આવેલો હતો, ૧૯૯૮માં જે સ્ટે આવ્યો એ સ્ટે વેકેટ કરાવતા આપણને દસ વર્ષ લાગ્યા એટલે આપણે ગામડાઓ માટે કેટલા વાઈબ્રન્ટ છીએ એનો ખ્યાલ આવે આના ઉપરતથી. આ સંજોગોમાં આ સ્ટે સિંગલ જજનો હતો તો ડિવિઝન બેચમાં આપ જઈ શક્યા હોત, ડિવિઝન બેચનો હતો તો સુપ્રિમ કોર્ટ પાસે વેકેશન ઓફ સ્ટે માટે સરકારે કોઈ પ્રયત્નો કર્યા હતા કે કેમ, અને કર્યા હોય તો એના પરિણામો શું હતા, અને ક્યારે કર્યા હતા?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સતત પ્રયત્ન કરવામાં આવ્યા હતા પણ એ સ્ટે વેકેટ થઈ શકેલો નહીં. અને જ્યારે અમે ૨૦૦૮માં હાઈકોર્ટના જજીસને ખૂબ જ સમજ આપી કે ગુજરાત ખૂબ સહન કરે છે, આના કારણે ગામડાઓના કામો સ્થગિત થયા છે અને મને કહેતા આનંદ થાય છે કે હાઈકોર્ટે જે ત્રણ જગ્યાઓની રિટ પિટિશન હતી એ ત્રણ જગ્યાઓ પેન્ડીંગ રાખીને બાકીની જગ્યાઓની મંજૂરી અમોને આપી અને આના કારણે આપણે આ પ્રક્રિયા કરી શકેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીનું ધ્યાન દોરવું છે કે આના કારણે કામ કોઈ જગ્યાએ અટકેલ નથી. આ કારણે કોઈ જગ્યાએ કામ અટક્યું હોય એવું નથી કારણ કે, જેમ જેમ વિજ્ઞાન યુગ આવતો ગયો, જેમ જેમ સાયન્સ ડેવલપ થતું ગયું એમ એમ ગામોના કામોની વહેંચણી થતી ગઈ.

**શ્રી મફતલાલ મો. પુરોહિત** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગુ છું કે, રેવન્યુની કામગીરી માટે અલગથી તલાટીઓની ભરતી કરવા માટેની જે કામગીરી છે એ કામગીરી હાલ ક્યા સ્ટેજે છે અને એની ફાળવણી ક્યારે કરવાના છો?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે કામગીરીની ભરતી કરવાની છે અમે શરુ કરી દીધી છે અને ૨૭-૧૨-૨૦૧૦ના રોજ એની જાહેરાત પણ આપી દીધી છે અને એક મહિનામાં એની અરજીઓ મેળવવાની હતી એ મેળવી લેવામાં આવેલ છે અને જે અરજીઓ આવેલી છે એની ચકાસણી ચાલે છે અને ટૂંક સમયમાં અમે આ ભરતીની કામગીરી હાથ ઉપર લઈને પૂરી કરીશું.

**દાહોદ જિલ્લામાં સ્વનિર્ભર કોલેજોમાં ભણતા આદિવાસી વિદ્યાર્થીઓને ટ્યુશન ફી પરત કરવા અંગે**

**શ્રી *૨૨૪૧૮બચુભાઈ ના. કિશોરી(લીમડી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) રાજયમાં સ્વનિર્ભર કોલેજોમાં ઉચ્ચ શિક્ષણ લેતા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને તેમની ટ્યુશન ફી પરત કરવામાં આવે છે તે વાત સાચી છે,

(૨) જો હા, તો આ નિર્ણય ક્યારે લેવામાં આવ્યો,

(૩) દાહોદ જિલ્લામાં સને ૨૦૦૮-૦૯ના વર્ષની ફી તા. ૩૧-૧-૨૦૧૧ સુધીમાં ચૂકવાયેલ નથી તેના શા કારણો છે?

**આદિજાતિ વિકાસ મંત્રીશ્રી :**

(૧) હા, જી.

(૨) તા. ૧૧-૧૧-૨૦૦૯ના રોજ

(૩) ઠરાવની જોગવાઈ મુજબ ચૂકવવાપાત્ર નથી.

**શ્રી બચુભાઈ ના. કિશોરી** : માનનીય અધ્યક્ષશ્રી, આમ તોમ તો માનનીય મંત્રીશ્રીએ મને જવાબ આપી દીધો હતો કે, તમામ વિદ્યાર્થીઓને ચૂકવાય ગઈ છે. એટલે ખાલી આ પ્રશ્ન માનનીય મંત્રીશ્રીને ગૃહમાં અભિનંદન આપવા માટે જ કર્યો. માનનીય અધ્યક્ષશ્રી, પહેલા પ્રશ્નમાં સ્પષ્ટ લખ્યું છે કે, માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં પ્રશ્નમાં સ્પષ્ટ લખ્યું છે કે, સ્વનિર્ભર કોલેજોમાં ઉચ્ચ અભ્યાસ કરતાં ટ્યુશન આપવાની જોગવાઈ છે ? તો કહે હાજી. બીજામાં લખ્યું છે કે હા તો આ નિર્ણય ક્યારે લેવાયો હતો ? તો કહે ૧૧-૧૧-૦૯ના રોજ. હવે ત્રીજા પ્રશ્નમાં છે કે, દાહોદ જિલ્લામાં સને ૨૦૦૮-૦૯ના વર્ષની ફી તા. ૩૧-૧-૧૧ સુધીમાં ચૂકવાયેલ નથી તેના શા કારણો છે ? તો જવાબ આપ્યો છે કે ઠરાવની જોગવાઈ મુજબ ચૂકવવા પાત્ર નથી. તો માનનીય અધ્યક્ષશ્રી, આ ઠરાવ ખરેખર શું હતો ? ૧૧-૧૧-૦૯ની જોગવાઈ મુજબ તેની સાત નંબરની શરતમાં સ્પષ્ટ લખ્યું છે કે જે વિદ્યાર્થીઓને ચૂકવવા પાત્ર છે તેની શરતમાં ૨૦૦૮-૦૯ના વિદ્યાર્થીઓને ચૂકવવાની જોગવાઈ કરી છે. અને તા. ૧-૮-૦૯થી આ ખર્ચની

જોગવાઈ કરીને ચૂકવવાનું ચાલુ કરી દેવાનું આવું પણ છે. છતાં હું અભિનંદન આપતો રહી જઉં છું આ ત્રીજા પ્રશ્નના લીધે તો આ અભિનંદન આપું તે રીતે આનો જવાબ સુધારીને ફરી પાછો ૧-૮માં જે વિદ્યાર્થીઓ રહી ગયા તેને આપવા માગો છો કે કેમ ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, *** પોસ્ટ મૅટ્રિક અને શિષ્યવૃત્તિની યોજના કેન્દ્ર સરકારની છે. અને તેમાં ૨૦૦૭માં કેન્દ્ર સરકારે પણ ટ્યુશન ફી આપવાનો એક નિર્ધાર કર્યો. ગુજરાત સરકારને તેની સમયસર સૂચના નહીં મળી. કેન્દ્ર સરકાર કરતાં પણ ગુજરાત સરકાર આગળ જઈને ખાસ કન્યાનું ધ્યાનમાં રાખીને કેન્દ્રની જે કંઈ આવક મર્યાદા ૧ લાખ અને ૪૫ હજારની છે પરંતુ ગુજરાત સરકારે કન્યા માટે કોઈ આવક મર્યાદા નથી રાખી અને તે પ્રમાણે મોટી આવક જે છે એવા દાહોદ જિલ્લાની અરજી છે એટલા માટે તેમાં નીલ વાક્ય રચના વાપરી છે. ૦૯-૧૦માં ૩૨ લોકોને દાહોદ જિલ્લામાં આપી છે અને ૧૦-૧૧માં ૪૭ વિદ્યાર્થીઓને ચૂકવણી કરવામાં આવી છે.

**શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી આજે ભારત અને પાકિસ્તાનની સેમી ફાઈનલ મેચ રમાનાર છે જેમાં ભારતનો વિજય થાય તેવી પ્રભુને પ્રાર્થના કરું છું અને આપના દ્વારા હિંદુસ્તાનની ટીમને શુભેચ્છાઓ પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પી.ટી.સી.દાહોદ અને પંચમહાલ જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને ટ્યુશન ફી ચૂકવાયેલ નથી તે બાબતે મળેલ રજૂઆતની હકીકત શું છે ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું તેમ જેની ગુજરાત સરકારે જે આવક મર્યાદા કન્યાઓની જે આવક મર્યાદા નથી રાખી એવા જે વિદ્યાર્થી હશે તે ૦૮-૦૯ના હશે તો તેને નહીં મળશે. ૦૯-૧૦ ના જે હશે ૧૦-૧૧ના જે બાકી હશે તેની ચૂકવણી સરકાર વહેલામાં વહેલી તકે કરશે.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, સરકારે પરિપત્ર કર્યો છે ૧૧-૧૧-૦૯ એ તારીખે કર્યો છે અને તેમાં તેમણે લખ્યું છે ૦૮-૦૯થી આ ચૂકવણી કરવામાં આવશે. અને હવે ગૃહમાં મંત્રીશ્રી એમ કહે છે કે ૦૯-૧૦થી ચૂકવવામાં આવે છે. આટલું મોડું કેમ ? પરિપત્રમાં તમે તારીખ જણાવી છે કે આ તારીખથી ચૂકવવામાં આવશે. એવો તમારો ૧૧-૧૧-૦૯નો પરિપત્ર છે. અને તમે બેકમાં પરિપત્ર બીજો કર્યો છે અને તેમાં આ સુધારો કર્યો છે. એટલે જૂના વિદ્યાર્થીઓ છે તે વિદ્યાર્થીઓને તમે ૦૮-૦૯થી ચૂકવવા માગો છો કે કેમ ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું તેમ કેન્દ્ર સરકારની સૂચના તે દોઢ વર્ષ પછી ગુજરાત સરકારને મળી છે. અને તે આપવા પાત્ર ૦૯-૧૦થી થાય છે અને તે પ્રમાણે આપવામાં આવે છે. (અંતરાય)

**નવસારી જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો**

*** ૨૨૯૭૦ શ્રી આર.સી. પટેલ(જલાલપોર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) નવસારી જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧માં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કેટલી ગ્રામ પંચાયતો સમરસ જાહેર થઈ.

(૨) આ સમરસ ગ્રામ પંચાયતોને સરકારે નિયત કરેલ અનુદાનની રકમ ચૂકવાઈ છે ખરી, અને

(૩) જો હા, તો કેટલી રકમ ચૂકવવામાં આવી, અને કેટલી બાકી છે ?

**પંચાયત મંત્રીશ્રી**

(૧) ૨૦૦૯-૧૦ ૩(ત્રણ)

૨૦૧૦-૧૧ ૦(શૂન્ય)

(૨) હા, જી.

(૩) રૂપિયા ૩,૮૭,૦૦૦ ( ત્રણ લાખ સત્ત્યાશી હજાર પૂરા ) ચૂકવેલ છે. કોઈ રકમ ચૂકવવાની બાકી નથી.

**શ્રી આર.સી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ સમરસ યોજનામાં આ અગાઉ કેટલી રકમ પ્રોત્સાહન અનુદાન તરીકે ચૂકવવામાં આવતી હતી ? (અંતરાય) આ યોજનામાં કેટલી રકમ ચૂકવવામાં આવે છે ? અને આ અનુદાનનો કેવો અને કોની મંજૂરીથી ઉપયોગ કરવામાં આવે છે ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ**: માનનીય અધ્યક્ષશ્રી, આ સમરસ યોજના એ ૨૦૦૧ પહેલા અમલીકરણ કર્યુ હતું. (સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શકિતસિંહભાઈ, પ્લીઝ. બેસી જાઓ. (અંતરાય) મંત્રીશ્રીએ કેવો જવાબ આપવો એની હું ફરજ પાડી શકતો નથી. (અંતરાય) પ્લીઝ.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મને રક્ષણ આપો.

**અધ્યક્ષશ્રી** : (અંતરાય) એ મંત્રીશ્રીનો અધિકાર છે. આપ બેસી જાઓ. પ્લીઝ. પ્રશ્નોત્તરી પછી આપ ચર્ચા કરી શકો છો. મંત્રીશ્રીને હું ફરજ પાડી શકતો નથી. એમને કેવો જવાબ આપવો એ એમનો અધિકાર છે. (સતત અંતરાય અને સૂત્રોચ્ચાર ચાલુ) આપ શરુ કરો.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૧ પહેલા આ મારી સામે જે વિપક્ષના લોકો છે એ સરકારમાં હતા.

**અધ્યક્ષશ્રી** : શકિતસિંહભાઈ, પ્લીઝ બેસો.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : ગામડાઓમાં સમરસ ગ્રામ પંચાયત કરવા માટે જે ૨૦૦૧ પહેલા ફકત એક હજાર રૂપિયાનું અનુદાન આપવામાં આવતું હતું અને મોટા ગામોમાં ૨ હજાર રૂપિયાનું અનુદાન આપવામાં આવતું હતું. મને કહેતા આનંદ થાય છે કે ૨૦૦૧ પછી એક નવો જી.આર. કરીને અમારા મુખ્યમંત્રીશ્રીએ ૨૦૦૧ પછી ગામડામાં ૫ હજારની વસતિ સુધી ૬૦ હજાર રૂપિયાનું અનુદાન અને ૫ હજારથી વધારે વસતિ માટે ૧ લાખ રૂપિયાનું અનુદાન આપવા માટેનું આયોજન કર્યુ. ૨૦૦૬ની સાલમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ રીવાઈઝ કર્યુ. ગામડાઓમાં સમરસ પંચાયત બને...(સતત અંતરાય અને સૂત્રોચ્ચાર ચાલુ)

**અધ્યક્ષશ્રી** : શકિતસિંહભાઈ, આપને વિનંતી કરું છું. આપ બેસી જાઓ. આપ બેસી જાઓ, પ્લીઝ. અર્જુનભાઈ, રાઘવજીભાઈ, પ્લીઝ. અર્જુનભાઈ, આપને વિનંતી કરું છું આપ બેસી જાઓ. ઈકબાલભાઈ, પ્લીઝ આપ બેસી જાઓ. આપ બેસી જાઓ, પ્લીઝ. બેસી જાઓ, પ્લીઝ. જોષીયારાજી, આપ બેસી જાઓ પ્લીઝ.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : ૨૦૦૬ની સાલમાં એક જી.આર. કરવામાં આવ્યો.(સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ઓર્ડર, ઓર્ડર, પ્લીઝ. કાંતિભાઈ, અમરસિંહભાઈ, પ્લીઝ. બેસી જાઓ.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : ૨૦૦૬ની સાલમાં ગ્રામ પંચાયતો સમરસ થાય ત્યાં એક નવો જી.આર. બનાવવામાં આવ્યો. એમાં ૫ હજારની વસતિ સુધી ૧ લાખ રૂપિયાનું અનુદાન અને ૫ હજારની વધુ વસતિ..

**અધ્યક્ષશ્રી** : માનનીય શકિતસિંહભાઈ, આપણે પ્રશ્નોત્તરીના સમયનું મહત્વ સમજી શકીએ છીએ. પ્લીઝ. પ્રશ્નોત્તરી ચાલવા દો. મારી આપને વિનંતી છે, પ્લીઝ. મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે. એમને કેવો જવાબ આપવો એ એમનો અધિકાર છે, પ્લીઝ.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : ૨૦૦૮ની સાલમાં નવો જી.આર. કર્યો. મહિલાઓને પ્રોત્સાહિત કરતો જી. આર.બનાવવામાં આવ્યો. ૨૦૦૮ની સાલમાં જો મહિલા ગ્રામ પંચાયત સમરસ થાય તો એને ડબલ અનુદાન..(સતત અંતરાય અને સૂત્રોચ્ચાર ચાલુ) આપવાની જાહેરાત કરવામાં આવી.

**અધ્યક્ષશ્રી** : આપ બેસી જાઓ, પ્લીઝ. પ્રશ્નોત્તરીના સમયનું મહત્વ આપણે સમજીએ છીએ. માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપવાનો હતો એ એમણે આપ્યો છે. એમને કેવો જવાબ આપવો એના માટે આપણે દબાણ કરી શકતા નથી. વિધાનસભાના નિયમો પ્રમાણે માનનીય સભ્યશ્રીને સંતોષ ન હોય તો નિયમો પ્રમાણે બીજી કાર્યવાહી માનનીય સભ્યશ્રી કરી શકે છે. (સતત અંતરાય) આપ બેસી જાઓ એવી મારી નમ્ર વિનંતી છે. પ્લીઝ. (સતત અંતરાય)

**(વિરોધપક્ષ સભ્યશ્રીઓએ 'આદિવાસીઓને ન્યાય આપો' ના સૂત્રોચ્ચાર સતત ચાલુ કર્યા)**

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીના સમય પ્રમાણે આપણે બધા સભ્યશ્રીઓના પ્રશ્નોને ખાસ તેમને સંતોષ આપવાનો હોય છે. એટલે મારી આપસૌને વિનંતી છે કે આપસૌ બેસો.

**(સતત સૂત્રોચ્ચાર ચાલુ)**

**અધ્યક્ષશ્રી** :હવે હું ગૃહને ૯-૩૦ કલાક સુધી મુલતવી રાખું છું.

**(સભાગૃહ સવારના ૯-૩૦ કલાકે ફરી મળવા સવારના ૯-૦૬ કલાકે મુલતવી રહ્યું.)**

**મુલતવી રહેલ સભાગૃહ સવારના ૯-૩૦ કલાકે ફરી મળ્યું**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

# અતારાંકિત પ્રશ્નો

# (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### રાજકોટ જિલ્લામાં ઈકો ટુરીઝમની યોજના

૨૨૯૪૨ **: શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા (ઉપલેટા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં ઈકો ટુરીઝમના વિકાસ માટે ક્યા ક્યા સ્થળો પસંદ કરવામાં આવેલ છે, અને | (૧) કોઇ સ્થળ પસંદ કરવામાં આવેલ નથી. |
| (૨) વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ના | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

વર્ષમાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ આ યોજના પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે ?

**મનરેગા યોજનામાં કેન્દ્ર સરકારે આપેલ એવોર્ડ**

૨૨૯૮૫ **: શ્રી કાંતિભાઈ અમૃતિયા (મોરબી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મનરેગા યોજના અંતર્ગત છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં થયેલ કામગીરી અંગે તા. ૨૮-૨-૨૦૧૦ની સ્થિતિએ કેન્દ્ર સરકાર તરફથી કોઈ એવોર્ડ મળેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ક્યો એવોર્ડ આપવામાં આવેલ છે ? | (૨) એક્સેલન્સ ઇન નરેગા એડમીનીસ્ટ્રેશન એવોર્ડ વર્ષ ૨૦૦૯-૧૦ની રાજકોટ જિલ્લાની કામગીરી બદલ તા. ૨-૨-૨૦૧૧ના રોજ આપવામાં આવેલ છે. |

**પાટણ જિલ્લા પંચાયતમાં ગ્રામ સેવકોની મંજૂર થયેલ જગ્યાઓ**

૨૨૯૭૬ **: શ્રી ભાવસિંહભાઈ રાઠોડ (સમી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ જિલ્લા પંચાયતમાં પંચાયત વિભાગ હસ્તક તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ગ્રામ સેવકોની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે, | (૧) ૧૪૫. |
| (૨) તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલી છે, | (૨) ૯૯. |
| (૩) કેટલી જગ્યાઓ ખાલી છે, | (૩) ૪૬. |
| (૪) આ ખાલી જગ્યાઓ ભરવા સરકાર ઈચ્છે છે કે કેમ, અને | (૪) હા. |
| (૫) જો હા, તો ક્યાં સુધીમાં આ ખાલી જગ્યાઓ ભરવામાં આવશે ? | (૫) સત્વરે. |

--------

**અનુસૂચિત જનજાતિના યુવાનોને કોમર્શીયલ પાઈલોટની તાલીમ માટે લોન**

૨૨૯૩૬ **: શ્રી કાંતિલાલ ૨ા. લકુમ (બાવળા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અનુસૂચિત જનજાતિના યુવાનોને કોમર્શીયલ તાલીમ માટે કોઈ લોન આપવામાં આવે છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા વિદ્યાર્થીઓને આ લાભ આપવામાં આવેલ છે, અને | (૨) વર્ષ / વિદ્યાર્થીઓની સંખ્યા:<br>૨૦૦૮-૦૯ ૦૬<br>૨૦૦૯-૧૦ ૦૨<br>૨૦૧૦-૧૧ ૦૩ |
| (૩) ઉક્ત સ્થિતિએ કુલ કેટલી લોન આપવામાં આવી, અને તેના વ્યાજ દર શું છે? | (૪) રૂા. ૧૧૯.૦૦ લાખ<br>(૫) વ્યાજદર વાર્ષિક ૪ ટકા. |

--------

**જામનગર જિલ્લામાં ટોટલ સેનીટેશન કાર્યક્રમ**

૨૨૯૮૨ **: શ્રી મુળુભાઈ હ. બેરા (ભાણવડ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામગનર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ વર્ષ ૨૦૧૦-૧૧માં ગરીબીની રેખા નીચે જીવતા પરિવારો માટે ટોટલ સેનીટેશન કાર્યક્રમ હેઠળ કેટલા શોચાલયો મંજૂર કરવામાં આવ્યા, | (૧) જામગનર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ વર્ષ ૨૦૧૦-૧૧માં ગરીબીની રેખા નીચે જીવતા પરિવારોની માંગણી મુજબ ટોટલ સેનિટેશન કાર્યક્રમ હેઠળ ૧૩૭૮ શોચાલયો મંજૂર કરવામાં આવ્યા, |
| (૨) તે પૈકી કેટલા શોચાલયોનું બાંધકામ પૂર્ણ | (૨) તમામ ૧૩૭૮ શોચાલયોનું બાંધકામ પૂર્ણ |

કરવામાં આવેલ છે,
(૩) કેટલાનું બાંધકામ બાકી છે, અને
(૪) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

કરવામાં આવેલ છે.
(૩) કોઇ બાંધકામ બાકી નથી.
(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

## ખેડા અને આણંદ જિલ્લામાં ઈન્દિરા આવાસો

૨૨૯૨૨ **: શ્રી મણીભાઈ દે.પટેલ (કપડવંજ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા અને આણંદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ઈન્દીરા આવાસો મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) કેટલા આવાસો પૂર્ણ થયા અને કેટલા બાકી છે ?

**જવાબ**

(૧) ખેડા જિલ્લામાં ૨૨૭૨૭ અને આણંદ જિલ્લામાં ૨૯૬૧૭ આવાસો મંજૂર કરવામાં આવ્યા જેની જિલ્લાવાર અને વર્ષવાર વિગત નીચે મુજબ છે.

(૨)

| ક્રમ | જિલ્લો | મંજૂર કરેલ આવાસો | | કુલ |
|---|---|---|---|---|
| | | ૧-૧-૦૯ થી ૩૧-૧૨-૦૯ | ૧-૧-૧૦ થી ૩૧-૧૨-૧૦ | |
| ૧ | ખેડા | ૬૯૭૮ | ૧૫૭૪૯ | ૨૨૭૨૭ |
| ૨ | આણંદ | ૧૧૨૬૯ | ૧૮૩૪૮ | ૨૯૬૧૭ |

(૨) ખેડા જિલ્લામાં ૯૮૫૩ આવાસો પૂર્ણ અને ૧૨૮૭૪ આવાસો બાકી છે તેમજ આણંદ જિલ્લામાં ૨૦,૦૦૦ આવાસો પૂર્ણ અને ૮૮૬૯ આવાસો બાકી છે જેની વર્ષવાર અને જિલ્લાવાર વિગત નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લો | પૂર્ણ થયેલ આવાસો | | કુલ | ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ બાકી આવાસો |
|---|---|---|---|---|---|
| | | ૧-૧-૦૯ થી ૩૧-૧૨-૦૯ | ૧-૧-૧૦ થી ૩૧-૧૨-૧૦ | | |
| ૧ | ખેડા | ૬૧૩૫ | ૩૭૧૮ | ૯૮૫૩ | ૧૨૮૭૪ |
| ૨ | આણંદ | ૬૭૫૭ | ૧૩૨૪૩ | ૨૦૦૦૦ | ૮૮૬૯ |

-------

## મનરેગા યોજનામાં કેન્દ્ર સરકારે આપેલ એવોર્ડ

૨૨૯૮૪ **: શ્રી મેઘજીભાઈ કણઝારીયા (ખંભાળીયા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મનરેગા યોજના અંતર્ગત છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં થયેલ કામગીરી અંગે તા. ૨૮-૨-૨૦૧૦ની સ્થિતિએ કેન્દ્ર સરકાર તરફથી કોઇ એવોર્ડ મળેલ છે તે હકીક્ત સાચી છે, અને
(૨) જો હા, તો ક્યો એવોર્ડ આપવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) એક્સેલન્સ ઇન નરેગા એડમીનીસ્ટ્રેશન એવોર્ડ વર્ષ ૨૦૦૯-૧૦ની રાજકોટ જિલ્લાની કામગીરી બદલ તા. ૨-૨-૨૦૧૧ના રોજ આપવામાં આવેલ છે.

--------

## આદિજાતિના વિદ્યાર્થીઓ માટે એકલવ્ય મોડેલ શાળા

૨૨૯૩૫ **: શ્રી રાકેશ શાહ (એલીસબ્રીજ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કઈ કઈ જગ્યાએ એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ શાળાઓ ચલાવવામાં આવે છે, અને

(૨) આ શાળાઓમાં ક્યા ધોરણથી પ્રવેશ આપવામાં આવે છે અને વિદ્યાર્થીઓને કઈ કઈ સવલતો

**જવાબ**

(૧)

| ક્રમ | જગ્યાનું નામ | ક્રમ | જગ્યાનું નામ |
|---|---|---|---|
| ૧ | આહવા | ૮ | વેજલપુર |
| ૨ | કપરાડા | ૯ | ખરેડી |
| ૩ | બારડોલી | ૧૦ | પારડી |
| ૪ | બારતાડ | ૧૧ | નિઝર |
| ૫ | શામળાજી | ૧૨ | અંબાજી |
| ૬ | શામળાજી-૨ | ૧૩ | ગોરા |
| ૭ | તિલકવાડા | | |

(૨) (અ) ધોરણ- ૬ થી
(બ) મફત રહેવાની, જમવાની, ગણવેશ,

આપવામાં આવે છે ?

પુસ્તકો, લાઇબ્રેરી, આધુનિક લેબોરેટરી, ઉચ્ચ ગુણવત્તા ધરાવતું મેનેજમેન્ટ, તબીબી સવલત તેમજ જરૂરીયાત મુજબના શિક્ષકો અને સ્ટાફ જેવી સવલતો આપવામાં આવે છે.

**ધ્રોળ તાલુકાના હજામચોરા ગામમાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં ગેરરીતિ**

૨૨૯૧૮ **: શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ધ્રોળ તાલુકાના હજામચોરા ગામમાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનાના કામોમાં ગેરરીતિની કોઈ ફરિયાદ સરકારને મળેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો આ ફરિયાદ અંગે સરકારે કોઈ કાર્યવાહી કરી છે કે કેમ ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તા. ૫-૪-૧૦ની ગવર્નીંગ બોડીની બેઠકમાં માન. ધારાસભ્યશ્રી રાઘવજીભાઇ પટેલ દ્વારા હજામચોરા ગામમાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના અંતર્ગત હાથ ધરવામાં આવેલ કામોમાં ગેરરિતી થયાની રજૂઆત થતાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, જામનગરની કચેરી દ્વારા વર્કસ મેનેજર, એકાઉન્ટસ મેનેજર, તથા ટેકનિકલ આસીસ્ટન્ટની ટીમને કામોની તપાસ સોંપવામાં આવેલ. જે અન્વયે ટીમ દ્વારા તા. ૧૬-૪-૧૦ના રોજ હજામચોરા ગામમાં થયેલ કામોની સ્થળ તપાસ તથા રેકર્ડ ચકાસણી કરતાં હાથ ધરવામાં આવેલ કામો ગાઇડ લાઇન મુજબ થયા હોવાનું જણાઇ આવેલ છે. તથા કામ ઉપર ગેરરીતિ થયાનું ધ્યાન પર આવેલ નથી.

**ભાવનગર જિલ્લામાં મોડેલ ફેરપ્રાઈસ શોપ**

૨૨૬૦૫ **: શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા (મહુવા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૦-૧૧માં માહે ડિસેમ્બર-૨૦૧૦ સુધીમાં ભાવનગર જિલ્લામાં તાલુકાવાર કેટલી વ્યાજબી ભાવની દુકાનોને મોડેલ ફેર પ્રાઈસ શોપ તરીકે રૂપાંતર કરવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) માર્ચ ૨૦૧૦ સુધીમાં તાલુકાવાર મોડેલ ફેરપ્રાઇસ શોપમાં રૂપાંતરિત થયેલ સંખ્યા નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | મોડેલ ફેરપ્રાઇસ શોપમાં રૂપાંતરિત થયેલ દુકાનોની સંખ્યા |
|---|---|
| ઘોઘા | ૩૦ |
| શિહોર | ૬૫ |
| વલ્લભીપુર | ૨૯ |
| ઉમરાળા | ૨૯ |
| ગઢડા | ૫૩ |
| બોટાદ | ૫૮ |
| પાલીતાણા | ૬૮ |
| ગારીયાધાર | ૩૭ |
| તળાજા | ૮૨ |
| મહુવા | ૯૦ |
| ભાવનગર તાલુકો | ૫૧ |
| ઝોનલ-૧ | ૨૪ |
| ઝોનલ-૨ | ૩૫ |
| **કુલ :** | **૬૫૧** |

આમ માર્ચ-૨૦૧૦ સુધીમાં કુલ ૬૫૧ દુકાનોને મોડેલ ફેરપ્રાઇસ શોપમાં રૂપાંતરિત કરવામાં આવેલ છે. એપ્રિલ-૨૦૧૦ થી ડિસેમ્બર-૨૦૧૦ સુધીના સમય-ગાળામાં માત્ર તળાજા તાલુકાની ૧૦ દુકાનોને મોડેલ ફેરપ્રાઇસ શોપમાં રૂપાંતરિત કરવામાં આવેલ છે.

(૨) એના ફળ સ્વરૂપે આ તમામ દુકાનોની આર્થિક આવકમાં વધારો તથા જાહેર વિતરણમાં સુધારો થયેલ છે, કે કેમ ?

(૨) હા, જી.

--------

**અમરેલી જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો**

૨૨૯૬૯ **: શ્રી મનસુખભાઈ પાં.ભુવા (ધારી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) અમરેલી જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ દરમ્યાન કેટલી ગ્રામ પંચાયતોને સમરસ જાહેર કરવામાં આવી, | (૧) ૨૦૦૯-૧૦ - ૪ (ચાર)<br>૨૦૧૦-૧૧ - ૦ (શૂન્ય). |
| (૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતો મહિલા સમરસ થઈ, | (૨) ૦ (શૂન્ય). |
| (૩) કેટલી ગ્રામ પંચાયતોને અનુદાનની રકમ ચૂકવવામાં આવી અને કેટલી પંચાયતોને ચૂકવવાની બાકી છે, અને | (૩) તમામ ૪ (ચાર) ને અનુદાન ચૂકવેલ હોઇ કોઇ બાકી નથી. |
| (૪) તે ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**આદિમજૂથોના ઉત્કર્ષ માટેના પ્રોજેક્ટ**

૨૨૯૩૧ **: શ્રી ભરત બારોટ (દરિયાપુર-કાઝીપુર ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) રાજ્યમાં આદીજાતિઓ પૈકી અતિ પછાત એવા આદીમજૂથોના ઉત્કર્ષ માટે તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ કોઈ પ્રોજેક્ટ અમલમાં મૂકવામાં આવેલ છે તે વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ પ્રોજેક્ટમાં ક્યા ક્યા પ્રકારના લાભો આપવામાં આવે છે ? | (૨) (૧) બી.પી.એલ. ને મકાન<br>(૨) ઘરનું વીજળીકરણ<br>(૩) પાઇપ લાઇનથી પીવાનું પાણી<br>(૪) મકાન સુધી રસ્તાની સગવડ<br>(૫) સ્કુલ વયના દરેક બાળકને નિશાળમાં દાખલા<br>(૬) આજીવીકાના સાધન. |

**ગાંધીનગર જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના**

૨૨૯૫૧**: શ્રી કલ્યાણસિંહ ચૌહાણ (દહેગામ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ-૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા. ૩૧-૧-૧૧ સુધીમાં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) ગાંધીનગર જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના એટલે કે સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા.૩૧-૦૧-૧૧ સુધીમાં નીચેની વિગતે રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

| **વર્ષ** | **વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર)** | **વાવેતર કરેલ રોપાની સંખ્યા (લાખમાં)** |
| --- | --- | --- |
| ૨૦૦૯-૧૦ | ૪૭૫ | ૪.૨૨ |
| ૨૦૧૦-૧૧ | ૭૧૭ | ૮.૬૫ |
| **કુલ :** | **૧૧૯૨** | **૧૨.૮૭** |

(૨) તે પૈકી દહેગામ તાલુકામાં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે ?

(૨) તે પૈકી દહેગામ તાલુકામાં નીચેની વિગતે રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૧૦૭ | ૦.૯૨ |
| ૨૦૧૦-૧૧ | ૧૫૮ | ૧.૯૯ |
| **કુલ :** | **૨૬૫** | **૨.૯૧** |

## વડોદરા જિલ્લામાં બી.પી.એલ. કુટુંબો

૨૨૯૧૬ **: શ્રી સિધ્ધાર્થભાઈ પટેલ (ડભોઈ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ બી.પી.એલ. કુટુંબોની સંખ્યા કેટલી છે, અને

(૨) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બી.પી.એલ.ની યાદીમાં યોગ્યતા હોવા છતાં સમાવેશ ન થયા હોવાની કેટલી ફરિયાદો મળી છે ?

**જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ૦ થી ૧૬ સ્કોર ધરાવતાં બી.પી.એલ. કુટુંબોની સંખ્યા ૧૨૫૨૭૫ છે.

(૨) તા.૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બી.પી.એલ. યાદીમાં સમાવેશ માટેની ૩૬૦૮ ફરિયાદો મળી છે.

--------

## અમરેલી જિલ્લામાં સસ્તા અનાજની દુકાનો ખોલવા માટેની અરજીઓ

૨૨૯૮૮ **: શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સસ્તા અનાજની દુકાન ખોલવા માટે કેટલી અરજીઓ આવેલ છે,

(૨) તે અન્વયે કેટલા અરજદારોને સસ્તા અનાજની દુકાનના પરવાના આપવામાં આવ્યા, અને

(૩) બાકી રહેલ અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે?

**જવાબ**

(૧) ૫૪ (ચોપ્પન) સસ્તા અનાજની દુકાનો ખોલવા માટે કુલ ૨૫૭ અરજીઓ આવેલ છે.

(૨) ૨૧ (એક્વીસ) દુકાનના પરવાના આપતા ૯૬ અરજીઓનો નિકાલ થયો.

(૩) ૩૩ સસ્તા અનાજની દુકાનો ખોલવા માટે બાકી રહેલ ૧૬૧ અરજીઓની ચકાસણી કર્યા બાદ, નિયમોનુસાર કાર્યવાહી પૂર્ણ થયેથી.

## બનાસકાંઠા જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના

૨૨૯૫૨ **: શ્રી બાબુભાઈ દેસાઈ (કાંકરેજ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા. ૩૧-૧-૧૧ સુધીમાં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તે પૈકી કાંકરેજ તાલુકામાં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના એટલે કે સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ દરમ્યાન તા. ૩૧-૦૧-૧૧ સુધીમાં નીચેની વિગતે રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેતર કરેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૭૨૬.૦૦ | ૬.૪૦ |
| ૨૦૧૦-૧૧ | ૪૧૩.૦૦ | ૫.૦૫ |
| **કુલ :** | **૧૧૩૯.૦૦** | **૧૧.૪૫** |

(૨) તે પૈકી કાંકરેજ તાલુકામાં નીચેની વિગતે રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૪૦.૦૦ | ૦.૩૮ |
| ૨૦૧૦-૧૧ | ૨૧.૦૦ | ૦.૨૧ |
| **કુલ :** | **૬૧.૦૦** | **૦.૫૯** |

## ડાંગ જિલ્લામાં જાહેર થયેલ તીર્થ ગામ

૨૨૯૨૫ **: શ્રી વિજયભાઈ ર.પટેલ (ડાંગ-વાંસદા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ડાંગ જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૨૦૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલા ગામોને તીર્થગામ જાહેર કરવામાં આવ્યા, | (૧) **વર્ષ** — **જાહેર કરેલ તીર્થગામ**<br>૨૦૦૯-૧૦ — શૂન્ય<br>૨૦૧૦-૧૧ — શૂન્ય |
| (૨) તીર્થ ગામ તરીકે જાહેર કરેલા કેટલા ગામોને અનુદાનની રકમ આપવામાં આવી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કેટલા ગામોને અનુદાનની રકમ આપવાની બાકી છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## કચ્છ જિલ્લામાં સખીમંડળ યોજના

૨૨૯૮૧ **: ડૉ. નીમાબેન આચાર્ય (અંજાર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં મહિલા સશક્તિકરણ કાર્યક્રમ અન્વયે સખીમંડળ યોજનામાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં કેટલા મહિલા જૂથોની રચના થઈ, | (૧) ૧૬૮૪ મહિલા જૂથોની રચના કરવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી કેટલા મહિલા જૂથોને રીવોલ્વીંગ ફંડ આપવામાં આવેલ છે, અને | (૨) તે પૈકી ૯૩૮ મહિલા જૂથોને રીવોલ્વીંગ ફંડ આપવામાં આવેલ છે. |
| (૩) તે પૈકી કેટલા જૂથો આર્થિક પ્રવૃત્તિ કરે છે? | (૩) તે પૈકી ૬૬૪ મહિલા જૂથો આર્થિક પ્રવૃત્તિ કરે છે. |

## સુરત જિલ્લામાં માંડવી તાલુકાના ગામોમાં દિપડાએ કરેલ હુમલા

૨૩૦૨૩ **: શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ (બારડોલી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લાના માંડવી તાલુકામાં કેટલા ગામોમાં દીપડાએ હુમલા કર્યા, | (૧) પાંચ (૫). |
| (૨) તેમાં કેટલા વ્યક્તિઓ અને પ્રાણીઓના મૃત્યુ અંગેના કેટલા કેસો નોંધાયા, | (૨) તેમાં પાંચ વ્યક્તિઓ અને પાંચ પ્રાણીઓના મૃત્યુ અંગેના કુલ દસ કેસો નોંધાયા. |
| (૩) કેટલા ઈસમોના મૃત્યુ થયા, અને | (૩) પાંચ ઇસમોના મૃત્યુ થયા. |
| (૪) તેઓના કુટુંબોને કેટલી સહાય કરવામાં આવી? | (૪) તેઓના કુટુંબોને મૃત્યુ પામેલ ઇસમ દીઠ રૂ.૧/- લાખ લેખે કુલ રૂ.૫/- લાખ સહાય કરવામાં આવી. |

## નવસારી જિલ્લામાં અનુસૂચિત જનજાતિના લોકોને એલ.પી.જી. ગેસ કનેક્શન

૨૨૯૨૭ **: શ્રી લક્ષ્મણભાઈ પટેલ (ગણદેવી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નવસારી જિલ્લામાં વન બંધુ કલ્યાણ યોજના હેઠળ સરકાર દ્વારા વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ અનુસૂચિત જનજાતિના કેટલા લાભાર્થીઓને એલ.પી.જી. ગેસ ક્નેક્શન આપવામાં આવ્યા, | (૧) ૫૨ (બાવન) લાભાર્થીઓને એલ.પી.જી. ગેસ ક્નેક્શન આપવામાં આવ્યા. |
| (૨) બાકીનાને ક્યારે એલ.પી.જી. ગેસ ક્નેક્શન આપવામાં આવશે, અને | (૨) બાકી રહેતા ૧૫૮ લાભાર્થીઓને તા.૨૮-૨-૧૧ સુધીમાં ક્નેક્શનો આપવામાં આવશે છે. હવે કોઇ બાકી નથી. |
| (૩) તેમાં કેટલી સબસીડી આપવામાં આવી? | (૩) લાભાર્થી દીઠ રૂ.૨૨૦૦/- લેખે કુલ ૨૧૦ લાભાર્થીઓને રૂ.૪,૬૨,૦૦૦/- ની સબસીડી આપવામાં |

આવી.

**વડોદરા જિલ્લામાં ઈ-ગ્રામ વિશ્વગ્રામ કેન્દ્રોમાં વીજળી બીલ લેવા બાબત**

૨૨૯૭૧ **: શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ (વડોદરા (ગ્રામ્ય) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૧૧માં કેટલી ગ્રામ પંચાયતોમાં ઈ-ગ્રામ વિશ્વ ગ્રામ કેન્દ્રો દ્વારા વીજળી બીલ ક્લેકશન કરવામાં આવે છે.

(૨) કેટલી ગ્રામ પંચાયતોમાં વીજળી બીલ ક્લેકશન કરવામાં આવતું નથી, અને

(૩) બાકી કેન્દ્રોમાં વીજળી બીલ ક્લેક્શનની કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં તમામ કુલ ૮૬૧ ગ્રામ પંચાયતોમાં વીજળી બીલ ક્લેકશન માટેનું જરૂરી સોફ્ટવેર ઇન્સ્ટોલ કરીને વીજબીલ ક્લેકશનની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. જેની વર્ષવાર વિગતો નીચે મુજબ છે.

| | ગ્રામ પંચાયતની સંખ્યા | ૨૦૦૯-૧૦માં વીજળી બીલ ક્લેકશન કેન્દ્રો | ૨૦૧૦-૧૧માં વીજળી બીલ ક્લેકશન કેન્દ્રો |
|---|---|---|---|
| કુલ | ૮૬૧ | ૬૬૩ | ૮૬૧ |

(૨) અને (૩) :

વડોદરા જિલ્લામાં હાલમાં ઉપર જણાવ્યાં મુજબ તમામ ઇ-ગ્રામ વિશ્વગ્રામ કેન્દ્રો ખાતે વીજબીલ ક્લેકશનની જરૂરી સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

--------

**પાટણ જિલ્લામાં વોટર શેડ યોજનામાં કામ**

૨૨૯૬૨ **: શ્રી રજનીકાન્ત સો.પટેલ (ચાણસ્મા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાટણ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં કેટલા વોટર શેડના કામો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલા કામો પૂર્ણ થયા,

(૩) કેટલા કામો પૂર્ણ થવાના બાકી છે, અને

(૪) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) પાટણ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૨૦૧૧ માં ૮૪૮ વોટરશેડના કામો મંજૂર કરવામાં આવેલ છે.

(૨) તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ કુલ ૬૯૭ કામો પૂર્ણ કરવામાં આવેલ છે.

(૩) વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન કુલ ૧૫૧ કામો પૂર્ણ થવાના બાકી છે.

(૪) ભારત સરકારની નવી ગાઇડ લાઇન-૨૦૦૮ અન્વયે પ્રોજેક્ટ મંજૂરીની તારીખથી પ્રોજેક્ટ પૂર્ણ થવાની અવધિ ૫ થી ૭ વર્ષ નક્કી કરેલ હોઇ, તે સમયમર્યાદામાં કામો પૂર્ણ કરવામાં આવશે.

--------

**સુરત જિલ્લામાં ગરીબ કુટુંબોને પામોલીન તેલ આપવા બાબત**

૨૨૯૯૦ **: શ્રી કિશોરભાઈ વાંકાવાળા (સુરત શહેર પશ્ચિમ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં સરકાર દ્વારા વર્ષ ૨૦૦૮-૨૦૦૯ માં કેટલા ગરીબ કુટુંબોને તહેવારોમાં સસ્તા દરે કેટલું પામોલીન તેલ વિતરણ કરવામાં આવ્યુ, અને

(૨) જિલ્લાના તમામ ગરીબ કુટુંબોને પામોલીન તેલ મળી રહે તે માટે શાં પગલાં લેવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) વર્ષ જુન-૨૦૦૮ થી જાન્યુઆરી-૨૦૦૯ સુધી તહેવારોમાં ૧૯,૮૭,૦૫૬ ગરીબ કુટુંબોને એક લીટરનાં ૧૯,૪૬,૬૨૯ પામોલીન તેલ પાઉચનું વિતરણ કરવામાં આવ્યું.

(૨) પામોલીન તેલના વિતરણ પ્રમાણ અને ભાવ અંગે અખબારી યાદી દ્વારા તેમજ જિલ્લાના તમામ મામલતદાર ક્ચેરીના નોટીસ બોર્ડ બહોળી પ્રસિધ્ધિ કરવામાં આવેલ છે.

## દાહોદ જિલ્લામાં વનાધિકાર કાયદાના અમલમાં થયેલ ખર્ચ

૨૨૧૧૩ **: શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) દાહોદ જિલ્લામાં વન અધિકાર કાયદા-૨૦૦૬ના અમલીકરણ માટે તા. ૩૧-૧૨-૧૦ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો, | (૧) રૂપિયા ૩૦,૫૩,૫૦૧. |
| (૨) તે અન્વયે તાલુકાવાર કેટલા વનવાસીઓને જમીન હક્ના લાભો આપવામાં આવ્યા, અને | (૨) |

| ક્રમ | તાલુકા | અધિકારપત્ર |
| --- | --- | --- |
| ૧ | દાહોદ | ૧૯ |
| ૨ | ગરબાડા | ૧૦૮ |
| ૩ | ઝાલોદ | ૨૫ |
| ૪ | ફતેપુરા | ૦૦ |
| ૫ | લીમખેડા | ૪૩ |
| ૬ | ધાનપુર | ૬૧ |
| ૭ | દે.બારીયા | ૨૮ |
| | કુલ : | ૨૮૪ |

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૩) કેટલા વનવાસીઓને જમીન હકો આપવાના બાકી છે? | (૩) ૧૨૭૮૭. |

--------

## કચ્છ જિલ્લામાં સરદાર આવાસો મંજૂર કરવા બાબત

૨૨૯૬૮ **: શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી (મુંદ્રા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં કેટલા સરદાર આવાસો મંજૂર કર્યા, | (૧) લક્ષ્યાંક ફાળવેલ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) તે પૈકી તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલા બનાવવામાં આવ્યા, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કેટલા બનાવવાના બાકી છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

## ૧૪૦/page> કચ્છ જિલ્લામાં ઈકો ટુરીઝમ યોજનામાં નારાયણ સરોવર અને ધોળાવીરાનો વિકાસ

૨૨૪૮૯ **: શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ઈકો ટુરીઝમ વિકાસ યોજના હેઠળ તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષ દરમિયાન કચ્છ જિલ્લાના નારાયણ સરોવર અને પેટ્રીફાઈડ વુડ ફોસીલ પાર્ક, ધોળાવીરાના વિકાસ માટે કઈ કઈ યોજનાઓ અમલમાં મૂકી છે. | (૧) બોર્ડર એરિયા ડેવલોપમેન્ટ પ્રોગ્રામ તથા જિલ્લા આયોજન મંડળ હેઠળની પ્રવાસન ધામ વિકાસ યોજના હેઠળ કામગીરી કરવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી વર્ષવાર કેટલો ખર્ચ થયો છે, અને | (૨) આ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૨૦૧૦માં રૂ.૮.૦૦ લાખ તથા વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં (તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ) રૂપિયા ૨.૦૦ લાખનો ખર્ચ થયેલ છે. |
| (૩) આ યોજના ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે? | (૩) આ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ના કામો પૂર્ણ કરવામાં આવેલ છે. અને વર્ષ ૨૦૧૦-૧૧ના કામો મળેલ ગ્રાન્ટ પ્રમાણે પૂર્ણ કરવામાં આવશે. |

--------

## આદિમજુથોના ઉત્કર્ષ માટેના પ્રોજેક્ટ

૨૨૯૯૮ **: શ્રી કરશનભાઈ ઓડેદરા (કુતિયાણા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં આદિજાતિઓ પૈકી અતિ પછાત એવા આદીમજુથોના ઉત્કર્ષ માટે તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ કોઈ પ્રોજેક્ટ અમલમાં મૂકવામાં આવેલ છે તે હકીક્ત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ પ્રોજેકટમાં ક્યા ક્યા પ્રકારના લાભો આપવામાં આવે છે? | (૨) (૧) બી.પી.એલ. ને મકાન<br>(૨) ઘરનું વીજળીકરણ<br>(૩) પાઇપ લાઇનથી પીવાનું પાણી<br>(૪) મકાન સુધી રસ્તાની સગવડ<br>(૫) સ્કુલ વયના દરેક બાળકને નિશાળમાં દાખલા<br>(૬) આજીવીકાના સાધન. |

## ૧૪૧/page> શહેરા અને લુણાવાડા તાલુકામાં ગ્રામ પંચાયતના વિભાજનની માગણીઓ

૨૨૮૭૪ **: શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) શહેરા અને લુણાવાડા તાલુકામાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી અને કઈ કઈ ગૃપ ગ્રામ પંચાયતોમાંથી નવીન ગ્રામ પંચાયતોના વિભાજન બાબતની માંગણીઓ આવી,

**જવાબ**

(૧) શહેરા અને લુણાવાડા તાલુકામાં તા.૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૫ (પાંચ) ગ્રામ પંચાયત વિભાજનની દરખાસ્તો આવેલ છે.

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **ક્રમ** | **વિભાજનની આવેલ દરખાસ્ત** |
|---|---|---|---|
| ૧ | શહેરા | | શૂન્ય |
| ૨ | લુણાવાડા | ૧ | ખલાસપુરમાંથી હડમતીયા |
| | | ૨ | થાણાસાવલીમાંથી વાલી નાથ ફતેપુરા |
| | | ૩ | બોરડીમાંથી નવાવ્હાકા |
| | | ૪ | ડોકેલાવમાંથી પાનમપાલ્લા |
| | | ૫ | હરદાસપુરમાંથી પરમપુર |
| | કુલ - ૫ | | |

**પ્રશ્ન** (૨) તે પૈકી કઈ કઈ ગ્રામ પંચાયતોને અલગ ગ્રામ પંચાયતોનો દરજ્જો આપવામાં આવ્યો, અને

**જવાબ** (૨) ૦ શૂન્ય.

**પ્રશ્ન** (૩) બાકી રહેતી ગૃપ ગ્રામ પંચાયતોને કેટલા સમયમાં અલગ કરવામાં આવશે

**જવાબ** (૩) ભારત સરકારના ગૃહ મંત્રાલયના તા.૨૨-૯-૦૯ના પત્રથી વસ્તી ગણતરી ૨૦૧૧ અન્વયે રાજ્યની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ તેમજ મહેસુલી હદમાં તા.૩૧-૩-૨૦૧૧ સુધી વહીવટી તેમજ ભોગોલિક ફેરફાર ન કરવા સુચના આપેલ છે. ત્યારબાદ નિયમોનુસારની કાર્યવાહી કરવામાં આવશે.

## સુરત જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજનામાં કામ ચાલુ કરવા બાબત

૨૨૯૭૮ **: શ્રીમતી ભારતીબેન રાઠોડ (કામરેજ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાહેધરી યોજનામાં તારીખ ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ | (૧) સુરત જિલ્લામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજનામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની |

વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં કેટલા કામો ચાલુ કરવામાં આવ્યા,

(૨) તે પેકી કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૩) બાકી કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

સ્થિતિએ વર્ષ ૨૦૧૦-૨૦૧૧ માં કુલ ૧૮૦૭ કામો ચાલુ કરવામાં આવેલ છે.

(૨) તે પેકી કુલ ૧૧૫૯ કામો પૂર્ણ કરવામાં આવેલ છે.

(૩) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના રોજગારીની માંગણી આધારિત યોજના હોઇ કામની માંગણી થયેથી કામગીરી કરવામાં આવશે.

--------

**કચ્છ જિલ્લામાં ૭/૧૨ અને ૮-અના ઉતારા માટે ફરિયાદો**

૨૧૪૯૫ **: શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) કચ્છ જિલ્લાની તમામ ગ્રામ પંચાયતોમાંથી ૭/૧૨ તથા ૮-અ ના ઉતારા પૂરા પાડવા તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ફરિયાદો મળેલ છે, અને

(૧) શૂન્ય.

(૨) તે અંગે શાં પગલાં લીધેલ છે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**વડોદરા જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં માનદ્ વેતનવાળા સભ્યો**

૨૨૯૯૧ **: શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં માનદ્વેતન વાળા સભ્યોની મંજૂર થયેલ સંખ્યા કેટલી છે.

(૨) તે પેકી કેટલા સભ્યોની નિમણૂક થઈ, અને

(૩) બાકી નિમણૂક ક્યારે કરવામાં આવશે?

| | મુખ્ય ફોરમ | એડીશનલ ફોરમ | કુલ |
|---|---|---|---|
| (૧) | ૨ | ૨ | ૪ |
| (૨) | ૨ | ૨ | ૪ |

(૩) તમામ જગ્યાઓ ભરાયેલ કોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**મહેસાણા જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના**

૨૨૯૫૦ **: શ્રી ઋષિકેશ ગ.પટેલ (વિસનગર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) મહેસાણા જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા. ૩૧-૧-૧૧ સુધીમાં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તે પેકી સતલાસણા તાલુકામાં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે?

(૧) મહેસાણા જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના એટલે કે સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ-૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા. ૩૧-૦૧-૧૧ સુધીમાં નીચેની વિગતે રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૭૫૭ | ૬.૮૮ |
| ૨૦૧૦-૧૧ | ૪૨૬ | ૫.૦૪ |
| **કુલ :** | **૧૧૮૩** | **૧૧.૯૨** |

(૩) તે પેકી સતલાસણા તાલુકામાં નીચેની વિગતે રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

(૪)

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૪૯.૦૦ | ૦.૪૬૭ |
| ૨૦૧૦-૧૧ | ૩૧.૮૦ | ૦.૩૯૦ |
| **કુલ :** | **૮૦.૮૦** | **૦.૮૫૭** |

## ૧૨મા અને ૧૩મા નાણા પંચની રકમ રાજ્ય સરકારને મળવા બાબત

૨૨૮૨૨ : **શ્રી મોહનસિંહ છો.રાઠવા (પાવી-જેતપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભારત સરકાર પાસેથી ૧૨મા અને ૧૩મા નાણા પંચમાં કેટલી રકમ ગુજરાત સરકારને મળી,

**જવાબ**

(૧)

| | વર્ષ | મળેલ રકમ (રૂપિયા કરોડમાં) |
|---|---|---|
| (૧) | ૨૦૦૮-૦૯ (૧૨મું નાણાં પંચ) | ૧૮૬.૨૦ |
| (૨) | ૨૦૦૯-૧૦ (૧૨મું નાણાં પંચ) | ૧૮૬.૨૦ |
| (૩) | ૨૦૧૦-૧૧ (૧૩મું નાણાં પંચ) | ૨૩૦.૪૩ |

**પ્રશ્ન**

(૨) તે પેકી વડોદરા જિલ્લામાં જિલ્લા કક્ષાની અને તાલુકાવાર વર્ષવાર કેટલી ગ્રાન્ટ આપી, અને

**જવાબ**

(૨) ૧૨મું નાણાં પંચ

(૧) વર્ષ ૨૦૦૮-૦૯માં કુલ રૂ. ૧૬૨૫.૪૦ લાખની ગ્રાન્ટ મળેલ છે જે પેકી રૂ. ૫૪૧.૮૦ લાખની ગ્રાન્ટ વર્ષ ૨૦૦૭-૦૮ના બીજા હપ્તાની છે અને કુલ રૂ. ૧૦૮૩.૬૦ લાખની ગ્રાન્ટ વર્ષ ૨૦૦૮-૦૯ના પ્રથમ અને બીજા હપ્તાની છે. વર્ષ-૨૦૦૯-૧૦ના પ્રથમ અને બીજા હપ્તાની કુલ રૂ. ૧૦૮૩.૬૦ લાખની ગ્રાન્ટ મળેલ છે.

(૨) ઉપરોક્ત ગ્રાન્ટ પેકી વડોદરા જિલ્લામાં ૧૨મા નાણાં પંચ હેઠળ મળેલ જિલ્લા કક્ષાની વર્ષ ૨૦૦૮-૦૯માં રૂ. ૬૫૦.૧૬ લાખ તથા વર્ષ ૨૦૦૯-૧૦માં રૂ. ૪૩૩.૪૪ લાખની જિલ્લાને મળતી ૪૦ ગ્રાન્ટની તાલુકાવાર અને વર્ષવાર ફાળવણીની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | જિલ્લા કક્ષા ૨૦૦૮-૦૯ ફાળવેલ ગ્રાન્ટ | જિલ્લા કક્ષા ૨૦૦૯-૧૦ ફાળવેલ ગ્રાન્ટ |
|---|---|---|---|
| ૧ | વડોદરા | ૭૨.૩૩ | ૫૩.૧૫ |
| ૨ | પાદરા | ૫૨.૭૪ | ૨૫.૮૭ |
| ૩ | કરજણ | ૩૦.૭૪ | ૧૬.૦૦ |
| ૪ | સાવલી | ૩૬.૧૧ | ૩૦.૫૨ |
| ૫ | ડભોઇ | ૬૯.૭૧ | ૭૬.૦૦ |
| ૬ | શિનોર | ૨૯.૭૩ | ૧૧.૦૦ |
| ૭ | વાઘોડીયા | ૩૨.૦૭ | ૩૧.૬૩ |
| ૮ | સંખેડા | ૧૬૭.૧૩ | ૯૮.૬૫ |
| ૯ | છોટા ઉદેપુર | ૨૬.૧૪ | ૧૬.૩૫ |
| ૧૦ | જેતપુરપાવી | ૪૯.૬૪ | ૩૩.૯૭ |
| ૧૧ | ક્વાંટ | ૨૮.૪૮ | ૧૦.૫૦ |
| ૧૨ | નસવાડી | ૫૫.૩૫ | ૨૯.૮૦ |
| | **કુલ** | **૬૫૦.૧૬** | **૪૩૩.૪૪** |

**૧૩મું નાણાં પંચ**

(૧) ૧૩મા નાણાં પંચમાં વર્ષ ૨૦૧૦-૧૧માં રૂ. ૧૫૯૭.૧૪ લાખની ગ્રાન્ટ વડોદરા જિલ્લાને મળેલ છે. ૧૩મા નાણાં પંચ હેઠળ મળેલ ગ્રાન્ટ પેકી જિલ્લા કક્ષાની ગ્રાન્ટ રૂ. ૨૩૯.૫૭ લાખની ફાળવણી તાલુકામાં થયેલ નથી.

**પ્રશ્ન**

(૩) આ ગ્રાન્ટમાંથી વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો અને કેટલી રકમ ખર્ચવાની બાકી છે?

**જવાબ**

(૩)

**૧૨મું નાણાં પંચ**

(૧) વર્ષ ૨૦૦૮-૦૯માં રૂ. ૧૬૨૫.૪૦ લાખ જે પેકી જિલ્લા કક્ષાના ખર્ચની રકમ રૂા. ૬૫૦.૧૬ લાખ તથા વર્ષ ૨૦૦૯-૧૦માં રૂ. ૧૦૮૩.૬૦ લાખ જે પેકી જિલ્લા કક્ષાના ખર્ચની રકમ રૂ. ૪૩૩.૪૪ લાખ.

(૨) જિલ્લા કક્ષાના વર્ષવાર થયેલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | જિલ્લા ક્ક્ષા ૨૦૦૮-૦૯ | | |
|---|---|---|---|---|
| | | ફાળવેલ ગ્રાન્ટ | થયેલ ખર્ચ | બાકી ખર્ચ |
| ૧ | વડોદરા | ૭૨.૩૩ | ૭૨.૩૩ | ૦.૦૦ |
| ૨ | પાદરા | ૫૨.૭૪ | ૫૨.૭૪ | ૦.૦૦ |
| ૩ | કરજણ | ૩૦.૭૪ | ૩૦.૭૪ | ૦.૦૦ |
| ૪ | સાવલી | ૩૬.૧૧ | ૩૬.૧૧ | ૦.૦૦ |
| ૫ | ડભોઇ | ૬૯.૭૧ | ૬૯.૭૧ | ૦.૦૦ |
| ૬ | શિનોર | ૨૯.૭૩ | ૨૯.૭૩ | ૦.૦૦ |
| ૭ | વાઘોડીયા | ૩૨.૦૭ | ૩૨.૦૭ | ૦.૦૦ |
| ૮ | સંખેડા | ૧૬૭.૧૩ | ૧૬૭.૧૩ | ૦.૦૦ |
| ૯ | છોટા ઉદેપુર | ૨૬.૧૪ | ૨૬.૧૪ | ૦.૦૦ |
| ૧૦ | જેતપુરપાવી | ૪૯.૬૪ | ૪૯.૬૪ | ૦.૦૦ |
| ૧૧ | ક્વાંટ | ૨૮.૪૮ | ૨૮.૪૮ | ૦.૦૦ |
| ૧૨ | નસવાડી | ૫૫.૩૫ | ૫૫.૩૫ | ૦.૦૦ |
| | કુલ | ૬૫૦.૧૬ | ૬૫૦.૧૬ | ૦.૦૦ |

| ક્રમ | તાલુકાનું નામ | જિલ્લા ક્ક્ષા ૨૦૦૯-૧૦ | | |
|---|---|---|---|---|
| | | ફાળવેલ ગ્રાન્ટ | થયેલ ખર્ચ | બાકી ખર્ચ |
| ૧ | વડોદરા | ૫૩.૧૫ | ૫૩.૧૫ | ૦.૦૦ |
| ૨ | પાદરા | ૨૫.૮૭ | ૨૫.૮૭ | ૦.૦૦ |
| ૩ | કરજણ | ૧૬.૦૦ | ૧૬.૦૦ | ૦.૦૦ |
| ૪ | સાવલી | ૩૦.૫૨ | ૩૦.૫૨ | ૦.૦૦ |
| ૫ | ડભોઇ | ૭૬.૦૦ | ૭૬.૦૦ | ૦.૦૦ |
| ૬ | શિનોર | ૧૧.૦૦ | ૧૧.૦૦ | ૦.૦૦ |
| ૭ | વાઘોડીયા | ૩૧.૬૩ | ૩૧.૬૩ | ૦.૦૦ |
| ૮ | સંખેડા | ૯૮.૬૫ | ૯૮.૬૫ | ૦.૦૦ |
| ૯ | છોટા ઉદેપુર | ૧૬.૩૫ | ૧૬.૩૫ | ૦.૦૦ |
| ૧૦ | જેતપુરપાવી | ૩૩.૯૭ | ૩૩.૯૭ | ૦.૦૦ |
| ૧૧ | ક્વાંટ | ૧૦.૫૦ | ૧૦.૫૦ | ૦.૦૦ |
| ૧૨ | નસવાડી | ૨૯.૮૦ | ૨૯.૮૦ | ૦.૦૦ |
| | કુલ | ૪૩૩.૪૪ | ૪૩૩.૪૪ | ૦.૦૦ |

**૧૩ મું નાણાં પંચ**

૧૩મા નાણાં પંચ વર્ષ ૨૦૧૦-૧૧માં શૂન્ય ખર્ચ. ખર્ચવાની બાકી રહેતી રકમ રૂ. ૨૩૯.૫૭ લાખ.

--------

## ભાવનગર જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના

૨૨૯૫૫ **: શ્રીમતી ભાવનાબેન મકવાણા (તળાજા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા. ૩૧-૧-૧૧ સુધીમાં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તે પેકી તળાજા તાલુકામાં કેટલા રોપાનું

**જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના એટલે કે સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ-૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા.૩૧-૦૧-૧૧ સુધીમાં નીચેની વિગતે રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

(૨)

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેતર કરેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૪૮૦.૦૦ | ૪.૩૨ |
| ૨૦૧૦-૧૧ | ૪૧૭.૦૦ | ૫.૦૧ |
| **કુલ :** | **૮૯૭.૦૦** | **૯.૩૩** |

(૨) તે પેકી તળાજા તાલુકામાં નીચેની વિગતે

વાવેતર કરવામાં આવેલ છે?

રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૫૯.૦૦ | ૦.૫૩ |
| ૨૦૧૦-૧૧ | ૫૬.૦૦ | ૦.૭૪ |
| **કુલ :** | **૧૧૫.૦૦** | **૧.૨૭** |

--------

## મહેસાણા જિલ્લામાં પંચાયત તલાટી મંત્રીનું મંજૂર થયેલ મહેકમ

૨૨૯૭૩ : **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) મહેસાણા જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પંચાયત તલાટી મંત્રીનું મહેકમ કેટલું મંજૂર થયેલ છે,

(૧) ૪૯૦.

(૨) તેમાં કેટલી જગ્યાઓ ભરેલી છે,

(૨) ૩૪૭.

(૩) કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ૧૪૩.

(૪) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૪) સત્વરે.

--------

## ભરૂચ જિલ્લામાં ગ્રામ પંચાયતોને પોતાના મકાન ન હોવા બાબત

૨૩૦૧૩ : **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોને પોતાના મકાનો નથી,

(૧) દરેક ગ્રામ પંચાયતો પોતાના મકાન ધરાવે છે.

(૨) તે અંતર્ગત ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર ક્યા ક્યા ગામોને મકાન બાંધવાની મંજૂરી આપવામાં આવી, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) તે અન્વયે કેટલા મકાનોના કામો પૂર્ણ થયા. અને કેટલા કામો અપૂર્ણ છે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

## સુરેન્દ્રનગર જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના

૨૨૯૫૯ : **શ્રી ભરતભાઈ વ. ખોરાણી (ચોટીલા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા. ૩૧-૧-૨૦૧૧ સુધીમાં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના એટલે કે સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા.૩૧-૧-૨૦૧૧ સુધીમાં નીચેની વિગતે રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૪૧૧ | ૩.૭૦ |
| ૨૦૧૦-૧૧ | ૨૮૯ | ૩.૪૯ |
| **કુલ** | **૭૦૦** | **૭.૧૯** |

(૨) તે પેકી સાયલા તાલુકામાં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે?

(૨) તે પેકી સાયલા તાલુકામાં નીચેની વિગતે રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૩૯ | ૦.૩૫ |
| ૨૦૧૦-૧૧ | ૨૦ | ૦.૨૫ |
| **કુલ** | **૫૯** | **૦.૬૦** |

--------

## વડોદરા જિલ્લામાં સ્વર્ણ જ્યંતિ ગ્રામ સ્વરોજગાર યોજના

૨૨૯૬૬ : **શ્રી ગુલસીંગભાઈ રં.રાઠવા (છોટાઉદેપુર)** : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન સ્વર્ણ જ્યંતિ ગ્રામ સ્વરોજગાર યોજના હેઠળ તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલા જૂથોની રચના થઈ, | (૧) વર્ષ ૨૦૧૦-૧૧માં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ૨૩ જુથોની રચના કરવામાં આવેલ છે. |
| (૨) તે પેકીના કેટલા જૂથો ગ્રેડ-૧ અને ગ્રેડ-૨ થયેલ છે. | (૨) તે પેકી ૧૨ જુથો ગ્રેડ-૧ થયેલ છે. |
| (૩) કેટલા જૂથોને ગ્રેડ આપવાના બાકી છે, અને | (૩) ૧૧ જુથોને ગ્રેડ-૧ અને ૨૩ જુથોને ગ્રેડ-૨ આપવાના બાકી છે. |
| (૪) તે પેકી કેટલા જૂથો આર્થિક પ્રવૃત્તિઓ કરે છે? | (૪) શૂન્ય. |

--------

## વલસાડ જિલ્લામાં લાકડા આધારિત એકમોની સ્થાવર મિલકતની હરાજી

૨૨૮૬૯ : **શ્રી હરીલાલ પટેલ (ધ્રાંગધ્રા)** : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વલસાડ જિલ્લામાં લાકડા આધારિત એક્મોની સ્થાવર મિલક્ત નાણાકીય સંસ્થાઓ દ્વારા કરાયેલ હરાજીમાં ક્યા ક્યા એક્મોના પરવાના નામ અને સ્થળ ફેરફાર કરી મંજૂર કરવામાં આવ્યા છે, | (૧) પારેખ વુડ ઈન્ડસ્ટ્રીઝ જી.આઈ.ડી.સી. ઉમરગામ વલસાડથી આદીત્ય ટીમ્બર્સ અલીપોર, ચીખલી, નવસારીના નામથી મંજૂર કરવામાં આવ્યા છે. |
| (૨) જો પરવાના મંજૂરીના હુક્મો કર્યા હોય તો સેન્ટ્રલ ઈમ્પાવર્ડ કમિટી ફોર વુડબેઝ ઈન્ડસ્ટ્રીઝની મંજૂરી મેળવવામાં આવેલ છે કે કેમ, અને | (૨) સેન્ટ્રલ એમ્પાવર્ડ કમિટિ દ્વારા ગુજરાત કમિટિને આપેલ સત્તા મુજબ કામગીરી કરવામાં આવેલ છે અને કરેલ કામગીરીની જાણ સેન્ટ્રલ એમ્પાવર્ડ કમિટિને કરેલ છે. |
| (૩) જો પરવાના મંજૂર કરવાના હુક્મો રદ કર્યા હોય તો રદ કરવાના કારણો શાં હતા? | (૩) સદરહુ કેસમાં સાચી હકીક્ત ધ્યાને આવતા અગાઉ આપેલ મંજૂરી રદ કરવામાં આવેલ છે. |

--------

## નેશનલ રૂરલ લાઈવલીહુડ મીશન યોજના

૨૩૦૧૦ : **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ)** : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ રાષ્ટ્રીય ગ્રામીણ લાઈવલીહુડ મીશન હેઠળની યોજના અને કાર્યક્મો ગુજરાત રાજ્યમાં લાગુ પડેલ છે કે કેમ, | (૧) ના, તા. ૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ રાષ્ટ્રીય ગ્રામીણ લાઈવલીહુડ મિશન હેઠળની યોજના અને કાર્યક્મો ગુજરાત રાજ્યમાં લાગુ પડેલ નથી. પરંતુ આગામી નાણાકીય વર્ષ ૨૦૧૧-૧૨ થી સંભવતઃ અમલમાં આવનાર છે. તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ સ્વર્ણજ્યંતિ ગ્રામ સ્વરોજગાર યોજનાના કાર્યક્મો અમલમાં છે. |
| (૨) સદર મીશન અંતર્ગત રાજ્યમાં કઈ કઈ યોજના અને કાર્યક્મો અમલમાં છે, અને | (૨) નેશનલ રૂરલ લાઈવલીહુડ મિશન અંતર્ગત યોજના અને કાર્યક્મોનો અમલ હજુ શરૂ થયેલ નથી. પરંતુ આગામી નાણાકીય વર્ષ ૨૦૧૧-૧૨ થી અમલ કરવા માટે રાજ્યમાં આગોતરૂ આયોજન કરવામાં આવી રહેલ છે.<br>મિશન મંગલમ યોજના હેઠળ ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપનીની રચના કરવામાં આવેલ છે. નેશનલ રૂરલ લાઈવલીહુડ મિશન અંતર્ગત યોજનાઓ અને કાર્યક્મોનું આ કંપની મારફતે અમલીકરણ કરવાનું રહેશે. |
| (૩) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે | (૩) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે |

વર્ષમાં કેન્દ્ર સરકાર તરફથી કેટલી ગ્રાન્ટ મળેલ છે ?

વર્ષમાં કેન્દ્ર સરકાર તરફથી ગ્રામીણ વિકાસ મંત્રાલય ભારત સરકારના તા.૧૦-૧-૨૦૧૧ના પત્રથી રૂા. ૧,૧૨,૫૦,૦૦૦/- (રૂા. એક કરોડ, બાર લાખ, પચાસ હજાર પુરા) ની ગ્રાન્ટ મળેલ છે.

--------

**અમદાવાદ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના**

૨૨૯૫૪ **: શ્રી કમાભાઈ ગ.રાઠોડ (વિરમગામ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા. ૩૧-૧-૨૦૧૧ સુધીમાં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તે પેકી દેત્રોજ તાલુકામાં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) અમદાવાદ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના એટલે કે સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા. ૩૧-૧-૨૦૧૧ સુધીમાં નીચેની વિગતે રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૫૭૦.૦૦ | ૫.૧૧ |
| ૨૦૧૦-૧૧ | ૬૩૪.૩૧ | ૭.૧૧ |
| **કુલ :** | **૧૨૦૪.૩૧** | **૧૨.૨૨** |

(૨) તે પેકી દેત્રોજ તાલુકામાં નીચેની વિગતે રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૮૨.૫૦ | ૦.૭૪ |
| ૨૦૧૦-૧૧ | ૫૦.૦૦ | ૦.૬૧ |
| **કુલ :** | **૧૩૨.૫૦** | **૧.૩૫** |

--------

**રાજુલા - જાફરાબાદ તાલુકા પંચાયતમાં સંવર્ગવાર મંજૂર મહેકમ**

૨૨૮૫૨ **: શ્રી હીરાભાઈ સોલંકી (રાજુલા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ રાજુલા-જાફરાબાદ તાલુકા પંચાયતમાં સંવર્ગવાર કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

(૨) તે પેકી કેટલી જ્ગ્યા ભરવામાં આવેલ છે,

(૩) કેટલી જ્ગ્યાઓ ખાલી છે, અને

(૪) આ ખાલી જ્ગ્યાઓ ભરવા માટે સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) (૨) અને (૩)
***પરિશિષ્ટ-અ-મુજબ**

(૪) સત્વરે

**પરિશિષ્ટ-અ**

| સંવર્ગનું નામ | રાજુલા તાલુકા પંચાયત | | | જાફરાબાદ તાલુકા પંચાયત | | |
|---|---|---|---|---|---|---|
| | મંજૂર | ભરાયેલ | ખાલી | મંજૂર | ભરાયેલ | ખાલી |
| તાલુકા વિકાસ અધિકારી | ૧ | ૦ | ૧ | ૧ | ૧ | ૦ |
| અધિક મદદનીશ ઈજનેર | ૧ | ૦ | ૧ | ૧ | ૧ | ૦ |
| મદદનીશ તાલુકા વિકાસ અધિકારી | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ |
| સર્કલ ઈન્સ્પેકટર | ૨ | ૦ | ૨ | ૧ | ૦ | ૧ |
| જુનિયર ક્લાર્ક | ૭ | ૫ | ૨ | ૪ | ૩ | ૧ |
| નાયબ હિસાબનીશ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ડ્રાઈવર | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ |
| વિસ્તરણ અધિકારી (ખેતી) | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| વિસ્તરણ અધિકારી (સહકાર) | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| વિસ્તરણ અધિકારી (પંચાયત) | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ |
| કેળવણી નિરીક્ષક | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ |
| ગ્રામ સેવક | ૨ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ |
| સિનિયર એકાઉન્ટ ક્લાર્ક | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ |
| સિનિયર ક્લાર્ક | ૧ | ૧ | ૦ | ૧ | ૦ | ૧ |
| વિસ્તરણ અધિકારી (આંકડા) | ૧ | ૧ | ૦ | ૧ | ૦ | ૧ |

| સંવર્ગનું નામ | રાજુલા તાલુકા પંચાયત | | | જાફરાબાદ તાલુકા પંચાયત | | |
|---|---|---|---|---|---|---|
| | મંજૂર | ભરાયેલ | ખાલી | મંજૂર | ભરાયેલ | ખાલી |
| તલાટી કમ મંત્રી | ૫૨ | ૩૮ | ૧૪ | ૨૮ | ૧૭ | ૧૧ |
| પટાવાળા | ૩ | ૦ | ૩ | ૨ | ૧ | ૧ |
| કુલ : | ૭૯ | ૫૫ | ૨૪ | ૪૫ | ૨૮ | ૧૭ |

--------

## અનુસૂચિત જનજાતિના યુવાનોને કોમર્શિયલ પાયલોટની તાલીમ

૨૨૯૯૬ : **શ્રી વલ્લભભાઈ ગો.કાકડિયા (રખિયાલ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અનુસૂચિત જનજાતિના યુવાનોને કોમર્શિયલ પાયલોટની તાલીમ માટે કોઈ લોન આપવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા વિદ્યાર્થીઓને આ લાભ આપવામાં આવેલ છે, | (૨) |

| વર્ષ | વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|
| ૨૦૦૮-૨૦૦૯ | ૦૬ |
| ૨૦૦૯-૨૦૧૦ | ૦૨ |
| ૨૦૧૦-૨૦૧૧ | ૦૩ |

| | |
|---|---|
| (૩) ઉક્ત સ્થિતિએ કુલ કેટલી લોન આપવામાં આવી, અને | (૩) રૂા. ૧૧૯.૦૦ લાખ |
| (૪) તેના વ્યાજનો દર શું છે ? | (૪) વાર્ષિક ૪ ટકા |

## મનરેગા યોજનામાં કેન્દ્ર સરકારે આપેલ એવોર્ડ

૨૨૯૮૩ : **શ્રી કાળુભાઈ ચ.રાઠોડ (ઉના) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મનરેગા યોજના અંતર્ગત છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં થયેલ કામગીરી અંગે તા. ૨૮-૨-૨૦૧૦ની સ્થિતિએ કેન્દ્ર સરકાર તરફથી કોઈ એવોર્ડ મળેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ક્યો એવોર્ડ આપવામાં આવેલ છે ? | (૨) એક્સેલન્સ ઈન નરેગા એડમીનીસ્ટ્રેશન એવોર્ડ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ની રાજકોટ જિલ્લાની કામગીરી બદલ તા. ૨-૨-૨૦૧૧ના રોજ આપવામાં આવેલ છે. |

## નવસારી ખાતે ગ્રાહક તકરાર નિવારણ ફોરમની કચેરીનું નવીન મકાન

૨૨૯૯૩ : **શ્રી નરેશભાઈ મ. પટેલ (ચીખલી) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી ખાતે ગ્રાહક તકરાર નિવારણ ફોરમની કચેરી માટે નવીન મકાન મંજૂર થયેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેનુ બાંધકામ તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | (૨) સદરહુ મકાનનું બાંધકામ પૂર્ણ થઈ ગયેલ છે. |
| (૩) તેના માટે કેટલો ખર્ચ મંજૂર કરવામાં આવેલ છે ? | (૩) રૂા. ૬૨.૯૮ લાખ |

## ભારત સરકારની વણવપરાયેલી ગ્રાન્ટ

૨૨૧૨૪ : **શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ભારત સરકાર તરફથી રાજ્યને ફાળવેલ ગ્રાન્ટ અન્વયે વર્ષવાર આદિજાતી વિભાગ હસ્તકની કેટલી ગ્રાન્ટ વણવપરાયેલ રહી, | (૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ભારત સરકાર તરફથી રાજ્યને ફાળવેલ ગ્રાન્ટ અન્વયે વર્ષવાર કમિશનર આદિજાતિ વિકાસ હસ્તકની વણવપરાયેલ ગ્રાન્ટની વિગતો નીચે મુજબ છે. |

| વર્ષ | વણવપરાયેલ ગ્રાન્ટ (રૂા. લાખમાં) |
|---|---|
| ૨૦૦૮-૦૯ | રૂા. ૨૩૬૩.૦૦ લાખ |
| ૨૦૦૯-૧૦ | રૂા. ૬૭૩૯.૯૩ લાખ |
| ૨૦૧૦-૧૧ (તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ) | રૂા. ૧૬૪૮૫.૦૩ લાખ (ખર્ચ પ્રગતિ હેઠળ) |

(૨) આ વણવપરાયેલ ગ્રાન્ટ ભારત સરકારને પરત મોકલાવી છે કે કેમ, અને

(૨) ગ્રાન્ટ મંજૂરીના હુકમની જોગવાઈ મુજબ નાણાકીય વર્ષ પૂરૂં થયાના ૧૨ માસમાં ફંડ વપરાશ અંગેનું પ્રમાણપત્ર રજૂ કરવાનું હોઈ ગ્રાન્ટ પરત મોકલવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) રાજ્ય સરકારે આ ગ્રાન્ટનો અન્યત્ર ખર્ચ કરેલ છે કે કેમ?

(૩) ના, જી.

--------

## આણંદ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના

૨૨૯૪૯ **: શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ (આણંદ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) આણંદ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ-૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા.૩૧-૧-૨૦૧૧ સુધીમાં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૧) આણંદ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના એટલે કે સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ દરમ્યાન તા.૩૧-૦૧-૧૧ સુધીમાં નીચેની વિગતે રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

| **વર્ષ** | **વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર)** | **વાવેતર કરેલ રોપાની સંખ્યા (લાખમાં)** |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૩૭૪ | ૩.૩૬ |
| ૨૦૧૦-૧૧ | ૨૬૦ | ૩.૧૩ |
| **કુલ :** | **૬૩૪** | **૬.૪૯** |

(૨) તે પેકી આણંદ તાલુકામાં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે ?

(૨) તે પેકી આણંદ તાલુકામાં નીચેની વિગતે રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

| **વર્ષ** | **વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર)** | **વાવેતર કરેલ રોપાની સંખ્યા (લાખમાં)** |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૭૧ | ૦.૬૪ |
| ૨૦૧૦-૧૧ | ૫૬ | ૦.૬૪ |
| **કુલ :** | **૧૨૭** | **૧.૨૮** |

## બનાસકાંઠા જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના

૨૨૯૫૬ **: શ્રી વસંતભાઈ ભટોળ (દાંતા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ-૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા.૩૧-૧-૧૧ સુધીમાં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૧) બનાસકાંઠા જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના એટલે કે સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ દરમ્યાન તા.૩૧-૦૧-૧૧ સુધીમાં નીચેની વિગતે રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

| **વર્ષ** | **વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર)** | **વાવેતર કરેલ રોપાની સંખ્યા (લાખમાં)** |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૭૨૬.૦૦ | ૬.૪૦ |
| ૨૦૧૦-૧૧ | ૪૧૩.૦૦ | ૫.૦૫ |
| **કુલ :** | **૧૧૩૯.૦૦** | **૧૧.૪૫** |

(૨) તે પૈકી અમીરગઢ તાલુકામાં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે ?

(૨) તે પૈકી અમીરગઢ તાલુકામાં નીચેની વિગતે રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેતર કરેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૬૭.૦૦ | ૦.૫૦ |
| ૨૦૧૦-૧૧ | ૧૪.૦૦ | ૦.૧૮ |
| **કુલ :** | **૮૧.૦૦** | **૦.૬૮** |

--------

**અમદાવાદ જિલ્લામાં જળસ્ત્રાવ વિકાસ કાર્યક્રમ**

૨૨૦૬૮ : **શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં જળસ્ત્રાવ વિકાસ કાર્યક્રમ હેઠળ તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર કેટલા હેક્ટર જમીનમાં કામ પૂર્ણ કરવામાં આવ્યું, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આ યોજના અંતર્ગત કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) અમદાવાદ જિલ્લામાં જળસ્ત્રાવ વિકાસ કાર્યક્રમ યોજના હેઠળ તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર તેમજ વર્ષવાર કુલ ૨૦૧૨૯.૬૭ હેક્ટર જમીનને માવજત કરવામાં આવેલ છે. (સામેલ પત્રક-અ કોલમ-૧૧ પ્રમાણે)

(૨) છેલ્લા ત્રણ વર્ષમાં આ યોજના અંતર્ગત કુલ રૂા. ૧૨૦૭.૭૮ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. (પત્રક-અ ના કોલમ-૧૦ પ્રમાણે)

**પત્રક-અ**

| ક્રમ | જિલ્લો | તાલુકો | તા. ૧-૧-૨૦૦૮થી ૩૧-૧૨-૨૦૦૮ | | તા.૧-૧-૨૦૦૯ થી ૩૧-૧૨-૨૦૦૯ | | તા.૧-૧-૨૦૧૦ થી ૩૧-૧૨-૨૦૧૦ | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧ | અમદાવાદ | ધંધુકા | ૩૩.૬૬ | ૫૬૧.૦૦ | ૪૨.૮૮ | ૭૧૪.૬૭ | ૫૫.૪૯ | ૯૨૪.૮૩ | ૧૩૨.૦૬ | ૨૨૦૦.૫૦ |
| | | બરવાળા | ૧૭.૮૯ | ૨૯૮.૧૭ | ૨૦.૫૬ | ૩૪૨.૬૭ | ૬૨.૧૫ | ૧૦૩૫.૮૩ | ૧૦૦.૬૦ | ૧૬૭૬.૬૭ |
| | | રાણપુર | ૪૦.૬૩ | ૬૭૭.૧૭ | ૧૬.૪૯ | ૨૭૪.૮૩ | ૩૯.૨૨ | ૬૫૩.૬૭ | ૯૬.૩૪ | ૧૬૦૫.૬૭ |
| | | વિરમગામ | ૫૨.૬૨ | ૮૭૭.૦૦ | ૧૬.૯૨ | ૨૮૨.૦૦ | ૨૧.૧૬ | ૩૫૨.૬૭ | ૯૦.૭૦ | ૧૫૧૧.૬૭ |
| | | માંડલ | ૪૫.૭૨ | ૭૬૨.૦૦ | ૩૧.૭૯ | ૫૨૯.૮૩ | ૨૨.૫૨ | ૩૭૫.૩૩ | ૧૦૦.૦૩ | ૧૬૬૭.૧૭ |
| | | દેત્રોજ | ૮.૩૦ | ૧૩૮.૩૩ | ૨૮.૦૯ | ૪૬૮.૧૭ | ૧૧૨.૨૨ | ૧૮૭૦.૩૩ | ૧૪૮.૬૧ | ૨૪૭૬.૮૩ |
| | | બાવળા | ૫૨.૩૯ | ૮૭૩.૧૭ | ૭૩.૬૬ | ૧૨૨૭.૬૭ | ૧૦૬.૦૭ | ૧૭૬૭.૮૩ | ૨૩૨.૧૨ | ૩૮૬૮.૬૭ |
| | | ધોળકા | ૬૧.૭૪ | ૧૦૨૯.૦૦ | ૫૧.૩૦ | ૮૫૫.૦૦ | ૧૪૪.૬૭ | ૨૪૧૧.૧૭ | ૨૫૭.૭૧ | ૪૨૯૫.૧૭ |
| | | સાણંદ | ૩૦.૮૪ | ૫૧૪.૦૦ | ૩.૭૦ | ૬૧.૬૭ | ૧૫.૧૦ | ૨૫૧.૬૭ | ૪૯.૬૪ | ૮૨૭.૩૩ |
| | કુલ | | ૩૪૩.૭૯ | ૫૭૨૯.૮૩ | ૨૮૫.૩૯ | ૪૭૫૬.૫૦ | ૫૭૮.૬૦ | ૯૬૪૩.૩૩ | ૧૨૦૭.૭૮ | ૨૦૧૨૯.૬૭ |

**વન અધિનિયમ ૨૦૦૬ અન્વયે જંગલની જમીન આપવા સેટેલાઈટનો ઉપયોગ**

૨૩૦૧૯ : **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએથી અધિનિયમ ૨૦૦૬ અન્વયે જંગલની જમીન આપવા માટે સેટેલાઈટ ઈમેજ દ્વારા લેવાયેલ નકશોનો ઉપયોગ કરવાનો નિર્ણય ક્યારે લેવામાં આવ્યો, અને

(૨) તેના કારણો શા છે?

**જવાબ**

(૧) તા. ૨૦-૧-૨૦૧૦ થી

(૨) વન અધિકાર અધિનિયમ ૨૦૦૬ હેઠળ લાભાર્થીએ નિયમાનુસાર બે પુરાવા રજૂ કરવાના રહે છે.

(૧) વડીલનું નિવેદન

(૨) દસ્તાવેજી પુરાવા

નિયમો મુજબ બે પુરાવાઓવાળી અરજીઓ મંજૂર કરવામાં આવી છે અન્ય અરજીઓ નામંજૂર કરવાનાં બદલે સાચા અરજદારને ન્યાય મળે તેને ધ્યાનમાં રાખી રાજ્ય સરકાર દ્વારા સેટેલાઈટ ઈમેજરીઝનો ઉપયોગ કરવામાં આવે છે.

## વલસાડ અને નવસારી જિલ્લામાં રોપાઓનું વાવેતર

૨૩૦૧૬ : **શ્રી છનાભાઈ ચૌધરી (ધરમપુર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ અને નવસારી જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા હેકટરમાં કેટલા રોપાઓનું વાવેતર કરવામાં આવ્યુ,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા રોપાઓ જીવંત છે, અને

(૩) આ અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) વલસાડ અને નવસારી જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ નીચેની વિગતે રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું.

| વર્ષ | જિલ્લાનું નામ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેલ કરેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|---|
| ૨૦૦૯-૧૦ | વલસાડ | ૫૬૨૬.૦૦ | ૫૯.૪૯ |
| ૨૦૧૦-૧૧ | વલસાડ | ૩૮૩૪.૬૦ | ૩૯.૧૧ |
| ૨૦૦૯-૧૦ | નવસારી | ૧૯૧૭ | ૧૮.૩૬ |
| ૨૦૧૦-૧૧ | નવસારી | ૧૭૬૨ | ૧૬.૯૬ |
| **કુલ** | **વલસાડ અને નવસારી** | **૧૩૧૩૯.૬૦** | **૧૩૩.૯૨** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ નીચેની વિગતે રોપાઓ જીવંત છે.

| વર્ષ | જિલ્લાનું નામ | જીવંત રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | વલસાડ | ૫૧.૩૫ |
| ૨૦૧૦-૧૧ | વલસાડ | ૩૭.૩૯ |
| ૨૦૦૯-૧૦ | નવસારી | ૧૫.૯૯ |
| ૨૦૧૦-૧૧ | નવસારી | ૧૬.૨૬ |
| **કુલ** | **વલસાડ અને નવસારી** | **૧૨૦.૯૯** |

(૩) નીચેની વિગતે ખર્ચ થયેલ છે.

| વર્ષ | જિલ્લાનું નામ | થયેલ ખર્ચ રૂ (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | વલસાડ | ૮૫૯.૨૦ |
| ૨૦૧૦-૧૧ | વલસાડ | ૬૬૩.૦૩ |
| ૨૦૦૯-૧૦ | નવસારી | ૩૫૯.૪૯ |
| ૨૦૧૦-૧૧ | નવસારી | ૧૭૧.૮૦ |
| **કુલ** | **વલસાડ અને નવસારી** | **૨૦૫૩.૫૨** |

--------

## સુરત જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના

૨૨૯૪૬ : **શ્રી કિરીટભાઈ ગં.પટેલ (ઓલપાડ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા. ૩૧-૧-૨૦૧૧ સુધીમાં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) સુરત જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના એટલે કે સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા. ૩૧-૧-૨૦૧૧ સુધીમાં નીચેની વિગતે રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૫૨૮ | ૪.૬૯ |

| | | |
|---|---|---|
| ૨૦૧૦-૧૧ | ૨૫૪ | ૩.૧૧ |
| કુલ | ૭૮૨ | ૭.૮૦ |

(૨) તે પૈકી ઓલપાડ તાલુકામાં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે?

(૨) તે પૈકી ઓલપાડ તાલુકામાં નીચેની વિગતે રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૩૭ | ૦.૩૩ |
| ૨૦૧૦-૧૧ | ૨૯ | ૦.૩૪ |
| કુલ | ૬૬ | ૦.૬૭ |

--------

## મહેસાણા જિલ્લામાં ઈકોટુરીઝમની યોજના

૨૨૯૪૩ **: શ્રી કાંતિલાલ રા.પટેલ (વિજાપુર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં ઈકો ટુરીઝમના વિકાસ માટે ક્યા ક્યા સ્થળો પસંદ કરવામાં આવેલ છે, અને

(૨) વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષમાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ આ યોજના પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે?

**જવાબ**

(૧) વડનગર, થોળ, તારણ ધારણ માતા મંદિર વગેરે સ્થળો પસંદ કરવામાં આવેલ છે.

(૨) રૂપિયા ૨.૩૩ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

--------

## મહેસાણા જિલ્લામાં જિલ્લા પંચાયત/તાલુકા પંચાયતમાં કારકુનની મંજૂર જ્ગ્યાઓ

૨૨૯૭૫ **: શ્રી અનિલભાઈ પટેલ (મહેસાણા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તારીખ ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોમાં કેટલા કારકુનોની જ્ગ્યા મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી કેટલી ભરવામાં આવેલ છે,

(૩) કેટલી જ્ગ્યાઓ ખાલી છે,

(૪) આ ખાલી જ્ગ્યાઓ ભરવાનું સરકારનું કોઈ આયોજન છે કે કેમ, અને

(૫) જો હા, તો ક્યાં સુધીમાં આ જ્ગ્યાઓ ભરવામાં આવશે?

**જવાબ**

(૧) જિલ્લા પંચાયત - ૯૭
તાલુકા પંચાયત - ૯૯
કુલ - ૧૯૬

(૨) જિલ્લા પંચાયત - ૭૧
તાલુકા પંચાયત -૬૯
કુલ - ૧૪૦

(૩) જિલ્લા પંચાયત - ૨૬
તાલુકા પંચાયત - ૩૦
કુલ-૫૬

(૪) હા, જી.

(૫) સત્વરે

--------

## વલસાડ જિલ્લામાં ડી-સેગ એ સોંપેલ એન.જી.ઓ.ની કામગીરી

૨૨૯૦૮ **: શ્રી જીતુભાઈ ચૌધરી (મોટા પોંઢા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ડી-સેગ (ડેવલોપમેન્ટ સ્પોર્ટ એજન્સી)એ કેટલી એન.જી.ઓ.ને કામગીરી સોંપેલ છે,

(૨) તે પૈકી કપરાડા તથા ધરમપુર તાલુકાઓમાં ક્યા ક્યા કામો કઈ એજન્સીને આપી હાથ ધરવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) ૪ (ચાર)

(૨)

| ક્રમાંક | તાલુકા | કામ | એજન્સી |
|---|---|---|---|
| ૧. | કપરાડા | જીવીકા પ્રોજેક્ટ-૧ | જશોદા નરોત્તમ પબ્લીક ટ્રસ્ટ, કીલ્લા |
| | | સિંચાઈ કામો | ઓલ ગુજરાત ઈન્સ્ટીટયુટ ઓફ |
| | | સ્કીલ ટ્રેઈનીંગ | એઈડ એટ એક્શન (ઈન્ડીયા) |

| | | | |
|---|---|---|---|
| | | સ્કીલ ટ્રેઈનીંગ | એઈડ એટ એક્શન (ઈન્ડીયા) |
| ૨ | ધરમપુર | જીવીકા પ્રોજેક્ટ-૧ | એનાર્ડ ફાઉન્ડેશન કપરાડા (મ.વિ.) ધરમપુર |
| | | સ્કીલ ટ્રેઈનીંગ | ઓલ ગુજરાત ઈન્સ્ટીટ્યુટ ઓફ ડ્રાઈવીંગ, ટેક્નિકલ ટ્રેઈનીંગ એન્ડ રીસર્ચ સેન્ટર |
| | | સ્કીલ ટ્રેઈનીંગ | એઈડ એટ એક્શન (ઈન્ડીયા) |

(૩) તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવ્યો? — (૩) રૂ. ૧૭૨૯.૮૧ લાખનો ખર્ચ કરવામાં આવ્યો.

--------

**બનાસકાંઠા જિલ્લાની શાળાઓમાં ટોટલ સેનીટેશન કાર્યક્રમ હેઠળ શોચાલય**

૨૨૪૦૬ **: શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧માં ટોટલ સેનીટેશન કાર્યક્રમ હેઠળ કેટલી શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે શોચાલયો મંજૂર કરવામા આવ્યા, | (૧) બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧માં ટોટલ સેનીટેશન કાર્યક્રમ હેઠળ ૨૦૦ શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે શોચાલયો મંજૂર કરવામા આવેલ છે. |
| (૨) તે પૈકી તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલા શોચાલયોનું કામ પૂર્ણ થયેલ છે, અને | (૨) તે પૈકી તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ૬૯ શાળા શોચાલયોનું કામ પૂર્ણ થયેલ છે અને ૧૩૧ શાળા શોચાલયનું કામ બાકી છે. |
| (૩) બાકી શોચાલયોનું કામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે? | (૩) બાકી શોચાલયોનું કામ તા. ૩૧-૩-૨૦૧૧ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે. |

**કોડીનાર તાલુકા પંચાયત કચેરીમાં ગેરકાયદે ચાલતી નોટરી વકીલની ઓફિસ**

૨૨૧૧૭ **: શ્રી ધીરસિંહ બારડ (કોડીનાર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકા પંચાયતના કચેરી કંપાઉન્ડમાં આવેલ જુના અને જર્જરિત મકાનમાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષથી ગેરકાયદેસર રીતે નોટરી વકીલની ઓફીસ ચાલુ છે તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ ગેરકાયદે ઓફીસ બંધ કરાવવા તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં કેટલી અરજીઓ મળેલ છે, | (૨) જવાબ ના, જી હોવા છતાં ૨ અરજી મળી છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ ગેરકાયદે ઓફીસ બંધ કરાવવા શી કાર્યવાહી કરવામાં આવેલ છે, અને | (૩) ખંડ(૧) ની વિગતે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ગેરકાયદેસર ઓફીસ કેટલા સમયમાં સરકાર બંધ કરાવવા માંગે છે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**રાજકોટ જિલ્લામાં સ્વર્ણજયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના**

૨૨૯૬૫ **: ડૉ. ભરતભાઈ બોઘરા (જસદણ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન સ્વર્ણજયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના હેઠળ તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલા જૂથોની રચના થઈ, | (૧) રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન સ્વર્ણજયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના હેઠળ તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ૨૨૫ જૂથોની રચના કરવામાં આવેલ છે. |
| (૨) તે પૈકીના કેટલા જૂથો ગ્રેડ-૧ અને ગ્રેડ-૨ થયેલ છે, | (૨) તે પૈકીના ૯૭ જૂથો ગ્રેડ-૧ થયેલ છે. |

| | |
|---|---|
| (૩) કેટલા જૂથોને ગ્રેડ આપવાના બાકી છે, અને | (૩) ૧૨૮ જૂથોને ગ્રેડ-૧ અને ૨૨૫ જૂથોને ગ્રેડ-૨ આપવાના બાકી છે. |
| (૪) તે પૈકી કેટલા જૂથો આર્થિક પ્રવૃત્તિઓ કરે છે? | (૪) તે પૈકી ૧૫ જૂથો આર્થિક પ્રવૃત્તિઓ કરે છે. |

--------

**અમદાવાદ શહેરમાં ગેસ એજન્સીઓની તપાસ**

૨૨૧૨૩ **: શ્રી ગ્યાસુદીન શેખ (શાહપુર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમદાવાદ શહેરમાં તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તોલમાપ તંત્ર દ્વારા ગેસ એજન્સીઓમાં ક્યારે ક્યારે તપાસ હાથ ધરી, | (૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તોલમાપ તંત્ર દ્વારા ૨૪૫ વખત ગેસ એજન્સીઓની તપાસ હાથ ધરવામાં આવી, જેની વિગતો નીચે મુજબ છે.<br>(૧) અમદાવાદ જિલ્લા મદદનીશ નિયંત્રક ક્ચેરી હેઠળના નિરીક્ષકો દ્વારા અમદાવાદ શહેરમાં કુલ-૧૩૦ વખત ગેસ એજન્સીઓની તપાસણી કરવામાં આવેલ છે. **જેની યાદી પરિશિષ્ટ-*૧ મુજબ છે.**<br>(૨) અમદાવાદ વિભાગ નાયબ નિયંત્રક ક્ચેરી હેઠળના નિરીક્ષકો દ્વારા અમદાવાદ શહેરમાં કુલ-૧૦૨ વખત ગેસ એજન્સીઓની તપાસણી કરવામાં આવેલ છે. **જેની યાદી પરિશિષ્ટ-*૨ મુજબ છે.**<br>(૩) ગુજરાત રાજ્ય નિયંત્રક ક્ચેરી હેઠળના ફ્લાઈંગ સ્ક્વોર્ડ નિરીક્ષક દ્વારા અમદાવાદ શહેરમાં કુલ-૧૩ વખત ગેસ એજન્સીઓની તપાસણી કરવામાં આવેલ છે. **જેની યાદી પરિશિષ્ટ-*૩ મુજબ છે.** |
| (૨) રાંધણગેસના બાટલાઓમાં ઓછો ગેસ હોવા અન્વયે કઈ કઈ એજન્સીઓ સામે ક્યા પ્રકારના પગલા લેવામાં આવ્યા, અને | (૨) રાંધણગેસનાં બાટલાઓમાં ઓછો ગેસ હોવા અન્વયે ચાર ગેસ એજન્સીઓમાં અનિયમિતતા જણાવેલ છે. જેના નામ નીચે મુજબ છે.<br>(૧) એમ.એમ.ગેસ સર્વીસ, પાલડી<br>(૨) પ્રમુખ ગેસ સર્વીસ, બાપુનગર<br>(૩) શિલ્પ ઈન્ડેન, ઘાટલોડીયા અને<br>(૪) વર્ષા ગેસ એજન્સી, મણીનગર<br>તે પૈકી ક્રમાંક (૧), (૨) અને (૩) માં જણાવેલ એજન્સીઓ સામે રાંધણગેસ ઓછો હોવાની અનિયમિતતા સબબ તોલમાપ ધારો ૧૯૮૫ ની ક્લમ ૩૯(૨) અન્વયે કેસ ચલાવી નિયમાનુસાર રૂ. ૧૦,૦૦૦/- રૂ. ૨૫,૦૦૦/ અને રૂ. ૧૦,૦૦૦/-દંડ વસુલ કરી, તેઓ સામેનો કેસ માંડવાળ કરવામાં આવેલ છે. જ્યારે ક્રમાંક (૪) ની સામે કાર્યવાહી હાલમાં ચાલુ છે. |
| (૩) તોલમાપ નિયંત્રણના અધિકારી કર્મચારીઓ આવી ગેસ એજન્સીમાં તપાસમાં જાય છે. ત્યારે કઇ કઇ ગેસ એજન્સીમાં તપાસ કરી તે બાબતનો કોઈ સરકારી રેકોર્ડ રાખે છે કે કેમ? | (૩) તપાસેલ ગેસ એજન્સીઓને રેકર્ડ જિલ્લા મદદનીશ નિયંત્રક ક્ચેરીમાં તેમની માસિક ડાયરીમાં તથા પ્રોસીક્યુશન કેસ રજીસ્ટરમાં રાખવામાં આવે છે અને વિભાગીય નિરીક્ષક્ની ક્ચેરીઓમાં માસિક પત્રકો તથા પ્રોસીક્યુશન કેસ રજીસ્ટરમાં રાખવામાં આવે છે. આ ઉપરાંત વિભાગીય ક્ચેરી તથા વડી ક્ચેરીમાં પણ સબંધિત પ્રોસીક્યુશન કેસ રજીસ્ટરમાં રેકર્ડ રાખવામાં આવે છે. |

(* પરિશિષ્ટની નકલ સચિવશ્રીની ક્ચેરીમાં રાખવામાં આવી છે.)

--------

## આણંદ જિલ્લામાં સામાજિક વનીકરણ

૨૨૯૪૮ **: શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ-૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા.૩૧-૧-૧૧ સુધીમાં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તે પેકી ખંભાત તાલુકામાં કેટલા રોપાનું ૦૧. વાવેતર કરવામાં આવેલ છે.

**જવાબ**

(૧) આણંદ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ-૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા.૩૧-૧-૧૧ સુધીમાં નીચેની વિગતે રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૩૭૪ | ૩.૩૬ |
| ૨૦૧૦-૧૧ | ૨૬૦ | ૩.૧૩ |
| કુલ | ૬૩૪ | ૬.૪૯ |

(૨) તે પેકી ખંભાત તાલુકામાં નીચેની વિગતે રોપાનું વાવતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૪૮ | ૦.૪૪ |
| ૨૦૧૦-૧૧ | ૨૮ | ૦.૩૫ |
| કુલ | ૭૬ | ૦.૭૯ |

--------

## સુરત જિલ્લામાં આદિજાતિની કન્યાઓ માટે કુંવરબાઇના મામેરાની યોજના

૨૨૯૯૭ **: શ્રી નાનુભાઈ ભ.વાનાણી (સુરત શહેર (ઉત્તર) :૧ માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લા માં આદીજાતિની કન્યાઓ માટે કુંવરબાઇનું મામેરું યોજના હેઠળ સન ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ માં તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ કેટલી કન્યાઓને લાભ આપવામાં આવેલ છે, અને

(૨) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ યોજના હેઠળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | લાભ આપવામાં આવેલ કન્યાઓની સંખ્યા |
|---|---|
| ૨૦૦૯-૧૦ | ૩૦૦ |
| ૨૦૧૦-૧૧ | ૩૧૮ |

(૨) રૂા. ૩૦.૮૮ લાખ

## ખેડા જિલ્લામાં પંચાયત હસ્તકના દબાણો

૨૩૦૦૮ **: શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૧ ની સ્થિતિએ ખેડા જિલ્લામાં પંચાયત હસ્તકના કેટલા દબાણો હયાત છે, અને

(૨) આવા દબાણો દુર ન થવાથી પેટાપરાના વિસ્તારો પાકા માર્ગથી વંચીત રહે છે તે માટે સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) પંચાયતની જમીન ઉપર ગોચરના ૧૪૫ તથા ગામતળના ૬૯ મળી કુલ ૨૧૪ દબાણો હયાત છે.

(૨) ગોચર તથા ગામતળના દબાણોના કારણે પેટાપરાના વિસ્તારો પાકા માર્ગથી વંચિત રહેવા અંગે કોઈ પ્રશ્ન નથી.

## મનરેગા યોજનામાં કેન્દ્ર સરકારે આપેલ એવોર્ડ

૨૨૯૩૪ **: શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા (પાલીતાણા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મનરેગા યોજના અંતર્ગત છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં થયેલ કામગીરી અંગે તા.૨૮-૨-૨૦૧૦ની સ્થિતિએ કેન્દ્ર સરકાર તરફથી કોઇ એવોર્ડ મળેલ છે તે હકિક્ત સાચી છે, અને

(૨) જો હા, તો ક્યો એવોર્ડ આપવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) એક્સેલન્સ ઈન નરેગા એડમીનીસ્ટ્રેશન એવોર્ડ

વર્ષ ૨૦૦૯-૧૦ની રાજકોટ જિલ્લાની કામગીરી બદલ તા. ૨-૨-૨૦૧૧ની રોજ આપવામાં આવેલ છે.

## સુરેન્દ્રનગર જિલ્લામાં ઈકો ટુરીઝમની યોજના

૨૨૯૪૧ **: શ્રી શંભુપ્રસાદ બ.ટુંડિયા (દસાડા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં ઈકો ટુરીઝમના વિકાસ માટે ક્યા ક્યા સ્થળો પસંદ કરવામાં આવેલ છે, અને

(૨) વર્ષ-૨૦૦૯/૨૦૧૦ અને ૨૦૧૦/૨૦૧૧ના વર્ષમાં તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ આ યોજના પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે ?

**જવાબ**

(૧) બજાણા, ચોટીલા અને બાંડીયા બેલી(માંડવ વીડ) સ્થળો પસંદ કરવામાં આવેલ છે.

(૨) રૂપિયા ૬૩.૧૮ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

## રાજ્યમાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે એકલવ્ય મોડેલ સ્કૂલ

૨૩૦૦૨ **: શ્રી દેવુસિંહ જે.ચૌહાણ (માતર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કઈ કઈ જ્ગ્યાએ એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કૂલો ચલાવવામાં આવે છે, અને

(૨) આ સ્કૂલોમાં ક્યા ધોરણથી પ્રવેશ આપવામાં આવે છે અને વિદ્યાર્થીઓને કઈ કઈ સવલતો આપવામાં આવે છે ?

**જવાબ**

(૧)

| ક્રમ | જગ્યાનું નામ | ક્રમ | જગ્યાનું નામ |
|---|---|---|---|
| ૧ | આહવા | ૮ | વેજલપુર |
| ૨ | કપરાડા | ૯ | ખરેડી |
| ૩ | બારડોલી | ૧૦ | પારડી |
| ૪ | બારતાડ | ૧૧ | નિઝર |
| ૫ | શામળાજી | ૧૨ | અંબાજી |
| ૬ | શામળાજી-૨ | ૧૩ | ગોરા |
| ૭ | તિલકવાડા | | |

(૨) (અ) ધોરણ - ૬ થી

(બ) મફત રહેવાની, જમવાની, ગણવેશ, પુસ્તકો, લાઈબ્રેરી, આધુનિક લેબોરેટરી, ઉચ્ચ ગુણવત્તા ધરાવતું મેનેજમેન્ટ, તબીબી સવલત તેમજ જરૂરીયાત મુજબના શિક્ષકો અને સ્ટાફ જેવી સવલતો આપવામાં આવે છે.

## જૂનાગઢ જિલ્લામાં સખી મંડળ યોજના

૨૨૯૮૦ **: શ્રીમતી વંદનાબેન મ.મકવાણા (કેશોદ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં સશક્તિકરણ કાર્યક્રમ અન્વયે સખી મંડળ યોજનામાં તા.૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં કેટલા મહિલા જૂથોની રચના થઈ,

(૨) તે પૈકી કેટલા મહિલા જૂથોને રીવોલ્વીંગ ફંડ આપવામાં આવેલ છે, અને

(૩) તે પૈકી કેટલા જૂથો આર્થિક પ્રવૃત્તિ કરે છે ?

**જવાબ**

(૧) સખીમંડળ યોજનામાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં ૧૧૫૮ મહિલા જૂથોની રચના કરવામાં આવેલ છે.

(૨) તે પૈકી ૨૬૨ મહિલા જૂથોને રીવોલ્વીંગ ફંડ આપવામાં આવેલ છે.

(૩) તે પૈકી ૩૩૩ જૂથો આર્થિક પ્રવૃત્તિ કરે છે.

## ઘુડખર અભ્યારણ્યમાં શારકામ કરવા બાબત

૨૨૮૯૮ **: શ્રી સુરેશકુમાર ચ. પટેલ (કલોલ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન કચ્છ જિલ્લામાં ખનીજ સંશોધન માટે પ્રાઈવેટ કું. દ્વારા શારકામ જંગલ વિસ્તાર, ઘુડખર અભ્યારણ્ય વિસ્તાર, બફર ઝોન કે ઈકો ફ્રેજાઈલ વિસ્તારમાં કરી રહયા છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો જવાબદાર અધિકારી કે પ્રાઈવેટ કું. સામે પગલાં લેવામાં આવ્યા છે કે કેમ, અને

(૩) જો ના, તો ક્યા ક્યા કારણોસર શિક્ષણાત્મક

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પગલાં લેવામાં આવ્યા નથી ?

--------

**બનાસકાંઠા જિલ્લામાં સામાજીક વનીકરણ યોજના**

૨૨૯૫૩ **: શ્રી અનિલકુમાર માળી (દિયોદર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં સામાજીક વનીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા.૩૧-૧-૨૦૧૧ સુધીમાં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તે પૈકી દિયોદર તાલુકામાં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના એટલે કે સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ દરમ્યાન તા.૩૧-૦૧-૧૧ સુધીમાં નીચેની વિગતે રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

| **વર્ષ** | **વાવેતર કરેલ વિસ્તાર (હેકટર)** | **વાવેતર કરેલ રોપાની સંખ્યા (લાખમાં)** |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૭૨૬.૦૦ | ૬.૪૦ |
| ૨૦૧૦-૧૧ | ૪૧૩.૦૦ | ૫.૦૫ |
| **કુલ :** | **૧૧૩૯.૦૦** | **૧૧.૪૫** |

(૨) તે પૈકી દીયોદર તાલુકામાં નીચેની વિગતે રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

| **વર્ષ** | **વાવેતર કરેલ વિસ્તાર (હેકટર)** | **વાવેતર કરેલ રોપાની સંખ્યા (લાખમાં)** |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૪૫.૦૦ | ૦.૪૩ |
| ૨૦૧૦-૧૧ | ૩૧.૦૦ | ૦.૩૭ |
| **કુલ :** | **૭૬.૦૦** | **૦.૮૦** |

**આણંદ જિલ્લામાં પંચવટીને મંજૂરી**

૨૨૭૮૦ **: શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર અને વર્ષવાર કેટલી પંચવટી મંજૂર કરવામાં આવી,

(૨) મંજૂર થયેલ પંચવટીમાંથી ઉક્ત સ્થિતિએ વર્ષવાર અને તાલુકાવાર કેટલી પંચવટી બનાવવામાં આવી, અને

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | મંજૂર કરેલ વર્ષ ૨૦૦૯ | પંચવટી વર્ષ ૨૦૧૦ |
|---|---|---|---|
| ૧ | આણંદ | ૯ | ૬ |
| ૨ | ઉમરેઠ | ૩ | ૨ |
| ૩ | બોરસદ | ૩ | ૧૩ |
| ૪ | આંક્લાવ | ૩ | ૯ |
| ૫ | પેટલાદ | ૫ | ૬ |
| ૬ | સોજીત્રા | ૨ | ૧ |
| ૭ | ખંભાત | ૪ | ૨ |
| ૮ | તારાપુર | ૨ | ૩ |
| | **કુલ** | **૩૧** | **૪૨** |

(૨)

| ક્રમ | તાલુકો | મંજૂર કરેલ | પંચવટી |
|---|---|---|---|
| ૧ | આણંદ | ૭ | ૬ |
| ૨ | ઉમરેઠ | ૧ | ૪ |
| ૩ | બોરસદ | ૦ | ૮ |
| ૪ | આંક્લાવ | ૦ | ૫ |
| ૫ | પેટલાદ | ૧ | ૪ |
| ૬ | સોજીત્રા | ૧ | ૧ |
| ૭ | ખંભાત | ૧ | ૪ |
| ૮ | તારાપુર | ૦ | ૩ |

| | | | |
|---|---|---|---|
| ૮ | તારાપુર | ૦ | ૩ |
| | **કુલ** | **૧૧** | **૩૫** |

(૩) આ પંચવટી બનાવવા પાછળ વર્ષવાર તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૩)

| ક્રમ | તાલુકો | મંજૂર કરેલ વર્ષ ૨૦૦૯ | પંચવટીનો કુલ ખર્ચ રૂા. વર્ષ ૨૦૧૦ |
|---|---|---|---|
| ૧ | આણંદ | ૧૦૫૦૦૦૦ | ૯૦૦૦૦૦ |
| ૨ | ઉમરેઠ | ૧૫૦૦૦૦ | ૬૦૦૦૦૦ |
| ૩ | બોરસદ | ૦ | ૧૨૦૦૦૦૦ |
| ૪ | આંક્લાવ | ૦ | ૭૫૦૦૦૦ |
| ૫ | પેટલાદ | ૧૫૦૦૦૦ | ૬૦૦૦૦૦ |
| ૬ | સોજીત્રા | ૧૫૦૦૦૦ | ૧૫૦૦૦૦ |
| ૭ | ખંભાત | ૧૫૦૦૦૦ | ૬૦૦૦૦૦ |
| ૮ | તારાપુર | ૦ | ૪૫૦૦૦૦ |
| | **કુલ** | **૧૬૫૦૦૦૦** | **૫૨૫૦૦૦૦** |

(કુલ ખર્ચમાં રૂા. ૧.૦૦ લાખ ગ્રાન્ટ + ૫૦૦૦૦/- લોકફાળાનો સમાવેશ કરેલ છે.)

### કચ્છના કોળી, વાઘરી અને પારઘી જ્ઞાતિઓને અનુસૂચિત જનજાતિનો દરજ્જો આપવા બાબત

૨૩૦૨૧ **: શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ કચ્છના કોળી, વાઘરી અને પારઘી જ્ઞાતિઓને અનુસૂચિત જનજાતિનો દરજ્જો આપવા અંગે રાજ્ય સરકારને છેલ્લાં ત્રણ વર્ષમાં કોઈ દરખાસ્તો મળી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે બાબતે કેન્દ્ર સરકારને કોઈ હકારાત્મક ભલામણ કરેલ છે કે કેમ અને જો હા, તો ક્યારે, | (૨) ના, જી. |
| (૩) જો ભલામણ ન કરી હોય તો પુનઃ વિચારણા કરીને ફરીથી કેન્દ્ર સરકારને ભલામણ કરવા માંગે છે કે કેમ ? | (૩) ના, જી. |

### ૧૫૮/page> ભરૂચ જિલ્લામાં સરદાર આવાસ મંજૂર કરવા બાબત

૨૨૯૨૮ **: શ્રી દુષ્યંતભાઈ ૨.પટેલ (ભરૂચ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં ૨૦૧૦-૨૦૧૧ના વર્ષમાં સરદાર આવાસ યોજના હેઠળ કેટલા મકાનો મંજૂર કરવામાં આવ્યા, | (૧) ૨૫૦૦ |
| (૨) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલા મકાનો બાંધવામાં આવ્યા, | (૨) ૬૫૨ |
| (૩) કેટલા મકાનો બાંધવાના બાકી છે, અને | (૩) ૧૮૪૮ પ્રગતિમાં છે. |
| (૪) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૪) સત્વરે |

### સુરેન્દ્રનગર જિલ્લામાં મોડેલ ફેરપ્રાઈસ શોપ

૨૨૯૨૬ **: શ્રીમતી વર્ષાબેન ન.દોશી (વઢવાણ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ વર્ષ ૨૦૧૦-૧૧માં પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારો પૈકી કેટલા ભંડારોને મોડેલ ફેરપ્રાઈસ શોપ તરીકે | (૧) કુલ-૬૧૫ પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારો પૈકી તા. ૧-૪-૨૦૧૦ પહેલા ૫૭૧ ભંડારને તથા તા. ૧-૪-૨૦૧૦થી તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં ૪૪ |

જાહેર કરવામાં આવ્યા,

(૨) કેટલી દુકાનો મોડેલ ફેરપ્રાઈસ શોપ તરીકે જાહેર કરવાની બાકી છે, અને

(૩) તે ક્યાં સુધીમાં જાહેર કરવામાં આવશે ?

એમ કુલ ૬૧૫ ભંડારને મોડલ ફેરપ્રાઈસ શોપ તરીકે જાહેર કરવામાં આવેલ છે.

(૨) કોઈ દુકાનને મોડેલ ફેરપ્રાઈસ શોપ તરીકે જાહેર કરવાની બાકી નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

## પાટણ જિલ્લામાં સસ્તા અનાજની દુકાનો ખોલવાની અરજીઓ

૨૨૯૨૯ **: શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાટણ જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સસ્તા અનાજની દુકાનો ખોલવા માટે કેટલી અરજીઓ આવેલ છે,

(૨) તે અન્વયે કેટલા અરજદારોને સસ્તા અનાજની દુકાનના પરવાના આપવામાં આવ્યા, અને

(૩) બાકી અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૧૨ (બાર) સસ્તા અનાજની દુકાનો ખોલવા માટે કુલ ૭૯ અરજીઓ આવેલ છે.

(૨) ૫ (પાંચ) દુકાનના પરવાના અપાતા ૩૦ અરજીઓનો નિકાલ થયો.

(૩) બાકીની ૭ (સાત) દુકાનો માટેની ૪૯ અરજીઓ દફતરે કરેલ છે.

--------

## રાજકોટ જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં કેસ

૨૨૯૯૨ **: શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ (રાજકોટ-૧) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં વર્ષ ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કુલ કેટલા કેસો દાખલ થયા હતાં,

(૨) ઉક્ત સમય દરમ્યાન કેટલા કેસોનો નિકાલ કરવામાં આવ્યો, અને

(૩) કેટલા કેસોનો નિકાલ કરવાનો બાકી છે ?

**જવાબ**

(૧)

| મુખ્ય ફોરમ | એડીશનલ ફોરમ | કુલ |
|---|---|---|
| ૧૪૩ | ૧૬૦ | ૩૦૩ |

(૨)

| | | |
|---|---|---|
| ૩૫૦ (જે પેકી ૯૮ કેસો ૨૦૧૦-૧૧માં દાખલ થયેલ કેસો પેકીના તેમજ બાકીના ૨૫૨ અન્ય વર્ષોના છે.) | ૩૪૯ (જે પેકી ૩૭ કેસો ૨૦૧૦-૧૧માં દાખલ થયેલ કેસો પેકીના તેમજ ૩૧૨ અન્ય વર્ષોના છે.) | ૬૯૯ |

(૩)

| | | |
|---|---|---|
| ૨૦૦૯ સુધીના-૧૧ | ૨૦૦૯ સુધીના-૨૪ | ૨૦૩ |
| ૨૦૧૦ના - ૪૫ | ૨૦૧૦ ના - ૧૨૩ | |
| **કુલ -૫૬** | **કુલ -૧૪૭** | |

## ખેડા જિલ્લામાં બી.પી.એલ. કુટુંબો

૨૨૯૨૩ **: શ્રી મણીભાઈ દે.પટેલ (કપડવંજ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ તાલુકાદીઠ કેટલા બી.પી.એલ. કુટુંબો નોંધાએલ છે, અને

**જવાબ**

(૧) ખેડા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ ૦ થી ૧૬ સ્કોર ધરાવતા ૬૨૭૭૩ બી.પી.એલ. કુટુંબો છે જેની તાલુકાદીઠ વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | કુટુંબોની સંખ્યા |
|---|---|---|
| ૧ | કપડવંજ | ૯૬૨૫ |
| ૨ | નડીયાદ | ૮૨૨૨ |
| ૩ | ઠાસરા | ૧૦૫૮૫ |

| | | |
|---|---|---|
| ૩ | ઠાસરા | ૧૦૫૮૫ |
| ૪ | મહુધા | ૪૩૪૭ |
| ૫ | માતર | ૫૦૪૮ |
| ૬ | મહેમદાવાદ | ૪૭૩૯ |
| ૭ | કઠલાલ | ૧૦૫૮૭ |
| ૮ | વિરપુર | ૩૧૦૦ |
| ૯ | બાલાસિનોર | ૩૭૬૮ |
| ૧૦ | ખેડા | ૨૭૫૨ |
| | **કુલ :** | ૬૨૭૭૩ |

(૨) બી.પી.એલ. કુટુંબોને આર્થિક રીતે સધ્ધર કરવા માટે કઈ કઈ યોજનાઓ અમલમાં છે ?

(૨) બી.પી.એલ. કુટુંબોને આર્થિક રીતે સધ્ધર કરવા માટે ગ્રામ વિકાસની નીચે મુજબની યોજનાઓ અમલમાં છે.

૧. સુવર્ણ જ્યંતિ ગ્રામ સ્વરોજગાર યોજના
૨. મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર યોજના
૩. મીશન મંગલમ યોજના
૪. ઈન્દિરા આવાસ યોજના

**જામનગર જિલ્લાની શાળાઓમાં ટોટલ સેનીટેશન કાર્યક્રમ હેઠળ શોચાલયો**

૨૧૭૦૪ **: શ્રી મેઘજીભાઈ કણઝારીયા (ખંભાળીયા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૦-૧૧ માં જામનગર જિલ્લામાં ટોટલ સેનીટેશન કાર્યક્રમ હેઠળ કેટલી શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે શોચાલયો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ કેટલા શોચાલયોનું કામ પૂર્ણ થયેલ છે અને કેટલા બાકી છે, અને

(૩) બાકી રહેલા કામો ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૦-૧૧ માં જામનગર જિલ્લામાં ટોટલ સેનીટેશન કાર્યક્રમ હેઠળ ૧૨૦ શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે શોચાલયો મંજૂર કરવામાં આવેલ છે.

(૨) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ ઉપરોક્ત કામગીરી પ્રગતિમાં હતી.

(૩) ૧૨૦ શાળાઓમાં વિદ્યાર્થીઓ માટેના મંજૂર કરવામાં આવેલ શોચાલયો પૈકી ૨૫ શોચાલયોની કામગીરી ફેબ્રુઆરી-૨૦૧૧ સુધીમાં પૂર્ણ થયેલ છે.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જામનગરએ જણાવ્યા મુજબ બાકી ૯૫ શાળા શોચાલયોનું કામ તેમના દ્વારા એપ્રિલ-૨૦૧૧ના અંત સુધીમાં પૂર્ણ કરવામાં આવશે.

**પંચાયત સેવાના કર્મચારીઓના આશ્રિતોને રહેમરાહે નોકરી**

૨૨૯૨૦ **: શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચાયત સેવાના સ્વર્ગસ્થ કર્મચારીઓના આશ્રિતોને રહેમરાહે નોકરી આપવા માટે તા.૩૧ ડીસેમ્બર, ૨૦૧૦ની સ્થિતિએ કટેલી અરજીઓ પડતર છે,

(૨) સને ૨૦૦૮, ૨૦૦૯ તથા ૨૦૧૦ માં કેટલા આશ્રિતોને નોકરીના હુકમો આપવામાં આવ્યા,

(૩) અરજીઓ લાંબા સમયથી પડતર રહેવાના શા કારણો છે, અને

(૪) બાકી રહેલ આશ્રિતોને ક્યાં સુધીમાં નોકરી આપવામાં આવશે ?

**જવાબ**

(૧) ૪૯૭

(૨) ૨૦૦૮ - ૩
૨૦૦૯ - ૨
૨૦૧૦ - ૫

(૩) દરખાસ્તમાં માહિતીની પૂર્તતા વિલંબથી મળવાના કારણે વિલંબ થાય છે.

(૪) સા.વ.વિ. ના તા. ૧૦-૩-૨૦૦૦ના ઠરાવની જોગવાઈઓ અનુસાર રહેમરાહે નોકરીની સુધારેલી યોજના તથા તેમાં વખતોવખત કરેલ સ્પષ્ટતાઓ ધ્યાને લઈ વિચારણા કરવામાં આવે છે.

## ભાવનગર જિલ્લામાં ગ્રાહક સુરક્ષા ફોરમને મળેલ અરજીઓ

૨૨૬૦૬ **: શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા (મહુવા) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લા ગ્રાહક તકરાર સુરક્ષા નિવારણ ફોરમની તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે, અને

(૩) ઉપરોક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે?

**જવાબ**

(૧), (૨) અને (૩)

ભાવનગર જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર મળેલ અરજીઓ તે પૈકી નિકાલ થયેલ અને ઉક્ત સ્થિતિએ પડતર અરજીઓ નીચેના **પત્રક** મુજબ છે.

**પત્રક**

| તાલુકાનું નામ | તા. ૧-૨-૨૦૧૦થી તા. ૩૧-૧-૨૦૧૧ સુધીમા નવા નોંધાયેલા કેસો | તા. ૧-૨-૨૦૧૦થી તા. ૩૧-૧-૨૦૧૧ના સમયમાં આવેલ કેસો પૈકી નિકાલ | તા. ૩૧-૧-૨૦૧૧ના રોજ કુલ પડતર કેસો |
|---|---|---|---|
| ભાવનગર શહેર | ૧૭૩ | ૮૨ | ૮૭ |
| ભાવનગર તાલુકો | ૧૨ | ૦૪ | ૧૨ |
| ઘોઘા | ૦૫ | ૦૪ | ૦૯ |
| વલ્લભીપુર | ૦૬ | ૦૬ | ૦૧ |
| સિહોર | ૨૪ | ૦૯ | ૧૫ |
| પાલીતાણા | ૦૯ | ૦૭ | ૦૪ |
| ગારીયાધાર | ૦૪ | ૦૩ | ૦૩ |
| ગઢડા | ૧૧ | ૦૮ | ૦૩ |
| બોટાદ | ૧૫ | ૦૮ | ૦૯ |
| ઉમરાળા | ૦૯ | ૦૨ | ૦૨ |
| તળાજા | ૨૩ | ૧૦ | ૧૭ |
| મહુવા | ૧૮ | ૧૦ | ૧૨ |
| કુલ : | ૩૦૯ | ૧૫૩ | ૧૭૪ |

## ગરીબ કુટુંબોને પામોલીન તેલ આપવા બાબત

૨૨૯૩૨ **: શ્રી ભરત બારોટ (દરિયાપુર-કાઝીપુર ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) આર.બી.ડી. પામોલીન તેલ ગરીબ કુટુંબોને મળી રહે તે માટે રાજ્ય સરકારે વર્ષ ૨૦૧૦-૨૦૧૧ માં તા.૩૧-૧-૧૧ સુધીમાં કેટલો જથ્થો બફર સ્ટોક કરેલ, | (૧) ૧૧૯૫૦ મે. ટન |
| (૨) તે પૈકી કેટલો જથ્થો તહેવારોમાં વિતરણ કરવામાં આવ્યો, અને | (૨) ૧૧૯૫૦ મે. ટન |
| (૩) તેમાં રાજ્ય સરકાર દ્વારા કેટલી સબસીડી આપવામાં આવી ? | (૩) રૂા. ૮.૫૫ કરોડ |

## ડાંગ જિલ્લામાં ઈકો ટુરીઝમની યોજના

૨૨૯૪૪ **: શ્રી વિજયભાઈ ર.પટેલ (ડાંગ-વાંસદા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ડાંગ જિલ્લામાં ઈકો ટુરીઝમના વિકાસ માટે ક્યા ક્યા સ્થળો પસંદ કરવામાં આવેલ છે, અને | (૧) મહાલ, દ્યાવદહાડ, જાળસોળ, કાકરદા (માયાદેવી), સાપુતારા, દેવીનામાળ, ક્લમડુંગર, વાસુર્ણા, અંજનકુંડ વગેરે સ્થળો પસંદ કરવામાં આવેલ છે. |
| (૨) વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષમાં તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ આ યોજના પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે ? | (૨) રૂપિયા ૩૨.૦૫ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. |

--------

## ઉત્તર બુનિયાદી આશ્રમશાળાના કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચનો લાભ આપવા બાબત

૨૩૦૨૪ : **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ (બારડોલી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આદિજાતિ વિભાગ હસ્તક ચાલતી ઉત્તર બુનિયાદી આશ્રમશાળાના કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચનો અમલ કરવાનો તા.૨૫-૧૦-૨૦૧૦ના રોજ ઠરાવ થયો હોવા છતાં તેનો તા.૨૮-૨-૨૦૧૧ સુધી અમલ ન કરવાના શાં કારણો છે,

(૨) ક્યાં સુધીમાં અમલ કરી છઠ્ઠા પગારપંચ પ્રમાણેનો પગાર ચૂકવવામાં આવશે, અને

(૩) બાકી એરિયર્સ ક્યાં સુધીમાં આપવામાં આવશે ?

**જવાબ**

(૧) ઠરાવના અમલીકરણ અન્વયે કાર્યવાહી ચાલુ છે.

(૨) પગાર બાંધણીની કામગીરી પૂર્ણ થયા બાદ

(૩) ઠરાવની જોગવાઈ મુજબ એરિયર્સ ચૂકવવામાં આવશે.

--------

**નવસારી જિલ્લામાં ગ્રામ પંચાયતોને બ્રોડબેન્ડ ઈ-કનેક્ટીવીટી**

: ૨૨૯૭૨ **શ્રી લક્ષ્મણભાઈ પટેલ (ગણદેવી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ માં કેટલી ગ્રામ પંચાયતોને બ્રોડબેન્ડ ઈ-ક્નેક્ટીવીટીથી જોડવામાં આવી,

(૨) કેટલી ગ્રામ પંચાયતોને બ્રોડબેન્ડ ઈ-ક્નેક્ટીવીટીથી જોડવાની બાકી છે, અને

(૩) તે ક્યાં સુધીમાં જોડવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧માં નવસારી જિલ્લામાં જે તે સમયની તમામ ૩૬૩ ગ્રામ પંચાયતોને બ્રોડબેન્ડ ઈ-ક્નેક્ટીવીટીથી જોડવામાં આવેલ છે.

(૨) નવીન અસ્તિત્વમાં આવેલ ૩ ગ્રામ પંચાયત

(૩) સત્વરે.

**દાહોદ જિલ્લામાં અંત્યોદય યોજનામાં અનાજ આપવા બાબત**

૨૨૧૧૪ : **શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અંત્યોદય યોજના હેઠળ ક્યા પ્રકારનું કેટલું અનાજ તાલુકાવાર ફાળવવામાં આવ્યું, અને

(૨) તે પૈકી ફોર્ટીફાઈડ આટો કેટલો આપવામાં આવ્યો ?

**જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અંત્યોદય યોજના હેઠળ નીચે જણાવ્યા મુજબની અનાજની ફાળવણી કરવામાં આવેલ છે.

| તાલુકાનું નામ | અંત્યોદય યોજના હેઠળ આપેલ ઘઉં (આંકડા ક્વિન્ટલમાં) | અંત્યોદય અન્ન યોજના હેઠળ ફાળવેલ ચોખા (આંકડા ક્વિન્ટલમાં) |
|---|---|---|
| દાહોદ | ૨૬૦૧૭ | ૨૨૬૮૦ |
| ગરબાડા | ૧૧૫૧૦ | ૧૦૦૫૦ |
| ઝાલોદ | ૨૫૩૭૦ | ૨૨૦૮૦ |
| ફતેપુરા | ૧૫૧૭૦ | ૧૩૨૦૦ |
| લીમખેડા | ૧૮૧૮૩ | ૧૫૮૪૦ |
| ધાનપુર | ૧૩૪૯૯ | ૧૧૭૬૦ |
| દેવગઢ બારીયા | ૧૪૭૪૩ | ૧૨૮૪૦ |
| **કુલ** | **૧૨૪૪૯૩** | **૧૦૮૪૫૦** |

(૨) તે પૈકી નીચે મુજબ ફોર્ટીફાઈડ આટો આપવામાં આવ્યો.

| તાલુકાનું નામ | અંત્યોદય યોજના હેઠળ આપેલ ફોર્ટીફાઈડ આટો (૧૮.૫ કિ.ગ્રા.ના કટામાં) |
|---|---|
| દાહોદ | ૧૪૧૬૪૬ |
| ગરબાડા | ૬૨૬૦૮ |
| ઝાલોદ | ૧૩૮૨૭૯ |
| ફતેપુરા | ૮૨૪૩૨ |
| લીમખેડા | ૯૯૧૧૯ |
| ધાનપુર | ૭૩૦૦૩ |
| દેવગઢ બારીયા | ૭૨૨૦૪ |
| **કુલ** | **૬૬૯૨૯૧** |

તા. ૧-૧-૨૦૧૦થી તા. ૩૧-૩-૨૦૧૦ સુધી આયર્ન ફોલીક એસીડ મિશ્રિત ફોર્ટીફાઈડ આટાની બેગ ૧૬.૭૦૦ કિલોગ્રામ તા. ૧-૪-૧૦ થી ૩૧-૧૦-૧૦ સુધી ૧ કિલો ડીફેટેડ સોયા મિશ્રિત ફોર્ટીફાઈડ આટાની બેગ ૧૮.૫૦૦ કિલોગ્રામ તથા તા. ૧-૧૧-૧૦ થી ૧ કિલો ડીફેટેડ સોયા મિશ્રિત ફોર્ટીફાઈડ આટાની બેગ કિલોગ્રામની બેગ વિતરણ કરવામાં આવે છે.

## કચ્છ જિલ્લામાં ભૂતિયા રેશનકાર્ડ નાબુદી

૨૨૪૯૦ **: શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં તાલુકાવાર તા.૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ભૂતિયા/ખોટા રેશનકાર્ડ નાબૂદ કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચેની વિગતે તાલુકાવાર ભૂતિયા (બોગસ) રેશનકાર્ડ નાબૂદ કરવામાં આવેલ છે.

| અ.નં. | તાલુકાનું નામ | નાબૂદ કરેલ ભૂતિયા (બોગસ) રેશનકાર્ડ |
|---|---|---|
| ૧ | ભૂજ | ૦ |
| ૨ | માંડવી | ૭૧ |
| ૩ | મુન્દ્રા | ૫૪૨ |
| ૪ | અંજાર | ૯૬૯ |
| ૫ | ગાંધીધામ | ૫૦ |
| ૬ | ભચાઉ | ૧૭૧૪ |
| ૭ | રાપર | ૦ |
| ૮ | નખત્રાણા | ૫ |
| ૯ | અબડાસા | ૩૫૩ |
| ૧૦ | લખપત | ૦ |
| | **કુલ** | **૩૭૦૪** |

(૨) નાબૂદ કરેલા રેશનકાર્ડમાં બી.પી.એલ. રેશનકાર્ડની સંખ્યા તાલુકાવાર કેટલી હતી, અને

(૨) નાબૂદ કરેલા રેશનકાર્ડમાં બી.પી.એલ. રેશનકાર્ડની સંખ્યા તાલુકાવાર નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | બી.પી.એલ. કાર્ડધારકોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ભૂજ | ૦ |
| ૨ | માંડવી | ૧૦ |
| ૩ | મુન્દ્રા | ૮૮ |
| ૪ | અંજાર | ૦ |
| ૫ | ગાંધીધામ | ૦ |
| ૬ | ભચાઉ | ૩૯૪ |
| ૭ | રાપર | ૦ |
| ૮ | નખત્રાણા | ૧ |
| ૯ | અબડાસા | ૧૦૯ |
| ૧૦ | લખપત | ૦ |
| | **કુલ** | **૬૦૨** |

(૩) નાબૂદ કરેલા એ.પી.એલ. અને બી.પી.એલ. કાર્ડ સામે કેટલા સાચા કાર્ડ ધારકોને નવા કાર્ડ આપવામાં આવ્યા ?

(૩) નાબૂદ કરેલા એ.પી.એલ. અને બી.પી.એલ. કાર્ડ સામે નવા કાર્ડ આપવાનો પ્રશ્ન નથી, રેશનકાર્ડ નવા આપવા એ સતત પ્રક્રિયા છે, છેલ્લા બે વર્ષમાં એપીએલ ૩૦૨૯૫ તથા બીપીએલ ૯૫૩ નવા કાર્ડ આપવામાં આવેલ છે.

## પંચમહાલ જિલ્લામાં નર્સરીઓમાં રોપા તેયાર કરવા બાબત

૨૨૮૭૫ **: શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર વન વિભાગ દ્વારા ક્યા પ્રકારની નર્સરીઓમાં વર્ષવાર કેટલા રોપા તેયાર કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) પંચમહાલ જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર વન વિભાગ દ્વારા નીચેની વિગતે નર્સરીઓમાં રોપાઓ તેયાર કરવામાં આવેલ છે.

(૨)

| અ.નં. | તાલુકાનું નામ | વર્ષ ૨૦૦૯-૧૦ રોપા લાખમાં | | | વર્ષ ૨૦૧૦-૧૧ રોપા લાખમાં | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ખાતાકીય | વિકેન્દ્રીયકૃત | કુલ | ખાતાકીય | વિકેન્દ્રીયકૃત | કુલ |
| ૧ | ગોધરા | ૧૨.૨૮ | ૨.૭૧ | ૧૪.૯૯ | ૧૬.૦૨ | ૨.૮૭ | ૧૮.૮૯ |
| ૨ | શહેરા | ૮.૧૮ | ૨.૯૫ | ૧૧.૧૩ | ૯.૩૭ | ૩.૩૮ | ૧૨.૭૫ |
| ૩ | લુણાવાડા | ૫.૭૬ | ૪.૧ | ૯.૮૬ | ૧૩.૪૭ | ૩.૩૬ | ૧૬.૮૩ |
| ૪ | ખાનપુર | ૯.૬૯ | ૨.૮૩ | ૧૨.૫૨ | ૭.૪ | ૩.૦૪ | ૧૦.૪૪ |
| ૫ | કાલોલ | ૪.૭૭ | ૩.૧૪ | ૭.૯૧ | ૬.૦૨ | ૧.૩૦ | ૭.૩૨ |
| ૬ | હાલોલ | ૬.૧૮ | ૨.૬૬ | ૮.૮૪ | ૧૩.૧૧ | ૦.૬૫ | ૧૩.૭૬ |
| ૭ | જાંબુઘોડા | ૧.૧૧ | ૧.૯૫ | ૩.૦૬ | ૩.૪૬ | ૦.૬૫ | ૪.૧૧ |
| ૮ | ઘોઘંબા | ૧૧.૪૬ | ૨.૭૨ | ૧૪.૧૮ | ૮.૯૧ | ૧.૧૧ | ૧૦.૦૨ |
| ૯ | મોરવા (હ) | ૪.૮૫ | ૧.૫૩ | ૬.૩૮ | ૮.૦૯ | ૦.૪૨ | ૮.૫૧ |
| ૧૦ | સંતરામપુર | ૧૩.૨૪ | ૩.૩૪ | ૧૬.૫૮ | ૧૧.૭૪ | ૦.૮૧ | ૧૨.૫૫ |
| ૧૧ | કડાણા | ૧૦.૮૦ | ૨.૭૫ | ૧૩.૫૫ | ૧૨.૮૮ | ૦.૯૬ | ૧૩.૮૪ |
| | **એકંદર કુલ** | **૮૮.૩૨** | **૩૦.૬૮** | **૧૧૯.૦૦** | **૧૧૦.૪૭** | **૧૮.૫૫** | **૧૨૯.૦૨** |

(૨) આ માટે સરકારે વર્ષવાર કેટલી ગ્રાન્ટ ફાળવી, અને

(૨) આ માટે સરકાર દ્વારા વર્ષ ૨૦૦૯-૧૦માં કુલ રૂા. ૨૬૨.૪૧ લાખ તથા વર્ષ ૨૦૧૦-૧૧ માટે કુલ રૂા. ૪૦૩.૬૩ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવી.

(૩) તે પૈકી વર્ષવાર કેટલી ગ્રાન્ટનો ખર્ચ કરવામાં આવ્યો ?

(૩) તે પૈકી વર્ષ ૨૦૦૯-૧૦માં રૂ. ૨૫૮.૩૭ લાખ તથા વર્ષ ૨૦૧૦-૧૧માં રૂ. ૩૩૯.૦૯ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

--------

**૧૬૪/page> જેતપુર-પાવી, છોટાઉદેપુર, ક્વાંટ અને નસવાડી તાલુકામાં સામૂહિક કૂવા બનાવવા બાબત**

૨૨૮૨૩ **: શ્રી મોહનસિંહ છો.રાઠવા (પાવી-જેતપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લાના જેતપુર પાવી, છોટાઉદેપુર, ક્વાંટ અને નસવાડી તાલુકાઓમાં મનરેગા યોજના હેઠળ સામુહિક કૂવા બનાવવા માટે કેટલી અરજીઓ મળી છે,

**જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લાના જેતપુર પાવી, છોટાઉદેપુર, ક્વાંટ અને નસવાડી તાલુકાઓમાં મનરેગા યોજના હેઠળ સામુહિક કૂવા બનાવવા માટે નીચે મુજબની અરજીઓ મળી છે.

| અ.નં. | તાલુકાનું નામ | મળેલ અરજીની સંખ્યા |
|---|---|---|
| ૧ | જેતપુર-પાવી | ૧૧૭૩ |
| ૨ | છોટા ઉદેપુર | ૧૦૧૭ |
| ૩ | ક્વાંટ | ૪૯૮ |
| ૪ | નસવાડી | ૩૧૨ |
| | કુલ | ૩૦૦૦ |

(૨) તે પૈકી તાલુકાવાર કેટલા કૂવા બનાવવા તાંત્રિક અને વહીવટી મંજૂરી આપવામાં આવી,

(૨) તે પૈકી કૂવા બનાવવા તાંત્રિક અને વહીવટી મંજૂરી આપવામાં આવી જેની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | વહીવટી મંજૂરી | તાંત્રિક મંજૂરી |
|---|---|---|---|
| ૧ | જેતપુર-પાવી | ૯૮૩ | ૯૮૩ |
| ૨ | છોટા ઉદેપુર | ૬૬૮ | ૬૬૮ |
| ૩ | ક્વાંટ | ૪૯૮ | ૪૯૮ |
| ૪ | નસવાડી | ૩૧૨ | ૩૧૨ |
| | કુલ | ૨૪૬૧ | ૨૪૬૧ |

(૩) તે પૈકી જેતપુર પાવી તાલુકામાં કેટલી અરજીઓને કેટલા સમયથી તાંત્રિક વહીવટી મંજૂરી આપવામાં આવી નથી, તેના કારણો શા છે, અને

(૩) તે પૈકી જેતપુરપાવી તાલુકામાં ૧૯૦ અરજીઓને તા. ૭-૭-૧૦ થી પંચાયત સિંચાઈ વિભાગ પાસે જીઓહાઈડ્રોલોજીકલ અને જીઓફીજીકલ ટેસ્ટના અભિપ્રાય સબબ પૂર્તતા અર્થે પડતરમાં હોય તાંત્રિક મંજૂરી અપાયેલ નથી.

(૪) આ મંજૂરી ક્યારે આપવામાં આવશે ?

(૪) જીઓહાઈડ્રોલોજીકલ અને જીઓફીજીકલ ટેસ્ટના અભિપ્રાય આવેથી વહીવટી મંજૂરી આપવામાં આવશે.

--------

## ભરૂચ જિલ્લામાં કેરોસીન આપવા બાબત

૨૩૦૧૫ **: શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં તા.૩૧-૧-૧૧ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર અને માસવાર કેટલો કેરોસીનનો જથ્થો ફાળવવામાં આવ્યો, અને

(૨) ભરૂચ જિલ્લામાં માસિક કેટલો જથ્થો ફાળવવાનો થાય છે તેની સામે કેટલો જથ્થો ફાળવવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) ભરૂચ જિલ્લામાં તા.૩૧-૧-૧૧ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર અને માસવાર પત્રક-એ મુજબ કેરોસીનનો જથ્થો ફાળવવામાં આવેલ છે.

(૨) ભરૂચ જિલ્લામાં માસિક ફાળવવાનો થતો જથ્થો અને તેની સામે ફાળવવામાં આવેલ જથ્થાની વિગતો નીચે મુજબ છે.

(આંકડા કિલો લીટરમાં)

| માસ | ફાળવવા પાત્ર જથ્થો | ખરેખર ફાળવેલ જથ્થો |
|---|---|---|
| ફેબ્રુ-૨૦૧૦ | ૧૮૨૧ | ૧૭૯૫ |
| માર્ચ-૨૦૧૦ | ૧૮૨૧ | ૧૭૭૮ |
| **માસ** | **ફાળવવા પાત્ર જથ્થો** | **ખરેખર ફાળવેલ જથ્થો** |
| એપ્રિલ-૨૦૧૦ | ૧૮૨૧ | ૧૭૧૮ |
| મે-૨૦૧૦ | ૧૯૦૧ | ૧૭૫૦ |
| જૂન-૨૦૧૦ | ૧૯૦૧ | ૧૭૭૩ |
| જુલાઈ-૨૦૧૦ | ૧૯૦૧ | ૧૭૭૭ |
| ઓગષ્ટ-૨૦૧૦ | ૧૯૦૧ | ૧૭૭૯ |
| સપ્ટે-૨૦૧૦ | ૧૯૦૧ | ૧૭૫૩ |
| ઓક્ટો-૨૦૧૦ | ૧૯૦૧ | ૧૭૫૪ |
| નવે-૨૦૧૦ | ૧૯૦૧ | ૧૭૬૪ |
| ડીસે-૨૦૧૦ | ૧૯૦૧ | ૧૭૬૬ |
| જાન્યુ-૨૦૧૧ | ૧૮૪૨ | ૧૭૬૫ |
| કુલ | ૨૨૫૧૩ | ૨૧૧૭૨ |

**પત્રક-એ**

(આંકડા કિલોલીટરમાં)

| અ.નં. | માસનું નામ | તાલુકાનું નામ | | | | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ભરૂચ | અંક્લેશ્વર | આમોદ | જંબુસર | વાગરા | હાંસોટ | વાલિયા | ઝગડીયા | |
| ૧ | ફેબ્રુ-૨૦૧૦ | ૪૨૯ | ૩૦૦ | ૧૪૯ | ૨૩૩ | ૧૩૯ | ૧૦૧ | ૧૮૨ | ૨૬૨ | ૧૭૯૫ |
| ૨ | માર્ચ-૨૦૧૦ | ૪૨૬ | ૨૯૬ | ૧૪૭ | ૨૩૦ | ૧૩૮ | ૧૦૧ | ૧૮૧ | ૨૫૯ | ૧૭૭૮ |
| ૩ | એપ્રિલ-૨૦૧૦ | ૪૧૨ | ૨૮૭ | ૧૪૨ | ૨૨૨ | ૧૩૩ | ૯૭ | ૧૭૪ | ૨૫૧ | ૧૭૧૮ |
| ૪ | મે-૨૦૧૦ | ૪૨૪ | ૨૯૦ | ૧૪૩ | ૨૩૯ | ૧૩૧ | ૯૧ | ૧૮૦ | ૨૫૨ | ૧૭૫૦ |
| ૫ | જૂન-૨૦૧૦ | ૪૨૮ | ૨૯૩ | ૧૪૫ | ૨૪૨ | ૧૩૪ | ૯૨ | ૧૮૩ | ૨૫૬ | ૧૭૭૩ |
| ૬ | જુલાઈ-૨૦૧૦ | ૪૨૮ | ૨૯૩ | ૧૪૬ | ૨૪૩ | ૧૩૪ | ૯૩ | ૧૮૪ | ૨૫૬ | ૧૭૭૭ |
| ૭ | ઓગષ્ટ-૨૦૧૦ | ૪૨૯ | ૨૯૪ | ૧૪૬ | ૨૪૩ | ૧૩૪ | ૯૩ | ૧૮૩ | ૨૫૭ | ૧૭૭૯ |
| ૮ | સપ્ટે-૨૦૧૦ | ૪૨૪ | ૨૯૦ | ૧૪૪ | ૨૩૯ | ૧૩૨ | ૯૧ | ૧૮૦ | ૨૫૩ | ૧૭૫૩ |
| ૯ | ઓક્ટો-૨૦૧૦ | ૪૨૫ | ૨૯૦ | ૧૪૪ | ૨૩૯ | ૧૩૨ | ૯૧ | ૧૮૦ | ૨૫૩ | ૧૭૫૪ |
| ૧૦ | નવે-૨૦૧૦ | ૪૨૬ | ૨૯૧ | ૧૪૫ | ૨૪૦ | ૧૩૩ | ૯૨ | ૧૮૨ | ૨૫૫ | ૧૭૬૪ |
| ૧૧ | ડીસે-૨૦૧૦ | ૪૨૬ | ૨૯૨ | ૧૪૫ | ૨૪૧ | ૧૩૩ | ૯૨ | ૧૮૨ | ૨૫૫ | ૧૭૬૬ |
| ૧૨ | જાન્યુ-૨૦૧૧ | ૪૦૪ | ૨૩૭ | ૧૪૨ | ૨૯૯ | ૧૨૪ | ૯૦ | ૧૬૨ | ૨૫૨ | ૧૭૧૦+૫૫-રીઝર્વ |
| | **કુલ** | **૫૦૮૧** | **૩૪૫૩** | **૧૭૩૮** | **૨૯૧૦** | **૧૫૯૭** | **૧૧૨૪** | **૨૧૫૩** | **૩૦૬૧** | **૨૧૧૧૭ +૫૫-રીઝર્વ** |

--------

## આણંદ જિલ્લામાં વોટરશેડ પ્રોજેક્ટ

૨૩૦૦૯ **: શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યાં ક્યાં તાલુકામાં વોટરશેડ પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવેલ છે,

**જવાબ**

(૧) આણંદ જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આઈડબલ્યુએમપી યોજના હેઠળ નીચે મુજબના તાલુકામાં વોટરશેડ પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવેલ છે.

| અ.નં. | તાલુકાનું નામ | પ્રોજેક્ટની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઉમરેઠ | ૨ |
| ૨ | આણંદ | ૪ |
| ૩ | આંકલાવ | ૨ |
| ૪ | બોરસદ | ૨ |
| | કુલ | ૧૦ |

(૨) તે પેકી છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા

(૨) તે પેકી છેલ્લા બે વર્ષમાં ૩૭ કામો હાથ

કામો હાથ ધરવામાં આવ્યા, અને

ધરવામાં આવ્યા જેની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | પ્રોજેક્ટના કામોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઉમરેઠ | ૧૩ |
| ૨ | આણંદ | ૬ |
| ૩ | આંકલાવ | ૧૮ |
| | કુલ | ૩૭ |

(૩) સદર પ્રોજેક્ટો માટે છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર અને રાજ્ય સરકાર તરફથી કેટલી ગ્રાન્ટ મળી ?

(૩) સદર પ્રોજેક્ટો માટે છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર સરકાર તરફથી રૂ.૨૭૯.૨૨ લાખ અને રાજ્ય સરકાર તરફથી રૂ. ૧૫.૫૧ લાખ ગ્રાન્ટ મળીને કુલ રૂ. ૨૯૪.૭૩ લાખ ગ્રાન્ટ મળેલ છે.

**અમરેલી જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં પડતર કેસ**

૨૨૮૫૩ **: શ્રી હીરાભાઈ સોલંકી (રાજુલા) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કુલ કેટલા કેસો પડતર હતાં,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલા નવા કેસો રજુ થયા, અને

(૩) કુલ કેટલા કેસોનો નિકાલ થયો ?

**જવાબ**

(૧) ૧૦૬ કેસો.

(૨) ૨૬૧ કેસો.

(૩) કુલ ૩૩૪ કેસોનો નિકાલ થયેલ છે જે પૈકી ૧૫૬ કેસ વર્ષ ૨૦૧૦ માં દાખલ થયેલા ૨૬૧ કેસો પૈકીના છે.

**ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકામાં બિસ્માર પંચાયત ઘર**

૨૨૦૯૬ **: શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકાના ગામોમાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કેટલી ગ્રામ્ય પંચાયતોના પંચાયત ઘર બિસ્માર હાલતમાં છે,

(૨) ઉક્ત ગ્રામ પંચાયતોમાં ક્યા-ક્યા ગામોમાં નવી ગ્રામ પંચાયતોને પોતાના પંચાયત ઘર બનાવવા માટે મંજૂરી આપવામાં આવી તથા કેટલી ગ્રામ પંચાયતોને મરામત કરવામાં આવી, અને

(૩) બાકી રહેલ પંચાયત ઘરોની મરામત કામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૩૯ (ઓગણચાલીસ)

(૨) **ધંધુકા તાલુકાની - ૩ (ત્રણ)**
૧. સરસલાપર, ૨. ફેદરા, ૩. ભાણગઢ
**બરવાળા તાલુકાની - ૨ (બે)**
૧. હેબતપુર, ૨. વહીયા
**રાણપુર તાલુકાની - ૨ (બે)**
૧. ખોખરનેશ, ૨. રાજપરા
મળી કુલ-૦૭ ને મંજુરી આપવામાં આવી.

પંચાયત ઘરોને મરામત કરવા અંગેની કોઈ યોજના નથી.

(૩) બાકી રહેલ ૩૨ (બત્રીસ) જર્જરીત પંચાયત ઘરોને સ્થાને ભારત નિર્માણ રાજીવ ગાંધી સેવા કેન્દ્ર યોજના હેઠળ નવા પંચાયત ઘર બનાવવાનું આયોજન છે.

--------

**સાબરકાંઠા જિલ્લામાં સરદાર આવાસ યોજના**

૨૩૦૨૦ **: ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ માં તાલુકાવાર સરદાર આવાસ માટે કેટલી અરજીઓ આવી,

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | વર્ષ ૨૦૧૦-૧૧ માં મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | હિંમતનગર | ૧૩૩ |
| ૨ | પ્રાંતિજ | ૫ |
| ૩ | તલોદ | ૦ |
| ૪ | મોડાસા | ૦ |
| ૫ | બાયડ | ૪૭ |
| ૬ | મેઘરજ | ૦ |
| ૭ | માલપુર | ૨૬ |

| | | |
|---|---|---|
| ૭ | માલપુર | ૨૬ |
| ૮ | ધનસુરા | ૦ |
| ૯ | ઈડર | ૧૫૧ |
| ૧૦ | વડાલી | ૪૪ |
| ૧૧ | ખેડબ્રહ્મા | ૧૨૨ |
| ૧૨ | વિજયનગર | ૩૨ |
| ૧૩ | ભિલોડા | ૮૫ |
| | કુલ | ૬૪૫ |

(૨) તે પેકી કેટલી મંજૂર કરી અને કેટલી બાકી છે, અને

(૨)

| ક્રમ | તાલુકો | મંજૂર કરેલ અરજીઓ | બાકી અરજીઓ |
|---|---|---|---|
| ૧ | હિંમતનગર | ૧૩૩ | ૦ |
| ૨ | પ્રાંતિજ | ૫ | ૦ |
| ૩ | તલોદ | ૦ | ૦ |
| ૪ | મોડાસા | ૦ | ૦ |
| ક્રમ | તાલુકો | મંજૂર કરેલ અરજીઓ | બાકી અરજીઓ |
| ૫ | બાયડ | ૪૭ | ૦ |
| ૬ | મેઘરજ | ૦ | ૦ |
| ૭ | માલપુર | ૨૬ | ૦ |
| ૮ | ધનસુરા | ૦ | ૦ |
| ૯ | ઈડર | ૧૫૧ | ૦ |
| ૧૦ | વડાલી | ૪૪ | ૦ |
| ૧૧ | ખેડબ્રહ્મા | ૧૨૨ | ૦ |
| ૧૨ | વિજયનગર | ૩૨ | ૦ |
| ૧૩ | ભિલોડા | ૮૫ | ૦ |
| | કુલ | ૬૪૫ | ૦ |

(૩)બાકીની અરજીઓ ક્યારે મંજૂર કરવામાં આવશે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

## વલસાડ અને નવસારી જિલ્લામાં ઇ-ગ્રામ યોજના

૨૩૦૧૭ **: શ્રી છનાભાઈ ચૌધરી (ધરમપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ અને નવસારી જિલ્લામાં તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ કેટલી ગ્રામ પંચાયતોમાં ઇ-ગ્રામ યોજનાની સીસ્ટમ લગાવવામાં આવી છે અને તે કાર્યરત છે, અને

(૨) તે અન્વયે કેટલી ગ્રામ પંચાયતોમાં આ સીસ્ટમ લગાવવાની બાકી છે અને કેટલા સમયમાં તે પૂર્ણ થશે ?

**જવાબ**

(૧) વલસાડ અને નવસારી જિલ્લામાં તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ વલસાડ જિલ્લાની જે તે સમયની તમામ ૩૩૯ ગ્રામ પંચાયતોમાં અને નવસારી જિલ્લાની તમામ ૩૬૬ ગ્રામ પંચાયતોમાં ઈ-ગ્રામ યોજનાની સીસ્ટમ લગાવવામાં આવેલ છે અને જે તમામ કાર્યરત છે.

(૨) વલસાડ જિલ્લામાં ૭ નવરચિત ગ્રામ પંચાયતોમાં જરૂરી હાર્ડવેર અને ક્નેક્ટીવીટીની સીસ્ટમ લગાવવાની બાકી છે અને નવસારી જિલ્લામાં ૩ નવરચિત ગ્રામ પંચાયતોમાં માત્ર ક્નેક્ટીવીટીની સીસ્ટમ લગાવવાની બાકી છે.

આ બાકી સીસ્ટમ સત્વરે લગાવવાની કાર્યવાહી ગતિમાં છે.

## બનાસકાંઠા જિલ્લામાં સસ્તા અનાજની દુકાનો શરૂ કરવા બાબત

૨૨૮૬૬ **: શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી નવિન સસ્તા અનાજની દુકાનો શરૂ કરવામાં આવેલ,

(૨) તેમાંથી કેટલી દુકાનો વિભાજન કરી નવિન શરૂ કરવામાં આવેલ,

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ત્રણ વર્ષમાં નીચેની વિગતે નવિન સસ્તા અનાજની દુકાનો શરૂ કરવામાં આવેલ છે.

| ૨૦૦૮ | ૨૦૦૯ | ૨૦૧૦ | કુલ દુકાનો |
|---|---|---|---|
| ૧૨ | ૮ | ૮૧ | ૧૦૧ |

(૨) તેમાંથી નીચેની વિગતે દુકાનો વિભાજન કરી નવિન શરૂ કરવામાં આવેલ છે.

| ૨૦૦૮ | ૨૦૦૯ | ૨૦૧૦ | કુલ દુકાનો |
|---|---|---|---|
| ૯ | ૪ | ૬૪ | ૭૭ |

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી નવિન સસ્તા અનાજની દુકાનો શરૂ કરવાની થાય છે, અને

(૪) તેમાં જિલ્લાના ક્યા ક્યા તાલુકાઓની છે ?

(૩) ૧૧

(૪) દાંતા-૫, કાંકરેજ-૩, દિયોદર-૩ મળી કુલ-૧૧.

--------

**બોરીબંધ માટે થેલીઓની ખરીદીમાં ગેરરીતિ**

૨૨૧૧૮ **: શ્રી ધીરસિંહ બારડ (કોડીનાર) : માનનીય ગ્રામવિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને-૨૦૦૯-૧૦ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ બોરીબંધ માટે અમદાવાદ જિલ્લામાં રૂા.૨.૫૦, રાજકોટ જિલ્લામાં રૂા.૨.૫૦, અમરેલી જિલ્લામાં રૂા.૨.૭૫ અને જૂનાગઢ જિલ્લામાં રૂા.૩.૪૦ના ભાવથી થેલીઓ ખરીદાયેલ છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો જુનાગઢ જિલ્લામાં ઉંચા ભાવે થેલીઓ ખરીદી થયેલા ભ્રષ્ટાચારની તપાસ સરકાર કરાવવા માગે છે કે કેમ, અને

(૩) જો હા, તો તેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ભ્રષ્ટાચાર થયેલ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) જૂનાગઢ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા દૈનિક પત્રોમાં બહોળી પ્રસિધ્ધિ અર્થે જાહેરાત આપી, નાણાકીય સત્તા નિયમ-૧૯૯૮ અંતર્ગત મંગાવેલ ભાવો પૈકી સોથી નીચા ભાવે ખરીદી થયેલ હોય ભ્રષ્ટાચારનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**કલોલ તાલુકામાં તલાટીઓની ઘટ**

૨૨૦૦૧ **: શ્રી સુરેશકુમાર ચ. પટેલ (કલોલ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કલોલ તાલુકામાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ મહેકમ પ્રમાણે કેટલા તલાટી કમ-મંત્રી જોઇએ તે પુરતા પ્રમાણમાં છે કે કેમ, અને

(૨) જો ના, તો તલાટીઓની ઘટ ક્યારે પૂરી કરાશે ?

**જવાબ**

(૧) કલોલ તાલુકામાં નિયત થયેલ સેજાના તલાટી કમ-મંત્રીઓની તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ મંજૂર થયેલ સંખ્યા ૫૮ સામે ૩૯ જગ્યા ભરાયેલ છે.

(૨) સત્વરે.

--------

**આણંદ જિલ્લામાં લાકડાં વહેરવાની ""સો"" મીલના લાયસન્સ**

૨૨૭૮૨ **: શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આણંદ જિલ્લામાં લાકડા વહેરવા માટેની સો મીલના કેટલા લાયસન્સ પ્રતિ વર્ષ નવા અપાયા છે કે જુના લાયસન્સ રીન્યુ કરવામાં આવ્યા છે,

(૨) નવા લાયસન્સ અપાયા હોય તો કેટલી સો મીલની મંજૂરી અપાઇ અને મંજૂરી સામે કેટલી રકમ વર્ષવાર તથા તાલુકાવાર વસુલ કરવામાં આવી, અને

(૩) જુના લાયસન્સ રીન્યુ કરવા કે બંધ પડેલ સો મીલ ચાલુ કરવા કેટલી સો મીલ પાસેથી પ્રતિ વર્ષ અને તાલુકાવાર કેટલી રકમ વસુલ કરવામાં આવી ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કોઈ નવા લાયસન્સ આપવામાં આવ્યા નથી. સને ૨૦૦૮માં ૪૨૬, ૨૦૦૯માં ૨૫૮ અને ૨૦૧૦માં ૨૬૨ જુના લાયસન્સ રીન્યુ કરવામાં આવેલ છે.

(૨) નવા લાયસન્સ અપાયા ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) વસુલાતની વિગતો નીચે મુજબ છે.

**સને-૨૦૦૮**

| અ.નં. | તાલુકાનું નામ | રીન્યુ કરેલ | વસુલ કરેલ રકમ |
|---|---|---|---|
| ૧ | આણંદ | ૧૪૪ | ૨,૨૭,૬૦૦ |
| ૨ | ઉમરેઠ | ૮૪ | ૬,૭૨,૦૦૦ |
| ૩ | બોરસદ | ૫૫ | ૮૪,૦૦૦ |
| ૪ | આંકલાવ | ૮ | ૧૨,૮૦૦ |
| ૫ | પેટલાદ | ૮૩ | ૫,૮૧,૫૦૦ |
| ૬ | ખંભાત | ૩૦ | ૪૫,૦૦૦ |
| ૭ | તારાપુર | ૧૦ | ૧૮,૦૦૦ |
| ૮ | સોજીત્રા | ૧૨ | ૯૦,૦૦૦ |
| | **કુલ** | ૪૨૬ | **૧૭,૩૦,૯૦૦** |

**સને-૨૦૦૯**

| અ.નં. | તાલુકાનું નામ | રીન્યુ કરેલ | વસુલ કરેલ રકમ |
|---|---|---|---|
| ૧ | આણંદ | ૧૪૩ | ૨,૨૬,૧૦૦ |
| ૨ | ઉમરેઠ | ૧ | ૧,૫૦૦ |
| ૩ | બોરસદ | ૫૭ | ૮૮,૫૦૦ |
| ૪ | આંકલાવ | ૮ | ૧૭,૩૦૦ |
| ૫ | પેટલાદ | ૧૧ | ૨૫,૪૭૫ |
| ૬ | ખંભાત | ૨૮ | ૪૨,૦૦૦ |
| ૭ | તારાપુર | ૧૦ | ૧૮,૦૦૦ |
| ૮ | સોજીત્રા | -- | -- |
| | કુલ | ૨૫૮ | ૪,૧૮,૮૭૫ |

**સને-૨૦૧૦**

| અ.નં. | તાલુકાનું નામ | રીન્યુ કરેલ | વસુલ કરેલ રકમ |
|---|---|---|---|
| ૧ | આણંદ | ૧૪૭ | ૩,૮૪,૦૦૦ |
| ૨ | ઉમરેઠ | ૨ | ૧,૫૩,૦૦૦ |
| ૩ | બોરસદ | ૫૬ | ૮૭,૦૦૦ |
| ૪ | આંકલાવ | ૮ | ૧૨,૦૦૦ |
| ૫ | પેટલાદ | ૧૩ | ૩૩,૦૦૦ |
| ૬ | ખંભાત | ૨૬ | ૩૯,૦૦૦ |
| ૭ | તારાપુર | ૧૦ | ૧૮,૦૦૦ |
| ૮ | સોજીત્રા | -- | -- |
| | કુલ | ૨૬૨ | ૭,૨૬,૦૦૦ |

## જૂનાગઢ, જામનગર અને પોરબંદર જિલ્લામાં માલધારીઓને આદિવાસી કાર્ડ આપવા બાબત

૨૩૦૨૨ : **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૧૧ ની સ્થિતિએ જૂનાગઢ, પોરબંદર અને જામનગર જિલ્લામાં ગીર, બરડા અને આલેચના માલધારીઓને આદિવાસી કાર્ડ આપવા માટેની કેટલી અરજીઓ પડતર છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જિલ્લાવાર કેટલી અરજીઓ પર કાર્યવાહી કરવામાં આવી,

(૩) કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,

(૪) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને

(૫) બાકી રહેલી અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) આદિવાસી કાર્ડ આપવાની જોગવાઈ નથી. પરંતુ અનુ.જનજાતિના પ્રમાણપત્ર આપવામાં આવે છે. જેની માહિતી નીચે મુજબ છે.

| અ.નં. | જિલ્લો | પડતર અરજીઓ |
|---|---|---|
| (૧) | જામનગર | ૧૨૭ |
| (૨) | જૂનાગઢ | ૫૨૧ |
| (૩) | પોરબંદર | ૧૩૩૦ |

(૨) ૧૮૧૯૭ અરજીઓ પર કાર્યવાહી કરવામાં આવી.

| ક્રમ | વર્ષ | જામનગર | જૂનાગઢ | પોરબંદર |
|---|---|---|---|---|
| (૧) | ૨૦૦૮-૦૯ | ૪૩૧૬ | ૩૪૨૧ | ૩૫૭૯ |
| (૨) | ૨૦૦૯-૧૦ | ૩૪૨૩ | ૩૪૧૬ | ૪૧૮૬ |
| (૩) | ૨૦૧૦-૧૧ | ૧૯૬૮ | ૨૧૭૪ | ૪૧૯૨ |

(૩) ૧૧૯૫૦

(૪) ૧૬૭૪૭

(૫) ટૂંક સમયમાં.

--------

## ભરૂચ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના

૨૨૯૪૭ : **શ્રી દુષ્યંતભાઈ ર.પટેલ (ભરૂચ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ-૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા.૩૧-૧-૨૦૧૧ સુધીમાં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) ભરૂચ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના એટલે કે સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા.૩૧-૧-૨૦૧૧ સુધીમાં નીચેની વિગતે રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેકટર) | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૫૫૪ | ૪.૯૬ |
| ૨૦૧૦-૧૧ | ૨૨૪ | ૨.૭૩ |
| કુલ | ૭૭૮ | ૭.૬૯ |

(૨) તે પૈકી ભરૂચ તાલુકામાં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે ?

(૨) તે પૈકી ભરૂચ તાલુકામાં નીચેની વિગતે રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૧૧૮ | ૧.૧૧ |
| ૨૦૧૦-૧૧ | ૪૭ | ૦.૫૭ |
| **કુલ** | **૧૬૫** | **૧.૬૮** |

--------

## સુરેન્દ્રનગર જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના

૨૨૯૬૦ : **શ્રીમતી વર્ષાબેન ન.દોશી (વઢવાણ)** : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ-૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા.૩૧-૧-૧૧ સુધીમાં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તે પૈકી લખતર તાલુકામાં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના એટલે કે સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા.૩૧-૧-૨૦૧૧ સુધીમાં નીચેની વિગતે રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૪૧૧ | ૩.૭૦ |
| ૨૦૧૦-૧૧ | ૨૮૯ | ૩.૪૯ |
| **કુલ** | **૭૦૦** | **૭.૧૯** |

(૨) તે પૈકી લખતર તાલુકામાં નીચેની વિગતે રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૩૭ | ૦.૩૩ |
| ૨૦૧૦-૧૧ | ૧૮ | ૦.૨૨ |
| **કુલ** | **૫૫** | **૦.૫૫** |

--------

## પાટણ જિલ્લાની શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે ટોટલ સેનીટેશન કાર્યક્રમ હેઠળ શોચાલયો

૨૨૯૬૩ : **શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર)** : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાટણ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં ટોટલ સેનીટેશન કાર્યક્રમ હેઠળ કેટલી શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે શોચાલયો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી તારીખ ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ કેટલા શોચાલયોનું કામ પૂર્ણ થયેલ છે અને કેટલા બાકી છે, અને

(૩) બાકીનાનું કામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ટોટલ સેનીટેશન કાર્યક્રમ હેઠળ પાટણ જિલ્લાના મંજૂર થયેલ ટી.એસ.સી. પ્રોજેક્ટ મુજબ કુલ ૭૬૦ શાળા શોચાલય મંજૂર થયેલ છે.

(૨) ટોટલ સેનીટેશન પ્રોજેક્ટ હેઠળ મંજૂર થયેલ તમામ ૭૬૦ શોચાલયોની કામગીરી વર્ષ ૨૦૦૯-૧૦ માં પૂર્ણ કરેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

## ખેડા અને આણંદ જિલ્લામાં પંચાયત વિભાગના તલાટીઓનું મહેકમ

૨૨૯૨૪ : **શ્રી મણીભાઈ દે.પટેલ (કપડવંજ)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા અને આણંદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ પંચાયત વિભાગના તલાટીઓનું મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) જિલ્લાવાર તાલુકાદીઠ કેટલી જગ્યાઓ ખાલી છે, અને

**જવાબ**

(૧) ખેડા-૪૧૭
આણંદ-૩૮૨

(૩) જિલ્લાવાર તાલુકાદીઠ નીચે મુજબ જગ્યાઓ ખાલી છે.

| ખેડા જિલ્લો | | | આણંદ જિલ્લો | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | તાલુકાનું નામ | ખાલી જ્ગ્યા | ક્રમ | તાલુકાનું નામ | ખાલી જ્ગ્યા |
| ૧ | નડીઆદ | ૨૫ | ૧ | આણંદ | ૨૩ |
| ૨ | મહુધા | ૧૪ | ૨ | ઉમરેઠ | ૮ |
| ૩ | મહેમદાવાદ | ૧૫ | ૩ | બોરસદ | ૧૯ |
| ૪ | ખેડા | ૧૩ | ૪ | આંકલાવ | ૯ |
| ૫ | માતર | ૨૦ | ૫ | પેટલાદ | ૧૮ |
| ૬ | કપડવંજ | ૨૯ | ૬ | સોજીત્રા | ૧૦ |
| ૭ | કઠલાલ | ૧૬ | ૭ | ખંભાત | ૨૫ |
| ૮ | બાલાસિનોર | ૧૦ | ૮ | તારાપુર | ૧૦ |
| ૯ | વીરપુર | ૭ | | કુલ | ૧૨૨ |
| ૧૦ | ઠાસરા | ૩૨ | | | |
| | કુલ | ૧૮૧ | | | |

(૩) કેટલા સમયમાં ભરવામાં આવશે ?

(૩) સત્વરે.

## માંડવી તાલુકાના પીપલવાડા ગામે દિપડાઓ માટે અભ્યારણ્ય

૨૩૦૨૫ : **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ (બારડોલી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લાના માંડવી તાલુકાના પીપલવાડા ગામે દિપડાઓ માટે અભયારણ્ય બનાવવાની કામગીરી તા. ૨૮-૨-૧૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૨) આ કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) સુરત જિલ્લાના માંડવી તાલુકાના પીપલવાડા ગામે દીપડાઓ માટે અભયારણ્ય બનાવવાનું હાલમાં કોઈ આયોજન નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## દાહોદ જિલ્લામાં મહિલા જૂથોની રચના

૨૨૧૧૫ : **શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં મહિલા સશક્તિકરણ કાર્યક્રમ અન્વયે કેટલા મહિલા જુથોની રચના થઈ, અને

(૨) તે પૈકી કેટલા મહિલા જુથોને ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમનું ધિરાણ કરેલ છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં કુલ ૧૦૩૧૫ મહિલા જૂથોની રચના થયેલ છે.

**મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) : (૧૯-૨-૨૦૧૧)

(૧) ના. જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**<#SB જૂનાગઢ જિલ્લામાં આયોજન મંડળ દ્વારા ફાળવેલ ગ્રાન્ટ**

અતારાંક્તિ :- ૪૧૬૦ (૨૦-૧-૨૦૧૧) **શ્રી ધીરસિંહ ક.બારડ (કોડીનાર) : મુખ્યમંત્રીશ્રી** (આયોજન) જણાવવા કૃપા કરશે કે -

(૧) જૂનાગઢ જિલ્લામાં આયોજન મંડળ દ્વારા તાલુકાવાર છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,
(૨) આ ગ્રાન્ટની ફાળવણીમાંથી કેટલી ગ્રાન્ટ વાપરવામાં આવી અને કેટલી વણવપરાયેલ રહેલ છે, અને
(૩) આ ગ્રાન્ટ વણવપરાયેલ રહેવાના કારણો શાં છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (આયોજન)

(૧) અને (૨) જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા ત્રણ વર્ષમાં આયોજન મંડળ દ્વારા ફાળવવામાં આવેલ ગ્રાન્ટ અને વાપરવામાં આવેલ ગ્રાન્ટ અને વણવપરાયેલ રહેલ ગ્રાન્ટ અંગેની વિગતો સામેલ પત્રક મુજબ છે.

(૩) કામો પ્રગતિ હેઠળ હોવાના કારણે

(` લાખમાં)

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૦૮-૦૯ | | | વર્ષ ૨૦૦૯-૧૦ | | | વર્ષ ૨૦૧૦-૧૧ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ફાળવેલ ગ્રાન્ટ | વાપરવામાં આવેલ ગ્રાન્ટ | વણ-વપરાયેલ ગ્રાન્ટ | ફાળવેલ ગ્રાન્ટ | વાપરવામાં આવેલ ગ્રાન્ટ | વણ-વપરાયેલ ગ્રાન્ટ | ફાળવેલ ગ્રાન્ટ | વાપરવામાં આવેલ ગ્રાન્ટ | વણ-વપરાયેલ ગ્રાન્ટ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧ | ઉના | ૩૩.૧૭ | ૩૦.૧૮ | ૨.૯૯ | ૪૧.૬૩ | ૨૮.૦૯ | ૧૩.૫૪ | ૧૧૪.૭૪ | ૦.૮૦ | ૧૧૩.૯૪ |
| ૨ | કેશોદ | ૩૧.૮૬ | ૩૧.૮૬ | ૦.૦૦ | ૩૮.૪૭ | ૩૨.૧૩ | ૬.૩૪ | ૯૫.૦૯ | ૨૮.૮૯ | ૬૬.૨૦ |
| ૩ | જુનાગઢ | ૨૨.૭૫ | ૨૨.૭૫ | ૦.૦૦ | ૨૫.૬૧ | ૨૩.૦૮ | ૨.૫૩ | ૯૦.૦૦ | ૫૧.૯૦ | ૩૮.૧૦ |
| ૪ | તાલાલા | ૨૫.૨૫ | ૨૩.૫૬ | ૧.૬૯ | ૨૭.૬૬ | ૨૨.૪૫ | ૫.૪૧ | ૯૧.૯૦ | ૩૧.૨૭ | ૬૦.૬૩ |
| ૫ | ભેંસાણ | ૧૫.૧૧ | ૧૫.૦૨ | ૦.૦૯ | ૧૬.૩૨ | ૩.૮૨ | ૧૨.૫૦ | ૭૫.૭૭ | ૩.૬૦ | ૭૨.૧૭ |
| ૬ | માણાવદર | ૨૩.૭૦ | ૨૩.૩૮ | ૦.૩૨ | ૨૬.૮૫ | ૨૪.૮૯ | ૧.૯૬ | ૯૦.૪૫ | ૧૮.૭૩ | ૭૧.૭૨ |
| ૭ | માળીયા | ૨૫.૨૨ | ૨૫.૨૨ | ૦.૦૦ | ૨૫.૪૯ | ૫.૪૩ | ૨૦.૦૬ | ૯૨.૧૪ | ૦.૦૦ | ૯૨.૧૪ |
| ૮ | માંગરોલ | ૩૩.૫૩ | ૩૩.૫૩ | ૦.૦૦ | ૩૭.૮૩ | ૩૫.૭૨ | ૨.૧૧ | ૯૬.૩૭ | ૭૦.૭૩ | ૨૫.૬૪ |
| ૯ | મેંદરડા | ૧૨.૮૦ | ૧૨.૭૨ | ૦.૦૮ | ૧૮.૭૯ | ૧૮.૭૯ | ૦.૦૦ | ૭૬.૫૮ | ૪૪.૦૮ | ૩૨.૫૦ |
| ૧૦ | વિસાવદર | ૨૭.૩૧ | ૨૭.૩૧ | ૦.૦૦ | ૨૮.૯૮ | ૧૮.૮૪ | ૧૦.૧૪ | ૯૭.૧૩ | ૧૨.૧૧ | ૮૫.૦૨ |
| ૧૧ | સુત્રાપાડા | ૧૩.૬૬ | ૧૩.૬૬ | ૦.૦૦ | ૧૪.૮૩ | ૧૩.૯૨ | ૦.૯૧ | ૬૭.૫૫ | ૨.૭૩ | ૬૪.૮૨ |
| ૧૨ | વેરાવળ | ૧૬.૫૮ | ૧૬.૫૮ | ૦.૦૦ | ૧૮.૦૧ | ૧૮.૦૧ | ૦.૦૦ | ૮૪.૨૨ | ૧૪.૦૧ | ૭૦.૨૧ |
| ૧૩ | વંથલી | ૧૨.૧૪ | ૧૨.૧૪ | ૦.૦૦ | ૧૩.૧૫ | ૮.૫૯ | ૪.૫૬ | ૭૬.૮૫ | ૧૬.૧૬ | ૬૦.૬૯ |
| ૧૪ | કોડીનાર | ૩૧.૫૦ | ૩૧.૫૦ | ૦.૦૦ | ૩૭.૩૨ | ૩૪.૧૨ | ૩.૨૦ | ૬૦.૪૫ | ૦.૦૦ | ૬૦.૪૫ |
| | કુલ | ૩૨૪.૫૮ | ૩૧૯.૪૧ | ૫.૧૭ | ૩૭૦.૯૪ | ૨૮૭.૬૮ | ૮૩.૨૬ | ૧૨૦૯.૨૪ | ૨૯૫.૦૧ | ૯૧૪.૨૩ |

**દાહોદ જિલ્લામાં ખેડૂત સહકારી મંડળીના ખેડૂતોના લોન દેવા માફ કરવા બાબત**

અતારાંક્તિ : ૪૦૪૩ (૨૪-૦૧-૨૦૧૧) **શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૦-૯-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર ખેડૂતોની સહકારી મંડળીના કેટલા ખેડૂતોના લોન દેવા માફ કરવામાં આવ્યા,

(૨) કેટલા ખેડૂતોના દેવા માફ થયા નથી, અને

(૩) તેના કારણો શાં છે ?

**સહકાર મંત્રીશ્રી** (૨૨-૨-૧૧)

(૧) શૂન્ય
(૨) કટ ઓફ ડેટના માફીપાત્ર દેવાની રકમ માફ થયેલ છે.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**પશુધનની ગણતરી કરવા બાબત**

**અતારાંક્તિ - ૪૨૦૮ (૨૪-૧-૨૦૧૧) શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશો કે :-

(૧) રાજ્યમાં સન ૨૦૦૭ની પશુધન વસ્તી ગણતરીમાં ક્યા ક્યા પ્રાણીનો કેટલો ઘટાડો નોંધાયો,
(૨) આ ઘટાડો થવાના શા કારણો છે,
(૩) ઘટાડો માટે કોણ જવાબદાર છે, અને
(૪) ઘટાડાની ગંભીરતા ધ્યાને લઈ ઉચ્ચકક્ષાએ કોઈ વિચારણા હાથ ધરી છે કે કેમ અને તેની શી વિગતો છે ?

**પશુપાલન મંત્રીશ્રી** (તા. ૧૮-૨-૨૦૧૧)

(૧) રાજ્યમાં સન ૨૦૦૭ની પશુધન વસ્તી ગણતરીમાં નીચે દર્શાવ્યા મુજબના પ્રાણીઓમાં ઘટાડો નોંધાયેલ છે.

| ક્રમાંક | વર્ગ | ૨૦૦૩ની ગણતરી | ૨૦૦૭ની ગણતરી (કામ ચલાઉ) | ઘટાડો |
|---|---|---|---|---|
| ૧ | ઘેંટા | ૨૦,૬૧,૭૫૨ | ૨૦,૦૧,૫૬૪ | ૬૦,૧૮૮ |
| ૨ | ઘોડા અને ટટ્ટુ | ૧૮,૧૦૯ | ૧૪,૦૦૩ | ૪,૧૦૬ |
| ૩ | ખચ્ચર | ૮૮૫ | ૨૨ | ૮૬૩ |
| ૪ | ગધેડા | ૬૫,૦૫૯ | ૫૦,૧૭૬ | ૧૪,૮૮૩ |
| ૫ | ઉંટ | ૫૩,૨૪૬ | ૩૮,૪૫૪ | ૧૪,૭૯૨ |
| ૬ | સસલાં | ૧૬,૭૫૩ | ૯,૧૦૮ | ૭,૬૪૫ |

(૨) આ ઘટાડો થવાના પશુ વર્ગવાર કારણો નીચે મુજબ છે.

**(૧) ઘેંટા**

❖ ચરિયાણની જમીનમાં ઘટાડો થવાથી
❖ આંતરરાષ્ટ્રીય સ્તરે ગરમ વસ્ત્રોની બનાવટ માટે ઉનના બદલે સિંથેટીક ફાયબરનો મોટા પાયે ઉપયોગ થવાથી.

**(૨) ઘોડા**

❖ અગાઉ પરિવહન તથા ભારવહન માટે મુખ્યત્વે ઘોડાઓનો ઉપયોગ થતો હતો. જેનું સ્થાન આજના યાંત્રીક યુગમાં યાંત્રીક વાહનોએ લીધું છે.

**(૩) ખચ્ચર (૪) ગધેડા (૫) ઉંટ :-**

❖ અગાઉ ભૂ ભોગોલિક પરિસ્થિતી પ્રમાણે વિસ્તારવાર ભારવહન માટે આ પશુઓનો ઉપયોગ થતો હતો, જેનું સ્થાન આજના યાંત્રિક યુગમાં યાંત્રિક વાહનો જેવા કે, પેડલરીક્ષા, લોડીંગ રીક્ષા, ટેમ્પો, ટ્રેક્ટર અને ટ્રક જેવા સાધનોએ લીધેલ છે.

**(૬) સસલાં :-**

સસલાં પાલનનો આવકનો મુખ્ય સ્રોત સસલાંનું માંસ માટે વેચાણ છે. પરંતુ રાજ્યમાં સસલાંના માંસ માટે સંગઠિત બજાર નથી.

(૩) ઘટાડો થવાના મુખ્ય પરિબળો :-

❖ રસ્તાઓની આંતરમાળખાકીય સવલતો તથા વાહન વ્યવહાર ક્ષેત્રે આવેલુ આમુલ પરિવર્તન
❖ પાકા રસ્તાઓની વધતી સુવિધાઓ
❖ યાંત્રિક વાહનોની વધેલ ઉપલબ્ધી.
❖ ઝડપથી અને ઓછા સમયમાં પરિવહન/ભારવહન કરવા માટે લોકોની માનસિક્તા.
ઉન કરતા સીન્થેટીક કપડાંની સસ્તી કિંમતે ઉપલબ્ધી

**(૪) હા,**

**(૧) ઘેંટા**

❖ પસંદગીના ધોરણે સંવર્ધન.

- ઋ સાંઢ ઘેટાં વિના મુલ્યે આપવાનું આયોજન.
- ઋ આરોગ્યની અસરકારક સેવાઓ પુરી પાડવાનું આયોજન.
- ઋ ઉનના બજારમાં નિગમનો હિસ્સો વધારવાનું આયોજન.

(૨) **ઘોડા**

- ઋ અશ્વ પાલકોમાં અશ્વપાલન વ્યવસાયમાં રસ જાળવી રાખવા પ્રતિ વર્ષ અશ્વ શોનું આયોજન
- ઋ રાજ્યમાં ઘોડાઓનાં સંવર્ધન માટે કાર્યરત ૧૪ વાલી ઘોડા સેવા કેન્દ્રો
- ઋ કાઠિયાવાડી ઓલાદના ઉચ્ચ ગુણવત્તાવાળા વાલી ઘોડા તૈયાર કરવા માટે રાજ્યમાં કાર્યરત ૨ (બે) અશ્વ સંવર્ધન ફાર્મ
- ઋ મારવાડી ઓલાદના ઉચ્ચ ગુણવત્તા વાળા વાલી ઘોડા તેયાર કરવા માટે પાટણ જિલ્લાના ચાણસ્મા ખાતે ૧ (એક) અશ્વ સંવર્ધન ફાર્મની સ્થાપનાની કામગીરી પ્રગતિમાં.
- ઋ અશ્વ ઉછેર કેન્દ્ર જૂનાગઢ ખાતે અશ્વપાલકોને અશ્વપાલન અંગે આપવામાં આવતી તાલીમ.
- ઋ અશ્વ પાલકો અને અશ્વ રસિકોને અશ્વપાલન અંગે માહિતિ સભર જાણકારી પૂરી પાડવાના હેતુથી પશુપાલન ખાતું. ગુજરાત રાજ્ય અને અશ્વ દર્શન ટ્રસ્ટર ગોંડલના સહયોગથી દર ત્રણ માસે પ્રકાશિત કરવામાં આવતું ""અશ્વદર્શન"" નામનું સામયિક.

(૩) **ખચ્ચર**

- ઋ પાટણ જિલ્લાના ચાણસ્મા ખાતે સ્થાપાનાર અશ્વ સંવર્ધન ફાર્મ ખાતે ઉચ્ચ કક્ષાના નર ગધેડા અને ઘ ોડીના સંવર્ધનથી ખચ્ચરનું ઉત્પાદન કરવાનું આયોજન.

(૪) **ગધેડા**

- ઋ પાટણ જિલ્લાના ચાણસ્મા ખાટે ગદર્ભ ફાર્મની સ્થાપનાની કામગીરી પ્રગતિમાં છે.

(૫) **ઉંટ**

- ઋ કચ્છ જિલ્લામાં ઢોરી ખાતે કચ્છી ઓલાદના ઉંટોની જાળવણી, તથા સંવર્ધન માટે ૧ (એક) ઉંટ ઉછેર કેન્દ્ર કાર્યરત છે.
- ઋ ઉંટોને એંટીસરા પ્રોફાયલેકિટક સારવાર સરા (ચકરી) ના રોગ સામે રક્ષણ વિના મૂલ્યે આપવાનું આયોજન વર્ષ ૨૦૧૧-૧૨માં કરેલ છે.

(૬) **સસલાં :-**

- ઋ રાજ્યમાં માંડવી (સુરત) ખાતે સસલાં ઉછેર કેન્દ્ર કાર્યરત છે. જ્યાં વિદેશી અને સંકર ઓલાદનાં સસલાંનું સંવર્ધન કરી સસલાનું ઉત્પાદન કરી જરૂરિયાતવાળા લાભાર્થીઓને પુરા પાડવામાં આવે છે.

------------

**દાહોદ જિલ્લામાં પ્રાથમિક શિક્ષકોની બદલીના કેમ્પો**

અતારાંક્તિ - ૪૦૫૭ - (૨૪-૧-૨૦૧૧) શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૦-૬-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શિક્ષકોની બદલીઓના કેટલા કેમ્પો યોજાયા, અને

(૨) આ કેમ્પોમાં કેટલા શિક્ષકોની બદલીઓ કરવામાં આવી ?

**માનનીય શિક્ષણ મંત્રીશ્રી** (૨૪-૨-૨૦૧૧)

(૧) બે કેમ્પો યોજાયા.

(૨) બે કેમ્પોમાં તાલુકાવાર નીચે મુજબ બદલીઓ કરવામાં આવી.

| ક્રમ | તાલુકો | ૨૦૦૯ | ૨૦૧૦ |
|---|---|---|---|
| ૧ | ઝાલોદ | ૧૨૫ | ૯૬ |
| ૨ | ગરબાડા | ૧૬ | ૨૯ |
| ૩ | દાહોદ | ૧૦૫ | ૫૫ |
| ૪ | લીમખેડા | ૧૦૬ | ૭૬ |
| ૫ | દેવગઢ બારીયા | ૯૯ | ૫૬ |
| ૬ | ધાનપુર | ૧૫ | ૨૦ |
| ૭ | ફતેપુરા | ૧૩૩ | ૨૧ |

| | | | |
|---|---|---|---|
| ૮ | જનરલ કેમ્પ : તમામ તાલુકા | ૨૨૩ | ૧૪૨ |
| | કુલ | ૮૨૨ | ૪૯૫ |

-----------

**કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં પ્રાથમિક શાળામાં સ્કાઉટ ગાઈડ કાર્યક્રમ પાછળ કરેલ ખર્ચ**

અતારાંક્તિ - ૩૮૧૫ (૫-૮-૨૦૧૦) શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૦-૬-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પ્રાથમિક શાળાઓમાં સ્કાઉટ ગાઈડ કાર્યક્રમ હેઠળ કેટલા શિક્ષકોને તાલીમ આપવામાં આવી ?

(૨) આ તાલીમાર્થીઓ દ્વારા કેટલા બાળકોને આનો લાભ આપવામાં આવ્યો, અને

(૩) આ અંગે કેટલો ખર્ચ થયો ?

**શિક્ષણ મંત્રીશ્રી (તા. ૨૨-૨-૨૦૧૧)**

(૧)

| શિક્ષકોને આપવામાં આવેલ વર્ષવાર તાલીમ | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | જિલ્લો | વર્ષ ૨૦૦૭-૦૮ | વર્ષ ૨૦૦૮-૦૯ | વર્ષ ૨૦૦૯-૧૦ |
| ૧ | કચ્છ | ૫૫૦ | ૫૫૦ | --- |
| ૨ | બનાસકાંઠા | ૪૫૦ | ૪૫૦ | ૪૫૦ |

(૨)

| તાલીમાર્થી દ્વારા બાળકોને થયેલ લાભ | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | જિલ્લો | વર્ષ ૨૦૦૭-૦૮ | વર્ષ ૨૦૦૮-૦૯ | વર્ષ ૨૦૦૯-૧૦ |
| ૧ | કચ્છ | ૧૧૯૮૨ | ૧૧૯૮૨ | --- |
| ૨ | બનાસકાંઠા | ૧૧૪૧૯ | ૧૧૪૧૯ | ૧૧૪૧૯ |

(૩)

| જિલ્લા વર્ષવાર થયેલ ખર્ચ ` | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | જિલ્લો | વર્ષ ૨૦૦૭-૦૮ | વર્ષ ૨૦૦૮-૦૯ | વર્ષ ૨૦૦૯-૧૦ |
| ૧ | કચ્છ | ૨૨ લાખ | ૫.૫૦ લાખ | --- |
| ૨ | બનાસકાંઠા | ૧૮ લાખ | ૪.૫૦ લાખ | ૪૮૪૭૮ |

**કચ્છ જિલ્લામાં ગરીબ કુટુંબોને અનાજ, તેલ તથા કેરોસીનનું વિતરણ કરવા બાબત**

અતારાંક્તિ - ૩૮૮૭ (૨૪-૧-૨૦૧૧) શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા)માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧-૮-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં તાલુકાવાર કુલ કેટલા અનાજનું વિતરણ ગરીબ કુટુંબોને અને રેશનકાર્ડ ધારકોને કરવામાં આવ્યું.

(૨) તેલ તથા કેરોસીનનું કેટલું વિતરણ કરવામાં આવ્યું, અને

(૩) આ અંગે તાલુકાવાર અને વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી (તા. ૧૯-૨-૨૦૧૧)**

(૧) સામેલ પત્રક-૧ મુજબ %

(૨) સામેલ પત્રક-૨ મુજબ %

(૩) સામેલ પત્રક-૩ મુજબ %

| (જથ્થો-મે.ટન) | | | | | |
|---|---|---|---|---|---|
| **પત્રક- (ખંડ) ૧** | | | | | |
| તા. ૩૧-૮-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગરીબ કુટુંબો અને રેશનકાર્ડ ધારકોને કરવામાં આવેલ અનાજનું વિતરણ | | | | | |
| અ.નં | તાલુકાનું નામ | ૨૦૦૭/૨૦૦૮ | ૨૦૦૮/૨૦૦૯ | ૨૦૦૯/૨૦૧૦ | કુલ |
| ૧ | ભૂજ | ૮૭૮૯ | ૮૯૪૪ | ૧૧૮૨૦ | ૨૯૫૫૩ |
| ૨ | માંડવી | ૪૧૬૮ | ૪૪૮૭ | ૫૯૧૮ | ૧૪૫૭૩ |
| ૩ | મુન્દ્રા | ૧૭૭૭ | ૧૫૮૮ | ૨૦૪૮ | ૫૪૧૩ |
| ૪ | અંજાર | ૨૪૯૭ | ૨૮૨૫ | ૬૨૧૩ | ૧૧૫૩૫ |
| ૫ | ગાંધીધામ | ૩૫૭૨ | ૩૨૩૮ | ૩૪૦૮ | ૧૦૨૧૮ |
| ૬ | ભચાઉ | ૨૬૯૯ | ૩૨૦૮ | ૪૩૪૮ | ૧૦૨૫૫ |
| ૭ | રાપર | ૪૪૮૧ | ૪૬૨૯ | ૫૬૮૬ | ૧૪૭૯૬ |
| ૮ | નખત્રાણા | ૩૩૪૨ | ૩૯૯૧ | ૫૮૨૬ | ૧૩૧૫૯ |
| ૯ | અબડાસા | ૨૧૦૪ | ૨૩૧૨ | ૩૪૧૬ | ૭૮૩૨ |
| ૧૦ | લખપત | ૬૨૯ | ૬૬૫ | ૯૬૫ | ૨૨૫૯ |
| ૧૧ | ખાવડા | ૧૬૮૯ | ૧૯૦૨ | ૨૨૩૨ | ૫૮૨૩ |
| | **કુલ** | **૩૫૭૪૭** | **૩૭૭૮૯** | **૫૧૮૮૦** | **૧૨૫૪૧૬** |

૨)

| **પત્રક (ખંડ)-૨** | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| **ખાદ્યતેલ તથા કેરોસીનના વિતરણ કરેલ જથ્થાની વર્ષવાર વિગત દર્શાવતું પત્રક** | | | | | | | |
| અ.નં | તાલુકાનું નામ | ૨૦૦૭/૨૦૦૮ | | ૨૦૦૮/૨૦૦૯ | | ૨૦૦૯/૨૦૧૦ | |
| | | ખાદ્ય તેલ (મે. ટન) | કેરોસીન (કે.એલ.) | ખાદ્ય તેલ (મે. ટન) | કેરોસીન (કે.એલ.) | ખાદ્ય તેલ (મે. ટન) | કેરોસીન (કે.એલ.) |
| ૧ | ભૂજ | ૧૭૨.૪૫ | ૬૪૯૨ | ૧૨૭ | ૬૫૫૬ | ૬૮ | ૫૩૫૪ |
| ૨ | માંડવી | ૭૮.૮૬ | ૩૧૨૪ | ૫૯ | ૩૨૯૧ | ૨૮ | ૩૦૬૬ |
| ૩ | મુન્દ્રા | ૩૯.૮૩ | ૨૧૭૫ | ૩૧ | ૨૭૪૮ | ૧૧ | ૨૬૫૦ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૪ | અંજાર | ૫૨.૧૭ | ૩૩૭૯ | ૨૯ | ૩૬૦૮ | ૧૭ | ૩૬૩૭ |
| ૫ | ગાંધીધામ | ૬૩.૫૭ | ૩૭૧૧ | ૬૫ | ૪૦૮૮ | ૨૯ | ૩૯૫૧ |
| ૬ | ભચાઉ | ૬૮.૪૪ | ૧૪૩૦ | ૫૫ | ૩૨૭૬ | ૨૧ | ૩૧૯૮ |
| ૭ | રાપર | ૯૭.૨૧ | ૩૦૭૯ | ૭૩ | ૪૨૩૩ | ૨૯ | ૫૪૫૫ |
| ૮ | નખત્રાણા | ૭૬.૭૬ | ૨૬૬૭ | ૭૩ | ૨૮૦૪ | ૨૮ | ૨૬૯૧ |
| ૯ | અબડાસા | ૪૭.૮૦ | ૨૪૦૮ | ૪૫ | ૨૩૯૨ | ૧૩ | ૨૨૭૨ |
| ૧૦ | લખપત | ૧૧.૪૬ | ૧૧૪૭ | ૧૧ | ૧૨૬૪ | ૦૪ | ૧૨૯૪ |
| ૧૧ | ખાવડા | ૩૫.૮૧ | ૧૧૨૨ | ૩૫ | ૧૧૨૮ | ૧૨ | ૧૦૮૨ |
| | **કુલ** | **૭૪૪.૩૬** | **૩૦૭૩૪** | **૬૦૩** | **૩૫૩૯૧** | **૨૬૦** | **૩૪૬૫૦** |

| પત્રક (ખંડ)-૩ | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| **અનાજ તથા ખાદ્યતેલના વિતરણમાં તાલુકાવાર અને વર્ષવાર કરેલા ખર્ચની વિગત દર્શાવતું પત્રક** | | | | | | | | |
| અ. નં | તાલુકાનું નામ | ૨૦૦૭/૨૦૦૮ | | ૨૦૦૮/૨૦૦૯ | | ૨૦૦૯/૨૦૧૦ | | |
| | | અનાજ (` માં) | ખાદ્યતેલ (` માં) | અનાજ (` માં) | ખાદ્યતેલ (` માં) | અનાજ (` માં) | ખાદ્યતેલ (` માં) | કુલ |
| ૧ | ભૂજ | ૧૫૦૯૬૯૬૦ | ૩૦૮૪૭૪૦ | ૧૩૬૧૫૬૭૦ | ૨૪૯૯૦૬૩ | ૧૫૭૪૦૭૬૦ | ૮૩૧૯૬૨ | ૫૬૩૫૨૯૫૮ |
| ૨ | માંડવી | ૫૯૪૭૪૮૦ | ૧૪૧૦૬૨૭ | ૫૭૦૧૦૫૦ | ૧૧૩૭૭૫૪ | ૭૫૨૫૫૬૧ | ૩૪૨૫૭૨ | ૨૪૬૧૩૪૨૫ |
| ૩ | મુન્દ્રા | ૨૫૫૬૪૧૦ | ૭૧૨૪૬૯ | ૨૦૭૮૩૮૦ | ૫૯૭૮૦૩ | ૨૩૭૧૮૫૬ | ૧૩૪૫૮૨ | ૯૭૬૧૭૭૧ |
| ૪ | અંજાર | ૩૯૭૨૭૩૪ | ૯૩૩૨૦૩ | ૪૦૬૧૭૭૪ | ૫૫૯૨૩૫ | ૬૮૫૭૯૫૯ | ૨૦૭૯૯૦ | ૧૬૫૯૨૮૯૪ |
| ૫ | ગાંધીધામ | ૫૬૮૩૦૬૩ | ૧૧૩૭૩૦૨ | ૪૬૫૫૫૮૩ | ૧૨૫૩૪૫૭ | ૩૭૬૧૭૭૮ | ૩૪૫૮૦૭ | ૧૬૮૪૫૯૮૯ |
| ૬ | ભચાઉ | ૪૫૦૨૨૧૦ | ૧૨૨૪૨૩૭ | ૪૩૩૦૭૮૦ | ૧૦૬૦૬૧૮ | ૫૪૮૯૪૪૩ | ૨૫૬૯૨૯ | ૨૧૧૬૮૫૯૨ |
| ૭ | રાપર | ૮૫૨૧૭૩૦ | ૧૭૩૮૮૬૭ | ૭૩૫૦૩૦૦ | ૧૪૦૭૭૨૯ | ૭૫૪૦૪૪૨ | ૩૫૪૮૦૭ | ૩૦૦૬૦૪૭૧ |
| ૮ | નખત્રાણા | ૫૯૨૩૧૯૦ | ૧૩૭૩૦૬૩ | ૫૫૯૩૧૬૦ | ૧૪૦૭૭૨૯ | ૬૬૧૪૪૯૩ | ૩૪૨૫૭૨ | ૨૪૦૩૪૯૯૯ |
| ૯ | અબડાસા | ૨૮૨૩૨૩૦ | ૮૫૫૦૩૪ | ૨૮૮૬૪૭૦ | ૮૬૭૭૭૮ | ૩૭૯૨૬૬૫ | ૧૫૯૦૫૧ | ૧૩૧૦૭૦૪૦ |
| ૧૦ | લખપત | ૭૧૯૪૨૦ | ૨૦૪૯૯૩ | ૬૬૭૭૪૦ | ૨૧૨૧૨૪ | ૯૫૮૦૨૯ | ૪૮૯૩૯ | ૩૨૨૮૩૬૨ |
| ૧૧ | ખાવડા | ૨૭૦૪૪૨૦ | ૬૪૦૫૬૦ | ૨૬૦૨૨૪૦ | ૬૭૪૯૩૯ | ૩૪૦૯૪૧૩ | ૧૪૬૮૧૭ | ૧૧૪૮૪૮૮૭ |
| | **કુલ** | **૫૮૪૫૦૮૪૭** | **૧૩૩૧૫૦૯૫** | **૫૩૫૪૩૧૪૭** | **૧૧૬૨૮૨૨૯** | **૬૪૦૬૨૩૯૯** | **૩૧૮૧૦૨૮** | **૨૨૭૨૫૧૩૮૮** |

* કેરોસીનનાં વિતરણમાં રાજ્ય સરકાર દ્વારા સબસીડીનો કોઈ ખર્ચ ભોગવવામાં આવતો નથી.

## ભંડારીયા ગામની સીમમાં શિકાર કરનાર ગેન્ગ

અતારાંક્તિ : ૩૮૭૬ (૨૪-૧-૨૦૧૧) શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) એપ્રીલ-૨૦૦૭ થી જેસર-પાલીતાણા વચ્ચે ભંડારીયા ગામની સીમમાં શિકાર કરનાર ગેંગ નાસતી ફરે છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો જુન-૨૦૧૦ ની સ્થિતિએ આ ગેંગને પકડી લેવામાં આવી છે કે કેમ,

(૩) આ ગેંગ ઉક્ત સમય ગાળામાં કેટલા ગુના ક્યારે ક્યારે કર્યા હતા,

(૪) આ ગેંગ કેટલા સમયથી સિંહોના શિકારનું રેકેટ ચલાવતી હતી,

(૫) ગેંગ સામે શી કાનૂની કાર્યવાહી થઈ ?

**વન મંત્રીશ્રી** (૧૯-૨-૨૦૧૧) :

(૧) ના જી,

(૨) એપ્રીલ-૨૦૦૭ની ૧૦મી તારીખે પાલીતાણા તાલુકાના ભંડારીયા ગામની સીમમાં મધ્યપ્રદેશની શિકાર કરનાર ગેંગે પડાવ નાખ્યો હતો. જે ને બે સિંહના શિકાર કરવા બદલ બીજે દિવસે તા. ૧૧-૪-૨૦૦૭ના રોજ જ પકડી લેવામાં આવી છે અને તેની સામે ગુન્હો નોંધીને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ હતી.

(૩) આ ગેંગ દ્વારા ઉક્ત સમયગાળામાં બે સિંહોના શિકારનો એક ગુન્હો કર્યો હતો.

(૪) આ ગેંગે તા. ૧૦-૪-૨૦૦૭ના રોજ પડાવ નાખ્યો તેના બીજા જ દિવસે પકડી લેવામાં આવેલ હતી.

(૫) આ ગેંગ સામે વન્ય પ્રાણી સંરક્ષણ ધારા-૧૯૭૨ તથા ભારતીય ફોજદારી કાયદા હેઠળ ગુનો નોંધી ૧૬ તહોમતદારોને પકડવામાં આવેલ હતાં જેમને નામદાર ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ, ભાવનગરની કોર્ટ દ્વારા આ તહોમતદારોને વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ, ૧૯૭૨ની જોગવાઈ અનુસાર ૫ વર્ષની કેદની સજા તથા દરેક ગુનેગારને ` ૧૦૦૦/-નો દંડ તથા ભારતીય ફોજદારી કાયદાની જોગવાઈ અનુસાર ૪ વર્ષની કેદની સજા અને દરેકને ` ૧૦૦૦/-નો દંડની બન્ને સજા સાથે ભોગવવાનો હુકમ કરવામાં આવેલ છે.

------------

**વન વિભાગ દ્વારા ઘાસની ગાંસડીઓની હરાજી કરવા બાબત.**

અતારાંકિત : ૪૦૬૮ (૧૨-૧-૨૦૧૧) શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) વન ખાતા દ્વારા એકત્ર કરવામાં આવતા ઘાસની ગાંસડીની હરાજી ચારથી પાંચ વર્ષે કરવામાં આવતા મોટા ભાગની ઘાસની ગાંસડીઓ સડી જાય છે. અને પશુઓને ખવડાવવામાં કામ લાગતી નથી અને તેમ માટે થયેલો ખર્ચ નિરર્થક જાય છે તે ગંભીર બાબતથી સરકાર વાકેફ છે કે કેમ, અને

(૨) જો હા, તો વન ખાતા દ્વારા વીડીઓના એકત્રિત કરેલ ઘાસની હરાજી ગાંસડીઓ તેયાર થયે તુરત જ કરવા શું આયોજન કર્યું છે ?

**વન મંત્રીશ્રી** (૧૯-૨-૨૦૧૧) :

(૧) વન ખાતા દ્વારા એકત્ર કરવામાં આવતા ઘાસને ગોદામ અને ગંજીમાં સંગ્રહ કરવામાં આવે છે. નિયત થયેલ સમય મર્યાદા અનુસાર ગોદામનું ઘાસ ૩ કે ૪ વર્ષ તથા ગંજીનું ઘાસ એક ચોમાસુ પસાર થાય ત્યાં સુધી સાચવવાનું હોય છે.

(૨) વન ખાતાનું ઘાસ રાજ્યના પશુધનને ઘાસની તંગીના સમયે પુરૂ પાડી શકાય તે હેતુથી અનામત રાખવાનું હોય છે જેથી વીડીઓમાંથી એકત્રિત કરેલ ઘાસની ગાંસડીઓ તેયાર થયે તૂર્ત જ હરાજી કરી શકાતી નથી.

----------

**વૃક્ષોને હેરીટેજ જાહેર કરવા બાબત**

અતારાંકિત : ૪૧૩૨ (૧૨-૧-૨૦૧૧) શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજ્યના ક્યા ક્યા વૃક્ષોને સપ્ટેમ્બર, ૨૦૧૦ની સ્થિતિએ હેરીટેજ વૃક્ષો જાહેર કરાયાં છે, અને

(૨) આ હેરીટેજ વૃક્ષોના સંરક્ષણ માટે શા વિશેષ પ્રયાસ થયા છે ?

**વન મંત્રીશ્રી** (૨૪-૨-૨૦૧૧) :

(૧) ગુજરાત રાજ્યમાં સપ્ટેમ્બર-૨૦૧૦ની સ્થિતિએ કોઈપણ વૃક્ષને હેરીટેજ વૃક્ષ તરીકે જાહેર કરવામાં આવેલ નથી, પરંતુ અમુક સ્થળે ખૂબ જ જુના, વિશાળ કદ, સોથી વધુ ઉંચાઈ, પરિસરીય અગત્યતા, દુર્લભ પ્રજાતિ, અલભ્ય, ધાર્મિક અને એતિહાસિક રીતે મહત્વ ધરાવતા તથા કોઈને કોઈ વિશિષ્ટતા ધરાવતા કુલ ૫૦ વૃક્ષોની પુસ્તિકા વર્ષ ૨૦૧૦-૧૧ માં પ્રકાશિત કરવામાં આવેલ છે.

(૨) આવા વૃક્ષોની જાળવણી અને માવજત થાય તે હેતુથી વન પર્યાવરણ વિભાગ દ્વારા વૃક્ષોની જાળવણી અને માવજતની કાર્યવાહીમાં તલાટી, ગ્રામસેવકો, જે તે વિસ્તારના લોકો, સરપંચો તથા વન વિભાગ જરૂરી વ્યવસ્થા ગોઠવે તે અંગેની કાર્યવાહી હાથ ધરેલ છે.

------------

**ગીર અભ્યારણ્ય અને નેશનલ પાર્કમાં ગેરકાનૂની દબાણો**

અતારાંક્તિ : ૪૧૬૫ (૧૨-૧-૧૧) **શ્રી ધીરસિંહ ક.બારડ (કોડીનાર)** : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) ગીર અભ્યારણ્ય અને નેશનલ પાર્કમાં નવેમ્બર-૨૦૧૦ની સ્થિતીએ કેટલા ગેરકાનૂની દબાણો થયા છે,

(૨) આ દબાણો કેટલા સમયથી છે,

(૩) દબાણકર્તાઓ સામે શાં પગલા લેવાયા છે, અને

(૪) ઉક્ત દબાણો હટાવવા માટે સરકારશ્રીનું શું આયોજન છે ?

**વન મંત્રીશ્રી** (૧૯-૨-૧૧)

(૧) ગીર અભ્યારણ્યમાં નવેમ્બર-૨૦૧૦ની સ્થિતિએ ૫૭.૭૭૫૩ હેક્ટર વિસ્તારમાં ગેરકાનૂની દબાણો થયા છે. ગીર નેશનલ પાર્કમાં કોઇ દબાણો થયેલ નથી.

(૨) આ દબાણો સને ૧૯૮૭-૮૮થી તથા ત્યારબાદના વિવિધ વર્ષોમાં થયેલ છે.

(૩) દબાણકર્તાઓ સામે વન વિભાગ દ્વારા ભારતીય વન અધિનિયમ, ૧૯૨૭ તથા વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ, ૧૯૭૨ની જોગવાઇ અનુસાર કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૪) ઉપરોક્ત દબાણો હટાવવા માટે ભારતીય વન અધિનિયમ, ૧૯૨૭ તથા વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ, ૧૯૭૨ની જોગવાઇ અનુસાર જરૂરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે. ૪૪.૯૯૦૦ હેકટરના દબાણયુક્ત વિસ્તારો માટે સંબંધકર્તા ઈસમો દ્વારા નામદાર કોર્ટમાં દાવાઓ દાખલ કરવામાં આવેલ છે અને હાલ ન્યાયિક પ્રક્રિયા ચાલુ છે, જેમાં ઉક્ત કાયદાઓની જોગવાઇઓ અનુસાર સબળ રજૂઆત કરવામાં આવેલ છે. અન્ય ૧૨.૭૮૫૩ હેકટરના વિસ્તારોના દબાણો દૂર કરવા માટે ભારતીય વન અધિનિયમ, ૧૯૨૭ તથા વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ, ૧૯૭૨ની જોગવાઇ અનુસાર કાર્યવાહી કરવામાં આવી રહી છે.

------------

**પાટવડ કોઠા ખાતે વન અધિકારીઓ/કર્મચારીઓની રક્ષિત પ્રાણીના માંસની મહેફીલ**

અતારાંક્તિ ૪૧૯૦ (૨૪-૧-૧૧) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) જુલાઇ, ૨૦૧૦માં જૂનાગઢ જિલ્લાના પાટવડ કોઠા ખાતે ઉચ્ચકક્ષાના વન અધિકારીઓ તથા કર્મચારીઓએ રક્ષીત પ્રાણીના માંસ/દારૂની સંયુક્ત મહેફીલ યોજી હતી તે ગંભીર હકીક્ત સરકાર જાણે છે કે કેમ,

(૨) આ ઘટનાની તપાસ કરાઇ છે કે કેમ, અને આ તપાસ કોને સોંપાઇ હતી,

(૩) તપાસમાં ક્યા ક્યા અધિકારી/કર્મચારીઓ ગુનાહિત પ્રવૃત્તિમાં સંડોવાયેલ જણાયા હતા,

(૪) જવાબદારો સામે શાં ગંભીર પગલાં લેવાયા, અને

(૫) જો કોઇ પગલા ન લેવાયા હોય તો તેના શા કારણો છે ?

**વન મંત્રીશ્રી (૧૯-૨-૧૧)**

(૧) જૂનાગઢ જિલ્લાના પાટવડ કોઠા ખાતે રક્ષીત પ્રાણીના માંસના ભોજનની કોઇ મહેફીલનું આયોજન થયું ન હતું.

(૨) તા. ૨૭-૬-૧૦ના સંદેશ દૈનિકમાં આવેલ સમાચારને આધારે આ ઘટનાની તપાસ કરવામાં આવેલ છે. આ તપાસ મદદનીશ વન સંરક્ષકશ્રી, મોબાઇલ સ્ક્વોડ, જૂનાગઢને સોંપવામાં આવેલ હતી.

(૩) પ્રાથમિક તપાસ દરમ્યાન કોઇ અધિકારી/કર્મચારીએ ગુનાહિત પ્રવૃત્તિમાં સંડોવાયેલા જણાયેલ નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૫) તપાસ દરમ્યાન કોઇ અધિકારી-કર્મચારીઓ જવાબદાર જણાયેલ નહી હોવાથી પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

**જામનગર જિલ્લામાં અધિકૃત ડીગ્રી વિના પ્રેક્ટીસ કરતા ડૉક્ટરો**

અતારાંક્તિ ૩૮૭૩ (તા. ૭-૧૨-૧૦) શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧મી જુલાઇ, ૨૦૧૦ની સ્થિતિએ જામનગર જિલ્લામાં કેટલા બનાવટી ડીગ્રી વિનાના ડૉક્ટરો પ્રેક્ટીસ કરે છે,

(૨) આ સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા બનાવટી ડોક્ટરોને પકડી પાડવામાં આવ્યા,

(૩) તેમને શી શિક્ષા થઇ, અને

(૪) બાકીના બનાવટી ડૉક્ટરોને ક્યાં સુધીમાં પકડી પાડવામાં આવશે ?

**આરોગ્ય મંત્રીશ્રી** (૨૪-૨-૧૧)

(૧) એક પણ નહી.

(૨) ના, જી

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**ખેડા જિલ્લામાં આરોગ્ય વિષયક જાણકારી માટે કેમ્પો/શિબિરોના આયોજન અંગે**

અતારાંક્તિ : ૩૯૮૧ (૨૭-૧-૨૦૧૧) **શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં આરોગ્ય વિષયક જાણકારી માટે કેટલા કેમ્પો/શિબિરોનું આયોજન કર્યું, અને

(૨) આ માટે કુલ કેટલો ખર્ચ તાલુકાવાર કરવામાં આવ્યો ?

**આરોગ્ય મંત્રીશ્રી** (૧૯-૨-૨૦૧૧) :

(૧) તા. ૩૦-૬-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં આરોગ્ય વિષયક જાણકારી આપવા માટે નીચે મુજબના કેમ્પો/શિબિરોનું આયોજન કર્યું.

| ક્રમ | તાલુકાનું નામ | તા. ૩૦-૬-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેમ્પો/શિબિરોની સંખ્યા | |
|---|---|---|---|
| | | તા. ૧-૭-૨૦૦૮ થી તા. ૩૦-૬-૨૦૦૯ | તા. ૧-૭-૨૦૦૯ થી તા. ૩૦-૬-૨૦૧૦ |
| ૧ | બાલાશિનોર | ૧૮ | ૧૮ |
| ૨ | વિરપુર | ૧૨ | ૧૨ |
| ૩ | નડિયાદ | ૬૪ | ૪૮ |
| ૪ | ખેડા | ૧૮ | ૨૦ |
| ૫ | માતર | ૩૦ | ૩૩ |
| ૬ | ઠાસરા | ૫૬ | ૪૨ |
| ૭ | મહુધા | ૩૦ | ૩૦ |

| | | | |
|---|---|---|---|
| ૮ | મહેમદાવાદ | ૪૮ | ૩૬ |
| ૯ | કઠલાલ | ૩૦ | ૩૦ |
| ૧૦ | કપડવંજ | ૪૮ | ૩૬ |
| | **કુલ** | **૩૫૪** | **૩૦૫** |

(૨) આ માટે તાલુકાવાર નીચે મુજબ ખર્ચ કરવામાં આવ્યો

| ક્રમ | તાલુકાનું નામ | તા. ૩૦-૬-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેમ્પો/શિબિરોનો ખર્ચ (રૂપિયામાં) | |
|---|---|---|---|
| | | તા. ૧-૭-૨૦૦૮ થી<br>તા. ૩૦-૬-૨૦૦૯ | તા. ૧-૭-૨૦૦૯ થી<br>તા. ૩૦-૬-૨૦૧૦ |
| ૧ | બાલાશિનોર | ૯૦૦૦ | ૯૦૦૦ |
| ૨ | વિરપુર | ૬૦૦૦ | ૬૦૦૦ |
| ૩ | નડિયાદ | ૩૨૦૦૦ | ૨૪૦૦૦ |
| ૪ | ખેડા | ૯૦૦૦ | ૧૦૦૦૦ |
| ૫ | માતર | ૧૫૦૦૦ | ૧૬૫૦૦ |
| ૬ | ઠાસરા | ૨૮૦૦૦ | ૨૧૦૦૦ |
| ૭ | મહુધા | ૧૫૦૦૦ | ૧૫૦૦૦ |
| ૮ | મહેમદાવાદ | ૨૪૦૦૦ | ૧૮૦૦૦ |
| ૯ | કઠલાલ | ૧૫૦૦૦ | ૧૫૦૦૦ |
| ૧૦ | કપડવંજ | ૨૩૮૩૪ | ૧૮૦૦૦ |
| | **કુલ** | **૧૭૬૮૩૪** | **૧૫૨૫૦૦** |

**દાહોદ જિલ્લામાં સી. એચ. સી.માં સેટઅપ પ્રમાણે સંવર્ગવાર મંજૂર થયેલ જગ્યા**

અતારાંક્તિ : ૪૦૩૯ (૨૪-૧-૨૦૧૧) શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૩૦-૬-૨૦૧૦ ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં સી. એચ. સી.માં સેટઅપ પ્રમાણે સંવર્ગવાર કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે.

(૨) આ મંજૂર થયેલ જગ્યાઓ પેકી ઉક્ત સ્થિતિએ ક્યા સી. એચ. સી.માં કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ સરકાર કેટલા સમયમાં ભરવા માંગે છે ?

**આરોગ્ય મંત્રીશ્રી** (૨૪-૨-૨૦૧૧) :

(૧)

| ક્રમ | સંવર્ગનું નામ | મંજૂર જગ્યા |
|---|---|---|
| ૧ | અધિક્ષક વર્ગ-૧ | ૬ |
| ૨ | તબીબી અધિકારી વર્ગ-૨ | ૨૭ |
| ૩ | સીની. આસીસ્ટન્ટ | ૧૦ |
| ૪ | સીનીયર ક્લાર્ક | ૧૦ |
| ૫ | જુનીયર ફાર્માસીસ્ટ | ૧૧ |
| ૬ | લેબોરેટરી ટેક્નીશીયન | ૧૧ |

| | | |
|---|---|---|
| ૭ | એક્ષરે ટેક્નીશીયન | ૧૧ |
| ૮ | સ્ટાફ નર્સ | ૭૭ |
| ૯ | ડ્રાઈવર | ૧૧ |
| ૧૦ | પટાવાળા | ૧૧ |
| ૧૧ | વોર્ડબોય | ૨૨ |
| ૧૨ | આયા | ૧૧ |
| ૧૩ | ડ્રેસર | ૧૧ |
| ૧૪ | સ્વીપર | ૧૧ |
| ૧૫ | પાર્ટ ટાઈમ સ્વીપર | ૨૨ |
| ૧૬ | પાર્ટ ટાઇમ વોચમેન | ૨૨ |
| | કુલ | ૨૮૪ |

(૨) સામૂહિક આરોગ્ય કેન્દ્રો વાર ખાલી જ્ગ્યાનું **પત્રક-૧** સામેલ છે.

(૩) વર્ગ-૧ અને વર્ગ-૨ તબીબી અધિકારીઓની જ્ગ્યાઓ ભરવા દર અઠવાડીયે વોક ઇન ઇન્ટરવ્યુનુ આયોજન કરવામાં આવે છે. જેમાં લાયક ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ખાલી જ્ગ્યાઓ ભરવાનું આયોજન છે. વર્ગ-૩ ની જ્ગ્યાઓ બઢતીથી તેમજ ગોણ સેવા પસંદગી મંડળ ધ્વારા ભરવામાં આવે છે. વર્ગ-૪ ની જ્ગ્યાઓ આઉટ સોર્સથી/રોગી કલ્યાણ સમિતિ દ્વારા ભરવામાં આવે છે.

**પત્રક -૧**

| સી.એચ.સી. નું. નામ :- | | ફતેપુરા | | ઝાલોદ | | પેથાપુર | | ગરબાડા | | લીમખેડા | | ધાનપુર | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | સંવર્ગનું નામ | ખાલી જ્ગ્યા | કઇ તારીખથી | ખાલી જ્ગ્યા | કઇ તારીખથી | ખાલી જ્ગ્યા | કઇ તારીખથી | ખાલી જ્ગ્યા | કઇ તારીખથી | ખાલી જ્ગ્યા | કઇ તારીખથી | ખાલી જ્ગ્યા | કઇ તારીખથી |
| ૧ | અધિક્ષક વર્ગ-૧ | ૦ | | ૧ | ૨૧-૮-૦૮ | ૦ | | ૧ | ૧૭-૪-૦૦ | ૧ | ૦૧-૯-૦૨ | ૦ | |
| ૨ | ત. અધિ. વર્ગ-૨ | ૧ | ૧૪-૪-૦૮ | ૦ | | ૧ | ૧૦-૪-૧૦ | ૧ | ૨૮-૧૦-૦૯ | ૧ | ૦૮-૧-૧૦ | ૨ | ૫-૧૧-૦૯<br>૯-૧૧-૦૯ |
| ૪ | સીની. આસી. | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૧ | ૦૫-૫-૧૦ | ૦ | |
| ૫ | સી. ક્લાર્ક | ૦ | | ૧ | ૦૧-૫-૦૫ | ૧ | ૦૧-૪-૦૪ | ૦ | | ૨ | ૦૧-૭-૯૫<br>૨૩-૨-૦૬ | ૧ | ૧૭-૪-૦૮ |
| ૬ | જુ. ફાર્મા | ૦ | | ૧ | ૨૦-૬-૦૮ | ૦ | | ૦ | | ૦ | | ૧ | ૧૧-૨-૧૦ |
| ૭ | લેબ. ટેક | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૧ | ૦૧-૮-૦૮ | ૦ | |
| ૮ | એક્ષરે. ટેક | ૦ | | ૧ | ૨૦-૪-૦૪ | ૧ | ૦૧-૫-૯૫ | ૦ | | ૧ | ૩૦-૧-૦૭ | ૧ | ૧-૧૨-૯૮ |
| ૯ | સ્ટાફનર્સ | ૦ | | ૦ | | ૧ | | ૧ | ૧૪-૩-૦૯ | ૦ | | ૧ | ૦૩-૨-૧૦ |
| ૧૦ | ડ્રાયવર | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૦ | |
| ૧૧ | પટાવાળા | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૦ | |
| ૧૨ | વોર્ડબોય | ૧ | ૦૯-૪-૧૦ | ૦ | | ૧ | ૦૭-૩-૦૮ | ૦ | | ૦ | | ૧ | ૦૯-૧-૧૦ |
| ૧૩ | આયા | ૦ | | ૦ | | ૦ | | ૧ | ૨૧-૧-૯૫ | ૦ | | ૦ | |
| ૧૪ | ડ્રેસર | ૦ | | ૦ | | ૦ | | ૧ | ૨૧-૧-૯૨ | ૧ | ૬-૧૨-૦૦ | ૧ | ૧૩-૭-૯૯ |
| ૧૫ | સ્વીપર | ૦ | | ૦ | | ૦ | | ૧ | | ૦ | | ૦ | |
| ૧૬ | પા. ટા. સ્વીપર | ૦ | | ૨ | ૧૨-૩-૦૯ | ૨ | ૦૧-૪-૯૫ | ૧ | | ૦ | | ૦ | |
| ૧૭ | પા. ટા. વોચમેન | ૦ | | ૨ | ૧૨-૩-૦૯ | ૨ | ૦૧-૪-૯૫ | ૦ | | ૧ | ૦૬-૨-૯૬ | ૦ | |
| | કુલ :- | ૨ | | ૮ | | ૯ | | ૭ | | ૯ | | ૮ | |

| સુખસર | | પીપલોદ | | સીંગવડ | | કતવારા | | લીમડી | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ખાલી જ્ગ્યા | કઇ તારીખથી | ખાલી જ્ગ્યા | કઇ તારીખથી | ખાલી જ્ગ્યા | કઇ તારીખથી | ખાલી જ્ગ્યા | કઇ તારીખથી | ખાલી જ્ગ્યા | કઇ તારીખથી |
| ૧ | ૧૫-૩-૦૧ | ૧ | ૧૬-૪-૦૧ | ૦ | | ૦ | | ૧ | ૧૨-૧-૦૪ |
| ૧ | ૨-૧૧-૦૯ | ૧ | ૦૭-૭-૦૯ | ૧ | ૦૮-૯-૦૯ | ૧ | ૧૩-૯-૦૯ | ૦ | |
| ૧ | ૨૧-૭-૦૨ | ૦ | | ૦ | | ૦ | | ૧ | ૧૩-૫-૧૦ |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૦-૧૦-૦૯ | ૧ | ૦૧-૮-૦૬ | ૧ | ૦૧-૬-૦૨ | ૦ | | ૦ | |
| ૦ | | ૦ | | ૧ | ૦૧-૬-૦૯ | ૧ | ૧૬-૪-૦૧ | ૧ | ૦૧-૭-૦૪ |
| ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૧ | ૦૧-૮-૦૫ |
| ૦ | | ૧ | ૧૬-૧-૦૪ | ૧ | ૦૧-૬-૦૨ | ૧ | ૧૬-૪-૦૧ | ૧ | ૦૧-૭-૦૪ |
| ૦ | | ૧ | | ૦ | | ૦ | | ૦ | |
| ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૦ | |
| ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૦ | |
| ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૦ | |
| ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૦ | |
| ૦ | | ૧ | ૧૬-૪-૦૧ | ૦ | | ૧ | ૧૬-૪-૦૧ | ૧ | ૦૧-૭-૦૪ |
| ૧ | ૦૩-૧-૦૯ | ૦ | | ૦ | | ૦ | | ૦ | |
| ૦ | | ૧ | ૦૧-૬-૦૯ | ૦ | | ૧ | ૧૬-૪-૦૧ | ૦ | |
| ૨ | ૧૯૯૪ | ૨ | ૦૧-૭-૦૮ | ૦ | | ૦ | | ૨ | ૧૪-૭-૦૭ |
| ૭ | | ૯ | | ૪ | | ૫ | | ૮ | |

**જોડીયા સી.એસ.સી. માં ડ્રાઈવર ફાળવવા અંગે**

અતારાંક્તિ : ૪૦૮૨ (૨૭-૧-૨૦૧૧) શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) જામનગર જિલ્લાના જોડીયા ખાતે આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે એમ્બ્યુલન્સ ફાળવવામાં આવી છે પરંતુ ઓગષ્ટ-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષથી ડ્રાઈવર ફાળવવામાં આવેલ નથી તે હકીકત સાચી છે.

(૨) જો હા, તો ડ્રાઈવરને અભાવે નવી ફાળવેલ એમ્બ્યુલન્સ દર્દીઓના ઉપયોગમાં આવતી નથી તે હકીક્ત પણ સરકાર જાણે છે, અને

(૩) જો હા, તો આ સી. એચ. સી. કેન્દ્રમાં વહેલામાં વહેલી તકે ક્યાં સુધીમાં ડ્રાઈવર ફાળવવામાં આવશે ?

**આરોગ્ય મંત્રીશ્રી** (૧૯-૨-૨૦૧૧) :

(૧) જામનગર જિલ્લાના જોડીયા ખાતે આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે એમ્બ્યુલન્સ ફાળવવામાં આવી છે. ઓગષ્ટ-૨૦૧૦ની સ્થિતિએ ડ્રાઈવરની જગ્યા ભરાયેલ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**કચ્છ જિલ્લામાં પોલીસદળનું આધુનિકરણ કરવા બાબત.**

અતારાંક્તિ : ૩૯૧૮ (૧૩-૧-૨૦૧૧) શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૮-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કચ્છ જિલ્લામાં પોલીસદળને આધુનિકરણ કરવા અંગે શાં શાં પગલાં લીધા, કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) આધુનિકરણ કરવા પાછળ કઈ કઈ બાબતો ધ્યાનમાં લેવામાં આવી ?

**માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** (૧૯-૨-૨૦૧૧) :

(૧) અને (૨)

તા. ૩૧-૮-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કચ્છ જિલ્લામાં પોલીસદળના આધુનિકરણ આશરે ` ૪.૨૭ કરોડના ખર્ચે ટેકનોલોજીયુક્ત વાહનો, સંદેશા વ્યવહારના સાધનો તેમજ સલામતિ વિષયક સાધનોથી સુસજ્જ કરવામાં આવેલ છે.

કચ્છ જિલ્લો સરહદી જિલ્લો હોવાથી સુરક્ષાની દ્રષ્ટિએ જિલ્લાની બોમ્બ ડીટેકશન એન્ડ ડીસ્પોઝલ સ્કવોડને અદ્યતન ઉપકરણોથી સુદ્રઢ કરવામાં આવેલ છે. તેમજ પોલીસ સ્ટેશન / ચોકી / આઉટ પોસ્ટમાં ટેલીફોન, ટી. વી., બ્રોડ બેન્ડ સુવિધા, સંદેશા વ્યવહારમાં સુગમતા જેવી પાયાની સુવિધાઓથી અદ્યતન કરવામાં આવેલ છે.

## જેલમાં કેદીઓને ખોરાક પુરો પાડવા અંગે.

અતારાંક્તિ : ૪૧૨૧ (૨૦-૧-૨૦૧૧) શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : **માનનીય જેલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) જેલમાં કેદીઓને ખોરાક પૂરો પાડવાની પ્રવર્તમાન વ્યવસ્થા શી છે,

(૨) આ વ્યવસ્થા ક્યારથી અમલમાં છે, અને

(૩) ઉક્ત વ્યવસ્થા પદ્ધતિ બદલવા, સુધારવા સરકારે શી કાર્યવાહી હાથ ધરી છે ?

**જેલ મંત્રીશ્રી** (૧૯-૨-૨૦૧૧) :

(૧) જેલ સુધારણા સમિતિની ભલામણ મુજબ જેલમાં કેદીઓને ખોરાક પૂરો પાડવા માટે ખોરાકની જાત અને પ્રમાણ નક્કી કરવામાં આવેલ છે તે મુજબ ખોરાક આપવાની પ્રવર્તમાન વ્યવસ્થા છે, તેમજ કેદીઓને આપવામાં આવતા રોજીંદા ખોરાક ઉપરાંત ૧૨ રાષ્ટ્રિય તહેવાર તેમજ ધાર્મિક તહેવારના દિવસોએ માથાદીઠ ` ૧૦.૦૦ના દરે વધારાની મીઠાઈ તથા દર પંદર દિવસે ` ૪.૦૦ની મર્યાદામાં ૧૦૦ ગ્રામ ફરસાણ જેલમાં બનાવી આપવામાં આવે છે.

(૨) તા. ૧-૮-૧૯૭૯થી અમલમાં છે.

(૩) જેલમાં કેદીઓ માટે સ્વાસ્થ્યપ્રદ અને સમતોલ આહારને અનુરૂપ ખોરાક આપવામાં આવતો હોઈ સદર વ્યવસ્થા પદ્ધતિ બદલવા કે સુધારવા અંગે હાલમાં કોઈ જરૂર જણાયેલ નથી.

--------------

**આજીવન કેદની મુદ્દત પૂરી થયા બાદ જેલમાં રાખવા બાબત**

અતારાંક્તિ : ૪૧૨૨ (૨૦-૧-૨૦૧૧) શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : **માનનીય જેલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) આજીવન કેદની મુદ્દત પૂરી થયા બાદ કેટલા કેદીઓને કેટલા સમય રાજ્યની વિવિધ જેલોમાં સપ્ટેમ્બર-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગેરકાનૂની રીતે રાખવામાં આવ્યા,

(૨) તેના શા કારણો છે,

(૩) આ માટે કોણ જવાબદાર છે, અને

(૪) આજીવન કેદી તેની સજા પૂરી થયે તરત જ જેલોમાંથી મુક્ત થાય તે માટે શી વ્યવસ્થા ગોઠવાઈ છે ?

**જેલ મંત્રીશ્રી** (૨૪-૨-૨૦૧૧) :

(૧) એકપણ નહીં.

(૨)

પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩)

(૪) આજીવન કેદની સજા આપોઆપ પૂરી થતી નથી. પ્રત્યેક કેસમાં કેદીના ગુન્હાના સ્થળના પોલીસ સત્તાધિકારી તથા જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી તેમજ સંબંધિત જેલ સત્તાવાળાઓના અભિપ્રાય સહીત કેદીનો કેસ જેલ સલાહકાર સમિતિ સમક્ષ વિચારણા અર્થે રજૂ કરવામાં આવે છે. જેમાં (અ) કેદીના જેલ જીવન દરમિયાનની વર્તણૂંક તથા (બ) કેદીની જેલ મુક્તિથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ પર થનાર અસર વગેરે બાબતોને ધ્યાને લઈ કેદી ૧૪ વર્ષની કોરી સજા પૂર્ણ કરે પછી બાકીની સજા માફ કરવી કે કેમ તે અંગે વિચારણા કરવામાં આવે છે. જેલ સલાહકાર સમિતિની ભલામણોને ધ્યાને લઈ પ્રત્યેક કેસમાં સી. આર. પી. સી.ની કલમ-૪૩૩(એ) હેઠળ પ્રાપ્ત સત્તાની રૂએ સરકારશ્રી દ્વારા ગુણદોષના આધારે સમીક્ષા કરી કેદીની જેલ મુક્તિ અંગેનો નિર્ણય લેવામાં આવે છે. આથી, કોઈપણ કેદીને ગેરકાનૂની રીતે રાખવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**વણધા, ચલામલી, (તા. પાવી-જેતપુર) ખાતે ગેરકાયદેસર પ્રાણીઓના કતલખાના ચલાવવા બાબત**

અતારાંક્તિ : ૪૧૮૮ (૨૦-૧-૨૦૧૧) શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) વણધા, ચલામલી (તા. પાવી-જેતપુર, જિ. વડોદરા) ખાતે લાંબા સમયથી ગો વંશ પ્રાણીની ગેરકાયદેસર કતલ થઈ રહી છે તથા ગેરકાયદેસર કતલખાના ચાલે છે. તે તંત્ર જાણે છે.

(૨) આ ગેરકાયદેસર પ્રવૃત્તિ કરનારા કોણ છે તથા તેની સામે શા પગલાં લેવાયા છે, અને

(૩) આ ગેરકાયદેસર પ્રવૃત્તિ ક્યાં સુધીમાં બંધ કરવામાં આવનાર છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) (૨૪-૨-૨૦૧૧) :-

(૧) વણધા, ચલામલી (તા. પાવી-જેતપુર, જિ. વડોદરા ) ખાતે કોઈ ગો વંશ પ્રાણીની ગેરકાયદેસર કતલ કરવામાં આવેલ નથી કે આવો કોઈ ગુન્હો નોંધાયેલ નથી.

(૨) આવી ગેરકાયદેસર પ્રવૃત્તિ જણાઈ આવેલ ન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

* આમ પ્રજાને છેતરપીંડી તેમજ ગુમરાહ કરતી વર્તમાનપત્રોમાં જાહેરાતો આપવા બાબત.

અતારાંકિત : ૪૧૯૨ (૨૦-૧-૨૦૧૧) શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) : જણાવવા કૃપા કરશે કે :-

(૧) આમ પ્રજાને છેતરપીંડી કરતી, તેમજ ગુમરાહ કરતી, ગુમરાહ કરતી સેક્સવર્ધક તેલ, લીંગ વર્ધક યંત્રોની જાહેરાતો ખુલ્લેઆમ રોજબરોજ અમદાવાદના પ્રમુખ વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ થઈ રહી છે તે હકીકતથી સરકાર વાકેફ છે, અને

(૨) જો હા, તો ગુનાહિત પ્રવૃત્તિ કરનારાને ઝડપી લઈ તેને શિક્ષા કરવા શી વ્યવસ્થા થઈ છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) (૧૯-૨-૨૦૧૧) :-

(૧) વર્તમાનપત્રોમાં આ પ્રકારની જાહેરાતો અવાર-નવાર પ્રસિદ્ધ થાય છે પરંતુ તેમાં ગુનાહિત બાબત જણાય નહીં ત્યાં સુધી તે છેતરપીંડી કરતી જાહેરાત છે તેવું કહી શકાય નહીં, અલબત, આ પ્રકારની જાહેરાતથી છેતરપીંડી થયાનીઅને કોઈ ફરીયાદી તરફથી ફરિયાદ નોંધાય. તો કાયદેસર કાર્યવાહી કરવામાં આવે છે.

---------------

**રાજ્યમાં ચાલતાં ઈકોનોમીક ઝોનમાં દારૂની પરમીટો આપવા અંગે**

અતારાંકિત : ૪૧૯૯ (૨૦-૧-૨૦૧૧) શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : સભ્યનો મતદાર વિભાગ (જોડીયા) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નશાબંધી) જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજ્યમાં ચાલતા સ્પેશયલ ઈકોનોમીક ઝોનમાં નવેમ્બર-૨૦૧૦ની સ્થિતિએ દારૂની કેટલી પરમીટો અપાઈ,

(૨) આ પરમીટો કોને કોને અપાઈ, અને

(૩) આ પરમીટો આપ્યાની તારીખથી ૩૦મી નવેમ્બર-૨૦૧૦ સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લીટર દારૂનો વપરાશ થયો ?

**મુખ્ય મંત્રીશ્રી** (નશાબંધી) (૨૪-૧-૨૦૧૧) :

(૧) એક પણ નહીં.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**જામનગર જિલ્લામાં એફ. આઈ. આર. ન નોંધવા બાબત**

અતારાંકિત : ૪૨૦૩ (૨૦-૧-૨૦૧૧) શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે :-

(૧) જામનગર જિલ્લામાં સન ૨૦૦૮, ૨૦૦૯ તથા ડિસેમ્બર, ૨૦૧૦ સુધીમાં એફ.આઈ.આર. ન લેવાના કે ન નોંધવાની કેટલી ઘટના બની છે.

(૨) ઉક્ત બાબત અંગે જવાબદારો સામે શા પગલાં લેવાયાં છે, અને

(૩) એફ.આઈ.આર. સમયસર નોંધવા શા આદેશો થયા છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) (૧૯-૨-૨૦૧૧) :

(૧) જામનગર જિલ્લામાં સન ૨૦૦૮, ૨૦૦૯ તથા ડિસેમ્બર, ૨૦૧૦ સુધીમાં એફ.આઈ.આર. ન લેવાના કે ન નોંધવાની એક પણ ઘટના બની નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------------

**""પોલીસની કામગીરી સંબંધી ફરિયાદો સાંભળવા ટોલ ફ્રી સર્વિસ ચાલુ કરવાના આદેશ અંગે""**

અતારાંક્તિ : ૪૨૦૪ (૨૦-૧-૨૦૧૧) શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) નેશનલ હયુમન રાઈટસ કમિશને તા. ૨૨-૧૨-૧૯૯૯ના રોજ ચીફ સેક્રેટરી ગુજરાતને રાજ્યમાં પોલીસની કામગીરી સબંધી નાગરિકોની ફરિયાદો સાંભળવા ૧૦૯૦ નંબરના ટોલ ફ્રી સર્વિસ ચાલુ કરવા નિર્દેશ આપ્યા હતા તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો રાજ્યમાં તેનો અમલ ક્યારથી શરુ થયો છે,

(૩) જો અમલ ન થતો હોય તો તેના કારણો શાં છે, અને

(૪) આ યોજના હવે ક્યારે શરુ કરવામાં આવનાર છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) (૨૪-૨-૨૦૧૧) :

નેશનલ નંબરીંગ પ્લાન-૨૦૦૩ આધારે ટોલ ફ્રી નંબર ૧૦૯૦ સને ૨૦૦૮ થી પોલીસ અધિક્ષકશ્રી રાજકોટ, ગ્રામ્ય, અમરેલી, મહેસાણા, આણંદ, સુરેન્દ્રનગર અને સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક ખાતે આ સુવિધા શરુ થયેલ છે, અને બાકીના જિલ્લા મુખ્ય મથક ખાતે આ સુવિધા શરુ કરવાની કાર્યવાહી ચાલુમાં છે.

--------------

**ચેલાવાડા, તા. ઘોઘંબા ખાતે બાબાદેવના મંદિરમાં મરઘાં અને બકરાનો ક્રૂર રીતે બલી આપવા બાબત**

અતારાંક્તિ : ૪૨૧૦ (૨૦-૧-૨૦૧૧) શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) ચેલાવાડા, (તા. ઘોઘંબા, જિ. પંચમહાલ) ખાતે આવેલ બાબાદેવના મંદિરમાં દર રવિવારે અનેક વાહનો ભરીને બકરા તથા મરઘાંની ખૂબ મોટી સંખ્યામાં ક્રૂર રીતે બલી અપાઈ રહી છે. તે હકીક્ત પોલીસતંત્ર જાણે છે કે કેમ,

(૨) આ જ્ગ્યાએ રવિવાર સિવાય પણ પોલીસની પ્રત્યક્ષ હાજરીમાં પ્રાણીના બલી અપાઈ રહ્યા છે, તે હકીક્ત સાચી છે કે કેમ,

(૩) લાંબા સમયથી મોટા પાયે અપાતા આ ગેરકાનુની પ્રવૃત્તિને નહીં રોકવાના શા કારણો છે, અને

(૪) બલી આપનારા તથા મંદિરના પૂજારીઓ/ભૂવાઓ સામે શી કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે, અને

(૫) આ જ્ગ્યાએ અપાતી બલી કાયમી ધોરણે બંધ કરવા શી વ્યવસ્થા થઈ છે અને તેની જવાબદારી કોને સોંપાઈ છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) (૨૪-૧-૨૦૧૧) :

(૧) ચેલાવાડા, (તા. ઘોઘંબા, જિ. પંચમહાલ) ખાતે આવેલ બાબાદેવના મંદિરમાં આવી કોઈ બલી ચઢાવવામાં આવતી નથી કે આવી કોઈ હકીક્ત પોલીસતંત્રના ધ્યાને આવેલ નથી.

(૨) ના જી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**વડોદરામાં ગેરકાનૂની કતલ કરવા બાબત**

અતારાંક્તિ : ૪૨૧૧ (૨૦-૧-૨૦૧૧) શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) વડોદરામાં ગેરકાનુની રીતે નવા યાર્ડ રેલ્વે સ્ટેશન, તાંદલજાં, (બેસીલસ્કૂલ પાસે), એક્તાનગર (આજવા રોડ) અકોટા-મહારાજાનગર, હાથીખાના-તુલસીવાડી, જેતલપુર રેલ્વેસ્ટેશન તથા પોલીસ સ્ટેશન પાસે લાઈસન્સ વિના ગો વંશ સહિત પ્રાણીઓની નિયમિત ક્તલ રોજબરોજ થઈ રહી છે, તે હકીક્ત પોલિસ તંત્ર જાણે છે.

(૨) આ ગેરકાનુની પ્રવૃત્તિ કેટલા સમયથી ચાલુ છે.

(૩) તેના સંચાલકો કોણ છે, અને તેના સામે શાં પગલાં લેવાયા છે, અને

(૪) આ ગેરકાનુની પ્રવૃત્તિ ક્યા પોલિસ સ્ટેશનની હદમાં ચાલી રહી છે અને જવાબદારો સામે શા પગલાં લેવાયાં છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) (૨૪-૧-૨૦૧૧) :

(૧) સદર સ્થળે લાયસન્સ વિના ગો વંશ સહિત પ્રાણીઓની ક્તલની કોઈ પ્રવૃત્તિ નોંધાયેલ નથી.

(૨) આવી કોઈ પ્રવૃત્તિ થતી ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) કોઈ પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) આવી પ્રવૃત્તિ થતી ન હોઈ, પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------------

**ખાંભા તાલુકામાં પથ્થર, ક્વોરી અને રેતી માટેની આપવામાં આવેલ લીઝો**

અતારાંક્તિ : ૪૧૫૭ (૨૦-૧-૧૧) **શ્રી ધીરસિંહ ક.બારડ (કોડીનાર)** : **માનનીય મંત્રીશ્રી**(ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૦-૧૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમરેલી જિલ્લાના ખાંભા તાલુકામાં પથ્થર, ક્વોરી, રેતી માટેની કેટલી લીઝો/પરમીટો આપવામાં આવેલ છે,

(૨) ઉપરોક્ત લીઝો પેકી ગોચરની જમીનમાં કેટલી લીઝો આપવામાં આવેલ છે, અને

(૩) સરકારી પડતર જમીનમાં કેટલી લીઝો આપવામાં આવેલ છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) (૧૯-૨-૧૧) :

(૧) તા. ૩૦-૧૧-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમરેલી જિલ્લાનાં ખાંભા તાલુકામાં પથ્થર-ક્વોરી-રેતી માટેની કુલ ૦૧ લીઝ તથા ૨૪ પરમીટો આપવામાં આવેલ છે.

(૨) એક પણ નહિ.

(૩) એક.

-------------

## જુનાગઢ જિલ્લામાં પથ્થર, ક્વોરી અને રેતી માટેની આપવામાં આવેલ લીઝો

અતારાંક્તિ : ૪૧૫૬ (૨૪-૧-૧૧) **શ્રી ધીરસિંહ ક.બારડ (કોડીનાર) :: માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૦-૧૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર પથ્થર, ક્વોરી, રેતી માટેની કેટલીક લીઝો/પરમીટો આપવામાં આવેલ છે,

(૨) ઉપરોક્ત લીઝો પૈકી તાલુકાવાર ગોચરની જમીનમાં કેટલી લીઝો આપવામાં આવેલ છે, અને

(૩) સરકારી પડતર જમીનમાં કેટલી લીઝો આપવામાં આવેલ છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) (૨૨-૨-૧૧) :

(૧) તા. ૩૦-૧૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જુનાગઢ જિલ્લામાં પથ્થરની ૨૭૭ ક્વોરી લીઝો અને ૨૧ પરમીટો, રેતી ખનિજની ૨૯ ક્વોરી લીઝો અને ૭ પરમીટો આપવામાં આવેલ છે. તાલુકાવાર વિગતોનું **પત્રક-અ** સામેલ છે.

(૨) ઉપરોક્ત લીઝો પૈકી ગોચરની જમીનમાં કુલ ૯ ક્વોરી લીઝો આપવામાં આવેલ છે. તાલુકાવાર વિગતોનું **પત્રક-બ** સામેલ છે.

(૩) સરકારી પડતર જમીનમાં કુલ ૯૦ ક્વોરી લીઝો આપવામાં આવેલ છે.

**પત્રક - અ**

| તાલુકા | વર્ષ ૦૭-૦૮, તા. ૧-૧૨-૦૭ થી તા. ૩૦-૧૧-૦૮ | | | | વર્ષ ૦૮-૦૯, તા. ૧-૧૨-૦૮ થી તા. ૩૦-૧૧-૦૯ | | | | વર્ષ ૦૯-૧૦, તા. ૧-૧૨-૦૯ થી તા. ૩૦-૧૧-૧૦ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પથ્થર | | રેતી | | પથ્થર | | રેતી | | પથ્થર | | રેતી | |
| | ક્વોરી લીઝ | ક્વોરી પરમીટ | ક્વોરી લીઝ | ક્વોરી પરમીટ | ક્વોરી લીઝ | ક્વોરી પરમીટ | ક્વોરી લીઝ | ક્વોરી પરમીટ | ક્વોરી લીઝ | ક્વોરી પરમીટ | ક્વોરી લીઝ | ક્વોરી પરમીટ |
| જુનાગઢ | ૦ | ૧ | ૨ | ૦ | ૦ | ૪ | ૦ | ૦ | ૩ | ૪ | ૦ | ૨ |
| ભેંસાણ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| વંથલી | ૨ | ૧ | ૯ | ૧ | ૭ | ૦ | ૫ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| કેશોદ | ૦ | ૦ | ૦ | ૦ | ૮ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ |
| માળીયા હાટીના | ૪ | ૦ | ૦ | ૦ | ૭ | ૦ | ૧ | ૦ | ૯ | ૨ | ૦ | ૦ |
| વેરાવળ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૫ | ૦ | ૦ | ૦ |
| સુત્રાપાડા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ |
| કોડીનાર | ૧ | ૦ | ૦ | ૦ | ૫ | ૦ | ૦ | ૦ | ૫ | ૦ | ૦ | ૧ |
| ઉના | ૨૭ | ૦ | ૩ | ૦ | ૮૭ | ૦ | ૪ | ૦ | ૮૧ | ૦ | ૧ | ૧ |
| તાલાલા | ૫ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| વીસાવદર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ |
| મેંદરડા | ૨ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ |
| માણાવદર | ૦ | ૦ | ૩ | ૦ | ૩ | ૨ | ૦ | ૦ | ૦ | ૩ | ૦ | ૦ |
| માંગરોળ | ૧ | ૦ | ૦ | ૦ | ૪ | ૦ | ૦ | ૦ | ૩ | ૦ | ૦ | ૦ |
| **કુલ** | **૪૪** | **૪** | **૧૭** | **૧** | **૧૨૪** | **૬** | **૧૧** | **૧** | **૧૦૯** | **૧૧** | **૧** | **૫** |

**પત્રક - બ**

| તાલુકા | વર્ષ ૦૭-૦૮ તા. ૧-૧૨-૦૭ થી ૩૦-૧૧-૦૮ | વર્ષ ૦૮-૦૯ તા. ૧-૧૨-૦૮ થી ૩૦-૧૧-૦૯ | વર્ષ ૦૯-૧૦ તા. ૧-૧૨-૦૯ થી ૩૦-૧૧-૧૦ | કુલ ત્રણ વર્ષનો સરવાળો |
|---|---|---|---|---|
| | ગોચર | ગોચર | ગોચર | ગોચર |
| જુનાગઢ | ૦ | ૦ | ૦ | ૦ |
| ભેંસાણ | ૦ | ૦ | ૦ | ૦ |
| વંથલી | ૦ | ૩ | ૦ | ૩ |
| કેશોદ | ૦ | ૨ | ૦ | ૨ |
| માળીયા હાટીના | ૦ | ૧ | ૦ | ૧ |
| વેરાવળ | ૦ | ૦ | ૦ | ૦ |
| સુત્રાપાડા | ૦ | ૦ | ૦ | ૦ |
| કોડીનાર | ૧ | ૦ | ૦ | ૧ |
| ઉના | ૧ | ૦ | ૦ | ૧ |
| તાલાલા | ૦ | ૦ | ૦ | ૦ |

| | | | | |
|---|---|---|---|---|
| વીસાવદર | ૦ | ૦ | ૦ | ૦ |
| મેંદરડા | ૦ | ૦ | ૦ | ૦ |
| માણાવદર | ૦ | ૦ | ૦ | ૦ |
| માંગરોળ | ૦ | ૧ | ૦ | ૧ |
| **કુલ** | **૨** | **૭** | **૦** | **૯** |

----------------

## દાહોદ જિલ્લામાં બેરોજગારોને રોજગારી

અતારાંક્તિ : ૪૦૫૧ (૨૦-૧-૨૦૧૧) **શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા)** : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૦-૬-૨૦૧૦ની સ્થિતિએ તાલુકાવાર કેટલા બેરોજગારોની નોંધણી જિલ્લા રોજગાર વિનિમય કચેરીમાં કરવામાં આવી,

(૨) આ સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યા ક્યા તાલુકાના કેટલા બેરોજગારોના નામો રોજગારી માટે મોકલવામાં આવ્યા, અને,

(૩) તે પેકી કેટલાને રોજગારી પૂરી પાડવામાં આવી ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી (૧૯-૨-૨૦૧૧) :**

(૧)

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **લાઈવ રજીસ્ટર** |
|---|---|---|
| ૧ | દાહોદ | ૪૬૯૬ |
| ૨ | લીમખેડા | ૩૮૦૦ |
| ૩ | ખાનપુર | ૧૧૨૪ |
| ૪ | ગરબાડા | ૧૯૧૩ |
| ૫ | ઝાલોદ | ૫૫૧૫ |
| ૬ | ફતેપુરા | ૩૬૩૧ |
| ૭ | દેવગઢ બારીયા | ૨૧૦૫ |
| | **કુલ** | ૨૨૭૮૪ |

(૨)

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **રોજગારી માટે મોકલેલ બેરોજગારોની સંખ્યા** |
|---|---|---|
| ૧ | દાહોદ | ૨૭૧૧ |
| ૨ | લીમખેડા | ૧૫૮૪ |
| ૩ | ખાનપુર | ૫૨૬ |
| ૪ | ગરબાડા | ૫૩૯ |
| ૫ | ઝાલોદ | ૧૬૨૭ |
| ૬ | ફતેપુરા | ૨૧૩૩ |
| ૭ | દેવગઢ બારીયા | ૧૫૭૨ |

| | |
|---|---|
| કુલ | ૧૦૬૯૨ |

(૩)

| ક્રમ | તાલુકાનું નામ | તે પૈકી પૂરી પાડેલ રોજગારી |
|---|---|---|
| ૧ | દાહોદ | ૩૮૧ |
| ૨ | લીમખેડા | ૨૨૭ |
| ૩ | ખાનપુર | ૭૮ |
| ૪ | ગરબાડા | ૭૫ |
| ૫ | ઝાલોદ | ૨૩૭ |
| ૬ | ફતેપુરા | ૩૦૭ |
| ૭ | દેવગઢ બારીયા | ૨૩૬ |
| | કુલ | ૧૫૪૧ |

-------------

**કચ્છ જિલ્લાના ઓદ્યોગિક એકમોમાં સ્થાનિક લોકોને અપાયેલ રોજગારી**

અતારાંક્તિ : ૪૦૮૯ (૧૭-૧-૨૦૧૧) **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા):** માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) કચ્છ જિલ્લામાં તાલુકાવાર આવેલ ઓદ્યોગિક એકમોમાં તા. ૩૦-૯-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર ક્યા ક્યા ઓદ્યોગિક એકમોએ કેટલાં સ્થાનિક લોકોને રોજગારી આપવામાં આવી છે.

(૨) ક્યા ક્યા ઓદ્યોગિક એકમોએ સ્થાનિક લોકોને રોજગારી આપવાના સરકારી પરિપત્રનો ભંગ કર્યો છે, અને

(૩) આની સામે શાં પગલાં ભરવામાં આવ્યાં છે ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (૧૯-૨-૨૦૧૧) :

(૧) જૂન અને ડીસેમ્બર અંતિત માહિતી મેળવવામાં આવે છે. ડિસેમ્બર-૨૦૦૭, જૂન-૨૦૦૮, ડીસેમ્બર-૨૦૦૮, જૂન-૨૦૦૯, ડીસેમ્બર-૨૦૦૯ અને જૂન-૨૦૧૦ અંતિત રોજગાર કચેરીના દફતરે નોંધાયેલ એકમોની માહિતીના પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.

(૨)

(૧) અદાણી વીલમાર લી., મુન્દ્રા

(૨) એક્ષેલ એપરલ્સ એક્ષપર્ટ પ્રા. લી., શેડ-૧૯૧-૧૯૨, ગાંધીધામ

(૩) પી. એસ. એલ. લી. (પાઈપ કટીંગ ડીવીઝન), ગાંધીધામ

(૪) વી. વી. એફ. લી., મેઘપર બોરીચી, તા. ગાંધીધામ

(૫) મુન્દ્રા ઈન્ટરનેશનલ ટર્મીનલ પ્રા. લી., મુન્દ્રા

(૬) કારગીલ ઈન્ડિયા પ્રા. લી., ભીમાસર, તા. અંજાર

(૭) વીફોર ફાર્મા પ્રા. લી., ગાંધીધામ

(૮) તેરાપંથ ફુડસ લી., ગાંધીધામ

(૯) ગ્લોબાઈલ ઓઈલ્સ એન્ડ ફેલ્ટ લી., ભીમાસર, તા. અંજાર

(૧૦) જી. પી. ટી. સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ, ગાંધીધામ

(૧૧) જે. વી. આર. ફોર્જીંગ લી., ગાંધીધામ

(૧૨) રામા સીલેન્ડર્સ પ્રા. લી., ભીમાસર, તા. અંજાર

(૧૩) દિપક સીમેન્ટ એન્ડ કેમીકલ્સ લી., લખપત

(૧૪) એક્સલ એપરલ્સ પ્રા. લી., શેડ નં. ૪૦૬, ગાંધીધામ

(૧૫) સોલારીસ કેમટેક લી., ખાવડા, તા. ભૂજ

(૧૬) ગોકુલ રીફોઈલ્સ એન્ડ સોલ્વન્ટ લી., અંજાર

(૧૭) રૂચી સોયા ઈન્ડસ્ટ્રીઝ, ગાંધીધામ

(૧૮) સુમંગલમ ગ્લાસ ઈન્ડસ્ટ્રીઝ, સામખીયાળી, તા. ભચાઉ

(૧૯) રૂશન ફાર્મા લી., ગાંધીધામ

(૨૦) એમ. આર. કે. પાઈપ લી., ભૂજ

(૨૧) કોસ્ટલ ગુજરાત પાવર લી., (ટાટા પાવર લી.), મુન્દ્રા

(૨૨) ઈપ્કા લેબોરેટરી લી., ગાંધીધામ

(૨૩) ભારત પેટ્રોલીયમ કોર્પો. લી., ગાંધીધામ

(૨૪) હિન્દુસ્તાન પેટ્રોલીયમ કોર્પો. લી., ગાંધીધામ

(૨૫) ઈન્ડિયન ઓઈલ કોર્પો. લી., ગાંધીધામ

(૨૬) કંડલા પોર્ટ ટ્રસ્ટ, ગાંધીધામ

(૨૭) સેન્ટ્રલ વેરહાઉસ કોર્પો. લી., કંડલા-૨

(૩) આવા એકમો સામે પગલાં લેવાની શ્રમ અને રોજગાર વિભાગના તા. ૩૧-૩-૧૯૯૫ના ઠરાવમાં કોઈ જોગવાઈ નથી. તેમ છતાં.......

(૧) સ્થાનિકોની નિયત ટકાવારી નહી જાળવતા એકમોને પત્ર પાઠવી ટકાવારી જાળવવા વિનંતી કરવામાં આવે છે.

(૨) આવા એકમોના પ્રતિનિધિઓ સાથે બેઠક રાખી ઠરાવની જોગવાઈથી વાકેફ કરી સ્થાનિકોને રોજગારી આપવા જણવવામાં આવે છે.

(૩) નિયત ટકાવારી ન જાળવતા એકમોની યાદી સંબંધિત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર તથા વેચાણવેરા કચેરીને આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવા મોકલી આપવામાં આવે છે.

----------------

**કચ્છ જિલ્લામાં સ્થાનિક પરિવારોને રોજગારી પુરી પાડવા અંગે.**

અતારાંક્તિ : ૪૦૯૦ (૭-૧-૨૦૧૧) શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા): માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણવવા કૃપા કરશે કે :-

(૧) કચ્છ જિલ્લામાંથી રોજીરોટી મેળવવા અન્ય જિલ્લાઓમાં જતા પરિવારોને સ્થાનિક કક્ષાએ રોજગારી મળી રહે અને સ્થળાંતર કરવું ના પડે તે માટે તા. ૩૦-૯-૨૦૧૦ની સ્થિતિએ સરકારે છેલ્લા બે વર્ષમાં ક્યા ક્યા પગલાં લીધા, અને

(૨) કેટલા પરિવારોને સ્થળાંતર કરતા અટકાવી રોજી રોટી પૂરી પાડવામાં આવી ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (૨૨-૨-૨૦૧૧) :

(૧)

* રોજગાર કચેરી ખાતે રોજગારવાંચ્છુ ઉમેદવારોની નામનોંધણી કરવામાં આવે છે.

* નોકરીદાતાઓની માંગણી મુજબ નોંધાયેલ ઉમેદવારોની ભલામણ કરવામાં આવે છે.

* ઉમેદવારોને રોજગારીની તક પૂરી પાડવા માટે નોકરીદાતાઓ સાથે સંકલન કરીને ઓદ્યોગિક ભરતીમેળાઓનું આયોજન કરવામાં આવે છે.

* સંરક્ષણ દળો માટેના લશ્કરી ભરતી મેળાઓનું આયોજન કરવામાં આવે છે અને તે માટે તાલીમ વર્ગોનું સંચાલન કરવામાં આવે છે.

* સ્વરોજગાર શિબિરો, શાળા કોલેજોમાં કેરીયર કોર્નરના વર્ગો, સ્પર્ધાત્મક પરીક્ષા માટેના તાલીમ વર્ગો વિગેરે દ્વારા પરોક્ષરીતે રોજગારી અપાવવા સરકારશ્રી મદદરૂપ થાય છે.

આ ઉપરાંત ઓદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં લાંબા અને ટૂંકા ગાળાના તાલીમ વર્ગો ચલાવીને યુવાનોની રોજગાર ક્ષમતા (કૌશલ્ય વર્ધન) વધારવા અંગેની કામગીરી હાથ ધરવામાં આવે છે.

(૨) -ખંડ નં. ૧ માં ઉપર જણાવ્યા મુજબની કામગીરી હાથ ધરવામાં આવે છે.

-અન્ય કોઈ બાબત લાગુ પડતી નથી.

-------------

**૨૩૪/page>રાજ્યના ભૂગર્ભ જળના વધુ પડતા દોહનથી પ્રભાવિત તાલુકા**

અતારાંક્તિ પ્રશ્ન ક્રમાંક : ૪૧૪૭ (૨૭-૧-૨૦૧૧) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજ્યમાં સપ્ટેમ્બર-૨૦૧૦ની સ્થિતિએ ક્યા ક્યા તાલુકાઓમાં ભૂગર્ભ જળના વધુ પડતા દોહન (ડાર્ક અને ઓવર એક્સપ્લોઈટેડ) થી પ્રભાવિત થયેલા છે, અને

(૨) આ તાલુકાઓને આ સમસ્યાથી મુક્ત કરવા શી કાર્યયોજના થઈ છે ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (તા. ૨૪-૨-૨૦૧૧)

(૧) રાજ્યમાં સપ્ટેમ્બર-૨૦૧૦ની સ્થિતિએ નીચે દર્શાવેલા તાલુકાઓ ભૂગર્ભ જળના વધુ પડતા દોહનથી પ્રભાવિત થયેલા છે. વિભાગના તા. ૧૬-૧૨-૨૦૦૩ના ઠરાવ ક્રમાંક : જીડબ્લ્યુઆર-૨૦૦૩-૧૪-જ-૧ મુજબ.

**ઓવર એક્ષ્પ્લોઈટેડ (૪૦) તાલુકાઓ :-**

મહેસાણા, કડી, ખેરાલું, વિસનગર, વિજાપુર, સતલાસણા, ઉંઝા, બેચરાજી, ચાણસ્મા, પાટણ, સિધ્ધપુર, વાગદોડ, થરાદ, વડગામ, દિયોદર, ભાભર, ભીલડી, પાંથાવાડા, કાંકરેજ, ગાંધીનગર, કલોલ, માણસા, દહેગામ, ઈડર, સીટી-દસક્રોઈ, સાણંદ, કોડીનાર, વંથલી, માણાવદર, વડોદરા, આમોદ, જંબુસર, અંક્લેશ્વર, કપડવંજ, કઠલાલ, મહેમદાવાદ, અંજાર, માંડવી, ભચાઉ અને રાપર.

**ડાર્ક (૧૦) તાલુકાઓ :-**

પાલનપુર, અમીરગઢ, દાંતીવાડા, ધાનેરા, ડીસા, મેઘરજ, મોડાસા, ધોળકા, પોરબંદર અને માંગરોલ.

(૨) આ તાલુકાઓમાં ભૂગર્ભ જળના ખેંચાણ પર નામદાર સુપ્રિમ કોર્ટ અને ભારત સરકારની માર્ગદર્શક સૂચનાઓ પ્રમાણે નિયંત્રણ મુકવામાં આવેલ છે. તેમજ જે વિસ્તારમાં ભૂગર્ભ જળ સિંચાઈના પ્રમાણમાં ખેંચાણ વધારે હોય અને ડાર્કઝોન હોય ત્યાં ભૂગર્ભ જળ રીચાર્જ માટે ચેકડેમ બનાવવા, તળાવો ઉંડા કરી વરસાદી પાણીનો સંચય કરવો, ચેકડેમ ઉંડા કરવા જેવા જળ સંચયના કામોને પ્રાધાન્ય આપવામાં આવે છે.

---------------

**""ગરીબ કલ્યાણ મેળા માટે સરકારે ખર્ચનો અંદાજ"" બાબતે**

અતારાંક્તિ પ્રશ્ન ક્રમાંક : ૩૮૫૧ (૨૧-૧૨-૨૦૧૦) શ્રી પુનાભાઈ ઢે.. ગામીત(વ્યારા) :માનનીય પંચાયત મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજ્યમાં ૨૦૧૦-૧૧ના વર્ષમાં યોજાનારા ગરીબ કલ્યાણ મેળા માટે રાજ્ય સરકારે કેટલી રકમની ફાળવણી કરી છે, અને

(૨) તેમાંથી તારીખ ૧૫-૮-૨૦૧૦ સુધીમાં કેટલી રકમનું વિતરણ થયેલ છે ?

**પંચાયત મંત્રીશ્રી** (તા. ૨૩-૨-૨૦૧૧) :

(૧) સને ૨૦૧૦-૧૧ના વર્ષમાં યોજાયેલ ગરીબ કલ્યાણ મેળાના આયોજન માટે રાજ્ય સરકારે કુલ ` ૧૮૨૨.૬૪ લાખનો ખર્ચ કરેલ છે.

(૨) તારીખ ૧૫-૮-૨૦૧૦ સુધીમાં ` ૧૦૪૧૮૧.૭૫ લાખની રકમનું સહાય વિતરણ થયેલ છે.

--------------

**ગરીબ કલ્યાણ મેળામાં ખર્ચનો અંદાજ**

અતારાંક્તિ : ૩૮૫૨ (૨૧-૧૨-૨૦૧૦) શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) :માનનીય પંચાયત મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજ્યમાં ૨૦૧૦-૧૧ના વર્ષમાં યોજાઈ રહેલ ગરીબ કલ્યાણ મેળામાં કુલ કેટલો ખર્ચ થવાનો અંદાજ સરકારે નક્કી કરેલ છે, અને

(૨) તારીખ ૧૫-૮-૨૦૧૦ સુધીમાં પ્રત્યેક મેળા દીઠ કેટલો અંદાજીત ખર્ચ કરેલ છે ?

**પંચાયત મંત્રીશ્રી** (તા. ૨૩-૨-૨૦૧૧) :

સને ૨૦૧૦-૧૧ના વર્ષ યોજાયેલ ગરીબ કલ્યાણ મેળાના આયોજન માટે રાજ્ય સરકારે કુલ ` ૧૮૨૨.૬૪ લાખનો ખર્ચ કરેલ છે.

**કચ્છ જિલ્લામાં જર્જરીત તાલુકા પંચાયતોના મકાનો**

**અતારાંક્તિ : ૩૮૯૯ (૨૪-૧-૨૦૧૧) શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા): માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧-૭-૨૦૧૦ની સ્થિતિએ કેટલા તાલુકા પંચાયતોના મકાનો જર્જરિત થયેલા છે.

(૨) તે પૈકી છેલ્લા બે વર્ષમાં કેટલા મકાનોનું સમારકામ કરવામાં આવ્યું અને તે પેટે કેટલો ખર્ચ થયો, અને

(૩) બાકી તાલુકા પંચાયતોના જર્જરિત મકાનોનું નવિનીકરણ ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**પંચાયત મંત્રીશ્રી** (તા. ૨૩-૨-૨૦૧૧) :

(૧) અબડાસા, માંડવી અને અંજાર તાલુકામાં એક એક એમ કુલ ત્રણ મકાનો જર્જરીત થયેલ છે.

(૨) કોઈ મેજર સમારકામ હાથ ધરાયેલ નથી.

(૩) વિગતવાર દરખાસ્તો મળ્યેથી નાણાકીય ઉપલબ્ધતા અનુસાર વિચારણા કરવામાં આવશે.

-------------

**મુળી તાલુકા પંચાયતના ઉપપ્રમુખને જેલની સજા ભોગવ્યા છતાં હોદ્દા ઉપર ચાલુ રહેવા બાબત**

અતારાંક્તિ પ્રશ્ન ક્રમાંક : ૩૯૨૧ (૧૨-૧-૨૦૧૧) શ્રી દેવજીભાઈ ગો.ફતેપરા (હળવદ) :માનનીય પંચાયત મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના મુળી તાલુકા પંચાયતના ઉપ પ્રમુખ ગંભીર ગુન્હા સબબ જેલની સજા ભોગવ્યા છતાં તા. ૩૧-૮-૨૦૧૦ની સ્થિતિએ ક્યા નિયમોના આધારે હોદ્દા ઉપર ચાલુ રાખેલ છે, અને

(૨) તે અન્વયે કેટલા સમયમાં તપાસ પૂરી કરી હોદ્દા ઉપરથી તેમને દુર કરવામાં આવશે ?

**પંચાયત મંત્રીશ્રી** (તા. ૧૮-૨-૨૦૧૧) :

(૧) મુળી તાલુકા પંચાયતના ઉપપ્રમુખે તા. ૨૫-૮-૨૦૧૦ના રોજ રાજીનામું આપેલ હોઈ તા. ૩૧-૮-૨૦૧૦ની સ્થિતિએ ઉપ પ્રમુખના પદ પર ન હતા.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------------

## જોડીયા તાલુકા પંચાયતમાં કેડરવાર મંજૂર મહેકમ

અતારાંકિત : ૪૦૭૦ (૨૪-૧-૨૦૧૧) શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય પંચાયત મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) જોડીયા તાલુકા પંચાયતની કચેરીમાં ઓગષ્ટ-૨૦૧૦ ની સ્થિતિએ કેડરવાઈઝ કેટલું મહેકમ મંજૂર થયેલ છે, અને

(૨) મંજૂર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ ખાલી છે ?

**પંચાયત મંત્રીશ્રી** (તા. ૨૪-૨-૨૦૧૧) :

(૧) જોડીયા તાલુકા પંચાયતની કચેરીમાં ઓગષ્ટ-૨૦૧૦ ની સ્થિતિએ કેડરવાઈઝ મંજૂર થયેલ મહેકમ નીચે મુજબ છે.

| ક્રમ | સંવર્ગનું નામ | મંજૂર મહેકમ |
|---|---|---|
| ૧ | નાયબ ચીટનીશ | ૧ |
| ૨ | નાયબ હિસાબનીશ | ૧ |
| ૩ | વિસ્તરણ અધિકારી (પંચાયત) | ૧ |
| ૪ | વિસ્તરણ અધિકારી (ડી.આર.ડી.એસ.) | ૪ |
| ૫ | વિસ્તરણ અધિકારી (ખેતી) | ૧ |
| ૬ | કેળવણી નિરીક્ષક (વહીવટ) | ૧ |
| ૭ | કેળવણી નિરીક્ષક (શિક્ષક) | ૨ |
| ૮ | વિસ્તરણ અધિકારી (સહકાર) | ૧ |
| ૯ | અધિક મદદનીશ (ઈજનેર) | ૨ |
| ૧૦ | આંકડા મદદનીશ | ૧ |
| ૧૧ | સીની. ક્લાર્ક | ૧ |
| ૧૨ | સીની. એકા. ક્લાર્ક | ૨ |
| ૧૩ | સર્કલ ઈન્સ્પેક્ટર | ૨ |
| ૧૪ | જુ. ક્લાર્ક (વહીવટ) | ૬ |
| ૧૫ | જુ. ક્લાર્ક (હિસાબી) | ૧ |
| ૧૬ | ડ્રાયવર | ૧ |
| ૧૭ | પટાવાળા | ૩ |
| | **કુલ** | **૩૧** |

૨ મંજૂર થયેલ મહેકમ સામે નીચે મુજબની જ્ગ્યાઓ ખાલી છે.

| ક્રમ | સંવર્ગનું નામ | ખાલી જ્ગ્યાઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | નાયબ ચીટનીશ | ૧ |
| ૨ | નાયબ હિસાબનીશ | ૦ |
| ૩ | વિસ્તરણ અધિકારી (પંચાયત) | ૧ |
| ૪ | વિસ્તરણ અધિકારી (ડી.આર.ડી.એ.) | ૪ |
| ૫ | વિસ્તરણ અધિકારી (ખેતી) | ૧ |
| ૬ | કેળવણી નિરીક્ષક (વહીવટ) | ૦ |
| ૭ | કેળવણી નિરીક્ષક (શિક્ષક) | ૨ |
| ૮ | વિસ્તરણ અધિકારી (સહકાર) | ૦ |
| ૯ | અધિક મદદનીશ (ઈજનેર) | ૧ |
| ૧૦ | આંકડા મદદનીશ | ૧ |
| ૧૧ | સીની. ક્લાર્ક | ૦ |
| ૧૨ | સીની. એકા. ક્લાર્ક | ૧ |
| ૧૩ | સર્કલ ઈન્સ્પેક્ટર | ૦ |
| ૧૪ | જુ. ક્લાર્ક (વહીવટ) | ૨ |
| ૧૫ | જુ. ક્લાર્ક (હિસાબી) | ૧ |
| ૧૬ | ડ્રાયવર | ૦ |
| ૧૭ | પટાવાળા | ૧ |
| | **કુલ** | **૧૬** |

**લાઠી તાલુકાના શેખપીપરીયા ગામના સર્વે નં. ૫૭૬ પૈકી ૧૪ની ખેતીની જમીનના હક્ક પત્રમાં થયેલ ચેડાં**

અતારાંક્તિ : ૪૧૮૫ (૧૭-૧-૨૦૧૧) શ્રી મોહંમદફારુક હુ. શેખ(કાલુપુર) : માનનીય મહેસુલ મંત્રીશ્રી જણાવવા કૃપાકરશે કે :-

(૧) અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના શેખપીપરીયા ગામના સર્વે નં. ૫૭૬ પૈકી ૧૪ ખેતીની જમીનના હક્કપત્રના રેકર્ડમાં થયેલ ફેરફાર નોંધ નં. ૧૭૬૨ના અસલી દસ્તાવેજો ઈરાદાપૂર્વક ગૂમ કરી ગંભીર ચેડા થયાની ઘટના ૨૦૦૯માં બહાર આવી છે. તે હકીક્ત સરકાર જાણે છે કે કેમ,

(૨) જો હા તો રેકર્ડ સાથે ચેડાં કઈ સાલમાં અને ક્યા કર્મચારી/અધિકારી દ્વારા કરવામાં આવેલ છે,

(૩) સરકારી રેકર્ડ સાથે ચેડાં કરવાના કારણો શાં હતા, અને

(૪) સરકારી રેકર્ડ સાથે ચેડાં કરનાર સામે શી ખાતાકીય તેમજ ફોજદારી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે ?

**માનનીય મુખ્યમંત્રીશ્રી** (૧૯-૨-૨૦૧૧) :

(૧) અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના શેખપીપરીયા ગામના સર્વે નં. ૫૭૬ પૈકી ૧૪ ખેતીની જમીનના હક્કપત્રના રેકર્ડમાં થયેલ ફેરફાર નોંધ નં. ૧૭૬૨ના કાગળો મળી આવતા ન હોવાનું ધ્યાન પર આવેલ છે. પરંતુ આ રેકર્ડ કોઈએ ઈરાદાપૂર્વક ગુમ કરેલ હોવાની બાબત તપાસ હેઠળ છે તથા રેકર્ડમાં ચેડાં થયેલ નથી.

(૨) હક્કપત્રક નોંધ નં. ૧૭૬૨માં ચેડાં થયેલ ન હોઈ કર્મચારી/અધિકારીની જવાબદારીનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) રેકર્ડ સાથે ચેંડા થયેલ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) મૂળ હક્કપત્રક નોંધ નં. ૧૭૬૨ના રેકર્ડમાં ચેડાં થયેલ ન હોય ચેડા કરનાર સામે ખાતાકીય તેમજ ફોજદારી કાર્યવાહી હાથ ધરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### ધ્રોલ અને જોડીયા તાલુકામાં ધ્રોલથી હજામ ચોરા-માણેકપર-હાડાટોડાનો રસ્તો બિસ્માર હોવા બાબત

અતારાંક્તિ : ૩૮૫૮- (૨૪-૧-૨૦૧૧) શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) જામનગર જિલ્લાના ધ્રોલ તથા જોડીયા તાલુકામાં ધ્રોલથી હજામચોરા વાયા માણેકપર-હાડાટોડાનો રસ્તો અતી બિસ્માર હાલતમાં છે તે સરકાર જાણે છે કે કેમ, અને

(૨) આ બિસ્માર માર્ગને દુરસ્ત કરવા સરકારે શી વ્યવસ્થા કરી છે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૨૪-૨-૨૦૧૧) :

(૧) અને (૨)

રસ્તાની સપાટી વાહન વ્યવહાર યોગ્ય છે. રસ્તાની કુલ ૧૪ કિ.મી. લંબાઈ પૈકી ૧.૭ કિ.મી. લંબાઈમાં સપાટીને રીકારપેટ કરવાની જરૂરીયાત હતી. જે મંજુર કરી ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવેલ છે.

-------------

### શહેરોમાં ભૂગર્ભ ગટર વ્યવસ્થા ઉભી કરવા કાર્યયોજના

અતારાંક્તિ : ૪૧૪૧ (૨૪-૧-૨૦૧૧) શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૧૦ની સ્થિતિએ રાજ્યના ક્યા ક્યા શહેરોમાં ભૂગર્ભ ગટર વ્યવસ્થા ઉભી કરવા સરકારે કાર્યયોજના ઘડી છે, અને

(૨) આ શહેરોમાં ક્યાં સુધીમાં ભૂગર્ભ ગટર વ્યવસ્થા ઉભી કરવામાં આવનાર છે ?

**શહેરી વિકાસ મંત્રીશ્રી** (૨૧-૨-૨૦૧૧) :

(૧) ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૧૦ સુધીમાં સરકારે રાજ્યની તમામ ૧૫૯ નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર વ્યવસ્થા ઉભી કરવા કાર્યયોજના ઘડેલ છે.

(૨) સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ કાર્યયોજના મુજબ રાજ્યના તમામ શહેરોમાં ૧૨/૨૦૧૫ સુધીમાં તબક્કાવાર ભૂગર્ભ ગટર યોજના ઉભી કરવાનું આયોજન છે.

## શહેરી વિસ્તારમાં વસતા બી.પી.એલ. કુટુંબોને ઘરથાળના પ્લોટ અને આવાસ આપવાની યોજના

અતારાંકિત : ૪૧૭૬ (૨૮-૧-૨૦૧૧) શ્રી ધીરસિંહ ક.બારડ (કોડીનાર) :માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) શહેરી વિસ્તારમાં વસતા બી.પી.એલ. કુટુંબોને ઘરથાળના પ્લોટ અને આવાસ આપવાની ઉક્ત યોજના હેઠળ તા. ૩૦-૧૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં જૂનાગઢ જિલ્લાની કોડીનાર નગરપાલિકામાં કેટલા પ્લોટ અને આવાસ મંજુર કરવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ કેટલાં લાભાર્થીઓને લાભ મળેલ છે અને કેટલી રકમની સહાય ચુકવાયેલ છે ?

**શહેરી વિકાસ મંત્રીશ્રી** (૨૩-૨-૨૦૧૧) :

(૧) એક પણ નહીં.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## જુનાગઢ જિલ્લામાં શહેરી વિકાસ માટે ગ્રાન્ટની ફાળવણી

અતારાંકિત : ૪૧૭૭ (૨૪-૧-૨૦૧૧) શ્રી ધીરસિંહ ક.બારડ (કોડીનાર) :માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૦-૧૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં જુનાગઢ જિલ્લામાં શહેરી વિકાસ માટે ક્યા ક્યા હેતુ માટે કેટલી ગ્રાન્ટ ફાળવી, અને

(૨) ફાળવેલ ગ્રાન્ટ અન્વયે કેટલો ખર્ચ થયો અને કેટલા કામો પૂર્ણ થયાં ?

**શહેરી વિકાસ મંત્રીશ્રી** (૨૩-૨-૨૦૧૧) :

(૧) જુનાગઢ જિલ્લામાં તા. ૩૦-૧૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં શહેરી વિકાસ માટે પાણી, ગટર, રસ્તા, દિવાબત્તી, હાઉસીંગ તથા અન્ય કામો માટે જુનાગઢ મહાનગરપાલિકા અને અન્ય ૧૨ નગરપાલિકાઓને કુલ ` ૧૩૨૧૯.૬૧ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે.

(૨) ફાળવેલ ગ્રાન્ટ અન્વયે ` ૧૩૩૦૬.૧૨ લાખના ખર્ચે ૫૪૭૮ કામો પૂર્ણ થયેલ છે, જ્યારે બાકીના કામો પ્રગતિ હેઠળ છે. માંગરોળ નગરપાલિકાની દરખાસ્ત બાકી છે જ્યારે અન્ય નગરપાલિકના કામો પ્રગતિ હેઠળ છે.

------------

## જુનાગઢ જિલ્લાની નગરપાલિકાનાઓને વિવિધ યોજનાઓ અંતર્ગત ગ્રાન્ટની ફાળવણી

અતારાંકિત : ૪૧૭૮ (૨૪-૧-૨૦૧૧) શ્રી ધીરસિંહ ક.બારડ (કોડીનાર) :માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૦-૧૧-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં જુનાગઢ જિલ્લાની કઇ કઇ નગરપાલિકાઓને કઇ કઇ યોજના અંતર્ગત કેટલી ગ્રાન્ટો ફાળવવામાં આવી છે,

(૨) આ ફાળવેલ ગ્રાન્ટ પૈકી કેટલી નગરપાલિકાએ ગ્રાન્ટોનો પુરેપુરો ઉપયોગ કરી કામો પૂર્ણ કરેલ છે,

(૩) કઇ નગરપાલિકાએ ગ્રાન્ટનો પુરેપુરો ઉપયોગ કરીને કામો પૂર્ણ કરેલ નથી, અને

(૪) ફાળવેલ ગ્રાન્ટ મુજબ કામો પૂર્ણ ન કરવાથી કેટલી નગરપાલિકાની કઇ કઇ યોજનાની ગ્રાન્ટો પરત જમા લેવામાં આવી ?

**શહેરી વિકાસ મંત્રીશ્રી** :- (૨૩-૨-૨૦૧૧)

(૧) તા. ૩૦-૧૧-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં જુનાગઢ જિલ્લાની ૧૨ નગરપાલિકાઓને આ સાથે **સામેલ પત્રક-૧** મુજબ જુદી જુદી યોજનાઓ અંતર્ગત ગ્રાન્ટો ફાળવવામાં આવી છે.

(૨) એક પણ નહિ.

(૩) તમામ નગરપાલિકાઓએ ગ્રાન્ટનો પુરેપુરો ઉપયોગ કરીને કામો પૂર્ણ કરેલ નથી.

(૪) કુલ ૮૧૩ કામો પૈકી નગરપાલિકાઓએ ૬૮૨ કામો પૂર્ણ કરેલ છે, ૭૧ કામો પ્રગતિમાં છે અને ૬૦ કામો શરૂ કરવાના બાકી છે જે પૂર્ણ કરવાના હોઇ એક પણ નગરપાલિકાની ગ્રાન્ટ પરત જમા લેવામાં આવી નથી.

**પત્રક-૧**

**કુલ**

**લાખમાં**

| નગર પાલિકાનું નામ | મનો. કર | મનો.એ સસીએ સપી | શ.ગ.યો. | શ.વિ. વર્ષ-૫ | વ્ય. વેરા | વા.ન.વિ. યો | વા.ન. વિ. યો. એસ.સી. એસપી./ ઇન્ફ્રા | અમૃત ધારા | ૧૨મું નાણા પંચ | ૧૩મું નાણા પંચ | સ્વ.જ. મુ.મ. શ. વિ. યોજના | તળાવ યોજના | ગં.વિ.લક્ષી સુધારણા યોજના | પે એન્ડ યુઝ ટોયલેટ | માર્ગ સુધા રણા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. | ૮. | ૯. | ૧૦. | ૧૧. | ૧૨ | ૧૩. | ૧૪. | ૧૫. | ૧૬. |
| કેશોદ | ૪૪.૮૩ | ૨.૦૮ | ૧૧.૧૯ | ૩૦.૦૦ | ૫૮.૨૬ | ૫૦.૩૭ | ૦૦ | ૦૦ | ૦૦ | ૩૫.૯૨ | ૩૭.૨૨ | ૦૦ | ૧૦૨.૨૦ | ૨૮.૪૮ | ૨.૧૧ |
| માંગરોળ | ૩૦.૯૬ | ૧.૮૨ | ૯.૪૪ | ૩૫૦.૦૦ | ૭.૩૮ | ૧૬૫.૦૦ | ૨૪.૯૯ | ૦૦ | ૧૦૦.૦૦ | ૦૦ | ૧૪૯.૨૭ | ૨૫.૦૦ | ૭૯.૮૫ | ૦૦ | ૦૦ |
| માણાવદર | ૨૬.૩૯ | ૦.૭૦ | ૦૦ | ૭.૨૦ | ૬૪.૦૬ | ૧૬૧.૪૬ | ૨૫.૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| વંથલી | ૧૮.૩૧ | ૨.૩૪ | ૧.૫૫ | ૯૦.૦૦ | ૫.૦૧ | ૦૦ | ૨૩.૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૨૫.૦૦ | ૦૦ | ૦૦ |
| વિસાવદર | ૧૫.૫૭ | ૦૦ | ૧.૭૬ | ૦૦ | ૨.૩૧ | ૧૬૦.૫૭ | ૪૯.૨૭ | ૨૦૦.૦૦ | ૨૦.૫૧ | ૦૦ | ૫૫.૧૪ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| સુત્રાપાડા | ૩૩.૨૩ | ૦.૭૪ | ૩.૪૯ | ૦૦ | ૧૨.૦૪ | ૧૫૦.૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૨૫.૦૦ | ૮.૦૦ | ૦૦ |
| તલાલા | ૧૬.૭૭ | ૦૦ | ૦.૮૬ | ૦૦ | ૧૪.૫૭ | ૧૫૦.૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૨૫.૦૦ | ૦૦ | ૦૦ |
| ઉના | ૩૨.૭૩ | ૧.૬૮ | ૯.૮૧ | ૧૧૦.૦૦ | ૧૮.૯૬ | ૧૩૭.૪૯ | ૦૦ | ૦૦ | ૧૦૦.૦૦ | ૦૦ | ૧૦૩.૭૦ | ૨૫.૦૦ | ૦૦ | ૩૫.૦૦ | ૦૦ |
| વેરાવળ- પાટણ | ૬૪.૩૦ | ૪.૬૬ | ૩૭.૧૮ | ૨૫૦.૦૦ | ૭૬.૬૫ | ૨૭.૫૦ | ૦૦ | ૦૦ | ૧૫૦.૦૦ | ૦૦ | ૧૮૩.૭૪ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| કોડીનાર | ૨૯.૧૦ | ૦.૩૫ | ૩.૭૩ | ૦૦ | ૨૨.૭૦ | ૧૨૫.૯૯ | ૨૫.૦૦ | ૪૨.૨૦ | ૫૦.૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૨૫.૦૦ | ૮.૦૦ | ૦૦ |
| ચોરવાડ | ૧૯.૯૨ | ૦.૪૯ | ૨.૦૬ | ૭૫.૦૦ | ૬.૧૮ | ૮૩.૦૮ | ૨૪.૯૯ | ૦૦ | ૧૦૦.૦૦ | ૨૪.૧૨ | ૧૩.૦૦ | ૨૫.૦૦ | ૨૫.૦૦ | ૦૦ | ૦૦ |
| બાટવા | ૧૮.૮૫ | ૦૦ | ૬.૩૭ | ૭૫.૦૦ | ૫.૨૫ | ૨૦૭.૬૭ | ૩૫૨.૦૦ | ૭૦.૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૨.૬૪ | ૧૨.૦૦ | ૦૦ |
| | ૩૫૦.૯૬ | ૧૪.૮૬ | ૮૭.૪૪ | ૯૮૭.૨ | ૨૯૩.૩૭ | ૧૪૧૯.૧૩ | ૫૨૪.૨૫ | ૩૨૧.૨ | ૫૨૦.૫૧ | ૬૦.૦૪ | ૫૪૨.૦૭ | ૭૫ | ૩૧૯.૬૯ | ૯૧.૪૮ | ૨.૧૧ |

| સુ. જ. વેતન રોજગાર | નિર્મળ ગુજરાત રોજગાર ગ્રાન્ટ | એસજે એમએસ વીવાય | આઇએચ એસડીપી | કુલ |
|---|---|---|---|---|
| ૧૭. | ૧૮. | ૧૯. | ૨૦. | ૨૧. |
| ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૬૫૦.૫૩૪ |
| ૮.૭૭ | ૦૦ | ૦૦ | ૦૦ | ૯૫૨.૪૮ |
| ૦૦ | ૦૦ | ૨૩૬.૫૪ | ૦૦ | ૫૨૧.૩૫ |
| ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૬૫.૨૧ |
| ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૫૦૫.૧૩ |
| ૦૦ | ૬.૮૦ | ૦૦ | ૦૦ | ૬૮૩.૨૬ |
| ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૨૦૭.૨૦ |
| ૦૦ | ૦૦ | ૦૦ | ૨૭૪.૫૦ | ૮૪૮.૮૭ |
| ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૭૯૪.૦૩ |
| ૦૦ | ૦૦ | ૪૨૨.૬૨ | ૦૦ | ૭૫૪.૬૯ |
| ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૩૯૮.૮૪ |
| ૦૦ | ૫૭.૮૭ | ૦૦ | ૦૦ | ૮૧૭.૬૫ |
| ૮.૭૭ | ૬૪.૬૭ | ૬૫૯.૧૬ | ૨૭૪.૫ | ૮૨૯૯.૨૪૪ |

## જુનાગઢ જિલ્લાની નગરપાલિકાઓ માટે કેન્દ્ર સરકારની ગ્રાન્ટ

અતારાંકિત : ૪૧૭૯ (૨૪-૧-૨૦૧૧) શ્રી ધીરસિંહ ક.બારડ (કોડીનાર) :માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૩-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં કેન્દ્ર સરકાર તરફથી વિકાસના કામો માટે જુનાગઢ જિલ્લામાં નગરપાલિકા દીઠ કેટલી અને ક્યાં ક્યાં કામો માટે ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) તે અન્વયે કેટલાં કામે પૂર્ણ થયાં અને કેટલા કામો પ્રગતિમાં છે, અને

(૩) આ ગ્રાન્ટ પુરી વપરાઈ છે કે કેમ ?

**શહેરી વિકાસ મંત્રીશ્રી :-** (૨૩-૨-૨૦૧૧) :

(૧) તા. ૩૧-૩-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકાર દ્વારા વિકાસના કામો માટે જુનાગઢ જિલ્લામાં **૧૨મા નાણા પંચ અંતર્ગત** સને ૨૦૦૮-૦૯ના વર્ષમાં પાણી પુરવઠા માટે વેરાવળ-પાટણ નગરપાલિકાને ` ૧૫૦.૦૦ લાખ, ઉના નગરપાલિકાને ` ૧૦૦.૦૦ લાખ, કોડીનાર નગરપાલિકાને ` ૫૦.૦૦ લાખ, માંગરોળ નગરપાલિકાને ` ૧૦૦.૦૦ લાખ અને ચોરવાડ નગરપાલિકાને ` ૧૦૦.૦૦ લાખ મળી કુલ ` ૫૦૦.૦૦ લાખ ફાળવવામાં આવેલ છે, જ્યારે UIDSSMT કાર્યક્રમ હેઠળ સને ૨૦૦૭-૦૮ના વર્ષમાં પાણી પુરવઠા યોજના માટે કેશોદ નગરપાલિકાને ` ૮૬૪.૭૬૮ લાખ અને સુત્રાપાડા નગરપાલિકાને ` ૩૯૪.૬૩૬ લાખ ફાળવવામાં આવેલ છે. આ ઉપરાંત IHSDP કાર્યક્રમ હેઠળ સને ૨૦૦૭-૦૮ના વર્ષમાં ઉના નગરપાલિકાને ` ૨૪૧.૮૨ લાખ હાઉસીંગ યોજના માટે ફાળવવામાં આવેલ છે. બાંટવા, વિસાવદર, વંથલી, તલાલા અને માણાવદર નગરપાલિકાને કોઈ ગ્રાંટ ફાળવવામાં આવેલ નથી.

(૨) ચોરવાડ નગરપાલિકાનું કામ પૂર્ણ થયેલ છે. માંગરોળ નગરપાલિકાની દરખાસ્ત બાકી છે. જ્યારે અન્ય નગરપાલિકાના કામો પ્રગતિ હેઠળ છે.

(૩) ચોરવાડ અને કેશોદ નગરપાલિકા દ્વારા આ ગ્રાન્ટ પુરેપુરી વપરાયેલ છે જ્યારે અન્ય કામો પ્રગતિ હેઠળ હોવાથી ગ્રાન્ટ પુરેપુરી વપરાયેલ નથી.

## બાજપાઈ નગરવિકાસ યોજના અંતર્ગત જુનાગઢ જિલ્લાની નગરપાલિકાઓને રકમની ફાળવણી

અતારાંકિત : ૪૧૮૦ (૨૪-૨-૨૦૧૧) શ્રી ધીરસિંહ ક.બારડ (કોડીનાર) :માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૦-૧૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં જુનાગઢ જિલ્લામાં બાજપાઈ નગરવિકાસ યોજના હેઠળ તાલુકાવાર નગરપાલિકાઓને કેટલી રકમ ફાળવી,

(૨) તે અંતર્ગત તાલુકાવાર ક્યાં ક્યાં કામો હાથ ધરવામાં આવ્યા, અને

(૩) તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**શહેરી વિકાસ મંત્રી** (૨૩-૨-૨૦૧૧) :

(૧) તા. ૩૦-૧૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં જુનાગઢ જિલ્લામાં બાજપાઈ નગરવિકાસ યોજના હેઠળ તાલુકાવાર નગરપાલિકાઓને નીચે મુજબ રકમ ફાળવવામાં આવેલ છે.

| તાલુકો | ન. પા. નું નામ | ફાળવેલ ગ્રાન્ટ ` લાખમાં **સામાન્ય ઘટક** | ફાળવેલ ગ્રાન્ટ ` લાખમાં **એસ.સી.એસ.પી. ઘટક** |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| વેરાવળ - પાટણ | વેરાવળ - પાટણ | ૩૬.૩૧ | ૦૦ |
| કેશોદ | કેશોદ | ૧૨૨.૨૭ | ૦૦ |
| માંગરોળ | માંગરોળ | ૧૩૩.૦૦ | ૨૪.૯૯ |
| ઉના | ઉના | ૧૩૬.૮૭ | ૦૦ |
| કોડીનાર | કોડીનાર | ૧૪૫.૩૯ | ૨૫.૦૦ |
| માણાવદર | બાંટવા | ૧૫૦.૧૭ | ૨૫.૦૦ |
| | માણાવદર | ૧૪૪.૪૯ | ૨૫.૦૦ |
| ચોરવાડ | ચોરવાડ | ૧૬૬.૪૪ | ૨૫.૦૦ |
| વંથલી | વંથલી | ૧૪૯.૯૬ | ૨૫.૦૦ |
| વિસાવદર | વિસાવદર | ૧૪૯.૪૮ | ૨૫.૦૦ |
| સુત્રાપાડા | સુત્રાપાડા | ૧૪૯.૫૭ | ૦૦ |
| તલાલા | તલાલા | ૧૫૦.૦૦ | ૦૦ |
| | **કુલ** | **૧૫૮૪.૨૫** | **૧૯૭.૯૯** |
| | | | **કુલ ૩ + ૪ = ૧૭૮૨.૨૪** |

(૨) તે અંતર્ગત નગરપાલિકાવાર હાથ ધરવામાં આવેલ કામોની વિગત નીચે મુજબ છે.

| નગરપાલિકાના નામ | કામના નામ | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પાણી | રસ્તા | ગટર | સ્ટ્રીટ લાઈટ | ધોબી ઘાટ | મેટ લીંગ | કોઝવે | પ્રો. વોલ | પગથીયા | અન્ય | કુલ |
| વેરાવળ-પાટણ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| કેશોદ | ૨ | ૪ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૬ |
| માંગરોળ | ૫ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૫ |
| ઉના | ૪ | ૭ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૧ |
| કોડીનાર | ૭ | ૧૦ | ૧ | ૧ | ૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૨૦ |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| બાંટવા | ૩ | ૪ | ૨ | ૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૬ | ૧૬ |
| ચોરવાડ | ૦૦ | ૬ | ૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૭ |
| માણવદર | ૭ | ૧૮ | ૧ | ૩ | ૦૦ | ૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૩૦ |
| વંથલી | ૩ | ૧૩ | ૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૭ |
| વિસાવદર | ૦૦ | ૪૭ | ૫૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૨ | ૩ | ૦૦ | ૧૦૩ |
| સુત્રાપાડા | ૦૦ | ૨૪ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૨૪ |
| તલાલા | ૦૦ | ૩૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૩૨ |

(૩) તાલુકાવાર કરવામાં આવેલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ખર્ચ ` લાખમાં |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | કેશોદ | ૫૭.૫૬ |
| ૨ | માંગરોળ | ૫૫.૩૮ |
| ૩ | ઉના | ૭૩.૬૦ |
| ૪ | કોડીનાર | ૯૧.૬૦ |
| ૫ | માણાવદર | ૩૨૬.૭૨ |
| ૬ | ચોરવાડ | ૮૧.૩૭ |
| ૭ | વંથલી | ૧૫૫.૬૧ |
| ૮ | વિસાવદર | ૧૭૦.૬૧ |
| ૯ | સુત્રાપાડા | ૧૨૭.૦૦ |
| ૧૦ | તલાલા | ૫૫.૭૦ |
| | **કુલ** | **૧૧૯૫.૧૫** |

-----------------

**રાજ્યમાં જિલ્લાવાર રમતવીરો પાછળ કરેલ ખર્ચ**

અતારાંક્તિ : ૪૦૮૮ (૧૭-૧-૨૦૧૧) શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા): માનનીય રમતગમત મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજ્ય સરકાર દ્વારા તા. ૩૧-૮-૧૦ની સ્થિતિએ કઇ કઇ રમતોને ક્યા પ્રકારનું પ્રોત્સાહન આપવામાં આવે છે.

(૨) આ સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન કેટલા રમતવીરોને આનો લાભ આપ્યો, અને

(૩) તે પેટે જિલ્લાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**રમતગમત મંત્રીશ્રી** (૨૨-૨-૨૦૧૧) **:**

(૧) રાજ્ય સરકાર દ્વારા ૧૪ વર્ષ, ૧૬ વર્ષ, ૧૭ વર્ષ અને ૧૯ વર્ષ એમ જુદાજુદા વય જુથ માટે નીચે મુજબની રમતોની સ્પર્ધાઓ તથા શિબિરોનું આયોજન થાય છે. તથા નિવૃત્ત રમતવીરોને પેન્શન આપવામાં આવે છે.

(૧) સ્વીમીંગ અંડર-૧૭,૧૯, (૨) ફુટબોલ, (૩) ખો-ખો, (૪) કબ્બડી, (૫) ટેબલ ટેનીસ, (૬) લોન ટેનીસ, (૭) બેડમીંન્ટન, (૮) કુસ્તી, (૯) હેન્ડબોલ, (૧૦) બાસ્કેટ બોલ, (૧૧) આર્ચરી, (૧૨) જીમ્નાસ્ટીક્સ, (૧૩) ફેન્સીંગ, (૧૪) બોલ-બેડમીંન્ટન, (૧૫) ક્રિકેટ, (૧૬) જુડો, (૧૭) સોફ્ટ બોલ, (૧૮) હોકી, (૧૯) વોલીબોલ, (૨૦) રોલર સ્કેટીંગ અંડર-૧૭, ૧૯, (૨૧) યોગાસન અંડર-૧૭, ૧૯,

(૨૨) એથ્લેટીક્સ અંડર - ૧૭, ૧૯, (૨૩) ક્રિકેટ, (૨૪) ચેસ, (૨૫) આર્ચરી, (૨૬) સોફ્ટ બોલ, (૨૭) ડાઇવીંગ (તરણ), (૨૮) ટેક્વેન્ડો, (૨૯) બોક્સીંગ, (૩૦) બેઝબોલ, (૩૧) ફૂટબોલ, (૩૨) વેઇટ લીફ્ટીંગ, (૩૩) થ્રો બોલ, (૩૪) સાયક્લીંગ, (૩૫) મલખમ, (૩૬) નેટબોલ, (૩૭) વોટરપોલો, (૩૮) રોલર હોકી, (૩૯) શુટીંગ બોલ, (૪૦) રાયફલ, (૪૧) શુટીંગ, (૪૨) ડોઝ બોલ, (૪૩) સેપ્ટ સ્કીપીંગ, (૪૪) રોલ બોલ, (૪૫) ટેનીસ બોલ ક્રિકેટ, (૪૬) જમ્પ રોપ, (૪૭) સ્કાય માર્શલ આર્ટ, (૪૮) ચૂઇક્યુ ઓન્ડો.

**આ સ્પર્ધાઓમાં વિશિષ્ઠ સિધ્ધિઓ હાંસલ કરે તે ખેલાડીઓને પ્રોત્સાહન આપવા**

**માટેની નીચે મુજબ યોજનાઓ અમલમાં છે.**

**(૧) એકલવ્ય સિનિયર એવાર્ડ :-**

કેન્દ્ર સરકારના રમતગમત મંત્રાલય એસ.એ.આઈ. તથા ઇન્ડીયન ઓલમ્પીક એસોસીએશન સાથે સંલગ્ન હોય તેવા માન્ય ફેડરેશન દ્વારા યોજાતી ખુલ્લા વિભાગની આંતર રાષ્ટ્રીય સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય કે તૃતિય સ્થાન મેળવી વિજેતા થનાર ખેલાડીને ` ૧.૦૦ લાખનો રોકડ પુરસ્કાર, મોમેન્ટો, પ્રમાણપત્ર, ક્રેસ્ટ, બ્લેઝર કાપડ આપવામાં આવે છે.

**(૨) સરદાર પટેલ સિનિયર એવોર્ડ :-**

કેન્દ્ર સરકારના રમતગમત મંત્રાલય એસ.એ.આઈ. તથા ઇન્ડીયન ઓલમ્પીક એસોસીએશન સાથે સંલગ્ન હોય તેવા માન્ય ફેડરેશન દ્વારા યોજાતી ખુલ્લા વિભાગની આંતર રાષ્ટ્રીય સ્પર્ધામાં વિજેતા થનાર ખેલાડીઓ કે જે યોજના અનુસાર ૭૦ ગુણ મેળવે તેમને ` ૫૦,૦૦૦/- નો રોકડ પુરસ્કાર, મોમેન્ટો, પ્રમાણપત્ર, ક્રેસ્ટ, બ્લેઝર કાપડ આપવામાં આવે છે.

**(૩) જયદિપસિંહજી સિનિયર એવાર્ડ :-**

કેન્દ્ર સરકારના રમતગમત મંત્રાલય એસ.એ.આઈ. તથા ઇન્ડીયન ઓલમ્પીક એસોસીએશન સાથે સંલગ્ન હોય તેવા માન્ય ફેડરેશન દ્વારા યોજાતી ખુલ્લા વિભાગની આંતર રાષ્ટ્રીય અને રાજ્ય ક્ષાએ ખુલ્લા વિભાગની સ્પર્ધામાં વિજેતા થનાર ખેલાડીઓ કે જે યોજના અનુસાર ૬૦ ગુણ મેળવે તેમને ` ૨૦,૦૦૦/- નો રોકડ પુરસ્કાર, મોમેન્ટો, પ્રમાણપત્ર, ક્રેસ્ટ, બ્લેઝર કાપડ આપવામાં આવે છે.

**(૪) એકલવ્ય જુનીયર એવોર્ડ :-**

કેન્દ્ર સરકારના રમતગમત મંત્રાલય એસ.એ.આઈ. તથા ઇન્ડીયન ઓલમ્પીક એસોસીએશન સાથે સંલગ્ન હોય તેવા માન્ય ફેડરેશન દ્વારા યોજાતી જુનીયર વિભાગની આંતર રાષ્ટ્રીય સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય કે તૃતિય સ્થાન મેળવી વિજેતા થનાર ખેલાડીને ` ૫૦,૦૦૦/- નો રોકડ પુરસ્કાર, મોમેન્ટો, પ્રમાણપત્ર, ક્રેસ્ટ, બ્લેઝર કાપડ આપવામાં આવે છે.

**(૫) સરદાર પટેલ જુનીયર એવોર્ડ :-**

કેન્દ્ર સરકારના રમતગમત મંત્રાલય એસ.એ.આઈ. તથા ઇન્ડીયન ઓલમ્પીક એસોસીએશન સાથે સંલગ્ન હોય તેવા માન્ય ફેડરેશન દ્વારા યોજાતી જુનિયર વિભાગની રાષ્ટ્રીય ક્ષાએ જુનીયર વિભાગની સ્પર્ધામાં વિજેતા થનાર ખેલાડીઓ કે જે યોજના અનુસાર ૭૦ ગુણ મેળવે તેમને ` ૨૫,૦૦૦/- નો રોકડ પુરસ્કાર, મોમેન્ટો, પ્રમાણપત્ર, ક્રેસ્ટ, બ્લેઝર કાપડ આપવામાં આવે છે.

**(૬) જયદિપસિંહજી જુનીયર એવોર્ડ :-**

કેન્દ્ર સરકારના રમતગમત મંત્રાલય એસ.એ.આઈ. તથા ઇન્ડીયન ઓલમ્પીક એસોસીએસન સાથે સંલગ્ન હોય તેવા માન્ય ફેડરેશન દ્વારા યોજાતી જુનિયર વિભાગની આંતર રાષ્ટ્રીય તથા રાજ્ય ક્ષાએ જુનીયર વિભાગની સ્પર્ધામાં વિજેતા થનાર ખેલાડીઓ કે જે યોજના અનુસાર ૬૦ ગુણ મેળવે તેમને ` ૧૦,૦૦૦/- નો એવોર્ડ આપવામાં આવે છે. રોકડ પુરસ્કાર, મોમેન્ટો, પ્રમાણપત્ર, ક્રેસ્ટ, બ્લેઝર કાપડ આપવામાં આવે છે.

**(૭) રાજ્ય રમતવીર એવોર્ડ :-**

રાષ્ટ્ર ક્ષાની શાળાકીય રમતોત્સવ, બાળ રમતોત્સવ, ગ્રામીણ રમતોત્સવ, વિનુંમાંકડ ક્રિકેટ સ્પર્ધામાં રાષ્ટ્ર ક્ષાએ પ્રથમ, દ્વિતિય કે તૃતિય સ્થાન મેળવનાર ખેલાડીને રાજ્ય રમતવીર એવોર્ડ આપવામાં આવે છે.

**(૮) આંતર રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેતા ખેલાડીઓને આપવામાં આવતી આર્થિક સહાય :-**

આંતર રાષ્ટ્રીય સ્પર્ધામાં ભાગ લેવા જતાં રાજ્યના ખેલાડીઓને આર્થિક સહાય આપવાની યોજના અમલમાં છે. આ યોજના અનુસાર ખેલાડીને ` ૭૫,૦૦૦/- સુધીની આર્થિક સહાય આપવાની યોજના અમલમાં છે.

**(૯) શિષ્યવૃત્તિ/વૃત્તિકા/સ્ટાઇપેન્ડઃ-**

રાષ્ટ્ર કક્ષાની સ્પર્ધામાં પ્રથમ, દ્વિતિય, તૃતિય સ્થાન મેળવનાર ખેલાડીઓને શિષ્યવૃત્તિ ` ૧,૮૦૦/- તેમજ શાળાકીય શિયાળુ અને શરદ રમતો રાષ્ટ્ર કક્ષાએ ભાગ લેવા જાય તેવા ખેલાડીઓને ` ૧,૨૦૦/- ની વૃત્તિકા આપવાની યોજના અમલમાં છે.

**(૧૦) શક્તિદૂત યોજના :-**

ખેલાડીઓને તેમના જરૂરિયાતના ધોરણે રમતગમતને સંલગ્ન સુવિધાઓ પુરી પાડી એક્સેલન્સ તરફ લઈ ચેમ્પિયન તૈયાર કરવા માટેની શક્તિદૂત યોજનાને સરકારશ્રી દ્વારા તા. ૩૧-૦૮-૨૦૦૬ના ઠરાવથી વર્ષ ૨૦૦૬-૦૭થી અમલમાં મૂક્વામાં આવેલ છે.

**(૧૧)** સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા તા. ૩૧-૮-૨૦૧૦ની સ્થિતિએ એથ્લેટીક્સ,. બેડમીંન્ટન, બાસ્કેટબોલ, ક્રિકેટ, ફુટબોલ, જીમ્નાસ્ટીક્સ, હોકી, હેન્ડબોલ, જુડો, ખો-ખો, કબડ્ડી, કુસ્તી, સ્વીમીંગ, ટેનીસ, ટેબલટેનીસ, વોલીબોલ, આર્ચરી, યોગાસન, સોફટબોલ, સ્કેટીંગ, વેઈટલીફટીંગ, ટગ ઓફ વોર, ફેન્સીંગ, બોલ બેડમીન્ટન, કીક બોક્સીંગ, સ્કાય માર્શલ, આર્ટની રમતોના નીચે પ્રમાણેની વિગતે પ્રોત્સાહન આપવામાં આવે છે.

વિશિષ્ટ તાલીમ શિબિર, ખેલાડીઓને નિશુલ્ક ભોજન, તાલીમ, રમતને અનુરૂપ ગણવેશ, પ્રવાસ,તબીબી સારવાર, મહિલા ખેલાડીઓ માટે મહિલા સ્કોલરશીપ વાર્ષિક ૪,૮૦૦/-, ૩,૬૦૦/-, ૨,૪૦૦/- અનુક્રમે રાજ્યમાં પ્રથમ, દ્વિતિય અને તૃતિય ક્રમે આવનાર અને રાષ્ટ્રક્ક્ષાએ ભાગ લેનાર ખેલાડીઓને આપવામાં આવે છે.

આશાસ્પદ ક્રિકેટ ખેલાડીઓ માટે સ્વામી વિવેકાનંદ હિલશીલ્ડ ક્રિકેટ સ્પર્ધા યોજવામાં આવે છે.

અનુસૂચિત જાતિ માટે ખાસ યોગ સેમીનાર યોજી યોગની તાલીમ આપીને પ્રોત્સાહિત કરવામાં આવે છે. ક્રિકેટ અને યોગ રમતને પ્રોત્સાહન આપવામાં આવેલ.

શક્તિદૂત યોજના-વિવિધ રમતોના ખેલાડીઓને રાષ્ટ્ર/તેમજ આંતર રાષ્ટ્ર કક્ષા સુધી લઈ જવા માટે નીડ બેઝ યોજના અંતર્ગત પ્રવાસ ખર્ચ, વિશિષ્ટ તાલીમ ખર્ચ રમતને અનુરૂપ ગણવેશ, વિશિષ્ટ પોષ્ટિક્તાસભર આહારની સહાય આપી પ્રોત્સાહિત કરવામાં આવે છે.

રીવોલ્વીંગ ફંડમાંથી આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિવિધ રમતોમાં વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્ત કરનાર ખેલાડીઓને રોકડ પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવે છે.

રાજ્યમાં માધ્યમિક શાળાઓને ખેલકૂદ પ્રોત્સાહન યોજના અંતર્ગત પસંદ કરેલ શાળાઓને રમતના સાધનો પૂરા પાડવામાં આવે છે.

કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના સંયુક્ત ઉપક્રમે ગુજરાત રાજ્યમાં પંચાયત યુવા ક્રિડા અને ખેલ અભિયાન અંતર્ગત ગ્રામ પંચાયતો, બ્લોક/તાલુકા કક્ષાએ કેન્દ્ર ઉભા કરી તેમને આર્થિક સહાય આપવામાં આવે છે. આ કેન્દ્રના માનદ ક્રિડાશ્રીઓને રમતલક્ષી તાલીમ આપી ગ્રામ્ય કક્ષાએથી રમતના પ્રોત્સાહન અર્થે કામગીરી હાથ ધરવામાં આવે છે.

(૨) તા. ૩૧-૮-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન નીચે જણાવેલ યોજનાઓ જેવી કે,

(૧) **એવોર્ડ :-** આ સાથે સામેલ રાખેલ પત્રક (૧) દર્શાવ્યા મુજબ કુલ ૧૮૭ ખેલાડીઓને ` ૪૫ લાખના રોકડ પુરસ્કાર આપવામાં આવ્યા.

(૨) **આંતર રાષ્ટ્રીય આર્થિક સહાય :-** આ સાથે સામેલ રાખેલ પત્રક (૨) મુજબ કુલ ૪૬ ખેલાડીઓને ` ૧૫,૫૯,૫૦૪- આર્થિક સહાયરૂપે ચુકવવામાં આવ્યા.

(૩) શિષ્યવૃત્તિ :- આ સાથે સામેલ રાખેલ પત્રક (૩) મુજબ કુલ ૧૫૧ ખેલાડીઓને ` ૨,૭૧,૮૦૦/- ની શિષ્યવૃત્તિ ચુકવવામાં આવી.

(૪) વૃત્તિકા :- આ સાથે સામેલ રાખેલ પત્રક (૪) મુજબ ૮૩ ખેલાડીઓને ` ૯૯,૬૦૦/- ની વૃત્તિકા ચુકવવામાં આવી.

(૫) સ્ટાઈપેન્ડ :- આ સાથે સામેલ રાખેલ પત્રક (૫) મુજબ કુલ ૭ ખેલાડીઓને ` ૩૫ હજારનું સ્ટાઈપેન્ડ ચુકવવામાં આવ્યું.

(૬) સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા તા. ૩૧-૮-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન ૧૯૮૧૯ રમતવીરોને લાભ આપવામાં આવ્યો છે.

(૩) (૧) પ્રોત્સાહન યોજનાઓ જેવી કે એવોર્ડ, આંતરરાષ્ટ્રીય આર્થિક સહાય, શિષ્યવૃત્તિ, વૃત્તિકા અને સ્ટાઈપેન્ડ જિલ્લાવાર ચુકવણી કરવામાં આવેલ છે. તે અંગેના પત્રકો ક્રમ (૧) થી (૫) મુજબ સામેલ છે.

(૨) રાષ્ટ્રકક્ષા સ્પર્ધાના પ્રિનેશનલ કોચીંગ કેમ્પ, ઘનિષ્ઠ શિબિર, ઉનાળુ વેકેશન કેમ્પ, અં-૧૫ ખેલાડીઓ, દિપાવલી જુનિયર ક્રિકેટ કેમ્પ, એન. એસ. ટી. સી. કસોટી, ક્રિકેટ હોસ્ટેલ પ્રવેશ કસોટી, આદીવાસી પ્રતિભા શોધ કસોટી, અં-૧૨ સ્પર્ધા અને કોચીંગ કેમ્પ અર્થે અંતિમ ૩ વર્ષમાં પત્રક-૬ મુજબ ખર્ચ થયેલ છે.

-------------

**પમિ ગુજરાત વિદ્યુત કંપનીના કાર્યક્ષેત્રના ખુલ્લા અને લટકતા ભયજનક વાયરોથી થયેલ અકસ્માતો**

અતારાંકિત : ૩૮૬૩ (૧૩-૧-૨૦૧૧) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે :-

(૧) પમિ ગુજરાત વિદ્યુત કંપનીના કાર્યક્ષેત્રમાં સન-૨૦૦૯ના વર્ષમાં ખુલ્લા અને લટકતા ભયજનક વાયરોથી કેટલા અકસ્માતો થયા.

(૨) આ અકસ્માતોમાં કેટલી જાનહાની થઈ, અને

(૩) આ અંગે જવાબદારો કોણ છે તથા તેની સામે શાં પગલાં લેવાયા છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) (૧૯-૨-૨૦૧૧) :

(૧) વીજ પ્રવહન અને વીજ વિતરણ જાહેર જનતાને સ્પર્શતી એવી બાબત છે કે, વીજ તંત્રના કાબુ બહારના સંજોગોને કારણે વીજ અકસ્માતો થતાં હોય છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, ખુલ્લા વીજ વાયરોના કારણે અકસ્માત થતા નથી. પરંતુ કુદરતી આફતો/આકસ્મિક સંજોગોના કારણે ખુલ્લા વીજ વાયરને થયેલ નુકશાનના પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંપર્કમાં આવવાથી નાગરિકો અને પ્રાણીઓના મૃત્યુ થતા હોય છે. કેટલીકવાર વીજ ગ્રાહકોના આંતરિક વાયરો, ઈલેક્ટ્રીક ઉપકરણોના કારણે પણ અકસ્માતો થતા હોય છે. પમિ ગુજરાત વિદ્યુત કંપનીના કાર્યક્ષેત્રમાં સને-૨૦૦૯ના વર્ષમાં આ પ્રકારના ૪૦૫ અકસ્માતો થયેલ છે.

(૨) આ અકસ્માતોમાં ૫૪ વ્યક્તિઓ અને ૨૩૯ પ્રાણીઓ એમ કુલ ૨૯૩ જાનહાની થયેલ છે.

(૩) વીજ તંત્રની બેદરકારીને કારણે કોઈ પ્રાણઘાતક અકસ્માત થયેલ ન હોવાથી કાર્યવાહી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. તેમ છતાં, જે કિસ્સામાં સ્ટાફની નિષ્કાળજી જણાય છે. તેમાં જવાબદાર સામે નિયમ મુજબ પગલાં ભરવા સંબંધિત સક્ષમ સત્તા ધરાવતા અધિકારીઓને સૂચના આપવામાં આવેલ છે.

---------------

**કચ્છ જિલ્લામાં નિરાધાર વિધવા મહિલાઓના તાલીમ પાછળ કરેલ ખર્ચ**

**અતારાંકિત : ૩૯૧૧ (૧૭-૧-૨૦૧૧) શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા): માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૦-૬-૨૦૧૦ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં નિરાધાર વિધવા મહિલાઓને આર્થિક સ્વનિર્ભર બને તે માટે કઈ કઈ સંસ્થાઓ દ્વારા ક્યા ક્યા ટ્રેડની તાલીમ આપવામાં આવી.

(૨) કેટલી બહેનોએ ઉક્ત તાલીમમાં ભાગ લીધો.

(૩) તાલીમ બાદ ઉક્ત બહેનોને ક્યા ક્યા સાધનો પૂરા પાડવામાં આવ્યા, અને

(૪) તે અંગે કઈ સંસ્થાને કેટલી ગ્રાન્ટ ચુકવવામાં આવી ?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (૨૧-૨-૨૦૧૧) :

(૧) તાલુકાવાર નીચે દર્શાવેલ બહેનોએ, ઉક્ત તાલીમમાં વર્ષવાઈઝ ભાગ લીધો છે.

| ક્રમ | તાલુકો | સંસ્થાનું નામ | ટ્રેડ |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| તારીખ ૧-૭-૨૦૦૮ થી તા. ૩૦-૬-૨૦૦૯ સુધી | | | |
| (૧) | ભૂજ | આઈસેડ, અમદાવાદ | સિવણકામ, કટલરી, બ્યુટી પાર્લર, ફુડ પ્રોડકટ, ખાખરા-મઠીયા વગેરે |
| (૨) | માંડવી | આઈસેડ, અમદાવાદ | સિવણકામ |
| (૩) | મુન્દ્રા | આઈસેડ, અમદાવાદ | સિવણકામ, કટલરી, ચા - નાસ્તાની લારી |
| (૪) | અંજાર | આઈસેડ, અમદાવાદ | સિવણકામ, ફ્રેલ બીડીંગ, પશુપાલન, બ્યુટી પાર્લર, |
| | | શ્રી પારૂલ મહિલા પ્રગતિ મંડળ, મોરબી | સિવણકામ |
| (૫) | ગાંધીધામ | આઈસેડ, અમદાવાદ | સિવણકામ, પશુપાલન, કટલરી, ચા - નાસ્તાની લારી, ટીફીન સેવા, બ્યુટી પાર્લર |
| (૬) | ભચાઉ | આઈસેડ, અમદાવાદ | સિવણકામ, એમ્બ્રોઈડરી કામ, પશુપાલન, કટલરી, ચા - નાસ્તાની લારી |
| | | શ્રી પારૂલ મહિલા પ્રગતિ મંડળ, મોરબી | સિવણકામ, કટલરી, ચા - નાસ્તાની લારી, ટીફીન સેવા, બ્યુટી પાર્લર |
| (૭) | રાપર | આઈસેડ, અમદાવાદ | સિવણકામ, એમ્બ્રોઈડરી કામ, પશુપાલન, કટલરી, ચા - નાસ્તાની લારી, ફુટ પ્રોડકટ |
| | | શ્રી પારૂલ મહિલા પ્રગતિ મંડળ, મોરબી | સિવણકામ, ચા-નાસ્તાની લારી, ટીફીન સેવા, કરીયાણાની દુકાન, દૂધ-દહીંનું વેચાણ |
| (૮) | નખત્રાણા | આઈસેડ, અમદાવાદ | સિવણકામ, ફ્રેલ બીડીંગ |
| તારીખ ૧-૭-૨૦૦૯ થી તા. ૩૦-૬-૨૦૧૦ સુધી | | | |
| (૧) | માંડવી | શ્રોફ ફાઉન્ડેશન ટ્રસ્ટ, કલાલી, જિ. વડોદરા | સિવણકામ |
| (૨) | નખત્રાણા | શ્રોફ ફાઉન્ડેશન ટ્રસ્ટ, કલાલી, જિ. વડોદરા | સિવણકામ |
| (૩) | અબડાસા | | સિવણકામ |

(૨) ૫૦૨ વિધવા બહેનો

(૩) તાલીમાર્થી વિધવા લાભાર્થીઓને તેઓએ લીધેલ તાલીમને અનુરૂપ ઉપલબ્ધ સાધન સહાય કીટ પુરી પાડવામાં આવી.

(૪) નીચે દર્શાવેલ સંસ્થાઓને, તેમના નામ સામે દર્શાવેલ ગ્રાન્ટ ચૂકવવામાં આવી છે.

| ક્રમ | સંસ્થા | ચૂકવવામાં આવેલ ગ્રાન્ટ રકમ ` |
|---|---|---|
| (૧) | આઈસેડ, અમદાવાદ | ૧૦,૮૭,૭૫૦/- |
| (૨) | શ્રી પારૂલ મહિલા પ્રગતિ મંડળ મોરબી. | ૮,૯૯,૮૧૦/- |
| (૩) | શ્રોફ ફાઉન્ડેશન ટ્રસ્ટ, કલાલી, જિ. વડોદરા. | ૧,૩૨,૬૭૫/- |
| | કુલ રકમ ` | ૨૧,૨૦,૨૩૫/- |

**કચ્છ જિલ્લામાં આંગણવાડીના મકાનો બનાવવા અંગે**

અતારાંક્તિ : ૩૯૧૨ (૧૭-૧-૧૧) શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા): માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,

(૧) તા. ૩૦-૬-૨૦૧૦ ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓ ચાલે છે,

(૨) તે પૈકી કેટલી આંગણવાડીઓને પોતાના મકાન નથી.

(૩) આંગણવાડી કેન્દ્રોના મકાનો ન બનાવવાના કારણો શાં છે, અને

(૪) સન ૨૦૦૯-૧૦માં આંગણવાડી કેન્દ્રોના મકાનો બનાવવાનું શું આયોજન હતું ?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (૨૩-૨-૨૦૧૧) :

(૧) તા. ૩૦-૬-૨૦૧૦ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબની આંગણવાડી ચાલે છે.

| ક્રમ | તાલુકા/ઘટકનું નામ | આંગણવાડીની સંખ્યા |
|---|---|---|
| ૧ | મુન્દ્રા | ૭૪ |
| ૨ | અબડાસા | ૧૬૦ |
| ૩ | રાપર | ૧૯૭ |
| ૪ | ભચાઉ | ૧૬૭ |
| ૫ | ભૂજ-૧ | ૧૭૬ |
| ૬ | અંજાર | ૧૮૨ |
| ૭ | નખત્રાણા | ૧૮૨ |
| ૮ | માંડવી | ૨૦૩ |
| ૯ | ગાંધીધામ-૧ | ૯૪ |
| ૧૦ | દયાપર | ૭૪ |
| ૧૧ | ભુજ-૨ | ૧૬૯ |
| ૧૨ | ગાંધીધામ-૨ | ૮૭ |
| | **કુલ** | **૧૭૬૫** |

(૨) તે પૈકી નીચે મુજબની આંગણવાડીઓના પોતાના મકાન નથી.

| ક્રમ | તાલુકા/ઘટકનું નામ | આંગણવાડીની સંખ્યા |
|---|---|---|
| ૧ | મુન્દ્રા | ૧૩ |
| ૨ | અબડાસા | ૪૮ |
| ૩ | રાપર | ૨૧ |
| ૪ | ભચાઉ | ૨૦ |
| ૫ | ભૂજ-૧ | ૬૯ |
| ૬ | અંજાર | ૫૮ |

| | | |
|---|---|---|
| ૭ | નખત્રાણા | ૧૭ |
| ૮ | માંડવી | ૬૦ |
| ૯ | ગાંધીધામ-૧ | ૯૧ |
| ૧૦ | દયાપર | ૧૬ |
| ૧૧ | ભુજ-૨ | ૪૪ |
| ૧૨ | ગાંધીધામ-૨ | ૬૦ |
| | **કુલ** | **૫૧૭** |

(૨) તબક્કાવાર આંગણવાડી મકાન બાંધકામનું આયોજન કરવામાં આવેલ છે જ.

(૩) ૯૦ મકાનોના બાંધકામનું આયોજન હતું.

**કચ્છ જિલ્લામાં વિધવા સહાયની મળેલ અરજીઓ**

અતારાંકિત : ૪૧૧૦ (૧૭-૧-૨૦૧૧) શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા): માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૦-૯-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કચ્છ જિલ્લામાં તાલુકાવાર વિધવા સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ આવી,

(૨) તે પેકી કેટલી અરજીઓ મંજૂર થઈ, કેટલી નામંજૂર થઈ,

(૩) નામંજૂર કરવાના કારણો ક્યાં છે, અને

(૪) મંજૂર કરેલી અરજીઓ પેટે કેટલી રકમની સહાય વર્ષવાર ચૂકવવામાં આવી ?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (તા. ૨૧-૨-૨૦૧૧) :

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | છેલ્લા ત્રણ વર્ષમાં આવેલ અરજીઓની કુલ સંખ્યા |
|---|---|---|
| (૧) | (૨) | (૩) |
| ૧ | ભુજ | ૩૭૮ |
| ૨ | મુન્દ્રા | ૬૯ |
| ૩ | માંડવી | ૨૨૧ |
| ૪ | અંજાર | ૨૯૯ |
| ૫ | ગાંધીધામ | ૨૨૬ |
| ૬ | ભચાઉ | ૧૩૭ |
| ૭ | રાપર | ૧૮૬ |
| ૮ | નખત્રાણા | ૮૨ |
| ૯ | અબડાસા | ૭૭ |

| | | |
|---|---|---|
| ૧૦ | લખપત | ૧૪ |
| | **કુલ સરવાળો...** | **૧,૬૮૯** |

(૨) ૧૦૧૬ અરજીઓ મંજૂર
૪૪૯ અરજીઓ નામંજૂર

(૩) નામંજૂર થવાના કારણો નીચે મુજબ છે.

(૧) નિયત ઉંમર ધરાવતા ન હોવાથી,
(૨) વાર્ષિક આવક વધારે હોવાથી,
(૩) પુખ્ત વયનો ૨૧ વર્ષનો પુત્ર હોવાથી,
(૪) નિયત સમય મર્યાદામાં અરજી કરેલ ન હોઇ,
(૫) અવસાન થવાથી.

(૪)

| અ. નં. | વર્ષ | ચૂકવવામાં આવેલ રકમ (` લાખમાં) |
|---|---|---|
| ૧ | તારીખ ૧-૧૦-૨૦૦૭ થી તા. ૩૦-૯-૨૦૦૮ | ૧૧.૦૮ |
| ૨ | તારીખ ૧-૧૦-૨૦૦૮ થી તા. ૩૦-૯-૨૦૦૯ | ૩૬.૧૪ |
| ૩ | તારીખ ૧-૧૦-૨૦૦૯ થી તા. ૩૦-૯-૨૦૧૦ | ૮૮.૨૭ |
| | **કુલ ....** | **૧૩૫.૪૯** |

---------------

**અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો**

| **ક્રમ** | **વિભાગનું નામ** | **પ્રશ્ન ક્રમાંક** | **કુલ** |
|---|---|---|---|
| ૧ | સામાન્ય વહીવટ વિભાગ | ૪૧૧૮, ૪૧૬૦ | ૦૨ |
| ૨ | કૃષિ અને સહકાર વિભાગ | ૪૦૪૩, ૪૨૦૮ | ૦૨ |
| ૩ | શિક્ષણ વિભાગ | ૩૮૧૫, ૪૦૫૭ | ૦૨ |
| ૪ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | ૩૮૮૭ | ૦૧ |
| ૫ | વન અને પર્યાવરણ વિભાગ | ૩૮૭૬, ૪૦૬૮, ૪૧૩૨, ૪૧૬૫, ૪૧૯૦ | ૦૫ |
| ૬ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૩૮૭૩, ૩૯૮૧, ૪૦૩૯, ૪૦૮૨ | ૦૪ |
| ૭ | ગૃહ વિભાગ | ૩૯૧૮, ૪૧૨૧, ૪૧૨૨, ૪૧૮૮, ૪૧૯૨, ૪૧૯૯, ૪૨૦૩, ૪૨૦૪, ૪૨૧૦, ૪૨૧૧ | ૧૦ |
| ૮ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૪૧૫૬, ૪૧૫૭ | ૦૨ |
| ૯ | શ્રમ અને રોજગાર વિભાગ | ૪૦૫૧, ૪૦૮૯, ૪૦૯૦ | ૦૩ |

| | | | |
|---|---|---|---|
| ૧૦ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૪૧૪૭ | ૦૧ |
| ૧૧ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૩૮૫૧, ૩૮૫૨, ૩૮૯૯, ૩૯૨૧, ૪૦૭૦ | ૦૫ |
| ૧૨ | મહેસૂલ વિભાગ | ૪૧૮૫ | ૦૧ |
| ૧૩ | માર્ગ અને મકાન વિભાગ | ૩૮૫૮ | ૦૧ |
| ૧૪ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | ૪૧૪૧, ૪૧૭૬, ૪૧૭૭, ૪૧૭૮, ૪૧૭૯, ૪૧૮૦ | ૦૬ |
| ૧૫ | રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ | ૪૦૮૮ | ૦૧ |
| ૧૬ | ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ | ૩૮૬૩ | ૦૧ |
| ૧૭ | મહિલા અને બાળ વિકાસ વિભાગ | ૩૯૧૧, ૩૯૧૨, ૪૧૧૦ | ૦૩ |
| | | **કુલ** | **૫૦** |

# સાતમી અતારાંકિત યાદી

## કચ્છ જિલ્લામાં કૃષિ માર્ગ દર્શન શિબિરો યોજવા બાબત

**અતારાંકિત : ૩૯૧૪ (૨૪-૧-૨૦૧૧) શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) કચ્છ જિલ્લામાં તા. ૩૦-૬-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર ક્યાં ક્યાં અને ક્યારે કૃષિ માર્ગદર્શન શિબિરો યોજવામાં આવી, અને

(૨) તે પૈકી દરેક શિબિર વાઇઝ કેટલો ખર્ચ થયો ?

**કૃષિ મંત્રીશ્રી** (૨૪-૨-૨૦૧૧) :

(૧) અને (૨)

કચ્છ જિલ્લામાં તા. ૩૦-૬-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં યોજવામાં આવેલ કૃષિ માર્ગદર્શન શિબિરોની વર્ષ, તાલુકા, ગામનું નામ, તારીખ તેમજ દરેક શિબિર પાછળ થયેલ ખર્ચની માહિતી આ સાથે સામેલ પત્રક-૧ મુજબ છે.

**પત્રક-૧**

| અ.નં. | વર્ષ | તાલુકો | ગામનું નામ | તારીખ | થયેલ ખર્ચ ` માં |
|---|---|---|---|---|---|
| ૧ | તા. ૧-૭-૦૮ થી તા. ૩૦-૬-૦૯ | ભૂજ | બળદીયા | ૨૦-૯-૦૮ | ૫૦૦૦ |
| | | | સામત્રા | ૨૦-૯-૦૮ | ૧૫૦૦૦ |
| | | | ગઢા | ૨૪-૯-૦૮ | ૧૫૦૦૦ |
| | | | કુરન | ૨૬-૯-૦૮ | ૧૫૦૦૦ |
| | | | મખણા | ૩-૯-૦૮ | ૧૫૦૦૦ |
| | | | સુમરાસર | ૧૦-૯-૦૮ | ૧૫૦૦૦ |
| ૨ | | નખત્રાણા | ઉખેડા | ૮-૯-૦૮ | ૫૦૦૦ |
| | | | મથલ | ૨-૯-૦૮ | ૧૫૦૦૦ |
| | | | પાલનપુર | ૨૬-૯-૦૮ | ૧૫૦૦૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩ | | માંડવી | કોડાય મદનપુરા | ૧૬-૯-૦૮ | ૫૦૦૦ |
| | | | બાંભડાય | ૯-૯-૦૮ | ૧૫૦૦૦ |
| અ.નં. | વર્ષ | તાલુકો | ગામનું નામ | તારીખ | થયેલ ખર્ચ ` માં |
| | | માંડવી | મોટા લાયઝા | ૩૦-૯-૦૮ | ૧૫૦૦૦ |
| | | | મેરાઉ | ૧૭-૯-૦૮ | ૧૫૦૦૦ |
| | | | પોલડીયા | ૨૬-૯-૦૮ | ૧૫૦૦૦ |
| ૪ | | રાપર | પગી વાંઢ | ૨૬-૧૧-૦૮ | ૫૦૦૦ |
| | | | કાનપર | ૮-૮-૦૮ | ૧૫૦૦૦ |
| ૫ | | અબડાસા | મોટી સિંઘોડી | ૧૫-૧૨-૦૮ | ૫૦૦૦ |
| | | | કનકપુર | ૧૮-૧૧-૦૮ | ૧૫૦૦૦ |
| | | | બાલાચોડ મોટી | ૧-૧૦-૦૮ | ૧૫૦૦૦ |
| ૬ | | ભચાઉ | ગુણાંતીપુર | ૭-૮-૦૮ | ૧૫૦૦૦ |
| | | | નેર | ૨૦-૯-૦૮ | ૧૫૦૦૦ |
| | | | ચોપડવા | ૩૦-૮-૦૮ | ૧૫૦૦૦ |
| | | | ભુજપર | ૧૨-૮-૦૮ | ૧૫૦૦૦ |
| ૭ | | અંજાર | નાગલપર | ૧૧-૮-૦૮ | ૧૫૦૦૦ |
| | | | ચાંન્દ્રાણી | ૨૦-૮-૦૮ | ૧૫૦૦૦ |
| ૮ | | મુંન્દ્રા | નાની ભુજપર | ૧૫-૧૦-૦૮ | ૧૫૦૦૦ |
| ૯ | | લખપત | લાખાપર | ૧૫-૧૨-૦૮ | ૧૫૦૦૦ |
| | | | મેઘપર | ૨૯-૯-૦૮ | ૧૫૦૦૦ |
| | કુલ- ૨૮ શિબિર | | | | ૩,૭૦,૦૦૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | તા. ૧-૭-૦૯ થી તા. ૩૦-૬-૧૦ | ગાંધીધામ | શીણાય | ૧૦-૯-૦૯ | ૧૫૦૦૦ |
| ૨ | | અંજાર | ખારાપસ વાડીયા | ૧૨-૧૦-૦૯ | ૧૫૦૦૦ |
| | | | અંજાર | ૨૪-૧૦-૦૯ | ૧૫૦૦૦ |
| ૩ | | ભચાઉ | ચોપડવા | ૧૭-૯-૦૯ | ૧૫૦૦૦ |
| | | | હલરા | ૧૯-૩-૧૦ | ૧૫૦૦૦ |
| | | | લખપત | ૧૪-૩-૧૦ | ૧૫૦૦૦ |
| ૪ | | અબડાસા | હાજાપર | ૧૨-૧૦-૦૯ | ૧૫૦૦૦ |
| | | | વિગાબેર | ૧૫-૧૦-૦૯ | ૧૫૦૦૦ |
| | | | લાલા | ૧૩-૩-૧૦ | ૧૫૦૦૦ |
| ૫ | | નખત્રાણા | ભીટારા | ૨૯-૧૦-૦૯ | ૧૫૦૦૦ |
| | | | જડોદર | ૮-૧૦-૦૯ | ૧૫૦૦૦ |
| | | | હરીપર (નિરોણા) | ૫-૧૨-૦૯ | ૧૫૦૦૦ |
| | | | આમારા | ૫-૧૦-૦૯ | ૧૫૦૦૦ |
| | | | કલ્યાણપર | ૧૪-૩-૧૦ | ૧૫૦૦૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૬ | | ભૂજ | ભુંજોડી | ૧૭-૧૧-૦૯ | ૧૫૦૦૦ |
| | | ભૂજ | ટાંકડાસર | ૧૬-૩-૧૦ | ૧૫૦૦૦ |
| | | | નોખાણીયા | ૪-૨-૧૦ | ૧૫૦૦૦ |
| | | | મખણા | ૯-૯-૦૯ | ૧૫૦૦૦ |
| ૭ | | માંડવી | પીપરી | ૨૨-૨-૧૦ | ૧૫૦૦૦ |
| | | | મોટા અંસબીયા | ૧૪-૧૦-૦૯ | ૧૫૦૦૦ |
| | | | ધોકડા | ૯-૩-૧૦ | ૧૫૦૦૦ |
| | | | મેરાઉ | ૨૭-૩-૧૦ | ૧૫૦૦૦ |
| | | | બિંદડા | ૧૨-૧૨-૦૯ | ૧૫૦૦૦ |
| ૮ | | રાપર | ક્રાનમેર | ૪-૧૧-૦૯ | ૧૫૦૦૦ |
| | | | મણોઇ | ૩૦-૯-૦૯ | ૧૫૦૦૦ |
| | કુલ - શિબિર - ૨૫ | | | | ૩,૭૫,૦૦૦ |

**કચ્છ જિલ્લામાં ફળઝાડના વાવેતર માટે રકમ આપવા બાબત**

અતારાંક્તિ : ૩૯૧૫ (૨૪-૧-૨૦૧૧) **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા)**

: **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) કચ્છ જિલ્લામાં તા. ૩૦-૯-૨૦૧૦ની સ્થિતિ એ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા ખેડૂતોને વર્ષવાર ફળઝાડના વાવેતર માટે કેટલી રકમ ચૂકવવામાં આવી, અને

(૨) આ રોપાઓનું ક્યા ક્યા સરકારી ફાર્મમાંથી કેટલી કિંમતે વિતરણ કરવામાં આવ્યું ?

**કૃષિ મંત્રીશ્રી** (૨૫-૨-૨૦૧૧)

(૧) કચ્છ જિલ્લામાં તા. ૩૦-૯-૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા ખેડૂતોને વર્ષવાર ફળઝાડના વાવેતર માટે પત્રક - ૧ માં જણાવ્યા મુજબ રકમ ચુકવવામાં આવી છે.

(૨) આ રોપાઓનું કચ્છ જિલ્લાની બાગાયત ખાતા હસ્તકની મુન્દ્રા નર્સરી ઉપરથી નીચે જણાવ્યા મુજબના કલમ/રોપાઓ જણાવેલ ભાવથી વેચાણ કરવામાં આવેલ છે.

| ક્રમ | કલમ/રોપાનું નામ | ભાવ ` પેસા | ક્રમ | કલમ/રોપાનું નામ | ભાવ ` પેસા |
|---|---|---|---|---|---|
| ૧ | આંબા કેસર | ૫૦.૦૦ | ૭ | દેશી નારિયેળ રોપા | ૧૨.૦૦ |
| ૨ | આંબા આમ્રપાલી | ૩૫.૦૦ | ૮ | હાઇબ્રીડ નારિયેળ રોપા | ૨૫.૦૦ |
| ૩ | ચીકુ કાલીપત્તી | ૩૫.૦૦ | ૯ | સીતાફળ રોપા | ૫.૦૦ |
| ૪ | શેતુર કલમ | ૫.૦૦ | ૧૦ | કાળા જાંબુ રોપા | ૫.૦૦ |
| ૫ | આમળા રોપા | ૫.૦૦ | ૧૧ | જામફળ રોપા | ૫.૦૦ |
| ૬ | ખારેક રોપા | ૧.૦૦ | | | |

## પત્રક-૧ વર્ષ ૨૦૦૭-૦૮

| અ.નં. | તાલુકાનું નામ | રાજ્યની | | કેન્દ્રની | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|
| | | લાભાર્થી | સહાય ` | લાભાર્થી | સહાય ` | લાભાર્થી | સહાય ` |
| ૧ | લખપત | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૨ | મુંદરા | ૩ | ૧૯૪૦૨ | ૪૩ | ૫૭૧૧૬૯ | ૪૬ | ૫૯૦૫૭૧ |
| ૩ | માંડવી | ૬૦ | ૬૯૮૦૭૦ | ૩૮ | ૨૧૮૯૦૯૬ | ૯૮ | ૨૮૮૭૧૬૬ |
| ૪ | ભૂજ | ૪૪ | ૫૪૫૩૬૯ | ૪૭ | ૮૪૫૮૮૧ | ૯૧ | ૧૩૯૧૨૫૦ |
| ૫ | ભચાઉ | ૧૬ | ૧૯૭૩૧૬ | ૧૭ | ૩૬૭૩૪૨ | ૩૩ | ૫૬૪૬૫૮ |
| ૬ | નખત્રાણા | ૨૯ | ૨૯૦૯૬૦૬ | ૩૧ | ૫૮૧૫૧૬૪ | ૬૦ | ૮૭૨૪૭૭૦ |
| ૭ | ગાંધીધામ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૮ | અંજાર | ૫૨ | ૩૧૨૯૧૯ | ૯૨ | ૧૮૩૨૨૨૨ | ૧૪૪ | ૨૧૪૫૧૪૧ |
| ૯ | અબડાસા | ૭ | ૪૭૨૮૧ | ૨ | ૨૪૪૧૨ | ૯ | ૭૧૬૯૩ |
| ૧૦ | રાપર | ૧૯ | ૬૩૬૦૧ | ૦ | ૦ | ૧૯ | ૬૩૬૦૧ |
| | **સરવાળો** | **૨૩૦** | **૪૭૯૩૫૬૪** | **૨૭૦** | **૧૧૬૪૫૨૮૬** | **૫૦૦** | **૧૬૪૩૮૮૫૦** |

## પત્રક-૧ વર્ષ ૨૦૦૮-૦૯

| અ.નં. | તાલુકાનું નામ | રાજ્યની | | કેન્દ્રની | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|
| | | લાભાર્થી | સહાય ` | લાભાર્થી | સહાય ` | લાભાર્થી | સહાય ` |
| ૧ | લખપત | ૧ | ૧૦૯૮ | ૦ | ૦ | ૧ | ૧૦૯૮ |
| ૨ | મુંદરા | ૬ | ૫૫૪૫૬ | ૭૭ | ૯૦૨૮૯૧ | ૮૩ | ૯૫૮૩૪૭ |
| ૩ | માંડવી | ૭૨ | ૮૪૭૩૯૦ | ૧૩૦ | ૧૪૬૪૬૮૦ | ૨૦૨ | ૨૩૧૨૦૭૦ |
| ૪ | ભૂજ | ૩૪ | ૩૨૪૮૪૭ | ૮૮ | ૧૦૬૩૫૦૭ | ૧૨૨ | ૧૩૮૮૩૫૪ |
| ૫ | ભચાઉ | ૧૪ | ૧૭૮૭૯૧ | ૨૩ | ૨૮૪૮૭૯ | ૩૭ | ૪૬૩૬૭૦ |
| ૬ | નખત્રાણા | ૪૬ | ૬૬૮૯૦૭ | ૯૭ | ૧૩૭૮૮૭૯ | ૧૪૩ | ૨૦૪૭૭૮૬ |
| ૭ | ગાંધીધામ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૮ | અંજાર | ૫૭ | ૪૯૨૪૫૩ | ૧૫૪ | ૧૮૨૩૧૪૬ | ૨૧૧ | ૨૩૧૫૫૯૯ |
| ૯ | અબડાસા | ૪ | ૬૭૩૦૫ | ૧૦ | ૧૯૪૬૬૮ | ૧૪ | ૨૬૧૯૭૩ |
| ૧૦ | રાપર | ૨૦ | ૯૩૦૬૭ | ૧ | ૫૭૬૧ | ૨૧ | ૯૮૮૨૮ |
| | **સરવાળો** | **૨૫૪** | **૨૭૨૯૩૧૪** | **૫૮૦** | **૭૧૧૮૪૧૧** | **૮૩૪** | **૯૮૪૭૭૨૫** |

## વર્ષ ૨૦૦૯-૧૦ (તા. ૩૦-૯-૨૦૧૦ ની સ્થિતિએ)

| અ.નં. | તાલુકાનું નામ | રાજ્યની | | કેન્દ્રની | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|
| | | લાભાર્થી | સહાય ` | લાભાર્થી | સહાય ` | લાભાર્થી | સહાય ` |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | લખપત | ૧ | ૬૫૮૮ | ૦ | ૦ | ૧ | ૬૫૮૮ |
| ૨ | મુંદરા | ૧૩ | ૮૬૭૮૦ | ૧૧૨ | ૯૧૧૮૩૫ | ૧૨૫ | ૯૯૮૬૧૫ |
| ૩ | માંડવી | ૧૨ | ૬૧૬૬૦ | ૧૫૬ | ૧૪૪૭૮૪૮ | ૧૬૮ | ૧૫૦૯૫૦૮ |
| ૪ | ભૂજ | ૧૮ | ૧૦૨૦૮૪ | ૧૫૫ | ૧૧૪૫૧૬૧ | ૧૭૩ | ૧૨૪૭૨૪૫ |
| ૫ | ભચાઉ | ૪ | ૪૩૬૦૩ | ૩૮ | ૪૬૮૩૭૪ | ૪૨ | ૫૧૧૯૭૭ |
| ૬ | નખત્રાણા | ૧૩ | ૧૩૮૬૭૮ | ૯૨ | ૧૧૩૭૨૭૨ | ૧૦૫ | ૧૨૭૫૯૫૦ |
| ૭ | ગાંધીધામ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૮ | અંજાર | ૨૩ | ૧૮૯૯૩૪ | ૨૫૪ | ૨૪૩૨૩૮૧ | ૨૭૭ | ૨૬૨૨૩૧૫ |
| ૯ | અબડાસા | ૦ | ૦ | ૨૨ | ૨૯૦૭૪૩ | ૨૨ | ૨૯૦૭૪૩ |
| ૧૦ | રાપર | ૨ | ૧૧૪૩૮ | ૮ | ૪૬૭૭૩ | ૧૦ | ૫૮૨૧૧ |
| | **સરવાળો** | **૮૬** | **૬૪૦૭૬૫** | **૮૩૭** | **૭૮૮૦૩** | **૯૨૩** | **૮૫૨૧૧૫૨** |

------------

**કચ્છ જિલ્લામાં ધાન્ય પાકોનું ઉત્પાદન વધારવા બાબત**

અતારાંક્તિ : ૩૯૧૬ (૨૪-૧-૨૦૧૧) **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા)** : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) કચ્છ જિલ્લાના તાલુકાઓમાં તા. ૩૦-૬-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ધાન્ય પાકોના ઉત્પાદન વધારવા માટે ખેડૂતોને શું પ્રોત્સાહન આપવામાં આવ્યું અને

(૨) સન ૨૦૦૯-૧૦ ના નાણાંકીય વર્ષમાં આ બાબતે શું કામગીરી કરવામાં આવી છે ?

**કૃષિ મંત્રીશ્રી** (૩-૩-૨૦૧૧) :

(૧) કચ્છ જીલ્લાના તાલુકાઓમાં તારીખ ૩૦-૬-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ધાન્ય પાકોના ઉત્પાદન વધારવા માટે ખેડૂતોને ફીલ્ડ ડેમોન્સ્ટ્રેશન, ખેડૂત તાલીમ, સુક્ષ્મ તત્વો, જીપ્સમ, પ્રમાણિત બીજ વતરણ, ઘઉં અને બાજરી વગેરે ઘટકોમાં સહાય આપી પ્રોત્સાહન આપવામાં આવે છે. વખતો વખત ધાન્ય પાકો અંતર્ગત તાંત્રિક માર્ગદર્શન આપવામાં આવે છે. જેમાં તાલુકાવાર આપેલ પ્રોત્સાહનની વિગત દર્શાવતાં પત્રક (૧) અને (૨) સામેલ છે.

(૨) વર્ષ ૨૦૦૯-૧૦ ના નાણાકીય વર્ષમાં આ બાબતે ધાન્ય પાકોના ઉત્પાદન વધારવા માટે ખેડૂતોને ફીલ્ડ ડેમોન્સ્ટ્રેશન, ખેડૂત તાલીમ, સુક્ષ્મ તત્વો, જીપ્સમ, પ્રમાણિત બીજ વિતરણ ઘઉં અને બાજરી વગેરે ઘટકોમાં સહાય આપી પ્રોત્સાહન આપવામાં આવે છે. વખતો વખત ધાન્ય પાકો અંતર્ગત તાંત્રિક માર્ગદર્શન આપવામાં આવે છે. જેમાં તાલુકાવાર આપેલ પ્રોત્સાહન સહ કરેલ કામગીરીની વિગત દર્શાવતુ પત્રક (૩) સામેલ છે.

**પત્રક-૧**

તા. ૧-૭-૨૦૦૮ થી ૩૦-૬-૨૦૦૯ સુધી તાલુકાવાર આપેલ પ્રોત્સાહનની વિગત

| અ. નં. | તાલુકાનું નામ | આપેલ પ્રોત્સાહનની વિગત | આપેલ પ્રોત્સાહન પાછળ થયેલ ખર્ચ ` |
|---|---|---|---|
| ૧ | ભુજ | ધાન્ય પાકોના ઉત્પાદન વધારવા માટે ખેડૂતોને ફીલ્ડ ડેમોન્સ્ટ્રેશન, ખેડૂત તાલીમ, સુક્ષ્મ તત્વો, જીપ્સમ, પ્રમાણિત બીજ વિતરણ, ઘઉં અને બાજરી વગેરે ઘટકોમાં સહાય આપી પ્રોત્સાહન આપવામાં આવે છે. વખતો વખત ધાન્ય પાકો અંતર્ગત તાંત્રિક માર્ગદર્શન આપવામાં આવે છે. | ૨૩૬૧૦.૦૦ |
| ૨ | માંડવી | --ઉપર મુજબ-- | ૨૦૦૦૦૦.૦૦ |
| ૩ | મુન્દ્રા | --ઉપર મુજબ-- | ૦૦ |

| | | | |
|---|---|---|---|
| ૪ | ભચાઉ | --ઉપર મુજબ-- | ૨૭૧૧૦.૦૦ |
| ૫ | રાપર | --ઉપર મુજબ-- | ૪૫૮૪૦.૦૦ |
| ૬ | અંજાર | --ઉપર મુજબ-- | ૦૦ |
| ૭ | ગાંધીધામ | --ઉપર મુજબ-- | ૦૦ |
| ૮ | નખત્રાણા | --ઉપર મુજબ-- | ૩૩૯૫૦.૦૦ |
| ૯ | અબડાસા | --ઉપર મુજબ-- | ૧૧૯૦૦૦.૦૦ |
| ૧૦ | લખપત | --ઉપર મુજબ-- | ૨૦૦૦.૦૦ |
| | કુલ | | ૪૫૧૫૧૦.૦૦ |

**પત્રક-૨**

તા. ૧-૭-૨૦૦૯ થી ૩૦-૬-૨૦૧૦ સુધી તાલુકાવાર આપેલ પ્રોત્સાહનની વિગત

| અ. નં. | તાલુકાનું નામ | આપેલ પ્રોત્સાહનની વિગત | આપેલ પ્રોત્સાહન પાછળ થયેલ ખર્ચ ` |
|---|---|---|---|
| ૧ | ભુજ | ધાન્ય પાકોના ઉત્પાદન વધારવા માટે ખેડૂતોને ફીલ્ડ ડેમોન્સ્ટ્રેશન, ખેડૂત તાલીમ, સુક્ષ્મ તત્વો, જીપ્સમ, પ્રમાણિત બીજ વિતરણ, ઘઉં અને બાજરી વગેરે ઘટકોમાં સહાય આપી પ્રોત્સાહન આપવામાં આવે છે. વખતો વખત ધાન્ય પાકો અંતર્ગત તાંત્રિક માર્ગદર્શન આપવામાં આવે છે. | ૩૩૭૯૩.૦૦ |
| ૨ | માંડવી | --ઉપર મુજબ-- | ૨૧૭૫૨૭.૦૦ |
| ૩ | મુન્દ્રા | --ઉપર મુજબ-- | ૧૭૫૦૦.૦૦ |
| ૪ | ભચાઉ | --ઉપર મુજબ-- | ૧૪૦૦૦.૦૦ |
| ૫ | રાપર | --ઉપર મુજબ-- | ૮૦૦૦.૦૦ |
| ૬ | અંજાર | --ઉપર મુજબ-- | ૦૦ |
| ૭ | ગાંધીધામ | --ઉપર મુજબ-- | ૦૦ |
| ૮ | નખત્રાણા | --ઉપર મુજબ-- | ૩૨૮૦૦.૦૦ |
| ૯ | અબડાસા | --ઉપર મુજબ-- | ૨૦૦૦.૦૦ |
| ૧૦ | લખપત | --ઉપર મુજબ-- | ૩૨૦૦.૦૦ |
| | કુલ | | ૩૨૮૮૨૦.૦૦ |

પત્રક-૩

નાણાકીય વર્ષ ૨૦૦૯-૧૦ માં તાલુકાવાર કરવામાં આવેલ કામગીરીની વિગત

| અ. નં. | તાલુકાનું નામ | આપેલ પ્રોત્સાહનની વિગત | ભોતિક | આપેલ પ્રોત્સાહન પાછળ થયેલ ખર્ચ |
|---|---|---|---|---|
| | ભુજ | ફીલ્ડ ડેમોન્સ્ટ્રેશન | ૨ | ૪૦૦૦.૦૦ |
| ૧ | | સુક્ષ્મ તત્વો | ૧૯ હે | ૯૬૦૦.૦૦ |
| | | પ્રમાણિત બીજ વિતરણ | ૨૦.૨૫ ક્વિ. | ૧૬૦૦૦.૦૦ |
| | | જિપ્સમ | ૭૪ હે | ૧૮૫૦૦.૦૦ |
| | માંડવી | ફીલ્ડ ડેમોન્સ્ટ્રેશન | ૧ | ૨૦૦૦.૦૦ |
| ૨ | | સુક્ષ્મ તત્વો | ૩ હે. | ૧૫૦૦૦.૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| | | જિપ્સમ | ૩ હે. | ૨૧૪૦૦૦.૦૦ |
| ૩ | મુન્દ્રા | જિપ્સમ | ૩૫ હે. | ૧૭૫૦૦.૦૦ |
| | ભચાઉ | ફીલ્ડ ડેમોન્સ્ટ્રેશન | ૧ | ૨૦૦૦.૦૦ |
| ૪ | | સુક્ષ્મ તત્વો | ૩૦ હે. | ૧૨૦૦૦.૦૦ |
| | રાપર | ફીલ્ડ ડેમોન્સ્ટ્રેશન | ૧ | ૨૦૦૦.૦૦ |
| ૫ | | પ્રમાણિત બીજ વિતરણ | ૭૫ ક્વિ. | ૬૦૦૦.૦૦ |
| ૬ | અંજાર | - | - | - |
| ૭ | ગાંધીધામ | - | - | - |
| | નખત્રાણા | ફીલ્ડ ડેમોન્સ્ટ્રેશન | ૨ | ૪૦૦૦.૦૦ |
| ૮ | | સુક્ષ્મ તત્વો | ૩૭ હે | ૧૪૮૦૦ |
| | | પ્રમાણિત બીજ વિતરણ | ૨૦ ક્વિ. | ૧૪૦૦૦.૦૦ |
| | | ખેડુત તાલીમ | ૧ | ૯૯૦૦.૦૦ |
| ૯ | અબડાસા | ફીલ્ડ ડેમોન્સ્ટ્રેશન | ૧ | ૨૦૦૦.૦૦ |
| | લખપત | ફીલ્ડ ડેમોન્સ્ટ્રેશન | ૧ | ૨૦૦૦.૦૦ |
| ૧૦ | | પ્રમાણિત બીજ વિતરણ | ૧૫ ક્વિ. | ૧૨૦૦.૦૦ |
| | કુલ | | | ૩,૬૫,૫૦૦.૦૦ |

## સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત ખેડા જિલ્લામાં ફાળવેલ ગ્રાન્ટ

આતારાંક્તિ :- ૪૦૦૦ (૨૦-૧-૨૦૧૧) શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૩૧/૩/૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત કેન્દ્ર સરકાર તરફથી કેટલી ગ્રાન્ટ મળી,

(૨) તે અન્વયે તા. ૩૦/૬/૧૦ની સ્થિતિએ ખેડા જિલ્લામાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૩) તાલુકાવાર ક્યા ક્યા હેડે કેટલી ગ્રાન્ટ ક્યા કામો પાછળ વાપરવામાં આવી ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૧-૩-૨૦૧૧)

(૧)

| વર્ષ | વિગત | કુલ ગ્રાન્ટ (` લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૮-૦૯ | ઉઘડતી સીલક | ૪૩૮૫.૯૮ |
| | મળેલ ગ્રાન્ટ | ૨૫૪૩૨.૪૭ |
| | કુલ | ૨૯૮૧૮.૪૫ |
| ૨૦૦૯-૧૦ | ઉઘડતી સીલક | ૮૨૯૫.૧૫ |
| | મળેલ ગ્રાન્ટ | ૨૦૦૩૧.૭૩ |
| | કુલ | ૨૮૩૨૬.૮૮ |

(૨)

| વર્ષ | વિગત | ખેડા જિલ્લાને મળેલ ગ્રાન્ટ (` લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૮-૦૯ | ઉઘડતી સીલક | ૫૧.૭૪ |
| | ફાળવેલ ગ્રાન્ટ | ૧૩૧૨.૬૪ |

| | | |
|---|---|---|
| | કુલ | ૧૩૬૪.૩૮ |
| ૨૦૦૯-૧૦ | ઉઘડતી સીલક | ૧૮.૪૩ |
| | ફાળવેલ ગ્રાન્ટ | ૨૧૧૭.૧૩ |
| | કુલ | ૨૧૩૫.૫૬ |
| ૨૦૧૦-૧૧ | ઉઘડતી સીલક | ૧૨૧.૩૧ |
| (૩૦.૦૬.૧૦) | ફાળવેલ ગ્રાન્ટ | ૧૪૪૫.૦૦ |
| | કુલ | ૧૫૬૬.૩૧ |

(૩) સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત સમગ્ર જિલ્લાને એક ઘટક ગણવામાં આવે છે અને તે મુજબ જિલ્લા કક્ષાના હિસાબો રાખવાના રહે છે. તાલુકાવાર હિસાબો નિભાવવાના રહેતા નથી. ખેડા જિલ્લામાં તાલુકાઓની મંજૂર થયેલ પ્રવૃત્તિ મુજબ થયેલ ખર્ચની વિગતો આ સાથે પત્રક-અ મુજબ છે.

**પત્રક-અ**

**(લાખમાં)**

| પ્રવૃત્તિનું નામ | થયેલ ખર્ચ | | |
|---|---|---|---|
| | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ (૩૦.૦૬.૧૦ની સ્થિતિએ) |
| **એસએસએ** | | | |
| બ્લોક રિસોર્સ સેન્ટર | ૨૩.૮૬ | ૩૪.૪૯ | ૧૭.૫૦ |
| ક્લસ્ટર રિસોર્સ સેન્ટર | ૬૭.૬૨ | ૩૭૨.૮૭ | ૧૪૭.૭૨ |
| સીવીલ વર્ક્સ | ૪૭૯.૩૨ | ૬૭૦.૩૦ | ૯૫૫.૬૮ |
| ઈજીએસ/એઆઈઈ | ૫૧.૧૪ | ૨૩.૧૫ | ૧.૬૧ |
| ફ્રી ટેક્સ બુક | ૪૩.૮૬ | ૧૭૭.૫૧ | ૦.૦૦ |
| પ્રવૃત્તિનું નામ | થયેલ ખર્ચ | | |
| | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ (૩૦.૦૬.૧૦ની સ્થિતિએ) |
| ઇનોવેટીવ (ઇસીસીઇ/ગર્લ્સ એજ્યુકેશન) | ૫૪.૦૩ | ૫૪.૩૦ | ૧૨.૧૦ |
| આઈ.ઈ.ડી. (વિક્લાંગ બાળકોને સહાયક શિક્ષણ) | ૫૪.૬૩ | ૪૨.૪૦ | ૨.૪૪ |
| સ્કુલ મેઈન્ટેનન્સ (શાળા મરામત) | ૧૯૨.૯૧ | ૧૯૭.૦૩ | ૧૩૭.૬૩ |
| મેનેજમેન્ટ અને એમઆઈએસ | ૭૫.૨૪ | ૭૪.૪૨ | ૯.૧૫ |
| આરએન્ડઈ (રીસર્ચ એન્ડ ઈવોલ્યુએશન) | ૪.૪૯ | ૧૯.૩૨ | ૪.૬૭ |
| સ્કુલ ગ્રાન્ટ | ૧૫૬.૫૧ | ૧૫૭.૪૪ | ૧૦૫.૭૦ |

| | | | |
|---|---|---|---|
| ટીચર્સ ગ્રાન્ટ | ૪૬.૨૯ | ૪૬.૪૪ | ૩૦.૮૪ |
| મેજર રીપેરીંગ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ટીચર્સ ટ્રેનિંગ | ૯૧.૯૯ | ૧૨૮.૮૭ | ૩૪.૮૪ |
| કોમ્યુનિટી મોબીલાઈઝેશન | ૩.૫૪ | ૩.૪૧ | ૦.૦૦ |
| **એસએસએ કુલઃ-** | ૧૩૪૫.૪૩ | ૨૦૦૧.૯૫ | ૧૪૫૯.૮૮ |
| **એનપીઈજીઈએલ** | ૭.૯૯ | ૮.૨૬ | ૧.૬૦ |
| **કેજીબીવી** | ૯.૯૩ | ૬.૫૯ | ૦.૪૭ |
| **કુલ :-** | ૧૩૬૩.૩૫ | ૨૦૧૬.૮૦ | ૧૪૬૧.૯૫ |

**સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત દાહોદ જિલ્લામાં ગ્રાન્ટની ફાળવણી**

અતારાંક્તિ : ૪૦૪૯ (૨૪-૧-૨૦૧૧) **શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવામાં કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧/૩/૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત કેન્દ્ર સરકાર તરફથી કેટલી ગ્રાન્ટ મળી,

(૨) તે અન્વયે તા. ૩૦/૬/૧૦ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૩) ક્યા ક્યા હેડે કેટલી ગ્રાન્ટની રકમ ક્યા ક્યા તાલુકામાં ખર્ચ કરવામાં આવી ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૧-૩-૨૦૧૧)

(૧)

| વર્ષ | વિગત | કુલ ગ્રાન્ટ (` લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૮-૦૯ | ઉઘડતી સીલક | ૪૩૮૫.૯૮ |
| | મળેલ ગ્રાન્ટ | ૨૫૪૩૨.૪૭ |
| | કુલ | ૨૯૮૧૮.૪૫ |
| ૨૦૦૯-૧૦ | ઉઘડતી સીલક | ૮૨૯૫.૧૫ |
| | મળેલ ગ્રાન્ટ | ૨૦૦૩૧.૭૩ |
| | કુલ | ૨૮૩૨૬.૮૮ |

(૨)

| વર્ષ | વિગત | દાહોદ જિલ્લાને મળેલ ગ્રાન્ટ (` લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૮-૦૯ | ઉઘડતી સીલક | ૧૨૯.૯૩ |
| | ફાળવેલ ગ્રાન્ટ | ૧૨૨૪.૪૯ |
| | કુલ | ૧૩૫૪.૪૨ |
| ૨૦૦૯-૧૦ | ઉઘડતી સીલક | ૩૬.૯૧ |
| | ફાળવેલ ગ્રાન્ટ | ૨૩૭૨.૮૫ |
| | કુલ | ૨૪૦૯.૭૬ |
| ૨૦૧૦-૧૧ | ઉઘડતી સીલક | ૫૯૬.૫૦ |
| (૩૦-૦૬-૧૦) | ફાળવેલ ગ્રાન્ટ | ૧૩૪૫.૦૦ |
| | કુલ | ૧૯૪૧.૫૦ |

(૩) સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત સમગ્ર જિલ્લાને એક ઘટક ગણવામાં આવે છે અને તે મુજબ જિલ્લા કક્ષાના હિસાબો રાખવાના રહે છે. તાલુકાવાર હિસાબો નિભાવવાના રહેતા નથી. દાહોદ જિલ્લામાં તાલુકાઓની મંજૂર થયેલ પ્રવૃત્તિ મુજબ થયેલ ખર્ચની વિગતો આ સાથે પત્રક-અ મુજબ છે.

**પત્રક - અ**

**(` લાખમાં)**

| પ્રવૃત્તિનું નામ | થયેલ ખર્ચ | | |
|---|---|---|---|
| | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ (૩૦-૦૬-૧૦ની સ્થિતિએ) |
| **એસએસએ** | | | |
| બ્લોક રિસોર્સ સેન્ટર | ૧૫.૫૫ | ૨૨.૮૦ | ૧૦.૫૮ |
| ક્લસ્ટર રિસોર્સ સેન્ટર | ૧૬.૪૬ | ૮૧.૦૪ | ૨૫.૮૨ |
| સીવીલ વર્ક્સ | ૫૧૮.૨૭ | ૭૦૧.૨૦ | ૮૫૨.૬૯ |
| ઈજીએસ/એઆઈઈ | ૬૩.૧૪ | ૮૬.૯૦ | ૧૪.૩૭ |
| ફ્રી ટેક્સ બુક | ૪૪.૮૫ | ૧૭૯.૦૮ | ૦.૦૦ |
| ઈનોવેટીવ (ઈસીસીઈ/ગર્લ્સ એજ્યુકેશન) | ૪૪.૫૨ | ૪૪.૩૮ | ૮.૯૩ |
| આઈ.ઈ.ડી. (વિકલાંગ બાળકોને સહાયક શિક્ષણ) | ૪૨.૭૩ | ૩૦.૪૯ | ૧.૩૧ |
| સ્કુલ મેઈન્ટેનન્સ (શાળા મરામત) | ૧૬૦.૫૦ | ૧૭૪.૧૫ | ૧૭૪.૨૩ |
| મેનેજમેન્ટ અને એમઆઈએસ | ૬૧.૮૪ | ૬૭.૫૪ | ૭.૬૩ |
| આરએન્ડઈ (રીસર્સ એન્ડ ઈવોલ્યુએશન) | ૦.૩૧ | ૧૧.૦૧ | ૧.૮૫ |
| સ્કુલ ગ્રાન્ટ | ૧૩૭.૭૨ | ૧૩૩.૦૮ | ૧૩૫.૬૯ |
| પ્રવૃત્તિનું નામ | થયેલ ખર્ચ | | |
| | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ (૩૦-૦૬-૧૦ની સ્થિતિએ) |
| ટીચર્સ ગ્રાન્ટ | ૩૯.૭૮ | ૪૧.૭૫ | ૪૪.૫૭ |
| મેજર રીપેરીંગ | ૦.૯૭ | ૦.૦૦ | ૦.૦૦ |
| ટીચર્સ ટ્રેનિંગ | ૭૨.૨૫ | ૯૬.૨૦ | ૨૯.૬૨ |
| કોમ્યુનિટી મોબીલાઈઝેશન | ૪.૦૨ | ૦.૪૩ | ૦.૦૦ |
| **એસએસએ કુલઃ-** | ૧૨૨૨.૯૧ | ૧૬૭૦.૦૫ | ૧૩૦૭.૨૮ |
| **એનપીઈજીઈએલ** | ૬૩.૯૯ | ૬૪.૬૩ | ૬.૪૬ |
| **કેજીબીવી** | ૪૩.૯૦ | ૮૬.૦૦ | ૪.૬૪ |
| **કુલ :-** | ૧૩૩૦.૮૦ | ૧૮૨૦.૬૮ | ૧૩૧૮.૩૮ |

**કચ્છ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં શોચાલયો બનાવવા અંગે**

અતારાંક્તિ : ૪૧૦૩ (૨૪-૧-૨૦૧૧) **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા)**

**માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) કચ્છ જિલ્લામાં તા. ૩૦-૯-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પ્રાથમિક શાળાઓમાં કેટલા શોચાલયો બનાવવાનું આયોજન હતું.

(૨) તે પેકી કેટલા શોચાલયો બનાવવામાં આવ્યા અને કેટલા બનાવવાના બાકી છે, અને

(૩) કુલ કેટલો ખર્ચ થયો ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૨૫-૨-૨૦૧૧) :

(૧) ૩૪૧ શોચાલયો બનાવવાનું આયોજન હતું.

(૨) તે પેકી ૧૭૧ શોચાલયો બનાવવામાં આવ્યા અને ૧૭૦ બનાવવાના બાકી છે.

(૩) કુલ ` ૧૩૬.૩૦ લાખ ખર્ચ થયો.

-------------

**ખેડા જિલ્લામાં વૃક્ષોનું વાવેતર કરવા બાબત.**

અતારાંક્તિ : ૪૦૧૫ (૧૨-૧-૨૦૧૧) શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય વનમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) ખેડા જિલ્લામાં તાલુકાવાર તા. ૩૦-૬-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યા ક્યા પ્રકારના વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું.

(૨) આ વાવેલા વૃક્ષો પાછળ કઈ કઈ બાબતો પર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) આ વાવેલ વૃક્ષો પેકી તા. ૩૦-૬-૧૦ની સ્થિતિએ કેટલા વૃક્ષો હયાત છે ?

**વનમંત્રીશ્રી** (૨૪-૨-૨૦૧૧) :

(૧) ખેડા જિલ્લામાં તાલુકાવાર તા. ૩૦-૬-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીલગીરી, અરડુસો, દેશીબાવળ, ગુલમહોર, પીપળો, વડ, મહુડો, પેલ્ટ્રાફાર્મ, ગોરસઆંબલી, કોઠી, કણજી, વાંસ, જાંબુ, ખેર, ગરમાળો, ખાટી આંબલી, અરીઠા, કરંજ, ગુંદા, લીમડો વગેરે પ્રકારના વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું.

(૨) આ વાવેલા વૃક્ષો પાછળ છેલ્લા બે વર્ષમાં આગોતરી કામગીરી, વાવેતરની કામગીરી તથા જાળવણીની કામગીરી માટે ` ૪૨૮.૩૬ લાખ ખર્ચ કરવામાં આવ્યો છે.

(૩) આ વાવેલ વૃક્ષો પેકી તા. ૩૦-૦૬-૧૦ની સ્થિતિએ કુલ ૧૫.૪૬ લાખ વૃક્ષો હયાત છે.

--------------

**રાજ્યમાં મેન્ટલ હોસ્પિટલોની ક્ષમતા અને વ્યાપ્તિ**

અતારાંક્તિ : ૩૮૭૪ (૨૪-૧-૨૦૧૧) શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજ્યમાં તા. ૩૧ જુલાઈ-૨૦૧૦ની સ્થિતિએ કેટલી મેન્ટલ હોસ્પિટલો છે અને તેની ક્ષમતા કેટલી છે,

(૨) રાજ્યમાં ઉક્ત સ્થિતિએ કેટલી વધુ મેન્ટલ હોસ્પિટલોની કઈ કઈ જગ્યાએ જરૂર છે, અને

(૩) તે ક્યાં સુધીમાં પૂરી કરવામાં આવશે ?

**આરોગ્ય મંત્રીશ્રી** (૩-૩-૨૦૧૧) :

(૧) રાજ્યમાં તા. ૩૧ જુલાઈ-૨૦૧૦ની સ્થિતિએ ચાર માનસિક આરોગ્યની હોસ્પિટલો છે. તેની ક્ષમતા નીચે મુજબ છે.

અમદાવાદ પથારીની ક્ષમતા - ૩૧૭

| | | |
|---|---|---|
| વડોદરા પથારીની ક્ષમતા | - | ૩૦૦ |
| જામનગર પથારીની ક્ષમતા | - | ૫૦ |
| ભુજ પથારીની ક્ષમતા | - | ૧૬ |

(૨) મેન્ટલ હેલ્થ એકટ-૧૯૮૭ મુજબ ભારત સરકારશ્રીની માર્ગદર્શિકા નેશનલ મેન્ટ હેલ્થ પ્રોગ્રામ, નામદાર સર્વોચ્ચ અદાલતના નિર્દેશો અને નોર્મ્સ, માનવ અધિકાર પંચની ભલામણો અનુસાર રાજ્યમાં ઓછામાં ઓછી બે માનસિક આરોગ્યની હોસ્પિટલો હોવી જરૂરી છે. જેની સામે ગુજરાત રાજ્યમાં ચાર માનસિક આરોગ્ય હોસ્પીટલો કાર્યરત છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**કચ્છ જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાનો વ્યાપ**

અતારાંકિત : ૩૮૯૦ (૨૭-૧-૨૦૧૧) શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૮-૧૦ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં તાલુકાવાર ક્યા ક્યા સ્થળોએ ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા ઉપલબ્ધ છે,

(૨) તાલુકાઓમાં ક્યા ક્યા સ્થળોએ આ સેવા પૂરી પાડવાની માંગણીઓ મળી છે, અને,

(૩) જ્યાં આ સેવાઓ ઉપલબ્ધ નથી અને માંગણી આવી છે ત્યાં સુધીમાં આ સેવા પૂરી પાડવામાં આવશે ?

**આરોગ્ય મંત્રીશ્રી** (૩-૩-૨૦૧૧) :

(૧) સમગ્ર કચ્છના તમામ તાલુકામાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાઓ નીચે મુજબ ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

| તાલુકો | ફાળવેલ એમ્બ્યુલન્સ | લોકેશન |
|---|---|---|
| રાપર | ૩ | અદેસર, રાપર, બાલાસિનોર |
| અંજાર | ૨ | અંજાર, દુધઈ |
| અબડાસા | ૧ | અબડાસા |
| નખત્રાણા | ૨ | નખત્રાણા, નીરોના |
| મુંદ્રા | ૧ | મુંદ્રા |
| લખપત | ૨ | લખપત, વર્માનગર |
| માંડવી | ૨ | માંડવી, ધડશીશા |
| ભુજ | ૪ | ભુજ-૨, ખાવડા, ભુજ-૧ (બેકઅપ) |
| ભચાઉ | ૧ | ભચાઉ |
| ગાંધીધામ | ૧ | ગાંધીધીમ |

(૨) કોઈ એક ચોક્કસ સ્થળ માટે નહી પરંતુ કચ્છ જિલ્લાના તમામ તાલુકામાં એક એક વધારાની એમ્બ્યુલન્સ ફાળવવા માનનીય ધારાસભ્યશ્રી તરફથી માંગણી મળેલ છે.

(૩) હાલ સમગ્ર કચ્છ જિલ્લામાં આ સેવા ઉપલબ્ધ છે. જે જોતાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આમ છતાં, કચ્છ જિલ્લામાં જ્યારે પણ વધારાની એમ્બ્યુલન્સ ફાળવવાનો પ્રસંગ બને ત્યારે આ અંગેના નિયત માપદંડ જેવા કે વિસ્તાર અને વસ્તી તેમજ તાત્કાલીક ઈમર્જન્સી કેસો, નજીકની એમ્બ્યુલન્સનું અંતર, હોસ્પિટલની સગવડતા તથા નેટવર્ક કવરેજ અને સ્ટાફની સલામતી વ્યવસ્થાને ધ્યાને લઈ પૂરી પાડવામાં આવશે.

**ક્ચ્છ જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાના લાભાર્થીઓ**

અતારાંક્તિ :- ૩૮૯૧ (૨૭-૧-૨૦૧૧) શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા)માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૩૧/૮/૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્ચ્છ જિલ્લામાં તાલુકાવાર ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાનો લાભ કેટલા લાભાર્થીઓએ લીધો, અને

(૨) આ પેકી કેટલાની જિંદગી બચાવવામાં આવી ?

**આરોગ્ય મંત્રીશ્રી** (૩-૩-૨૦૧૧) :

(૧) ક્ચ્છ જિલ્લામાં તા. ૩૧-૮-૧૦ની સ્થિતીએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચે મુજબના લાભાર્થીઓએ ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાનો લાભ લીધો છે.

| **તાલુકો** | **લાભાર્થીઓની સંખ્યા** |
|---|---|
| અબડાસા | ૧૯૦૬ |
| અંજાર | ૩૬૧૧ |
| ભચાઉ | ૨૭૦૨ |
| ભુજ | ૬૬૯૧ |
| **તાલુકો** | **લાભાર્થીઓની સંખ્યા** |
| દયાપર (લખપત) | ૧૫૬૭ |
| ગાંધીધામ | ૩૧૭૧ |
| માંડવી | ૨૯૧૨ |
| મુંદ્રા | ૧૬૫૩ |
| નખત્રાણા | ૩૦૦૨ |
| રાપર | ૩૯૨૪ |
| **કુલ** | **૩૧૧૩૯** |

(૨) હૃદયરોગ, રોડ અક્સ્માત, સર્પદંશ, આત્મહત્યા, જટીલ પ્રસુતિ વગેરે કેસોમાં તાત્કાલીક સારવાર ન મળે તો જે તે દર્દીને જાનનું જોખમ હોય છે, તેવા ૧૩૬૯ કેસોમાં દર્દીઓની જિંદગી બચાવવામાં આવેલ છે.

**ખેડા જિલ્લામાં જંતુનાશક દવાથી પ્રક્રિયા કરેલી મચ્છરદાનીઓ પૂરી પાડવા અંગે**

અતારાંક્તિ : ૩૯૮૨ શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવામાં કૃપા કરશે કે :-

(૧) તા. ૩૦/૬/૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલા લોકોને જંતુનાશક દવાથી પ્રક્રિયા કરેલી મચ્છરદાની આપવામાં આવી,

(૨) આ મચ્છરદાનીઓ પૂરી પાડવા માટે સરકારે તાલુકાવાર કેટલો ખર્ચ છેલ્લા બે વર્ષમાં કર્યો, અને

(૩) આ મચ્છરદાનીની કિંમત શું છે ?

**આરોગ્ય મંત્રીશ્રી** (૧-૩-૨૦૧૧) :

(૧) તા. ૩૦-૬-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં જંતુનાશક દવાથી પ્રક્રિયા કરેલ મચ્છરદાની પૂરી પાડેલ નથી.

(રાજ્ય સરકારશ્રી દ્વારા સને ૨૦૦૭-૦૮માં ફાળવેલ મચ્છરદાની ૧ લાખ હતી તથા લાભાર્થીની પોતાની ખર્ચે લાવેલ મચ્છરદાની ૧૫૭૯૯૪ હતી તેમ મળી કુલ ૨૫૭૯૯૪ મચ્છરદાનીઓ દર છ માસે દવાયુક્ત કરી આપવામાં આવે છે.)

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------------

**ખેડા જિલ્લામાં બાળસખા યોજનાના લાભાર્થી**

અતારાંક્તિ : ૩૯૮૩ (૨૭-૧-૨૦૧૧) શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) બાળસખા યોજના હેઠલ તા. ૩૦-૬-૧૦ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલા લાભાર્થીઓએ લાભ લીધો.

(૨) તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) ઉક્ત યોજનાના અમલ માટે સરકારનું આયોજન શું છે ?

**આરોગ્ય મંત્રીશ્રી** (૧-૩-૨૦૧૧) :

(૧) અને

(૨) તા. ૩૦-૬-૧૦ની સ્થિતિએ ખેડા જિલ્લામાં નીચે મુજબના લાભાર્થીઓએ તાલુકાવાર લાભ લીધેલ છે. અને નીચે મુજબ તાલુકાવાર ખર્ચ થયેલ છે.

| અ.નં. | તાલુકાનું નામ | લાભીર્થીની સંખ્યા | ખર્ચની વિગત |
|---|---|---|---|
| ૧ | બાલાશિનોર | ૬૫ | ૮૪,૫૦૦/- |
| ૨ | ઠાસરા | ૪૩ | ૫૫,૯૦૦/- |
| ૩ | કપડવંજ | ૦૭ | ૧૫,૯૫૦/- |
| ૪ | કઠલાલ | ૦ | ૦ |
| ૫ | મહેમદાવાદ | ૦ | ૦ |
| ૬ | ખેડા | ૦ | ૦ |
| ૭ | મહુધા | ૦ | ૦ |
| ૮ | નડીયાદ | ૦ | ૦ |
| | **કુલ** | **૧૧૫** | **૧,૫૬,૩૫૦/-** |

(૧) આ યોજનામાં વધુમાં વધુ બાળરોગ નિષ્ણાંતો જોડાય તે માટે મુખ્ય જિલ્લા તબીબી અધિકારીશ્રી, મારફતે તેમનો સંપર્ક કરવામાં આવે છે.

(૨) વધુ બાળકોને લાભ મળે તે માટે ગૃહ મુલાકાત દ્વારા આવા જરૂરીયાતવાળા નવજાતશિશુઓને ઓળખી કાઢી રીફર કરવા આશા બહેનો, આંગળવાડી કાર્યકરો અને સ્ત્રી આરોગ્ય કાર્યકરોને જાણકારી આપવામાં આવી છે.

(૩) વધુમાં બાળસખા યોજના અંતર્ગત હવેથી જે તાલુકામાં બાળરોગ નિષ્ણાંત ઉપલબ્ધ ન હોય તો, તેની બાજુના બીજા તાલુકાના બાળરોગ નિષ્ણાંત સાથે એમ.ઓ.યુ. કરીને આવા તાલુકાના લાભાર્થીને લાભ મળી રહે તેવી યોગ્ય વ્યવસ્થા કરવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.

------------------

## ખેડા જિલ્લામાં આશા વર્કરોની ભરતી

અતારાંક્તિ : ૩૯૮૪ (૨૭-૧-૨૦૧૧) શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવામાં કૃપા કરશે કે :-

(૧) કેન્દ્ર સરકાર સહાયિત આશા વર્કરોની ખેડા જિલ્લામાં તા. ૩૦-૬-૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી ભરતી કરવામાં આવી, અને

(૨) તેમનું માનદવેતન સરકારે કેટલું નક્કી કરેલ છે ?

**આરોગ્ય મંત્રીશ્રી** (૧-૩-૨૦૧૧) :

(૧) તા. ૩૦-૬-૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ તાલુકાવાર આશા વર્કરો કામ કરે છે.

આ સાથે જોડેલ *પત્રક મુજબ

*પત્રક સચિવશ્રીની ક્ચેરીમાં રાખવામાં આવેલ છે.

**સાબરકાંઠા જિલ્લામાં જમીન બિન ખેતી કરવાના કેસો**

અતારાંક્તિ : ૪૩૬૧ (૩૧-૧-૧૧) **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટ કેટલા કેસોમાં કેટ કેટલી જમીન ક્યા હેતુ માટે બિન ખેતી કરવામાં આવી ?

**મહેસૂલ મંત્રીશ્રી** (૧૬-૩-૧૧)

આ સાથે જોડેલ *પત્રક મુજબ

*પત્રક સચિવશ્રીની ક્ચેરીમાં રાખવામાં આવેલ છે.

**જોડીયા તાલુકાના પડાણાથી કોયલી જતા રસ્તા પર નીચા કોઝવેને કારણે ચોમાસામાં પડતી મુશ્કેલીઓ**

અતારાંક્તિ : ૩૮૬૦ (૨૪-૧-૨૦૧૧) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) જામનગર જિલ્લાના જોડીયા તાલુકાના પડાણાથી કોયલી જતા રસ્તા પર હયાત નીચા કોઝવેને કારણે ચોમાસામાં પુરના કારણે અવરજવર બંધ થઈ જાય છે તે ફરિયાદથી સરકાર વાકેફ છે કેમ, અને

(૨) જો હા, તો આ સમસ્યાના ઉકેલ માટે આ કોઝવેની જગ્યાએ પુલ બનાવવા સરકારે શી વ્યવસ્થા હાથ ધરી હશે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૧૧-૩-૨૦૧૧)

(૧) ચોમાસામાં ભારે વરસાદ/પુરના સમયે ૪ થી ૫ ક્લાક રસ્તો બંધ રહે છે.

(૨) જિલ્લામાં અમલ હેઠળની અન્ય યોજનાઓની અગ્રતા જોતા હાલમાં આયોજન નથી.

**જોડીયા ગામ પાસે રેલીંગ વિનાનું પ્રણઘાતક પુલીયું**

અતારાંક્તિ : ૩૮૬૨ (૨૪-૧-૨૦૧૧) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) જામનગર જિલ્લાના જોડીયા તાલુકાના જોડીયા ગામ પાસે રેલીંગ વિનાનું એક પ્રાણઘાતક પુલીયુ આવેલું છે તે જોખમકારક હોવાથી તાત્કાલીક મરામતને પાત્ર બન્યુ છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો આ જોખમકારક પુલીયાની મરામત ક્રવાની સરકારે શી વ્યવસ્થા કરી છે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૯-૩-૨૦૧૧)

(૧) ના, જી

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## કચ્છ જિલ્લામાં પંચાયત અને રાજ્ય હસ્તકના ડામર કર્યા વગરના રસ્તાઓ

અતારાંક્તિ : ૩૮૯૩ (૨૪-૧-૨૦૧૧) **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) તા. ૩૧-૮-૧૦ની સ્થિતિએ કચ્છ જિલ્લાના તાલુકાવાર પંચાયત અને રાજ્ય હસ્તકના રસ્તાઓ ડામર કર્યા વગરના ૭ વર્ષથી વધુ સમયના ૫ વર્ષથી વધુ સમયના અને ૩ વર્ષથી વધુ સમયના કુલ કેટલા અને ક્યા ક્યા રસ્તાઓ છે.

(૨) આ કામગીરી પૂર્ણ કરવા માટે સરકારે કોઈ આયોજન કરેલ છે, અને

(૩) જો હા, તો ક્યાં સુધીમાં આ કામ પૂર્ણ કરવામાં આવનાર છે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૧૬-૩-૨૦૧૧)

(૧) તાલુકાવાર પંચાયત અને રાજ્ય હસ્તકના ડામર કર્યા વગરના રસ્તાઓની યાદી *પરિશિષ્ટ-૧ મુજબ છે.

(૨)

| તાલુકો | કુલ રસ્તા | | |
|---|---|---|---|
| | પંચાયત | રાજ્ય | કુલ |
| ૭ વર્ષથી વધુ સમયના | | | |
| લખપત | ૧૨ | ૩ | ૧૫ |
| મુંદ્રા | ૧ | ૦ | ૧ |
| માંડવી | ૧૭ | ૩ | ૨૦ |
| ભુજ | ૧૬ | ૪ | ૨૦ |
| ભચાઉ | ૧૪ | ૧ | ૧૫ |
| નખત્રાણા | ૧૫ | ૦ | ૧૫ |
| અંજાર | ૧૫ | ૨ | ૧૭ |
| અબડાસા | ૧૬ | ૨ | ૧૮ |
| રાપર | ૧૮ | ૧ | ૧૯ |
| ગાંધીધામ | ૦ | ૦ | ૦ |
| ૫ વર્ષથી વધુ સમયના | | | |
| લખપત | ૧ | ૦ | ૧ |
| મુંદ્રા | ૧૧ | ૨ | ૧૩ |
| માંડવી | ૯ | ૬ | ૧૫ |
| ભુજ | ૬ | ૩ | ૯ |
| ભચાઉ | ૧૧ | ૪ | ૧૫ |
| નખત્રાણા | ૧૩ | ૨ | ૧૫ |
| અંજાર | ૬ | ૫ | ૧૧ |
| અબડાસા | ૯ | ૪ | ૧૩ |
| રાપર | ૧૬ | ૭ | ૨૩ |
| ગાંધીધામ | ૦ | ૦ | ૦ |
| ૩ વર્ષથી વધુ સમયના | | | |
| લખપત | ૫ | ૦ | ૫ |
| મુંદ્રા | ૩ | ૧ | ૪ |
| તાલુકો | કુલ રસ્તા | | |
| | પંચાયત | રાજ્ય | કુલ |
| માંડવી | ૪ | ૦ | ૪ |
| ભુજ | ૧ | ૨ | ૩ |
| ભચાઉ | ૬ | ૧ | ૭ |
| અંજાર | ૨ | ૨ | ૪ |

| | | | |
|---|---|---|---|
| અબડાસા | ૩ | ૧ | ૪ |
| રાપર | ૯ | ૧ | ૧૦ |

(૨) અને (૩) દર ત્રણ વર્ષે કે પાંચ વર્ષે રીકારપેટ કરવાના કોઈ ધારાધોરણ નથી. પરંતુ રસ્તાની સપાટીની સ્થિતિ, રસ્તા પરના ટ્રાફિક્ના ભારણ તથા રસ્તાની ઉપયોગીતાને ધ્યાને લઈને રીકારપેટના કામો મંજુર કરવામાં આવતા હોય છે.

*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

**જોડીયા તાલુકાના બાલંભા ગામેથી કાળીયાદના નાકાથી સ્મશાન પાસે હાઈવેને જોડતો મેઘપર જવાનો રસ્તો**

અતારાંક્તિ : ૪૦૭૧ (૨૮-૧-૨૦૧૧) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) જામનગર જિલ્લાના જોડીયા તાલુકાના બાલંભા ગામે મુસલમાનના ઘુડીયેથી હરીજનવાસ કાળીયાદના નકા થઈને સ્મશાન પાસે હાઈવેને જોડતો મેઘપર ગામે જવાનો માર્ગ ત્રીસમી સપ્ટે-૨૦૧૦ની સ્થિતિએ બિસ્માર હાલતમાં છે તે હકીક્ત સાચી છે, અને

(૨) આ બિસ્માર માર્ગને રીપેર કરવા સરકારે શી વ્યવસ્થા ગોઠવી છે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૧૧-૩-૨૦૧૧)

(૧) અને (૨)

બાલંભા ગામ બે ડામરના પાકા રસ્તાઓથી આમરણ જોડીયા કોસ્ટલ હાઈવે સાથે જોડાયેલ છે. માંગણીવાળો રસ્તો ગાડા માર્ગ છે. હાલમાં આયોજન નથી.

**જોડીયા તાલુકાના મોરાણા ગામ નજીક ભેસદડીયા વોકળા ઉપર પાણી ભરાતાં રસ્તો બંધ થવા બાબત.**

અતારાંક્તિ : ૪૦૭૨ (૨૭-૧-૨૦૧૧) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય માર્ગ અન મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) જામનગર જિલ્લાના જોડીયા તાલુકામાં મોરાણા ગામ નજીક ભેરદડીયા વોકળા ઉપર તથા તેની નજીક એક બીજો વોકળો એમ કુલ બે વોકળા પર કોઝવે આવેલા છે. જે બંને કોઝવેમાં પાણી ભરાતા રસ્તો બંધ થઈ જાય છે તે ફરિયાદથી સરકાર વાકેફ છે કે કેમ,

(૨) આ બંને કોઝવેને કારણે રસ્તો ચોમાસામાં બંધ થતાં મોરાણા મેઘપર, જસાપર, લતીપુર વગેરે ગામના લોકોનો માર્ગ વ્યવહાર સદંતર બંધ થઈ જાય છે તે ફરિયાદથી પણ સરકાર વાકેફ છે, અને

(૩) આ સમસ્યા ઉકેલવા માટે સરકારે શી વ્યસ્થા ગોઠવી છે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૧૧-૩-૨૦૧૧)

(૧) ચોમાસામાં ભારે વરસાદ/પુરના સમયે ૩ થી ૪ કલાક રસ્તો બંધ રહે છે.

(૨) મોરાણા ગામ હાઈવે ઉપર આવેલ છે. જ્યારે લતીપુર તથા જસાપર ગામને વૈકલ્પિક રસ્તો (એસ. એચ. ટુ લતીપુર જસાપર રોડ,) ઉપલબ્ધ હોઈ વાહન વ્યવહાર ચાલુ હોય છે. મેઘપર ગામનો વાહન વ્યવહાર ૩ થી ૪ કલાક માટે ભારે વરસાદ દરમ્યાન બંધ રહે છે.

(૩) હાલમાં આયોજન નથી.

**જોડીયા તાલુકાના બાલાચડી ગામે આવેલ યાકુબમીરની દરગાહે જવાનો રસ્તો બિસ્માર હોવા બાબત.**

અતારાંક્તિ : ૪૦૭૫ (૨૮-૧-૨૦૧૧) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) જામનગર જિલ્લાના જોડીયા તાલુકાના બાલાચડી ગામે આવેલ યાકુબમીરની દરગાહે જવા માટેનો રસ્તો ત્રીસમી સપ્ટે-૨૦૧૦ની સ્થિતિએ બિસ્માર હાલતમાં છે તે હકીક્ત સાચી છે, અને

(૨) આ બિસ્માર માર્ગને રીપેર કરવા સરકારે શી વ્યવસ્થા ગોઠવી છે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૯-૩-૨૦૧૧)

(૧) ના જી.

(૨) આ રસ્તો મેટલ સપાટીવાળો વાહન વ્યવહાર લાયક છે. હાલ ડામર કામ કરવાનું આયોજન નથી.

**કચ્છ જિલ્લામાં કાચા રસ્તાને પાકા રસ્તામાં ફેરવવાની અરજીઓ**

અતારાંકિત : ૪૧૦૯ (૨૭-૧-૨૦૧૧) **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) કચ્છ જિલ્લામાં તાલુકાવાર એક ગામથી બીજા ગામને જોડતા ક્યા રસ્તા પાકા બનાવવા તથા ગામથી ગામ પરા વિસ્તારને જોડતા ક્યા રસ્તા પાકા બનાવવાની કેટલી અરજીઓ તા. ૩૦-૯-૧૦ સુધીમાં છેલ્લા ત્રણ વર્ષમાં મળી.

(૨) તે પૈકી કેટલા કાચા રસ્તાઓ પાકા બનાવવાનું સરકાર દ્વારા આયોજન કરી કામ પૂર્ણ કરવામાં આવ્યું, અને

(૩) ઉક્ત સ્થિતિએ હજુ જે કાચા રસ્તા છે તેને સરકાર પાકા બનાવવા માંગે છે કે કેમ અને જો હા, તો કેટલા સમયમાં? **માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૧૬-૩-૨૦૧૧)

(૧) તાલુકાવાર પરિશિષ્ટ-૧માં દર્શાવેલ કાચા રસ્તાઓને પાકા બનાવવા માટે આવેલ અરજીઓની સંખ્યા નીચે મુજબ છે.

| તાલુકો | અરજીની સંખ્યા | રસ્તાની સંખ્યા |
|---|---|---|
| લખપત | ૨૫ | ૩૨ |
| મુંદ્રા | ૯ | ૯ |
| માંડવી | ૧૫ | ૨૦ |
| ભુજ | ૪૦ | ૪૩ |
| ભચાઉ | ૨૪ | ૨૪ |
| નખત્રાણા | ૪૧ | ૪૭ |
| અંજાર | ૨૪ | ૨૪ |
| અબડાસા | ૪૧ | ૪૮ |
| રાપર | ૩૩ | ૪૩ |
| ગાંધીધામ | ૫ | ૬ |
| **કુલ** | **૨૫૭** | **૨૯૬** |

(૨) નીચે દર્શાવ્યા મુજબ તાલુકાવાર રસ્તાઓના મંજુર કરવામાં આવ્યા અને પૂર્ણ કરવામાં આવ્યા.

| તાલુકા | મંજુર કરેલ રસ્તાની સંખ્યા | પૂર્ણ કરેલ રસ્તાની સંખ્યા |
|---|---|---|
| લખપત | ૧૨ | ૧૦ |
| મુંદ્રા | ૭ | ૫ |
| માંડવી | ૧૩ | ૧૩ |
| ભુજ | ૨૯ | ૨૯ |
| ભચાઉ | ૧૬ | ૧૫ |
| નખત્રાણા | ૧૮ | ૧૮ |
| અંજાર | ૧૭ | ૧૭ |
| અબડાસા | ૩૦ | ૨૯ |
| રાપર | ૧૭ | ૧૬ |
| ગાંધીધામ | ૦ | ૦ |
| **કુલ** | **૧૫૯** | **૧૫૨** |

(૧) હાલમાં આયોજન નથી.

(* પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

**વડોદરામાં મેઈન હોલમાં ઉતારેલ મજૂરોના મોત થવા અંગે**

અતારાંક્તિ : ૩૮૭૨ (૭-૧૨-૧૦) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) નામદાર ગુજરાત હાઈકોર્ટે ફેબ્રુઆરી-૨૦૦૬માં રાજ્યમાં મેનહોલમાં મજૂરોને સફાઈ માટે ઉતારવા પર અને મેનહોલમાં મજૂરોની નિમણૂંક માટે કોન્ટ્રાક્ટ સિસ્ટમ પર પ્રતિબંધ મુક્તો સ્પષ્ટ ચુકાદો રાજ્ય સરકારને આપ્યો છે તે હકીક્ત સાચી છે.

(૨) તેમ છતાં વડોદરામાં તા. ૨૪-૬-૧૦ના રોજ ગેરકાયદે કોન્ટ્રાક્ટ પધ્ધતિથી બે મજૂરોને મેનહોલમાં ઉતારવામાં આવતા તેના કરૂણ મોત થાય છે તે ગંભીર હકીક્ત સરકાર જાણે છે.

(૩) હાઈકોર્ટના આદેશના ઉલ્લંઘન માટે કોણ જવાબદાર છે તેની શી શિક્ષા થઈ છે, અને

(૪) રાજ્ય સરકારે આ સંબંધમાં શા આદેશો પ્રસિધ્ધ કર્યા છે?

**શહેરી વિકાસ મંત્રીશ્રી** (૧૫-૩-૧૧)

(૧) હા જી

(૨) હા જી, વડોદરા ખાતે મેનહોલમાં ઉતારેલા બે મજૂરોના મૃત્યુ તા. ૨૪-૬-૨૦૧૦ના રોજ નહિ પરંતુ તા. ૯-૬-૨૦૧૦ના રોજ થયા હતા.

(૩) વડોદરામાં જે બે ઈસમો મેન હોલમાં ઉતર્યા હતા અને બાદમાં મૃત્યુ પામ્યા હતા તેઓ ઈજારદારના હતા ઈજારદારની આવી બેદરકારી અને ગફલત ભરી કામગીરીને કારણે સંબંધિત ઈજારદાર સામે પોલીસ કેસ કરવામાં આવેલ છે.

(૪) રાજ્ય સરકારે તા. ૮-૧૧-૨૦૦૭ના ઠરાવ ક્રમાંક : પરચ/૧૦૨૦૦૭/પર૭૮/પી અન્વયે ગુજરાત રાજ્યની
મહાનગર પાલિકાઓ/નગર પાલિકાઓ તથા સત્તા મંડળ વિસ્તારોમાં સફાઈ કામદારો મારફત ભૂગર્ભ ગટરની સફાઈની કામગીરી કરાવવા પર પ્રતિબંધ મુકેલ છે.

**અમદાવાદ, સુરત અને વડોદરા જેવા મોટા શહેરોમાં ફ્લેટ ધારકો મારફત અમર્યાદ ભુગર્ભજળ ખેંચવા અંગે**

અતારાંક્તિ : ૪૧૪૦ (૭-૧-૧૧) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) અમદાવાદ, વડોદરા સુરત જેવા મોટા શહેરમાં ફ્લેટ ધારકો પીવાના પાણીના બોર બનાવી મોટા જથ્થામાં ભૂગર્ભ જળ ખેંચી રહ્યા છે તે હકીક્ત સરકાર જાણે છે.

(૨) અમર્યાદ ભૂગર્ભજળ ખેંચી લેવાથી શહેરી વિસ્તારોમાં પાણીના તળ નીચે ઉતરી રહ્યાં છે તે સમસ્યાથી સરકાર વાકેફ છે કે કેમ, અને

(૩) આ સમસ્યાના ઉકેલ માટે શી વ્યવસ્થા ગોઠવાઈ છે?

**શહેરી વિકાસ મંત્રીશ્રી** (૯-૩-૧૧)

(૧) અમદાવાદ મહા નગર પાલિકામાં સને ૨૦૦૬-૦૭ ના વર્ષથી ૩૦ ગ્રામ પંચાયત તથા ૧૨ નગર પાલિકાનો સમાવેશ અમદાવાદ મહા નગર પાલિકામાં થયેલ છે. આજ દિન સુધીની પરિસ્થિતિમાં અમદાવાદ મહા નગર પાલિકા દ્વારા ૮૫ ટકા વિસ્તારોમાં નર્મદા આધારિત પાણી પુરૂં પાડવામાં આવે છે. જ્યારે ૧૫ ટકા ગ્રામ્ય વિસ્તારોમાં જૂની પધ્ધતિથી બોર આધારિત પાણી પુરવઠો પુરો પાડવામાં આવે છે.

જ્યારે, સુરત મહા નગર પાલિકા દ્વારા ૮૨ ટકા વિસ્તારોમાં સરફેસ વોટર તથા ૧૮ ટકા બોર આધારિત અને વડોદરા મહા નગર પાલિકા દ્વારા ૯૦ ટકા વિસ્તારોમાં સરફેર વોટર અને ૧૦ ટકા વિસ્તારોમાં બોર આધારિત પાણી પુરવઠો શહેરી જનોને પૂરો પાડવામાં આવે છે.

(૨) પીવાના તથા ઘરવપરાશના ઉપયોગ માટે મોટા ભાગનું પાણી સરફેસ આધારિત હોઈ, અમર્યાદિત પાણી ભૂગર્ભમાંથી વપરાતુ નથી. જેથી, પાણીના તળ અમદાવાદ, સુરત અને વડોદરા શહેરમાં નીચે ઉતરી ગયાની સમસ્યા ઉદ્દભવવાનો પ્રશ્ન રહેતો નથી.

**(૩) મહાનગર પાલિકાઓ દ્વારા રીચાર્જીંગ તથા રેઈન વોટર હાર્વેસ્ટીંગની કામગીરી કરવામાં આવે છે. જેને પરિણામે પાણીના તળ ઉંચા આવે છે.**

**અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો**

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | સામાન્ય વહીવટ વિભાગ | ૩૮૪૩ | ૧ |
| ૨ | શિક્ષણ વિભાગ | ૩૯૦૪, ૩૯૦૮ | ૨ |
| ૩ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૪૧૩૬, ૪૧૯૫ | ૨ |
| ૪ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૪૧૧૫ | ૧ |
| ૫ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૩૮૮૯, ૩૯૨૪, ૩૯૯૦, ૩૯૯૧,૪૧૪૬ | ૫ |
| ૬ | મહેસૂલ વિભાગ | ૩૯૬૮, ૩૯૭૦, ૩૯૭૧, ૪૨૧૯, ૪૨૨૧, ૪૨૨૨, ૪૨૨૬, ૪૨૩૦, ૪૨૩૫, ૪૨૩૮, ૪૨૪૧, ૪૨૪૫, ૪૨૪૭, ૪૨૫૨,૪૨૬૧, ૪૨૬૪, ૪૨૬૫, ૪૨૬૬, ૪૩૨૩, ૪૩૨૫, ૪૩૨૯, ૪૩૩૪, ૪૩૪૦, ૪૩૪૨, ૪૩૪૭, ૪૩૫૨, ૪૩૫૩, ૪૩૫૬, ૪૩૫૭, ૪૩૬૧, | ૩૦ |
| ૭ | માર્ગ અને મકાન વિભાગ | ૩૮૬૦, ૩૮૬૨, ૩૮૯૩, ૪૦૭૧, ૪૦૭૨, ૪૦૭૫, ૪૧૦૯ | ૭ |
| ૮ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | ૩૮૭૨, ૪૧૪૦ | ૨ |
| | | **કુલ** | **૫૦** |

**સાતમી, આઠમી અને નવમી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

## મુખ્ય મંત્રીશ્રીનો પ્રસ્તાવ

### મહાત્માગાંધી પરના જોષેફ લેલીવેટ લિખિત પુસ્તક પર પ્રતિબંધ મૂકવા બાબત

**શ્રી નરેન્દ્રભાઈ મોદી (મુખ્યમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, મહાત્મા ગાંધી વિષે શ્રી જોષેફ લેલીવેટલ્ડ લિખિત, પ્રકાશીત પુસ્તક "Great Soul Mahatma Gandhi and his struggle with India" ના લેખકે મહાત્મા ગાંધીજીના જીવન વિષે અત્યંત વિકૃત અને ધૃણાસ્પદ માનસિકતાથી આલેખન કર્યુ છે. જેના પરિણામે વિવેક અને શાણપણ ધરાવતા સૌ કોઈની લાગણી દુભાઈ છે. મહાત્મા ગાંધીજીને બદનામ કરનારા આ પ્રકાશન વિષે માત્ર ગુજરાત જ નહીં, ભારતમાં પણ વ્યાપક આક્રોશ અને રોષ જાગ્યો છે. જોષેફ લેલીવેલ્ડના મહાત્મા ગાંધી વિષેના આ વિકૃત અર્થઘટનો અત્યંત નીંદનીય છે, અને કોઈ સંજોગોમાં તેને સાંખી લેવાય નહીં. એવી મારી આ લાગણી સાથે સભાગૃહ સંમત પણ હશે એમ હું માનું છું. આ સંદર્ભમાં હું આ સભાગૃહ સમક્ષ જણાવવા ઈચ્છું છું કે રાજય સરકાર આ પુસ્તકના કોઈ પણ પ્રકારે વેચાણ, વિતરણ કે પ્રસાર-પ્રકાશન ઉપર તાત્કાલિક અસરથી સંપૂર્ણ પ્રતિબંધ મુકશે. મહાત્મા ગાંધીજી એ માત્ર ગુજરાત કે ભારતના જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વમાં યુગપુરુષ તરીકે ગણમાન્ય છે. તેમનું સમગ્ર જીવન માનવજાતના કલ્યાણ માટે પ્રસ્તુત અને પથદર્શક છે ત્યારે આ લેખકે મહાત્મા ગાંધીજી અને તેમના યુગપ્રવર્તક વિચારોના ચાહક એવા કરોડો કરોડો લોકોની લાગણીને ઠેસ પહોંચાડી છે. આ અત્યંત નીંદનીય કૃત્ય માટે લેખક જોષેફ લેલીવેટલ્ડ જાહેર માફી માંગે એવી માગણી આ સભાગૃહ કરે છે. અને ભારત સરકારને પણ આગ્રહ પૂર્વક અનુરોધ કરે છે કે આપણા સૌના શ્રધ્ધેય મહાત્મા ગાંધીજી વિષે આવા વિકૃત

અને મનઘડંત આલેખનને અધિકૃત રીતે વખોડે અને તાત્કાલિક અસરથી સમગ્ર ભારતમાં આ પુસ્તકના વેચાણ, વિતરણ અને પુન: પ્રકાશન ઉપર પ્રતિબંધ જાહેર કરે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય મંત્રીશ્રી જે પ્રસ્તાવ લઈને આવ્યા છે એને હું અને મારો પક્ષ સંપૂર્ણ સમર્થન આપીએ છીએ. ગઈ કાલે જ મહારાષ્ટ્રની સરકારે આ પુસ્તકના વેચાણ કે વિતરણ ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મુકયો છે. અને આજે ગુજરાત પણ એમાં જોડાઈ રહ્યું છે મહારાષ્ટ્રના પગલે આપણે પણ નિર્ણય આજે કરીએ છીએ ત્યારે હું આ પગલાંને સંપૂર્ણ સમર્થન આપું છું અને આવકારું છું. ભારત સરકારને અનુરોધ કરવામાં સરકારના સૂર સાથે મારા પક્ષનો સૂર પણ મીલાવું છું. અને મને સંપૂર્ણ શ્રધ્ધા છે કે આ દેશનો કોઈ પણ નાગરિક આ પ્રકારની હરકત કયારેય સાંખી ન લે, અને હું તો એમ માનું છું કે બન્ને પક્ષના ધારાસભ્યોએ ભેગા થઈ અને આ લેખક જેણે લખ્યું છે તેનું નામ લેવું પણ આપણી જીભે શોભે નહીં, તેના પુતળાના દહનનો કાર્યક્રમ પણ કરવો જોઈએ આજે જ, અને આ પ્રકારની ચેષ્ટા ભવિષ્યમાં વિશ્વમાં કોઈ ન કરી શકે એનો  પ્રતિઘોષ પણ ગુજરાત ઉભું કરે તેવી હું અપેક્ષાઓ રાખું છું કારણ કે ગુજરાત એ મહાત્માજીની જન્મભૂમિનું ગુજરાત છે, મહાત્મા ગાંધીજીના જીવનમાંથી માત્ર ગુજરાતી જ નહીં વિશ્વના કોઈ પણ નાગરિકે હંમેશા સંદેશ લેવો જોઈએ.ગાંધી અતીત નહિ ભવિષ્ય ભી હૈ. ભવિષ્યમાં પણ સદીઓ સુધી મહાત્મા ગાંધીની વિચારધારા  એ માર્ગદર્શક રહેવાની છે. હિંસાની રાજનીતિ કયારેય  ચાલે નહિ, અહિંસા જ સર્વોપરી છે એ સંદેશ  ગાંધી બાપુએ ગુજરાતની ભૂમિ પરથી આપ્યો જે જૈનોની પણ તિર્થભૂમિ છે એવા પૂજ્ય બાપુ વિશેના આ લખાણને કોઈ સંજોગોમાં સાંખી ન લેવાય હું આ વાતને મારા પક્ષ વતી સંપૂર્ણ સમર્થન આપું છું અને સર્વસંમતિથી આ પ્રસ્તાવને અહીંથી પારિત કરવામાં આવે તેવી આપના મારફત સર્વે સભ્યોને અનુરોધ કરું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા(પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા જે પ્રસ્તાવ લઈને આવ્યા છે અને મારા નેતાએ જેને સમર્થન આપ્યું છે એને હું પણ મારુ સમર્થન આપું છું.

એક એવી વિશ્વ વિભૂતિ કે  દુનિયાના જે  જે સર્વશ્રેષ્ઠ  અને તાકાતવાન નેતાઓ છે  એ પણ સ્વપ્નું સેવે કે કદાચ સ્વર્ગની અંદરથી  એક દિવસ માટે  ભોજન લેવાનો મોકો મળે તો કોની સાથે લેવો. તો એમાં કોઈએ જેને ભગવાન તરીકે અવતાર તરીકે માન્યા છે એવા લોકોને બદલે  અમૅરિકાના પ્રમુખ ઓબામાએ કહ્યું કે હું મોકો મળે તો મહાત્મા ગાંધી સાથે ભોજન લઉં.  એટલું જ નહિ નોબેલ પારિતોષિક સમિતિએ ચાર વર્ષ પહેલા એમ કહ્યું કે મહાત્મા ગાંધીને નોબેલ પારિતોષિક આપવા માટે ૧૯૫૦ની આસપાસ ચાર વખત નોમિનેશન આપવામાં આવ્યું પરંતુ કમનસીબે તે વખતે  નોબેલ પારિતોષિક સમિતિ મહાત્મા ગાંધીને શાંતિ માટેનું નોબેલ પારિતોષિક આપવામાં નિષ્ફળ રહી. હવે એમને એમ થાય છે કે અમારી એ બહું મોટી ભૂલ હતી. પરંતુ અત્યારે નોબેલ પારિતોષિક મહાત્મા ગાંધીને આપીએ તો મહાત્મા ગાંધીજીનું કદ કેટલું મોટું થઈ ગયું છે કે નોબેલ પારિતોષિક આપીને મહાત્મા ગાંધીજીનું કદ ઘટાડવાનું અમે કરતા નથી. આવી મહાન વિશ્વ વિભૂતિ માટે કોઈ લખે  એ સહન કરી શકાય નહિ. કમનસીબે મહાત્મા ગાંધીજી એવી વ્યકિતત્વ હતી કે એની જ્ઞાતિ જાતિ કોઈ હતું નહિ, નહિ તો જ્ઞાતિ જાતિવાળા લોકોનું કોઈએ લખેલું હોત  તો  આ પુસ્તકની જરૂરથી શેરીએ શેરીએ હોળી થઈ હોત. કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો ઊભા થાત અને એટલા માટે આપણે સૌએ  આ વિચાર કરવો જોઈએ અને કર્યો છે એ વાજબી ઠેરવું છે. પણ હું સાથે સાથે ગૃહનું ધ્યાન દોરુ છું કે અંગ્રેજીમાં એક પુસ્તક લખાયું પણ ગુજરાતની અંદર હિન્દીની અંદર આ રાજયની અંદર અનેક પુસ્તકો આ પ્રકારના લખાયેલા છે. જે અશોભાસ્પદ ભાષામાં છે અને સરકયુલેટ થઈ રહ્યા છે. મેં સરકારને ચાર વર્ષ પહેલા પણ ફરિયાદ કરી હતી  કે જુનાગઢની અંદર એક લેખકે એક એવું પુસ્તક લખ્યું છે અને એટલી ઘટિયા લેંગ્વેજમાં પુસ્તક લખ્યું છે કે જે  સુસંસ્કૃત કે પરિવાર વાળો માણસ વાંચી ન શકે તેવી તે વખતે રાજય સરકારને ફરિયાદ કરી  અને ત્યાંના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવામાં આવી અને પેલો લેખક છે એને જાહેરમાં કહ્યું કે આ પુસ્તક મેં લખ્યું છે અને ચાલુ રહેવાનું છે,  રાજય સરકારે પગલાં નથી લીધા. હુ વિનંતી કરીશ કે કોઈપણ પ્રકારના રાજકીય નિરૂપણ વગર મુખ્યમંત્રીશ્રી પણ જાહેરાત કરે કે ગુજરાતીની અંદર આવા જે કોઈ પુસ્તકો લખાયા હશે અને ગુજરાતીમાં સરકયુલેટ થતા હશે, હિન્દીમાં લખાયા હશે અને સરકયુલેટ થતા હશે એ બધા પુસ્તકોને બંધ કરીશું અને આવા લેખકો છે એને પનીશ કરીશું હું આવકારુ છું આ ભાવનાને પણ, પણ ગુજરાતની અંદર ચોક્કસ વિચારધારા વાળા લોકો આ જરૂરથી લખતા રહ્યા છે અને આપણા સૌ માટે શરમ છે અને સાથે સાથે મારી વિનંતી છે ગૃહના નેતાને અને વિરોધપક્ષના નેતાને કે આપ બંને સાથે મળીને આવા પુસ્તકો પર બાન મૂકવાનો નિશ્ચય અને જાહેરાત આ ગૃહમાં કરે એવી આપના મારફત વિનંતી કરી આ ઠરાવને હું સમર્થન આપું છું.

**અધ્યક્ષશ્રી** : ગૃહના નેતા માનનીય મુખ્યમંત્રીશ્રી જે પ્રસ્તાવ ગૃહમાં લઈને આવ્યા છે એનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવે છે.

**સચિવશ્રી:** વિધાનસભાના મેજ ઉપર મૂકવાના કાગળો.

# પૉઈન્ટ ઑફ ઑર્ડર

## કેગનો રિપૉર્ટ વિલંબથી રજૂ કરવા અંગે

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો ૧૯૬૦થી ૧૯૮૪. પાના નં.૨૯, નિર્ણય ક્રમાંક-૩૨. તા. ૧૭ માર્ચ ૧૯૭૦ના રોજ નાણા મંત્રીશ્રી જશવંતરાય મહેતાએ ૧૯૬૮-૧૯૬૯ના ગુજરાત સરકારના નાણાકીય હિસાબો, વિનિયોગ હિસાબો તેમજ તે પરનો ઑડિટ રિપૉર્ટ વિધાનસભાના મેજ પર મૂકવા માટે રજા માગી ત્યારે સભ્યશ્રી મનોહરસિંહજી જાડેજાએ જણાવ્યું હતું કે મંત્રીશ્રીએ જવાબદારી સ્વીકારી હોવા છતાં માગણીઓ ઉપરની ચર્ચાની શરૂઆત પહેલાં ઑડિટ રિપૉર્ટ આપવામાં આવ્યો નથી. ત્યારે માનનીય અધ્યક્ષશ્રીએ નીચે મુજબ નિર્ણય આપ્યો. એટલી સૂચના કરી શકાય કે જ્યારે બજૅટ રજૂ થાય ત્યાર પછીના અઠવાડિયામાં આ રિપૉર્ટ ગૃહ આગળ રજૂ કરે એવી જાતનો રિવાજ તેમણે રાખવો જોઈએ. હી હેઝ રિપીટેડ ધીસ. બજૅટ રજૂ થયા પછીના એક અઠવાડિયામાં જ. માનનીય અધ્યક્ષશ્રી, આજે કેગનો રિપૉર્ટ સત્રના છેલ્લા દિવસે રજૂ થાય છે. તમામ ચર્ચાઓ એ વખતના માનનીય અધ્યક્ષશ્રીની સૂચનાનું સંપૂર્ણપણે ઉલ્લંઘન કરવામાં આવ્યું છે અને છેલ્લા દિવસે મારો સ્પષ્ટ આગ્રહ છે કે રાજય સરકારને કેગનો અહેવાલ ક્યારે મળ્યો હતો તેની તારીખો પણ આપ માગો અને ભવિષ્યમાં અમારા અધિકારનું રક્ષણ કરવાનો જે કંઈ સત્તાનો દોર છે એ આપના હાથમાં છે ત્યારે આ અમારી વિધાનસભા ગૃહમાં ચર્ચા કરવા માટેની ઓપર્ચ્યુનીટી ઉપરની આ એક મોટી તરાપ છે. મારે એ પણ ધ્યાન દોરવું છે. સ્પષ્ટ જોગવાઈઓ હોવા છતાં તકેદારી આયોગનો અહેવાલ વિધાનસભા ગૃહમાં આ વખતે હજી સુધી રજૂ જ થયો નથી. માનવ અધિકાર પંચનો અહેવાલ આજ સુધી વિધાનસભા ગૃહમાં રજૂ જ નથી થયો અને કેગનો અહેવાલ છેલ્લા દિવસે રજૂ થાય આ કોઈ પણ સંજોગોમાં પૂર્વ અધ્યક્ષશ્રીના નિર્ણયો કે જેને અનુસરવા હું, આપ અને આખું સભાગૃહ બંધાયેલું છે. એ નિર્ણયને આપણે શબ્દોની તરોડ-મરોડ નહીં કરીએ કે માત્ર રિવાજ રાખવાનું કહ્યું છે. એટલે મેન્ડેટરી નથી આવી જો વાત પણ આપણે કરવા જઈએ તો એ કોઈને છાજે નહીં. આ મેન્ડેટરી જ હોય, જ્યારે અધ્યક્ષશ્રી કહે કે આવો રિવાજ રાખવો જોઈએ. તો એ રિવાજ તોડવા માટેનું કોઈ કારણ નથી. આ બાબતમાં ભવિષ્યમાં પૂરતી કાળજી લેવાય એવી ખાતરી, મુખ્યમંત્રીશ્રી તો ગૃહમાં હાજર હોતા નથી, છે નહીં, પણ એટલીસ્ટ નાણામંત્રીશ્રી એવી ખાતરી આપે એવી આપને પાસેથી અપેક્ષા રાખું છું.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી કે મેન્ડેટરી આ કોઈ કમ્પલસરી નથી. ભૂતકાળમાં પણ ચર્ચા થઈ ગઈ હતી કે આ અધ્યક્ષશ્રીએ સૂચન કર્યું છે. કોન્સ્ટીટ્યુશનમાં (અંતરાય) સાંભળો તો ખરા, હું વાત જ કરું છું... એક મિનિટ. કોન્સ્ટીટ્યુશનમાં પણ આ વાત રજૂ કરવી જોઈએ. આપણા વિધાનસભાના નિયમોના નિયમોની અંદર પણ કોઈ ઉલ્લેખ નથી અને (અંતરાય) સાંભળ્યા વગર? હું ચાર મુદ્દા રજૂ કરું છું તેમાંનો એક. સાંભળવા જ નથી અને બેઠાં બેઠાં તમે એમને એમ આર્ગ્યુમેન્ટ કરો.. એક મિનિટ. છતાંય એ સૂચનના આધારે હું આપને કહું કે અમને આ ઑડિટ અહેવાલ છે વાણિજ્ય, એ તા. ૧૯-૩-૨૦૧૧ના રોજ પ્રેસમાંથી ગુજરાતી નકલો મળી. (અંતરાય) એ.જી. તરફથી વધારાની નકલો મળી. તા. ૧૯-૩-૧૧, પ્રેસમાંથી ગુજરાતી નકલો માટેની વાત હતી એ પણ ત્યારે મળી અને ત્યાર પછી કૅબિનૅટની મંજૂરીમાં જાય. કૅબિનૅટમાંથી ગવર્નર પાસે જાય, ગવર્નર પછી અહીં આવે ત્યારે રજૂ કરવા માટેની વાત હોય. આ ૧૯-૩નો અહેવાલ અને બાકીના વિનિયોગ હિસાબો તા. ૯-૩ના રોજ મળ્યા અને એ જ પ્રમાણે નાણાકીય હિસાબોનાણાકીય હિસાબો ભાગ-૧ અને ૨ તા.૧૫-૩-૨૦૧૧ના રોજ મળેલ એને તા.૨૩-૩-૨૦૧૧ના રોજ કૅબિનૅટમાં મૂકવામાં આવેલ, એ પછી માનનીય રાજયપાલશ્રીને મોકલવામાં આવેલ અને માનનીય રાજયપાલશ્રીએ તા.૨૫-૩-૨૦૧૧ના રોજ પરત કર્યા એ પછી તા.૨૬-૩-૨૦૧૧ અને તા.૨૭-૩-૨૦૧૧ ના રોજ રજા હતી. ત્યાર પછી આપની આપે આજે રજૂ કર્યા એની આપે આજે અહીં રજૂ કરવાની પરવાનગી આપી અને છતાં પણ હું કહું છું કે, હજુ ઑડિટ અહેવાલ મહેસૂલી છે એ મળ્યો નથી. આ જે છે એ વાણિજિયક આવ્યો છે, મહેસૂલી હજુ પ્રાપ્ત થયો નથી અને જો એ પ્રાપ્ત થાય ત્યાં સુધી રાહ જોઈને બધું સાથે મૂકી શકાત. જો ભાઈ, ભૂતકાળની અંદર બધું સાથે મૂકેલ છે. જે મુખ્ય અહેવાલ છે એ તા.૧૯-૩-૨૦૧૧ના રોજ મળ્યો છે. નાણાકીય હિસાબો ત્રીજા મહિનામાં મળેલા છે. આ બધું અગાઉ ભેગું કરીને કર્યું છે. આમાં અમારો કોઈ સવાલ નથી. આની પાછળ સભ્યોની જાણકારીમાં ન આવે એવો કોઈ આશય નથી. આજે નહીં તો કાલે તમે બોલવાના છો. આ અહેવાલ તા.૧૯-૩-૨૦૧૧ ના રોજ મળ્યો છે એ વિધિ પ્રમાણે અમે રજૂ કર્યો છે.

**શ્રી દિલીપ સંઘાણી ( વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રીએ ઑડિટ અહેવાલ અંગે કહ્યું. એમણે એ મળ્યો એની હકીકતલક્ષી અને પ્રોસિજરનું વિવરણ કર્યું. માનનીય ગવર્નરશ્રી પાસેથી પરત આવવા ઉપરાંત અંગ્રેજીમાં આવતા અહેવાલને ગુજરાતી ભાષામાં અનુવાદ કરવાનો હોય છે. એના લગભગ ૧૧૦૦ જેટલા પાના છે. આ અહેવાલ જ્યાં સુધી હાઉસમાં ન મુકાય ત્યાં સુધી લીક ન થાય એની કાળજી રાખવાની હોય છે. સરકારે એમની પ્રોસીજર, ગુજરાતી કરાવવાની વિધિ એ સમયગાળો એ ન આપ્યો. એ ઉમેરજો. આ બધી હકીકત લક્ષી વિગતો છે. પૉઈન્ટ ઑફ ઑર્ડરમાં અધ્યક્ષશ્રીના અગાઉના

નિર્ણયોમાં જે અપેક્ષાઓ રાખી છે એ અપેક્ષાઓ અને ગુજરાત વિધાનસભાના નિયમો આ બે વચ્ચે હું આપના દ્વારા માનનીય વિપક્ષના નેતાનું અને સમગ્ર વિધાનસભાનું ધ્યાન દોરવા માગું છું. જાહેર હિસાબ સમિતિના કાર્યો. વિધાનસભાના નિયમોના નિયમ- ૧૯૭, સમિતિને રાજયના વિનિયોગ હિસાબો તેમજ નાણાકીય હિસાબો અને તે પરના ભારતના સીએજીના જનરલ અહેવાલ ઉપર વિચારણા કરવાની જોગવાઈઓ છે. એ હું વાંચતો નથી. પરંતુ એ જોગવાઈઓમાં કોઈ જગ્યાએ આ કેટલી સમય મર્યાદામાં ક્યારે રજૂ કરવા એની કોઈ સ્પષ્ટ જોગવાઈ નથી. એથી બીજા વિધાનસભાના નિયમોના નિયમ- ૨૧૮ તરફ હું ધ્યાન દોરવા માગું છું અને ૨૧૮ હાઉસનો સમય બચાવવા હું વાંચી જવા માગતો નથી. ૨૧૮-ગની જોગવાઈ હું વાંચું છું. જો આવો વિલંબ થયો હોય તો વિલંબ માટેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવે છે કે કેમ અને એના કારણો સંતોષકારક છે કે નહીં એ તપાસવાનો અધિકાર આ સમિતિને છે. સભાગૃહના મેજ ઉપર મૂકવાના કાગળોની સમિતિનો આ અધિકાર બને છે. નિયમોના નિયમ- ૨૧૮(ચ)માં પેટા નિયમ-૧માં કોઈપણ બાબત ઉપસ્થિત કરવા માગતા હોય તો તેમણે આવી બાબત સમિતિને સોંપવી. પરંતુ સભાગૃહમાં ઉપસ્થિત કરવી નહીં. સભાગૃહના મેજ ઉપર મુકાયેલ કાગળોની સમિતિમાં બન્ને પક્ષના સભ્યો હોય છે અને તે આ મુદ્દો ઉઠાવવા માગતા હોય તો એ સમિતિમાં ઉઠાવી શકે છે. નિયમોના નિયમ ૨૧૮- (૧)(ચ)માં સ્પષ્ટ જોગવાઈ છે તેથી આ મુદ્દો અહીં ઉઠાવી શકે નહીં.

**શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા:** આ વિલંબ થવાના કારણો પણ જે એમણે સાથે મૂકવા જોઈએ એ વિલંબ થવાના કારણો પણ મૂક્યા નથી. આટલો બધો અવિવેક ચલાવી લેવાય નહીં અને ગૃહને ટેકન ફૉર ગ્રાન્ટેડ કરી શકાય નહીં. આપની સૂચના છે અને આ વખતે સૂચના આપી છે એવું નહીં, લગભગ છેલ્લા ૬-૭ વર્ષથી જોઈએ છીએ કે આ સૂચના માનનીય અધ્યક્ષશ્રીએ દરેક વખતે આપી છે. હું રેકોર્ડ જોઈને કહું છું. લગભગ દરેક વખતે આ સૂચનાઓ અપાઈ છે અને એ સૂચનાને ટેક્ન ફૉર ગ્રાન્ટેડ કરી છે. આપને વિનંતી છે કે સરકારને આપ ઠપકો આપો અને સમયસર દર વખતે જ્યારે ગૃહની શરૂઆત થાય, જે પ્રમાણે આપણી જૂની સૂચના છે કે એક વીકમાં મુકાઈ જવો જોઈએ એ બાબતે ફરીથી સૂચના આપો.

**અધ્યક્ષશ્રી** : માનનીય વિપક્ષના નેતાશ્રી શક્તિસિંહભાઈએ કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલના રિપોર્ટ બાબતે જે પોઈન્ટ ઓફ ઓર્ડર ઊભો કર્યો છે એમાં માનનીય નાણામંત્રીશ્રી, માનનીય સંસદીય મંત્રીશ્રી દિલીપભાઈ અને શ્રી અર્જુનભાઈની રજૂઆતો મેં સાંભળી છે. આ બાબતે પૂર્વ અધ્યક્ષનો નિર્ણય એ સૂચન રૂપે હોવાથી હું સરકારને ફરજ પાડી શકું નહીં. તેમ છતાં ભવિષ્યમાં સરકાર આ બાબતે વિશેષ કાળજી રાખે એવી અપેક્ષા રાખું છું.

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

## ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલના સન ૨૦૦૯-૧૦ના અહેવાલો

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી હું,

(ક) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૦૯-૧૦નો ઓડિટ અહેવાલ (વાણિજ્યિક) (અંગ્રેજી તથા ગુજરાતી)

(ખ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૦૯-૧૦નો રાજ્યની નાણાકીય પરિસ્થિતિ પરનો અહેવાલ (અંગ્રેજી તથા ગુજરાતી)

(ગ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૦૯-૧૦નો ઓડિટ અહેવાલ (મુલ્કી) (અંગ્રેજી તથા ગુજરાતી)

(ઘ) ગુજરાત સરકારના સન ૨૦૦૯-૧૦ના નાણાકીય હિસાબો ભાગ-૧ અને ભાગ-૨ (અંગ્રેજી તથા ગુજરાતી)

(ચ) ગુજરાત સરકારના સન ૨૦૦૯-૧૦ના વિનિયોગ હિસાબો (અંગ્રેજી તથા ગુજરાતી)

સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**ઓડિટ અહેવાલો તથા નાણાકીય હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

## ગુજરાત રાજ્ય બીજા નાણા પંચનો જૂન-૨૦૦૬નો અહેવાલ

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ ( પંચાયત મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય બીજા નાણા પંચનો જૂન-૨૦૦૬નો અહેવાલ તથા આ અહેવાલની ભલામણો પર રાજ્ય સરકારે લીધેલ/લેવા ધારેલ પગલાંનો અહેવાલ, તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

## ગુજરાત ઈન્ફર્મેટિક્સ લિમિટેડનો સન ૨૦૦૯-૨૦૧૦નો વાર્ષિક અહેવાલ

**શ્રી જયનારાયણ વ્યાસ ( વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઈન્ફર્મેટિક્સ

લિમિટેડનો સન ૨૦૦૯-૨૦૧૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનો સન ૨૦૦૯-૨૦૧૦નો વાર્ષિક વહીવટી અહેવાલ**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ ( પાણી પુરવઠામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનો સન ૨૦૦૯-૨૦૧૦નો વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૭૩૩૪ અન્વયે વધારાની માહિતી**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ ( પાણી પુરવઠામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું તા. ૨૫-૨-૨૦૧૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ માનનીય સભ્યશ્રી ચંદુભાઈ ડાભીના "નર્મદા કેનાલની નાની કેનાલો અને સબ માઈનોર કેનાલો" વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૭૩૩૪ (અગ્રતા-૬)ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**/દાખલ કરવાના તથા પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેના સરકારી વિધેયકો**

# ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) વિધેયક,૨૦૧૧

મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮, સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન વટહુકમ, ૧૯૪૯ અને સન ૧૯૫૮નો મુંબઈનો ગણોત વહીવટ અને ખેતીની જમીનો બાબતનો (વિદર્ભ પ્રદેશ અને કચ્છ ક્ષેત્ર) અધિનિયમ વધુ સુધારવા બાબત વિધેયક.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ ( મહેસૂલમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપત્ર*માં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક-૧૨-સન ૨૦૧૧ના ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) વિધેયકને આપની પરવાનગીથી દાખલ કરું છું.

વિધેયક દાખલ કરવામાં આવ્યું.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ ( મહેસૂલમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક-૧૨-સન ૨૦૧૧ના ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એક નાનો સરખો સુધારો આ વિધાનસભા ગૃહ સમક્ષ હું લઈ આવી છું. જુદા જુદા વિસ્તારોમાં ત્રણ પ્રકારના ગણોત કાયદાઓ અત્યારે હાલ અસ્તિત્વમાં છે. એક છે જૂના મુંબઈ ઈલાકાના રાજ્યના વિસ્તાર માટે મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ ૧૯૪૮ની કલમ ૬૩, બીજો છે જૂના સૌરાષ્ટ્ર રાજ્યના વિસ્તાર માટે સૌરાષ્ટ્ર ઘરખેડ ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન વટહુકમ ૧૯૪૯ની કલમ ૫૪, ત્રીજો છે જૂના કચ્છ રાજ્યના વિસ્તાર માટે મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન વિદર્ભ પ્રદેશ અને કચ્છ ક્ષેત્ર અધિનિયમ ૧૯૫૮ની કલમ ૮૯. આ ૩ કલમો છે, એમાં જોગવાઈઓ કરવામાં આવી છે એમાં એવી જોગવાઈ કરવામાં આવી છે કે રાજ્યની અંદર બિન ખેડૂતને અથવા તો કોઈ સંસ્થાને બિન ખેતી માટે જમીન ખરીદવી હોય તો પહેલા કલેકટરશ્રીની પરવાનગી લેવી પડે છે અને કલેકટરશ્રીની પરવાનગી લીધા પછી એ જમીન ખરીદી શકે છે અને પોતાની પ્રવૃત્તિ કરી શકે છે. જો કોઈ પણ બિન ખેડૂત અથવા તો સંસ્થા કલેકટરશ્રીની પરવાનગી વગર જમીન ખરીદી લે તો રાજ્ય સરકાર એને શરતભંગ ગણે છે અને દંડ કરે છે અને એને કારણે કેટલીય આવી સંસ્થાઓ અથવા તો જે વ્યકિતઓ ખરીદે છે એમને કામ કરવામાં ઘણી બધી મુશ્કેલીઓ ઊભી થાય છે. ગુજરાતમાં ઔદ્યોગિક એકમોને બિન ખેતીના પ્રામાણિક ઔદ્યોગિક હેતુ માટે જમીનનો ઉપયોગ કરવામાં મુશ્કેલી ના પડે એના માટે અને સમયસર ઉદ્યોગની સ્થાપના કરી શકે તે હેતુથી કાયદાની જોગવાઈમાં સુધારો કરી ઔદ્યોગિક હેતુ માટે જમીન ખરીદી માટે કલેકટરશ્રીની પૂર્વ મંજૂરીના બદલે જમીનની ખરીદી કર્યા પછી. જરૂરી પ્રમાણપત્ર કલેકટરશ્રી પાસેથી મેળવવાનું રહે છે. જો કોઈ પ્રામાણિક ઉદ્યોગ કરવાની શરૂઆત કરે તો એને કલેકટરશ્રીની પરવાનગી પૂર્વ મંજૂરીની આવશ્યકતા રહેતી નથી. એ પોતે પહેલા જમીન ખરીદી લે અને ત્યાર પછી કલેકટરશ્રીની એ પરવાનગી મેળવે છે અને પ્રમાણપત્ર મેળવી લે છે અને એમનો

---

* વિધેયક તા. ૭મી માર્ચ, ૨૦૧૧ના ગુજરાત રાજયપત્રકમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

જે વ્યવસાય છે એ સારી રીતે કરી શકે છે. પરંતુ ગુજરાતની અંદર શૈક્ષણિક સંસ્થાઓ અને આરોગ્યનું કામ કરવા માટે જે સંસ્થાઓ આવી જમીનો ખરીદે તો એમનો શરતભંગ ગણવામાં આવે છે અને એને કારણે રાજ્યની અંદર જ્યારે ધીરે ધીરે યુનિવર્સિટીઓ અને વગેરે આવી રહી છે. એ જ રીતે મૅડિકલ કૉલેજો અને એને સંલગ્ન અન્ય કૉલેજો પણ જ્યારે આવી રહી છે અને પ્રાઈવેટ કૉલેજો વગેરે જ્યારે આવી રહી છે ત્યારે એમને પહેલા કલેકટરશ્રીની મંજૂરી લેવી પડે છે અને ત્યાર પછી એ પોતાનો શૈક્ષણિક કાર્ય અથવા તો આરોગ્યનું કાર્ય કરી શકે છે. આ કાયદાની આંટીઘૂંટીની એમને ખબર નથી હોતી અને એટલે કલેકટરશ્રીની મંજૂરી વગર જ તેઓ જમીન ખરીદી લે છે અને એને પરિણામે રાજ્ય સરકાર એને શરતભંગ ગણે છે અને એમને હાડમારીઓ અનુભવવી પડે છે અને એટલે એ જે ઈચ્છા વ્યકત કરે છે કે અમારે કૉલેજ બનાવવી છે અથવા તો યુનિવર્સિટી બનાવવી છે તો એની અંદર ઘણો બધો લાંબો સમય થાય છે અને જો શરતભંગ થાય તો સરકાર એ જમીનને પોતાના હસ્તક લઈ લેતી હોય છે અને એટલાજ માટે શૈક્ષણિક અને આરોગ્ય વિષયક પ્રવૃત્તિઓને વેગ મળે અને એમને જે વિકાસની અંદર અંતરાયો ઊભા થાય છે એ અંતરાયો દૂર થાય અને શૈક્ષણિક અને આરોગ્ય ક્ષેત્રની ઉમદા પ્રવૃત્તિને ઉત્તેજન મળે તે હેતુથી પ્રામાણિક ઔદ્યોગિક એકમોને ખેતીની જમીન ખરીદવા કલેકટરશ્રીની પૂર્વ મંજૂરીની જરૂરિયાત નથી રહેતી. તેવીજ સવલત શૈક્ષણિક અને આરોગ્ય ક્ષેત્રની બિન નફાકારક સખાવતી સંસ્થાઓને મળી રહે તે માટે ઉપરોક્ત ગણોત કાયદાની હાલની કલેકટરશ્રીની પૂર્વ મંજૂરી મેળવવાની જોગવાઈમાંથી મુકિત આપવા આ સુધારા વિધેયક હું વિધાનસભાની અંદર લાવી છું. એટલે જે રીતે પ્રામાણિક ઔદ્યોગિક સંસ્થાઓ જમીન ખરીદી શકે છે અને ત્યાર પછી કલેકટરશ્રીની મંજૂરી લે છે, તે જ રીતે શૈક્ષણિક સંસ્થાઓ અને આરોગ્યની સંસ્થાઓ પણ પહેલા જરૂરી જમીનો ખરીદે અને ત્યાર પછી કલેકટરશ્રીની મંજૂરી મેળવી અને પ્રમાણપત્ર લે એવા પ્રકારની જોગવાઈમાં સુધારો કરવાનું આ બિલ છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ(વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આ વિધેયક લઈને આવ્યા છે એ વિધેયક હું તો એમ કહીશ કે, આપણી પહેલી ફરજ એ ખેડૂતની ખેતીની જમીન બચાવવાની હોવી જોઈએ. મને ખબર નથી કેમ રોજબરોજ આ સરકારના પ્રયત્નો આવા હોય છે કે, ખેડૂતની ખેતીની જમીન એ બીજો કોઈ લઈ લે એની સગવડતા કેમ આપણે કરવી એ જાણે કે એક આપણો એક જીવનશ્રદ્ધ મંત્ર બન્યો હોય અને એના માટે મથતા હોઈએ એવું લાગે. આપ એવી ચિંતા કરો છે કે, જે શૈક્ષણિક સંસ્થા મૅડિકલ કૉલેજ બનાવવા માગે છે, જે શૈક્ષણિક સંસ્થા કંઈક મોટી અસ્ક્યામત ઊભી કરવા માટે છે એને કાયદાની આંટીઘૂંટી ખબર ન હોય, તો શું પેલા ખેડૂતને ખબર હશે ? આપણે પહેલી ચિંતા એ ખેડૂતની હોવી જોઈએ. જો જેને કાયદાની Section ૬૩ of Land Tenancy Actની ખબર પડતી ન હોય એવા ટ્રસ્ટને, ટ્રસ્ટ તરીકે નોંધાવવાનો જ અધિકાર નથી એ મારી વાત છે. કહોને આપના કલેક્ટરને અને આમાં કઈ મોટી હાડમારી પડી જાય છે. આ ગૃહમાં બેઠેલા વિધાનસભાના સભ્યોએ જ્યારે આ કાયદો બનાવ્યો ત્યારે એમણે એમનું Wisdom વાપર્યુ હતું અને એ Wisdom કોઈ **class**ને ધ્યાનમાં રાખીને નહીં, massને ધ્યાનમાં રાખીને વાપર્યુ હતું અને એ પ્રમાણે Section ૬૩ of Land Tenancy Act એ અમલમાં આવી છે. કોની આપણે ચિંતાઓ કરીએ છીએ? કયા ટ્રસ્ટની આપણે ચિંતા કરીએ છીએ ? જરાક ખુલીને બહાર આવ્યા હોય તો ખબર પડે કે કેવા ટ્રસ્ટોની, કેવી પ્રવૃત્તિની આપણે ચિંતા કરીએ છીએ? માનનીય અધ્યક્ષશ્રી, નામ હોય સંસ્કાર ધામ અને ચાલે બધી અસંસ્કારની પ્રવૃત્તિઓ, આવા ટ્રસ્ટો પણ આ રાજયમાં ચાલતા હોય છે. આપણે ચિંતા કરવી પડશે કે ટ્રસ્ટના નામે સ્વાર્થના સંધાન માટે કોઈ કામ કરતો હોય અને એ માણસ ખેતીની જમીન હડપ કરવા માગતો હોય અને એના માટે આપણે કાયદો લઈને આવીએ, આવા ટ્રસ્ટોની ચિંતા કરીને આવી?

માનનીય અધ્યક્ષશ્રી, આપણી ચિંતા એ નાના ખેડૂતોની હોવી જોઈએ કે એની ખેતીની જમીન અને જો આ પ્રવૃત્તિ કરીશું તો હું આ વખતે જોતો હતો માનનીય અધ્યક્ષશ્રી, Socio-Economic Survey of government of gujarat. અહીં આધાર વગરની વાત કરવાની હું ટેવાયેલો નથી અને એટલે ઘણા વખત ટ્રેઝરી બૅન્ચના મંત્રીશ્રીઓ પણ વાત કરે કે વન વિસ્તાર વધી ગયો, ખેતીની જમીન વધી ગઈ. હું તો Socio-Economic Survey કે જે સત્ય પરનું એવું આધારિત પુસ્તક હોય છે કે, એમાં જો કોઈ અધિકારી પણ ખોટું લખવા જાય તો એ અધિકારીને પેનલ્ટીની પ્રોવિઝન જો કંઈ હોય તો એ Socio-Economic Survey નો રિપૉર્ટ તૈયાર કરનાર સામે છે. અને એના બદલે અન્ય કોઈ જ પુસ્તકના બદલે Socio-Economic Survey એ authentic પુસ્તક ગણાય અને authentic document અમને દર વર્ષે જ્યારે બજૅટ રજૂ થાય ત્યારે બજૅટના પુસ્તકોના થોકડાની સાથે Socio-Economic Survey આપવામાં આવે છે અને વર્ષોથી આ ગૃહમાં જનતાના પ્રેમના કારણે સભ્ય રહેવાનો મોકો મળ્યો ત્યારે જે સિનિયરો સાથીઓ એ વખતે હતા એમણે કહેલું કે પહેલું પુસ્તક કાઢીને વાંચવું હોય તો બજૅટના પુસ્તકોમાંથી Socio-Economic Survey વાંચજો અને બીજું કંઈ વાંચવું હોય તો Thereafter White Paper Book વાંચવાની ટેવ રાખજો તો તમને બજૅટનું ચિત્ર જોવા મળે. આજે હું Socio-Economic Surveyની આ બીલના સંદર્ભમાં એટલા માટે વાત કરવા માગુ છું કે, આપણી જે ખેતીની જમીન હતી ને એ ખેતીની ખેડવાણવાળી જમીન, આપણી જે ગૌચરની જમીન હતી એ જમીન, આપણી જે જંગલોની જમીન હતી એ જમીન આ Socio-Economic Surveyના રિપૉર્ટ પ્રમાણે ઘટતી જાય છે અને એ ચિંતાનો વિષય આપણા સૌના

માટે હોવો જોઈએ. આપ આ બીલ લઈને આવ્યા છો એનાથી થવાનું શું ? Do you have any control on those trusts ? આપની પાસે એવી ક્ષમતા છે ખરી કે આપ બોગસ ટ્રસ્ટોને પકડીને રોકી શકશો ? માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં નહીં, રાષ્ટ્રમાં પણ એને રોકવા મુશ્કેલ પડત હોય છે અને હમણાં જ Thanks to R.T.I., Right to Information Act, એક ટ્રસ્ટનો પર્દાફાસ થયો, એ ટ્રસ્ટનો માણસ ઊછળી ઊછળીને કાળા ધનની વિરૂદ્ધની વાત કરતો હતો અને માનનીય અધ્યક્ષશ્રી, ક્યારેક બહું ઊછળતા હોયને એની નીચે જ કંઈક સળગતું હોય અને એ દેખાય નહીં એટલે ઊછળતા હોય છે, ઘણા અહીંયા પણ કરતા હોય છે I.T. Raidનો વિરોધ, વિરોધ, વિરોધ..કારણકે આઈ.ટી. વાળા આવે તો આપણું કાળું નાણું રોકેલું પકડાઈ જાય નહીં એટલા માટે આઈ.ટી.વાળા શું કામ આવે છે? મારી વાત એ છે કે આ જે ટ્રસ્ટ છે એ ટ્રસ્ટમાં માણસ જે વાત કરતો હતો. થેન્કસ ટુ આરટીઆઈ. એ ટ્રસ્ટના માણસ પાસેથી પર્દાફાશ થયો કે જે માણસ ન્યાય, સિદ્ધાંત અને નીતિમત્તાની વાત કરીને ટ્રસ્ટ ચલાવતો હતો, પ્રજાના પૈસા ધર્મના નામે એ ટ્રસ્ટમાં ભેગા કરતો હતો કે સામાજીક પ્રવૃત્તિની વાત કરનારા ટ્રસ્ટનો માણસ એ ટ્રસ્ટના માણસના પૈસા ચેકથી એણે એક રાષ્ટ્રીય પાર્ટીને ડોનશનમાં આપેલા હતા એ વાતનો પર્દાફાશ થયો. શું આવા ટ્રસ્ટોને આપણે પ્રોફાઈલ કરવા માગીએ છીએ? શું આવા ટ્રસ્ટો માટે આપણે પેલા ખેડૂતની જમીન અને કોને ફાયદો થશે. હું તો આ પક્ષે બેઠા હોય કે આ પક્ષે બેઠા હોય બંને પક્ષના માનનીય સભ્યશ્રીઓને અહીં હાથ રાખીને કહેવા માગું છું કે એક ખેડૂતની ખેતીની જમીન કોઈ લઈ લે અને એ જ ખેડૂતના નામે જો બીન ખેતીની જમીન કરીને બીજો કોઈ લેવા જાય તો ફાયદો કોને થવાનો છે? ફાયદો પેલા ખેડૂતને થવાનો છે. આપણે વકીલાત કોની કરવાની? જે માણસો ટ્રસ્ટના નામે ભંડોળ ભેગા કરીને ટ્રસ્ટના કેટલા ટકા કઈ પ્રવૃત્તિમાં વાપરે છે એની ટકાવારી કયારેય આપણે જોઈ છે ખરી? અને આ પ્રકારની પ્રવૃત્તિવાળા ટ્રસ્ટની ચિંતા માટે આપણે કાયદામાં સુધારો લઈને આવીએ છીએ? કે ના અને કઈ મોટી તકલીફ છે આમાં એટ પ્રેઝન્ટ જે પ્રોવિઝન છે Agricultural Land Tenancy Act, I was just going through that section. Section ૬૩ provides that as provided in the Act, no sale, including sale in execution of a decree of local civil court or for recovery of arrears of land revenue (or some recoverabel as arrears of the land revenue).." કેટલી કાળજી રાખી હતી એ વખતે પણ કાયદો ઘડનારે કે આ પ્રકારની પરવાનગીમાંથી કોને મુકિત અપાય એની ચિંતા રાખીને કોર્ટની ડીક્રી તમારે ઈમ્પ્લીમેન્ટ કરવી છે? તમારી એ જમીન તમારે જપ્ત કરવાની પરિસ્થિતિ છે? આ બધાની કાળજી રાખી હતી. એને બહાર કાઢયા, એને એકસકલુડ કર્યા અને આગળ વધીને પણ કહયું કે 'gift, exchange or lease of any land or interest therein or.....". Sub-section (૨) provides that 'no mortgage of an land or interest therein in which possession of the mortgaged property is delivered to the mortgagee." કાયદો ઘડનારાએ નાનામાં નાની વાતની સેકશન-૬૩ ઓફ લેન્ડ ટેનન્સી એકટમાં ચિંતાઓ કરી છે. એ ચિંતાની સાથે એ પણ ચિંતા કરી છે કે કોઈ કારણોસર કોઈ વ્યાજબી જમીન કોઈને લેવાની થાય છે તો એની ધારાકીય સત્તાઓ પણ કોઈને સોંપી છે અને એ જયારે સત્તાઓ સોંપાઈ ત્યારે કલેકટર અથવા રાજય સરકારે આ અર્થે અધિકૃત કરેલા કોઈ અધિકારી ઠરાવવામાં આવી તેવી શરતોએ તેવા વેચાણ, બક્ષીસ, વિનિયમ, પટ્ટા અથવા ગીરો માટે અથવા એવી કબુલાત કે પરવાનગી આપી શકશે. Legislature had taken proper care કે આ પ્રકારના કોઈ વેચાણો હોય, એને પ્રતિબંધીત નથી કર્યા એના ઉપર એક રાઈડર મુકયો છે. In my respectufl submission that rider is very necessary and needed. આપણે શું કરવા જઈએ છીએ? આપણા પુરોગામીએ જે ચિંતા ખેડૂતો માટે કરી છે એ જોગવાઈને દુર કરવામાં આવી છે. સેકશન-૬૩ ના પરંતુક સેકન્ડ પેરેગ્રાફમાં વધુમાં જયારે ખેડૂત ન હોય એવી કોઈપણ વ્યકિતને જમીન ખેતીના હેતુ માટે વેચવામાં આવી રહી હોય અને એવી વ્યકિત બીજા સાધનોમાંથી થતી વાર્ષિક આવક પાંચ રૂપિયા કરતા વધુ હોય ત્યારે આવી પરવાનગી આપવી જોઈએ નહીં. What is wrong in it ? You may instruct them. Do not harass these Trustees if they are applying before you, be positive. સરકાર આ બીલ લઈને આવી છે. સરકારના મહેસૂલ મંત્રીશ્રી છે. જિલ્લાના કલેક્ટર આપની પરવ્યૂની અંદર છે. You may instruct them. Do not harass these Trustees. પણ તમે આ નિયમોને અનુસરજો. શું આપ સૂચના ન આપી શકો? શું આપ તકેદારી ન રાખી શકો? શું આપણે એટલા નિઃસહાય થઈ જઈએ છીએ કે આપણને ડર છે, હકીકત તો એ છે કે તંત્રમાં બેઠેલા આજે પણ કોઈ કલેક્ટર પોતાના ત્રાજવામાં વસ્તુ મૂકે છે. મંત્રીશ્રી કે મુખ્યમંત્રીશ્રીની સૂચના નિયમ વિરૂદ્ધ કરવાની હોય ત્યારે ક્યાંક એ નથી માનતો. કેમ કે એ ઇતિહાસ જોતો હોય છે. Yes Minister is very easy to say but when I will have to exercise my powers on file, I will be held responsible અને કેટલાક, Yes મિનિસ્ટર કરીને કહ્યું હોય અને જેલમાં પડ્યા છે એ સામે દેખાતું હોય કે ખોટું ન કરાય, કોઈ આડું આવતું નથી, ઊલટાનું આપણું ગળું ટાઈટ થઈ જાય. પોતાના પગ નીચે રેલો આવવાનો થાય ત્યારે એટલે હવે અધિકારીઓ આ રાજ્યમાં આઈ.એ.એસ. અને આઈ.પી.એસ. હોય upto some extent, Yes Minister, એ લિમિટથી બહાર Yes Minister but I will not write anything on file. હું નિર્ણય નહિ કરું. હાજી, હાજી તો કરીશ, કારણ મારે ત્યાં રહેવું છે. કલેક્ટર બનવું છે. મારે જિલ્લામાં રહેવું છે. હું આપના પગ પકડીશ, ચરણસ્પર્શ કરીશ, પણ હું જોખમ નહિ લઉં. મરી જઈએ છીએ

આમાં તો જેલમાં જવું પડે છે, એટલા માટે આપે શું કર્યુ? કાયદો સુધારવો પડશે.(અંતરાય) અમરેલીવાળાને. કયાં, કોનું પૂછ્યું એટલે કહ્યું દિલીપભાઈને. ડાંગ, અમરેલી, એને મારે ત્યાં ભાવનગર મૂકવા માટે એ લાયકાત થઈ ગઈ છે. બાવકુભાઈ. ધીસ ઈઝ ક્વોલિફિકેશન. હું એ કહેતો હતો કે એ અધિકારી આપની સેક્શન ૬૩ સ્વર્ણિમ જયંતીના ૫૦ વર્ષ સુધી કોઈ ટ્રસ્ટને નડી નહિ. આજસુધી સરકારમાં આપ કહો છો ને વર્ષો સુધી તમે રાજ કર્યુ. વર્ષો સુધીમાં અમારી પાસે કોઈ ટ્રસ્ટ એવું આવ્યું નહિ સાહેબ સેકશન ૬૩ સુધારી નાખો અને આપની પાસે ટ્રસ્ટ આવ્યું, આપની પાસે રજૂઆત આવી. (અંતરાય) વાત સાચી છે નરોત્તમભાઈ, પણ પૈસાના જોરે મગજ ચાલે છે. મગજ ખેડૂતોના હિતમાં વાપરવું જોઈએ એમ મારે કહેવાનું છે. આમાં મગજ ન વાપરવું જોઈએ. એટલે અમે ક્યારેય મગજ એ રીતે નથી વાપર્યુ કે જે મગજ ખેડૂત વિરુધ્ધ હોય, જે મગજ ટ્રસ્ટીઓના હિતમાં હોય. જે ખોટી સંસ્થાઓના હિતમાં હોય, કોઈકના લાભાર્થે હોય એના માટે મગજ નથી વાપર્યુ. જો તમે એમ કહેતા હોય કે મગજ નહોતું વાપર્યુ તો હા, અમે મગજ નથી વાપર્યુ એ પૈસાના જોરે ચાલનારાઓની ફેવરમાં મગજ નથી વાપર્યુ. એનું અમને ગૌરવ છે કે અમે મગજ નથી વાપર્યુ. (અંતરાય) શું નીતિનભાઈ શું થયું. વાત સાચી છે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે તહોમતદાર બનાવવો કે નહિ એનું હું નક્કી કરીશ એ સુપ્રીમ કોર્ટ કહી રહી છે. એ સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે હું તમારા સામે SIT બનાવું છું, કારણ કે ગુજરાતની પોલીસ કામ નહિ કરી શકે, એ સુપ્રીમ કોર્ટે કહ્યું છે નિતીનભાઈ એ સુપ્રીમ કોર્ટે કહ્યું છે. એ હાઈકોર્ટે કહ્યું છે કે ગૌચરની જમીન પાણીના ભાવે ન આપો. હું સ્ટે આપું છું એ ગુજરાત હાઈકોર્ટે કહ્યું છે. નીતિનભાઈ એ કોર્ટે કહ્યું છે કે તમારે ત્યાં if you cannot protect citizens, you quit, એ કહેનારી કોર્ટ હતી. માનનીય નીતિનભાઈ એ કોર્ટ હતી કે જેણે કહ્યું હતું કે it is your duty to protect. (અંતરાય) હા, જેલમાં પણ ગયા છે. વણઝારા પણ ગયા, અમીતભાઈ પણ ગયા છે. જેલમાં પણ ગયા છે. એ પણ કોર્ટે મોકલ્યા છે. નીતિનભાઈ, આ કોર્ટ કરે છે. અને કોર્ટ કરે છે આનો રેલો આપના નીચે આવે છે.

**અધ્યક્ષશ્રી** : ઑર્ડર, ઑર્ડર.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : એ પૂછે સિનિયર મંત્રી છે એનો જવાબ મારે આપવો જ પડે.If he keep quiet, I will not go beyond my limit.

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રીઓને કહેવાનું કે આપણે બિલ ઉપર ચર્ચા કરીએ. આજનું કામકાજ ઘણું લાંબુ છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ:**માનનીય અધ્યક્ષશ્રી, તે જ્યારે પૂછે અને હું સાહેબ I never travel beyond my scope. આમાં કોઈ જુનિયર ધારાસભ્ય બોલે તો હું ઈગ્નોર પણ કરું છું, પણ આવા મંત્રીશ્રી, કૅબિનેટ મંત્રીશ્રી, ચાર નંબર પર બેઠેલા મંત્રીશ્રી જ્યારે કોઈ સળી કરે તો તે સળીનો જવાબ વાંસડાથી આપવો જ પડે. હું એ કહેતો હતો કે આટલા સમય સુધી આટલા વખત સુધી આ જે પરિસ્થિતિ હતી તેની ચિંતા નહોતી કરી, એટલા માટે કે ટ્રસ્ટ આપના ઓબ્જેકટ અને રીઝન શું કહે છે? આપ શેના માટે આ લઈને આવો છો? આપનું વિધેયક લાવવા પાછળનું આપનું કારણ આપ શું કહો છો? આપ કહો છો કે ખેડૂત દ્વારા બિનખેડૂતને ખેતીની જમીન વેચાણ કરવા સામે પ્રતિબંધ મૂકવામાં આવેલ છે. Yes, I aspect and I support this reason. સખાવતી હેતુ માટે સ્થપાયેલા બિન નફાકારક સ્વરૂપના સાર્વજનિક ટ્રસ્ટને આ જમીન આરોગ્ય અને શિક્ષણના ક્ષેત્ર માટે ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરવાના હેતુ માટે. આમાંથી શું પ્રોત્સાહન મળી જવાનું છે? એક નિયમની જોગવાઈને અનુસરીને કલેકટરની પરવાનગી લેવાની છે. There is a rider. જેના કારણે ખેડૂતની જમીન બિન ખેડૂત માણસ ખોટી રીતે તે રાઈડર એટલા માટે જરૂરી છે કે આને કલેકટર તેના ત્રાજવામાં મૂકશે. કારણકે ખેડૂત માટે ખેતીની જમીન એક ટ્રસ્ટ લઈ લેશે, તે ટ્રસ્ટ તેની ઉપયોગિતાને અનુરૂપ જમીન લેશે કે નથી લેતું બની શકે, આજે It is very easy કે તમે લોકોમાં એક હવા કરીને, એક પરિસ્થિતિનું એવું નિર્માણ કરીને ટ્રસ્ટના નામે નાણાં, આપણે ત્યાં માણસના ઈમોશન સાથે ખિલવાડ કરીને નાણાં એકત્રીત કરનારા, કોઈ બજારમાં બેઠેલો માણસ પણ હાથચાલાકીના ખેલ કરતો હોય અને ટોળું ભેગું કરી શકતો હોય છે. હાથચાલાકીના ખેલ કરીને નાણાં લઈ શકતો હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, એકના ત્રણ અને પાંચ કરનારો જાડેજા, અશોક જાડેજા, તે જાડેજા નહીં. અશોક જાડેજા ચોખ્ખવટ સાથે. એકના ત્રણના નામે. મારો ભાઈ છે તેને ન કહેવાય. એમાં પટેલોએ તો ખાસ ન પડાય. એટલે એ પૈસા પડાવ્યા સમાજમાંથી. થોડા ઘણા નહીં. થોકબંધ પૈસા પડાવ્યા. તે તેવા પ્રકારનો માણસ જો ટ્રસ્ટ બનાવ્યું હોત તો તે ટ્રસ્ટ પાસે નાણાંનો ધોધ વહે. છે કેટલાક, હું નામોમાં પડતો નથી. અહીં બેઠેલા ૧૮૨ જો આંખ બંધ કરીને જોશે તો આવા કેટલાય દેખાશે કે જે ટ્રસ્ટના નામે નાણાંનો ધોધ વહેવડાવે છે. ધર્મની તેને બાબત નડતી નથી. બધા જ ધર્મોના નામે હોઈ શકે, બધા જ કર્મોના નામે હોઈ શકે, બધા જ જ્ઞાતિના નામે હોઈ શકે, બધા જ વર્ગના નામે હોઈ શકે પરંતુ તેમાં ખોટા લોકો પણ નાણાંનો સ્ત્રોત પેદા કરીને એક નાણાં ભંડોળ ઉભું કરી શકતા હોય છે. એ ઊભું થયેલું નાણાં ભંડોળ ખેડૂતની જમીન ઉપર મીટ માંડશે. આપ હિસાબો પરથી કહી શકશો કે આ નફો નહીં કરનારું છે, and it is very difficult. કોઈપણ એજન્સી તેનું ઑડિટ કરે તો તે ઓડીટીંગ કરવાનું બહું મુશ્કેલ છે કે આ ટ્રસ્ટ તેના નાણાં યોગ્ય જગ્યાએ વાપરે છે કે કેમ? ઑડિટ કરવા જનારો ઑડિટર પણ આખરે human being હોય છે અને ટ્રસ્ટમાં બેઠેલો માણસ કાં તો બહું મોટું માથું હોય કાં એના પાસે મની પાવર હોય અને તેના કારણે તે ઑડિટરના હાથમાં તે પકડાય નહીં. તેના પાસે નાણાં ભંડોળ હોવાનુ ને તે નાણાં

ભંડોળવાળો માણસ ખેડૂતોની જમીન આપણે કોઈ રાઈડર પણ મૂક્યું નથી કે કેટલી જમીન આ લઈ શકશે. કે કેટલી જમીન આની લઈ શકાશે, કયાં સુધીની જમીન એને ખરીદવા દઈશું, નો, એ ખરીદી શકશે, પરિણામે ગરીબ ખેડૂતોની જમીન આવા ટ્રસ્ટીઓ જે છે, કારણ કે એને તો શું થવાનું કે આ જે નાણું આવ્યું એ કયાં મૂકવું એની તકલીફ રહેવાની, કારણ કે હવે તો બહારની બેંકો પર પણ ભૂતકાળની કેટલીક સરકારો કેન્દ્રમાં રહી અને એને સ્વીસ બેંક નહોતી સૂઝી, પણ આજે સ્વીસ બેંકના નાણાં સુધી કેન્દ્રની સરકાર પણ ચિંતા કરતી હોય છે, આપણે અહીંયાં રોકીએ છીએ કે ઇન્કમટૅક્સની રેડ ના આવવી જોઈએ કારણ કે અમારું કાળું નાણું છતું ના થાય, બહાર તો હવે એ પણ ચાલે છે કે, ઇન્કમટૅક્સવાળો જશે અને એ જશે ત્યારે કોઈ ધોળા નાણાંવાળાનો કયાંય વાળ પણ વાંકો ન થાય, પણ કાળા નાણાંવાળાને જ પકડે અને તો પણ આપણે એની બ્રીફ લઈને

ચાલીએ કે કાગળ લખો મા, કાગળ લખો મા, ગુજરાત વિરોધી તમે છો, કેટલાક *(xxxxxx) જાય છે, એને ગુજરાતના હિતની ચિંતા નથી, એમને ચિંતા એટલા માટે નથી માનનીય અધ્યક્ષશ્રી, કારણ કે ઇન્કમટૅક્સવાળો નાણાં પકડેને, નીતિનચંદભાઈ, ઇન્કમટૅક્સવાળો નાણાં જે પકડશે એ કાળા નાણાં પકડશે અને એ ધોળું થઈને ગુજરાત સરકારની તિજોરીમાં ટેક્સનો ભાગ આવશે અને કેન્દ્રની તિજોરીમાં ટેક્સનો ભાગ આવશે અને એ ટેક્સ આમજનતાના હિતમાં વપરાશે, એ કોઈ ગરીબના આંસું લૂછવા માટે એ પૈસા વપરાશે. પરંતુ એ આપણને ગમતું નથી આપણે એની વકીલાત કરીએ છીએ. અરે, આ ખેડૂતની વકીલાત કરોને? કે આ ખેડૂતનું શું થશે? આ પ્રકારના કાળાનાણાંઓ જ્યારે ટ્રસ્ટમાં આવશે એ ટ્રસ્ટ બીજે નાણાં રોકે તો એને દશ જગ્યાએ જવાબ આપવો પડે, it is easiest way, આ નાણું કયાં સંઘરવું છે? તો એનો સહેલામાં સહેલો ઉપાય શું તો કાયદાની સેકશન ૬૩ ચેઈન્જ કરો, ખેડૂતની જમીન છેને, પોપ્યુલેશન વધે છે, મોર્ડન સાયન્સમાં નવી નવી વાત આવે છે, એગ્રીકલ્ચર પ્રોપર્ટી એની કિંમત રાઈસ થયા જ કરવાની, કારણ કે ધાન્ય પાકો , બીજા પાકોની ડિમાન્ડ રહેવાની છે અને એ સંજોગોમાં ખેડૂતની જમીન જે છે એમાં ટ્રસ્ટવાળા પૈસા નાખશે, અને ખેતીની જે fertile land છે, જે રાષ્ટ્રના અને રાજયના ઉત્પાદનમાં વૃદ્ધિ કરે છે, જેના નામ પર આપ કલેપીંગ લો છો, જેને આપ આપની સિદ્ધિ ગણાવો છો, પેલા ધરતીપુત્રના પરસેવાના કારણે નહીં, કુદરતની મહેરબાનીને કારણે નહીં, ભલે હું ખાતર ઉપર પણ ટેક્સ લઉં તો પણ મારો ખેડૂત પ્રગતિ કરે એ મારા કારણે કરે છે, એમ કહો છો, એ ખેડૂતની ચિંતા તમે આમાં કરો છો ખરા? એ પરિસ્થિતિમાં આવા ટ્રસ્ટો ખેડૂતોની આ જમીનો હડપ કરશે અને ખેડૂતોની આ જમીન હડપ થશે એ જમીન ટ્રસ્ટ ખેડૂતની જમીન કેટલી ખરીદી શકે એની ચિંતા અત્યારે કોણ કરે છે? આ સેકશનમાં જોગવાઈ શું છે કે કલેક્ટર પાસે ટ્રસ્ટે જવાનું, District Magistrate will ask question how are you going to utilize this land? તમારો પ્રોજૅક્ટ શું છે? તમે નફાકારક ટ્રસ્ટ છો કે નથી? તમારું આયોજન શું છે અને આ આયોજન માટે તમારે કેટલી લૅન્ડની જરૂરિયાત છે? એને એ પોતાના ત્રાજવામાં evaluate કરશે અને એ જ્યારે evaluate કર્યા પછી જો ટ્રસ્ટમાં બેઠેલો માણસ એને કન્વીન્સ કરાવી શકશે તો આપનો કાયદો એમ કહેશે કે હા, એ ખેડૂતની જમીન ખરીદી શકશે, તમે મને એટલું તો સમજાવો કે આમાં તકલીફ કયાં હોય? શા માટે આપણે આ કાયદો લઈને આવીએ છીએ? હવે આપણે કહીએ છીએ કે કલેક્ટર પાસે જવાની જરૂર નહીં, માનનીય અધ્યક્ષશ્રી, મને તો શંકા છે કે આ સુધારો આપનો કાયદાનું સ્વરૂપ લઈ શકશે કે કેમ? I do not know Legal Department નો ઓપિનિયન આમાં લેવાયો હોય તો સકારાત્મક પૉઝિટીવ લેવાયો છે? કે યસ, મિનિસ્ટર ટાઈપ લેવાયો છે? કોન્સ્ટીટયુશનમાં એગ્રીકલ્ચર લૅન્ડ માટેના કેટલાક રાઈડર મૂકાયેલા છે. અને કોન્સ્ટીટ્યુશનલ પ્રોવિઝન પ્રમાણે who can purchase agricultural land એના માટેના રાઈડર્સ પણ છે. By revoking or amending section ૬૩, are we entering into a law which is ultravires? It is my question. And if yes, than your entire exercise will be unnecessary. I use this word, wasting time of this August House. કારણ કે, જ્યારે ખેડૂતની જમીનના રક્ષણ માટેની જે જવાબદારીઓ કોન્સ્ટીટ્યુશનલ પ્રોવિઝન છે આપ એનાથી beyond travel કરો છો. અને એટલા માટે આજે, કારણ કે, ૩ કાયદામાં આપ સુધારા લાવો છો ત્રણે ત્રણની ડિટેલમાં હું જાવ તો કદાચ સાંજના પાંચેક વાગ્યા સુધી ત્રણે કાયદાની પ્રોવિઝન અને ત્રણે કાયદાના એમેડમેન્ટ પર પાંચ વાગે અને સાતેય વિધેયકો પર મારા પક્ષના અન્ય માનનીય સભ્યશ્રીઓ પણ પ્રકાશ ફેકવાના છે ત્યારે હું મારી આર્ગ્યુમેન્ટને લિમિટેડ કરીએ આ સ્કેલ પર મૂકીને આપના મારફતે માનનીય મહેસુલ મંત્રીશ્રીને વિનંતી કરીશ કે કદાચ કોઈ classની રજૂઆત હશે આપના પાસે, કદાચ કોઈ classની ડિમાન્ડ હશે આપના પાસે, કદાચ કોઈ class સાથે એટેચમેન્ટ હશે પરંતુ massના હિતમાં આ વસ્તુ નથી અને massના હિતમાં જે વસ્તુ નથી એ પ્રમાણેનો કાયદો ન લવાય એ હિતાવહ રહેવાનું છે. mass ની ચિંતા આ સભાગૃહે કરવી જોઈએ class ની ચિંતા નહીં કરવી જોઈએ. અને એટલા માટે કે જ્યારે કાયદો બને છેને, ઠીક છે પ્રશ્નોતરી અમારા માટે અતિ મહત્વની હોય છે. આમારો વિસ્તાર-તાકિદના પ્રશ્નો બધું જ હોય છે પરંતુ એનું આયુષ્ય એ અલ્પજીવી હોય છ. જ્યારે કાયદાનું આ ગૃહમાંથી ઘડતર થાય છે ત્યારે એ કાયદો ચિરંજીવી હોય છે, એની અસરો ફરી વખતના કોઈ એમેન્ડમેન્ટ ન આવે ત્યાં સુધી લાંબા સમય સુધી રહેવાની છે. અને આ કાયદો એ કોઈ ભાજપવાળા માટે કે

* (xxxxxx)માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

કોંગ્રેસવાળા માટે નહીં, કાયદો એ બધાને લાગતો હોય છે અને ત્યારે ખેડૂત કોંગ્રેસનો હશે કે ખેડૂત ભાજપનો હશે એ બંનેના ઉપર આના તરફથી માર પડવાનો છે. આજે બોલતા પહેલા મેં કેટલાક ટ્રસ્ટો સાથે વાત પણ કરી છે. કારણ કે, કાલે રાત્રે મેં પણ વિચાર કર્યો છે એક ખેડૂત તરીકે ખેડૂતની વાત તો હું સમજી શકું છું. હું કોઈ ટ્રસ્ટનો માલિક નથી, હું કોઈ ટ્રસ્ટના નામે કંઈ આમ-તેમ કરતો નથી, મારી કોઈ ખામીઓને પૂરી કરવા માટે કીલ્લાવાળી કોઈ જમીન રાખીને એમાં મારે એન્ટર થવું પડતું નથી એટલે મને ટ્રસ્ટનો અનુભવ નથી. હા, કોઈ ટ્રસ્ટીઓના કામ માટે મદદરૂપ થાઉં છું. કેટલાક ટ્રસ્ટો મારી પાસે આવતા હોય છે. I spoke to them at length. I discussed provision of this Bull without quoting that tomorrow this bill is coming. I know secrecy of this House. I discussed about the impact, શું તમને લાગે છે આ કરવું જોઈએ? I spoke to those Trusts કે જે એજ્યુકેશનલ ઈન્સ્ટીટ્યુટ ખૂબ સારી રીતે ચલાવે છે. મેં એવા ટ્રસ્ટો સાથે માનનીય અધ્યક્ષશ્રી, વાત કરી કે જે નફાકારક ટ્રસ્ટો નથી, મેં એવા મિત્રો સાથે વાત કરી કે, જે ટ્રસ્ટ બનાવીને શિક્ષણની કે આરોગ્યની એવી જોગવાઈઓ કરે છે કે જે એમ માને છે કે, it is my duty to repay this to society. આ સમાજમાંથી હું કંઈક કમાયો છું મારે સમાજને પાછું આપવું જોઈએ. એને મેં પૂછ્યું કે, સેકશન ૬૩ ઓફ ટેનનસ્ટી એક્ટ આપને આ પ્રોવિઝન ક્યાંય નડે છે ખરી? આપની મુશ્કેલીઓમાં આ પ્રોવિઝન એ ક્યાંય વધારો કરે છે ખરી? શું આપને લાગે છે કે કલેકટર પાસે જવામાં આપને કોઈ મુશ્કેલીઓ પડી હોય આપે ભૂતકાળમાં આટલી મોટી અસ્ક્યામત ઉભી કરી છે, આપનું કેમ્પસ મે વિઝિટ કર્યું છે, આપની એન્જિનિયરીંગ કોલેજ ચાલે છે કે આપની મેડિકલ કોલેજ ચાલે છે કે, આપના ટ્રસ્ટની હોસ્પિટલની સુવિધામાં એક આરોગ્ય મંત્રી તરીકે હું આવ્યો ત્યારે આપને મળ્યો હતો આપે કોઈ દિવસ મને એમ નથી કહ્યું કે અમને ૬૩ ઓફ ટેનન્સી એકટ નડે છે. તો શું તે દિવસ આપને અમારામાં વિશ્વાસ ન હતો એટલે રજૂઆત નથી કરી અને આજે કોઈ વિશ્વાસુ આવી ગયા એટલે રજૂઆત કરો છો?

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થયો છે. શકિતસિંહભાઈ, વિરામ બાદ આપનું પ્રવચન ચાલુ રહે છે.

**વિરામ ૧૦:૩૦ થી ૧૧:૦૦**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : (ક્રમશ: ) : માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને કેટલાક મુદ્દાઓ અંગે મેં વિરામ પહેલાંના મારા પ્રવચનમાં આપના મારફતે આ સભાગૃહનું ધ્યાન દોર્યુ છે. જે બાબત કલેકટરશ્રી નિર્ણય કરવાના હતા તેમાંથી આપણે મુકિત કરવાની વાત કરીએ છીએ. માનનીય મંત્રીશ્રી પાસે કેટલીક મારી મુશ્કેલીઓ જે બિલના ઉદ્દેશ્ય કારણોમાંથી નહોતી થઈ શકતી તેમાં કેટલીક બાબતોની બે-ત્રણ મિનિટ મળી તેમાં સદ્ ઉપયોગ પણ કર્યો. નિયમો બનવાના બાકી છે ત્યારે હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગુ છું કે, નિયમોમાં કેટલીક બાબતો એવી રાખીએ કે જેથી discretionary powers use કરવાનો સ્કોપ ઘટે. Rules frame કરીને જે રીતના નિયમો બનાવીએ કે જેથી કોઈ પણ ટ્રસ્ટ, સરકારનો ભાવ ટ્રસ્ટ હેરાન ના થાય તે હોય. મારી ચિંતા ખેડૂતોની વધારાની જમીન કોઈ નકામું ટ્રસ્ટ હોય તે પડાવી ના લે તે બન્ને વચ્ચેનું બેલેન્સ અને એ બેલેન્સ જો આપણે નિયમો પારદર્શક અને સ્વયં સ્પષ્ટ બનાવીએ તો મને લાગે છે કે અમારી જે ચિંતા છે તેનો પણ ઉકેલ આવે અને ટ્રસ્ટ માટેની જે ચિંતાઓ હોય તેનો પણ ઉકેલ આવે. અને હું એટલા માટે આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માંગુ છું કે, ભલે થોડો સમય લાગે જરૂર પડે તો ખેડૂતોના પ્રતિનિધિઓને પણ આપ થોડા સાંભળો. જે જેન્યુઈન ટ્રસ્ટ છે દા.ત. અમારા પક્ષમાં પણ માનનીય સિધ્ધાર્થભાઈ હોય કે બીજા મિત્રો હોય એમના પરિવારના નામે, એમના નામે ટ્રસ્ટો, શૈક્ષણિક સંસ્થા સાથે કામ કરતા લોકો પણ છે. ખેડૂતોની વાત સમજી શકે એવા મિત્રો પણ છે. તો એમની સાથે પરામર્શ કરીને બન્ને બાજુની ચિંતા રહે નિયમો જ્યારે બને ત્યારે. હું વધારે આવકારી શક્યો હોત જો આપણે કાં તો આપણાં ઉદ્દેશ્ય અને કારણોમાં આની થોડી વધારે સ્પષ્ટતા હોત અથવા જ્યારે when we are amending the Section એમાં જ કંઈક specific વસ્તુ આપણે મૂકી દીધી હોત તો જે એક શંકાના પરિપ્રેક્ષ્યમાં ઘણી બધી બાબતોની ચિંતા સેવવી પડે એ કંપાસ જરા નેરો થઈ શક્યો હોત. પરંતુ એ પરિસ્થિતિને પણ ધ્યાને લેવાય એવી વિનંતી કરું છું. મારા પક્ષના અન્ય માનનીય સભ્યશ્રીઓ પણ ચર્ચામાં ભાગ લઈ શકે એટલા માટે વિશેષ વિસ્તારથી આમાં પડતો નથી. પરંતુ અમારા પણ કેટલાક સૂચનો, પહેલી વાત તો એ છે કે આપણે આને રોકી શકતાં હોઈએ ત્યારે તો રોકવો જોઈએ. પણ જો પસાર કરવાનો જ સરકારનો આગ્રહ હોય તો નિયમોની બાબતમાં પણ વિરોધ પક્ષ સાથે પણ પરામર્શ થાય, ખેડૂતોના પ્રતિનિધિઓ સાથે પણ પરામર્શ થાય અને જે જેન્યુઈન ટ્રસ્ટ છે તેમની સાથે પણ પરામર્શ થઈ અને નિયમો બને એટલી વાત કરીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા(પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે સુધારા વિધેયક લઈને આવ્યાં છે તેમાં હું મારા વિચારો વ્યક્ત કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા માનનીય નેતાશ્રી જ્યારે બોલતા હતા ત્યારે ઘણાંએ બેઠાં બેઠાં પણ ટિપ્પણી કરી કે "તમારું મગજ ના ચાલ્યું અને અમારું મગજ ચાલે છે. " જમીનોમાં મગજ ચલાવવાનું કામ તો અંગ્રેજોએ કર્યુ હતું અને તેની પહેલાં મોગલ સમ્રાટો હતા તેમણે પણ કર્યુ હતું. પણ મારે તો એ લોકોનો આભાર માનવો છે કે તે લોકોએ પણ ત્યારે સામાન્ય લોકોની થોડી ચિંતા કરી હતી. અંગ્રેજોએ જે નીતિ બનાવી છે મેં મોગલ શાસનમાં શું શું

વ્યવસ્થા થઈ હતી તેનો બહુ અભ્યાસ નથી કર્યો. પણ અંગ્રેજોના શાસનની જે જમીન નીતિ હતી તેનો તો મેં ક્યાંક ક્યાંક વાંચ્યો છે કોઈ જગ્યાએ એટલો હું ઉંડો અભ્યાસી નથી. પણ એ વખતે પણ ગોચરની નીતિ કરી અને જમીનની વહેંચણી કરી હતી કે જમીન કોના કોના માટે કયાં કયાં અનામત રાખવી? જંગલની જમીન અનામત રાખવી એ નીતિ પણ અંગ્રેજો લઈ આવ્યા. ગોચર માટેની જમીનો છે, એ લોકો ભલે ગૌભકત નહોતા, પણ એ વખતે ગોચર માટે અનામત રાખવી એ નીતિ પણ એ લોકો લઈ આવ્યા હતા. ગામની ગાયોને પાણી પીવડાવવું હોય તો અવેડીયા માટેની જમીન અનામત રાખવા માટેની નીતિ પણ એ લોકો લાવ્યા. એટલું જ નહીં, ગામમાં મંદિર હોય, મસ્જિદ હોય કે અન્ય ધાર્મિક સ્થળ હોય તેના માટેની નીતિ પણ એ લોકો લઈ આવ્યા. સૌથી વધારેમાં વધારે ધાર્મિક જાગીરો અમારા જૂનાગઢ જિલ્લામાં છે અને અમારા એ વખતના જૂનાગઢ જિલ્લાના નવાબના રાજયમાં વધારેમાં વધારે ધાર્મિક સંસ્થાઓ માટેની જાગીર એ પણ એમની હતી. આપણી સંસ્કૃતિ હતી, પણ એ સંસ્કૃતિને સમર્થન અંગ્રેજોએ આપ્યું. એ નીતિ આપણી સંસ્કૃતિ મુજબ એમણે બનાવી હતી. કે તમારી આટલી ગોચરની જમીન, આટલી જંગલની જમીન રાખવી જ પડે. ગામમાં જે જે લોકોને જરૂરિયાત હોય એ મુજબની જમીન ગામતળ સહિતની વ્યવસ્થા એમણે આપી. માત્ર ને માત્ર એ નીતિમાં કચાશ એ હતી કે એ વખતે જમીનદારી પ્રથા હતી. એટલે ખેતીની જમીન છે એ ખેતીની જમીન ખેતી માટે જ રાખતા હતા, પણ ખેડે તેની જમીન નહોતી. પણ એ વખતે આઝાદી પછી અમારું મગજ અને અમારા વડવાઓનું મગજ એમાં ચાલ્યું કે જે લોકો પરસેવો પાડે છે એને જમીન આપવી જોઈએ. અને બરાબર ચાલ્યું. અને એવી કડક નીતિ બનાવી કે ખેડે તેની જમીન, પરસેવો પાડે તેની જમીન. ખેડૂત તો તે વખતે બાપડો હતો. તે વખતે એની પાસે પૈસા નહોતા જમીનદારીનું વળતર આપવા માટે. પણ એ વખતની સરકારોએ કહ્યું કે વળતર દેશની અને રાજયની સરકારો ભરી દેશે, જમીનદારોને જે આપવાના થાય એ પૈસા અમે આપીશું, પણ તમે જમીન લો. એ વખતે એમનામાં હિંમત પણ નહોતી. એમને રક્ષણ આપીને ફોર્મ ભરાવ્યા અને જમીનોમાં ક્રાંતિ કરી. એને કારણે જે અનાજ આપણે વિદેશથી મંગાવતા હતા, એ દેશના ખેડૂતોએ એટલું અનાજ પકવ્યું કે આજે આપણે અનાજની નિકાસ કરી શકીએ છીએ. સ્વાવલંબી તો થયા જ, પણ નિકાસ પણ કરી શકીએ છીએ. એનું કારણ એ છે કે ખેડે તેની જમીન છે.

માનનીય અધ્યક્ષશ્રી, નીતિ એવી રાખી કે ખેડૂતની જમીન બિન ખેડૂતના હાથમાં ન આવે. અમારું મગજ એમાં ચાલતું હતું. અને એટલા માટે અમે કાયદો કર્યો હતો કે જે ખેડૂતને જમીન જોઈતી હોય એ ૮ કિલોમીટરની ત્રિજયામાં લઈ શકે. મને આનંદ એ વાતનો છે કે ખેડૂતના દીકરાઓ આજે અબજોપતિ થયા છે. અબજોપતિ કરતાંયે વધારે થયા છે અને એનો આનંદ છે. પણ અમારો કાયદો એમ હતો કે અબજોપતિ ખેડૂત હોય તો પણ ભલે ખેડૂત રહે પણ એ ૮ કિલોમીટરમાં રહે. એ બીજી જગ્યાએ ખેતીની જમીન ધરાવી શકે નહીં. કારણ કે બીજી જગ્યાએ લે તો એ એ ખેતી માટે ન કરી શકાય, રોકાણ માટે કરી શકાય અને એટલા માટે કાયદો લઈ આવ્યા હતા. તમે આવા અબજોપતિઓ માટે ૮ કિલોમીટરની ત્રિજયાનો કાયદો રદ કરી નાંખ્યો. પરિસ્થિતિ એવી થઈ કે ખેડૂતોની જમીન છે, જે ખેતી કરતા હતા તેણે પૈસાના મોહમાં એ જમીન વેચી દીધી અને એ જ ખેતરમાં એ ખેત મજૂરી કરતો રહ્યો. પણ આપને તો પેલામાં રસ હતો, અબજોપતિઓમાં. એટલા માટે આ કાયદો દૂર કરી નાંખ્યો. કોંગ્રેસની સરકાર હતી તો તે સરકારે કહ્યું કે જેટલા ખેત મજૂરો છે, માજી સૈનિકો છે, એમને છૂટથી જમીન આપો. તમે તો એમને જમીન આપવાનું લગભગ બંધ જ કરી દીધું છે. શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (ક્રમશ:): પરંતુ જેને આવી સાંથણીની જમીનો અપાઈ હતી એમાં  કોંગ્રેસની સરકારે શરત મૂકી હતી કે એ જમીનો તમે વેચી શકો નહીં, નવી શરતની જમીન એટલા માટે કે એ જમીનમાં કોઈ દિવસ એનો પરિવાર સક્ષમ થશે અને એની પાસે એ જમીન હશે તો એ ખેતી કરી શકશે, પરંતુ એમાં પણ પેલા મોટા કોથળાવાળાની લાગવગ ચાલતી હતી એટલા માટે આ જમીન પણ લગભગ ગુજરાતમાંથી બધી જ જમીનો સાંથણીની લીધેલ એ બધી જ જમીનો આવા લોકો પાસે ગઈ છે. આપ એકાદ સરવે તો કરાવી જુઓ કે ૮ કિલોમિટરની ત્રિજયા અને નવી શરતમાંથી જૂની શરતમાં ફરેવવાને કારણે ગુજરાતમાં એસ.સી./એસ.ટી., માજી સૈનિકો અને ગરીબ લોકો કેટલા બિન ખેડૂત થયા છે?

માનનીય અધ્યક્ષશ્રી, એનાથી આગળ જઈને માનનીય મંત્રીશ્રીએ કહયું કે પહેલાં ઉદ્યોગ માટે જમીન જોઈતી હોય તો સરકારની મંજૂરી ફરજીયાત હતી ખેતીની જમીન માટે. (અંતરાય) એના માટે થાય છે એટલા માટે કહું છું પ્રદિપસિંહભાઈ, આ એવા લોકો માટે જ નીતિઓમાં ફેરફાર થાય છે. માનનીય મંત્રીશ્રીએ હમણાં કહયું કે પહેલાં ઉદ્યોગ માટે કહયું અને હવે આ લોકો રહી ગયા હતા (અંતરાય) ઉદ્યોગો તમારા મગજમાં છે એટલે આવે જ (અંતરાય) અમારા મગજમાં તો ઉદ્યોગો રહેવાના અને આવા ઉદ્યોગપતિઆને અમે લાભ આપવા દેવાના નથી.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ ફકત શિક્ષણ અને આરોગ્ય માટેનું બિલ છે. આ કોઈ જમીનની અને બીજા માટેનું બિલ નથી. એટલે બિલની મર્યાદામાં બોલે. માનનીય સભ્યશ્રી તો સિનિયર સભ્યશ્રી છે એટલે આ રીતે બોલે એ બરાબર નથી, બિલની મર્યાદામાં રહીને વાત કરવી જોઈએ. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ, મારી આપને નમ્ર વિનંતી છે કે આપ બિલ ઉપર જ વાત કરો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું બિલ ઉપર જ બોલું છું. માનનીય મંત્રીશ્રીએ એના ઉદ્દેશોમાં કહયું છે કે  અમે પહેલાં ઉદ્યોગો માટે છૂટછાટ આપી અને હવે આના માટે આપી છે. (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : હજુપણ કહું છું કે ભૂતકાળમાં શું કર્યુ એનો સવાલ નથી. ભૂતકાળમાં આ હાઉસમાં દ ણું થાય છે. આપે આ બિલની મર્યાદામાં રહીને જ બોલવું જોઈએ.

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ, આપ બિલની મર્યાદામાં રહીને જ વાત કરો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, ભાઈ, આ બધું ખાનગી ખૂણે ના થાય, પણ હાઉસમાં એના ઉલ્લેખો થશે અને થતા રહ્યા છે . તમે ખાનગી ખૂણે જી.આર.તૈયાર કરી દો એ ના ચાલે. બિલ લઈ આવો તો એની ચર્ચાઓ અહીં થાય પણ ખરી.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી અત્યારે જે બિલ લઈને આવ્યા છે એની ઉપર જ આપ વાત કરો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું બિલ ઉપર જ કહું છું. આ તો મને રોકવાની કોશિશ કરે છે એટલા માટે કહું છું. આ ખેતીની જમીન ઉપર તરાપ મારતું બિલ છે એટલા માટે કહું છું. આ વાત હું એટલા માટે કરું છું કે ખેડૂતોની જમીનો બીજા ખેતી કરનારાઓ બીજા ખેડૂતો લઈ જાય તો વાંધો નથી, પરંતુ માનનીય મંત્રીશ્રી બેઠાં બેઠાં કહેતા હતા કે *(xxxxxx) (xxxxxx) ( અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ, બેઠાં બેઠાં કોઈ મંત્રીશ્રી ટીકાટીપ્પણ કરે તો આપણે એને ગૃહના કામકાજનો ભાગ ગણતા નથી. એટલે એનો ઉલ્લેખ કરીને ચર્ચાનો મુદ્દો ના બનાવો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હજુપણ મને એ લોકો કહે છે એટલે મારે કહેવું પડે છે, નહીં તો મારે કાંઈ બોલવું નથી. આ ખેડૂતોની જમીન ઉપર તરાપ મારનાર બિલ છે. હું કેટલીક જમીનોનો વિસ્તાર છે એની વાત હમણાં કરતો હતો. ગુજરાતમાં કુલ જમીનો છે એના ૫૧.૮૧ ટકા જમીન માત્ર છે એ વાવેતર વિસ્તાર હેઠળ આવેલી જમીન છે, ગૌચર છે એ માત્ર ૪.૫૩ ટકા છે, જંગલની જમીન છે એ ૯.૭૫ ટકા છે. હવે આ ૫૧.૮૫ ટકામાંથી ઘટાડવાની શરૂઆત કરીશું તો એનાં શું પરિણામ આવશે? હું આ રાજય સરકારે આપેલા આંકડા કહું છું, બીજા કોઈ આંકડા નથી કહેતો. આપણા દેશમાં ખેડૂતોને ખેતીની જમીન વેચવા ના દીધી એના કારણે આપણે અનાજના ઉત્પાદનમાં સ્વાવલંબી થયા છીએ, પરંતુ રાજયના આંકડા શું કહે છે?રાજયનાં આંકડા એમ કહે છે કે વર્ષ ૨૦૦૮-૦૯ના પ્રમાણમાં વાવેતર વિસ્તાર કોનો કોનો કેટલો વધ્યો અને ઘટયો, તે રાજય સરકારે આંકડા આપ્યા છે, ૨૦૦૮-૦૯ના સંદર્ભમાં એક વર્ષમાં ચોખાનો વાવેતર વિસ્તાર ૮.૯૭ ટકા એટલે લગભગ ૯ ટકા ઘટયો છે. ઘઉંનો વાવેતર વિસ્તાર ૧૯.૫૨ ટકા એટલે વીસ ટકા ઘટયો છે. જુવારનો વાવેતર વિસ્તાર ૬.૩૨ ટકા ઘટયો છે. બાજરીનો વાવેતર વિસ્તાર ૪.૨૭ ટકા ઘટયો છે. એટલે કુલ અનાજનો વાવેતર વિસ્તાર ૯.૭૨ ટકા ઘટયો છે. (અંતરાય) માનનીય વજુભાઈ, આમાં વાવેતર વિસ્તાર ઘટે છે. (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : તમે કાયદો લાવો કેન્દ્રમાં બિન ખેતી કરવાનું બંધ કરી દો. (અંતરાય) એમ તો ન કહેવાય કે આ બિલનું પ્રોવિઝન શું છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ, શૈક્ષણિક હેતુ અને આરોગ્ય પુરતી જ બિલમાં ચર્ચા કરો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આ વાવેતર વિસ્તાર ઘટાડનારું બિલ છે. વાવેતર ઉપર ઈમ્પ્લીકેશન થાય છે.(અંતરાય) અનાજમાં કુલ ૯.૭૨ ટકા એટલે દસટકા વાવેતર વિસ્તારનો એક વર્ષમાં ઘટાડો થયો છે. અને તેલીબીયામાં પણ સાડા છ ટકાનો વાવેતર વિસ્તાર ઘટયો છે. કારણ શું છે? કારણ એ છે કે ખેતીની જમીન તમે એક યા બીજી રીતે આવા લોકોને આપી દેવાનું કરો છો. અને એટલા માટે આ પ્રત્યાઘાતિ પગલું છે.

## પોઈન્ટ ઓફ ઓર્ડર

### બિલના સ્કોપમાં ચર્ચા કરવા અંગેSB#>

**શ્રી દિલીપ સંઘાણી ( વૈઘાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે, માનનીય અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો ૧૯૬૦ થી ૧૯૮૪, પાના નંબર ૩૭૬ ઉપર હું નિર્ણય નંબર ૫૨૪ તરફ આપનું ધ્યાન દોરુંછું. એમાં સંશોધન વિધેયક પરની ચર્ચા વખતે સરકારની સામાન્ય નીતિ વિષે ચર્ચા ન કરતા વિધેયકમાં સામેલ થયેલી કલમો ઉપર ચર્ચા કરવી જોઈએ, અહીં માત્ર ચોકકસ કલમોનો સુધારો કરતું આ બિલ લને માનનીય મહેસુલ મંત્રીશ્રી આવ્યા છે, એટલે એની વ્યાપક ચર્ચા થઈ રહી છે અને વાવેતર કેટલું ઘટયું, એ કહી અને એક આભાસ એવો પેદા થાય છે કે ખેતી માટેની જમીન ઘટતી હોય, પણ આ રાજયમાં ખેતી લાયક જમીન વધી છે. બિન ખેતી લાયક જમીનને ખેતી લાયક કરવા માટેની રાજય સરકારે જે નીતિ અપનાવી તેના લીધે. પણ એ અલગ વિષય છે, મેં કૃષિ વિભાગની માગણીઓ ઉપર બતાવ્યું હતું કે ખેડૂતોને કયા પાક વાવવા તે ખેડૂતોનો પોતાનો અધિકાર છે, ઘઉંમાં પેદાશ ઓછી હોય તો તેઓ કપાસ વાવે, એટલે ઘઉંમાં વાવેતર ઘટે. એટલે ખેડૂતોને બાનમાં ન લઈ શકાય કે તમારે આ જ વાવવું. એટલે એ જુદો વિષય છે. પણ આ બિલમાં જે કલમો ઉપર સુધારો છે તેના ઉપર જ ચર્ચા થાય તેવી માનનીય સભ્યશ્રી પાસે અપેક્ષા છે અને આપનું માર્ગદર્શન માગું છું.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, બિલની ચર્ચા અને માગણીઓની ચર્ચા એ બન્ને વચ્ચે ગંભીર ફર્ક છે. નિયમોના નિયમ ૧૩૦ (૨)માં બહુ સ્પષ્ટ છે કે વિધેયકના પહેલા વાચન વખતે વિધેયકનો સિદ્ધાંત અને

---

* (xxxxxx)માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

તેની સામાન્ય જોગવાઈઓ અંગે ચર્ચા થઈ શકશે. પણ વિધેયકની વિગતવાર જોગવાઈઓ ઉપર તેનો સિદ્ધાંત સમજાવવા માટે જરૂરી હોય તે કરતાં વધુ ચર્ચા કરી શકશે નહ્રી. તેમજ આ તબકકે વિધેયક ઉપર કોઈ સુધારો રજૂ કરી શકશે નહીં. માનનીય અધ્યક્ષશ્રી, આ અંગે માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણયો સન ૧૯૮૫ થી ૨૦૦૨ ના પાના નંબર ૮૫, નિર્ણય ૭૭ તરફ પણ આપનું ધ્યાન દોરવા માગું છું. માનનીય અધ્યક્ષશ્રી, એમાં સ્પષ્ટ નિર્ણય કરવામાં આવ્યો છે અને અમુક ચોક્કસ હેતુઓ માટેનું વિધેયક સભાગૃહ સમક્ષ લાવવામાં આવ્યું હોય ત્યારે એ હેતુઓ પૂરતી જ વિધેયક પરની ચર્ચા મર્યાદિત રાખવી જોઈએ.

તારીખ ૧લી એપ્રિલ, ૧૯૮૫ના રોજ વીજળીના વેચાણ ઉપર વેરો નાખવા બાબતના સન ૧૯૮૫ના ગુજરાત વીજળી વેચાણવેરા વિધેયકના પહેલા વાચન પરના પ્રસ્તાવ પર માનનીય વિરોધપક્ષના નેતાશ્રી ચીમનભાઈ પટેલે પોતાના મંતવ્યોમાં કેન્દ્રીય આબકારી જકાતની નાબૂદીથી રાજયે ગુમાવેલી આવક, નવા કરના કારણે થનારી અંદાજિત આવક, વીજળી બોર્ડનો બિનકાર્યક્ષમ વહીવટ, કેન્દ્ર સરકારના પ્રોજેકટો મંજૂર કરવામાં ખચકાટ અને કોયલી રિફાઈનરીના Waste Residue ના નિકાલનો પ્રશ્ન તથા ધુવારણમાં આર.એફ.ઓ. ને ગેસ ફયુઅલ તરીકે વાપરવાના પ્રશ્ન વગેરેનો સમાવેશ કર્યો ત્યારે માનનીય અધ્યક્ષ શ્રી નટવરલાલ શાહએ નીચે પ્રમાણે અવલોકન કર્યુ. માનનીય મંત્રીશ્રીએ કેન્દ્રના મિનિસ્ટરની સ્પીચ વાંચી એમાં એમણે સ્પષ્ટ કહ્યું કે આ અમે બંધ કરીએ છીએ એટલે એટલી રકમ તમને મળતી બંધ થશે એમાં એ રકમને કઈ રીતે મેળવવી એના રસ્તા તો તમારે વિચારવા, એ રસ્તો એમણે વિચાર્યો અને એ જ એમના Objects છે કે આ પર્પઝ પૂરતું જ આ બિલ છે. એને બદલે આખા ઈલેકિટ્રસિટી બોર્ડની ચર્ચા ચાલતી હોય એવું લાગે છે. સાહેબ અહીંયા આખી જમીન સુધારણા ખેતીમાં કેટલી જમીન જાય છે, બીજા પર્પઝમાં કેટલી જમીન જાય છે. This bill is for limited purpose of education as well as health so far as use of the land is concerned. એટલે સાહેબ સંપૂર્ણપણે બિલના વિષય અને સ્કોપની બહાર જઈને ચર્ચા થઈ રહી છે અને એટલા માટે હું આ પૉઈન્ટ ઑફ ઑર્ડર ઊભો કરુ છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય મંત્રીશ્રીએ જે વાત કરી કે આબકારી પૂરતી ચર્ચાની વાત બરોબર હતી એને અને આને કોઈ લેવાદેવા નથી. આ મારો મુદ્દો છે એમાં આ જે ટ્રસ્ટો અને બીજી સંસ્થાઓ ખેતીની જમીન છે એ ખરીદે તો એટલી ખેતીની જમીન ઘટે અને ઘટે તો ચોક્કસપણે એનું ઈમ્પ્લીકેશન એ થાય કે રાજયની અંદર જે ખેત ઉત્પાદન છે એ ઘટે છે અને ઘટે છે એના અમે પુરાવા આપ્યા છે કેવી રીતે અને એ પણ રાજય સરકારે આપેલા છે અને આપ્યા છે. એમાં કઈ રીતે હું સ્કોપની બહાર ગયો. મારે એમ કહેવું કે ના તમે બિલ લઈ આવ્યા છે તમે જવાબ આપો કે એનાથી ખેતીનું ઉત્પાદન વધવાનું છે એટલે એમાં કોઈ સ્કોપની બહાર નથી. ખેતીની જમીન છે એ ઘટાડવા માટેનું બિલ છે. ખેતીની જમીન ઘટી એના કારણે આ વિસ્તાર ઘટ્યો છે એમાં કોઈ સ્કોપની બહાર વાત નથી કરી. ન ગમતી વાત હોય તો પણ સાંભળવી પડે.

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ, પ્લીઝ. સંસદીય મંત્રીશ્રી દિલીપભાઈએ પૉઈન્ટ ઑફ ઑર્ડર ઊભો કર્યો છે અને માનનીય મંત્રીશ્રી જયનારાયણભાઈએ એમાં ચર્ચા કરી અને આપે પણ ચર્ચા કરી છે, આ સુધારા વિધેયક છે એનો સ્કોપ લિમિટેડ છે એટલે આખી ચર્ચાઓ ન કરતાં માત્ર એમાં શિક્ષણ અને આરોગ્યને લગતા સુધારા લઈને આવ્યા છે એટલે એની બહાર આપ ન જાવ તેવી મારી વિનંતી છે. પ્લીઝ. આખી ચર્ચા ન કરો, શિક્ષણ અને આરોગ્ય ઉપર જ સુધારો આવ્યો છે, એના સ્કોપ બહાર આપ ન જાવ એટલી મારી વિનંતી છે.

## ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) વિધેયક,૨૦૧૧ (ક્રમશ:)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, સવાલ આમાંથી એટલો જ ઊભો થાય છે કે એનાથી ખેતીની જમીન ઘટે છે. અને ખેતીની જમીન ઘટે એનો અમારો વિરોધ છે. સેવા કરતી સંસ્થાઓ હોય એણે ખેતીની જમીન લેવી હોય તો જે નિયમ હતો કે રાજય સરકારની મંજૂરી જરૂરી છે એ જરૂરી છે એ વાજબી રીતે શરત મૂકેલી હતી. એનો હેતુ એ હતો કે અત્યારે આ જે ટ્રસ્ટો છે કે બીજી સંસ્થાઓ છે એની એક તરફથી એવું થાય છે કે સખાવતી હતું માટે આપેલી જમીન એનો કેવો ઉપયોગ થાય છે એ આપણે એક દિવસ પહેલાની ચર્ચામાં જઈ લીધું, એણે ખેતીની જમીન ખરીદી હશે, સરકારની જમીન પણ લીધી હશે, અને પછી એની અંદર કેવા લોકો આવ્યા અને જમીનોના કેવા કેવા ઉપયોગ થયા એ બે દિવસ પહેલા બતાવી દીધું ભાવનગરની કે.જે. મહેતા હૉસ્પિટલ હોય કે શિહોરની બીજી સંસ્થાઓ હોય. તેમાં તેનો ઉપયોગ થયો છે. તમે એવી કોઈ શરત લાવ્યા છો ખરા કે આવો દુરુપયોગ ન થાય અથવા થાય તો એ જમીન છે એ પાછી ખેડૂતોને કે સરકારને મળી જાય. આ તો બ્લૅન્કેટ ખરીદી કરી લેવાની. કર્યા પછી આ જે સખાવતી ટ્રસ્ટો છે એનો દુરુપયોગ કરે અથવા હાથ ફેરો થાય તેના ઉપર સરકારનો કોઈ કાબુ નહીં? એટલે કહું છું કે જે કાયદા લઈ આવ્યા છે એ કાયદા એવા છે કે જેનાથી જમીનોનો વેપલો કરનાર લોકો છે એને જ ફાયદો થાય. હંમેશા નીતિ બનાવીએ તો એમાં ખેડૂત, છેવાડાનો માણસ બિન ખેડૂત ન થઈ જાય એની ચિંતા રહેવી જોઈએ. (અંતરાય) જયનારાયણભાઈ, બધું જ સાચું છે. એ આશારામનું પણ સાચું છે અને બીજા રામનું પણ સાચું છે. આમાં કેટલા લોકો આવે છે એ આપને ખબર છે. (અંતરાય) ના, ના. દિલ્હી પૂરતું નહીં આપણે ગુજરાતમાં જ છીએ. હું અને તમે બન્ને. દિલ્હી જ્યારે જશે ત્યારે, ત્યાં તો રોકીને

બેઠા છે, કોઈ જવા દેતા નથી અને ત્યાંના લોકો તો એમ ટિપ્પણી કરે છે (xxxxxx) (xxxxxx) એમ કહ્યું છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ઑર્ડર. ઑર્ડર. પ્લીઝ. (અંતરાય) કમાભાઈ, આપ બેસી જાવ પ્લીઝ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, વાત એ કરતો હતો.. અરે ભાઈ, આ તો રૅકૉર્ડ ઉપરની વાત છે. તમે કહો તે નહીં. રૅકૉર્ડ ઉપર લખેલું છે. સુપ્રીમ કોર્ટે લખ્યું છે.

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈ, આપ બિલ ઉપર વાત કરો. બન્ને પક્ષના સભ્યશ્રીઓ અને મંત્રીશ્રીઓને મારી વિનંતી છે કે આજે કામકાજનો છેલ્લો દિવસ છે અને ઘણું બધું કામ આપણું બાકી છે. પ્લીઝ. ગૃહનો સમય ન બગડે તેનું ધ્યાન રાખીએ. (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : *(xxxxxx) (xxxxxx) . અહીં તો બધાય તમારે ત્યાં વગાડે છે.. (અંતરાય) ભાઈ, (xxxxxx)

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈ પ્લીઝ. આપ મારા તરફ ધ્યાન આપો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : સાહેબ મને બોલાવે નહીં,..આપ એમને કહો કે ના બોલે.

**અધ્યક્ષશ્રી** : આપ મારા તરફ ધ્યાન આપો. સામે ધ્યાન ન આપીને બિલ પર વાત કરો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : સાહેબ, હું બિલમાં જોઈને બોલવાનો છું *(xxxxxx)

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈ, આપ મારા તરફ ધ્યાન આપીને ગૃહના સમયનું મહત્ત્વ સમજીને વાત કરો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું એ વાત કરતો હતો કે આ જે બિલ છે એ બિલ ખેતીનો વિસ્તાર ઘટાડનારું બિલ છે. એના માટે બીજા કોઈ પાસે નિયંત્રણો નહોતા. રાજય સરકાર પાસે નિયંત્રણો હતા તો નિયંત્રણો શું કરવા નથી રાખતા? કારણ શું છે? કેવા લોકો માટે આપણે કરીએ છીએ? આપણે બે દિવસ પહેલાં જે ટ્રસ્ટોની ચર્ચા કરી એવા લોકો માટે કે જેને ૪૦૦-૫૦૦ એકર જમીન આપી હોય અને એ બધા વ્યાપારી હેતુ કરવા માટે? અને એટલા માટે આ રોકવાની જરૂર છે. (અંતરાય) સલાહ અમે તમારી માનીશું. ત્યાં સલાહ આપજો, જયનારાયણભાઈ.. થોડી ત્યાંય આપો કે ડોલવા ન માંડે.

**અધ્યક્ષશ્રી** : એમની સિદ્ધાર્થભાઈ સાથે વાત ચાલુ છે એટલે આપ આ બાજુ ધ્યાન આપો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : સિદ્ધાર્થભાઈને સલાહ થોડી આપજો. નીતિનભાઈ, તમે બોલવાનું બંધ કર્યું, સલાહ આપો છો એમને. તમારી સલાહ પણ સ્વીકારીએ છીએ.

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈ, પ્લીઝ. (અંતરાય) મંત્રીશ્રીઓને પણ કહ્યું છે, ઈકબાલભાઈ, બન્ને પક્ષે કહ્યું છે. છેલ્લા દિવસનો પ્રેમ વધારે હોય તો બહાર આપ બેઠક અલગ કરજો બન્ને પક્ષના લોકો, પણ અહીંયા આપણે ગૃહનો સમય સાચવીએ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આમ તો સાહેબ, ન બોલે તો હું બરાબર ધ્યાનથી આ બિલ ઉપર જ બોલું પણ મારું ધ્યાન છે એ વિચલિત કરાવી દે છે આ બધા મિત્રો છે એ. નહીં તો હું બરાબર ધ્યાનથી બિલ ઉપર જ બોલતો હતો. વજુભાઈનો આગ્રહ છે કે તમે આના ઉપર જ કોન્સન્ટ્રેટ કરો. આ બિલ ઉપર અને ખાસ કરીને આ જે સંસ્થાઓ છે એના ઉપર, તેના હેતુઓ માટે. એટલે મારે બીજું કાંઈ બોલવું નથી. પણ ધરાર કોઈ કારણ વગર મારું ધ્યાન ત્યાં કેન્દ્રીત કરવામાં આવે છે.

**અધ્યક્ષશ્રી** : આપ અહીંયાં ધ્યાન કેન્દ્રિત કરો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, જે તકલીફ છે એ આ બિલમાં આ ખેડૂતોની ખેતીની જમીન છે એ ઘટાડનારું છે અને આ આંકડાઓ છે એ ખેતીની જમીન ઘટવાના છે, આંખ ખોલનાર છે. ૧૦૦ કરોડ મીટર જમીન ૩-૪ વર્ષમાં આપી દીધી. હવે કેટલી વધારાની જશે. આ ટ્રસ્ટોને એમ કેમ ન કહી શકો કે ખેતીની જમીન ખરીદો છો એ જે હેતુ માટે ખરીદવાના છો એ હેતુ સિવાય ઉપયોગ કરી શકશો નહીં અને જો કરશો તો આ જમીન રાજય સરકાર પાસે જતી રહેશે અથવા તો ખેડૂત પાસે જશે. આ જમીનને ખરીદતાં પહેલાં રાજય સરકાર પાસે એમણે આવવું પડતું હતું. એના બદલે આ છૂટ આપી દેવાની? એટલા માટે આ બિલ સાથે સંમત થઈ શકતો નથી અને આ બિલનો અમે વિરોધ કરીએ છીએ.

**શ્રી દિલીપ સંઘાણી ( વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, પુનરોકિત ન થાય એટલા માટે બે દિવસ પહેલાં ટ્રસ્ટ અંગેનું નવું બિલ લાવ્યા છીએ. એમાં સ્પષ્ટ જોગવાઈ છે. કોઈપણ હેતુ બહાર જમીનનો ઉપયોગ કરશે તો એ રાજયસાત કરવામાં આવશે. આ ફરીવાર ઉલ્લેખ ન થાય એટલા માટે કહું છું.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ(ડભોઈ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી વિધેયક ક્રમાંક- ૧૨ લઈને આવ્યા છે. (અંતરાય) શ્રી જયનારાયણભાઈ આપની રજા હોય તો આગળ વધું. માનનીય મંત્રીશ્રી ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીનના કાયદા સુધારા વિધેયક લઈને આ સભાગૃહ સમક્ષ આવ્યા છે. વિરોધપક્ષના નેતા માનનીય

---

* (xxxxxx)માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

* (xxxxxx)માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

શકિતસિંહે અને શ્રી અર્જુનભાઈએ બહુ વિસ્તારથી આ વિધેયક ઉપર ચર્ચા કરી છે. એમાં મારા વિચારો હું બહુ જ ટૂંકમાં આ સભાગૃહ સમક્ષ મૂકવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જ્યારે આ બિલ રજૂ કર્યું ત્યારે આ સભાગૃહને કહ્યું કે, ખૂબ નાનકડો સુધારો લઈ આ સભાગૃહ પાસે આવી છું. આ નાનકડા સુધારાના કેટલા ફાર રીચીંગ ઈમ્પ્લીકેશન્સ હોઈ શકે. કદાચ માનનીય મંત્રીશ્રી એને એપ્રિસીએટ કરવામાં ક્યાંક નિષ્ફળ ગયા હોય એવું મને લાગી રહ્યું છે. આ નાનકડો સુધારો આવનાર દિવસોમાં ગુજરાતમાં અને ગુજરાતના ખેડૂતો માટે ગુજરાતની ખેતીની જમીનના સંદર્ભમાં અને જે વર્ગની આપણે સતત ચિંતા કરી રહ્યા છીએ એ વર્ગના હિતોનું રક્ષણ કરવામાં આ એક વજ્રઘાત સમાન સાબિત થવાનો છે. એ સંજોગોમાં આ બિલ આવ્યું છે ત્યારે મારે કેટલીક બાબતો આ સભાગૃહ સમક્ષ મૂકવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળમાં જ્યારે કાયદો ઘડાયો, ખૂબ વિચારણા કરીને આ સન્માનનીય સભાગૃહમાં બેઠેલા સભ્યોએ એના ઉપર સમાજના જુદા જુદા વર્ગો ઉપર એની થનારી અસરો અને રાજયના સર્વાંગી વિકાસના હિતમાં કઈ રીતે રક્ષણ આપી શકાય? આ તમામ બાબતોની વિચારણા કરીને આ કાયદો ઘડાયો અને કાયદો ઘડાયા પછી એ કાયદાની જોગવાઈઓ અને નિયમોના અમલીકરણ માટે એક મજબૂત એડમિનિસ્ટ્રેટીવ ઈન્સ્ટિટયુશન્સ આ રાજયમાં ઊભું થયું અને એના અમલીકરણ માટે કલેક્ટરને કેટલીક સત્તાઓ અપાઈ, મામલતદારને કેટલીક સત્તાઓ અપાઈ અને બીજા અધિકારીઓને પણ કેટલીક સત્તાઓ આપવામાં આવી. મારે ખૂબ દુઃખ સાથે નોંધવું પડે છે કે, વખતોવખત આ સભાગૃહમાં જે કાયદામાં ફેરફારના બિલો આવી રહ્યા છે,એ આ વર્ષોથી એસ્ટાબ્લિશ થયેલ એડમિનિસ્ટ્રેટીવ ઇન્સ્ટિટ્યૂટને એક રીતે ખતમ કરી નાખે એવી જોગવાઈઓ લઈને આપણે આજે આ સભાગૃહ સમક્ષ આવ્યા છીએ. માનનીય અર્જુનભાઈ અને શક્તિસિંહભાઈ બન્નેએ ચિંતા વ્યક્ત કરી કે જે રીતે બીન ખેતીની પરવાનગીઓ અપાઈ રહી છે અને એના કારણે ખેતીની જમીનો દિવસે ને દિવસે ઘટતી જાય છે અને એની અસર રાજ્યના કૃષિ ઉત્પાદન ઉપર વિપરીત પડી છે અને આ સભાગૃહમાં આપણે પાછલા દિવસોમાં ઘણી ચર્ચાઓ કરી છે. મારે એની વિગતોમાં જવું નથી. પણ ખેડૂતોનું હિત સચવાય, ખેડૂત ખેતી કરતો થાય, ખેડૂતની જમીન એકવાર એના હાથમાંથી જતી રહે પછી ખેડૂતનું હિત સચવાતું નથી અને વર્ષોનો આપણો અનુભવ એમ કહે છે કે એકવાર ખેડૂત જમીન વેચી નાખે પછી એના હાથમાં પૈસા આવે અને બે-ચાર વર્ષ પછી એ ખેડૂત ફાંફાં મારતો થઈ જાય છે, ખેતમજૂર બની જાય છે. આ દિશામાં ખેડૂત ન જાય એની ચિંતા આ સભાગૃહની ચિંતા હોવી જોઈએ. ટ્રસ્ટો ચલાવનારા લોકોને જમીનના નિયમોની ખબર હોતી નથી અને એટલા માટે એમને મુશ્કેલીઓ પડી રહી છે અને એ મુશ્કેલીઓ દૂર કરવા માટે આપણે આ બિલ લાવ્યા છીએ એ વાત જો માનનીય મંત્રીશ્રી કરતા હોય તો મને લાગે છે કે આનાથી બીજી હાસ્યાસ્પદ વાત હોઈ શકે નહીં. જે ટ્રસ્ટીઓ યુનિવર્સિટી પ્રસ્થાપિત કરવા માગતા હોય, જે ટ્રસ્ટીઓ મૅડિકલ કૉલેજ પ્રસ્થાપિત કરવા માગતા હોય, જે ટ્રસ્ટીઓ મલ્ટી હન્ડ્રેડ બેડઝ હોસ્પિટલ પ્રસ્થાપિત કરવા માગતા હોય એ ટ્રસ્ટીઓને એક કલમના આધારે કલેકટર પાસેથી મંજૂરી લેવાની જરૂરિયાત છે અને આટલી કાયદાકીય સીધી સાધી સમજ એમને ન હોય તો એ વાત ગળે ઊતરી શકે એવી વાત નથી. ટ્રસ્ટો તો બધા ચલાવે છે અને ટ્રસ્ટ ચલાવતા હોય ત્યારે ટ્રસ્ટના ઉપયોગ માટે કોઈ જમીન હાસલ કરવાની થાય ત્યારે એ લેવા માટે સ્વભાવિક રીતે કલેકટરની પરવાનગી લેવાની જરૂર પડે છે. ટ્રસ્ટ એ જમીનો લે છ અને એમને પરવાનગી પણ મળે છે. પણ આ જોગવાઈના કારણે આરોગ્ય કે શિક્ષણમાં સ્થપાનાર સંસ્થાઓ ઉપર વિપરીત અસર થવાની હોય એ વાત કોઈપણ કારણોસર ગળે ઊતરી શકે એવી નથી. કેટલી જમીન આપણે ટ્રસ્ટને આપવાના? એની લિમિટ આની અંદર પ્રસ્થાપિત કરી છે ખરી? આવી કોઈ લિમિટ પ્રસ્થાપિત કરી નથી. એમને છૂટો દોર આપી દેવાનો છે? આ જોગવાઈમાં જેમ માનનીય મંત્રીશ્રીએ એમના પ્રવચનમાં કહ્યું કે જમીન પહેલા ખરીદી શકશે અને જમીન ખરીદીને એમણે સરકારની મંજૂરી લેવા આવવાનું રહે છે. જમીન પહેલા ખરીદી લેવાય અને એ ખરીદી લીધા પછી એમ લાગે કે આ ટ્રસ્ટે પોતાની જરૂરિયાત કરતા વધારે જમીન ખરીદી છે તેવા સંજોગોમાં બહુ સ્વભાવિક રીતે જ રાજ્ય સરકાર એને મંજૂરી નહીં આપે અથવા ઓછી જમીન માટેની

## સભાપતિશ્રી મહેન્દ્ર લી. મશરૂ અધ્યક્ષસ્થાને

મંજૂરી આપશે અને જ્યારે એવી પરિસ્થિતિ ઊભી થાય ત્યારે જમીન તો અગાઉથી ખરીદાઈ ગઈ છે. એ શું ખેડૂતોને આપણે પાછી આપીશું કે સરકાર પોતાના હસ્તગત કરી લેશે? આ બિલના સંદર્ભમાં બહુ જ પુખ્યતાપૂર્વક વિચાર કરવાની જરૂર છે. ટ્રસ્ટો જમીન ખરીદતા હોય છે. કેટલાય ટ્રસ્ટો એવા છે કે જમીન ખરીદ્યા પછી પોતાની જરૂરિયાત કરતા ઘણી વધારે જમીન ખરીદે અને એ વધારાની જમીન પાંચ-સાત વર્ષ પછી વેચવા માટેની અરજી કરતા હોય છે ત્યારે જે વ્યવસ્થા છે એ વ્યવસ્થા પ્રમાણે જ્યારે ટ્રસ્ટની પોતાની જમીન વેચવી હોય ત્યારે એ ચેરિટી કમિશનરને અરજી કરે છે. ચેરિટી કમિશનર ચકાસણી કરે. કોની ચકાસણી કરે? ટ્રસ્ટના હિતની ચકાસણી કરે કે બજાર કિંમત કરતા ઓછા ભાવે ટ્રસ્ટ જમીન વેચે છે કે નહીં.એણે ટેન્ડરો મંગાવ્યા છે કે નહિ? ટેન્ડરો મંગાવી પૂરતી બજાર ભાવના સંદર્ભમાં ચકાસણી કર્યા પછી જ એ ટ્રસ્ટ વેચતું હોય તો ચેરિટી કમિશનર એને મંજૂરી આપે છે. આવા સંજોગોમાં એક પંડોરાસ બોકસ આ કાયદો લાવીને ખોલી રહ્યાં છીએ. ટ્રસ્ટને જમીનની જરૂર હોય એના

કરતા વધારે જમીનો ખરીદાશે તો બે-ચાર-પાંચ વર્ષે એ વધારાની જમીન નફો કરીને ટ્રસ્ટ વેચવાની પ્રવૃત્તિ કરશે અને તે વખતે આપણે એને અટકાવી નહિ શકીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ફાર રીચિંગ ઈમ્પ્લિકેશન્સવાળું આ બિલ છે અને એના સંદર્ભમાં ઘણી બધી ચર્ચાઓ અહીંયા થઈ છે. મારે બિલના સ્કોપની બહાર બિલકુલ જવું નથી પણ બિલની ગંભીરતાઓ છે એ ગંભીરતાઓને ધ્યાને લઈ અને હું માનનીય મંત્રીશ્રીને એકજ વિનંતી કરવા માગુ છું, અમારા નેતાએ વિનંતી કરી કે આના નિયમો ઘડાય તે વખતે તમે વ્યાપક અભિપ્રાય લઈને નિયમો ઘડો. હું એનાથી આગળ વધીને આ બિલ આજે મંજૂર થાય કે ૪-૬ મહિના પછી મંજૂર થાય એનાથી કોઈ આસમાની સુલતાની આવી જવાની નથી. મારી માનનીય મંત્રીશ્રીને એકજ વિનંતી છે કે આ બિલ પ્રવર સમિતિને સોંપવામાં આવે, આના ઉપર પુખ્તતાપૂર્વક ચર્ચા થાય, સંબંધિત જે વર્ગો આનાથી અસર થવાના છે એમનો અભિપ્રાય લેવામાં આવે અને ત્યાર પછી આપણે પુખ્તતાપૂર્વક વિચાર કર્યા પછી જ આ બિલ પાસ કરવાની દિશામાં આગળ વધીએ. આને રાજકીય મુદ્દો બનાવવાની જરૂર નથી. આ ખેડૂતોના હિતનો પ્રશ્ન છે. કેટલાક ખોટા ટ્રસ્ટો દ્વારા આ નિયમોનો ઉપયોગ કરી અને આર્થિક લાભ મેળવવાની કોઈ પ્રવૃત્તિ ના થાય એ જોવાની જવાબદારી પણ આ સરકારની છે એવા સંજોગોમાં આ બિલને પ્રવર સમિતિને સોંપવામાં આવે અને ત્યાર બાદ ફરી વખત પૂરતા સુધારા સાથે આ બિલ આ સભાગૃહ સમક્ષ લાવવામાં આવે એવી હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું.

**શ્રી બાબુભાઈ મે. શાહ(૨૫૫૨)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી સન ૨૦૧૧નું ગુજરાત બિલ નં.૧૨ લાવ્યા છે એના ઉપર મારી વાત કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા અગાઉના વક્તાઓમાં વિરોધપક્ષના નેતાશ્રીએ વિસ્તૃત રીતે કહ્યું એ રીતે અર્જુનભાઈએ અને સિધ્ધાર્થભાઈએ કહ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આ બિલને પ્રસ્તૃત કરતી વખતે શૈક્ષણિક સંસ્થાઓને પૂર્વ મંજૂરી જે કલેક્ટર પાસેથી લેવી પડે છે એમાંથી મુક્તિ આપવા માટેનું આ બિલ છે. ઉદ્યોગોને આવી કોઈ મંજૂરી લેવી પડતી નથી. ખેડૂતોની જમીન લઈ લે અને એની પાસેથી વેચાતી લઈ લે અને પછી N.A.ની પ્રક્રિયામાં જાય અને આ બધું સરળતાથી થાય. આજે જ અમને મળેલ અતારાંકિત પ્રશ્નોતરીની યાદીમાં માનનીય અર્જુનભાઈએ દરેક જિલ્લામાં કેટલી જમીનનું નોનએગ્રીકલ્ચરલ થયેલું છે એના આંકડામાં કચ્છ જિલ્લામાં પાંચ વર્ષની અંદર રહેણાંક માટેની ૧૩૭૨ હેકટર જમીનનું N.A. થયું છે. ઔદ્યોગિક માટે ૧૧૧૮ હેકટર જમીનનું N.A. થયું છે. એમાં શૈક્ષણિક સંસ્થા માટે માત્ર ૨૯ હેકટર જમીનનું N.A. થયું છે. આજે ઔદ્યોગિક કે રહેણાંકના હેતુ માટે ખેતીની જમીનો જે બિન-ખેતી થાય છે એના કારણે ખેતીનો વિસ્તાર દિવસે ને દિવસે ઘટતો થાય છે એની ચિંતા માનનીય સભાગૃહની હોવી જરૂરી છે. સિમેન્ટના જંગલો વધતા જાય એના બદલે આપણા ખેતરોની સંખ્યા ઘટે નહિ એટલા માટે બંધારણના આઠમા પરિશિષ્ઠમાં એ વખતે હું લોકસભાનો સભ્ય હતો અને ખાસ એ બંધારણીય સુધારો થયેલો કે આ દેશની અંદર શિડ્યુલકાસ્ટ કે શિડ્યુલટ્રાયબની જમીન એ કોઈ પણ સંજોગોમાં પૂર્વ મંજૂરી વગર વેચી શકાય નહિ. (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : સામાન્ય રીતે આ હાઉસની પરિસ્થિતિ છે કે જે સભ્યો જે બોલી ગયા હોય એનું રિપીટેશન ના થાય અને આની જે મર્યાદા અને જે સ્કોપ છે એ સ્કોપની બહાર ના જવાબ.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે શું બોલવું એ (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે જે બીજા સભ્યો બોલ્યા હોય એ કદાચ મેં પણ ના સાંભળ્યું હોય.(અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : હું કોંગ્રેસનો સભ્ય હતો અને અમારા પાર્લામેન્ટમાં આમ હતું.(અંતરાય)

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે શું બોલવાનું એ મારે નક્કી કરવાનું હોય. (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, સિધ્ધાર્થભાઈ બોલ્યા એ સ્કોપની અંદર બોલ્યા અમે કોઈ એક શબ્દ નથી બોલ્યા. **અમે એટલું જ કહીએ છીએ કે, જે સભ્યો બોલી ગયા હોય એમાંથી એ મુદ્દાઓનું રિપીટેશન ના થવું જોઈએ. (અંતરાય)**

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય મંત્રીશ્રી એ વખતે કહી શકે આ રીતે ડિસ્ટર્બ કરીને અને અમારી એકાગ્રતા તોડવામાં આવે છે. આપનું રક્ષણ માગુ છું.(અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : કચ્છની અંદર આટલી જમીન બિન ખેતી થઈ, ઉદ્યોગો માટે આટલી થઈ એ કોઈ સવાલ જ નથી આની સાથે. આની સાથે નિસ્બત હોય એટલું જ બોલો.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મારી વાત તો..(અંતરાય)

**સભાપતિશ્રી** : માનનીય બાબુભાઈ, મારે તો આપ બધા સભ્યોને વિનંતી એ છે કે, આજે કામ ઘણું બાકી છે, બાબુભાઈ અને સમય ઓછો છે, હજી કેટલાક, છ બીલો બાકી છે અને બીજું કામો બાકીમાં છે અત્યારે આ સુધારા વિધેયક છે એ સુધારા વિધેયક છે, બાબુભાઈ જરાક સાંભળો, સુધારા વિધેયક ઉપર જે સુધારાની બાબત છે એ બાબતમાં ચર્ચા કરો, બીજી બાબતોની ચર્ચા કરીશું તો આખું લાંબુ થાશે અને આના કારણે આપણે બધા ખોટીપો થાશે, જે હેતુ છે, જે બીલ છે એ સુધારા ઉપર જ આપ બોલો, સુધારા સિવાયની, બીલ સિવાયના બહારનું ના લો.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે જે બોલવાનું હોય એ મેં નક્કી કરી નાખ્યું એ બોલું, અગાઉના વક્તાઓએ જે બોલ્યું હોય એના ઉપર મારું ધ્યાન પણ ના આપું. કારણ કે, મંત્રીશ્રી શું બોલ્યા છે એના ઉપરનો મારો પ્રતિભાવ રજૂ કરું છું. (અંતરાય)

**સભાપતિશ્રી** : આપે જે કહેવું છે એ કહી દો આપ, કહી દો, કહેવું હોય એ કહી દો.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય મંત્રીશ્રી અને એટલા માટે આ ખેતીની જમીન ખેડૂતો પાસે રહે અને દબાયેલા, કચડાયેલા વર્ગોની જમીન ન જાય એટલા માટે લોકસભાની અંદર બંધારણના ૮મા પરિશિષ્ટમાં ખાસ સુધારો કરવામાં આવેલો અને એ વખતે હું લોકસભાની અંદર સભ્ય હતો એટલા માટે મને ખબર છે અને બંધારણીય સુધારો હતો એટલે ૨/૩ મત સાથે એમાં ભારતીય જનતા પાર્ટી પણ સમર્થનમાં હતી. કારણ કે, એ વી.પી.સિંહની સરકારના ટેકામાં ભારતીય જનતા પાર્ટી હતી અને ત્યારે હું એનો સભ્ય હતો એટલા માટે મને ખબર છે કે, આ દેશની અંદર દબાયેલા, કચડાયેલા વર્ગોની જમીનો જાય નહીં એટલા માટે કેટલીક ચિંતાઓ રાખવામાં આવેલી. ૭૩AAની નીચે મારા વિસ્તારની અંદર.(અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : ૭૩AAનો આમાં સવાલ જ નથી.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, બીલના ઉપરની વિસ્તૃત ચર્ચાને રોકી શકાય નહીં અને આપણી પાસે સમય ન હોય એટલા માટે થઈને આ રીતે, આપનું રક્ષણ માગુ છું. (અંતરાય)

**સભાપતિશ્રી** : માનનીય બાબુભાઈ આપ બીલના સુધારા ઉપર આવી જાઓ. (અંતરાય) માનનીય ઈકબાલભાઈ ટાઇમ પ્લાનીંગ તો કરવું પડશેને, માનનીય ઈકબાલભાઈ ટાઇમ પ્લાનીંગ તો કરવું પડશે ને આટલા બીલો છે. આપ સુધારા ઉપર આવી જાઓ.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : મારા તરફથી આપના કેટલાક મુદ્દાઓ રજૂ કરવા પડશે

**સભાપતિશ્રી** : સુધારા ઉપર આવી જાઓ.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, એક ખેડૂત એની જમીન વેચે તો એને કલેક્ટરની મંજૂરી લેવાની જરૂર નથી અને એ વેચેલી જમીન કોઈ ઉદ્યોગવાળા લે..(અંતરાય)

**શ્રી દિલીપ સંઘાણી (સંસદીય બાબતોના મંત્રીશ્રી)** : એમણે સંસદમાં હતા અને સંસદમાં જમીનનો સુધારો થયો ૦અનુસૂચી-૮માં જે જોગવાઈ છે એના આધારે માનનીય અધ્યક્ષશ્રી, આ બંધારણ મારા હાથમાં છે એમાં અનુસૂચી-૮માં જમીન બાબતનો ઉલ્લેખ જ નથી. માત્ર આદિવાસીની ભાષાને લગતી વાત છે, આદિવાસી કે ખેડૂતોની જમીનનો ઉલ્લેખ જ નથી. ભાષા કે આ રાજયમાં એનો ઉલ્લેખ ૮મી સૂચીમાં છે એટલે હાઉસમાં સંસદીય મંત્રી તરીકે હું બેઠો હોઉં એટલે રેકર્ડ સ્ટ્રેઈટ રહે એટલા પૂરતી આ સ્પષ્ટતા છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આ આદિવાસીઓની જમીન મારા વિસ્તારની અંદર વેચાઈ ગઈ છે એટલા માટે થઈને મારે આપના મારફતે માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવાનું છે. આજે પણ પ્રશ્નોત્તરીમાં ભારત સરકારે કોળી, પારાઘી અને દેવી પૂજકોને આ અધિકારો આપવા માટે રાજય સરકારને પત્ર લખ્યો છે? એનું માનનીય અર્જુનભાઈએ પૂછ્યું એના જવાબમાં હા કહી છે. આપ આપવા માગો છો કે નહીં એમાં સરકારે ના કહી છે એટલા માટે થઈને આપના મારફતે મારા વિસ્તારના જે ખેડૂતો છે એની જમીનો જે જાય છે એ જમીનો માટેની ચિંતા વ્યક્ત કરવાની મારી ફરજ બની રહે એટલા માટે આ બીલના સ્કોપની અંદર બોલવાનું હોય છે, બીલનો સુધારો હોય કે બીલ હોય એની અંદર કંઈ મર્યાદા હોતી નથી અને આપણી પાસે સમય નથી એટલા માટે થઈને આપણે આપણા મુદ્દા રજૂ ન કરી શકીએ એ વાત સાથે પણ માનનીય અધ્યક્ષશ્રી, આપનું રક્ષણ માગુ છું, આપનું માર્ગદર્શન માગુ છું કે, એના માટે થઈને બેસવું હોય ત્યાં સુધી આપણે બેસી શકીએ, બીલો પસાર થાય ત્યાં સુધી બેસવાનું હોય તો આપણી તૈયારી હોવી જોઈએ. આ સનમાનીય સભાગૃહની અંદર ભૂતકાળમાં પણ ખૂબ મોડે સુધી આપણે બેસીને આ બીલો જ્યારે જ્યારે પાસ કર્યા છે એટલા માટે આપણા સમયની પાબંદી હોય, એટલા માટે ઉતાવળ કરવાની હોય અને સુધારો પસાર થઈ જાય એના કારણે લાખ્ખો ખેડૂતોની જમીનો જતી રહેતી હોય.એ ચિંતા વ્યકત કરવાની મારી ફરજ સમજું છું અને મને બોલવા દેવામાં કોઈ અડચણ ન થાય એ માટે આપનું રક્ષણ માગું છું એટલા માટે હું વાત કરતો હતો કે આ ખેડૂતને, એવા ખેડૂતનો હું દાખલો આપવા માગું છું કે મુંદ્રા તાલુકામાં મોખા ગામની જમીન જખુભા શીવુભા જાડેજા વેચે અને હરીશ હસમુખભાઈ ચંદર એ જમીન ખરીદે (અંતરાય) દાખલો તો આપવો પડેને?(અંતરાય) દાખલો તો આપવો પડે.

**સભાપતિશ્રી** : માનનીય બાબુભાઈ, બીલની બહાર શું કામ બોલો છો? બીલના જે સુધારા છે એની ઉપર આવો. તમે આ સુધારા બીલ છે એની ઉપર આવી જાવ.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : ખેડૂત તરીકે કઈ રીતે આવ્યા એનો પણ ઉલ્લેખ હકપત્રક-૬ ની અંદર મેં વાંચ્યો છે કે આ ખેડૂતના માતુશ્રી અબડાસા તાલુકામાં ભાચુંડા ગામે ખાતેદાર છે એટલે એને જમીન ખરીદવાનો અધિકાર છે અને આ જમીન ખરીદ્યા પછી એ જમીન એણે વેચી કોને? મુંદ્રા અદાણી એસ.ઈ.ઝેડને એ મોખાની અંદર વેચી. કોઈ વ્યાપારી પેઢીને એ જમીન વેચે છે અને એની અંદર એન. એ. વગેરેની પ્રક્રિયા થાય છે કે કેમ અને ખેતીની જમીન છે એની ઉપર સિમેન્ટના જંગલો જો ઉભા થતા હોય તો આ સન્માનનીય ગૃહને એની ચિંતા હોવી જરૂરી છે.

**સભાપતિશ્રી** : માનનીય બાબુભાઈ, મેં આપને પહેલા પણ કહયું છે કે તમે આ જે સુધારા બીલ છે એના ઉપર આવી જાવ અને એના સિવાયની વાત રહેવા દો. આપણી પાસે સમય ઓછો છે અને બીલ ઉપર આવી જાવ અને જે કહેવાનું છે આપને એ બીલ ઉપર કહો.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહની અંદર જે સુધારા કરવામાં આવેલા છે એને કારણે, આપણે આઠ કિલોમીટરનો દુર કર્યો એ વખતે હું એ પક્ષમાં હતો (અંતરાય) માનનીય નિતિનભાઈ, અમે તો બોલેલા છીએ. અડવાણીજીનું માહિતી પ્રસાર ખાતાનું બીલ આવેલું રાતના બે વાગ્યા સુધી લોકસભામાં બેઠેલા છીએ. આપણા સન્માનનીય સદગત અશોક ભટ્ટ છે ને ત્રણ કલાક, ચાર કલાક સુધી આ ગૃહની અંદર બીલ ઉપર બોલેલા છે. (અંતરાય) આ બીલ ઉપર જ બોલાય છે. પગ ઉપર જ ઉભા રહેવાય. બેઝ તો નકકી કરવો જોઈએ ને? બીલ ઉપર બોલવા માટે વાતનું થડ બાંધવું જોઈએ.(અંતરાય) આ રીતે અમારી એકાગ્રતા તોડવામાં આવે. અમે જે મુદ્દાઓ બોલવાના નકકી કરીને આવ્યા હોઈએ. (અંતરાય)

**શ્રી ઈકબાલ પટેલ** : એ સિનિયર છે સાહેબ, માજી મંત્રી છે અને એમને એવું કહેવામાં આવે કે બેસાડી દો એ યોગ્ય નથી.

**સભાપતિશ્રી** : બેસાડી દેવાની કોઈ વાત જ નથી.

**શ્રી ઈકબાલ પટેલ** : સુધારામાં આટલી બધી ઝડપ કેમ કરાવે છે?

**સભાપતિશ્રી** : એક જ કલમનો સુધારો છે એટલે એમાં થોડી લિમીટમાં તો બોલવું પડેને? આ બંને પક્ષોએ નકકી કરેલી વાત છે કે આપણે કામ પૂરું કરવાનું છે. બે, બે કે ત્રણ ત્રણ લોકોએ માત્ર બોલવાનું છે. થોડો સંચાલનમાં સહકાર આપો.પ્લીઝ.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આ ખેતીની જમીનોનું વેચાણ થાય એના ઉપર ખેતી થવાની હોય તો અમે એપ્રીશીએટ કરીએ. નર્મદાના નીર આવવાના છે ત્યારે આ જમીન ઉપર ખેતી થવાની હોય તો અમે એનું અનુમોદન કરીએ. એની અનુમોદના કરીએ પણ આ ખેતીની જમીનમાં સિમેન્ટના જંગલો થવાના હોય અને દેશનું મહામુલું અન્ન ઉત્પાદન ઘટવાનું હોય તો આવતા દિવસોની અંદર જે તજજ્ઞો આજે ભય વ્યકત કરે છે કે આવતા દિવસોની અંદર રોટી રમખાણ કે પાણીની તંગી થશે એ વાતને આપણે રોકવી તો જોઈશેને? એટલા માટે આ કાયદાઓમાં ઘડિયાળના કાંટા આપણે પાછા ન ફરેવીએ અને કમ સે કમ જે રીસ્ટીકશન કે જે હોય એ રાખવા જોઈએ અને વિકેન્દ્રીકરણ થયું છે ત્યારે એનું કેન્દ્રીકરણ કરવા માટેનો માનનીય મહેસૂલ મંત્રીશ્રી આ બીલ જે લઈને આવ્યા છે અને સિદ્ધાર્થભાઈએ જે કહયું એ પ્રમાણે એના ઉપર પૂર્ણ વિચારણા કરવામાં આવે, પ્રવર સમિતિને સોંપવામાં આવે અને ઉદાહરણ આપવા માટે બે દાખલા આપવા માગતો હતો.ખેતીની જમીન ખરીદે અને જમીન વેચાઈ જાય અને એ જમીનની કોઈ ચિંતા કરવામાં ન આવે કે આ ખેડૂત ક્યાંથી ખેડૂત થયો તેના કરતા પણ ભારતીય જનતા પાર્ટીની સરકારે ૨૮૦૦ બક્ષીસના કેસો જે હતા.

**સભાપતિશ્રી** : માનનીય મંત્રીશ્રી,

**શ્રી બાબુભાઈ મે. શાહ** : વારસાઈમાં જે જમીન આવી હોય તે બરાબર છે, પણ આ જમીન બક્ષીસથી ખરીદવામાં આવેલી હોય અને એ સરકારે ૨૮૦૦ જમીનો સરકારમાં શા માટે દાખલ ન કરી એની પણ નોટિસો આપી હતી. કાયદામાં સુધારો કરી આ ૨૮૦૦ જણાને જે બક્ષીસમાં આપી હતી તેને પણ રેગ્યુરલાઈઝ કરી આપવા માટેનું કૃત્ય કર્યુ.

**સભાપતિશ્રી** : માનનીય મંત્રીશ્રી,

**શ્રી બાબુભાઈ મે. શાહ** : આ રીતે હજારો એકર જમીન..

**સભાપતિશ્રી** : પ્લીઝ પૂરું કરો. ઘણી વાત થઈ ગઈ છે. પ્લીઝ બાબુભાઈ પૂરું કરો.

**સભાગૃહનો સમય લંબાવવા અંગે**

**શ્રી પંકજકુમાર વી. દેસાઈ(મુખ્ય દંડકશ્રી )** : આજના દિવસની કામકાજની યાદીમાં દર્શાવેલ કામકાજ પૂરું થાય ત્યાં સુધી ગૃહની બેઠકનો સમય લંબાવવામાં આવે.

**શ્રી ઈકબાલ પટેલ (વિરોધ પક્ષના દંડકશ્રી )** : અમે સંમત છીએ.

**સભાપતિશ્રી** : સૌ સંમત છે (થોડીવાર બાદ ) આજના કામકાજની યાદીમાં જે કામ દર્શાવેલ છે તે તમામ કામકાજ પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે. માનનીય મંત્રીશ્રી.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : આ સુધારા વિધેયકમાં (અંતરાય) મને સમય આપ્યો છે.

**સભાપતિશ્રી** : બીજામાં ચાન્સ આપીશું. બીજા બિલમાં ભલે બોલે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : બીજા બિલમાં ભલે બોલે. એમાં પણ બોલવા જેવું ઘણું છે. ૪ માનનીય સભ્યશ્રીએ પોતાના વિચારો આમાં વ્યક્ત કર્યા છે.(અંતરાય) આના પછીના બિલમાં બોલજો.

**સભાપતિશ્રી** : બીજા બિલમાં બોલજો.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : બે મિનિટમાં બેસવું પડશે. પછી ૧૦ મિનિટ કરો નહિ ચાલે.

**સભાપતિશ્રી** : માનનીય અમરસિંહભાઈ.

**શ્રી અમરસિંહ ૨ા. વસાવા(દેડીયાપાડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે સુધારા વિધેયક બિલ લઈને આવ્યા છે, એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું. ગુજરાતમાં જ્યારથી આ સરકાર આવી છે, ત્યારથી જમીનોને લગતા મુદા લઈને આવી છે. એમાં ૮ કિ.મી.નો કાયદો હોય, ટૂંકાગાળાનો કાયદો હોય, એજ્યુકેશન અને આરોગ્ય માટેની જ વાત મૂકી છે, ત્યારે મારે આ સરકારના આપના માધ્યમથી કહેવું છે કે જમીન કયાંથી લાવવાના છે? આ સરકારે સુધારા વિધેયકના નામે આવા બિલો આ હાઉસમાં રજૂ થાય છે. આ એક સુધારા વિધેયક બિલ રજૂ થયું છે. મારે આપના માધ્યમથી કહેવું છે કે અનુસૂચિ-૫ માં સુધારા બિલ આદિવાસીની જમીન કોઈપણ લઈ શકતું નથી. લોકો શિક્ષણ માટે ખેડૂતો જમીન આપવા માગે છે.(અંતરાય) નહિ, નહિ એવું નહિ. સુધારા વિધેયકમાં એની પાછળ લખ્યું છે જ્યારે ખેડૂતો શિક્ષણ માટે આરોગ્ય માટે ખુલ્લેઆમ જમીન આપે છે, નથી આપતા એવું નથી. તેને પરમીશનો નથી આપતી. આ જે ખેડૂતોની જમીન છે એ જમીન આ સરકાર લઈને બીજા લોકોને આપી દેવા માગે છે. એટલા માટે અમારે કહેવું છે ખરેખર જે ખેડૂતો છે એને આમાં મોટું નુકસાન થાય છે એટલા માટે મારે આપના માધ્યમથી મંત્રીશ્રીને કહેવું છે કે જે સુધારા લાવો તો ખરેખર ખેડૂતને પણ ફાયદો થાય, એજ્યુકેશનના હેતુ માટે થવું જોઈએ, આરોગ્ય માટે થવું જોઈએ. નહિતર લોકો ખુલ્લેઆમ પણ જમીન આપે છે, નીતિનભાઈ લોકો બહુ આપવા તૈયાર છે, પણ સરકારનો હેતુ નથી. અને એ અમારે ખુલ્લે કહેવું છે મારા મત વિસ્તારમાં જબરજસ્તી કલેક્ટર દબાણ કરે, મામલતદારને કરે તલાટીને કરે અને જમીનો અપાઈ જાય છે. અને તે બોલી શકતો નથી. એટલે જે કોઈ બિલ આવે છે, એટલે ખેડૂતનું હિત ધ્યાનમાં રાખવામાં આવે અને ખેતીની જમીન પણ ઓછી નહિ થવી જોઈએ અને એના માધ્યમથી જ અહીયા બિલો આવવા જોઈએ નહિતર આ સરકાર એકદમ બિલો લાવી રહી છે અને જે ખેડૂતો છે એને ઓછા કરવા માગી રહી છે એટલે અમારે કહેવું પડે છે.

**સભાપતિશ્રી** : માનનીય મંત્રીશ્રી.

**શ્રીમતી ૩૯૯/page>આનંદીબેન મ. પટેલ (મહેસૂલ મંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, પાંચ ધારાસભ્યશ્રીઓએ પોતાના વિચારો આ સુધારા બીલ ઉપર રજૂ કર્યા છે. જ્યારે દેશ આઝાદ થયો ત્યારે ૩૬ કરોડની વસ્તી દેશમાં હતી. આજે ૨૦૧૦-૧૧ની અંદર લગભગ ૧૦૫ કરોડ કરતાં વધારે વસ્તી વધીને થઈ છે. ૧૯૬૦ની અંદર ગુજરાત રાજયની સ્થાપના થઈ ત્યારે બે થી અઢી કરોડ વસ્તી હશે. આજે ૨૦૧૦-૧૧ની અંદર છ કરોડની આસપાસ ગુજરાતની વસ્તી થઈ છે. ૬૦ વર્ષ પહેલાંની વાત કરીએ ત્યારે કેટલી કૉલેજો અને કેટલી યુનિવર્સિટીઓ હતી? વધતી જતી વસ્તીના પ્રમાણમાં વિદ્યાર્થીઓને અભ્યાસ કરવાની કોઈ તકો આપણે પૂરી નથી પાડવાની? શું એટલું જ રાખવું છે? કોઈ હાઈસ્કૂલ નહીં આપવાની, કોઈ કૉલેજ નહીં આપવાની, કોઈ યુનિવર્સિટી નહીં આપવાની, કોઈ હૉસ્પિટલ નહીં આપવાની, કોઈ મૅડિકલ કૉલેજ નહીં આપવાની, કોઈ ડેન્ટલ કૉલેજની આવશ્યકતા નથી આપણા ગુજરાતની અંદર, કોઈ નર્સિંગ કૉલેજની આવશ્યકતા આપણા ગુજરાતની અંદર નથી? આ યુવકો ભણવા માટે કયાં જશે? વિકાસ કેવી રીતે થશે? એટલા માટે જરૂર છે વિદ્યાર્થીઓના પ્રમાણની અંદર કૉલેજો, મૅડિકલ કૉલેજો અને યુનિવર્સિટીઓની આવશ્યકતા ગુજરાતની અંદર છે. માનનીય અધ્યક્ષશ્રી, આ તો ગુજરાતનો વિકાસ તમે બંધ કરી દો અને હવે ગુજરાતમાં વિદ્યાર્થીઓને આગળ ભણવાની કોઈ જરૂર નથી. જે રીતે ટેકનોલોજીનો વિકાસ થઈ રહયો છે તેમાં ટૅક્નીકલ કૉલેજની કોઈ આવશ્યકતા નથી. સોલર પાવરની કોઈ આવશ્યકતા નથી. વિદ્યાર્થીઓને આ બધુ ભણવાનું નથી? એટલા માટે આવશ્યક છે કે ગુજરાતની અંદર જરૂર હોય એ પ્રમાણે યુનિવર્સિટીઓ થવી જોઈએ, ગુજરાતની અંદર જરૂર હોય તેવી મૅડિકલ કૉલેજ પણ થવી જોઈએ, વિદ્યાર્થીઓને ભણવાની તકો ઉપલબ્ધ થવી જોઈએ તેના ઉપર કોઈ બાન ન હોઈ શકે મિત્રો. અહીં વિદ્વાન વ્યકિતઓએ પોતાના વિચારો વ્યકત કર્યા.

**સભાપતિશ્રી:** કુંવરજીભાઈ પ્લીઝ, દેવજીભાઈ પ્લીઝ, અમરસિંહભાઈ પ્લીઝ. અમરસિંહભાઈ, અમરસિંહભાઈ પ્લીઝ.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : તમને મેં શાંતીથી સાંભળ્યા છે એટલે સાંભળો હવે. સાંભળો હવે.

**સભાપતિશ્રી:** અમરસિંહભાઈ આપ બધા બેસી જાઓ. હું ઉભો છું ખ્યાલ રાખો. કુંવરજીભાઈ હું ઉભો છું. બેસી જાઓ. આપ બેસી જાઓ બધા. હું ઉભો છું.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, યુનિવર્સિટીઓ માટે કેટલી જમીન જોઈએ, ડિગ્રી ઈજનેરી કૉલેજ માટે કેટલી જમીન જોઈએ, નર્સિંગ માટે કેટલી જમીન જોઈએ, આઈ.ટી.આઈ. માટે કેટલી જમીન જોઈએ આ બધાના નિયમો એ.આઈ.સી.ટી., એમ.સી.આઈ. અને રાજય સરકારના શિક્ષણ વિભાગે મંજૂર કરેલ છે કે આટલી જ જમીન લઈ શકશે. તેનાથી વધારે કોઈ જમીન નહીં લઈ શકે. નિયમ અનુસાર જ જમીન આ હૉસ્પિટલો બાંધવા માટે અથવા તો કૉલેજો બાંધવા માટે એમ.સી.આઈ.ના ધોરણો નક્કી છે, એ.આઈ.સી.ટીના ધોરણો નક્કી છે અને રાજયના શિક્ષણ વિભાગના ધોરણો નક્કી કરેલા છે એટલે આપણી જે ચિંતા છે કે વધારાની જમીન લઈ લે છે અને પછી વેચી મારશે તેવો કોઈ પ્રસંગ આની અંદરથી ઉપસ્થિત થવાનો નથી. માનનીય સિદ્ધાર્થભાઈ આપ તો શિક્ષણની અંદર પડેલા છો એટલે આપને ખબર છે. બધા જ ટ્રસ્ટો માટે આ કલમથી છૂટ આપવાની થતી નથી. જે ટ્રસ્ટો બિનનફાકારક છે, સેવાકીય પ્રવૃત્તિ કરતા હશે એવા જ ટ્રસ્ટોને આની અંદરથી મુકિત આપવાનો વિષય લઈને તમારી સામે આવ્યા છે. એક વાત થઈ બંધારણની. બંધારણમાં જમીન તે રાજયનો

વિષય છે. ખેડૂત સિવાય અન્ય કોઈ ખેતીની જમીન ખરીદી ન શકે તેવી કોઈ જોગવાઈ નથી. ગુજરાત તથા બે-કે ત્રણ રાજયો સિવાય આવી બિનખેતીની જમીન ખરીદી ન શકે તેવી કોઈ જોગવાઈ નથી. ગુજરાતમાં છે. આ સુધારો રાષ્ટ્રપતિની મંજૂરી મેળવ્યા બાદ જ અમલમાં આવશે એટલે જે ચિંતા હતી તમે લો વિભાગનો અભિપ્રાય લીધો છે. પણ લો વિભાગે કાયદા વિભાગે આપણને મંજૂરી આપી છે. પણ લો વિભાગે પણ આપણને એની અંદર મંજૂરી આપી છે. માનનીય અધ્યક્ષશ્રી, એ ચિંતા વ્યક્ત કરી કે સાંથણીની જમીન, માનનીય અધ્યક્ષશ્રી, સાંથણીની જમીન વેચવા માટે બારથી પંદર વર્ષ બાદ વેચાણની પરવાનગી આપવાની જોગવાઈ કોણે કરી? આજે આપણે ખેડૂતોની ચિંતા કરી રહ્યા છીએ, ૧૯૮૦માં આની જોગવાઈ થઈ કે સાંથણીની જમીન તમે વેચી શકશો, વેચી દ્યો,

માનનીય અધ્યક્ષશ્રી, અહીં બેઠેલા મોટા ભાગના ખેડૂતો છે, હું પણ ખેડૂત છું, માનનીય અધ્યક્ષશ્રી, કોઈ વખતે મગફળીનું વાવેતર વધારે થાય એનો અર્થ એવો નથી કે જમીન ઓછી થઈ ગઈ હોય, એવા આંકડા આપીને આ આખાય ગૃહને એવા પ્રકારના આંકડાઓ આપતા હતા કે જેથી કરીને એમ લાગે કે ઓહો, આટલી બધી જમીનો ઓછી જઈ ગઈ, વાસ્તવમાં એવું નથી, (અંતરાય) તમે ગમે તે બોલો પણ અમે અહીં નહીં બોલીએ, આ બિલમાં સુધારો કરવાનો છે. (અંતરાય) મેં કહ્યું નથી કે તમારા આંકડા ખોટા છે એવું..

**સભાપતિશ્રી** : માનનીય સભ્યશ્રી, આપ ઇચ્છો એવું મંત્રીશ્રી બોલે એવું માનો છો? આપ ઇચ્છો એવો જવાબ મંત્રીશ્રી આપે? ના, એ વાજબી નથી, આપ ઇચ્છો જ એવું બોલે? તમે બોલતા હતા એમણે સાંભળ્યા, હવે તમે એમનો જવાબ સાંભળો એ તમારી જવાબદારી છે, ફરજ છે, આપ ઇચ્છો એવું જ બોલે, એવી અપેક્ષા કેમ રાખો છો? નહીં, નહીં, એ વાજબી નથી. નહીં, નહીં, આપનું મંતવ્ય ગમે તે હોય, એકેએક વાક્યે બોલવું એ ઠીક નથી. આપ ઇચ્છો એવું બોલે એવી અપેક્ષા રખાય જ નહીં, એ વાજબી જ નથી.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ માત્રને માત્ર સુધારો છે, કે જે આવા ટ્રસ્ટો હશે એમને જમીન ખરીદતાં પહેલાં કેટલાક નિયમો રાજય સરકાર બનાવશે, શિક્ષણ વિભાગે પોતાના નિયમો બનાવેલા હશે, એ જ રીતે આરોગ્ય વિભાગે પણ પોતાના નિયમો બનાવેલા હશે. અને એ નિયમોને આધીન જમીનો રાજય સરકાર કલેક્ટરની પૂર્વ મંજૂરી વગર એ લઈ શકશે એ સિવાય નહીં લઈ શકે અને માનો કે કોઈએ વધારાની જમીન લીધી ત્યારે એણે કલેક્ટર પાસે તો જવાનું છે, એનું પ્રમાણપત્ર લેવા માટે, અને એ સમયે જો વધારાની એકાદ એકર વધારાની જમીન લીધી હશે તો રાજયસાત કરવામાં આવશે.

**સભાપતિશ્રી** : માનનીય રાજસીભાઈ, આપ આપની જગ્યા પર આવી જાઓ.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મને આનંદ એ થાત કે અહીં બેઠેલા વિદ્વાન વ્યકિતઓએ કયા પ્રકારના નિયમો બનાવવા જોઈએ એ નિયમોની વાત કરી હોત તો મને આનંદ થાત, કોઈ નિયમોની વાત નથી કરી કે તમે આવો નિયમ બનાવજો, કે આવો નિયમ કરજો જેથી કરીને આ બધા, ગમે તે ટ્રસ્ટો ગમે તે જમીન ન લઈ જાય, પણ એની વાતો અહીં નથી થતી, માનનીય અધ્યક્ષશ્રી, આ માત્ર સુધારો છે, અને હવે પછી રાજય સરકાર પોતાના નિયમો બનાવશે, અને એ નિયમોને આધીન રહીને અમે આગળ વધવા માગીએ છીએ, કોઈપણ ખેડૂતની જમીન કોઈપણ લઈ જાય એ માટે અમે એના ઉપર દેખરેખ પણ રાખવાના છીએ, પરંતુ આપણો એ વિષય છે કે જ્યારે આવા આવા સારા ટ્રસ્ટો ગુજરાતની અંદર આ બધું કરવા માટે આવતા હોય ત્યારે એમને સગવડ મળે એ દૃષ્ટિએ આ બિલની અંદર હું આ સુધારો લાવી છું ત્યારે હું ધારાસભ્યશ્રીઓને વિનંતી કરું છું કે, આ સુધારાને મંજૂર કરે.

**સભાપતિશ્રી** : માનનીય કુંવરજીભાઈ, આ પ્રદર્શન વાજબી નથી, માનનીય શકિતસિંહજી, આપ આપના સભ્યશ્રીને, એ ઉભા થઈને બોલે છે, એ વાજબી નથી. ઉભા થવાને પ્રદર્શન કરવાની જરૂર નથી, કોઈએ પણ, મારું ધ્યાન તમારા તરફ હતું, કોઈએ પણ પ્રદર્શન કરવાની જરૂર નથી, એટલું યાદ રાખો આ ધારાસભા છે, જાહેર સભા નથી.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક- ૧૨નું બીજું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨ થી ૪, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટિંગ ફૉરમ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ ( મહેસૂલમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક-૧૨-સન ૨૦૧૧ ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો**

**સભાપતિશ્રી** : સન ૨૦૧૧ના વિધેયક વિધેયક ક્રમાંક-૧૨-સન ૨૦૧૧ ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

## સન ૨૦૧૧નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૨૨
# મુંબઈ જમીન મહેસૂલ (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૧૧
### મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ વધુ સુધારવા બાબત વિધેયક

**શ્રીમતી શ્રી આનંદીબેન મ. પટેલ ( મહેસૂલમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, •રાજપત્રમાં અગાઉ પ્રસિધ્ધ થયેલ સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક-૨૨-સન ૨૦૧૧ મુંબઈ જમીન મહેસૂલ (ગુજરાત સુધારા) વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

**સભાપતિશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ ( મહેસૂલમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક-૨૨-સન ૨૦૧૧ મુંબઈ જમીન મહેસૂલ (ગુજરાત સુધારા) વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ ( મહેસૂલમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હાલ મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ ૧૮૭૯ની કલમ ૬૧ હેઠળ સરકારી જમીન પર કરેલ દબાણ માટે ૫ રૂપિયા અથવા એક વર્ષના જમીન મહેસૂલના આકારના દસ ગણા બેમાંથી જે વધારે હોય તેટલી રકમ દંડ પેટે લેવાની જોગવાઈ છે. એજ રીતે કલમ ૬૩ હેઠળ કલેકટરે ખાતેદારને આપવાની નદી કે ભાઠાની જમીનની કિંમત પણ જમીન મહેસૂલના આકારના આધારે નક્કી કરવાની જોગવાઈ છે અને વધુમાં વધુ આકારની ત્રણ ગણી રકમ એ લઈ શકે છે. જમીન મહેસૂલના આકારની રકમ ઘણાં વર્ષો પહેલા નક્કી કરવામાં આવી હતી એ આજના સમયમાં અપ્રસ્તુત બની ગઈ છે. હાલમાં ખેતીની જમીન પરનું જમીન મહેસૂલ પણ મોકુફ રાખવામાં આવ્યું છે. આ તમામ બાબતો ધ્યાને લેતા પુક્ત વિચારણાને અંતે કલમ ૬૧ હેઠળ સરકારી જમીન પર કરેલ દબાણ માટેની દંડની હાલની જોગવાઈ જમીન મહેસૂલના આકારને આધારે કરવામાં આવે છે તેના બદલે જંતરીના એક ટકા કરતા વધુ નહીં તેટલા દંડની જોગવાઈ કરવાનું અમાં નિર્દિષ્ટ કરવામાં આવે છે. કલમ ૬૩ હેઠળ કલેકટરે ખાતેદારને આપવાની નદી કે ભાઠાની જમીનની કિંમત મહેસૂલના આકારના આધારે નક્કી કરવાની જોગવાઈ છે એના બદલે જમીનની કિંમત હવે રાજય સરકાર નક્કી કરે તેટલી રહેશે તે મુજબ કાયદામાં સુધારો કરવા અંગેનું ગુજરાત વિધેયક ક્રમાંક:૨૨, ૨૦૧૧ આ સભાગૃહની મંજૂરી માટે રજૂ કરવામાં આવે છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ(ભાવનગર શહેર (દક્ષિણ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આ જે (સુધારા) વિધેયક લઈને આવ્યા છે, માનનીય અધ્યક્ષશ્રી, બે પ્રોવિઝન કરવા માગે છે. મેં પહેલા બિલમાં પણ કહ્યું કે, ડિસ્ક્રીશનરી પાવરનો હું વિરોધી છે. કારણ કે, જ્યાં જ્યાં ડિસ્ક્રીશન આવશે ત્યાં ત્યાં ભ્રષ્ટાચારના સ્કોપ વધશે. એક, પ્રવર્તમાન જે જોગવાઈ છે એ જોગવાઈમાં દંડના સ્વરૂપમાં અને ભાઠાની જમીન આપવાની હોય તો એના સ્વરૂપમાં બંનેમાં જે જોગવાઈ છે એ હું આપના મારફતે આ સભાગૃહના ધ્યાન પર મૂકવા માગુ છું. " તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદા મુજબ જે કોઈ ભાઠાની જમીન રાજય સરકારને પ્રાપ્ત થઈ હોય તે જમીન, સરકારી મહેસૂલના હિતસંબંધ ઉપર યોગ્ય લક્ષ આપીને વેચી શકાશે એવું કલેકટરને લાગે, ત્યારે તેણે આવી ભાઠાની જમીન જે કાંઠા અથવા કિનારા ઉપર હોય તેના ખાતેદાર (કોઈ હોય તો તે) ને આપવા માંડવી. આવી રીતે આપવા માંડેલી જમીનની કિંમત, તે જમીનની વાર્ષિક આકારણીના ત્રણ ગણી કરતાં વધારે હોવી જોઈશે નહીં." It is a rider. Very rightly and very wisely જ્યારે કાયદો ઘડાયો ત્યારે આ વસ્તુ મૂકવામાં આવે છે. નો ડિસ્ક્રીશન. એક લિમિટ આવી કે જમીનની વાર્ષિક આકારણીના ત્રણ ગણા કરતા વધારે હોવી જોઈએ નહીં. "જો સદરહું જમીન આપવાની માગણી કબૂલ કરવાની ના પાડે, તો કલેકટર લેવાની કિંમત અંગે કોઈ નિયંત્રણ મૂકયા સિવાય જમીનની વ્યવસ્થા કરી શકશે. આ કલમના હેતુ માટે કલમ ૩માં ગમે તે મજકૂર હોય તે છતાં કાંઠો અથવા કિનારો કબજા સહિતનો ગીરો મૂક્યો હોય તો ગીરો મૂકનાર તેનો ખાતેદાર ગણાશે.કોણ ગણાશે તેની પણ સ્પેશીફીક બાબતો આવી. એટલે જૂના કાયદામાં જે વ્યવસ્થા છે તે શું છે સાહેબ ? કે કાંઠાની તે જમીન ખેતીના ઉપયોગમાં આવે રાજય અને રાષ્ટ્રના સંશાધનોનો મેકસીમમ ઉપયોગ થાય અને તે ઉપયોગ થાય એટલા માટે બહુ જ ગણતરીપૂર્વક જે જમીનની વાર્ષિક આકારણી હોય તે વાર્ષિક આકારણીમાં ત્રણ ગણાં કરતાં વધે નહીં એ રાઈડર આવ્યો. તેનાથી વધારે નહીં. સાહેબ કેટલી સરસ વ્યવસ્થા છે આપણી. આપણે હવે તેને શું કરવા જઈએ છીએ We are amending the section. અને section ૬૩, sub-section ૨ માં એમેન્ડમેન્ટ શું લઈને આવીએ છીએ કેવી રીતે આપવા ધારેલી કે માંડેલી જમીનની કિંમત રાજય સરકાર નક્કી કરે તેટલી રહેશે. આને એકસ્પ્લેઈન તો કરાય કે શા માટે આ કરવા જઈએ છીએ. વાર્ષિક આકારણીના મેકસીમમ ત્રણ ગણાં તે મુજબ કલેક્ટર આપે. એક તરફ આપણે સત્તાના વિકેન્દ્રીકરણની વાતો કરતાં હોઈએ. અને બીજી તરફ આપણે centralisation of power

• વિધેયક તારીખ ૧૮મી માર્ચ, ૨૦૧૧ના રોજ રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

માટેના legislation લઈએ આવીએ amendment લઈને આવીએ. અને હવે કલેક્ટર નક્કી નહીં, રાજય સરકાર નક્કી કરે અને રાજય સરકાર નક્કી કરે ત્યારે કયા માપદંડો અપનાવવા માગીએ છીએ આપણે ? Let it be with the Collector. એણે ખોટું કર્યુ હશે then he is answerable. You are the authority to command the Collector. He is answerable to you,. You have Secretary (Revenue), you have Secretary (Finance). પણ ના, એ નહીં હવે અમે નક્કી કરીશું. ત્યારે આપના માપદંડો શું રહેવાના છે ? આજ સુધી જ્યારે જ્યારે આવા અધિકારો જે રાજય સરકારે વાપર્યા છે ત્યાં અનેક પ્રશ્નો આવ્યાં છે. અમારી પાસે આજની તારીખે જ્યાં આગળ જૂના લેજીસ્લેશન છે અને તે કાયદાઓમાં જેમ આમાં મુકાયો છે તેવો રાઈડર મુકાયો હોય કે ત્રણ ગણાં કરતાં વધારે નહીં કલેક્ટર નક્કી કરશે ત્યાં ફરિયાદોના સ્કોપ ઘટ્યાં છે. ફરિયાદોના સ્કોપ વધ્યાં નથી. પણ જ્યાં જ્યાં centralisation of power થયા છે ત્યાં ત્યાં હંમેશા ફરિયાદોના અનેક રજૂઆતોના બનાવો બન્યાં છે. અને ત્યાં હંમેશા એ વાત આવી છે કે discretionary power છે ને સરકાર પાસે છે ને ? સરકાર તો માઈ-બાપ છે તે જે કરે તે કરે. તેને કોઈને જવાબ આપવાની જરૂર નથી. એટલે અહીંથી બધું કરાવી લઉં, થઈ શકશે. Collector is answerable આપના પાસે કાર્યબોજ પણ છે. Decentralisation of power is a sign of good governance. આ એક established principle છે. Why we want to run away from that ? આપણને શા માટે તે પસંદ નથી ? જો આપણી દાનત વાજબી હોય તો આવા amendment આપણે શું કામ લઈને આવીએ ? અને જે પરિસ્થિતિ નિર્માણ થાય છે તેના કારણે ઔર પરિસ્થિતિ મુશ્કેલીભરી એટલા માટે થશે કે રાજયની અંદર રાજયના સંશાધનોનો મેકસીમમ ઉપયોગ કેમ થાય તેની ચિંતા કરવાની છે. અને આ ચિંતા જ્યારે કરવાની છે ત્યારે આ બન્ને સુધારા. બીજા સુધારામાં આપણે શું કરીએ છીએ. બે સુધારા છે એક ૬૩માં અને એક ૬૧માં. સેકશન ૬૧ અત્યારે છે. એમાં મને ખબર નથી પડતી કે આપણને મોટા માથાઓ છે, એને મોટી દંડની જોગવાઈ માટે આપણે જરૂર ચિંતા કરવી જોઈએ. ચાણકયની રાજનીતિ પણ એ કહે છે કે નાનો કોઈ નાનો કસૂર કરે તો એ પ્રિન્સિપલ નહીં થાય. પણ મોટો માણસ જો કરે કઈ ખોટું તો સામાન્ય માણસ એને સિદ્ધાંત ગણીને ચાલે. અને એટલા માટે નાના કદાચ ખોટું કરતા હોય એને દંડ ન થાય તો પણ રાજસત્તા માટે ચાલે. પણ મોટો માણસ કંઈ ખોટું કરે તો એને મોટો દંડ કરવો જોઈએ કે જેથી સમાજમાં એક મેસેજ પરકયુલેટ થાય કે આ ન ચાલે.

માનનીય અધ્યક્ષશ્રી, What are we doing? આપણે પેલા નાનાને મોટી સજા કરવાની ચિંતા કરીએ છીએ અને મોટો ખોટું કરે તો એને રેગ્યુલરાઈઝ કરી દેવાનું. એની ભલામણ કરવાની. એના પર કોઈ તવાઈ ન હોય. એના પર આપની કૃપાદૃષ્ટિ હોય. અહીંયા શું જોગવાઈ હતી? કંઈ ખાસ હેતુ માટે જે સેકશન-૬૩ at present what does it says? કંઈ ખાસ હેતુ માટે જુદી કાઢી રાખેલી કોઈ જમીન ધૂમાલા નહીં હોય એવી પડતર હોય. એટલે જે જમીન વેસ્ટ લેન્ડ છે, પડતર છે. તે જમીન જો કોઈ વ્યકિત અનધિકૃત રીતે ભોગવટો લઈને ખેડે. I will pause here for a moment. સાહેબ જે જમીન પડતર પડી છે, એનો અર્થ કે એ જમીન બહુ ફર્ટાઈલ નથી. પણ એ રાજયની સંપત્તિ છે. એ રાષ્ટ્રની સંપત્તિ છે. પણ એ પડતર પડી છે. જેનું ઉપાર્જન નથી. કોઈ મહેનતકશ ખેડૂત એને ખેડે. એમાં પસીનો વહેવડાવે. પડતર પડેલી જમીન ખેડે તથા અધિનિયમની જોગવાઈઓ પૈકી જો કોઈ જોગવાઈ કારણસર એવી જમીનનો ઉપયોગ કરવાનો અથવા ભોગવટામાં લઈને ખેડવાનો હકક એને ન હોય. He is not authorised. એની પાસે અધિકાર નથી. પણ એણે જોયું કે આ એક રાષ્ટ્રની સંપત્તિ છે, વેસ્ટ છે, હું મહેનત કરી શકું એમ છું, મારે ખેડવી છે અને એ ખેડે છે. એવી જમીન અનધિકૃત ભોગવટામાં લઈને એ ખેડાતી હોય. તો તે જમીન આકારણી કરેલા સરવે નંબરની ભાગ બનતી હોય. તો જે મુદત સુધી તેણે અનધિકૃત ભોગવટામાં લઈને ખેડે તેટલી મુદત સુધી તે આખા નંબરની આકારણીની રકમ આપવી જોઈએ. એના પાસેથી શું લેવાનું? જે તે સમયે આ સેકશન-૬૧ ફ્રેઈમ કરતી વખતે કેટલું વીઝડમ જોયું હશે? કે આને મોટો દંડ ના કરાય. આને મોટી સજા ના કરાય. હા. મોટો દંડ કે મોટી સજા કરવાની છે ત્યાં આપણા માપદંડ જુદા છે. આપના રક્ષિત જંગલમાં એસ્સાર પેશકદમી કરે અને હેકટરો જમીન દબાવે, તો આપ કેન્દ્ર સરકારને ભલામણ કરો કે આની ઉપર દયા રાખજો. આને રેગ્યુલરાઈઝ કરી દેજો. ત્યાં આપની કૃપાદૃષ્ટિ હોય. અને પેલો ખેડૂત પડતર જમીન ખેડે છે. જે ખરાબા જેવી જમીન છે, એમાં પસીનો વહેવડાવે છે. એ ધરતીપુત્ર એના કારણે એમાંથી પેદાશ લે છે. આપ તાળીઓ પડાવી શકો છો કે મારા રાજયનો ખેડૂત એ આંક તમારો કૃષિ પેદાશનો ઉપર જઈ રહ્યો છે. એ ખેડૂતને, જે આપને ક્રેડિટ અપાવે છે, એ ખેડૂતને પ્રવર્તમાન કાયદો શું કહે છે? પ્રવર્તમાન કાયદો એમ કહે છે કે જે નંબરની આકારણીમાં રકમ આપવી જોઈએ, અને ભોગવટાના કામમાં ઉપયોગ લીધેલી જમીનની સદરહુ મુદત માટે આકારણીની જેટલી રકમ લેવાની થાય તેટલી રકમ આપવી જોઈએ. આકારણીની રકમ જેટલી. અને તે જમીન તેણે ખેતીના હેતુ માટે લીધેલી હોય તે વ્યકિત કલેકટરને યોગ્ય લાગે તે પ્રમાણે પાંચ રૂપિયા કરતા વધારે ન હોય તેટલો દંડ Just application of mind is needed here. અહીંયા મગજ ચાલવું જોઈએ. અહીંયા મગજ દોડાવવું જોઈએ. કે આ દંડની જોગવાઈ રાખવા પાછળનું લોજીક, કિસાનપ્રિય સરકાર હોવાનું લોજીક. કૃપાદૃષ્ટિ નાના માણસ માટે હોવાનું લોજીક અને રાષ્ટ્રીય સંપત્તિનો વ્યય ન થાય એના માટેનું લોજીક. અહીંયાં પ્રતિપાદિત થાય છે કે ૫ રૂપિયા કરતાં વધારે ના હોય તો વધુમાં વધુ ૧૦ ગણી રકમ

સુધીના દંડને પાત્ર થશે. કારણ કે એણે એવો કોઈ ગુનો નથી કર્યો, એ માણસ કોઈ ઉદ્યોગપતિ નથી કે તમારા રક્ષિત જંગલમાં ભણેલ ગણેલ, જાણકાર નિયમોવાળો માણસ, તમને વેટ નહીં ભરનાર માણસ, પેશકદમી કરનાર માણસ એવો આ માણસ નથી. એ પેલો મહેનતકક્ષ નાનો ખેડૂત છે એ જુએ છે કે મારી જમીનની બાજુમાં આ પડતર જમીન છે તો હું મારું નસીબ અજમાવી જોઉં અને દિવસ રાત એક કરીને એમાં ખાતર અને પાણી આપીને એ પડતર જમીનમાં મને કુદરતની મહેરબાની થાય અને હું એમાંથી પેદાશ લઉં એમ કરીને એ એમાં ખેતી કરે અને એના માટે અને ૫ રૂપિયા દંડ અને પાંચ કરતાં ૧૦ ગણું વધારે અને કલેકટરને જયારે એમ લાગે કે ના આનાથી વધારે દંડ કરવાની જરૂર છે તો ૧૦ ગણો દંડ કરી શકાય એવી પ્રવર્તમાન જોગવાઈ છે. બીન ખેતી હેતુસર સારું ઉપયોગમાં લીધેલ હોય તો કલમ ૨૧૪ મુજબ આ અર્થે કરેલા કરેલા નિયમોમાં ઠરાવવામાં આવે તેવી મર્યાદા કરતાં વધુ ન હોય તેવો દંડ સેકશન ૬૩ અને સેકશન ૬૧ એમાં અત્યારે પ્રવર્તમાન જોગવાઈમાં આપ જુઓ તો ખરા કે કેટલી ચિંતા કરી છે? We should salute those Legislators કે જે એણે આ કાયદો બનાવ્યો તેમાં પણ ચિંતા રાખી છે કે ખેતી માટે ઉપયોગ કર્યો છે તો એની સામે શું કાર્યવાહી કરવાની કે ૫ રૂપિયા દંડની તેની સામે કાર્યવાહી કરવાની અને મલ્ટીપ્લાય બાય ૧૦ કરીને વધુમાં વધુ એની પાસેથી ૧૦ ગણો વધારે દંડ લઈ શકાય કયારે કે જો એણે ખેતી માટે ઉપયોગ કર્યો હોય તો, પરંતુ હા, આ જ પડતર જમીનનો બીન ખેતીના હેતુ માટે ઉપયોગ કર્યો હોય તો એની સામે ૨૧૪ નીચે નિયમોમાં ઠરાવેલ છે તેવી મર્યાદામાં દંડપાત્ર કરવાનું. ત્યાં પેલો ૫ રૂપિયાવાળો દંડ નહીં કારણ કે ખેતી માટે વાપરી નથી એણે એનો બીજો ઉપયોગ કર્યો છે માટે એના ઉપર વધારે દંડ લઈ શકાશે. અનઅધિકૃત રીતે ભોગવટામાંલઈને ખેડેલી જમીન માટે આપવાની આકારણીની રકમ સંબંધી કલેકટરશ્રીનો નિર્ણય આખર. ગણાશે અને આકારણીની રકમ ઠરાવતી વખતે વર્ષના કોઈ ભાગ સુધી જમીન ભોગવટામાં લીધીહોય તો તે આખા વર્ષ માટે ભોગવટમાં લીધી છે એમ ગણાશે. જેતી કરીને બિનજૂરી પેશકદમી ના થાય. હું જયારે સરકારી કોઈ જમીન પડતર પડી છે એમાંથી ઉપજ લેવાનો પ્રયત્ન કરું ત્યારે મારા મગજમાં કલેરીટી હોય કે હું આનો ઉપયોગ કરીશ તો મને આખા વર્ષની આકારણી લાગુ પડશે. સીઝનલ પાક લેવા માટે આખા વર્ષ માટે પેશકદમી ના કરી શકો. પરંતુ I have an impression, if my wisdom says કે હું આ કરીશ તો આખા વર્ષની ઉપજ મને મળવાની છે અને આખા વર્ષની ઉપજ જેટલો દંડ થાય તો મને વાંધો નથી, પરંતુ મારે આ પડતર જમીનમાં મારું નસીબ અજમાવવું છે, આ પડતર જમીન માટે ખેતીના ઉપયોગમાં લેવી છે અને એ કરે ત્યારે એટલા માટે જ આ કાયદામાં જોગવાઈ આખા વર્ષ માટે કરવાનું કહયું છે કે 'આવી કોઈ જમીનનો અનધિકૃત રીતે ભોગવટો કરનાર વ્યકિતને સંક્ષિપ્ત રીતે કામ ચલાવીને કલેકટર જમીનમાંથી કાઢી મૂકી શકશે' અને તે નિર્ણય પણ કોણે કરવાનો છે ? કલેકટરને લાગે કે દંડ તો કરુ છું, પરંતુ આ જમીન જે છે એ for the public interest, for the public purpose I need this land, it shall be vacated તો ખાનગી ઈન્ટરેસ્ટ અને પબ્લિક ઈન્ટરેસ્ટ વચ્ચે કોન્ફિલીકટ થાય તો પબ્લિક ઈન્ટરેસ્ટને પ્રાધાન્ય આપીને પ્રાઈવેટ ઈન્ટરેસ્ટ જતો કરવો જોઈએ અને એટલા માટે કલેકટર એ જગ્યા ખાલી કરાવે અને ૬૧ માં કહયું છે કે 'તે જમીનમાં ઉગાડેલા કોઈ પાક સરકાર દાખલ પાત્ર થશે અને તેના ઉપર બાંધેલી કોઈ ઈમારત અથવા ઉભું કરેલ બીજું બાંધકામ કલેકટરને યોગ્ય લાગે તેવી લેખિત નોટિસ આપ્યા પછી તે કાઢી ન નાંખે તો તે પણ સરકાર દાખલ કરવાને અથવા સંક્ષિપ્ત રીતે કામ ચલાવી દૂર કરવાને પાત્ર થશે.' તો આ ૧ માં પ્રોવિઝન છે. આપનો સ્કેલ કેવો ચાલે છે? You have powers in your hand તમે આ મિલકતો મોટા માણસની હોય છે ત્યાં..એસ્સારમાં તમે ઉપયોગ ન કરો, ત્યાં તમે દરખાસ્ત કરો કે આને રેગ્યુલરાઈઝ કરી આપો. અને અહીં પેલા નાના ખેડૂત માટે આપ સુધારો લઈને આવો છો, એ સુધારો આપનો શું છે તેના તરફ પણ મારે આપના મારફત આ સભાગૃહનું ધ્યાન દોરવું છે. મુંબઈ જમીન મહેસુલ અધિનિયમ ૧૮૭૯, મુખ્ય અધિનિયમ છે એમાં સેકસન ૬૧માં મેં હમણાં જ એકસ્પ્લેન કર્યુ, રીલેવન્ટ સેકશન I have not gone beyond the scope Vajubhai, હું બિલની મર્યાદાની બહાર જવાનો નથી. એટલે તમને તકલીફ નહીં આપવા દઉં. પાંચ કરતા વધારે ન હોય તેવા દંડ, અને એક વર્ષની તેને આપવાની આકારણીની દસ ગણાની રકમ આ જે પ્રવર્તમાન જોગવાઈ છે તેના શબ્દોના બદલે what are we doing, આપણે શું કરવાના છીએ? We are substituting the word રાજય સરકાર વખતો વખત જાહેર કરે તેવા દર પ્રવર્તમાન વાર્ષિક પત્ર જંત્રીના એક ટકા કરતા વધારે નહીં. એટલા, આપના મગજમાં નાના ખેડૂત માટેની કૃપાનો ભાવ કયાં જતો રહયો છે? જંત્રીના એક ટકા, આ પાંચ રૂપિયા દંડ એટલા માટે હતો કે એ માણસ કોઈ એવું મોટું પાપ નથી કરતો, અને તમારી આ નીતિના કારણે પરિસ્થિતિ શું થશે તે પણ મારે કહેવું છે. અત્યારે આ રાજયની સંપત્તિનો કઈ હદે મારી દૃષ્ટિએ વ્યય થાય છે, ભૂતકાળની સરકારો પ્રાધાન્ય કોને આપતી? જમીન વિહોણી વ્યકિત સાંથણીની જમીન માગે તો આપણે તેને પ્રાયોરીટી આપતા હતા. એ નીતિના બદલે આપની પ્રાયોરીટી થઈ ગઈ કે વાયબ્રન્ટ ગુજરાતમાં માગેલો ટૂકડો માગે એને માગે તે રીતે વ્યવસ્થા અમારી સમજાય તો મળે. પણ પેલા સાંથણી માટેનો ખેડૂત એ જમીન માગે તો તેને એ જમીન ન મળે. કઈ પરિસ્થિતિ નિર્માણ થઈ છે? હું રાજય સરકારે આપેલા અંદાજપત્ર પ્રકાશન નંબર ૩૪ ના આધાર ઉપર જ મારા આંકડાઓ કહું છું. આ નીતિ કરશો તેનાથી વધારે ખરાબ પરિસ્થિતિ કયાં નિર્માણ થવાની છે, ઉજજડ તથા ખેડી ન શકાય તેવી જમીન, આપ નહોતા ત્યારે ૧૯૮૦-૮૧માં ૨૫ લાખ ૩૪૦૦ હેકટર જમીન એ ઉજજડ તથા ખેડી ન શકાય તેવી જમીન હતી.

આપના બિલમાં જે માણસ માટે જોગવાઈ કરો છો તે કોના માટે, આ જે જમીન છે એમાં જે ખેતી કરવા જાય છે તેના માટે, આજે શું થયું? હું આંકડા આપવા માગું છું ૨૦૦૬-૨૦૦૭ના, ૨૦૦૬-૦૭માં આ ફીગર નીચે આવવો જોઈએ. નવસાધ્ય જમીન કરી કરીને ઉજ્જડ તથા ખેડી ન શકાય તેવી જમીન હતી તેને ખેડી શકાય તેવી કરવાની જવાબદારી રાજય સરકારની હતી.ઓ આપણી સંમંતિ છે, રાજયનું સંશાધન છે, તે સંશાધન, ઉજ્જડ છે એમાંથી ઉત્પાદન લક્ષી કેમ થાય? તો આ આંકડો ઘટવો જોઈએ, પરંતુ એમાં શું થયું ૨૫ લાખ ૯૫૦૦ થઈ ગઈ. ઘટવાને બદલે એ આંકડો ઉપર આવ્યો, ઉજ્જડ અને ખેડી ન શકાય તેવી જમીનનો ફીગર ઉપર ગયો, જે ઘટવો જોઈએ. ખેતી સિવાયના ઉપયોગમાં લેવાયેલી જમીન આ રાજયની, આપણો દેશ ખેતીપ્રધાન દેશ છે. ગમે તેવી મોટી ફેકટરી નાખીશું આપણે તો એમાંથી કોઈ બાજરો નહીં પેદા કરી શકાય, કોઈ રીંગણું પેદા નહીં કરી શકાય કે જે ખાઈ અને માણસ પોતાના પેટનો ખાડો પુરી શકે. અને તેના માટે ખેતી જોઈશે, મા ભોમ તે આપણને આપશે અને આપણું પોષણ કરશે. કોઈ સિમેન્ટનો ભૂકો ખાઈ ને પોતાનું જીવન નહીં જીવી શકે. કે કોઈ ગેસ પીને પોતાનું લાંબુ જીવન નહિ કરી શકે. કે કોઈ તેલ પીને એનું જીવન નથી કાઢી શકવાનો. આપણે પેટ્રોલ કે ડિઝલ તેલ તરીકે કહીએ છીએ. એના માટે તો મગફળીનું તેલ જોઈશે એના માટે ઘઉંની રોટલી, બાજરીનો રોટલો કે મકાઈનો રોટલો જોઈશે, એના માટે રીંગણા, બટાકા જોઈશે અને એટલા માટે ખેતીને પ્રોત્સાહિત કરવી પડશે. ઉદ્યોગો પાછળ ગાંડા થવાની જરૂર નથી. એ તો તમનો પોલ્યુશન પણ આપશે, તમારી મિલકતો પણ હડપ કરશે, નફો ગમે ત્યાં કમાશે અને આજે એ વિકસિત રાષ્ટ્રો એ વાત પર સંમત થયા છે કે ખેતીને પ્રોત્સાહન આપ્યા વગર છૂટકો નથી. અમૅરિકા જેવો દેશ પણ કહે છે કે ઈનલીગલ ઈમિગ્રટ મારે ત્યાં આવ્યો હશે તો એને પણ લીગલાઈઝ કરી આપીશ જો એ ખેતી કરશે અને મારે ત્યાં ખેડૂત તરીકે રહેવાનો હોય તો એને હું લીગલાઈઝ કરુ એવું એણે પણ કરવું પડ્યું છે ત્યારે આપણે કોઈકના અનુભવમાંથી તો શીખીએ, એના અનુભવમાંથી શીખીએ, પોતાની જાતે વિકસિત કહેનારો દેશ એમને ત્યાં ના પાડે છે કે આ ઉદ્યોગ મારે ત્યાં ન જોઈએ કે જે ઉદ્યોગ મારે ત્યાં પોલ્યુશન આપે છે. એ દેશમાંથી તો આપણે સમજીએ કે આ દેશોએ જે વિકસિત દેશો છે એમણે એના અનુભવે શું કહ્યું. આપણે એમાંથી પણ બોધપાઠ નથી લેતા, ઉદ્યોગો માટે વાયબ્રન્ટ થઈએ અને ખેતી માટે આવો કાયદો લઈને આવીએ છીએ. કે ખેતીની પડતર જમીન ખેડનારો છે એ મોટો ગુનેગાર અને ખેતીની પડતર જમીન ખેડનારો છે એને પાંચ રૂપિયા અથવા એને ગુણ્યા દશ જેટલો દંડ સફિશિયન્ટ દંડ નથી મારે મન એ મોટો ચોર છે અને એને દંડની જોગવાઈ એમ કહે કે જંત્રીના એક ટકા અથવા રાજય સરકાર નક્કી કરે એવી રકમનો દંડ કરવો છે. આ દંડ કરવાની પ્રથા ખેડૂત વિરોધી પ્રથા છે એમ હું સ્પષ્ટપણે માનું છું. ખેડૂત વિરોધી નીતિ એનો વિરોધ ન કરીએ તો કરીએ શું? અને ત્યારે મારે (અંતરાય) હું કહીશ તો કહેશે કે અસંસદીય છે, છે તો આવું જ પણ શું કરુ, સત્ય વાત છે. નકામા વજુભાઈ રાજી થશે, ઊભા નહિ થાય એ સમજે છે હું ખાનગીમાં એમને પછી કહીશ.

ખેતી સિવાયના ઉપયોગમાં લેવાયેલી જમીનો આપણે શું કર્યુ. ૧૯૮૦-૮૧માં ૧૦,૦૬૭૦૦ હેકટર જમીન ખેતી સિવાયના ઉપયોગમાં આવતી હતી. વોટ વી હેવ ડન. આપણે ૨૦૦૬-૦૭ સુધીના ઓફિશ્યલ ફિગર છે. What we have done? I do not want to travel beyond officiala figures. એ ફિગર્સ જોઈએ તો જે ૧૦,૦૬૭૦૦ હેકટર જમીન ખેતી સિવાય ઉપયોગમાં લેવાતી હતી એ આજે ૧૧,૬૩૨૦૦ હેકટર જમીન ખેતી સિવાયના ઉપયોગમાં લેવામાં આવે છે. આ જમીન બીજેથી પેદા નથી થતી એનો અર્થ એ કે આપણી ખેતી લાયક જમીન ઓછી કરીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, ચાલુ પડતર આપે તો પડતરવાળી જમીન નવ સાધ્ય કરી હોત ને તો પણ મને વાંધો નહોતો. Let me give figures, પડતર જમીન હતી એને તમે નવ સાધ્ય કરી અને ખેતી સિવાયના ઉપયોગમાં આપી છે અને રાજય પાસેનું પડતર હતું એ ઘટ્યું છે એ આંકડા પણ નથી. સાહેબ રાજય પાસે ચાલુ પડતર છે એ ૧૯૮૦-૮૧માં કેટલું હતું, ૫,૩૯,૪૦૦ હેકટર ચાલુ પડતર હતું. એ ૫,૩૯,૪૦૦ હેકટરમાંથી ચાલુ પડતર ઘટ્યું નહિ, પડતર વધી ગયું અને ચાલુ પડતર આજની તારીખે ૬,૨૨,૭૦૦ હેકટર થયું. ૧ લાખ હેકટર ચાલુ પડતર તમારી પાસે વધી ગયું આની ચિંતા આપણને ન થાય? કે પડતર જમીન વધે છે અને પડતર જમીન જ્યારે વધે છે ત્યારે તેનો અર્થ એ થયો કે આ રાજયનો ખેડૂત પડતરોને પચાવીને વાત નથી કરતો, હું તો કહું છું તેને પ્રોત્સાહિત કરો કે આ પડતર જમીન છે. ચાલ, તું દલિત ભાઈ છો, તું આદિવાસી ભાઈ છો, તું નાનો ખેડૂત છો, તું સિમાન્ત ખેડૂત છો, મારી રાજય સરકાર તને મદદ આપશે, સબસિડી આપશે. મારા રાજયમાં છ લાખ હેકટર પડતર પડ્યું છે. તેમાંથી તું માગ જમીન. જેમ આપણે પેલા ઉદ્યોગપતિઓને કહીએ છીએ ને, માંગ માંગ, તું માંગ જમીન. ગાંધીનગરમાં જોઈએ કે સરખેજમાં જોઈએ, સાણંદમાં જોઈએ કે કચ્છમાં જોઈએ. માંગ, હું તને આપીશ. એ ઉદ્યોગપતિને કહેવાના બદલે પેલા આદિવાસી ખેડૂત, પેલો દલિત ખેડૂત, પેલો નાનો ખેડૂત, પેલો સિમાન્ત ખેડૂત, તેને કહો કે છ લાખ હેકટર મારી પાસે પડતર જમીન પડી છે. આવ, મારા ભાઈ, તું આને નવસાધ્ય કર. તારો પસીનો પાડ, રાજય સરકાર તને મદદ કરશે અને આમાંથી ખેતીનું ઉત્પાદન પેદા કરો, રાષ્ટ્ર અને રાજયની સંપત્તિમાં વધારો કરો. અમે તમારી સાથે છીએ. છે તાકાત આપણી? આપણે તો વિપરીત ચાલીએ છીએ કે આ પડતરની અંદર પેલો કોઈ ગયો, એણે ખેતી કરી. પ્રવર્તમાન જોગવાઈ છે પાંચ રૂપિયા દંડ અથવા એને ગુણ્યા દસ સુધીનો મહત્તમ, એ આપણને ઓછો પડે છે કે આ પડતરમાં ઘૂસી ગયો અને એને દંડ અમારાથી ઓછો થાય છે. કાયદો લાવો સુધારાનો. ના, ઉદ્યોગપતિ હોત તો તો આ દંડ ઘટવાની જોગવાઈ આવત.

એ જ તકલીફ છે કે પેલો ખેડૂત છે. નાનો માણસ છે. ઉદ્યોગપતિ નથી. નહીંતર સુધારો એવો આવત કે પાંચ રૂપિયા ગુણ્યા દસ પણ વધુ પડી જાય છે. માટે એને દંડ નહીં એવી જોગવાઈ લાવો. કારણ કે એ તો ઉદ્યોગપતિ છે. માનનીય સિદ્ધાર્થભાઈ, આ ઉદ્યોગપતિ નથી એટલી જ તકલીફ છે. નહીંતર તો મારે અને તમારે ચિંતા જ નહીં. ગોઠવાઈ ગયું હોય ને એમ જ આવે. પણ આમાં પેલો માણસ, એ નાનો ખેડૂત. એને દંડ કરીને તમે શું લઈ લેવાના છો? છ લાખ હેકટર તમારી પાસે પડતર પડ્યું છે. એ પડતરમાંથી એક પૈસાની ઉપજ નથી અને કોઈ એમાં ઘૂસી ગયો તો એ ઘૂસીને કંઈ લઈ નથી જવાનો. એ માણસ એમાં મહેનત કરીને કંઈક ઉગાડશે. આપની પાસે બીજી જોગવાઈ તો છે જ. If the person who is having in illegal possession, is not cultivating land, than you have a role, કે તમે એના ઉપર કાયદેસરના પગલાં ૨૪૩ નીચે લો છો. તમે તેને દંડની રકમના આપના માપદંડ ફરી જાય છે અને હું પણ એમાં સહમત છું કે આ રાજય સરકારની માલિકીની જમીનમાં કોઈ ખોટી રીતે પેશકદમી કરે, કડક થાવ, પણ પેશકદમી કરનારો ખેડૂત હોય અને ખેત ઉત્પાદન લે છે. આપની section ૬૧ provides your power, whenever you need, you can vacate him from this possession. તમે તેને કાઢી જ શકો છો સાહેબ. ૬૧માં તમારી પાસે જોગવાઈ છે. સત્તા છે કે તમે એને તેમાંથી નિકાલ કરો. નિકાલ કરો એટલું જ નહીં, આપના કલેકટરો પાસે એ પણ સત્તા છે કે તેણે ઉગાડેલો પાક છે એ પાક પણ રાજય હસ્તક લઈ શકવાની સત્તા છે. તેણે કદાચ કોઈ બિલ્ડીંગ બનાવ્યું હોય તો રાજય હસ્તક લઈ શકવાની સત્તા છે. એ પછી શા માટે આ સુધારો લાવીને આપે તેને દંડની રકમ વધારવાની પરિસ્થિતિનું નિર્માણ કરવું પડે છે. આ બન્ને જોગવાઈઓ છે તે સંપૂર્ણપણે માત્ર ખેડૂત વિરોધી છે તેમ હું નહીં કહું, રાજય અને રાષ્ટ્રની રાષ્ટ્રીય સંપત્તિના ઉપયોગને વધારે ઉપયોગી બનાવવામાં જે ખેડૂત યોગદાન કરતો હોય તેના પણ વિરૂદ્ધની છે. એટલા માટે બન્ને સુધારાઓ કોઈ સંજોગોમાં સ્વીકારી શકાય નહીં એવા છે. હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે આ બિલમાં આપ ઉતાવળ નહીં કરો. આપ આ જ બિલને પ્રવર સમિતિને સોંપો. આપને જરૂર લાગે તો બન્ને પક્ષના ખેતી સાથે સંકળાયેલા અને આપને યોગ્ય લાગતું હોય તો એક-બે ઉદ્યોગ સાથે સંકળાયેલા સભ્યોની એક કમિટી બનાવો, લેટ અસ સ્ટડી ધીસ બિલ અને એ પછી કમિટીને એ પણ પરવ્યુ આપો કે રાજય પાસે જે વણવપરાયેલી પડતર જમીનો છે તેનો દલિત, આદિવાસી, નાનો અને સિમાન્ત ખેડૂત ઉપયોગ કેમ કરી શકે અને એ ઉપયોગથી આવક કેમ વધે એના સૂચનો પણ પ્રવર સમિતિ અથવા આ ગૃહની બનેલી સમિતિ આપે અને પછીના સત્રમાં આપ લઈ આવજો.જે સમિતિને આપના બિલની પ્રોવીજન ગળે ઉતારશો તો સર્વ સંમતિથી આ વિધેયક પસાર કરીશું. હું પણ સાથ આપીશ. પણ આ જોગવાઈઓ એવી છે કે, એ સ્વીકારી શકાય તેમ નથી. ડેટા ફિગર્સમાં પડીશ તો કદાચ લાંબો સમય જશે અને જ્યારે એ પરિસ્થિતિનું નિર્માણ થવાનું છે ત્યારે હાઉસ પાસે બીઝનૅસ પણ ઘણો છે. એટલે રાજકીય અવલોકનો કરવાનું મેં ટાળ્યું છે. થોડાક ફિગર્સ ડેટા આપવાનો પ્રયાસ મેં કર્યો છે. એ સંજોગોમાં હું અપેક્ષા રાખું છું કે, માનનીય મંત્રીશ્રી એ જે સંજોગોમાં પ્રત્યુત્તર આપીને આગળ લઈ જવાનો પ્રયાસ કરવાના બદલે ક્ષણિક વિચાર કરે.એને પ્રવર સમિતિને જ સોંપવું હોય તો એને પબ્લિકના ઓપિનિયન માટેનો પ્રયત્ન કરશે અને સાથોસાથ રાજય પાસેની જે આ મિલકતો છે, પડતર જમીનો છે, એને બીજાના બદલે ખેડૂતો માટેની ચિંતા અથવા તો આપ પણ જ્યારે ઉદ્યોગો માટે વાઈબ્રન્ટ થાવ છો ત્યારે આ પડતર જમીનોનો ઉપયોગ કરવો જોઈએ, નહીં કે, ફળદ્રૂપ જમીન જે આપના નર્મદાના કમાન્ડ એરિયામાં આવેલી હોય એ ફળદ્રુપ લેન્ડ જો ઉદ્યોગોને પધરાવીશું તો ખેડૂતોને વધારે નુકસાન થવાનું છે. એ જ શબ્દો સાથે, મારા બીજા માનનીય સભ્યશ્રીઓ આજની ચર્ચામાં ભાગ લેવાના છે અને થોડું ઘણું ધ્યાન બપોર પછી ક્રિકેટ તરફ પણ જવાનું હોઈ, એટલે વધારે નથી ખેંચતો. (અંતરાય) હું આ બિલની જોગવાઈઓ.. બિલકુલ ઓછું, બહુ જ ઓછું કર્યું છે. આ બિલ ઉપર ત્રણથી સાડા ત્રણ કલાક બોલી શકું. શ્રી નીતિનભાઈ નથી એટલે મને રાજકીય રીતે બોલવાનો મોકો નથી આપતા.. (અંતરાય) એ પાછળ છે એટલે બોલાય નહીં, એ ત્યાંથી આવે નહીં, એટલે આટલી વાત કરીને હું મારી વાત પૂરી કરું છું.

**શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક- ૨૨ લાવ્યા છે એના ઉપર હું મારી વાત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ બિલમાં ખૂબ જ વિસ્તૃત રીતે વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહજીએ વાત કરી છે. આમાં કેટલીક જગ્યાએ જે ઉલ્લેખ કરેલો છે ૧૮૭૯ના (૧૮૭૯ના મુંબઈના પાંચમાંમાંથી ઉતારાઓ) આવી કોઈ જમીનનો અનધિકૃત ભોગવટા કરનાર વ્યકિતને સંક્ષિપ્ત રીતે કામ ચલાવીને કલેક્ટર એ જમીનમાંથી કાઢી મૂકી શકશે અને જમીનમાં ઉગાડેલ કોઈ પાક સરકાર દાખલ થવાને પાત્ર થશે, અને તેના ઉપર બાંધેલા કોઈ ઇમારત અથવા ઊભું કરેલ બીજું બાંધકામ કલેક્ટરને યોગ્ય લાગે તેવી લેખિત નોટિસ આપ્યા પછી તે કાઢી ન નાખે તો તે પણ સરકાર દાખલ કરવાને અથવા સંક્ષિપ્ત રીતે કામ ચલાવી દૂર કરવાને પાત્ર થશે. આ રીતે બધા નિયમો પરંપરાગત રીતે છે પણ આપે એનો અમલ કર્યો છે ખરો? આપણે જે જમીનો આપી હોય અને એમાં શરત ભંગ થાય તો એને રેગ્યુલરાઈઝ કરી આપીએ. હમણાં જે જમીનનો ઉલ્લેખ થયો, સરકારી ખરાબાની પડતર જમીનો છે. ૨૫ લાખ હેકટરમાંથી મોટા ભાગની ૨૨ લાખ હેકટર કચ્છ અને પાટણ જિલ્લામાં છે. ગુજરાતમાં ૧૯૮૦-૮૧માં ૧,૦૮,૦૦૦ હેકટર જમીનનો ઉપયોગ એ ખેતી સિવાય અન્ય ઉપયોગમાં એટલે કે બિન ખેતીમાં થતો હતો એ

વધીને ૨૦૦૩માં ૧,૧૬,૦૦૦ થયો અને એના કેટલા લોકોને શરત ભંગ થયો હતો અને આ શરત ભંગ થયો હોય એવી કેટલી મિલકતો કબજે લીધી? મિલકતો કબજે લીધી હોય તો જાહેર હરાજીથી કેટલાનો નિકાલ કર્યો?માત્ર દંડની રકમ જંત્રીના દર છે એના કરતા અમુક ભાગમાં વધે નહિ, એની આની અંદર કાળજી લેવામાં આવે. જંત્રીના દર એ ખેતી માટેના, ગામતળના, રેસીડેન્સીના, કોમર્શિયલના, ઈન્ડસ્ટ્રિયલના એમ જુદા જુદા દર હોય, પણ જ્યાં ઉદ્યોગપતિએ જમીનનો દુરુપયોગ કર્યો હોય અને ત્યાં એને રેગ્યુરલાઈઝ કરવા માટે થઈને આપણે ખેતીને જંત્રીના પેરામિટર્સ લગાડ્યા એ કેટલું વ્યાજબી ગણાય? ખેડૂતને ખેતી માટે થઈ આ દંડમાંથી એને મુક્તિ આપવી જોઈએ. ખેતી માટે થઈ જમીનોનો ઉપયોગ કરેલ હોય તો એના હરગુણા માફ હોના ચાહીએ, પણ આ જમીનનો કોમર્શિયલ હેતુ માટે ઉપયોગ થાય અને એની અંદર શરત ભંગ થયો હોય તો જતા ન કરી શકાય, એના માટે મેક્સિમમ, મહત્તમ દંડની જે જોગવાઈઓ છે એમાં પણ વધારો કરી શકાય તેવું હોય તો એ વાત કહી હોત તો એ બરાબર છે. કલેકટરશ્રીએ જે ભલામણ કરી હોય તે રાજ્ય સરકારે સ્વીકારવાની વાત આવે છે. અહીં તો કલેક્ટરને આદેશ આપવામાં આવે કે આ પ્રકારની ભલામણ કરો અને આ ભલામણ અહીથી આવે અને પછી કલેક્ટર ભૂલ કરી છે, તેવી કેટલીક બાબતોનો અધિકારીઓ ભોગ બનતા હોય છે. અહીથી લેખિત આદેશ નહિ, મૌખિક આદેશ આપવામાં આવે, ટેલિફોનિક સત્તા છે અને એટલા માટે થઈ અને આનો ભોગ બનનાર અધિકારીઓએ લેખિતની અંદર મુખ્ય સચિવશ્રીને લખ્યું હોય એની કોઈ સ્પષ્ટતા સરકાર તરફથી ક્યારેય કરવામાં આવે છે ખરી? મારે મારા જિલ્લામાં આવવું પડે, એમાં પણ મુન્દ્રામાં આવવું પડે, પાછા અદાણીમાં આવવું પડે, કારણ કે બિલની અંદર વિસ્તૃત રીતે વાત કરવાનો સ્કોપ હોય છે. આપણે ૩૦ વર્ષના પટ્ટે જે જમીન આપી હોય તે જમીન કાયમી કરતી વખતે એની કિંમતોની જે આકારણી કરવામાં આવે, જિલ્લાની મૂલ્યાંકન સમિતિએ નક્કી કરે, ૫૦ લાખ રૂપિયા કિંમત વધુ હોય તો તે રાજ્ય સરકારની સમિતિ પાસે આવે. એની કિંમત ૫૦ લાખ રૂપિયા હોય તો પણ અહીથી સૂચના જાય અને એની કિંમત ૫૦ લાખ કરતા ઓછી થઈને આવે. મારે એક જ દાખલો આપીશ. વધુ દાખલા આપીને આ સભાગૃહનો, કારણ કે માનનીય નેતાશ્રીએ કહ્યું તેમ બધાને ક્રિકેટ મૅચમાં રસ છે અને આપણે ઇચ્છીએ કે ભારત આજે જીતે એવી બધાની લાગણી હોય એની સાથે મારી પણ લાગણી વ્યક્ત કરું છું. રમવાના ખેલાડીઓ ત્યાં છે આપણે તો માત્ર શુભેચ્છા આપવાની છે. એક અદાણી વિલ્મોર કંપનીને આ જમીન બંદરના હેતુ માટે થઈને અદાણી કંપનીને આપવામાં આવેલી, પછી એને ઉદ્યોગ માટે ૬ રૂપિયાની જમીન ૧૬ રૂપિયા કરવામાં આવી હતી અને લીઝ ઉપરની જમીન તેને કાયમી ધોરણે કરવાની હતી ત્યારે એની કિંમત ૫૦ લાખ રૂપિયા કરતા વધુ ૭૨ એકર જમીન અને એમાં ભાવ ઓછો કરી અને ૪૩ લાખ રૂપિયા અને એમાં ભરેલા પૈસા હોય તે બાદ કરીને ૪૩ લાખ રૂપિયા કરવામાં આવી. એટલે રાજય કક્ષાની સમિતિ પાસે આવે નહિ. ૭૨ એકર જમીન અને એ વિસ્તારની અંદર આ જ કંપનીએ ખેડૂતોની જમીનો જે લીધી છે. બીન ખેતી કરેલી કાચી જમીનો જે લીધી છે, એ જમીનના ભાવની જો સરખામણી કરો તો આપણા ભાવ અને એની અંદર કેટલું નુકસાન થાય છે, એની પણ સરખામણી કરી શકાય, પણ એણે શરત ભંગ કરેલી હતી, ત્યારે શરત ભંગની જમીન એ રેગ્યુરલાઈઝ કરી પછી એને જો કાયમી ધોરણે આપવાની હોય તો સીધી કિમતે ન આપી શકાય, એના ઉપર અઢી ગણી કિમત લેવી જોઈએ આ વાતને પણ વિસારે પાડી દેવામાં આવતી હોય અને રાજ્ય સરકારની તિજોરીમાં આવતા કરોડો રૂપિયાનું નુકસાન થતું હોય એ વાત ઉપર માનનીય મહેસૂલ મંત્રી એમના વિભાગ સાથે ક્યારેક ચર્ચા કરે.અને મે કહેલી બાબતો છે એ કંઈ પણ જો સત્યથી વેગળી વાત હોય તો જાહેરની અંદર મને કહે તો પણ હું સ્વીકારવા માટે તૈયાર છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ જે અમે વાત કહીએ છીએ રાજ્યના હિતની વાત કહીએ છીએ. રાજ્યના ખેડૂતોની જમીન ના જાય એટલા માટેની વાત કહીએ છીએ અને આવા સુધારાઓના કારણે કેટલો લાભ થશે એના પાછળ મૂલ્યાંકન થવા માટે થઈને વિસ્તૃત રીતે ચર્ચા કરવા માટે પ્રવર સમિતિને સોંપવામાં આવે એટલી વાત મારે કહેવાની છે.

શ્રી ઈકબાલ પટેલ(વાગરા) : માનનીય અધ્યક્ષશ્રી, સમયની મર્યાદામાં માત્ર ટૂંકમાં વાત કરીને મારી વાત પૂરી કરવા માગુ છું.

ભાઠાંની જમીન ખાસ કરીને નદી કિનારાના જે વિસ્તારો છે, દરિયા કિનારાના જે વિસ્તારો છે, ત્યાં આગળ ખાર-ખરાબાને નવસાધ્ય કરવા માટેની કહેવાય તેવી જમીનો આપણે ૩૦ વર્ષના પટે વર્ષોથી આપીએ છીએ. સંખ્યાબંધ ખેડૂતો આ વિસ્તારમાં જમીનોનું ખેડાણ કરીને જમીનનું વાવેતર કરીને એમાંથી આર્થિક ઉપાર્જન કરતા હોય છે. સામાન્ય ખેડૂતો હોય છે, મધ્યમવર્ગનો ખેડૂત હોય છે, ગરીબ ખેડૂત હોય છે, નદી કિનારાની ભાઠાંની જમીનો વર્ષોથી, સૈકાઓથી આ જમીન ખેડાણ કરતા હોય છે. આના ઉપર આજે જે સુધારો માનનીય મંત્રીશ્રી લાવેલા છે એનો માત્ર ઉદ્દેશ એટલો છે કે આવી જમીનોના અધિકારો જે સામાન્ય રીતે જિલ્લા કક્ષાએ કલેકટરો પાસે હતા એ અધિકારો રાજ્ય સરકાર પોતાના હસ્તક લેવાની આમાં જોગવાઈ કરેલી છે. જ્યારે તાલુકામાં પણ અન્ય બિલના અધિકારો આપણે રાજ્ય કક્ષાએ લઈ લીધેલા છે. કલેકટરના અધિકારો પણ રાજ્ય કક્ષાએ લઈ રહેલા છીએ અને રાજ્ય સરકારને કલમ ૬૩ હેઠળ સત્તા આપવાની જરૂર જણાય છે એ ઉદ્દેશ અને કારણોમાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય ખેડૂત કે મજદૂર જેને કહેવાય, ખેતીનો કામ કરતો કિસાન જેને કહેવાય તેના ઉપર આ બિલની અસર થનારી છે. અત્યાર સુધી ૬૧માં આપણે સરકારી જગ્યાઓ, બીજી અન્ય જગ્યાઓ ૧૦૦, ૧૦૧, ૧૦૨ હેઠળ આપણે નિયમિત કરતા હતા અને બિન ખેતીનો જમીનનો આકાર જેને કહેવાય એ ૪૦ પટ લઈને આપણે આપતા હતા. એ જ પ્રમાણે સાહેબ, ૧૦ પટ સુધીનું દંડ લઈને આ જમીનો આપતા હતા. મારા વિસ્તારમાં સૌરા, શુકલ તિર્થ, નિકોરા, જવનર, મકમપુર, બોડવાટા, ગંઢાર અને આલીયાબેટની સંખ્યાબંધ ભાઠાની જમીનો ખેડૂતો આજે પણ ખેડે છે. હવે જ્યારે આપણે જંત્રીની વાત લઈને આવ્યા. એટલે જંત્રીના ૧% ખેડૂતે આપવાના. એટલે જ્યારે જંત્રીની વાત લઈને જ્યારે આવ્યા, જંત્રીનો તો ભાવ વધારો પાછો થવાનો છે અને નવા દર આવવાના છે. આ જમીન જે સામાન્ય ખેડૂતના હાથમાં આવતી હતી એ જમીન નહિ રહે અને એ જમીનના જંત્રીના ૧% પણ એ નહિ ભરી શકે. પરિણામે જે વર્ષોથી ખેતીની પડતર જમીન, નવસાધ્ય જમીનોના ઉપર અમારા નેતાશ્રીએ એનું ખૂબ વર્ણન કરેલું છે એટલે એને રિપીટ કરવા નથી માગતો પણ નવસાધ્ય જમીનોમાં તો આ લોકોને પ્રોત્સાહિત કરવા જોઈએ. એના ઉપર પ્રોત્સાહિત કરીને એમાંથી ઉપાર્જન મેળવાય, ખેતીનું ઉત્પન્ન મેળવાય. આર્થિક રીતે પગભર તેઓ થઈ શકે એવું પગલું ભરવું જોઈએ. મને સમજ નથી પડતી કે મહેસૂલ વિભાગ જંત્રીની કિંમત પર માત્ર આર્થિક લાભ મેળવવા માટે આ ગરીબ ખેડૂત સુધી કેમ ગઈ એની મને સમજ પડતી નથી. રાજાની સવારી જઈ રહી હતી. રસ્તામાં શેરડીનું ખેતર આવતું હતું અને ઉનાળાની મોસમ હોવાથી ત્યાં આગળ તરસ લાગી. કારણ કે તે વખતે મોહનભાઈ, એરકન્ડીશનનો જમાનો નહોતો. ત્યારે એ વખતે રાજાએ પેલા શેરડીના રસવાળા ખેડૂતને કહ્યું કે તમે મને રસ પીવડાવો. ખેડૂતો હોંશે હોંશે એને રસનો પ્યાલો તો આપ્યો ત્યારે રાજાને થયું કે ખેડૂત આટલો સુખી છે તો એના ઉપર ટેક્સ કેમ નથી? ફરીવાર એમણે બીજો પ્યાલો માગ્યો તે વખતે પેલા પ્યાલામાં રસ નહોતો આવતો. કારણ, શેરડીમાંથી જ રસ નહતો નીકળતો. પેલા ખેડૂતને થયું સાહેબ કે કાંતો ધરતી રસ હિન થઈ છે અથવા રાજા દયા હીન થયો છે અને તે જ વખતે સાહેબ જે માતા છે એની વેદના એના અંતરમાંથી એક અવાજ નીકળે છે કે, રસ હિન ધરા થઈ છે કે, દયા હિન થયો છે નૃપ, નહીંતો કદી આવું ન બને એવું બોલી માતા, ફરી રડી સાહેબ. આ નાનામાં નાની બાબત જેને ભાઠાની જમીનો કહેવાય. આપણે માનીએ સાહેબ કે, નવ સાધ્ય જમીનોની અંદર ફૉરૅસ્ટ લૅન્ડ હોય, રિઝર્વ ફૉરૅસ્ટ લૅન્ડ હોય નવ સાધ્ય કરવાની હોય પેલો ગરીબ ખેડૂત પોતાના બે જે બળદોની જોડી લઈ અને એના ઉપર જતો હોય ત્યાં આગળ આ જો કરવામાં આવે ત્યારે આ આપણે જંત્રીની વાત કરીએ છીએ અને મારા વિસ્તારમાં સાહેબ વાત કરું તો મારા વિસ્તારમાં દહેજ વિસ્તારની અંદર નદી કિનારાની આ ભાઠાની જમીન સાહેબ અદાણીને આપવામાં આવી તો સસ્તા ભાવે જમીન આપવામાં આવી અને એના ઉપર માત્ર ટોકન કિંમત લઈ અને એને નિયમબદ્ધ કરવા માટે ફૉરૅસ્ટ વાયોલેશન ન થાય એકટનો એટલા માટે કેન્દ્ર સરકારને ભલામણ કરી અને ભલામણ કરીને એ જમીન અદાણીને સાહેબ આપી દેવામાં આવી.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી ઈકબાલ પટેલ** : નવ સાધ્ય જમીનોના આ જંત્રીની પાછળનો હેતુ શું છે? સામાન્ય ખેડૂતના ઉપર ટેક્સ લગાડવો છે આપણે? જે લોકો આર્થિક ઉપાર્જન કરે છે એના ઉપર લગાડવો છે ? આપણે શા માટે આના ઉપર નજર નાખીએ છીએ? આટલા વર્ષો સુધી જે કાયદાએ સામાન્ય ખેડૂતને રક્ષિત કરેલો, પ્રોટેકટ કરેલો જેના ઉપર, જેને અધિકાર આપેલા સાહેબ એ આ અધિકારો જંત્રીના ભાવો આપણે કરી અને આપી રહેલા છીએ એના ઉપર સરકારનું પગલું જેને કહેવાય કે ગરીબ વિરોધી જેને કહેવાય. ખેડૂત માટેનું સાહેબ અલગ હોવું જોઈએ. જંત્રીના ભાવ ના હોવા જોઈએ. Those who are cultivetting only for farm, they should be escaped from all taxes. એને તો સાહેબ ટેક્સમાંથી મુકિત આપવી જોઈએ તેના બદલે અહીંયા તો જંત્રીના ભાવના ઉપર લગાવી અને પેલા જે અત્યાર સુધીના આકાર જે લેતા હતા જમીનના આકાર ઉપર નીતિનભાઈ, તે કાઢીને જંત્રીના ઉપર લે છે. આપણી પાસે કમાવવાના બહું રસ્તા છે નીતિનભાઈ. પણ આમાં કયાં સવાલ છે આ સામાન્ય ખેડૂતની વાતમાં ? ત્યારે સાહેબ મારા વિચારો માત્ર આ ટૂંકમાં બીલ ઉપરનું હોવા છતાં પણ વાઈડ સ્કોપ હોવા છતાં પણ ક્રિકેટની મેચની પણ માનનીય વ્યાસ સાહેબને આજે ઘણી ચિંતા છે એટલે એમાં બીજી કોઈ વાત ન કરતાં મારા વિચારો વ્યક્ત કરેલા છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા ત્રણ માનનીય ધારાસભ્યશ્રીઓએ પોતાના વિચારો વ્યક્ત કર્યા છે. મારે બે - ત્રણ બાબતોનું કલેરીફીકેશન એટલા માટે કરવું છે કે, અત્યારે હાલ પણ સરકારી જમીનો અપાય છે એનો રાજય કક્ષાની મૂલ્યાંકન સમિતિ જ એનું મૂલ્યાંકન કરે છે, જિલ્લા કક્ષાની સમિતિ એનું મૂલ્યાંકન કરે છે. અને એ જે નીતિ છે એ નીતિમાં કોઈ ફેરફાર આ રાજય સરકારે કર્યો નથી એ નીતિ ચાલું જ છે. અહીં નદીના ભાઠાની જે જમીન છે જે જમીન નવી ઊભી થતી હોય છે એ જમીનનો નિકાલ કેવી રીતે કરવો એટલા પૂરતું આ બીલ છે. નદીમાં ચોમાસામાં પૂર આવે અને નદીના બંને કિનારા ઉપર માટીના થર થઈ જાય અને એમાંથી થોડીક જમીન બની જાય તો એ જમીનનો નિકાલ કેવી રીતે કરવો એટલો જ પ્રશ્ન આમાં ઉપસ્થિત થાય છે. બાકી કોઈ પ્રશ્ન એમાંથી ઉપસ્થિત નથી થતો.

બીજું, આ જે જમીનના દરો નક્કી કર્યા એ ૧૮૭૯માં અધિનિયમ બનેલો ૧૮૭૯માં અને ૧૩૦ વર્ષ પહેલાં આ પાંચ રૂપિયા દંડ લેવાતો હતો, પાંચ રૂપિયા ૧૩૦ વર્ષ પહેલાં તો આ વધારેમાં વધારે દંડ કહેવાય, પાંચ રૂપિયા. કેટલી કિંમત પાંચ રૂપિયા એટલે સાહેબ? એટલો તો પગારો પણ નહતો મામલતદારોનો, એટલો દંડ અને પાછો જો આકારના પ્રમાણમાં દંડ લેવા જઈએ તો ડબલ દંડ લેવાતો હતો એટલે કે સો ટકા દંડ લેવાતો હતો. અને આપણે એમ કહીએ કે અમે તો ખેડૂતોના હિતમાં આ બધો નિર્ણય કરેલો. આ ખેડૂતોનું હિત છે આમાં ? જે દંડ આપણે એક ટકા સુધીનો લેવાના છીએ એની લીમીટ પણ આપણે નક્કી કરી છે અને એના નિયમો પણ રાજય સરકાર બનાવશે. જંત્રી એટલે માત્ર ને માત્ર ખેતીની જે જંત્રી છે એ જ આની અંદર લેવાની છે અને વધુમાં વધુ એક ટકાથી વધુ દંડની જોગવાઈ આમાં નહીં હોય અને એના નિયમો બનશે. અત્યારે આકારના આધારે દંડ નકકી થયેલ તે સમયે પાંચ રૂપિયા એ પણ મોટી રકમ હતી અને મેં કહયું એમ કે મોટી રકમ થતી હતી. સો ટકા દંડ લેવાતો હતો. આ આખો એક બીલમાં જે સુધારો આવ્યો છે એ આર્થિક લાભ મેળવવા માટે નથી, માત્ર વર્ષો પુરાણી જે વ્યવસ્થા છે જેને આકાર, પટ્ટ એવા જે શબ્દો વાપર્યા છે એ શબ્દોની જગ્યાએ આપણે જંત્રી શબ્દનો ઉપયોગ કરવા માગીએ છીએ જેથી કરીને જમીનનું મુલ્યાંકન એકસરખું કરી શકીએ એના માટે આટલો સુધારો રાજય સરકાર લાવી છે. પ્રવર સમિતિમાં જવાની કોઈ જરૂર નથી અને એટલા માટે વિધાનસભા ગૃહને હું વિનંતી કરું છું કે આ બીલ પાસ કરે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક-૨૨નું બીજું વાંચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

કલમ - ૨ અને ૩, કલમ-૧ દીર્ઘ સંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક-૨૨ નું ત્રીજું વાંચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

**અધ્યક્ષશ્રી** : વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

### સન ૨૦૧૧ નું ગુજરાત વિધેયક ક્રમાંક - ૩૦

## ગુજરાત રાજય ફિઝિયોથેરાપી કાઉન્સિલ વિધેયક, ૨૦૧૧

**ગુજરાત રાજયમાં ફિઝિયોથેરપિના ક્ષેત્રમાં શિક્ષણના ધોરણો નકકી કરવાના અને તેનું સંકલન કરવાના હેતુ માટે, ફિઝિયોથેરપિના વ્યવસાયનું નિયમન કરવા માટે અને ફિઝિઓથેરપિસ્ટનું રજિસ્ટર નિભાવવા માટે, ગુજરાત રાજય ફિઝિઓથેરપિ કાઉન્સિલની રચના કરવા માટેની અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટે જોગવાઈ કરવા બાબત વિધેયક**

**શ્રી જયનારાયણ વ્યાસ (આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, *રાજ્યપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક-૩૦, સન ૨૦૧૧ના ગુજરાત રાજય ફિઝિયોથેરપી કાઉન્સિલ વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

**સભાપતિશ્રી** : વિધેયક દાખલ થાય છે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક-૩૦, સન ૨૦૧૧ના ગુજરાત રાજય ફિઝિયોથેરપી કાઉન્સિલ વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, જે વિધેયક લઈને હું આ સન્માનનીય સભાગૃહ સમક્ષ આવ્યો છું એ ઘણા લાંબા સમયથી ઉભી થયેલી જરૂરિયાત હતી. આ દેશમાં પહેલી ફિઝિયોથેરપી કોલેજ સ્કુલ ઓફ ફિઝિયોથેરપી કે.ઈ.એમ. હોસ્પિટલ મુંબઈમાં ૧૯૫૨માં શરૂ થઈ ત્યારથી અત્યાર સુધી છ મહિનાના સર્ટીફીકેટથી આગળ વધીને એક બે વર્ષના ડિપ્લોમાથી આગળ વધીને ડીગ્રી, પોસ્ટ ગ્રેજયુએટ ડિગ્રી અને ડોકટરેટ ડિગ્રી સુધીનું ફિઝિયોથેરપીનું શિક્ષણ આજે આ દેશની ૪૫ યુનિવર્સિટી ૨૫૦ સંસ્થાઓ આપે છે. દર વર્ષે ૧૨ થી ૧૪ હજાર જેટલા વિદ્યાર્થીઓ આ સંસ્થાઓમાંથી તાલીમ લઈને બહાર પડે છે. આજે પડકાર એ છે કે ઝડપથી વધી રહેલી શૈક્ષણિક સંસ્થાઓ, એનું શિક્ષણ, એ શિક્ષણને એક ચોક્કસ નિયમાનુસાર નિયમિત કરવામાં આવે અને અભ્યાસક્રમમાં વિસંગતતા ન રહે. સ્ટેચ્યુટરી રેગ્યુલેટરી ઓથોરિટીની ગેરહાજરી હોવાથી જે શિક્ષણ લઈને બહાર પડનાર વિદ્યાર્થીઓ છે એમની સામે કદાચ એ જ રીતે ભળતા નામે કોઈ પ્રેકટિસ ચાલતી હોય અથવા તો એ

* વિધેયક તા. ૨૨મી માર્ચ ૨૦૧૧ના રાજયપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

પ્રોફેશનલ ડિસિપ્લીન ન જાળવતા હોય કે એથિક્સ ન જાળવતા હોય તો એક રેગ્યુલેટરી ઓથોરિટીની રચના થાય. આ વિદ્યા શાખાના વિકાસ માટે જરૂરી આંતરમાળખાકીય સવલતોનો સુઆયોજિત વિકાસ થાય અને જ્ઞાનનું સંવધર્ન અને પ્રસાર માટેની વ્યવસ્થાઓ થાય એ આજના સમયના પડકારો છે. આ પડકારોને જો આપણે સાચી રીતે જવાબ આપવો હોય તો એ કાયદા હેઠળ અસ્તિત્વમાં આવનાર મિકેનિઝમ અથવા તો કાઉન્સિલની જરૂરિયાત છે જે શિક્ષણ કોર્ષ માટેના ધોરણો, આ માટેની આંતરમાળખાકીય સવલતો આ વિદ્યા શાખામાં ભણેલ પ્રોફેશનલ્સની કામગીરી માટેના નિયમો, ધારા-ધોરણો, આવી સંસ્થાઓ ઉપર સુપરવીઝન અને ગેરલાયક વ્યક્તિઓ માટે આ પ્રકારે પોતાને ઓળખાવે અથવા તો પ્રેકટિસ કરે તે સામે દંડનાત્મક જોગવાઈઓ અને પ્રોફેશનલ એથિક્સ જાળવવા માટેની એક રેગ્યુલેટરી ઓથોરિટી તરીકે કામ કરે તે પ્રકારની સંસ્થા એટલે કે કાઉન્સિલ આજે રાષ્ટ્રીય કક્ષાએ કોઈ કાઉન્સિલ અસ્તિત્વમાં નથી. પણ એસોસિએશન ઑફ ફિઝિયોથેરાપીઝની સંસ્થા અસ્તિત્વમાં છે. જેના લગભગ ૩૦ હજાર જેટલા સભ્યો છે. દિલ્હી, મહારાષ્ટ્ર અને તામિલનાડું આ ત્રણ રાજ્યોમાં આવી કાઉન્સિલ અસ્તિત્વમાં આવી છે. ગુજરાત આવી કાઉન્સિલ રચના કરનાર ચોથું રાજ્ય બનશે ત્યારે ગુજરાતમાં આજે ૫ સરકારી અને ૨૦ બીન સરકારી એમ મળીને કુલ ૨૫ ફિઝિયો થેરાપી કોલેજો ચાલે છે અને લગભગ ૧૩૮૫ જેટલા સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના ૧૨૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. એ સંજોગોમાં જે રીતે ગુજરાત મેડિકલ કાઉન્સિલ છે, ગુજરાત નર્સિંગ કાઉન્સિલ છે, ગુજરાત ફાર્મસી કાઉન્સિલ છે, ગુજરાત ડેન્ટલ કાઉન્સિલ છે, ગુજરાત આયુર્વેદ અને હોમિયોપેથી કાઉન્સિલ છે તે જ રીતે ફિઝિયો થેરાપી માટેની કાઉન્સિલ ગુજરાત રાજયમાં સ્થાપીને આપણે આનું નિયમન અને આવતા દિવસોમાં ફિઝિયો થેરાપીના શિક્ષણ અને આંતરમાળખાકીય સવલતો માટેની વ્યવસ્થાની દિશામાં આગળ વધવા પગલા લેવા માગીએ છીએ. બાકીની જોગવાઈઓ વિધેયકમાં સ્વયંસ્પષ્ટ છે એટલે હું એની ચર્ચામાં પડતો નથી. આ વિધેયકનું પ્રથમ વાચન કરીને આગળની પ્રક્રિયા માટે પસાર કરવામાં આવે તેવી વિનંતી સાથે મારી વાત પૂરી કરું છું. જવાબ આપવામાં જો કોઈ મુદ્દા ઉપસ્થિત થયા હશે તો હું આવરી લઈશ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ(ભાવનગર શહેર (દક્ષિણ)** : માનનીય અધ્યક્ષશ્રી, અમારી પાસે પણ અવાર નવાર રજૂઆતો થતી હતી. માનનીય મંત્રીશ્રીને મેં પણ પત્ર લખ્યો હતો કે ગુજરાતમાં ફિઝિયો થેરાપીની કાઉન્સિલ રચવી જોઈએ. વિધેયક લઈને આવ્યા છે એટલા માટે હું એને અભિનંદન આપું છું. અમે પણ આ ફિઝિયો થેરાપી કાઉન્સિલની રચનાને સમર્થન આપવાના છીએ અને સર્વાનુમતિથી આ વિધેયક પસાર થશે. વિધેયકમાં કેટલાક અમારા પક્ષે સૂચનો છે. હું આશા રાખું છું કે માનનીય મંત્રીશ્રી એને સકારાત્મક રીતે જોશે. સેકશન-૩ના સબ સેકશન-૨ મુજબ એ કાઉન્સિલની રચના માટેની જોગવાઈ કરે છે. એમાં જે કાઉન્સિલના સભ્યોની રચના કરીએ છીએ ત્યારે મારું આપના મારફત માનનીય મંત્રીશ્રીને સૂચન છે કે આ ફિઝિયો થેરાપી કાઉન્સિલમાં આપને ત્યાં પણ ડૉકટર નીમાબેન હોય કે અમારે ત્યાં પણ ડૉકટર જોષિયારા હોય, સામાન્ય રીતે બન્ને પક્ષના ડૉકટર હોય એવા સભ્યો ચૂંટાતા હોય છે. કાઉન્સિલમાં એક એક પક્ષના બન્ને ડૉકટરની ડીગ્રી ધરાવતા સભ્યોની આ કાઉન્સિલમાં નિયુક્તિ કરવી જોઈએ એવી મારી લાગણી છે. ડૉકટર ન હોય તો જેમ રાષ્ટ્રપતિ હોય છે એમ ડૉકટર પતિ હોય, અમારા સિદ્ધાર્થભાઈ ડૉકટર પતિ છે. આપને ત્યાં પણ ડૉકટર પતિ હોય એને મૂકી શકો. માનનીય અધ્યક્ષશ્રી, પરંતુ કાઉન્સિલની અંદર આ વિધાનસભાગૃહનું પણ, મુખ્યમંત્રીશ્રી પાસે નથી હવે તેને ઝડપી લેવું હોય તો મને વાંધો નથી. ડૉકટર પતિ થવાનો. મારે તો હવે નથી થવું. મારે થવું હશે તો નરોત્તમભાઈ આપને પૂછીશ જરૂર.

માનનીય અધ્યક્ષશ્રી, જેથી કરીને જે ફીઝીયોથેરાપી કાઉન્સિલ થશે એમાં આ ગૃહના સભ્યશ્રીઓનું પણ પ્રતિનિધિત્વ હશે અને તેમના સૂચનો અને ઘણી વખત વિધાનસભા ગૃહમાં ફીઝીયોથેરાપી કાઉન્સિલને લગતા કોઈ પ્રશ્નો હશે તો તેનું પ્રોપર રીપ્રેઝન્ટેશન વિધાનસભા ગૃહમાં થઈ શકશે અને એટલા માટે મારી લાગણી છે કે આ થવું જોઈએ. દિલ્હીમાં ૧૯૯૭માં, મહારાષ્ટ્રમાં ૨૦૦૪માં કાઉન્સિલોની રચના થઈ છે. આપણે ત્યાં ફીઝીયોથેરાપી કાઉન્સિલ નહીં હોવાના કારણે ફીઝીયોથેરાપીસ્ટને સારી નોકરી મેળવવા માટે કે ઉચ્ચ અભ્યાસ કરવા માટે વિદેશ જવાના પ્રસંગોમાં જે મુશ્કેલીઓ હતી તે આ કાઉન્સિલ થવાથી આપણા બુદ્ધિધનને એક યોગ્ય કાઉન્સિલના કારણે ફાયદો થવાનો છે. દાહોદમાં આપણે ફીઝીયોથેરાપી કોલેજ ખોલી છે પણ તે ભાડાના મકાનમાં ચાલે છે અને પૂરતી સંખ્યામાં અધ્યાપકો નથી. ત્યારે કાઉન્સિલની રચનાથી ફીઝીયોથેરાપીસ્ટના અને કૉલેજના યોગ્ય ધારાધોરણો છે તેનું કાઉન્સિલમાં બરાબર મોનીટરીંગ થાય અને જોવાય તે માટેની પણ વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મૅડિકલ, ડેન્ટલ, નર્સિંગ અને એન્જિનિયરીંગના અભ્યાસ પછી પરમેનન્ટ એન્ડ ઓપન પે સ્કેલ મળે છે. ફીઝીયોથેરાપીસ્ટને પરમેનન્ટ એન્ડ ઓપન પે સ્કેલ મળતો નથી. આ અંગે કાઉન્સિલની રચના સાથે જરૂર જોવાય તેવી વિનંતી કરું છું. ગુજરાત યુનિવર્સિટીમાં ફીઝીયોથેરાપી કોલેજ સાથે જોડાયેલા ૧૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. ડેન્ટલમાં જે વિદ્યાર્થીઓ છે તેના કરતાં ફીઝીયોથેરાપીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સંખ્યા વધારે છે. એમ છતાં ડેન્ટલ વિદ્યાશાખાની સેનટમાં અલગ બેઠક છે. ફીઝીયોથેરાપી માટેની અલગ બેઠક નથી. ૨૭-૩-૧૧ની ગુજરાત યુનિવર્સિટીની જે વાર્ષિક સામાન્ય સભા થઈ તેમાં પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો છે કે ફીઝીયોથેરાપીને સેનેટની બેઠક અલગ રીતે આપવી જોઈએ. ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, હું આ તકને ઝડપીને માનનીય મંત્રીશ્રીને આપના મારફત વિનંતી કરું છું કે તે પ્રતિનિધિત્વ ત્યાં સેનેટની અલગ બેઠકનું મળે તે માટે માનનીય મંત્રીશ્રી વિચારણા કરે. ફીઝીયોથેરાપી વિદ્યાશાખામાં લગભગ ૭૫ ટકા બહેનો

અભ્યાસ કરતી હોય છે. આ રચના જ્યારે કાઉન્સિલની કરીએ છીએ ત્યારે આ બ્રાન્ચમાં ખાસ કરીને ૭૫ ટકા જેટલી બહેનો, વિદ્યાર્થીનીઓ હોય છે તો એના માટેની કેટલીક ચિંતાઓ કાઉન્સિલ બરાબર કરે અને મોનીટરીંગ થાય તેવી વિનંતી કરું છું. સેન્ટ્રલ ગવર્નમેન્ટ અને મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જે બેચલર ડીગ્રી ધરાવતા ફીઝીયોથેરાપીસ્ટ બી.પી.ટી છે તેને ૯૩૦૦-૩૪૮૦૦નો સેલરી મળે છે. પી.બી.૨નો ૪૨૦૦ એડીશ્નલ ગ્રેડ પે અને અન્ય ભથ્થાઓ તેમને મળે છે. જ્યારે ગુજરાત સરકાર દ્વારા આપણે જે ફીકસ પગારમાં આ ફીઝીયોથેરાપીસ્ટ રાખીએ છીએ તેને માત્ર ૪૫૦૦ રૂપિયામાં રાખીએ છીએ અને આ કારણે જેમની પાસે સ્કીલ્ડ છે તે સ્કીલવાળું વ્યકિતત્વ ૪૫૦૦ રૂપિયામાં નહીં આવે. તે કાં તો પરદેશ જવાનું પસંદ કરે છે અથવા તો જે કૉર્પોરેટ હૉસ્પિટલો થઈ ગઈ છે તે કૉર્પોરેટ સૅકટરમાં જાય છે. એટલા માટે જ્યારે આપણે ફીઝીયોથેરાપીને આટલું મહત્ત્વ આપીએ છીએ તે સંજોગોમાં તેમને પૂરતા પે સ્કેલ સાથે નિમણૂક થાય તે દિશામાં માનનીય મંત્રીશ્રી વિચારે. જો કલમ વાઈઝ ફીઝીયોથેરાપીમાં બધા સૂચનો છે હું બોલું તો  તો સાડાત્રણ ચાર સુધીનો ટાઈમ જાય તેમ છે. કારણકે આખું બીલ નવી કાઉન્સિલની રચના માટેનું છે. હું આશા રાખું છું કે માનનીય મંત્રીશ્રી સાથેનો જૂનો નાતો છે અને થોડું આશાનું કિરણ હજી સુધી તૂટયું નથી અને તે બંધાયેલું રહ્યું છે.એટલે મારા સૂચનો પછી એમને મોકલું તો તેને જરૂર સકારાત્મક રીતે જોવાનો પ્રયત્ન કરશે, અને એ શબ્દો સાથે મારા અન્ય સભ્યશ્રીઓ થોડાક સૂચનો કરવાના છે એટલા માટે વિશેષ વાત નહીં કરતાં આ વિધેયકને હું અને મારો પક્ષ સમર્થન આપીએ છીએ એટલી વાત સાથે હું મારી વાત પૂરી કરું છું.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ(ડભોઈ)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત રાજય ફીજીયોથેરાપી કાઉન્સિલની  રચના માટેનું બિલ લઈને આવ્યા છે, મારા વતી અને મારા પક્ષ વતી આ બિલને અમે આવકાર આપીએ છીએ. ઘણા સમયથી આ ક્ષેત્ર સાથે સંકળાયેલા નિષ્ણાતોની લાગણી હતી અને માગણી પણ હતી અને પાછલા વર્ષોમાં આ ક્ષેત્રનો જે રીતે વિકાસ થયો છે એટલે જરૂરિયાત પણ હતી. આમ જોઈએ તો આ બિલ ઘણું વહેલું લાવવાની જરૂર હતી,  પણ દેર આએ દુરસ્ત આએ, આજે આ બિલ આવ્યું છે એને અમે આવકારીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ફીજીયોથેરાપી ક્ષેત્રમાં ખૂબ વ્યાપક પ્રમાણમાં છેલ્લા વર્ષોમાં વિકાસ થયો છે, આ ક્ષેત્ર માટેની એક અવરનેશ ઉભી થઈ છે, આંતરરાષ્ટ્રિય સ્તરે પણ ફીજીયોથેરાપીની માગ વધી છે, અને પરિણામે અહીંયા તૈયાર થયેલા  ઘણા વિદ્યાર્થીઓને અભ્યાસ પૂરો કર્યા પછી  વિદેશ જવાની તકો પણ આ ક્ષેત્ર પૂરી પાડી રહ્યું છે ત્યારે આ ક્ષેત્રનું વ્યવસ્થિત  નિયમન થાય એ ખૂબ જરૂરી હતું અને એ સંદર્ભમાં જ્યારે આ બિલ આવી રહ્યું છે ત્યારે એ અત્યંત આવકારદાયક છે. આ ક્ષેત્રમાં ૨૫ જેટલી સંસ્થાઓ ગુજરાતમાં કાર્યરત છે, પાંચ સહકારી સંસ્થાઓ છે, પણ એના સિવાયની જે પ્રાઈવેટ સંસ્થાઓ છે, એમાંથી ઘણી બધી સંસ્થાઓ પૂરતા આંતરમાળખાકીય સુવિધાઓના અભાવ વગર આ જે ચાલી રહી છે અને આ ક્ષેત્રમાં એનું વ્યવસ્થિત નિયમન થાય, આંતરમાળખાકીય સુવિધાઓ ઉભી થાય, ચોકકસરીતે એ ચાલે, અને મૅડિકલ કાઉન્સિલ અને ડેન્ટલ કાઉન્સિલને સમકક્ષ આ એક કાઉન્સિલ ઉભી થાય એ સંદર્ભમાં પૂરતી કાળજી રાખી  અને કામગીરી થાય એ ખૂબ જરૂરી છે. થોડાક પ્રશ્નો પણ આ ક્ષેત્રને લગતા છે જે સંદર્ભમાં માનનીય મંત્રીશ્રીનું હું ધ્યાન દોરવા માગું છું. માસ્ટર પીએચડી થયા પછી પણ ફીજીયોથેરાપી ફેકલ્ટીમાં લેક્ચરર કે સિનિયર લેક્ચરરની કૅડર જ મળે છે બીજા ક્ષેત્રની અંદર આપણે  ડીન અને ડિરેક્ટરની કૅડર આપીએ છીએ તો ફીજીયોથેરાપીમાં પણ જે માસ્ટર પીએચડી થયેલા છે એની એને સમકક્ષ કૅડર મળે એ જાતની વ્યવસ્થા ગોઠવવી જોઈએ. અન્ડર ગ્રૅજ્યુએટ અને પોસ્ટ ગ્રૅજ્યુએટના કોર્સિસ છે એ બંને કોર્સિસની અંદર એક જ પ્રકારના એક જ અધ્યાપકો એમાં શિક્ષણ આપી રહ્યા છે. તો અન્ડર ગ્રૅજ્યુએટ અને પોસ્ટ ગ્રૅજ્યુએટના અલગ પ્રોફૅસરોની નિમણૂક થાય એ દિશામાં પણ ધ્યાન આપવું જરૂરી છે. જે પ્રાઈવેટ કૉલેજો ફીજીયોથેરાપીની ચાલે છે એમાં ઈન્ટરશીપ કરતાં સ્ટુડન્ટને સ્ટાઈપેન્ડ પણ અપાતું નથી તો એ અંગે પણ જરૂરી વ્યવસ્થા ગોઠવાય એ જરૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શકિતસિંહભાઈએ પણ કેટલાક સૂચનો કર્યા છે, બીજાં ઘણાં સૂચનો છે, એ હું આપને મોકલી આપીશ અને ઓવરઓલ રીતે આ બિલ જે લઈને આવ્યા છો, એને અમે આવકારીએ છીએ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા(પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) આજે મારે તો ઘણું બધું કહેવું છે પણ કોઈ સાંભળવાના મૂડમાં નથી, અરે, જેઠાભાઈ, હું તમને એમ કહું કે, સાંભળવાના મૂડમાં નથી એટલે હું ઝાઝુય બોલવાનોય નથી બહુ ટૂંકું બોલવાનો છું, (અંતરાય)  અને નીતિનભાઈમાં પણ સુધારો થયો છે એટલે બહુ બીજી ચિંતા નથી કરવાની, માનનીય અધ્યક્ષશ્રી, અમારા નેતાશ્રીએ કહ્યું એ પ્રમાણે આ બિલને અમે આવકારીએ છીએ. માત્ર બે ત્રણ સૂચન છે અને ત્રણ ચાર મિનિટમાં મારી વાત પૂરી કરી દેવી છે. કારણ કે આ ક્રિકેટના ચાહકો છે એને હું દુશ્મન જેવો લાગુ છું એટલે વિચારતા હશે કે જલદી બેસી જાય તો સારું. આ ફીઝીયોથેરાપી છે ખૂબ મહત્વની બ્રાન્ચ હોવા છતાં એનો જોઈએ એવો ઉપયોગ અત્યાર સુધી થયો નથી. પણ હવે બધાને એનું મહત્ત્વ સમજાયું છે કે જેટલું બીજી કોઈ થેરાપી છે જેમ કે, મેડિકલ થેરાપીની સારવારનું મહત્ત્વ છે એટલું જ આ ફીઝીયોથેરાપીનું મહત્ત્વ છે. એટલે માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે, ફીઝીયોથેરાપીના જે નિષ્ણાતો છે એ થોડી મહેનત કરી અને ગરીબ લોકોને લાભ મળે એટલા માટે આપણી હોસ્ટિલોમાં આના માટે ખાસ ઝૂંબેશ ચલાવી

અને જ્યાં જ્યાં જગ્યાઓ ખાલી છે ત્યાં એની જગ્યાઓ ભરી દેવામાં આવે જેથી ગરીબ માણસો આનો લાભ હજુ લઈ શકતા નથી એ લઈ શકે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું સૂચન એવું છે કે આ કાઉન્સિલ જે બનાવી છે એ લગભગ નિમણૂકવાળી કાઉન્સિલ છે એમાં ૫૦ ટકા જગ્યાઓ એવી રાખીએ આપણે ભવિષ્યમાં જ્યારે સુધારો લઈ આવો ત્યારે કે એમાં ફીઝીયોથેરાપીના નિષ્ણાતોમાંથી લોકશાહી ઢબે ચૂંટાઈને આવે એવી ૫૦ ટકા જગ્યાઓ રાખીએ તો ખરા અર્થમાં થોડીક ઓટોનોમી અને પ્રજાનું પ્રતિનિધિત્વ એમાં આવે. આ બે સૂચનો છે. એ સિવાયની બાબતોને આવકારું છું અને આજે મેં જ્યારે છેલ્લું પ્રવચન પૂરું કર્યું ત્યારે કહ્યું હતું કે, હું હવે જયનારાયણભાઈ પ્રભારી મંત્રી છે એટલે આ હાઉસ પૂરું થાય ત્યાં સુધી એમના આદેશનું પાલન કરીશ. એટલે બીજું વિશેષ મારે આમાં કાઈ કહેવાનું નથી.

**શ્રી બાબુભાઈ મે. શાહ (૨૫૨)** : માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય મંત્રીશ્રી ગુજરાત રાજય ફીઝીયોથેરાપી કાઉન્સિલ વિધેયક ૨૦૧૧, વિધેયક ક્રમાંક : ૩૦ લઈને આવ્યા છે એને મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અગાઉના વક્તાઓએ કહ્યું કે આ કાઉન્સિલની રચનાની ખૂબ જરૂરત હતી ભલે મોડે મોડે પણ આપણે આ વિધેયક લાવ્યા છીએ આપણું રાજય દેશમાં આ વિધેયક લાવનાર ચોથું રાજય છે કે જે આ પ્રકારની કાઉન્સિલ બનાવી રહ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, ફીઝીયોથેરાપીસ્ટના ક્ષેત્રની જે સેવા છે એને કારણે ઘણાં તાલીમ લેવા માટે થઈ ફીઝીયોથેરાપી કોલેજમાં જઈ રહ્યા છે. આ કાઉન્સિલ બની રહી છે ત્યારે એની નાણાકીય જોગવાઈ કરવામાં આવી છે એમાં ૪૦ લાખ રૂપિયાનું ખર્ચ રાખવામાં આવ્યું છે જ્યારે આ કાઉન્સિલ કાર્યરત થશે એને જે સંલગ્ન સરકારની કોલેજો છે એમાં પણ વધારો થાય એવું મારું સૂચન છે. બીજું ફીઝીયોથેરાપીસ્ટ અલી ઈરાનીનું નામ હું આ તબક્કે લઈશ એટલા માટે કે, ભારતીય ક્રિકેટ ટીમના એક વખતના એ ફીઝીયોથેરાપીસ્ટ હતા અને તેઓ ત્યાં મુંબઈની નાણાવટી હોસ્પિટલમાં એક ખાસ વિભાગ આ ફીઝીયોથેરાપીનો છે એમાં મારા જેવા ગુજરાતના અનેક લોકો ત્યાં જાય ત્યારે એ પ્રેમપૂર્વક એને દોડતા કરી દે છે. એટલે આ જે આપણી ફીઝીયોથેરાપીસ્ટની જે ટેકનિક છે, જે તાલીમ છે એ પરંપરાગત તાલીમ છે. અમારા ગામડાઓની અંદર એને ઘાઢી કહેવામાં આવે છે એ માનનીય મંત્રીશ્રી વાસણભાઈને ખબર હશે. પશુને પણ ક્યારેક જો આ પ્રકારની ક્યાંક તકલીફ થાય તો એને આ થેરાપીથી સાજા કરે છે અને લોકોને પણ સાજા કરે છે. પણ આ થેરાપી પધ્ધતિસરની અને માન્યતા પ્રમાણે જો થાય એટલા માટે આ કાઉન્સિલની રચના કરવામાં આવી રહી છે એ આવકાર્ય છે. આપણે ત્યાં સારીરિક તકલીફ થાય ત્યારે ઓપરેશનના બદલે ફીઝીયોથેરાપીની કસરત કરવા માટેની જે સલાહ આપવામાં આવે છે અને એ પ્રમાણેની કસરતના કારણે એ તકલીફ દૂર થઈ જવાના અનેક અનુભવો આપણે બધાએ કર્યા હશે એટલે આની અંદર તાલીમ લેનારાઓ છે એને આપણે એક ડોકટરને જે રીતે સમાજની અંદર આવકાર આપીએ છીએ એ રીતે આવકાર્ય બની રહે એ પ્રકારની સેવા કરનાર આ ફીઝીયોથેરાપીસ્ટ હોય છે એમને માટેની યોગ્ય તાલીમ મળે એટલા માટેની આ કાઉન્સિલની રચનાને હું આવકારુંછું.

**શ્રી જયનારાયણ વ્યાસ (આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, જે વિધેયક હું લઈને આવ્યો છું તેને માનનીય વિપક્ષના નેતાશ્રી અને સન્માનીય સભ્યશ્રીઓ માનનીયશ્રી સિધ્ધાર્થભાઈ, માનનીયશ્રી અર્જુનભાઈ, માનનીયશ્રી બાબુભાઈ તેમણે ટેકો આપ્યો, આવકાર્યુ અને કેટલાંક ઉપયોગી સૂચનો પણ કર્યા છે એની હું નોંધ લઉં છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું સાથી પક્ષના નેતાશ્રીને કહેવા માંગુ છું કે, તેમનું આશાનું કિરણ તે આશાનું કિરણ નહીં આશાનું બિંબ બનીને ચાલુ રહે એમાં કોઈ દિવસ કયાંય વિક્ષેપ આવવાનો નથી. એટલે જે કોઈ આપના સૂચનો હશે તે સૂચનો આપણાં સૌના રાજયના હિતની બાબત છે અને માનનીય સિધ્ધાર્થભાઈએ સાચું કહ્યું કે આ કાઉન્સિલ ઘણાં વખત પહેલાં આપણે કરવી જોઈતી હતી, તે નથી થઈ તેના પરિણામો પણ કેટલીક વખતે ઘણાં લેભાગુ પ્રેકટીસનરો પણ જે મહેનત કરીને વિદ્યાર્થીઓ ભણે છે તેના બદલે તે લોકો તેનો લાભ અથવા ગેરલાભ લે છે. એટલે આ કાઉન્સિલ થવાથી આ બધામાં ફરક પડશે. માનનીય અર્જુનભાઈની ચૂંટાયેલા મેમ્બર્સ બાબતની જે ચિંતા છે અને માનનીય વિપક્ષના નેતાશ્રીએ જે વાત કરી કે વિધાનસભામાંથી કોઈ સભ્યશ્રીને નોમીનેટ કરવા જોઈએ તો આમાં એક જોગવાઈ છે "One member from the Gujarat Medical Council" એટલે જો ડૉક્ટર મેમ્બર હશે વિધાનસભાં તો મૅડિકલ કાઉન્સિલમાં પણ તે સભ્ય હશે અને તે રીતે તે ચૂંટાવાને એલીજીબલ બને છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું ચાર મેમ્બર ફિઝિઓથેરપિ પ્રકટીસીંગમાંથી ચૂંટાવાની જોગવાઈ છે માનનીય અર્જુનભાઈ અને ચાર મેમ્બર ફિઝિઓથેરપિ ટીચીંગ ફેકલ્ટીમાંથી ચૂંટવાની જોગવાઈ છે એટલે સંપૂર્ણ લોકશાહી પદ્ધતિથી અન્ય કાઉન્સિલરની માફક જ આપણે આ કાઉન્સિલની રચના કરી છે. માનનીય શકિતસિંહજીએ જે સૂચન કર્યુ અને અન્ય મને લાગે છે સિધ્ધાર્થભાઈએ પણ સૂચન કર્યુ જે ફેકલ્ટી બાબતમાં શોર્ટેજનું મૂળ કારણ આપણે ત્યાં પોસ્ટ ગ્રેજયુએટ કોર્સીસ નહોતા ચાલતાં તે છે. હવે પોસ્ટ ગ્રેજયુએટ કોર્સીસમાં સારી એવી સંખ્યામાં આપણે શરૂ કર્યા છે. પણ જે પે-સ્કેલની વાત કરી તેમાં માનનીય અધ્યક્ષશ્રી, મારે એમને જણાવવું છે કે ફિઝિઓથેરપિસ્ટ સિનિયર લેક્ચરર, જુનિયર લેક્ચરર તથા વર્ગ-૩ ફિઝિઓથેરપિસ્ટના આર.આર.માં સુધારા કરી એ આખરી

કરવામાં આવી રહેલાં છે અને ટૂંક સમયમાં આખરી કરી ભરતી તે મુજબ કરવામાં આવશે. એટલે સ્કેલ અંગેની આપની જે ચિંતા છે તે ચિંતાનો અમે એ રીતે ઉપાય કરી રહ્યાં છીએ. સેનેટમાં જે સૂચન કરવામાં આવ્યું કે ફિઝિઓથેરપિની અલગ બેઠક હોવી જોઈએ. શિક્ષણ વિભાગનો વિષય છે આમ તો યુનિવર્સિટી સાથે સંલગ્ન છે અને મારા સાથી મંત્રીશ્રીને હું પણ આપના વતી વિનંતી કરીશ કે તે દિશામાં વિચારે. પૂરતી આંતરમાળખાકીય સવલતોની વાત સાચી છે પણ કાઉન્સિલ થવાથી કાઉન્સિલના ઈન્સ્પેકશન નીચે આવશે એટલે કાઉન્સિલના ઈન્સ્પેકટર અને કાઉન્સિલની મંજૂરી હેઠળ આ બાબત આવશે એટલે એ ચિંતા પણ મને લાગે છે કે મહદઅંશે કાઉન્સિલના રેગ્યુલેશન નીચે આવવાથી દૂર થશે. આટલી સ્પષ્ટતાઓ સાથે હું સન્માનીય સભાગૃહને વિનંતી કરું છું કે આ બિલને માનનીય શકિતસિંહજીએ પણ કહ્યું છે કે તેમનું પણ સમર્થન છે ત્યારે સર્વસંમતિથી પહેલાં વાંચનમાંથી પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી જયનારાયણ વ્યાસ ( આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક:૩૦નું બીજું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨ થી ૫૧ અનુસૂચી કલમ-૧ દીર્ઘ સંજ્ઞા અને ઈનેકટિંગ ફોરમ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી જયનારાયણ વ્યાસ ( આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૧ ના વિધેયક ક્રમાંક ૩૦ નું ત્રીજુ વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત પર મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી :** વિધેયકનું ત્રીજુ વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

**સન ૨૦૧૧નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૨૮.**

# ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ (સુધારા) વિધેયક, ૨૦૧૧

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ અધિનિયમ, ૧૯૭૮ વધુ સુધારવા બાબત વિધેયક**

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ ( પાણી પુરવઠામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક: ૨૮, સન ૨૦૧૧ના ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ (સુધારા) વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ ( પાણી પુરવઠામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક: ૨૮નું પહેલુ વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ ( પાણી પુરવઠામંત્રીશ્રી)** :માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ દ્વારા હાલના અધિનિયમમાં હું બે સુધારા મંજૂર કરવા માટે આ સન્માનનીય સભાગૃહ સમક્ષ આવ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજય પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડની સ્થાપના ૧૯૭૮ના ગુજરાત અધિનિયમ ક્રમાંક: ૧૮ની કલમ ૩ની પેટા કલમ-૧ થી રાજય સરકારે તારીખ ૨૦/૮/૭૯ના રોજ કરી છે. એટલે કે લગભગ ૩૦ વર્ષ જેટલો આ બોર્ડની કામગીરીનો લાભ ગુજરાત રાજયની પ્રજાને પીવાના પાણીની વિવિધ પ્રકારની વ્યવસ્થાઓ ઉભી કરવા માટે મળ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, દિન પ્રતિદિન ગુજરાતની વસતિ વધતી જાય છે. ઉચ્ચ ગુણવત્તાવાળું પીવાલાયક પાણી પ્રજાને મળે એટલા માટે ભૂગર્ભ જળનો વપરાશ ઓછો કરીને સરફેસ લેવલના પાણીનું પ્રજાને વિતરણ કરવામાં આવે અને ખાસ કરીને જયારે નર્મદા યોજનાની કામગીરી ઘણી ઝડપથી આગળ વધી રહી છે ત્યારે નર્મદાનું પીવાનું પાણી પણ જે નકકી કરેલા વિસ્તારો, નકકી કરેલા ગામો, શહેરો છે ત્યાં ઝડપથી મળતું થાય. એ બધી જ કામગીરી અત્યારે રાજયનું પાણી પુરવઠા બોર્ડ સંભાળે છે. ૧૯૮૦-૮૧માં આ બોર્ડનું બજેટ ૨૦ કરોડ ૩૯ લાખ રૂપિયાનું હતું. આજે લગભગ ૨ હજાર કરોડ રૂપિયાનું બજેટ આ વિભાગ દ્વારા, આ બોર્ડ દ્વારા વપરાય છે. એટલે એની જે કામગીરી વધી છે, એનો જે વ્યાપ વધ્યો છે, એના કારણે બોર્ડને...(અંતરાય) બોર્ડને ટૂંકુ કરવું છે? બે મિનિટ પ્રિએમ્બલ તો સાંભળો. સર્વાનુમતે કહો તો મૂકી દંઉ. તમે ટીકા-ટીપ્પણ કરો અને મારી પાસે ટૂંકુ કરાવવાની વાત કરો એ બે ના કરો. (અંતરાય) મને બિલકુલ વાંધો નથી.

---

* **વિધેયક તારીખ ૨૧મી માર્ચ, ૨૦૧૧ના રોજ રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.**

માનનીય અધ્યક્ષશ્રી, બોર્ડની જે કામગીરી છે, એનો વ્યાપ વધતો જાય છે એ મારે સભ્યશ્રીઓના ધ્યાન ઉપર મૂકવું છે. બોર્ડની કામગીરી એ ગ્રામ્ય કક્ષાએ, શહેરી કક્ષાએ ટયૂબવેલ બનાવવા, હેન્ડપંપ બનાવવા, પાણીની ટાંકી બનાવવી એ મર્યાદિત હતી. પણ હવે જયારે આખા ગુજરાતને આપણે પીવાનું સ્વચ્છ, શુદ્ધ, પીવા લાયક પૂરતું પાણી પહોંચાડવા માટેની વ્યવસ્થા ગોઠવતા હોઈએ ત્યારે આ બોર્ડનો વહીવટ વ્યવસ્થિત રીતે, સક્ષમ રીતે, વધુને વધુ સારી રીતે મેનેજમેન્ટ, વોટર મેનેજમેન્ટ દ્વારા કરવામાં આવે એ માટે આ સુધારો અમે લાવ્યા છીએ. અત્યારે બોર્ડમાં ૨૧૭૮ કિલોમીટરની બલ્ક પાઈપલાઈનો અને ૧,૧૬,૦૦૦ કિલોમીટર જેટલી વિતરણ પાઈપલાઈનો દ્વારા કુલ ૧૦,૬૭૫ ગામો શ્રી નીતિનભાઈ પટેલ (ક્રમશ): અને ૧૨૧ શહેરોની લગભગ ૩ા કરોડની પ્રજાને પીવાનું પાણી પહોંચાડવાની વ્યવસ્થા ચાલે છે અને હજુ પણ આવનાર દિવસોમાં આપણે જે ઈચ્છીએ છીએ એ પ્રમાણે આખા રાજયના તમામે તમામ નાગરિકોને કોઈપણ યોજનાનો લાભ આપીને પીવાનું પાણી પૂરતું શુધ્ધ મળે એ જવાબદારી આ બોર્ડ હસ્તક જયારે છે ત્યારે અત્યારે મોટા કામોની સાથે ૧૩૩૦ ગામોમાં ૧,૮૫,૭૭૧ જેટલા હેન્ડ પંપ એટલે કેનાનામાં નાના હેન્ડપંપના કામથી માંડીને મોટામાં મોટાં કામો એટલે કે બ્લોક પાઈપ લાઈન હોય, મોટાં પંપિંગ સ્ટેશનો હોય એ બધાનજી કામગીરી જયારે ચાલવાની હોય ત્યારે આના સભ્ય સચિવ જે છે એ સભ્ય સચિવ આ કામ માટે નિષ્ણાત હોય, એન્જિનિયર હોય અને વહીવટી કામના પણ કાબેલ અને અનુભવી હોય એના માટેનો` અને તેમની નિમણૂક કરવાની સત્તા આપતો આ સુધારો લાવ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, બીજા એક નાના સુધારાની જોગવાઈ એ લાવ્યા છીએ કે જયારે આ પાણી પુરવઠા બોર્ડ બન્યું ત્યારે રાજય સરકારના અનેક કર્મચારી/અધિકારીઓને આ પાણી પુરવઠા બોર્ડમાં લોન સર્વિસ નીચે મૂકયા હતા અને એ પછી કાયમી ત્યાં રહયા હોય તેમની ઉપર શિસ્ત વિષયક પગલાં લેવાની વાત આવે તો જેમ રાજય સરકારના કર્મચારી કે અધિકારી વિરુધ્ધ આવાં શિસ્તભંગ વિષયક પગલાં લેવામાં આવે તો એની ઉપર અપીલ કરવાનો એમનો અધિકાર છે અને પાણી પુરવઠા બોર્ડના એકટ પ્રમાણે આવી જોગવાઈ એમાં નથી. એટલે કર્મચારીઓના હિત માટે, તેમના હિતના રક્ષણ માટે સરકારની માફક બોર્ડમાં પણ તેમને આ અપીલ કરવાનો હકક મળે એટલા માટે આ એકટમાં એની પણ જોગવાઈ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, તો વહીવટી બાબતમાં પણ પ્રજાને વધુમાં વધુ સારો સંતોષ અને લાભ થાય એ રીતની કામગીરી થાય અને કર્મચારીઓનું હિત રક્ષાય એવા બે સુધારા આ વિધેયકમાં લઈને હું આવ્યો છું ત્યારે મારી માનનીય સભ્યશ્રીઓને વિનંતી છે કે મારા આ બિલને સર્વાનુમત્તે મંજૂર કરવામાં આવે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** :માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનું વિધેયક ક્રમાંક :૨૮ માં બે સુધારા કરવા માટેનું વિધેયક લઈને આવ્યા છે એમાં તેમણે આ પાણી પુરવઠા બોર્ડમાં કેટલી રકમનો વધારો થયો અને અત્યારે કયાંસુધી પહોંચ્યું એની પૂર્વભૂમિકા બાંધીને આ બિલના સ્કોપમાં ઘણો વધારો કરી આપ્યો છે. એમણે બાંધેલા પ્રિયેમ્બલ પછી પાણી પુરવઠા બોર્ડના વ્યાપ વિશે આંકડાઓ આપીને વાત કરી છે ત્યારે મારે પ્રથમ તો એ સ્કોપમાં દાખલ થતાં પહેલાં રાજય સરકારની અત્યારની જે સુધારાની વાત છે અને હકીકતમાં જે પરિસ્થિતિ છે એના વિશે વાત કરવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારની જે કલમ-૪ છે એ કલમ-૪ ના સબ સેકશન (ખ) પ્રમાણે " રાજય સરકારે નીમવાના સભ્ય સચિવ, જેઓ વહીવટી અનુભવ અને પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાના કામના અનુભવ ધરાવતા લાયકાતવાળા ઈજનેર હોવા જોઈશે." તો આ એમનું કવોલીફિકેશન છે, આમાં આટલું છે. આપની પાસે વહીવટનો અનુભવ પણ હોવો જોઈએ અને ગટર વ્યવસ્થા કામનો હનુભવ ધરાવતા હોવા જોઈએ. બહુ જ સમજણપૂર્વક કાયદામાં સભ્ય સચિવ માટેનું આ કવોલિફિકેશન મૂકયું છે. હવે આપ શું કરવા જાઓ છો કે (અ) માં સુધારો કરો છો કે ' રાજય સરકારે નીમવાના સભ્ય સચિવ જેઓ યોગ્ય જણાય તેવા લાયકાતવાળા ઈજનેર અથવા વહીવટી અનુભવ ધરાવતા હોવા જોઈશે.' આપ જો પાણી પુરવઠા બોર્ડનો વહીવટ વધારે વ્યાપ વધ્યો હોય અને વધુ મજબૂત થતો હોય તો કદાચ આવું પ્રોવિઝન હોય તો તમારે રિવર્સ કરવું જોઈતું હતું.કે, no, or નહીં and જોશે. માત્ર વહીવટનો અનુભવ પણ નહીં ચાલે અને માત્ર એન્જિનિયરીંગનો અનુભવ પણ નહીં ચાલે, હવે અમારે સારું કામ કરવું છે, વ્યાપ વધ્યો છે. આપે જે આંકડાઓ આપ્યા એ પ્રમાણે કાર્યક્ષેત્ર વધ્યું છે એ સંજોગોમાં એકની જ લાયકાત નહીં જોઈએ, અમારે બન્ને વસ્તુ જોઈશે. એના બદલે આપ શું કરો છો, આપ કરો છો કે ઈજનેર અથવા વહીવટી અનુભવ ધરાવતા, or લાવો છો. સરકારને ગમે એવા મૂકવા માટે પેલું and છે એ આપને નડે છે. કે પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનો પણ અનુભવ હોવો જોઈએ, ઈજનેર હોય વહીવટી અનુભવ હોય આ જો કાયદાની જોગવાઈ રહે તો, સારો માણસ છે એને મારો નથી બનાવવો, પણ મારો છે તેને સારો કરીને અહીંયા ફીટ કરવો છે. અને એ ભૂમિકામાં ફીટ કરવો હોય તો કાયદામાં સુધારો લઈ આવો કે વહીવટનો અનુભવ હોય તો પણ ચાલે અને ઈજનેરની લાયકાત વાળો હોય તો પણ ચાલે, આનાથી વહીવટ સુધરશે નહીં. આનાથી આપનો વહીવટ ખાડે જશે. આ બોર્ડમાં તો આપણે એ બન્નેના અનુભવનું મિશ્રણ જોઈએ, અને જોઈએ એટલા માટે જ સેકસન ૪ ની સબસેકસન (ખ) ની જોગવાઈ છે એ અત્યંત વાજબી રીતે મૂકવામાં આવી છે. માનનીય મંત્રીશ્રી બિલની એમની મર્યાદાથી બહાર જઈને પાણી પુરવઠાના વહીવટની બાબતમાં, રકમોની ફાળવણીની બાબતમાં પડયા છે ત્યારે મારે માત્ર એક દાખલો આપવો છે. મુખ્ય ઈજનેર ઝોન-૧, ગુજરાત પાણી પુરવઠા બોર્ડના ઉકાઈ

પેટા નહેરની બોરીદ્રા શાખા પર આધારીત બાલાત ટ્રેક ગૃપ -૧ ની પ્રાદેશિક પાણી પુરવઠા યોજનાને પાણી પુરું પાડવા માટે ૭.૨૭ કરોડની વહીવટી મંજૂરી આપવામાં આવી. એકંદર તાંત્રીક મંજૂરી નવેમ્બર ૨૦૦૩માં આપી. આ યોજના બોરીદ્રા ગામ ખાતેના હાલના તળાવનું પુનઃ નિર્માણ કરવા માટેની હતી. તળાવના કાંઠે કૂવો બનાવવાનો, પંપીંગ મશીનરી, વિવિધ જગ્યા પર આર.સી.સી. ના અન્ડર ગ્રાઉન્ડ સંપ બનાવવા, અને ૪ાા લાખ લીટરની પાણીની ક્ષમતા વાળી આર.સી.સી. ની ટાંકી બનાવવાની હતી. માનનીય અધ્યક્ષશ્રી, કાર્યપાલક ઈજનેર ભરૂચની દફતરની ચકાસણી થઈ, આપ કહો છો ને આપના પાણી પુરવઠા બોર્ડના વહીવટના આપે આંકડાઓ આપીને મને એમાં એન્ટર થવા માટેનો આપે પ્રો-નોક કર્યો ત્યારે મારે આ વાત કરવી છે. ૨૦૦૪ અને ૨૦૦૭ દરમિયાન ૬ાા કરોડ રૂપિયાના ખર્ચે આ કામ પૂર્ણ કરવામાં આવ્યા. તેમ છતાં પાણીની વિતરણ વ્યવસ્થા અને આંતરીક વ્યવસ્થા જે કોઈ પણ પાણી પુરવઠા માટે એક અગત્યનો ભાગ છે તેનું કામ પણ હાથ પર ન લેવાયું, અને ૨૦૦૯માં મુખ્ય ઈજનેર ઝોન-૧ વડોદરા દ્વારા બોલાવવામાં આવેલી સમીક્ષા મીટીંગમાં ૨૦૦૫ ઓગષ્ટમાં એવું નકકી કરવામાં આવ્યું, કે ૬ાા કરોડનો ખર્ચ કરવા છતાં વિતરણ વ્યવસ્થાના અભાવના કારણે લક્ષિત ગામડાંઓને પાણી પુરવઠા વધારવાનું કાર્ય થઈ શકયું નહીં. તેથી આખી યોજનાનો મુખ્ય હેતુ જે હતો તે બર ન આવ્યો, (અંતરાય) લાવવાનો છે છેલ્લા દિવસનો પ્રસ્તાવ? તો એને અનુરુપ બોલું. (અંતરાય) અને એ સંજોગોમાં માનનીય અધ્યક્ષશ્રી, ના, ના બેઠા બેઠા કહી દે કે નથી આવવાનો, તો હું મારી વાતને એ રીતે સંક્ષીપ્ત કરી શકું. (અંતરાય) આમાં બધું ફેર જ છે. જેવી તમારી રીત એવી ભાત, રીત ભાત સામી સામી જ હોય. સમજણથી થાય, એ છે જ અને અહીંયા પણ એ કરીએ અને ટેકો આપીએ, વચ્ચે થાય છે, એટલે ઈટ નોટ અનફેર. ૬.૫ કરોડ રૂપિયાનો ખર્ચ કરવા છતાં વિતરણના અભાવે પ્રાદેશિક પાણી પુરવઠા યોજનાનો હેતુ સિદ્ધ થઈ શક્યો નહિ. આ બાબતે ધ્યાન દોરવામાં આવતા કાર્યપાલક ઈજનેરશ્રી ભરૂચે જણાવ્યું કે....(અંતરાય) આ પ્રકારના વહીવટને સાડા છ કરોડનો ખર્ચ કરવા છતાં વ્યવસ્થા ન કરી શક્યા અને હવે જો આપણે પાણી પુરવઠામાં જેની નિમણૂક કરવા જઈ રહ્યા છીએ આપણે બંનેના અનુભવી નહિ રાખીએ તો આગળના દિવસમાં ચોક્કસ હું માનું છું કે એનાથી વહીવટ સુધારશે નહિ વહીવટ બગડશે એટલે માનનીય મંત્રીશ્રી આ સુધારો લઈને આવ્યા છે એને હું સમર્થન આપી શકતો નથી.

બીજો એક નાનો સુધારો કલમ-૯માં છે. એ વહીવટી પ્રકારનો સુધારો છે જેમાં કર્મચારીને અપીલ કરવાની જગ્યા મળે છે. એપેલેટ ઓથોરિટી કદાચ ન રાખીએ તો કદાચ ડાયરેક કોર્ટમાં પણ એ જઈ શકતા હોય છ, એપેલેટ ઓથોરિટીનું ત્યાં જ બોર્ડ લેવલે પ્રોવિઝન રાખીએ કે એકિઝકયુટીવ એન્જિનિયરે સ્ટેપ લીધું હોય તો એસ.ઈ. પાસે અને એ એસ.ઈ..એ લીધું હોય ચીફ એન્જિનિયર પાસે અને ચીફ એન્જિનિયરે લીધું હોય તો ચેરમેન સુધીનું પ્રોવિઝન રાખીએ તો સારુ રહેશે એ શબ્દો સાથે મારી વાત પૂરી કરું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા(પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, બહું ટૂંકી જ વાત કરીશ. માનનીય મંત્રીશ્રીનું મારે તો એકજ ધ્યાન દોરવાનું કે આ બિલ છે એમાં સુધારો વૈશ્વિક પ્રવાહોની વિરૂદ્ધનો છે. વૈશ્વિક પ્રવાહો એવા છે કે આખા દુનિયાની અંદર વિકસિત દેશોમાં કે ઉચ્ચ હોદા ઉપર પ્રોફેશ્નલને બેસાડવાનો અને એની શરૂઆત અગાઉ કરી હતી કે એન્જિનિયરંગ વ્યવસાય સાથે સંકળાયેલા ડિપાર્ટમૅન્ટ છે એના સચિવો એ પ્રોફેશ્નલ હોય અને એના કારણે ગુજરાતનું પી.ડબલ્યુ.ડી. વિભાગના સેક્રેટરી એન્જિનિયરીંગ વિભાગમાંથી એમ.ડી. પટેલ થયા અને એના પછી એ આગળ વધારતા ગયા આપણે ગુજરાત મેરી ટાઇમ બોર્ડના વાઈસ ચેરમેન પણ ટેકનિકલ નીમવાની આપણે શરૂઆત કરી, ભલે પછી આપણી સરકાર આવી અને એમાં ફેરફાર કર્યો એ ઉપરાંત બીજા બધા જ શિક્ષણ નિયામક હોય, ઉચ્ચ શિક્ષણ નિયામક હોય આ બધી જગ્યાએ પ્રોફેશ્નલને મૂકવામાં વાત આવી અને એના કારણે આપણા પ્રોફેશ્નલોએ વૈશ્વિક કક્ષાએ તક મળી ત્યારે નામના પણ કાઢી. નર્મદા યોજનાની અંદર જે પાયો નાખનાર થોડા લોકો હતા એમાં સી.સી. પટેલ સાહેબ, પી.એ. રાજ સાહેબ આ બે અધિકારીઓ હતા, અને એના પછી વી.બી. પટેલ આવ્યા અને આમાંથી બે વ્યકિત વી.બી. પટેલ અને સી.સી. પટેલ એને કેન્દ્રમાં ડેપ્યુટેશન ઉપર ગયા અને માત્ર દેશની કક્ષાએ નહિ વિશ્વની કક્ષાએ ગુજરાતની એન્જિનિયરીંગ પ્રતિભાને બહાર લઈ આવ્યા. પી.એ.રાજ સાહેબનો ઉપયોગ જીવ્યા ત્યાં સુધી નર્મદા નિગમની અંદર એક સ્ટેન્શન આપી આપીને કર્યો. એના પછી અત્યારે પણ આપણા એક અધિકારી એ વોટર રીસોર્સીસ ડિપાર્ટમૅન્ટમાં ગયા, નવલાવાલા સાહેબ સેક્રેટરી તરીકે રિટાયર્ડ થયા અને આજે મુખ્યમંત્રીશ્રીના વોટર સપ્લાય વિભાગના એડવાઈઝર છે. એટલે આ પ્રતિભાને વિકસાવવાનું કામ આપણે કરવું જોઈએ અને ભારત સરકારે જે પર્સોનલ પૉલિસી બનાવી છે એ પૉલિસીમાં પણ વડાપ્રધાનશ્રીનો તો ખાસ આગ્રહ છે કે પ્રોફેશ્નલસ છે એને ધીમે ધીમે આઈ.એ. એસ. અને આઈ.પી.એસ.માં પણ એની કવોલિફિકશન પ્રમાણે એ વિભાગની અંદર એ નિષ્ણાતની કેપેસિટી છે એ વધે એટલા માટે વ્યવસાય કરણ કરવું ખૂબ જરૂરી છે. જ્યારે આપણે ત્યાં પ્રોફેશ્નલની કૅરિયર અને એની ક્ષમતાને અવરોધવાનું કામ આ બિલથી લઈ આવ્યા છીએ. આપને કોણ સલાહ આપે એની ખબર નથી પરંતુ એનાથી કોઈ ક્ષમતા વધવાની નથી. એના ચેરમેન આજે પણ આઈ.એ. એસ. છે જ. એટલે મેમ્બર સેક્રેટરી તરીકે હોવા જરૂરી નથી. ફુલ ટાઈમ ચેરમેન રાખો, વાંધો નહીં. પણ મેમ્બર સેક્રેટરી તો ટેકનિકલ માણસ એ જ કેડરમાંથી આવેલો માણસ આવે તો તેમાંથી ભવિષ્યમાં સી.સી. પટેલ, વી.બી. પટેલ, પી.એ. રાજ કે નવલાવાલા ઉભા થઈ શકે. પણ આપણે તો આ

વૈશ્વિક પીવાના પાણીની સમસ્યા છે. તેમાં નિષ્ણાતોની કદર કરવાને બદલે તેની કૅરિયર અને તેની ક્ષમતાનો ઉપયોગ આપણે ભવિષ્યમાં કોઈ જગ્યાએ કરી શકીશું નહી અને એટલા માટે આ અનુભવ પણ હું આપને કહું કે આ વખતે આપે સભ્ય સચિવ તરીકે એ કૅડરમાંથી નીમ્યા નહીં. તો પ્રગતિ શું થઈ? તો ૩૫૦ કરોડ રૂપિયા આ વખતે આપણે ફાયનાન્સ ડિપાર્ટમૅન્ટને સરન્ડર કરવા પડ્યા. તેની ક્ષમતાનો પૂરો ઉપયોગ થઈ શક્યો નહીં. એટલે એક મેરીટના ધોરણે પણ આ બિલ છે એ ગુજરાતના હિતનું નથી અને આપણાં જે નિષ્ણાતો છે એનો ઉપયોગ કરવાની વાત છે એની સાથે પણ સુસંગત નથી. ભારત સરકારની જે સ્વીકૃત પૉલિસી છે, પર્સોનલ પૉલિસી જે ગુજરાતે પણ સ્વીકારી છે એની સાથે પણ સુસંગત નથી એટલે આ બિલની સાથે સંમત થઈ શકાય તેમ નથી.

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી ૨૦૧૧નું ગુજરાતનું બિલ નં. ૨૮ લઈને આવ્યા છે, માનનીય અધ્યક્ષશ્રી, ગઈ કાલે થ્રી ઈન વન લાવ્યા હતા, આજે ટુ ઈન વન લાવ્યા છે. આ બિલ ઉપરની ચર્ચા થઈ છે અને તેમાં જે કલમ-૪માં જે જોગવાઈ કરવામાં આવેલી હતી કે આ બોર્ડની અંદર સભ્ય સચિવ તરીકે વહીવટી અનુભવ ઉપરાંત જેને ટેકનિકલ જાણકારી હોય એને નીમવાની વ્યવસ્થા રહેશે અને આજ દિવસ સુધી આ વ્યવસ્થા જાળવવામાં આવી છે. આ સુધારો આવવાને કારણે ટેકનિકલ આસ્પેકટ છે તેને બાજુએ રાખી અને વ્યવસ્થાના ધોરણે નીમવામાં આવશે એ પ્રકારની ઘણા વખતથી રજૂઆત થતી હતી અને ભૂતકાળમાં જ્યારે આવી રજૂઆતો આવેલી ત્યારે પણ આપણે એને ટેકનિકલ એનું ગ્રાઉન્ડ હોય તો એ વહીવટી અધિકારી પણ એની અંદર આવી શકે. પરંતુ જેની પાસે ટેકનિકલ ગ્રાઉન્ડ નથી, કારણ કે પાણી પહોંચાડવું એ ખાસ પ્રકારની હાઈડ્રન્ટ વ્યવસ્થા છે. બધાને જાણકારી નથી હોતી. અહીં તો ૧૦૦ કરોડ રૂપિયા સુધીના પ્રોજૅક્ટની ટેકનિકલ મંજૂરી સભ્યસચિવના અધ્યક્ષપણા હેઠળની મિટિંગમાં અપાઈ છે. એટલા માટે થઈને મેમ્બર સેક્રેટરીની આ જોગવાઈ, આ બોર્ડની રચના એ ભલે ૧૯૭૮માં અમારા સ્વપ્નદ્રષ્ટા નેતા આપણે હંમેશા ગણીએ છીએ એ મકરંદભાઈ દેસાઈના સ્વપ્નનું એ બોર્ડ હતું. આજે આ બોર્ડમાં ભલે ૨૦૦૦ કરોડ રુપિયા હોય, પરંતુ આની ગ્રાન્ટનો વધારો જે છે, ૯મી પંચવર્ષીય યોજનામાં ન માત્ર ગુજરાત પરંતુ ભારતભરમાં પ્લાન સાઈઝમાં વધારો થયો અને સામાજીક સેવાઓમાં વધારાના ૫૦ ટકા રખાયા એટલે ૧૨૦ કરોડમાંથી ૧૯૯૭ની સાલમાં આપણે ૬૦૦ કરોડ રૂપિયા રાખેલા હતા. આજે ૬૦૦ કરોડનો વધારો ૨૦૦૦ કરોડે પહોંચ્યો. આજે તાંત્રિક રીતે આ બોર્ડની અંદર લગભગ ૩૦૦૦ કર્મચારીઓ છે તેમાંથી ત્રીજા ભાગના કર્મચારીઓ તાંત્રિક જ્ઞાન સાથેના છે ત્યારે એ તાંત્રિક જ્ઞાનને સમજવાવાળા તાંત્રિક જો એના વડેરા હોય તો જ આનો વહીવટ સારી રીતે ચાલી શકે. એટલા માટે થઈને મેમ્બર સેક્રેટરી તરીકે વહીવટી અનુભવ ઉપરાંત તાંત્રિક સક્ષમતા જેની હોય એને જ રાખવામાં આવે એવી સ્પષ્ટતા માનનીય મંત્રીશ્રી કરે એવું હું ઈચ્છું છું.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ (પાણી પુરવઠામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શકિતભાઈ, માનનીય અર્જુનભાઈ અને માનનીય બાબુભાઈએ એમના સૂચનો કર્યા છે એ ગંભીરતાથી સાંભળ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે જૂની જોગવાઈ હતી એના ઉપર થોડું ધ્યાન દોરવા માગું એટલે સ્પષ્ટ થઈ જાય કે આ સુધારો શા માટે લાવવામાં આવ્યો છે. જૂની જોગવાઈમાં એ વખતે પાણી પુરવઠા અને ભૂગર્ભ ગટર વ્યવસ્થા ગટર પાણી બોર્ડ, એટલે ગટરની કામગીરી પણ આ બોર્ડ સંભાળે છે. પણ પીવાના પાણીની કામગીરીનો વ્યાપ અને ભૂગર્ભ ગટર બનાવવાની કામગીરી બન્નેનો વ્યાપ જુદો છે. ભૂગર્ભ ગટર શહેરી વિસ્તારોમાં થાય. મહાનગરપાલિકાઓમાં થાય, મહાનગરપાલિકાઓમાં તો સ્વાભાવિક ઉચ્ચ કક્ષાનો ટેકનિકલ જાણકારીવાળો સ્ટાફ હોય, નગરપાલિકાને અમારા શહેરી વિકાસ વિભાગ તરફથી જે ભૂગર્ભ ગટર માટે ગ્રાન્ટો આપવામાં આવે છે એના માટે જીયુડીએમ અને જીયુડીસીની વ્યવસ્થા કરી છે. કન્સલ્ટન્ટો, માનનીય અર્જુનભાઈએ કહ્યું તે પ્રમાણે પ્રોફેશનલી વિચારવા માટેના અનુભવી માણસોનો લાભ લેવાની વ્યવસ્થાઓ આપણે કરી છે. પણ જુની કલમ હતી એમાં કેવા પ્રકારની જોગવાઈ હતી. સભ્ય સચિવ કોણ બની શકે? તો રાજય સરકારે નીમવાના સભ્ય સચિવ નીમવાના જેઓ વહિવટી અનુભવ અને પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાના કામનો અનુભવ ધરાવતા હોય, પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ છે એ સાચું એની કામગીરી પણ યથાવત રાખવાની છે, ચાલુ રાખવાની છે પણ આવા શહેરી વિસ્તારમાં રાજય સરકારે વિવિધ અબજો રૂપિયાની ગ્રાન્ટ આપવાના આયોજન કર્યા છે. ભૂગર્ભ ગટરનું સ્વતંત્ર માળખું ભવિષ્યમાં ઊભું કરવું પડે એવી સ્થિતિ થવાની છે અને પાણી પુરવઠાની પણ જરૂરિયાત જ્યારે આ બોર્ડની સ્થાપના થઈ ૧૯૭૯માં ત્યારે મેં કહ્યું એમ હેન્ડ પંપ કે નગરપાલિકાઓ ટ્યુબવેલ બનાવી દે, એકાદ લાખ- બે લાખ લિટરની પાણીની ટાંકી બનાવી દે, એટલે પાણી પુરવઠા બોર્ડની જવાબદારી પૂરી થઈ જાય. સમય સંજોગો, ટૅક્નૉલૉજી, જરૂરિયાત એ બહુ મોટું પ્રોફેશનલ મેનેજમેન્ટ અને પ્રોફેશનલ ઇજનેરી કૌશલ્ય ધરાવતા હોવા જોઈએ. બધાની લાગણી છે એટલે ભૂગર્ભ ગટર વ્યવસ્થાના અનુભવી રાખવાના છે એ ડીલીટ કરવાનું એ એમાં કર્યું છે. પણ શ્રી બાબુભાઈ, એ સરકાર બધું કરશે ત્યારે ગંભીરતાથી કરશે. બે હજાર કરોડ રૂપિયાનો વહીવટ કરવાનો હોય, ચાર કરોડ લોકોને પાણી આપવાનું હોય ત્યારે સ્વાભાવિક છે કે, સરકારની પોતાની જવાબદારી છે અને સરકાર પોતે પણ એના ઉપર ગંભીરતાથી આવું મોટું કામ જ્યારે કોઈને સોંપતા હોય ત્યારે ગમે તેને કામ સોંપી ન દે. જ્યારે આ બધી નિયુકિત થશે ત્યારે ગંભીરતાથી આયોજન કરવામાં આવશે. એટલે માનનીય સભ્યશ્રીઓ નિશ્ચિંત રહે. એમાં મારી આપને ખાતરી છે કે, કોઈ રીતે ઓછી આવડતવાળા કે ઓછી ક્ષમતા ધરાવતા કોઈ

માણસને નીમવા માટે કે વ્યકિતને નીમવા માટેની આ વાત નથી. આ તો પરમેનન્ટ છે. વ્યવસ્થાઓ તો આવા કાયદાઓને ભોગે આવે એ કરવી પડે. એટલે આ બિલને સર્વાનુમતે સ્વીકાર કરો. આપની લાગણી છે કે લોકોને સક્ષમ વહીવટ મળે, ઇજનેરી કૌશલ્યવાળા અધિકારી આવે એવી જે લાગણી છે એ સાથે હું સંમત છું. એટલે આપ સૌ સભ્યશ્રીઓને હું ફરીથી વિનંતી કરું છું કે, આપ સૌ એને સર્વાનુમતે મંજૂર કરો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૨૮ સન ૨૦૧૧નું ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ (સુધારા) વિધેયકનું બીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ અને ૩, કલમ-૧ દીર્ઘ સંજ્ઞા અને ઈનેકટીંગ ફૉરમ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૨૮ સન ૨૦૧૧નું ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ (સુધારા) વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૨૮ સન ૨૦૧૧નું ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ (સુધારા) વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

સન ૨૦૧૧નું ગુજરાત વિધેયક ક્રમાંક-૨૩

# ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (દ્વિતીય સુધારા) વિધેયક,૨૦૧૧

**મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ, ૧૦૪૮ અને સન ૧૯૫૮નો મુંબઈનો ગણોત વહીવટ અને ખેતીની જમીનો બાબતનો (વિદર્ભ પ્રદેશ અને કચ્છ ક્ષેત્ર) અધિનિયમ વધુ સુધારવા બાબત વિધેયક.**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ ( મહેસૂલમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું રાજ્યપત્ર*માં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૨૩-સન ૨૦૧૧નું ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (દ્વિતીય સુધારા) વિધેયક આપની પરવાનગીથી દાખલ કરું છું.

વિધેયક દાખલ કરવામાં આવ્યું.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ ( મહેસૂલમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૨૩-સન ૨૦૧૧નું ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (દ્વિતીય સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮ની કલમ ૭૦ હેઠળ મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન વિદર્ભ પ્રદેશ અને કચ્છ ક્ષેત્ર બાબતનો અધિનિયમ ૧૯૫૮ની કલમ 'સ' આ બન્ને કલમોથી મામલતદારની કેટલીક ફરજો નક્કી કરવામાં આવી છે અને એમાં એમને ગણોતના કેસો સાંભળવાની ફરજ એની અંદર આવે છે. હવે જ્યારે ગણોત ધારાના મૂળ કેસો મામલતદાર સાંભળે છે અને સાંભળ્યા પછી આ ગણોતિયો એ કાયમી પ્રકારનો છે કે સામાન્ય પ્રકારનો છે એ નક્કી કરવામાં આવે છે. સામાન્ય પ્રકારનો અથવા તો કાયમી ગણોતિયો નક્કી થઈ જાય ત્યાર પછી ગણોત ધારાની કલમ ૩૨(એમ) નીચે નમૂના નં. ૯નું પ્રમાણપત્ર આપવામાં આવે છે. આ પ્રમાણપત્ર મળી જાય એટલે એનું કામ પૂર્ણ થઈ જાય છે. મામલતદાર અને કૃષિ પંચ દ્વારા આવા કેસો ચલાવવામાં આવે અને નંબર-૦નું પ્રમાણપત્ર મળી ગયા પછી સમયમર્યાદા બહાર કોઈ વિવાદ ઊભો થઈ શકતો નથી. તેમ છતાં લાંબા સમય પછી નિર્ણય કરવામાં ૨૦ વર્ષ કે ૨૫ વર્ષ થઈ ગયા હોય ત્યાર પછી વિવાદ ઊભો કરવામાં આવે છે અને મામલતદારની કોઈ ફરજમાં ન આવતું હોવા છતાં મામલતદારો આવા કેસોને સાંભળે છે અને ગણોતિયાને કાયમી ગણોતિયો ઠરાવે છે. આમ, કાયમી ગણોતિયો થઈ જાય એટલે સરકારને પ્રીમિયમની રકમનું નુકસાન થાય છે અને એટલે આ જે મામલતદારો પાછળથી આવા વિવાદો ઊભા થાય અને જે કેસો અત્યારે સાંભળે છે એ કેસોનો નિકાલ કરવા માટે આવા કેસોને અપીલમાં લઈ જવામાં આવે છે અથવા તો રિવિઝન કાર્યવાહી સક્ષમ અધિકારીને સોંપવામાં આવે છે. આ થયા પછી પુનઃ પ્રીમિયમ લેવાનો હક્ક રાજ્ય સરકારને પ્રાપ્ત થાય છે. જે મામલતદારોની સત્તામાં ન આવતા હોય એવા કામો જ્યારે મામલતદારો કરી રહ્યા છે ત્યારે એમની સત્તા પર નિયંત્રણ રાખવું જોઈએ અને એમાંની કલમ ૭૦ રદ કરવા માટેનો સુધારો હું વિધાનસભા ગૃહમાં લાવી છું અને ગૃહના સૌ ધારાસભ્યશ્રીઓને વિનંતી કરું છું કે આ બિલમાં જે સુધારો છે એને માન્ય કરે.

* વિધેયક તા. ૧૮મી માર્ચ, ૨૦૧૧ના રાજયપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા(પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આજે જે સુધારો લઈને આવ્યા છે એ કદાચ જો વહેલું લઈ આવ્યા હોત તો અમે આ ગૃહમાં વારંવાર જે વાત કરી હતી કે હજારો કરોડ રૂપિયાનું નુકસાન છેલ્લા ૧૦ થી ૧૫ વર્ષમાં આ કલમનો લાભ લઈ અને ભ્રષ્ટાચારી લોકો કરી રહ્યા છે. કેવા ગણોતિયા થયા એની બહુ વિગતો મેં આ ગૃહમાં આપી છે એટલે હું એને રિપીટ કરતો નથી. પરંતુ એવા ગણોતિયા થયા કે જેની પાસે બે-પાંચ મર્સિડિસ ગાડીઓ હોય, મોટા મોટા બંગલાઓ હોય અને માત્ર બિલ્ડરોએ જ આ કાયદાનો લાભ લીધો અને જ્યારે સરકારનું ધ્યાન દોરવાનો પ્રયાસ કર્યો ત્યારે જે ફરિયાદીઓ હતા, આ કેસોની ફરિયાદ કરનારા, ઉપેન્દ્રસિંહભાઈ આપને ખ્યાલ છે, એ ફરિયાદ કરનારાઓને જેલમાં પૂરવામાં આવ્યા. પણ આરોપીઓને કશું ન થયું. આ ભ્રષ્ટાચારને ચલાવનારા તંત્રના અધિકારી અને  કલેક્ટર હતા એમને પ્રાઈમ પોસ્ટીંગ આપવામાં આવ્યું ત્યારે આપણે માગણી કરી કે આનું પ્રીમિયમ વસૂલ કરવું જોઈએ અને આ બધા કેસોની તપાસ થવી જોઈએ. પણ એ વખતે સરકારે ખાનગી સરક્યુલર કર્યો કે હવે કેસો ચલાવવા નહીં. પરંતુ જે જૂના કેસો ચાલી ગયા છે એ ખાનગી પરિપત્ર મુજબ, સૂચના મુજબ એ કેસો ઉખેળવા નહીં, એની તપાસ કરવી નહીં અને એનું પ્રીમિયમ વસૂલ કરવું નહીં.

સભાપતિશ્રી મહેન્દ્ર લી. મશરૂ અધ્યક્ષસ્થાને

આ કોની સૂચનાથી થયું હતું એ પણ રાજ્ય સરકારે તપાસ કરવી જોઈએ અને કોના લાભાર્થે થયું હતું? મારી પણ વિનંતી છે કે ભલે આ બિલના સુધારા પાસ કરાય પણ થોડા ટૂંકા સમયમાં જ ખાસ કરીને મોટા શહેરોની આસપાસ આવા પ્રકારના કેસો ચલાવી બનાવટી ગણોતિયા ઊભા કરી ૧૦,૦૦૦ કરોડ રૂપિયા જેટલી રકમ જમી ગયા છે એ બધી ઘટનાની રાજ્ય સરકારે તપાસ કરવી જોઈએ. એની રાજકીય ઈચ્છા શકિત બતાવવી જોઈએ. આટલી વાત કરીને આ જે છે એ આનાથી જરૂર સાચી વાત છે કે હવેથી બનાવટી ગણોતિયા જે બનાવવાની પ્રક્રિયા હતી એના ઉપર બ્રેક લાગશે એટલે આ બિલમાં બીજું વિશેષ કહેવાનું નથી.

**શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ મંત્રી (અંતરાય) અહીં બોલવા ઊભા થઈએ ને એ નિરર્થક નથી હોતું. કોઈક ને કોઈક એનો હેતુ હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે બિલ નંબર : ૨૩ સન ૨૦૧૧નું લાવ્યા છે અને એની અંદર મામલતદારને જે સત્તાઓ હતી એ પાછી ખેંચીને રાજ્ય સરકાર જે કેસો સ્ક્રૂટીની કરીને મોકલે એના ઉપર જ કાર્યવાહી કરે એના માટેની જોગવાઈ હાલ જે છે. કારણ કે આની અંદર કચ્છ નાબૂદી ધારા એટલે કે જે ૧૯૫૮નો જે આવ્યો એની અંદર એવી વિષમતા કે જેમના અધિકારો હતા એ નિયમ બહાર થઈ ગયા તો કમસેકમ એ નિયમમાં આવી શકે એની એક જોગવાઈ આપ રાખજો. આમાં જે મામલતદારોએ સત્તાનો દુરુપયોગ કર્યો છે કારણ કે સ્પેશ્યલ મામલતદારોએ ૧૯૮૨માં જે ઈનામદારો નહોતા એને ઈનામદારોના સર્ટિફિકેટ આપ્યા. એને આધારે ૨૦૦૨ની અંદર જમીનો અપાય ગઈ.

માનનીય અધ્યક્ષશ્રી, હજુ મે કહ્યું ને કે, ધ્યાન દોર્યુને ત્યારે આ બાબતનું સરકારે ધ્યાન દોરીને ખાનગી સરકયુલરથી એ બાબતને આગળ ના વધારવા માટેનું ઉચિત કરીને એનો દુરુપયોગ અટકાવ્યો. પરંતુ જેમણે દુરુપયોગ કર્યો છે એ કેસોને તમે રિવ્યુમાં લઈને જે ખોટું થયું છે એની તપાસ કરજો. એટલું નહિ, ઈનામ નાબૂદી ધારા હેઠળ જેને ઈનામદારોને એની મુદત બહારમાં કાઢી નાંખવામાં આવ્યાં છે એને મુદતની અંદર અરજી કરેલી હોય એ પણ નિયમમાં લેજો અને એના જો હક હોય તો આપવા માટેની આપ આની અંદર જોગવાઈ રાખજો એટલી મારે વિનંતી કરવાની છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અર્જુનભાઈએ અને બાબુભાઈએ સમર્થન કર્યુ છે એનો પહેલા તો આભાર માનું છું. માનનીય અધ્યક્ષશ્રી, અર્જુનભાઈએ કહ્યું કે એક ખાનગી પરિપત્ર કાઢેલો. સાહેબ, સરકારમાં કોઈ ખાનગી પરિપત્ર હોય જ નહિ. પરિપત્ર નીકળે એટલે એ જે ઑફિસોમાં જવાનો હોય એ ઑફિસમાં જાય. આર.ટી.આઈ. અને બધે જતો હોય છે. એટલે ખાનગી પરિપત્ર ના હોય. પરંતુ એ પરિપત્ર માત્ર અને માત્ર મામલતદારની સત્તાઓ હતી એ સત્તાઓ ઉપર કાપ મૂકવા માટેનો આ પરિપત્ર આપણે કાઢવો પડ્યો હતો.

માનનીય અધ્યક્ષશ્રી, આમ તો આ જે ગણોતધારાના કેસો હતા. એ તો તા. ૧/૪/૧૯૫૭માં જ્યારે ખેડૂત બિન જાહેર કરવામાં આવ્યોને એના પછી જે ગણોતધારાના કેસો આવ્યા અને એની અંદર આ બધું નક્કી થયું હતું. આ સરકારમાં તો આવું કશું થયું જ નથી. અમારે તો તમારું અધૂરું કામ જ અત્યારે પૂરું કરવું પડે છે એવી સ્થિતિ છે. પેલો તા.૩૧/૧૨/૧૯૮૬ના ગણોતધારાના બધા સાહેબ, અમારે અહીં બિલ લાવવું પડ્યું. એટલે જે કાંઈ કામ બાકી રહ્યું છે એ રાજ્ય સરકાર કરી રહી છે અને પૂરી પારદર્શકતાથી આ કામ સરકાર કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે આ બિલને બધાએ ટેકો આપ્યો છે ત્યારે એમનો હું આભાર માનું છું અને વિધાનસભા સર્વાનુમતે આ બિલને પાસ કરે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૨૩-સન ૨૦૧૧નું ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (દ્વિતીય સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨, કલમ-૩, કલમ-૧, દીર્ઘ સંજ્ઞા અને ઈનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ**: માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૨૩-સન ૨૦૧૧નું ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (દ્વિતીય સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક-૨૯નું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

### સન ૨૦૧૧નું ગુજરાત વિધેયક ક્રમાંક. ૨૯

## ગુજરાત લોકાયુક્ત (સુધારા) વિધેયક,૨૦૧૧

### ગુજરાત લોકાયુક્ત અધિનિયમ, ૧૯૮૬ વધુ સુધારવા બાબત વિધેયક.

**શ્રી વજુભાઈ વાળા ( સામાન્ય વહીવટમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૨૯-સન ૨૦૧૧નું ગુજરાત લોકાયુકત ( સુધારા ) વિધેયકને આપની અનુમતિથી દાખલ કરૂં છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવ છે.

**શ્રી વજુભાઈ વાળા ( સામાન્ય વહીવટમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૨૯-સન ૨૦૧૧નું ગુજરાત લોકાયુકત ( સુધારા ) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જે તેરમા નાણાપંચે સ્થાનિક મંડળોમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓના અધિકારીઓ અને એના માટે થઈને અને એક સત્તાધારી સંસ્થા ઊભી કરવી એવી વાત છે પરંતુ આપણે ગુજરાતમાં લોકાયુકત હતો જ અને લોકાયુક્ત અધિનિયમ નીચે જેની સામે કામ થઈ શકે આવા જે સેકશનની અંદર હતા એમાં આપણે આ વધારો કરી અને જે નગરપાલિકાઓ હોય, કોરપોરેશનો હોય, જિલ્લા પંચાયતો હોય, તાલુકા પંચાયતો હોય એના ચૂંટાયેલા પ્રતિનિધિ, કમિટીના ચેરમેનો અને કમિટીના સભ્યો સામે કામગીરી પણ થઈ શકશે એ જે હું આ સુધારો લઈને આવ્યો છું એ સુધારો નાણા પંચની ભલામણ મુજબનો છે એટલે હું હાઉસને વિનંતી કરું કે, ઈન્ડિયાએ ટૉસ જીતીને દાવ લેવા આવ્યા છે એટલે વહેલામાં વહેલી તકે આ પૂરું કરો એવી વિનંતી છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ(વિરોધપક્ષના નેતાશ્રી)** : થોડો દાવ લઈ લઉં પછી પૂરું કરીએ. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે વિધેયક લઈને આવ્યા છે એમાં તેરમા નાણા પંચે તો Ombudsman મૂકવાની વાત કરી હતી. આપણે એના બદલે લોકાયુક્ત પ્રર્વ્યૂમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના પદાધિકારીઓને સાંકળી લેવાની વાત કરીએ છીએ, હું એને આવકારું છું અને આ આપણે આ તેરમા નાણા પંચના કહેવાથી કરીએ છીએ પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, સવાલ એ છે કે, જે દિશામાં આપણે ગાડુ દોડાવવાનું છે એમાં પેસેન્જર કેટલા વધારીએ એ તો બરાબર પણ ગાડાની આગળ બળદ જોડાશું નહીં તો ગાડુ ચલાવશે કોણ ? અને એ ડ્રાયવર માટે જે લોકાયુક્તની નિમણૂક કરવાની છે, ગુજરાત કદાચ એક જ એવું રાજય છે કે, જ્યાં લોકાયુક્તનો કાયદો બન્યા પછી આટલા વર્ષો સુધી લોકાયુકતની જગ્યા ખાલી રહી છે અને આ જગ્યા ભરાય એટલા માટે આપણે કયાં તકલીફ પડે છે મને ખબર નથી પડતી? એ હશે તો વહિવટી તંત્ર પરની કોઈ ફરિયાદોનો નિકાલ કરવાની વ્યવસ્થા થશે.

આજે વિધાનસભા ગૃહ ખૂબ મોટી રકમ આપણે મંજૂર કરીને લોકાયુક્ત ઑફિસ માટે આપીએ છીએ. કારણ કે, આપણે ત્યાં કાયદો છે. અને સ્ટાફ બેઠો છે, બધી જ વ્યવસ્થાનો ખર્ચ આપણે કરીએ છીએ પરંતુ લોકાયુકતની નિમણૂક ના થાય એના માટેની આપણી ગોઠવણ ચાલ્યા કરે છે ત્યારે હું આપના મારફતે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, કે હવે માનનીય મંત્રીશ્રી અમારો આ અવાજ માનનીય મુખ્યમંત્રીશ્રી સુધી પરકયુલેટ કરે, પહોંચાડે અને તાત્કાલીક કારણકે કાયદો બહુ સ્વયંસ્પષ્ટ છે. Governor shall alppoint in consultation with the Chief Justice of the High Court and Leader of the Oposition. હું ચીફ જસ્ટીસ ઓફ હાઈકોર્ટની વાત જયારે એમણે નામ મોકલ્યું હોય અને એમાં સંમત થતો હોઉં પછી એ પ્રક્રિયાને લંબાવવાની જરૂર નથી. ભૂતકાળમાં પણ આપણે જો આ ચિંતા વહેલી સેવી હોત પણ હું વધારે એટલા માટે એમાં જતો નથી કારણકે એ કોન્સ્ટીટયુશનલ ઓથોરીટીની ઓફિસ અને ચીફ જસ્ટીસ ઓફ ધ હાઈકોર્ટ એ બંનેની ડીગ્નીટી મેન્ટેઈન થાય

* વિધેયક તા.૨૧મી માર્ચ, ૨૦૧૧ના રાજયપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

એટલા માટે હું એમાં વધારે ઉંડો જતો નથી અને મારી વાતને મર્યાદિત કરીને એટલું જ કહું છું કે આ બાબતમાં જેટલો પણ વિલંબ થાય એ વિલંબ ગુનાહીત વિલંબ ગણાય અને એટલા માટે તાત્કાલીક લોકાયુકતની નિમણૂક થાય એમાં સરકાર વિચારણા કરે અને પરિણામલક્ષી વિચારણા કરે એ જ શબ્દો સાથે મારી વાત પૂરી કરું છું.

**શ્રી દિલીપ સંઘાણી :** માનનીય અધ્યક્ષશ્રી, લોકાયુકતની નિમણૂક માટે ગુનાહિત બેદરકારી ન થાય એની ચિંતા સેવી છે. સરકાર ચીફ જસ્ટીસ સાથે ચર્ચા કરે એની જોગવાઈ છે. મેં અગાઉ પણ અહીંયા ઉલ્લેખ કરેલો. ત્રણ વખત કાયદા મંત્રી તરીકે આ ચર્ચા કરવા માટે ચીફ જસ્ટીસ સાથે મેં પ્રયત્ન કર્યો હતો. સમય આપ્યો હતો. કયા સંજોગોમાં ચીફ જસ્ટીસે સમય કેન્સલ કર્યો એમાં મારે પડવું નથી કારણકે અમે dignity જાળવવા માગીએ છીએ. આજે મને કહેવડાવ્યું છે પાછું. (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : સંસદીય મંત્રી તરીકે મને કહે કે સેકશન આ અને આ જોગવાઈ છે. મારી પાસે લોકાયુકત કાયદો છે. મારા હાથમાં છે. આપ મને આમાંથી બતાવો કે સરકારે ચર્ચા ચીફ જસ્ટીસ સાથે કરવાની આ સેકશનમાં જોગવાઈ છે. હું એક મિનિટમાં આપની પાસે સરેન્ડર થઈશ. there is no provision in the Act.

**શ્રી દિલીપ સંઘાણી** : આ વખતે મને કહેવડાવ્યું છે બેસવા માટે. કયા કાયદાથી કે કયા નિયમથી (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : નથી અને હું જ કહું છું એટલે there is no provision in the Act.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો જે કાયદો છે એની અંદર તો લોકલ સેલ્ફ ગવર્મેન્ટ હોય એના પ્રતિનિધિને ઉમેરવા માટેની વાત છે. માનનીય વિપક્ષી નેતાશ્રીએ વાત કરી છે એ જે કાયદેસરની કાર્યવાહી હશે એ પ્રમાણે એ ચાલશે એટલે આટલા જે સભ્યો ઉમેરવાની વાત છે, મારું આ બીલ છે એને તમામ સભ્યશ્રીઓ મંજૂર કરે એવી વિનંતી.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક-૨૯ નું બીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

કલમ-૨, કલમ-૧ દીર્ઘ સંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક-૨૯ નું ત્રીજું વાંચન કરવામાં આવે.

**સભાપતિશ્રી : વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.**

## સન ૨૦૧૧નું ગુજરાત વિધેયક ક્રમાંક - ૩૧

# ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી (સુધારા) વિધેયક,૨૦૧૧

### ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૩ વધુ સુધારવા બાબત વિધેયક.

**શ્રી દિલીપ સંઘાણી ( કાયદો અને ન્યાયતંત્રમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક -૩૧ સન ૨૦૧૧ના ગુજરાત નેશનલ લો યુનિવર્સિટીને આપની પરવાનગીથી દાખલ કરું છું.

**સભાપતિશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.**

**શ્રી દિલીપ સંઘાણી** : હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક-૩૧-સન ૨૦૧૧નું ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી દિલીપ સંઘાણી** :માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૩ માં આ જ વિધાનસભાએ એક કાયદો પસાર કરીને ગુજરાતને ગૌરવ અપાવી શકે તેવું આંતરરાષ્ટ્રીય સ્તરના કાયદાની યુનિવર્સિટી સ્થાપવાનો નિર્ણય જે કર્યો અને એને અનુરૂપ ગુજરાતમાં એક ખૂબ ઉચ્ચ પ્રણાલિકાવાળી કાયદાનું શિક્ષણ આપતી યુનિવર્સિટી સ્થાપવાનો નિર્ણય કર્યો. એમાં સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસ વિઝિટર તરીકે કલમ-૯ ની જોગવાઈમાં એમની વિઝિટર તરીકે વ્યવસ્થા કરવામાં આવી. આ યુનિવર્સિટીની વિશિષ્ટતા એ છે કે આજે દેશમાં સારું શિક્ષણ અપાય છે તે પૈકી આ યુનિવર્સિટી હોવાના કારણે આજે અહીના વિદ્યાર્થીઓને ખૂબ જ અભ્યાસપૂર્ણ થાય તેવી માગ ઊભી થઈ છે. ગુજરાતમાં આ યુનિવર્સિટીમાં ૨૫ ટકા બેઠકો ગુજરાતના વિદ્યાર્થીઓ માટે અનામત રાખેલી છે. આ યુનિવર્સિટીમાં આ ૨૦૧૦ દરમ્યાન વિવિધ દેશોના રાજદૂતો, ભારતના સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિઓ, ઇન્ટરનૅશનલ કોર્ટના પ્રૅસિડેન્ટ સહિત ૫૦ થી વધુ આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય મહાનુભાવોએ મુલાકાત લીધી છે. સુપ્રીમ કોર્ટના જસ્ટીસે પણ મુલાકાત લીધી છે, પરંતુ ચીફ જસ્ટીસ ઑફ સુપ્રીમ કોર્ટ તરફથી એમના કામકાજને લીધે નિયમિતતાથી વિઝિટર

---

* વિધેયક તા.૨૩મી માર્ચ,૨૦૧૧ના રાજપત્રમાં પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે.

તરીકે ન આવી શકે તે માટે એમના બદલે એમના પ્રતિનિધિ શબ્દ ઉમેરાય, જેથી કરીને એ ન આવી શકે તો તેઓ એપોઈન્ટ કરે તેવા ચાલુ સુપ્રીમ કોર્ટના જસ્ટિસ વિઝિટર તરીકે આવી શકે, આઈધર ચીફ જસ્ટીસ ઑફ સુપ્રીમ કોર્ટ અથવા તેના પ્રતિનિધિ આટલો જ ફેરફાર કરવાનો છે.

અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

**શ્રી દિલીપ સંઘાણી** : એટલે આ બિલ સર્વાનુમતે મંજૂર થાય તેવી હું સૌને વિનંતી કરું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે સદર્ભમાં બિલ લઈને આવ્યા છે, એમાં વાંધો ન હોઈ શકે. જો ચીફ જસ્ટીસ ઑફ ઈન્ડિયાએ વિનંતી કરી હોય કે મારી મુશ્કેલીઓ પડે છે, એટલે કોઈ સંજોગોમાં હું અથવા મારા પ્રતિનિધિ નિયુકત થાય એટલા પૂરતા સુધારાને સંપૂર્ણ અવકાશ છે અને એને સમર્થન આપીએ છીએ, પરંતુ સાથો સાથ હું જરૂર જયારે આપણે ગૌરવપૂર્ણ આ યુનિવર્સિટીની વાત કરીએ છીએ, ત્યારે આપના મારફતે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે એમના ઘણા પ્રશ્નોની રજૂઆતો આવે છે. ખાસ કરીને આ સ્ટુડન્ટસ ત્યાં સ્ટડી કરે છે, તેમની હોસ્ટેલ, તેમની કોલેજ, એમના ઈન્ફ્રાસ્ટ્રકચર તે અંગે પણ માનનીય મંત્રીશ્રી પોઝિટિવલી જરૂર પડે ત્યાં વધારે નાણાની જોગવાઈઓ કરાવીને પણ વ્યવસ્થા કરે. આ મર્યાદિત સુધારો છે કે ચીફ જસ્ટીસ અથવા સુપ્રીમ કોર્ટના જજ અપોઈન્ટેડ બાય ચીફ જસ્ટીસ એટલા પૂરતા સુધારાને અમે સમર્થન આપીએ છીએ.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધપક્ષના નેતાએ આ સુધારાને આવકાર્યો છે, તે બદલ હું તેમનો આભાર માનું છું. એમણે જે ચિંતા આ કૅમ્પ્સની સેવી છે. તો કેટલીક માહિતી આપવી છે. હમણા ચર્ચાઓ બીજા બિલ ઉપર થતી હતી. કોઈ સારું શિક્ષણ લાવવું હોય તો જમીન જોઈએ તો આ અનુરૂપ ૫૦ એકર જેટલી જમીન સરકારે વિના મૂલ્યે આ યુનિવર્સિટીને આપી છે, એટલું જ નહિ એના ડેવલપમેન્ટ માટે ૧૧૦ કરોડ રૂપિયાની વ્યવસ્થા કરી છે અને બાકીની ચિંતા જે કરી એ ચિંતાઓ પણ ચોક્કસ સરકાર કરશે. હવે આ સત્રનો છેલ્લો દિવસ છે અને આમ તો કહેવાય કે છેલ્લી ઓવર અને છેલ્લી સ્થિતિ છે, ત્યારે હું મારી લાગણીઓ સમગ્ર સત્રને જોઈને રજૂ કરવા માગું છું- કે કેવો સરસ મજાનો બંને બાજુ સુખી થવાનો આ દિવસ છે, પલ્લું તારા તરફ નમવું તેનો તને (તમને) આનંદ છે. મને ઊંચા ગયાનો આનંદ છે. આપે ક્યારેક પલ્લું તમારા તરફ નમાવ્યું હશે, કયારેય આ તરફ નમાવ્યું હશે, તેમ નમતાં નમતાં સમગ્ર સત્ર ખૂબ સરસ રીતે આપણે લોકશાહીની ઉચ્ચ પ્રણાલિકાઓ સાથે પૂર્ણ કરવાની દિશા તરફ જઈ રહયા છીએ ત્યારે આ ઉચ્ચ પ્રણાલિકા જાળવવામાં સૌ સદસ્યશ્રીઓએ જે સહયોગ આપ્યો છે તેવો જ સહયોગ આ બીલમાં વિપક્ષે અને બધાએ આપ્યો છે તે લાગણી માટે આભાર વ્યકત કરું છું અને બીલ સર્વાનુમતે પાસ થાય તેવી વિનંતી કરું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી દિલીપ સંઘાણી :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક:૩૧-સન ૨૦૧૧નું ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું બીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ.૨, કલમ.૧ દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી દિલીપ સંઘાણી :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક:૩૧-સન ૨૦૧૧નું ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક.૩૧-સન-૨૦૧૧ના ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે. નેકસ્ટ.

# વૈધાનિક પ્રસ્તાવ (નિયમ-૧૦૦)

## માનવ અંગ પ્રત્યારોપણ અધિનિયમમાં સુધારા અંગે

**શ્રી જયનારાયણ વ્યાસ ( આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમોના નિયમ.૧૦૦ અન્વયે નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કરું છું.

WHEREAS Parliament has enacted the Transplantation of Human Organs act ૧૯૯૪ (No.૪૨ of ૧૯૯૪ providing for the regulation of removal, storage and transplantation of human organs for therapeutic purposes and for the preventions of commercial dealings in human organs connected therewith or incidental thereto;

AND WHEREAS certain shortcomings in the operation of the law have been noticed with require amendments to the Transplantation of Human Organs Act, ૧૯૯૪ (No.૪૨ of ૧૯૯૪)

AND WHEREAS the subject matter of such a law is relatable to entry ૬ of List II (State List) of the Seventh Schedule to the Constitution of India and Parliament has no

power to make laws for the States with respect to the aforesaid matters except as provided in Article ૨૪૯ and ૨૫૦ of the Constitution of India to facilitate organ transplantation in genuine case and to provide for deterrent punishment for illegal and/or commercial transactions in human organs.

AND WHEREAS it appears to this Legislative Assembly to be desirable that the aforesaid amendments in the said law as applicable to State of Gujarat should le made by the Parliament by law.

NOW THEREFORE, in exercise of the powers conferred by clause (૨), Article ૨૫૨ of the Constitution of India, this House hereby resolve that the matters with respect to the amendments to the Transplantation of Human Organs Act ૧૯૯૪ should be regulated in the State of Gujarat by Parliament by Law.

**અધ્યક્ષશ્રી** : પ્રસ્તાવ રજૂ થાય છે.

**શ્રી જયનારાયણ વ્યાસ**: માનનીય અધ્યક્ષશ્રી, આ એક માનવ પ્રત્યારોપણ અધિનિયમ ૧૯૯૪માં સુધારો કરવા માટેનો પ્રસ્તાવ છે. જે એક બંધારણીય જરૂરિયાત છે. આ સુધારેલ કાયદાને રાજયે અપનાવવા માટે રાજયની વિધાનસભાએ ભારતના બંધારણના અનુચ્છેદ ૨૫૨(૨) હેઠળ ઠરાવ પસાર કરી લોકસભાને અધિકૃત કરવાની થાય છે,

માનનીય અધ્યક્ષશ્રી, આ સુધારા વિધેયકથી મૂળ કાયદામાં માનવ અંગના પ્રત્યારોપણ ઉપરાંત માનવપેશીના પ્રત્યારોપણને પણ સમાવી લેવામાં આવેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, મુળ કાયદામાં નજીકના સગાની વ્યાખ્યામાં પતિ-પત્નિ, પુત્ર, પુત્રી, માતા, પિતા, ભાઈ અને બહેનનો સમાવેશ થતો હતો તેમાં હવે આ વિધેયકથી દાદા- દાદી અને પૌત્ર-પૌત્રીનો સમાવેશ કરવાનું સૂચવેલ છે. તેમજ માનવપેશી અને ટ્રાન્સપ્લાન્ટ કોઑર્ડીનેટરની વ્યાખ્યા ઉમેરવામાં આવેલ છે.

આ વિધેયકથી માનવ અંગ અને માનવપેશીનું કોઈપણ રીતે ગેરકાયદે પ્રત્યારોપણનો પ્રતિબંધ કરવાનું સૂચવાયેલ છે.

નજીકના સગા હોય તેવી જીવંત વ્યકિતઓ પાસેથી માનવ અંગ અને માનવપેશીનું દાન લેવાની આ કાયદાથી પરવાનગી મળે છે. કોઈ અંગ કે પેશી દાન કરવા માગતા નજીકના સગાઓમાંના એક બીજા સાથે અંગ કે પેશી મૅચ થતી ન હોય તો તેવા પ્રસંગે અન્ય દાન કરવા માંગતી વ્યકિતઓ સાથે આવા અંગ કે પેશીની આપ-લે થઈ શકે એટલે કે સ્વેપિંગ થઈ શકે તેવી જોગવાઈ આ વિધેયક દ્વારા સૂચવાયેલ છે, જે અંગે અગાઉના કાયદામાં જોગવાઈ ન હતી, જો કે આ માટે ઓથોરાઈઝેશન કમિટીની મંજૂરી લેવાની રહશે.

હાલના કાયદામાં દાતા પોતાના મૃત્યુ પહેલા ઉપચારના હેતુ માટે પોતાના અંગોના નિકાલ માટે અધિકૃત કરી શકે છે. જો આવી કોઈ અધિકૃતિ આપવામાં આવેલ ન હોય અને કોઈ વાંધા રજૂ થયેલ ન હોય તો મૃતદેહ કાયદેસર જેના કબજામાં હોય તેને એમ લાગે કે નજીકના સગાઓનો કોઈ વાંધો નથી તો મૃતદેહના અંગ નિકાલ માટે તે અધિકૃત કરી શકશે. આમાં હવે સંબંધિત તબીબી આઈસીયુ દાખલ કરેલ દર્દીને અથવા તેના નજીકના સગાને અગાઉ આવી પૂર્વઅધિકૃતી આપેલી હતી કે કેમ તે અંગે પુછાણ કરશે. જો એવી કોઈ અધિકૃતી આપવામાં આવેલ ન હોય તો સંબંધિત તબીબ તરફથી આવા દાન માટે અધિકૃત કરવાના વિકલ્પ અંગે દર્દી કે નજીકના સગાને જાણકારી આપવાની રહેશે.

હાલમાં બ્રેઈન સ્ટેમ ડેથ અંગે જુદા જુદા નિષ્ણાતોની સમિતિ તરફથી પ્રમાણપત્ર આપવામાં આવે છે તેમાં સુધારો કરી હવે આ સમિતિમાં ન્યુરોલોજીસ્ટ કે ન્યુરોસર્જન ઉપલબ્ધ ન હોય તો હૉસ્પિટલના ઈન્ચાર્જ ડૉકટર કોઈ ફિઝિશિયન કે સર્જન અને એનેસ્થેસીયોલોજીસ્ટ કે ઈન્ટેન્સીવીસ્ટને આ હેતુ માટે સમિતિના સભ્ય તરીકે નીમે શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, મુળ કાયદા મુજબ નજીકના સગા ઓથોરાઈઝેશન કમિટીની પરવાનગી મેળવ્યા સિવાય અંગદાન કરી શકે છે પરંતુ કોઈ લાગણીવશ નજીકના સગા ન હોય તેવી વ્યકિતને અંગદાન કરવું હોય તો ઓથોરાઈઝેશન કમિટીની મંજૂરી લેવાની રહે છે. અંગદાન મેળવનાર કે આપનાર જો વિદેશી નાગરિક હોય તો આવા અંગદાન માટે ઓથોરાઈઝેશન કમિટીની પૂર્વ મંજૂરી મેળવવાની રહેશે તેવી જોગવાઈ સૂચવવામાં આવેલ છે.

નિયત થાય તેવી કાર્યપદ્ધતિ અનુસાર હોય તે સિવાય સગીરમાંથી તેના મૃત્યુ પહેલાં કોઈ અંગ કે પેશીના નિકાલ પર આ વિધેયકથી પ્રતિબંધ મૂકવાની જોગવાઈ કરવામાં આવે છે, જે જોગવાઈ મુળ કાયદામાં ન હતી.

માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર અને રાજય સરકાર એપ્રોપ્રિએટ ઓથોરિટીને મદદ અને સલાહ આપવા માટે બે વર્ષની મુદત માટે સલાહકાર સમિતિની રચના કરવાની જોગવાઈ કરશે, જે જોગવાઈ મૂળ કાયદામાં ન હતી. કેન્દ્ર સરકાર કોઈપણ સ્થળે એક નેશનલ હ્યુમન ઓર્ગન્સ એન્ડ ટીસ્યુ રિમુવલ એન્ડ સ્ટોરેજ નૅટવર્કની સ્થાપના કરશે તેવી જોગવાઈ સૂચવવામાં આવેલ છે, જે જોગવાઈ મુળ કાયદામાં ન હતી.

કેન્દ્ર સરકાર માનવ અંગ અને માનવપેશીનું દાન આપનાર કે લેનારની એક રજિસ્ટ્રી ઉભી કરશે અને નિભાવશે તેવી જોગવાઈ સૂચવાયેલ છે, જે જોગવાઈ મુળ કાયદામાં ન હતી.

માનવ અંગ નિકાલ, સંગ્રહ કે પ્રત્યારોપણના ક્ષેત્રે કામગીરી કરતા બિન સરકારી સંગઠનો, રજીસ્ટર્ડ મંડળીઓ ટ્રસ્ટોએ નોંધણી માટે નિયત પદ્ધતિ મુજબ અરજી કરવાની રહેશે. તેવી જોગવાઈ સૂચવવામાં આવેલ છે, જે જોગવાઈ મુળ કાયદામાં ન હતી

હૉસ્પિટલોનું રજીસ્ટ્રેશન મંજૂર કરવા કે રદ કરવા, હૉસ્પિટલો પાસે નિયત ધોરણોનું પાલન કરાવવા, નિયત ધોરણોનો ભંગ થયાની ફરિયાદો અંગે તપાસ કરવા તથા હૉસ્પિટલોનું નિરીક્ષણ કરવા કેન્દ્ર અને રાજય સરકારોને એપ્રોપ્રિએટ ઓથોરિટીની નિમણૂક કરવાની સત્તા છે. તેમાં હવે એપ્રોપ્રિએટ ઓથોરિટીને કોઈપણ વ્યકિતને હાજર કરવાની, દરખાસ્તો રજૂ કરવાની અને સર્ચ વોરન્ટ કાઢવાની સત્તા સોંપવાની જોગવાઈ સૂચવવામાં આવેલ છે.

મુળ કાયદા મુજબ મંજૂરી વિના અંગ નિકાલ કરનારને વધુમાં વધુ પાંચ વર્ષની જેલ અને રૂપિયા ૧૦,૦૦૦ સુધીના દંડની જોગવાઈ છે, જેમાં સુધારો કરીને વધુમાં વધુ દશ વર્ષની જેલ અને રૂપિયા ૫ લાખના દંડની  જોગવાઈ સૂચવવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મુળ કાયદા મુજબ માનવ અંગો પૂરા પાડવા માટે રકમ ચૂકવનાર કે મેળવનારને બે થી સાત વર્ષની જેલ અને ૧૦૦૦૦ થી ૨૦૦૦૦ના દંડની જોગવાઈ છે, જેમાં સુધારો કરી પાંચ થી દશ વર્ષની જેલ અને રૂપિયા ૫ લાખથી ૨૦ લાખના દંડની જોગવાઈ સૂચવવામાં આવેલ છે. અંગદાન કરનાર નજીકના સગા છે અથવા લાગણીને વશ થઈને દાન કરે છે તેવું પુરવાર કરવા માટે ખોટા દસ્તાવેજો રજૂ કરવાની મદદગારીને પણ  ગુનો ગણવામાં આવશે.'મૂળ કાયદા મુજબ કાયદાની કોઈ પણ જોગવાઈના ભંગ બદલ વધુમાં વધુ ત્રણ વર્ષની જેલ અથવા રૂા.૫ હજાર સુધીના દંડની જોગવાઈ છે જેમાં સુધારો કરીને વધુમાં વધુ પાંચ વર્ષની જેલ અથવા રૂા.૫ લાખ સુધીનાં દંડની જોગવાઈ સૂચવવામાં આવેલ છે.'

માનનીય અધ્યક્ષશ્રી, સમય એવો આવી રહ્યો છે જે રીતે વિજ્ઞાન અને મેડિકલ સાયન્સ  પ્રગત્તિ કરી રહ્યું છે અપેક્ષા એવી છે કે ૨૦૨૫ના વર્ષ સુધીમાં માણસનું સરેરાશ આયુષ્ય ૧૦૦ વર્ષની મર્યાદા પાર કરી જશે. અત્યારે આપણા દેશમાં પુરુષનું સરેરાશ આયુષ્ય ૬૮ વર્ષ અને સ્ત્રીનું સરેરાશ આયુષ્ય ૭૧ વર્ષ છે જે વિશ્વની સરેરાશ કરતા પણ થોડુંક ઉપર છે. પણ ૨૦૨૫ સુધીમાં આપણે ૧૦૦ વર્ષની મર્યાદા પાર કરી જઈશું ત્યારે અપેક્ષા એવી છે કે, ૮૦ વર્ષ પછી કોઈ પણ એક યા બીજું અંગ માણસે બદલવું પડે તે પ્રકારની પરિસ્થિતિનું નિર્માણ થશે. આ અંગ પ્રત્યારોપણ અને અંગ દાનના બનાવો વધતા જવાના છે તેવે સમયે બંધારણ અનુસાર આ દેશની પાર્લામેન્ટ જે કાયદો કરવા માગે છે તેમાં બંધારણના પેરા ૨૫૨(૨)ની જોગવાઈ અનુસાર રાજય વિધાનસભાનું સમર્થન હોય તે જરૂરી છે તે કારણસર હું આ પ્રસ્તાવ લઈ આવ્યો છું અને સન્માનીય ગૃહને મારી વિનંતી છે કે પ્રસ્તાવ આપણે બંધારણની જોગવાઈ મુજબ એને અનુરૂપ અને દેશમાં એક સરખો કાયદો થાય તે માટે જરુરી હોય સર્વાનુમતે આને પસાર કરી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલાં(ભાવનગર શહેર (દક્ષિણ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય મંત્રીશ્રી આર્ટિકલ ૨૫૨ નીચેનો જે વૈધાનિક પ્રસ્તાવ લઈને આવ્યા છે એને હું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકાર જે કાયદો ઓરિઝન Transplantation of Human Organs Act ૧૯૯૪ જે ૪ ફેબ્રુઆરી ૧૯૯૫થી અમલમાં આવ્યો. મોટા ભાગના રાજયોએ પછી એનો સ્વીકાર કર્યો અને કાયદાનું અસ્તિત્વ આવ્યું. અનુભવે કેટલાક કિસ્સાઓ ધ્યાને આવ્યા એટલું જ નહીં, દિલ્હી હાઈકોર્ટમાં એક રિટ પિટિશન દાખલ થઈ  ૮૧૩/૨૦૦૪, Balveersingh verses Government of India  and others. દિલ્હી હાઈકોર્ટે એ પછી એક કમિટી પણ નિયુક્ત કરી અને એ કમિટીએ સ્ટડી કર્યો  and the recommendations of that Committee were examined alongwith the recommendations of Rajiv Gandhi Foundation and thereafter the draft guidelines, principles of the Organ Transplantation prepared by the World Health Organization was also taken into consideration and thereafter wide consultation, administrative effort and thereafter the Ministry proposed the Bill જે બિલને આપણે સમર્થન આપવા માટે માનનીય મંત્રીશ્રી આ જે વૈધાનિક પ્રસ્તાવ લઈને આવ્યા છે ઘણા અભ્યાસના અંતે નામદાર હાઈકોર્ટ, વર્લ્ડ ઓર્ગેનાઈઝેશન અને ભારત સરકારના સઘન અને સનિષ્ઠ પ્રયત્નો પછી જે બિલ આવી રહ્યું છે એને સમર્થન કરવા માટેનો આ વૈધાનિક પ્રસ્તાવ છે એને હું અને મારા પક્ષના સભ્યો સમર્થન આપીએ છીએ અને વિના-વિરોધે આ પ્રસ્તાવ પસાર થાય એવી આપના મારફતે ગૃહને વિનંતી કરુ છું.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને વિના-વિરોધે મંજૂર કરવામાં આવ્યો**

**સચિવશ્રી** : છેલ્લા દિવસનો પ્રસ્તાવ          માનનીય સભ્યશ્રી ગેરહાજર

# અતારાંકિત પ્રશ્નો
# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો
# અતારાંકિત પ્રશ્નો
**૮૭(ક) ના પ્રશ્નો**

**સચિવશ્રી :** માનનીય અધ્યક્ષશ્રી, હું જેના લેખિત જવાબો સત્ર દરમ્યાન મળ્યા છે પણ સમયના અભાવે સભ્યશ્રીઓને મોકલી શકાયા નથી તેવા ૪૪ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો વિધાનસભાના નિયમોના નિયમ ૮૭(ક) અન્વયે સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૮૭(ક) અન્વયે તા. ૩૦મી માર્ચ, ૨૦૧૧ના રોજ સભાગૃહના મેજ ઉપર મૂક્વામાં આવેલ અતારાંક્તિ પ્રશ્નો અને તેના જવાબોની યાદી

| ક્રમ | સભ્યશ્રીનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| ૧ | શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા | ૩૯૩૯, ૪૨૨૫, ૪૨૨૭, ૪૨૨૮, ૪૨૨૯, ૪૨૩૧, ૪૨૩૩, ૪૨૩૭, ૪૨૪૨, ૪૨૪૪, ૪૨૪૯, ૪૨૫૦, ૪૨૫૩, ૪૨૫૪, ૪૨૫૫, ૪૨૫૭, ૪૨૫૮, ૪૨૫૯, ૪૨૬૦, ૪૨૬૨, ૪૨૬૩, ૪૩૨૧, ૪૩૨૨, ૪૩૨૬, ૪૩૨૭, ૪૩૩૦, ૪૩૩૧, ૪૩૩૫, ૪૩૩૮, ૪૩૪૯, ૪૩૫૦, ૪૩૫૪, ૪૩૫૯, ૪૩૬૦, ૪૩૬૭, ૪૩૬૮, ૪૩૭૦, ૪૩૭૧ | ૩૮ |
| ૨ | શ્રી જ્યંતિલાલ ભાનુશાળી | ૪૦૯૧, ૪૧૦૨, ૪૧૧૩ | ૦૩ |
| ૩ | શ્રી ધીરસિંહ બારડ | ૪૧૫૪ | ૦૧ |
| ૪ | શ્રી રાઘવજીભાઈ પટેલ | ૩૮૬૮, ૪૧૮૯ | ૦૨ |

**સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત ક્ચ્છ જિલ્લામાં ગ્રાન્ટની ફાળવણી**

અતારાંક્તિ : ૪૧૦૨ (૨૪-૧-૨૦૧૧) **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે;-

(૧) સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત ક્ચ્છ જિલ્લામાં તા. ૩૦-૯-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર ક્યા ક્યા હેતુ માટે કેટલી ગ્રાન્ટની ફાળવણી ક્રવામાં આવી,

(૨) તે પૈકી તાલુકાવાર ક્યા ક્યા હેતુ માટે વર્ષવાર કુલ કેટલો ખર્ચ ક્રવામાં આવ્યો,

(૩) કેટલી ગ્રાન્ટ બચી, અને

(૪) ફાળવેલ ગ્રાન્ટ વર્ષવાર પૂરેપૂરી ન વપરાવવાના કારણો ક્યા છે ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૨૨-૩-૨૦૧૧)

(૧)

| વર્ષ | યોજનાનું નામ/ફાળવેલ ગ્રાન્ટ (` લાખમાં) | |
|---|---|---|
| | એસએસએ/એનપીઈજીઈએલ | કેજીબીવી |
| ૨૦૦૮-૦૯ | ૧૫૩૪.૯૦ | ૪૨.૬૧ |
| ૨૦૦૯-૧૦ | ૧૬૯૨.૩૮ | ૧૩૦.૫૨ |
| ૨૦૧૦-૧૧ (૩૦-૦૯-૧૦ સ્થિતિએ) | ૨૧૮૨.૯૦ | ૩૬.૦૬ |

(૨) માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા નિયત થયેલ નાણાંકિય નિયમો મુજબ સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત સમગ્ર જિલ્લાને એક ઘટક ગણવામાં આવે છે અને તે મુજબ જિલ્લા કક્ષાના હિસાબો રાખવાના રહે છે. આમ તાલુકાવાર હિસાબો નિભાવવાના રહેતા નથી.

| વર્ષ | યોજનાનું નામ/થયેલ ખર્ચ (` લાખમાં) | |
|---|---|---|
| | એસએસએ/એનપીઈજીઈએલ | કેજીબીવી |
| ૨૦૦૮-૦૯ | ૧૪૬૪.૧૨ | ૧૮.૧૧ |
| ૨૦૦૯-૧૦ | ૧૪૧૦.૨૩ | ૯૭.૬૧ |
| ૨૦૧૦-૧૧ (૩૦.૦૯.૧૦ ની સ્થિતિએ) | ૧૭૧૮.૬૦ | ૧.૭૯ |

(૩) વર્ષવાર ગ્રાન્ટ બચત નીચે મુજબ છે.

| વર્ષ | બચત ગ્રાન્ટ/(` લાખમાં) | |
|---|---|---|
| | એસએસએ/એનપીઈજીઈએલ | કેજીબીવી |
| ૨૦૦૮-૦૯ | ૭૦.૭૮ | ૨૪.૫૦ |
| ૨૦૦૯-૧૦ | ૨૮૨.૧૫ | ૩૨.૯૧ |
| ૨૦૧૦-૧૧ (૩૦.૦૯.૧૦ ની સ્થિતિએ) | ૪૬૪.૩૦ | ૩૪.૨૭ |

(૪) ગ્રાન્ટ વર્ષવાર પૂરેપૂરી ન વપરાવાના કારણો નીચે મુજબ છે.

૧ જૂના એ. એલ. એસ. વર્ગો બંધ થતાં.
૨ બી.આર.સી/સી.આર.સી. /વી.ઈ.સી.કક્ષાએ તાલીમોમાં ખર્ચ ઓછો થવાથી.
૩ કેજીબીવી અને કેર ગીવર્સ સ્ટાફની નિમણુંક ન થતાં.
૪ કરેકટીવ સર્જરીના બાળકો ન મળતા.
૫ શાળામાં બાળકો ડાયરેકટ મેઈનસ્ટ્રીમ થવાથી.
૬ એક્સોપોઝર વિઝીટ ન થવાથી.
૭ રીસોર્સ ટીચર્સની ભરતી સમય મર્યાદામાં ન થવાથી.
૮ વર્ગખંડ બાંધકામમાં મોડું થતાં જે તે વર્ષમાં બીજા કે ત્રીજા હપ્તાની ગ્રાન્ટ ફાળવણી ન થયેલ હોવાથી.
૯ ભૌતિક સુવિધાની ગ્રાન્ટ જે તે વી.ઈ.સી. કક્ષાએ ન વપરાવાથી.
૧૦ શાળા કક્ષાએ જમીનનો અભાવ વગેરે કારણોસર.

## રાજ્યમાં બનાવેલ ટેરેસ તલાવડીઓ

અતારાંક્તિ : ૪૦૯૧ (૨૪-૧-૨૦૧૧) **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) માનનીય વન મંત્રી શ્રી** જણાવવા કૃપા કરશે કે;-

(૧) રાજ્યમાં તા. ૩૧-૮-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન વન વિભાગ દ્વારા જિલ્લાવાર કેટલી ટેરેસ તલાવડી બનાવવામાં આવી,

(૨) તે પાછળ વર્ષવાર કેટલો ખર્ચ થયો, અને

(૩) કેટલી જમીનને આનાથી લાભ મળ્યો ?

**વન મંત્રીશ્રી** (૨૫-૩-૨૦૧૧)

(૧) રાજ્યમાં તા. ૩૧-૮-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન વન વિભાગ દ્વારા સને ૨૦૦૮-૦૯ માં ૧૧૯૦, સને ૨૦૦૯-૧૦માં ૫૮,૭૩,૦૧૪ અને સને ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૮-૧૦ની સ્થિતિએ ૧૩,૭૯,૯૧૫ ટેરેસ તલાવડીઓ બનાવવામાં આવી. (પત્રક-૧ સામેલ છે.)

(૨) તે પાછળ સને ૨૦૦૮-૦૯માં રૂા. **૦.૧૩** લાખ સને ૨૦૦૯-૧૦માં રૂા. **૭૨૮.૩૫૮** લાખ અને સને ૨૦-૧૧માં રૂા. **૨૨૦.૯૦૨** લાખનો ખર્ચ થયો.

(૩) સને ૨૦૦૮-૦૯માં **૪૪ હેક્ટર,** સને ૨૦૦૯-૧૦માં **૨૯૯૦૬.૪૯૦** હેક્ટર અને સને ૨૦૧૦-૧૧ના વર્ષમાં **૯૮૧૨.૫૭૦** હેક્ટર જમીનને લાભ મળ્યો છે.

**પત્રક-૧**

**રાજ્યમાં બનાવેલ ટેરેસ તલાવડીઓ**

| અ.નં. | જિલ્લાનું નામ | બનાવેલ ટેરેસ તલાવડીની સંખ્યા | | | કુલ |
|---|---|---|---|---|---|
| | | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ (૩૧-૦૮-૧૦ અંતિત) | |
| ૧ | પંચમહાલ | ૦ | ૨૯૧૩૧૩ | ૩૬૬૬૯ | ૩૨૭૯૮૨ |
| ૨ | દાહોદ | ૧૧૯૦ | ૯૪૨૮૯ | ૫૦૨૦૪ | ૧૪૫૬૮૩ |
| ૩ | વડોદરા | ૦ | ૧૨૪૭૬૫ | ૫૭૭૫૪ | ૧૮૨૫૧૯ |
| ૪ | તાપી | ૦ | ૩૬૬૯૫૯ | ૨૧૫૮૭૨ | ૫૮૨૮૩૧ |
| ૫ | સુરત | ૦ | ૬૩૭૬૨૫ | ૫૫૨૧૭ | ૬૯૨૮૪૨ |
| ૬ | સાબરકાંઠા | ૦ | ૧૧૩૨૧૩૭ | ૦ | ૧૧૩૨૧૩૭ |
| ૭ | રાજકોટ | ૦ | ૧૧૮૨૪૬ | ૦ | ૧૧૮૨૪૬ |
| ૮ | ભાવનગર | ૦ | ૧૭૬૦૮૩ | ૨૫૨૧૪ | ૨૦૧૨૯૭ |
| ૯ | જામનગર | ૦ | ૧૭૮૫૬૬ | ૪૧૦૬૨ | ૨૧૯૬૨૮ |
| ૧૦ | જુનાગઢ | ૦ | ૪૫૬૧૦ | ૪૦૪૮૪ | ૮૬૦૯૪ |
| ૧૧ | અમરેલી | ૦ | ૫૧૧૧૦ | ૭૩૧૦૦ | ૧૨૪૨૧૦ |
| ૧૨ | કચ્છ | ૦ | ૨૪૫૦૫૩ | ૨૯૮૪૦૫ | ૫૪૩૪૫૮ |
| ૧૩ | પાટણ | ૦ | ૧૫૮૦૦ | ૬૬૩૦૦ | ૮૨૧૦૦ |
| ૧૪ | અમદાવાદ | ૦ | ૧૭૨૯૭ | ૦ | ૧૭૨૯૭ |
| ૧૫ | ખેડા | ૦ | ૬૮૩૯ | ૫૬૮૨ | ૧૨૫૨૧ |
| ૧૬ | સુરેન્દ્રનગર | ૦ | ૧૩૩૧૭૮ | ૨૨૪૫૦ | ૧૫૫૬૨૮ |
| ૧૭ | આણંદ | ૦ | ૫૦૧૦ | ૭૭૫ | ૫૭૮૫ |
| ૧૮ | બનાસકાંઠા | ૦ | ૧૨૪૨૨૫૯ | ૦ | ૧૨૪૨૨૫૯ |
| ૧૯ | ભરૂચ | ૦ | ૧૧૧૯૦૧ | ૧૦૧૯૦ | ૧૨૨૦૯૧ |
| ૨૦ | નવસારી | ૦ | ૫૬૯૫૮ | ૪૧૦૮૪ | ૯૮૦૪૨ |
| ૨૧ | વલસાડ | ૦ | ૪૦૩૩૩૪ | ૧૫૮૬૪૪ | ૫૬૧૯૭૮ |
| ૨૨ | ડાંગ | ૦ | ૫૫૩૮૦ | ૮૯૮૦૫ | ૧૪૫૧૮૫ |
| ૨૩ | નર્મદા | ૦ | ૩૧૫૫૩૦ | ૮૫૯૧૧ | ૪૦૧૪૪૧ |
| ૨૪ | પોરબંદર | ૦ | ૪૭૭૭૨ | ૫૦૯૩ | ૫૨૮૬૫ |
| ૨૫ | મહેસાણા | ૦ | ૦ | ૦ | ૦ |
| | **કુલ** | **૧૧૯૦** | **૫૮૭૩૦૧૪** | **૧૩૭૯૯૧૫** | **૭૨૫૪૧૧૯** |

## વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટ સમિટ-૨૦૦૩માં કંપનીઓએ કરેલ એમ. ઓ. યુ.

અતારાંક્તિ : ૩૯૩૯ (૭-૧૨-૧૦) **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે;-

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટ સમિટ-૨૦૦૩માં કઈ કઈ કંપનીઓએ કુલ કેટલા રૂપિયાના ક્યા હેતુ માટે M.O.U. કરેલ,

(૨) ઉક્ત દરેક M.O.U. વાર સૂચિત મૂડી રોકાણ કેટલું બતાવવામાં આવ્યું હતું,

(૩) તેની સામે તા. ૩૧-૮-૧૦ની સ્થિતિએ કઈ કઈ કંપનીઓએ કેટલા રૂપિયાનું મૂડી રોકાણ કરેલ છે,

(૪) થયેલ M.O.U. પૈકી ઉત્પાદનમાં ગયેલ હોય તે યુનિટનું સ્થળ/સરનામાની વિગતો કઈ કઈ છે, અને

(૫) થયેલ M.O.U. પૈકી કઈ કઈ કંપનીઓએ ક્યા ક્યા પ્રોજેક્ટ પડતા મૂક્યા ?

**મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ)** (૨૪-૩-૧૧).

(૧), (૨) અને (૩)

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટ સમિટ-૨૦૦૩માં કુલ રૂા. ૬૬,૦૬૮.૫૦ ક્રોડના સૂચિત મૂડી રોકાણ સાથે ઉદ્યોગ સ્થાપવાના હેતુ માટે કુલ ૭૬ M.O.U. (૮૦ પ્રોજેક્ટ) કરેલ હતાં. આ M.O.U. અન્વયે પ્રોજેક્ટ વાર સૂચિત મૂડી રોકાણ અને તા. ૩૧-૮-૨૦૧૦ની સ્થિતિએ સૂચિત મૂડી રોકાણ અને ખરેખર મૂડી રોકાણ આ સાથે સામેલ *પત્રક-(અ)માં દર્શાવેલ છે.

(૪) કુલ ૪૧ એકમોએ રૂા. ૩૭૬૯૬ ક્રોડના મૂડી રોકાણ સાથે કમિશન્ડ થયેલ છે. આ યુનિટોનાં સ્થળ/સરનામાની વિગતો દર્શાવતું *પત્રક-(બ) આ સાથે સામેલ છે.

(૫) કુલ ૩૩ એકમોએ પોતાના પ્રોજેક્ટ ડ્રોપ કરેલ છે. *પત્રક-(ક) આ સાથે સામેલ છે.

(*પત્રકો સચિવશ્રીની ક્ચેરીમાં રાખવામાં આવેલ છે.)

## જુનાગઢ જિલ્લામાં ઉદ્યોગો સ્થાપવા થયેલા એમ.ઓ.યુ.

અતારાંક્તિ : ૪૧૫૪ (૨૪-૧-૧૧) **શ્રી ધીરસિંહ ક.બારડ (કોડીનાર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૦-૧૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં જુનાગઢ જિલ્લામાં ઉદ્યોગો સ્થાપવાના કુલ કેટલા રૂપિયાના એમ.ઓ.યુ. થયા હતા,

(૨) તે પૈકી ક્યા ક્યા ઉદ્યોગોના માટે કેટ કેટલા રૂપિયાના એમ.ઓ.યુ. થયા, અને ક્યા ક્યા તાલુકામાં થયા,

(૩) આ ઉદ્યોગો ક્યા ક્યા સ્થળે સ્થાપવાનું આયોજન છે, અને કઈ કઈ કંપનીઓ સાથે થયા છે, અને

(૪) તેની કાર્યવાહી ક્યા તબક્કે અને ઉદ્યોગવાર કેટલી રોજગારી ઉત્પન્ન થશે ?

**મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ)** (૧૭-૩-૧૧).

(૧) તા. ૩૦-૧૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં જુનાગઢ જિલ્લામાં કુલ રૂા. ૨૩૨૯૪ ક્રોડના મૂડીરોકાણ સાથેના એમ.ઓ.યુ. થયા હતા.

(૨) આ એમ.ઓ.યુ. જુનાગઢ, ઉના, કોડીનાર, વેરાવળ અને તલાલા તાલુકામાં થયેલ છે. એમ.ઓ.યુ. કરેલ ઉદ્યોગોના મૂડીરોકાણ અને તાલુકાની માહિતીનું *પત્રક-અ સામેલ છે.

(૩) આ ઉદ્યોગોના સ્થળ તથા એમ.ઓ.યુ. થયેલ કંપનીઓની માહિતી દર્શાવતુ *પત્રક-બ સામેલ છે, અને

(૪) એમ.ઓ.યુ. કરેલ ઉદ્યોગોનું સ્ટેટસ અને ઉદ્યોગવાર ઉત્પન્ન થનાર રોજગારીની માહિતી દર્શાવતુ *પત્રક-ક સામેલ છે.

(*પત્રકો સચિવશ્રીની ક્ચેરીમાં રાખવામાં આવેલ છે.)

## જામનગર જિલ્લામાં ભુગર્ભ જળની ખારાશ અંગે

અતારાંક્તિ : ૩૮૬૮ (૨૪-૧-૨૦૧૧) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) જામનગર જિલ્લામાં જૂન-૨૦૧૦ની સ્થિતિએ ૯૫ જેટલા ગામોના ભુગર્ભ જળ વધારે ખારાખ ધરાવે છે તે હકીક્ત સાચી છે,

(૨) તે પૈકી ૨૫ ગામો ફ્લોરાઈડયુક્ત, ૨૩ ગામો નાઈટ્રેટયુક્ત તથા ૪૭ ગામો ખારાશયુક્ત પાણીવાળા બની ગયા છે તે હકીક્ત પણ સાચી છે,

(૩) આ ગામો ક્યા ક્યા છે, અને

(૪) આ ગામોના ભૂગર્ભજળની ખારાશ દૂર કરવા થયેલ એક્શન પ્લાનની વિગતો શી છે ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૨૪-૩-૨૦૧૧).

(૧) જુન-૨૦૧૦ની સ્થિતિએ જામનગર જિલ્લાના ૬૫ ગામોમાં ભૂગર્ભ જળ વધારે ખારાશ ધરાવે છે.

(૨) પત્રક-૧ મુજબ ૬ ગામો ફ્લોરાઈડયુક્ત, પત્રક-૨ મુજબ ૬૭ ગામો નાઈટ્રેટયુક્ત અને પત્રક-૩ મુજબ ૬૫ ગામો ખારાશયુક્ત ભૂગર્ભજળ ધરાવતા જણાયેલ છે.

(૩) અને

(૪) ખારાશ ધરાવતા ગામોને ખારાશ મુક્ત પીવાનું પાણી મળે તે માટે નર્મદા પાઈપલાઈન આધારી જુથ પાણી પુરવઠા યોજનાઓ અને સ્થાનિક સરફેસ સોર્સ આધારીત જુથ યોજનાનું આયોજન કરવામાં આવેલ છે. તેમજ દરિયાના પાણીથી થતી ખારાશ નિયંત્રણ કરવા ક્ષાર નિવારણ યોજનાનું આયોજન કરવામાં આવે છે.

**પત્રક-૧**

**ફ્લોરાઈડયુક્ત ગામોની યાદી**

| ક્રમ | ગામનું નામ |
|---|---|
| ૧ | ફાટસર |
| ૨ | દુધાળા |
| ૩ | મેરીપર |
| ૪ | મુલવાસર |
| ૫ | ગઢેચી |
| ૬ | મોજપ |

**પત્રક-૨**

**નાઈટ્રેટયુક્ત ગામોની યાદી**

| ક્રમ | ગામનું નામ | ક્રમ | ગામનું નામ |
|---|---|---|---|
| ૧ | હર્ષદપુર | ૩૫ | મોરીદડ |
| ૨ | મોટી ભલસાણ | ૩૬ | ભંગડા |
| ૩ | વાગડીયા | ૩૭ | રીનારી |
| ૪ | ખારાવેઢા | ૩૮ | મુરીલા |
| ૫ | જગા | ૩૯ | મકરાણી સણોસરા |
| ૬ | હડમતીયા | ૪૦ | મોટી માટલી |
| ૭ | કાનાલુસ | ૪૧ | સનાળા |
| ૮ | રંગપુર | ૪૨ | માછરડા |
| ૯ | પીપરટોડા | ૪૩ | બજાણા |
| ૧૦ | ડબાસંગ | ૪૪ | ભાડથર |
| ૧૧ | ખેગારપર | ૪૫ | ભીંડા |
| ૧૨ | વડપાંચસરા | ૪૬ | ખજુરીયા |
| ૧૩ | રક્કા | ૪૭ | લાલુકા |
| ૧૪ | રીઝપર | ૪૮ | કેશોદ |

| | | | |
|---|---|---|---|
| ૧૫ | માવાપર | ૪૯ | ભટ્ટગામ |
| ૧૬ | નાના વાગુદડ | ૫૦ | જશાપર |
| ૧૭ | મોટા વાગુદડ | ૫૧ | બડાવદર |
| ૧૮ | ખારવા | ૫૨ | આ. મેઘપર |
| ૧૯ | બીજલકા | ૫૩ | ઈશ્વરીયા |
| ૨૦ | જાબીડા | ૫૪ | ક્રશનપર |
| ૨૧ | ગઢડા | ૫૫ | વસંતપુર |
| ૨૨ | માનસર (જાલીયા દેવાણી | ૫૬ | લુવારસર |
| ૨૩ | કાતડા | ૫૭ | સખપર ધ્રોલ |
| ૨૪ | ગોલીટા | ૫૮ | વીરપુર |
| ૨૫ | ખાખરા | ૫૯ | જામવાડી |
| ૨૬ | છલ્લા | ૬૦ | સખપર |
| ૨૭ | જીરાગઢ | ૬૧ | ભણગોર |
| ૨૮ | નાની વાવડી | ૬૨ | ચોખંડા |
| ૨૯ | ભીમાનું ગામ | ૬૩ | મોરઝર |
| ૩૦ | સતીયા | ૬૪ | આંબરડી |
| ૩૧ | સોરઠા | ૬૫ | મુઘપર ટોટોડી |
| ૩૨ | જુવાનપર | ૬૬ | નાની નાગાઝર |
| ૩૩ | ધાધલીયા પીપીળીયા | | |
| ૩૪ | રાજસ્થલી | | |

## પત્રક-૩

*"ÛÛÁÛÉÛýÛäî©Û •ÛÛ¾ÛÛí¶Ûà ýÛÛþà*

| ક્રમ | ગામનું નામ | ક્રમ | ગામનું નામ | ક્રમ | ગામનું નામ | ક્રમ | ગામનું નામ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | બાલંભા | ૧૭ | હડીયાના | ૩૩ | ચુડેશ્વર | ૪૯ | આ. મેવાસા |
| ૨ | જોડીયા | ૧૮ | અરાબુલ્સ | ૩૪ | સલાયા | ૫૦ | ખેસીયા |
| ૩ | સલાયા | ૧૯ | નંદાના | ૩૫ | લીંબુડા | ૫૧ | ખીજડીયા રવાણી |
| ૪ | ભાટીયા | ૨૦ | પીઠાડ | ૩૬ | ગુરગઢ | ૫૨ | તરાણા |
| ૫ | ગડકા | ૨૧ | વિભાનીયા | ૩૭ | અંબાલા | ૫૩ | વચલાબારા |
| ૬ | સાઈનીસ | ૨૨ | ગોઈજ | ૩૮ | વાછલાબારા | ૫૪ | સમાણા |
| ૭ | વાઘુ | ૨૩ | બાદનપર | ૩૯ | ભદ્ર | ૫૫ | સીદસરા |
| ૮ | દ્વારકા | ૨૪ | સારમઠ | ૪૦ | મહાદીવીયા | ૫૬ | ભુમથલ |
| ૯ | નાગેશ્વર | ૨૫ | મોટા અસોટા | ૪૧ | મોટા અસોટા | ૫૭ | મોડપર |
| ૧૦ | મોજપ | ૨૬ | બેડ | ૪૨ | દુધાઈ | ૫૮ | ખેઢુંરા |
| ૧૧ | ઓખા | ૨૭ | સોડાસલા | ૪૩ | રણજીતપર | ૫૯ | ગડુ |
| ૧૨ | સોનારડી | ૨૮ | ઝંખાર | ૪૪ | હાજમછોર | ૬૦ | કનકપર |
| ૧૩ | જીવાપર | ૨૯ | ખીમરાણા | ૪૫ | મેવાસા | ૬૧ | મેમાણા |
| ૧૪ | જાંબુડા | ૩૦ | મેઘપર | ૪૬ | પડાણા | ૬૨ | મોવાણ |
| ૧૫ | ભાટવાડીયા | ૩૧ | ખીજડીયા | ૪૭ | પીડારા | ૬૩ | જશાપર |
| ૧૬ | વાકીયા | ૩૨ | બાલાછેડી | ૪૮ | નાગેડી | ૬૪ | લાંબા |
| | | | | | | ૬૫ | માનપર |

## સુજલામ સુફલામ યોજનામાં આવરી લીધેલ કચ્છ જિલ્લાનાં ગામો

અતારાંકિત : ૪૧૧૩ (૨૪-૧-૧૧) **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) માનનીય જળસંપતિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૦/૯/૧૦ ની સ્થિતિ એ છેલ્લા ત્રણ વર્ષમાં સુજલામ-સુફલામ યોજના હેઠળ કચ્છ જિલ્લાના તાલુકાવાર કેટલા અને ક્યા ક્યા ગામો આવરી લીધા છે, અને

(૨) તે અંગેની કામગીરી ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે ?

**જળ સંપતિ મંત્રીશ્રી** (૨૪-૧-૧૧).

(૧) તા. ૩૦/૯/૨૦૧૦ની સ્થિતિ એ છેલ્લા ત્રણ વર્ષમાં સુજલામ-સુફલામ યોજના હેઠળ કચ્છ જિલ્લાના તાલુકાવાર નીચે જણાવેલ ગામોને આવરી લીધા છે. ગામના નામો વિગતવાર યાદી *પત્રક-૧ માં સામેલ છે.

| અનં. | તાલુકાનુંનામ | આવરી લીધેલ ગામોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ભુજ | ૧૫૭ |
| ૨ | લખપત | ૧૦૭ |
| ૩ | અબડાસા | ૧૭૩ |
| ૪ | નખત્રાણા | ૨૨૮ |
| ૫ | ભચાઉ | ૫૫ |
| ૬ | મુન્દ્રા | ૫૬ |
| ૭ | રાપર | ૭૭ |
| ૮ | અંજાર | ૪૩ |
| ૯ | માંડવી | ૫૮ |
| ૧૦ | ગાંધીધામ | ૦૧ |
| | **કુલ** | **૯૫૫** |

(૨) ૩૦/૯/૨૦૧૦ ની સ્થિતિ એ છેલ્લા ત્રણ વર્ષમાં સુજલામ-સુફલામ યોજના હેઠળ કચ્છ જિલ્લાના ગામોમાં કામગીરી *પત્રક-૨ મુજબ છે.

| અનં. | તાલુકાનું નામ | પુર્ણ થયેલા કામોની સંખ્યા | પ્રગતિ હેઠળના કામોની સંખ્યા |
